# સ્ત્રીબોધ.

ક્હે નપોલ્યન દેશને, કરવા આબાદાન; સરસ રીતછે એજકે, દો માતાને જ્ઞાન.

## પુસતક ૯ મું.

જાનેવારીથી ડીસેમબર સન ૧૮૯૫ સુધી.



૦૫૯ સ્ત્રીબો.

મુંબઈના

દફતર આશકારા છાપાખાના મધે છાપીઉંછે.

સને ૧૮૯૫

# સાંકલીઉં સ્ત્રી બોધના પુસતક ૯ માનં.


આંક ૧ લો—જાંનેવારી શને ૧૮૬૫.

વફાદારી અને વચન .. .. .. .. .. .. ૧
ાનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. .. ૩
ણ.. .. .. .. .. .. .. .. .. ૫
વીસ દાહાડાવેર લુખમરો ! .. .. .. ૭
પથરાઓ.. .. .. .. .. .. .. .. ૯
ઓપાઈ.. .. .. .. .. .. .. .. ૧૦
ા લગન .. .. .. .. .. .. .. .. ૧૨
ને લગતા બનાવો (ચીતર સાથે) .. .. .. ૧૪
ાની બાગાએત મંડલીના બાગ અવેનો કાંસાંનો ફુવારો—(ચીતર સાથે) .. .. .. .. ૧૬
ો સમજ—ગરમી .. .. .. .. .. ૧૭
ું ડોંગાપણું તથા વજન .. .. .. .. .. ૧૮
.. .. .. .. .. .. .. .. .. ૨૦
.. .. .. .. .. .. .. .. .. ૨૦
તપણાના સંકટમાં ફસેલી સ્ત્રીઓ વચેનો ાક—(રાસડો.) .. .. .. .. .. ૨૨

આંક ૨ જો—ફેબરવારી શને ૧૮૬૫.

વફાદારી અને વચન .. .. .. .. .. ૨૩
મરડ આરકરાઈટ .. .. .. .. .. .. ૨૫
અને તેનું કદ .. .. .. .. .. .. ૨૭
ણ .. .. .. .. .. .. .. .. ૨૮
નો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. ૩૦
પથરાઓ.. .. .. .. .. .. .. .. ૩૨
વ.. .. .. .. .. .. .. .. ૩૩
ાં લગન .. .. .. .. .. .. .. ૩૫
નું પાહાડી તોપખાતું (ચીતર સાથે).. .. .. ૩૭
વીસ દાહાડાવેર લુખમરો ! .. .. .. .. ૩૮
ઓનાં લગન, તલાક સંબંધી ધારો .. .. .. ૪૦
.. .. .. .. .. .. .. .. ૪૩
ઘોલ—(કવીતા) .. .. .. .. .. .. ૪૪

આંક ૩ જો—મારચ શને ૧૮૬૫.

વફાદારી અને વચન .. .. .. .. .. ૪૫
ેનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. .. ૪૭
મસેદજી જીજીભાઈ બારોનેટે ખરીદેલો હીરો.. ૪૯
રપણ .. .. .. .. .. .. .. .. ૫૦
—(ચીતર સાથે.) .. .. .. .. .. .. ૫૨
ાત ફંજીઓ .. .. .. .. .. .. .. ૫૪
રસીન તીઆં લગનના દાહાડાપર થએલી કમ માટ ભરેલી કીરીઆ.. .. .. .. .. ૫૫
ં ડી સોજા .. .. .. .. .. .. .. ૫૬
પથરાઓ .. .. .. .. .. .. .. .. ૫૭
ેનું દેહડું .. .. .. .. .. .. .. ૫૮
સાધારણ સમજ—ગરમી.. .. .. .. .. .. ૬૦
પારસી સ્ત્રીઓના નામ તથા તેનો અરથ.. .. ૬૧
ઓકનું જાહોડ .. .. .. .. .. .. .. ૬૨
પરચુટણ.. .. .. .. .. .. .. .. ૬૩
સાહસ—(ગરબી) .. .. .. .. .. .. ૬૫

આંક ૪ થો—એપરેલ શને ૧૮૬૫.

સ્ત્રીની વફાદારી અને વચન .. .. .. .. ૬૭
ખુશબોનાં પાંણી તથા તેલ.. .. .. .. .. ૬૯
સ્ત્રી દરપણ .. .. .. .. .. .. .. ૭૦
દેવનશાહેરનું ઝવેરાત (ચીતર સાથે) .. .. .. ૭૨
દુનીઆંનો મુસાફર—(ચીતર સાથે) .. .. .. ૭૪
હમામખાંનાં .. .. .. .. .. .. .. ૭૫
સાહારા આરટીન .. .. .. .. .. .. ૭૭
સાધારણ સમજ—ગરમી .. .. .. .. .. ૭૯
ખઈ રોગ, તેની ઉતપંતી અને ઉપાએ .. .. ૮૦
વાંહાંણ—(ચીતરો સાથે) .. .. .. .. .. ૮૨
પારસી સ્ત્રીઓનાં નાંમ કેવાં જોઈએ .. .. ૮૪
કીમતી પથરાઓ.. .. .. .. .. .. .. ૮૬
પરચુટંણ .. .. .. .. .. .. .. .. ૮૬
ઘેર બજારનું ગીત.. .. .. .. .. .. ૮૮

આંક ૫ મો—મેએ શને ૧૮૬૫.

સ્ત્રીની વફાદારી અને વચન .. .. .. .. ૮૯
મહારાંણી વીકટોરીઆની મુસાફરી.. .. .. .. ૯૧
દુનીઆંનો મુસાફર .. .. .. .. .. .. ૯૩
સ્ત્રીની ખુબસુરતી.. .. .. .. .. .. ૯૬
સાધારણ સમજ—ગરમી .. .. .. .. .. ૯૭
પારસી પુરૂષોના નાંમ.. .. .. .. .. ૯૮
સ્ત્રી દરપણ. .. .. .. .. .. .. .. ૧૦૦
દારાંએસ પાદશાહાનું વાસણ, (ચીતર સાથે) .. .. ૧૦૨
બે ભાઈઓનો બચાવ.. .. .. .. .. .. ૧૦૩
કીમતી પથરાઓ .. .. .. .. .. .. .. ૧૦૫
જંગલી લોકોમાં બચાંઓને ઉછારવાની રીત .. .. ૧૦૬
પરચુટણ.. .. .. .. .. .. .. .. ૧૦૮
મુળાક્ષરને શીખાંમણ—(કવીતા) .. .. .. .. ૧૧૦

આંક ૬ ઠો—જુન શને ૧૮૬૫.

વધનમાં લગન .. .. .. .. .. .. .. ૧૧૧
ધાતુની રોસની .. .. .. .. .. .. .. ૧૧૪
દુનીઆંનો મુસાફર .. .. .. .. .. .. ૧૧૫
પુસતકો ઉપર વેર ! .. .. .. .. .. .. ૧૧૭
સ્ત્રી દરપણ .. .. .. .. .. .. .. ૧૧૮
એક જુવાન પારસણની માહારાણી વીકટોરીઆએ લીધેલી મુલાકાત.. .. .. .. .. .. ૧૨૦
સાધારણ સમજ—ગરમી .. .. .. .. .. ૧૨૨

કુંવરબાઈએ અને મોટીબાઈએ લાહા લીધો .. .. ૧૨૫
એક સ્ત્રીની બાહાદુરી .. .. .. .. .. .. .. .. ૧૨૬
બનારસનો રાજા ઉદત નારાએણ (ચીતર સાથે) .. ૧૨૭
જંગલી લોકોમાં બચ્ચાં ઉધારવાની રીત.. .. .. ૧૨૭
પરચુરણ .. .. .. .. .. .. .. .. .. .. ૧૨૯
ઈશવર સતુતી (કવીતા) .. .. .. .. .. .. ૧૩૨

આંક ૭ મો—જુલાઈ શને ૧૮૯૫.

વધનમાં લગન .. .. .. .. .. .. .. ૧૩૩
જીઓરજ બરૂસ—એક સેલર. .. .. .. .. ૧૩૫
દુનીઆંનો મુસાફર (ચીતરો સાથે.) .. .. ૧૩૭
સ્ત્રી દરપણ—શેરની મોહોકાંણ ! .. .. .. ૧૩૯
આઉદનો પદભરશટ રાજા (ચીતર સાથે.) . . ૧૪૨
જંગલી લોકોમાં બચ્ચાં ઉધારવાની રીત.. .. .. ૧૪૪
આંખે પડતા ખોટા દેખાવ . .. . .. .. ૧૪૫
એક જુવાન અમીરજાદી ઉપર ગુજરેલી આફત .. ૧૪૭
આપઘાત .. .. .. .. . .. .. .. ૧૪૯
પરચુરણ .. .. . .. .. .. .. ૧૫૧
એક સુલક્ષણી નારના મરણ ઉપર તેના ભરથારે કરેલો
વીલાપ—(કવીતા) .. .. .. .. .. ૧૫૩
પોંહોંચ.. .. .. .. . .. .. .. ૧૫૪

આંક ૮ મો—આગસટ શને ૧૮૯૫.

વધનમાં લગન . . .. .. .. .. ૧૫૫
એક ભરથારનાં બચાવને માટે તેની સ્ત્રીએ કરેલી કોશેશ ૧૫૭
દુનીઆંનો મુસાફર—(ચીતર સાથે) .. .. .. ૧૫૯
આઉદની પદભરશટ રાંણી (ચીતર શાથે) . .. ૧૬૧
નીતીની કીમત . .. . .. .. .. .. ૧૬૨
દરીઆની આફત (ચીતર શાથે) .. .. .. .. ૧૬૪
લડાઈથી નીપજતી ખરાબી.. .. .. .. .. ૧૬૬
ચપટાં માથાંના ચીનુક જંગલીઓ.. .. .. .. ૧૬૭
લખવાનો હુનર અને કાગલ.. .. .. .. .. ૧૬૮
દરીઆઈ ઘોડો (ચીતર શાથે) .. .. .. .. ૧૭૧
કાડનો લુશીર .. .. .. .. .. .. ૧૭૨
પરચુરણ .. .. .. .. .. .. .. .. ૧૭૩
આનરએબલ એ. કે. ફારબસ સાહેબનો મરજીઓ,
(કવીતા) .. .. .. .. .. .. ૧૭૫
પોંહોંચ .. .. .. .. . .. .. .. ૧૭૬

આંક ૯ મો—સપટેમબર શને ૧૮૯૫.

વધનમાં લગન .. .. .. .. .. .. .. ૧૭૭
તંદોરસતીના બીગાડથી તથા શરીરપર લાગનીથી ઉત
પન થતા સપના. . .. .. .. .. ૧૭૯
દુનીઆંનો મુસાફર—(ચીતર સાથે.) .. .. .. ૧૮૧
સ્ત્રી દરપણ.. .. .. .. .. .. .. .. ૧૮૪
યુરોપ અને તેની જાહોજલાલી.. .. .. .. ૧૮૬
નેપાલની રાણી—(ચીતર સાથે.).. .. .. .. ૧૮૭
પારસી ગીઓની શલાંમ.. .. .. .. .. ૧૮૮
કમનશીબ વીદવાન ભરથારો . .. .. .. .. ૧૮૯
ગરમી ધરી વસતુ ફુલતાં બનતા બનાવ.. .. .. ૧૯૦
ખીસકોલી—(ચીતર સાથે.).. .. .. .. .. ૧૯૧
કીંગસટનની અમીરજાદી .. .. . .. .. ૧૯૨
પારસી સ્ત્રીઓને બે સુખન.. .. .. .. .. ૧૯૩
ઘર ઉપર મુશતાક કોણછે ? .. .. .. .. .. ૧૯૫
પરચુરણ .. .. .. .. .. .. .. .. ૧૯૬
સુખ દુખ ન આણવા વીશે—(કવીતા).. .. .. ૧૯૮

આંક ૧૦—મો અકટોબર શને ૧૮૯૫.

વધનમાં લગન .. .. .. .. .. .. .. ૧૯૯
દુનીઆંનો મુસાફર .. .. .. .. .. .. ૨૦૨
સ્ત્રી દરપણ.. .. .. .. .. .. .. .. ૨૦૪
એતના નામના પાહાડ ઉપર મુસાફરી.. .. .. ૨૦૫
પારસી સ્ત્રીઓનો સુધારો.. .. .. .. .. ૨૦૭
ગરમીથી ઉતપન થતો બાફ.. .. .. .. .. ૨૦૯
દુનીઆમાં સુખી બઈરી કોણ કેહેવાએ ? .. .. ૨૧૦
વાંહાણમાંથી હાથીને ઉતારવાની રીત (ચીતર સાથે) ૨૧૨
ગાયન, તેની ઉતપતી અને ખુબી .. .. .. ૨૧૦
સાહુડી અથવા સીસોલીઉ—(ચીતર શાથે) .. .. ૨૧૬
મુએલાં માણસ જીવતાં થાએ ! .. .. .. ૨૧૭
પરચુરણ .. .. .. .. .. .. .. .. ૨૧૮
ઉપદેશ વીશે—(કવીતા).. .. .. .. .. .. ૨૨૦

આંક ૧૧ મો—નવેમબર શને ૧૮૯૫.

જુલમી થાએ જબે—(ચીતરો સાથે.) .. .. .. ૨૨૧
સાસરીઆંનું સંકટ કેમ ટલે ? .. .. .. .. ૨૨૬
આવાજ . .. .. .. .. .. .. ૨૨૮
સ્ત્રી દરપણ . . .. .. .. .. .. ૨૨૯
સમુદરની સતુતી . . .. .. .. .. ૨૩૨
ઓરતોની મજલસ .. .. . .. .. .. ૨૩૩
રેલ—(ચીતર સાથે) .. .. .. .. .. .. ૨૩૫
જીંદગીના પ્રતીસબદ.. .. .. .. .. . ૨૩૬
પીથાગોરસ—(ચીતર સાથે.) .. .. .. .. ૨૩૯
એક સ્ત્રીનો જાણવાજોગ હેવાલ.. .. .. .. ૨૩૯
એક ગરીબને તાંહાં ધનનો ચરૂ.. .. .. .. ૨૪૦
પરચુરણ બાબદો.. .. . .. .. .. .. ૨૪૧
ધીરો ભકત—(કવીતા.) .. .. .. .. .. ૨૪૨
ચેતવણી .. .. .. .. .. .. .. .. ૨૪૨

આંક ૧૨ મો—ડીસેમબર શને ૧૮૯૫.

જુલમી થાએ જબે, .. .. .. .. .. .. ૨૪૩
ઓરતોની મજલસ .. .. .. .. .. .. ૨૪૭
એક ડાહી માએ પોતાના બાલકને કીધેલી સીખાંમણ. ૨૪૯
ઈસતખર અથવા તખતે જમશેદ (ચીતર શાથે) .. ૨૫૦
ખાઓ છોકરાં "ધુમ કટીલા" .. .. . .. ૨૫૪
ફુલ ! કોમલ ફુલ ! .. .. .. .. .. .. ૨૫૬
ગોવરૂ .. .. .. .. .. .. . .. ૨૫૮
વંજાર (ચીતર સાથે) .. .. .. .. .. .. ૨૫૯
ખરી દોસતીનો એક તારીફ લાએક નમુનો.. .. ૨૬૧
પરચુરણ .. .. .. .. .. .. .. . ૨૬૨
પ્રભુ ભજવા વીશે ચેતવણી—(કવીતા).. .. .. ૨૬૪

# સ્ત્રીબોધ.

તક ૯ મું. જાનેવારી ૧૮૯૫ આંક ૧ લો.

## સ્ત્રીની વફાદારી અને વચન.

એક વારતા. †

### પરકરણ ૧ લું.

### મીતરાઈનો ગાંઠ.

: મીતરાઈનો ગાંઠ ઘણો પવીતર છે, પણ જો તે નબલે થે વાલેલો હોએછે તો તેને જે કોઈ બેઈમાનીનાં નખે છો ઃ માંગેતો કશો વીલંબ લાગતો નથી. પણ તેમાં મોટો ય છે. જેની સાથે એકવાર બેસીને ખાધું, જેની સાથે કો દીવસ ફરીઆ તથા હરીઆ, જેને મનની બે છુપી વા કહી અને તેની સાંભલી, તેની સાથે, એકે પાછલથી દ કરવો, અને તેને ફસાવી પોતાનો સવારથ સાંધવો, એ રૂં નીચ કરમ બીજું કઈજ નથી. પણ દુનીઆ પોતા દારમાં કદી દીવાલી કરતી નથી, એકવાર તે ઘોડો થઈ, ફાઈને પોતાની પીઠ ઉપર સવાર કરી એકને આફતનાં રમાં કચડી નાખવા જાએ છે, પણ તે કચડાઈ નહી સ ા થાએ તેની આગમચ તે પોતા ઉપરના સવારને એવા રથી પટકે છે કે, જેથી પેલો ચકરમાં ફસેલો, એક આંચકા તે બાહાર ઉડી પડે છે, અને તેની જગાએ પેલો પડી બેરે કચડાઈ જાએ છે, કે ઈઆતો શખત જખમી થઈ, ડાં ઉપર કાલા ડાઘ લઈ પાછો ઉઠે છે.

સ્ત્રી વગર દુનીઆં ચાલતી નથી, એટલું નથી પણ . વગર દુનીઆંની વસતી વધતી નથી; તે છતાં તેને રે ઘણાક પુરૂષો ધીકાર રાખે છે ! પુરૂથવીના જુદા જુદા ગ ઉપર જુદા જુદા લોકો વસે છે, જેમનાં રંગ, રૂપ, રી અને ચીત એ સરવે જુદાં છે. તેમાં ઘણાકો એવા પ છે, કે સીને પેરે તેઓ જનમીઆ છે. સીને તેઓ માં ક છે, બેન કહે છે, અને વલી તેમને ધીકારે છે ! તેમને ની હલકાં બેવીસવાસી બેઈમાન, બેવકુફ અને બેવફા ગે છે ! વલી ઘણાકો એવા છે, કે જેઓ સ્ત્રીને પેરે જનમ , તેને પોતાની મા બેન ગણી તેમને નમે છે તથા માન આપે છે, એટલુંજ નહી, પણ તેમને ગંભીર, નાજુક, ઈમાનદાર અને વફાદાર ગણે છે; તેમને પોતાની બરોબરનાં ગણે છે, અને પોતાના જેટલા હક તેમને આપે છે. જેઓ સ્ત્રીના નાજુક ટોલાની વીરૂધમાં છે, તેઓ સદા તેમની બેવફાઈની વાતો કરે છે, અને જેઓ તેમની તરફેનમાં છે તેઓ સદા તેમની વફાદારીની વાતો કરે છે, પણ તેજ પરમાણે જો પુરૂશોની ચાલ ચલણ તપાશીએતો તે કાલાં અને ધોલાં પડ વગરની કદી હોવાની નહીં. તેથી થોડીની બેવફાઈને માટે સઘલીને બેવફા ગણવી, તેમજ થોડીની વફાઈને માટે સઘલીને વફાદાર ગણવી, એ બંનેમાં બેવકુફી છે. તોપણ જે દુનીઆંનો ખરો અનુભવી છે, તેના જોવામાં સ્ત્રી જાતની બેવફાઈ કરતા વફાદારીના નમુના વધારે માલમ પડશે.

ઈઅનજ નામનાં શેહેર મધે, પસંગ અને હોશંગ નામે બે જુવાન પુરૂશો રેહેતા હતા. તે બંને વચે દોસતીનો એવોતો મજબુત ગાંઠ બંધાએલો હતો કે, એકને એકથી જરાવાર છુંટું પડતાં પાંણી અને માછલીના સરખું થઈ પડતું હતું. તે બંને મીતરો બચપણથીજ સાથે ઉછરેલા હતા, અને બંનેએ સાથેજ અભીઆશ કરેલો હતો. તેઓ સદા એક બીજાને મલતા ભેટતા રેહેતા, અને એક બીજાની જાહેર તથા છુપી વાતો કેહેતા. તે બંને જન એકજ મતના હતા, અને સદા એક બીજાંના બોલવાને મલતા આવતા હતા, તથા બાહાલ રાખતા હતા.

એવામાં એતેફાક એવો બનીઓ કે, પસંગને જેલીકા નાંમની એક જુવાન ઘણીજ ખુબશુરત અને કુમારી છોકરી સાથ દોસતી પડી. તે દર વખતે તેની પાસે જતો અને તેનાં મેલાપથી તથા તેની મીઠી અને ડાહાપણ તથા નીતી ભરેલી વાતચીતથી ઘણો ખુસી થઈ પાછો ઘર તરફ ફરતો. જીઆરથી એ પરમાંણે પસંગને જેલીકા સાથ દોસતી પડી, અને જીઆરથી તેની આગલ જવા આવવા લાગો તીઆરથી જેવો તે હોશંગને મલતો કે સઘલી વાત પડતી મેલી પરીતની અને તેનાં પરીતનાં હાર જેલીકાનીજ વાત કરતો, જેને હોશંગ મલતો આવતો ન હતો. કેમકે હજુ તે પરીતની જાલમાં પડેલો ન હતો તેથી તેને પરીતી વીશે તથા તેનાં દુખ અને સુખ વીશે કશો વીચાર ન હતો. જીઆરેબી પસંગ એવી વાત કાહાડતો કે હોશંગ તે સાંભલવાને ના પાડતો, અને તેને કેહેતો કે—

† આ વારતા કવી શેકસપીઅરની એક પલે ઊપરથી રચાં આવીછે.

વાત પડતી મેલ: પરીતીમાં તું ઘેલો થઇ ન
માંથી તારા હાથમાં કશું ન આવશે.' સ્રી વગ
જેવા શુખ અને ચેનથી જીંદગીનો મારગ ક
તું ને હોવાથી બનતું નથી. સ્રીના સંબંધમાં
એઆ ગુલામગીરી છે, જેને હું મારા અંતઃક
છું. તે કેહેતો કે—"વાહાલા પસંગ, તારે
પરીતીમાં રમ, પણ તેની વાત મારી આગલ
ના કર". એવી રીતે માતરે એજ બાબદમાં હોસંગ અ
ને પસંગ જુદા પડતા, અને બંને એક બીજાને બેસમજ
ગણી હસતા. જીઆરે હોસંગ ઉપરનાં સરખી સઘલી વા
તો કરતો તીઆરે પસંગ પરીતીના ફાએદા, અને સ્રીની
સાથે રેહેવાનાં શુખ વીશે લાંબાં લાંબાં ભાસાણ કરી તેને
સમજાવતો એ પરમાંણે રોજ ચાલીઆ કરતું હતું.

હોસંગ કશી પણ મામેઆમાં પહેલો ન હતો, તેથી
તેને ઇઆજદમાંજ પડી રેહેવું કંટાલા ભરેલું લાગીઉં. તે
જાતે ઘણો ચંચલ અને હીમતવાન હતો, તેથી તેણે કેયે પણ
પરદેશ જવાનો વીચાર કીધો. અંતે તેણે કરમાન જવાનો
ઠરાવ કીધો. એ વાત તેણે પોતાનાં મીતર પસંગને કહી
જે તેનાથી કદી છુટો પહેલો નહીં હતો તેથી તેને રુદલ ગ
મી નહીં: તેણે તેને ઘણોક સમજાવીઓ, અને તે ઠડાવ
થી પાછો ફરવાને તેને કાલાવાલા કીધા. પણ હોસંગનાં
મનમાંતો પકોજ ઠડાવ કરેલો હતો તેથી તેણે પસં
ગને ખોલી રીતે કહીઉં કે—"વાહાલા પસંગ, તું
મને એવું સમજાવાનું છોડી દે હું કેટલાક આલ
સુઓની માફક, ઘરમાં પડી રહી જનાની જીંદગી ભોગવ
નાર નથી. ઘરમાં રહેલા જુવાનોને માતરે ઘરના જેટલી
જ સમજણ હોએ છે. જો તું તારી મનમોહન જેલીકાના
પીઆરમાં, જેમ મધમાં માંખી લપટાએ, તેમ લપટાએલો
ન હનેતો, બેશક હું તને મારી સાથે મુસાફરીએ આવવાને,
અને અહીં પડી રહેઆના કરતાં દુનીઆમાં ફરી, તેની
અજાએબી જોઇ, તે બાબેનો અનુભવ મેલવવાને કેહેતે, પ
ણ જીઆંવેર તું પીઆરની ચલકતી જાલમાં લપટાએલો છે,
તીઆવેર હું તને કંઇ કહી શકતો નથી. પણ મારા પી
આરા પસંગ, જો તું પીઆરમાંજ પડીઓ છે, તો તેમજ ક
ર, અને તેમાં ફતેહ મેલવ. માહારા વાહાલા પસંગ, તું
મને વીસરતો ના; જેવી તારી મીતરાઇછે, તેવી કાએમ
રાખજે, અને અહીના જાણવા જોગ બનાવોથી મને જાણી
તો કરતો રેહેજે. છેલી સલામ!" એટલું કહી મોટા પી
આરથી ભેટી હોશંગ પસંગથી છુટો પડીઓ, અને કરમા
ન શેહેર તરફ મોહો કરીઉં.

---

## પરકરણ ૨ જું.

પસંગથી જેવો હોસંગ છુટો થએઓ તેવીજ તેને દ
લગીરી લાગી, અને પોતાનાં ઓરડામાં જઇને બેઠો. થોડે
કલાકે તેનો હાંફરો નરમ પડીઓ તેથી તે પોતાની વાહાલી
જેલીકા ઉપર એક પતર લખવાને બેઠો. ઘણેક વારે લાંબાં
વીચારે, અને મોટા ખોલે એક પતર લખી જેલીકાની દા
સીને આપીઓ, જે પોતાની શેકાણી પાસે લઇને ગઇ.

જેલીકા જોકે પસંગને પોતાનાં ખરા જીગરથી ચાહા
તી હતી, અને તેનાં સીવાએ બીજા કોઇને પણ પોતાનો
હાથ નહી આપવાને ઠડાવ કરેલો હતો, પણ તે એવું
જાણતી હતી કે, સ્રી જાતે પોતાનો દરજ્જો જાલવવા,
ને પરીતને પાકી કરવા, પુરૂસને એકદમ સેહેલાઇથી
ધીન ન થવું જોઇએ તેથી તે બાહેરનાં દેખાવમાં લગાર
કત તથા ભારમાં રેહેતી હતી. તે ઓરડામાં બેસી પો
નાં પરીઅ પસંગનોજ વીચાર કરતી હતી, પણ તેવા
ની દાસી તેનો પતર લઇને આવી. આએ વેલાએ તે
રમાં શું લખેલું હશે તે જાણવાને જેલીકાનાં મનમાં
આતુરતા પેદા થઇ, પણ દાસીનાં દેખતાં પોતાનો ભાર
લવી રાખવાને તે પતર લાવવા માટે તેણીને ઠપકો દી
અને ધમકાવીને એકદમ ઓરડાની બાહેર જવા ફરમા
ઉં. દાસી પાછી ફરી, પણ તે પતર વાંચવાને જેલીકા
ટલીતો અધીરી પડી હતી કે તેનો જીવ રહીઓ નહી,
ણે તરત દાસીને પાછી બોલાવી, અને બાંહાંનું કરીને પુ
ઉં કે, "હમણાં કેટલા વાગા છે"! અલબતે તે દાસી
ચતુર હોવાથી જેલીકાનો સઘલો ભરમ સમજતી હતી,
થી કેટલા વાગાછે તેનો ઉતર દેવાને બદલે પાછુ તે પ
હાથમાં લઇને જેલીકાની આગલ ધરીઉં. અલબતે દા
તેનો ભરમ સમજતી હોએ એવું તેણીએ ડોલ દેખાડ
થી તેનો શક દુર કરવાને જાણે ખુબ ચીડમાં આવી
હોએ તેમ તેનાં હાથમાંથી તે પતર જુંટી લઇને ફાડી
રીઆં કરી કકડા જમીનપર ફેંકી દીધા. દાસી એકબી એ
બોલીઆ વગેરે ચુગી ચુગી તે કકડા ઉચકવા ગઇ, પણ
લીકાનેતો હજુ તેમાંની મતલબ જાણવી હતી, તેથી ચીર
ઇને તેને કહીઉં," ઉઠ બેસમજ દાસી, હમણા મારા
રડામાંથી બાહાર જા, અગર નહીતો જેટલોવાર તું
એ કકડા ઉંચકવા અહી રેહેશે, તેટલો મને વધારે ગુસો
હડશે, માટે અતરઘડી અહીથી જા."

દાસી ઓરડામાંથી જતી રહી, કે જેલીકાએ તરત
સઘલા કકડા ઉંચકી લીધા, અને તેને છાતી સાથે દાબ
તે પતર ફાડી નાખીઉં તેને માટે ઘણોજ પસતાવો કર
બેઠી. તોપણ તેનો જીવ રહેઓ નહી, તેથી તેમાંનો એ
બોલબી તેને માલમ પડે, એવી મતલબથી તે એક જગા
બેસીને સઘલા કકડા એકઠા ગોઠવવા લાગી. અલબતે
મ કરતાં તેને આખાં પતરની મતલબતો મલીજ નહી, પ
તેમાથી એક વાકીઅ મલી આવીઓ જેમાં એવા શબદ
તા કે, "પીઆરથી ઘાએલ થએલો પસંગ." પીઆર
ઘાએલ થએલો, એ શબદ જેલીકાને એવાતો લાગા કે,
વેલાએ ગોએઆ તે પોતે જખમી થઇ ગઇ. તેણે એવા
રીત ભરેલાં પતરને ફાડીઉં, તેથી તે ઉપર તે બહુ શોક ક
વા લાગી, અને તે વાકીઅને ફરી ફરીને વાંચવા લાગી
તે મન સાથ બોલવા લાગી, "પસંગ લખે છે કે, ઘાએલ
એલો; હા' એ શબદને મારાં અંત.કરણમા સાંતી રાખશ
અને જીઆવેર તે જખમ રૂજશે નહી, તીઆંવેર તેને બાહ
ર નહી કાહાડશ. ખરે, પસંગ, તું ઘાએલ થએઓ હશે
પણ ધીરજ રાખજે, હું તે જખમને રૂજવશ, અને જે મ
પડીઓ છે, તે તું રૂજવજે. આકેબત હું તારોજ હાથ
રનારછું, માટે તું મારો ધરવાને તઇઆર રેહેજે." એવા
એવા ઘણાક પરીત ભરેલા શબદો બોલી, તથા કાગરના ક
કડા ગોઠવીને થાકી તીઆરે, આએ ઉપીઓગી પતરને

ાડી નાખવામાં જે પોતે બેવકુફાઈ કરી, તેને માટે છેલે
ીરડાઇ, તે હાથમાંથી મેલી, પસંગ ઉપર તેનો ઉતર લખ
ાને બેઠી. અલબતે પસંગનું પતર આખું તેના વાંચવા
ાં આવેલું ન હતું, પણ જે, "પીઆરથી ઘાએલ થએલો
સંગ" એવો જે વાકીઅ તેણે વાંચીઓ હતો, તેથી તે આ
ા પતરની મતલબ સમજી હતી, અને મનમાં ખાતરી ક
હતી કે, પસંગ તેને ખરાં જીગરથી ચાહેછે, તેણે તેમા
ારમાં પીઆરનાં મીઠા શબદો સીવાએ બીજું કશું લખે
ન હતું. તેથી તેવીજ મતલબનો તે તેનો ઉતર લખવા
ાઠી, પણ રોજ કરતાંને તેમાં પોતાના ખરા અને નીતી બ
આ પેઆરની પુશકલ શાકર મેલી, પસંગ ઉપર તે રવા
ા કીધું:

મારો,
રેબા

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૨૯.



ાઆરાં બેન,

ગઇ વેલાએ મેં તમુને લખીઉં હતું કે, હાલ
ા હું ઈજીપર દેશમાં આવીઓ છું, જેનો સેહેજ એ
વાલ તમુને લખી જણવસ. તે પરમાણે હાલ ૫
ુદ જોઈ લખુંછું, જે વાંચી તમો લગાર ખુશી થશો.
ીસરદેસ આફરીકાના ઈસાનખુનામાં આવેલો છે, અ
ા એક ગમ લાલ સમુદર અને બીજી ગમ રેતીનું મો
રણ આવેલુ છે. એ રણમાંથી પુસકલ રેતી ઊડી
ા શેહેરોમાં આવે છે. અને તેથી ઘણો કંટાલો ઊપજે
. વરસના ચોકસ દાહાડાઓ ઊપર, તે રણની ત
રફથી એક જાતનો ગરમ પવન ચાલે છે, જે ઘણાક
ાણસોની તથા જનાવરોની ખરાબી કરે છે. એ
ેશમાં વરસાદ મુદલ પડતો નથી, પણ તેની ગરજ,
ા શરવ શકતીમાન શાહેબે, ઘણીજ અચરત રીતે, પુ
ાી પાડી છે. એ દેશમાં એક મોટી જબરી નદી
છે, જેને નાઈલ અથવા નીલ કરી કહે છે. એ નદી
માં દર વરસે મોટી રેલ આવે છે, જેથી તેનુ પાંણી
અરધાં મીસર ઊપર ફરી વલેછે. એ રેલ ઓસરી
જએઆ પછે, તે જમીન ઊપર તીઆંનાં લોક ખેતી
વાડી કરેછે, અને તે ઊપર ઘઊ, મકાઈ, રૂ વગેરે
ઘણીક જાતનો પાક કરે છે. તેને માટે તેમને જ
મીન ખેડવી પડતી નથી, કે પાણી જોઈતુ નથી. બી
વાવીઆં, કે થોડે દાહાડે તે ઊગી નીકળે છે! એવું કે
હે છે, કે એ જગાએ આજ તરણ હજાર વરસ થએ
આં રેલ આવેછે, અને તીઆં દર વરસે, તે જગાની
વગર ખેડણીએ તથા તેમાં કશો પણ સુધારો કે ફેર
ફાર કરીઆ વગેરે, પુસકલ પાક ઊતરે છે! અલબતે
એ અજબ જેવુ છે. એ નીલ નદીનુ મુલ, એટલે તે
કીઆંથી નીકલે છે, તે આજવેર કોઈને ખબર ન હો
તી. તે શોધી કાહાડવાને આજ ઘણાક વરસ થએ
આં અંગરેજ મુશાફરો લાગીઆ હતા, પણ ઠરો પરો
હાથ લાગતો નહોતો. અલબતે કોઈબી નદી મુલ વ
ગરતો હોએજ નહી, તેમ નીલનું પણ મુલ જોઇએ,
પણ તે હજારો વરસ શુધી કોઈને માલમ ન પડવા
થી ઘણું અજબ લાગતું હતું. અંતે કેપટનસ પેક ના
મનો એક નામીચો મુસાફર, જે આપણા દેશ ખાતે
ની એક રીજમીટનો સરદાર હતો, અને જે હાલમાં
થોડાક મહીના થએઆ, એક તીતરનો શીકાર ક
રતાં મરણ પાંમીઆ છે! તેણે તે શોધી કાહાડીઉં.
તે (મુલ) મધીઅ આફરીકામાં બે હજાર માઈલને
અંતરે એક મોટું સરોવર માલમ પડીઉં. તે સ
રોવરમાં વરસાદનું પાંણી ભરાએ છે, અને તીઆંથી
તે વેહેતું આવી નીલ નદીમાંથી ઊભાઈ જઈ મીસ
ર દેશ ઊપર ફરી વલે છે. આહા! જગત કરતા ઈ
શવરનું કેવું ડાહાપણ! માસરમાં વરસાદ નહી વર
સે તેને માટે બે હજાર માઈલપર વરસતા વરસાદનું
પાંણી તેને પુરૂ પાડે! નીલ નદીની અંદર મગર
ઘણાં વસે છે, અને તેઓ દાહાડાનો ઘણોક લાગ કી
નારે આવી તડકે રેતોમાં સુઈ રહે છે. તેઓ પોતા
નાં ઈડાં પણ રેતીમાંજ મેલે છે, જેમાંથી બચાં નીકલી
આ પછે પાંણીમાં દોડી જાઓ છે.

એ દેશમાં વસતી આજ લગભગ તરણ હજા
ર વરસ ઊપરની ગણવામાં આવે છે. અસલનાં વા
રામાં એ દેશ ઘણોજ શુધરેલો હતો, અને તીઆંના

લોક ઘણા હુનર વાલા હતા. તેમજ હુનરો તથા કારીગરીની હજુ ઘણીક નીશાન હાલમાં ભાગી ટુટી હાલતમાં મલી આવે છે, જે જોઈ આપણને મોટી અચરતી પેદા થાએ છે. એ દેશમાં સઊથી જાણવા જોગ તીઆંની પીરેમીડો છે. એ પીરેમીડો એટલીતો ઊંચી છે કે તે ઘણાજ દુરથી નજરે આવે છે, અને જાણે મોટા ડુંગરો હોએ તેમ તેનાં મથાલાં આકાસ સાથે લાગેલા જણાએ છે. એવી મોટી પીરેમીડો શાને માટે બાંધવામાં આવી હશે, તે હજુ બરોબર માલમ પડીશં નથી. એ બાબે ઘણાક ગરંથ કરતાઓ જુદા જુદા મત આપી ગએઆ છે. કેટલાકો કેહે છે કે એ દેશનાં પાદશાહાઓએ એબાદત કરવાને તે બંધાવીઆ હતાઃ કેટલાકો કેહે છે કે તે કાંઈ જોતીશ શાસતરને લગતી શોધ કરવાને બાંધવામાં આવેલી છે, અને કેટલાકો કહે છે કે તે તે વખતનાં પાદશાહાઓની કબર છે. એ પરમાંણે હજુ ચોકશ સીધ નથી થઈઊં કે તે શાને માટે છે, તેમજ હજુ એ પણ માલમ નથી પડીશં કે તે કીઆં વરસમાં બાંધવામાં આવેલી છે. એ પીરેમીડો મધેની જે સઊથી મોટી છે તેનો તલીએથી વીસતાર ૭૪૬ ચોરસ ફીટનો છે, અને તેની ઊંચાઇ ૪૬૧ ફીટની છે. એની પાસે એક સ્રીની સુરતનું કમરવેરનું જબરૂ બાહાવલું છે, જેની ઊચાઈ ૬૦ ફીટની છે, અને તે એકજ પથરાનું, એક ખડકમાંથી કોતરી કાહાડેલું છે! તેનું એક ચીતર તમારી ઓપર મોકલીશ છે. બેન, એ પીરેમીડો અને એ બાહાવલું કંઈ થોડા અજાએબી ભરેલાં ના સમંજશો. આખી દુનીઆમાં એ બાહાવલાં જેવું મોટુ બાહાવલું કેથે નથી, અને પીરેમીડો જેવું ઊંચું બાંધકામ પણ નથી. કેહે છે કે એ પીરેમીડો બાંધવાને એક લાખ માણસ વીશ વરસ વેર કામે લાગાં હતાં!!

એ દેશની રાજધાની કેરો શેહેર છે. તેના રસતા એવાતો સાંકડા છે, કે ઘરો આમણ સામણ લગભગ મલી ગએલાં છે. વલી એવા સાંકડા રસતામાં, આખો દાહાડો ગધેડાં તથા ઊંટપર લાવતા લઈજતા માલની તથા આવતાં જતાં લોકની ભારે ગરદી હોએ છે, રસતાઓ ઊપર ધુલ ઘણીજ છે, તે ગરદીથી આખો દાહાડો ઊડતી રેહે છે. પગે ચાલનારાં માણસોની પણ ભારે ગરદી હોએ છે. તીઆના પુરૂશો ઢીલા જભા અને માથે પાઘડીઓ પેહેરી ફરે છે, અને સ્રીઓ મોહાડાં પર બુરખા નાખી ફરે છે. તેઓ જાતે મુસલમાન અને હાલના લોક ઘણાખરા અરબોની ઓલાદના

એ સીવાએ, મીસરનું બીજું જાણવા શેહેર અલેકજાનડરીઆ છે, એ શેહેર; નામીચા પાતશાહા સીકનદરે, બે હજાર વરસની વાત ઊપર બંધાઊં હતું. મીસરના અસલના લોકો પોતાનાં મુડદાંઓને બાલતા કે ડાટતા ન હતા, પણ તેમનું પેટ ચીરી તેમાંથી કલેજું, આંટરડાં વગેરે સઘલું કાહાડી નામાહે ખશ્બોઈના સરખી કેટલીક દવા ભરી એમનાં ...ટલીતો આ. એવા મુરદાંને મમી કરી કહે છે.



...વા મમીઓને રાખવાની એક જગા, ...ને કાટીકોમબ કરી કહે છે, તે હાલમાં કૈરોની પડોસમાં છે. તીઆં આજ ...રણ હજાર વરસની વાત ઊપર મરપામેલાં માણસનાં મમીઓ હજુ જેવી તેવી હાલતમાં રહેલાં છે. તેમને ... આ હોએતો, તેઓનાં મોડાં અને સ્રી એવાં દેખાએ છે કે જાણે તેઓ હમણ મરણ પામેલાં હોએ! અસલનાં વખતમ જીઆરે એ ચાલ ચાલુ હતો, તીઆ લોકો એ મમીઓને માટે ઘરમાં એક ઓરડો રી રાખેલા હોતો, તેમાં મેલી રાખતા, અને મરણ પાંમેલા માંણસનાં હઈઆતીનાં વખતનાં કલા કેટલાક કાંમોનાં ચીતાર તે ઓરડાની ભીંત



પર પાડતાં. તેનાં પણ કેક બે ચીતરો તમારી પર મોકલીઆં છે. એ કરવાથી તે મરણ પાંમેલ માંણસને જીઆરે તેનુ કોઈ પણ સગું વાહાલુ જોવા માંગતું તો તે શકતું હતું, તથા તેનાં કાંમોનાં પાડેલાં ભાતપરનાં



ચીતાર જોઈ તેનાં જનમ ચરીતરનો કેટલોએક હેવાલ માલમ પડ હતો.

બેન, મીસર દેશ વીશે હાલનો તમોને એટલું

જ લખી જણાઉ છું. એતીઆર શુધીતો હું એજ દેશમાં છું પણ હવે પછે કીઆં જઇશ તે હું તમારી ઊપર લખી શકતો નથી, કેમકે હજુ મેં ઠરાવ કરીઓ નથી. હું ધારૂછું કે આ પતરમાંથી કેટલીક વાતો નવાઈ જેવી લાગશે પણ વાહાલાં બેન, તમારે ખચીતે જાણવું કે દુનીઆં કશી ચીજથી ખાલી નથી: જીઆં જોઈશું તીઆં તે જગત કરતા સાહેબની ખુબીના કંઇ નહી ને કઈ પણ અદભુત સરખા નમુનાઓ મલતાજ રેહેવાના એજઅરજ.

હું છું તમારો,
વાહાલો ભાઈ.

---

## સ્ત્રી દરપણ.

### સની સાંજે શું શું લે!

**પીરોજબાઈ**—કેમ આટલા વારમાં બધી ધુશ એકઠી થઇ કે? મરેરે, હાંતો ઘેરના સાવણ પુંજામાંથીજ નીવેરો નહીં આવતો.

**કુંવરબાઈ**—ચાલ તારા પગ સાંસું જો, એમ કરીને હમુને પરવાર મલી તેને નજર લગારેચ કે?

**ધનબાઈ**—ઓવાએ કુવરબાઇ, વરી એમા તુને નજરબી લાગી ગઇ કે?

**ગુલબાઈ**—હા માંએ આજે નજર ઘણી સસતીછે. મરેરે નજરતો આપરી આંખને કહીએ, તે તે કેમ લાગતી હશે વારૂ?

**કુંવરબાઈ**—હા માંએ, તું કાંએ નહીં કરકરા કરે, તારો વરતો જાણે શુધારાવારો, તારે તુંબી કાંએ નહી સુધારાવારી હોએ. હોએ માએ, તે તમુને નજર નહી લાગે, કંઇ નહી લાગે.

**કોલીબાઈ**—અરે અકરા નારે, અકરા ના. જરા એકુને આવવાદે, પછી જોઉંચ કે તુ કેવું બધું વીસરી જાએચ, ને પછી કેવી પગે લાગીને બધું કરવા જાએચ. એક લટીંગણુ આવવુ જોઇએ. પછી તમેબી ઠેકાણે આવી જશો, ને તમારા વરબી ઠેકાણે આવી જશે.

**ડોસીબાઈ**—મરે, કોઇ ચીતરવારો જોવતો તેરજોઃ સુઆની આજે બેપે દાહારા થએઆ વાટ જોઉંચ તોબી કોઇ મલે નહી; નહીતો સુઆ અમથા દાહારામાં દશવરા ભુમ પારે.

**પીરોજ૦**—કાંએ, તે હમણા શું કાંમ પરીઉં? અખઇ રેહેઆં ચીતરતો હાથ ભરીને છે; પેસોની, ને હમણા વરી શું કરોચ?

**ડોશી૦**—એ માંએ ઘણા દાહારા થએઆં પેહેરેલાં છે તે હવેતો મરૂ એને અખઇ કરીને કંઇ બીજા રંગનાં પેહેરૂં.

**કોલી૦**—ઓવાએ ડોસીબાઇ, અખઇ રહેઆં આવાં મજેનાં ચીતરછે તેને અખઇ કરશે?

**ધન૦**—ઓ લેઓ પેલો ચીતરવારો જાએચ. ઓ ચીતરવારા! (ઓટલાપર જઈને મોટે સાદે) ઓ ચીતરવારા! અહીં આવ, અહીં આવ, આએ ઓટલાપર આવ.

**ડોશી૦**—(લાંબો હાથ કરીને) જો, આએ મારે હાથના ચીતર છે કે?

**ચીતરવારો૦**—(હાથ ચાંપી જોઇને) હા બાઇ છે, પણ કેવા રંગના જોઇશે?

**ડોશી૦**—તારી પાસે દુધની ચાહેને રંગનાં છે?

**ચીતર૦**—હા, છે. આ જોવ.

**કુંવર૦**—મરેરે સુઆઃ એવાં શું કાહારેઆં, જાણે ઉધાઈ રહેલાં હોએ તેવાં, બીજાં સારાં હોએતો કાહારની.

**પીરોજ૦**—નહીં નહીં બરેઆ એ શું, મનેતો કંઇ નહીં ગમતાં. તારી પાસે જાંબુરને રંગના છે?

**ડોસી૦**—(જોઇને) નહી નહી બરેઆં, એ શું મને તો જરા નથી ગમતાં. ખોલાં ગોલાબી હોએતો કાહાર.

**ધન૦**—મર સુઆ, આવાં ગોલાબી ચીતર કે, તે દારે મારી ભોજાઇએ પેહેરેઆંચ તે જાણે નરો ગોલાબનાં ફુલનો રંગ!

**ચીતર૦**—બાઇ લેવાં હોએ તે લે, નહીતો રેહેવા દે, અમથી ગાલ કાએ આપેચ.

**ડોસી૦**—ઓવાએ સુઆ, ગારે ગુંમરાં ઉઠેઆં કે! એમં લાહેરી શાનો કરેચ, લાવ મજેનાં આતસીઆ રંગનાં હોએ તે કાહાર. (જોઇને) બરેઓરે એ આતસીઓ રંગ કે? ઓવાએ સુઆ સોજાં હોએ તે કાહારની. નહીતો કેરને રંગનાં હોએ તે દેખાર;-નહીતો દુધને રંગનાં ઉજરાં છે?

**ચીતર૦**—તમે લીધાં લીધાં બાઇ; અમસ્તું લેવાનું નહી ને પેલાં કાહાર, પેલાં કાહાર, ને જે રંગ બતાવે તે તો નહી (ગાંસરી બાંધે છે.)

**ડોસી૦**—ઓ લેરે, સુઆનો મીજાશતો જોવ, જાણે સુઓ સાલેચલેબીનો છોકરો.

**કુંવર૦**—પણ જવા કાંની દેતાં જો, એનાં બાપ શો, વરી હમણાં કોઇ બોલશે.

**ચીતર૦**—તમે લીધાં લીધાં, લેવા વારાનાં આએ મોડાં કે! (જતો રેહે છે.)

**ગુલ૦**—અરે પણ તમે બોલબોલતો તેને ગારજ દેઓ, તે બીચારો સાંખે તે કેટલી!

**કોલી૦**—અરે એતો સુઆ એવાજ, સુઆ એમજ ધાંધલ કરે; કેહેશે કે એમ કરૂતો જલદી લઇ લે.

**ધન૦**—ઓ રંગારા! ઓ રંગારા! અહીં આવ.

**રંગારો**—શું જોઇએ છે બાઇ?

**ધન૦**—ઓ વાએ સુઆ ઉપરતો આવ, હેઠેજ ઉભો રહીને બોલેચ કે.

**રંગારો**—શું બાઇ તમે લો નહી ને અમથા ખોટી કરો તે શું કામનું.

**કુંવર૦**—ઓ વાએ સુઆ, કોઈ લેવા વગર અમથું તેરતું હશે? લાવ તારી પાસે એક દાનાની બાંધનીની ઇજાર છે કે?

પીરોજ૦—તારી પાસે સુઇસનાં ચીકનનાં જભલાંછે કે?

ધન૦—તારી પાસે કેરને રંગની પાજછે કે?

રંગારો—હા બાઈ હા બધું છે, પણ તમે લેશો? નહીંતો બોનીની વખત અમથાં ગાંસરી નાં છોરાવતાં. (કાહાડીને) આએ જોવ.

કુંવર૦—બરેઓરે, બધો દાનો તો છુટી ગ્રેલોછે, એવી શું કાહારી, બીજી દેખારની.

પીરોજ૦—અરેરે એવાં શું ચીકન. કઇ મોર, ચલી, પોપટ, એવી કોર હોએ તે કાહારની, આએ શું બરી આં કરો ને ધતુરો જેવી (ગાંસડીપર નાખી દે છે.)

ધન૦—હરવાએઆ, આએ પાજ કાંહાંથી ઝીજં જેવી કાહારી, કઈ ઘટ કુમાસની હોએ તો દેખારની વારૂં કઈ બાટલીવારાના કરેરાની કોર છે કે?

રંગારો—હું કહુચની બાઈ, કે તમે લેસો નહી ને અમથા ખોટી કરશો. જોવ.

કુંવર૦—ઓ વાએ મુઆ એમ પતરાજી શું કરેચ, વરી માગે તે દેખારની, જોએઆ વગર કોઈ લે કે?

રંગારો—હા બાઈ હા, જોવની પણ મોડાંમાંથી ગાલ કાંએ આપોચ આ ચીકણ શું નરશાંછે?

કોલી૦—અરે રંગારા, તારી પાસે મતીઆખાની છે?

ધન૦—તારી પાસ મરચાંની કોર હોએ તો દેખારની જોઉ. વારૂં બોલ આએ પાજ કેમ ગજ આપશે?

રંગારો—એના બાઈ નકી, ગજનો દોહોર રૂપીઓ પરશે, એમાં કંઇ ઓછું નહીં

ધન૦—ચઃ મુઆનું કીઆ મહીનામાં, આ આનો દોહોર રૂપીઓ કે! વારૂં આએ જભલાંનું શું?

રંગારો—બાઈ, એ જભલાના નકી સાહારા સાત ને બે આના પરશે; તમારે જોઈએતો લેઓ ને નહીંતો રેહેવા દેઓ.

પીરોજ૦—તુંતો મોઘોજ ઘણો દેખું. પેલી કોરનુ શું કહીઉ?

રંગારો—બાઈ મોઘાં તે શું કરીએ, લાવીએ તેમ વેચીએ એના નકી ૭ રૂપીઆ પરશે, તમે કેઓની શું આપશો; બોલો સાંજીવરા વકરો કરીએ.

પીરોજ૦—ચાર રૂપીઆ લેશે?

ધન૦—આએ પાજ બાર આને ગજ આપશે કે?

રંગારો—મેલો બાઈ મેલો તમે લીધી.

કુંવર૦—ઓવાએ હરવાએઆ શું થઈઉ, હાથને શાનો વલગેચ; વારૂ આ જભલાંના સાહારા ચાર રૂપીઆ આપું.

રંગારો—મેલો બાઈ મેલો, મેં પરથમજ કહીઉં હતું કે તમે લેશો નહીં ને અમસથો ખોટી કરશો.

ડોસી૦—જા ખલા લેતો નહીંતો, તારા વગર કંઇ અટકી રહીઉં કે?

કોલી૦—જોવતો મુઆનો મીજાશ.

ગુલ૦—પણ લેવાતું નહી તારે કોઈને અમથો કાંએ ખોટી કરેચ?

ડોસી૦—માંએ તુંને શું છે, તુને શું હજી ધની લાવીને આઇતું પેહેરાવેચ તે પેહેરેચ. જોએએ જાએઆ વગર કેમ લઈજીએ? દશ બારની ગાંસડી છોરાવીએ તારેએ કપાસેથી લેજીએ!

ગુલ૦—ઠીક તારે તેબી કમાઈ રહેઓ ને આપરેબી લઈ રહેઆં.

ધન૦—ઓ કાપરીઆ, અહીં આવ.

કાપરીઓ—તમે લીધું બાઈ.

ધન૦—ઓ વાએ મુઆ એમ શું કરેચ, તારી પાસે ઝીણી નેટ છે કે?

કાપરીઓ—છે, પણ રૂપીએ ગજ પરશે.

ધન૦—લાવની, લાવની, જોઉતો ખરી (જોઈને) અરેરે આએ રૂપીએ ગજની નેટ કે, જાણે નરી માછીની જાર. વારૂં તારી પાસે મોઘરાંબાતો દોરીઓછે?

કાપરીઓ—છે, પણ થાનના પાંચ રૂપીઆ પડશે; કહોતો કાહારૂં.

કુંવર૦—ઓ વાએ પણ હરવાએઆ ગાંસરીતો છોર; લાવ દોરીની ગાજ છે કે?.

કાપરીઓ—તમે કીમત કરોતો બધું કાહારૂં.

કુંવર૦—ઓ વાએ મુઆ, તે જોએઆ વગર કીમત કેમ કરે.

કાપરીઓ—મોહામાંથી સીધું બોલની (ગુસે થઈ જઇને) ગારો શાની દેચ. હું જાણુંછ તમારા લોકની એમ ચાલ છે (જતો રેહે છે.)

કુંવર૦—સધાવો ભરેઆ પુરેઆ; મુઓ શું ઘોરાપર બેસીને આએઓચ.

ધન૦—ઓ પેરવારા, લાવ. દોરીઆનાં કેટલાં આપેચ?

ફેરવાલો—ચાર ચાર દોહોરીએ એકકું પરશે બાઈ.

ધન૦—ઓ તું મુઓરે! મુઆને ઘેર ધાર આવી જાણે.

કોલી૦—અરેરે, આંજે સંધાં પરજ ધાર આવીચ કેની, સસતું છે શું? મુઆ દોરીઆંની છ જાુહુરી દીવાસરી આપતાતા તેબી બે કરી મેલીચ, કોઈ મુઆઓને પુછેચ?

ગુલ૦—અરેરે કોલીબાઈ, તમુને સઉ કશામાં દીવાસલીની ફકર પડી કે?

પીરોજ૦—અહીં આવ એ મેમાન; તારી પાસે શાલકલાક છે કે? આતશીઆ રંગનો? કેમ વાર આપશે?

મેમાન—લો બાઈ, ઘણો ઉંચો શાલકલાકછે, એનો રંગતો જોવ. પણ બે રૂપીઆ વારનાં પડશે.

પીરોજ૦—જોએઓ, જોએઓ, બાર આંતે વાર આપશે કે? વારૂં તારી પાસે મલીબાતી છીટ છે કે?

મેમાન—છીટતો નહી પણ મજલીનછે. જોવ કાહારો વારનાં દશ આનાં, એમ પેહેરશો એટલે શોભી રેહેશે.

પીરોજ૦—ઓવાએ મુઆ, કંઇ તારે ઘેર ધારબાર આવી કે? પેલો હમણાં આએઓતો તે રૂપીઆની તન વાર આપવા કહી ગએઓ ને. વારૂં તારી પાસે કઈ નરી ઉનની ફલાનીલ છે કે?

મેમાન—હા બાઈ છે, પણ વારનાં બે રૂપીઆ પરશે. છે મરજી? હોએતો કાહારૂં.

કુંવર૦—જા, જા, નહી જોઇએ, એતો વરી છેકજ મોપો થઇને આએઓ દેખુ.

મેમન—હું, જાણુચની બાઇ, કે તમે બધું લેશો (જતો રેહેછે)

ધન૦—ઓ ગલાશ તમસેલ વારા, અહીં લાવ, તારી પાસે અરકાવાનાં કાંસીઆ છે કે ?

ગલાશવારો—નહીં બાઇ નથી.

પીરોજ૦—આએ શું તારા હાતમાં છે તે, ને મુઓનાં કેહેમ.

ગલાશ—એ વેચવાનાં નથી બાઇ.

કુંવર૦—તારે મીઠું ભરવાનાં કે ! મુઓઓઓ.

કોલી૦—હવે છેક સાંજ થઇ, પોરીઓ કંઇ કાંમકાજ છે કે નહીં ?

ગુલ૦—ચાલો, બધું લઇ રહેઆં ? શું શું લીધું ? જોઉં.

ધન૦—હા માએ, તું મશકેરી કરની, હમેતો ગરીબ માંણસ માએ હમે શું લેતાતાં.

પીરોજ૦—બેન, જે દાહારે એમ લેવું પરશેની તે દાહારે સમજશો.

કોલી૦—જોની માએ, તુંતો નાદાનછે. લઇએ કે નહી લઇએ, પણ જરા જોઇએતો ખરાં. ચાલો માંએ હું તો જાઉંચ હવે.

પીરોજ—ધનબાઇ, કુંવરબાઇ, ચાલો મારપર જઇએ, માતીડા આવવાની વખત થઈ, (બધા જતાં રેહેછે.)

## પીસતાલીસ દાહાડાવેર ભુખમરો !

ઈસવી સન ૧૭૬૯ ના વરસમાં, ડેવીડ હેરીસન નાંમે એક કેપટન, પેગી નામનું વાહાણ લઈને, ફાએઆલના ટાપુએથી મુસાફરીએ નીકલીઓ. થોડાક દાહાડાવેર સલામતીથી મારગ કાપીઆ પછે એક દાહાડે એકાએક દરીઆમાં શકત તોફાન ઊઠીઊં. એ તોફાન કેટલાક દીવસવેર ફુંકતું રહીઊં, જેથી તે વાંહાણનો એક ડોલ અને તે ઊપર એક સડ સીવાએ સઘલુ પાણીમા ગઈઊં. એટલા આધાર ઊપર પણ તે વાહાણ ચાલવા લાગું, પણ ઘણુજ ધીમું અને ડોલા ખાતું. એ પરમાણે કેટલાક દીવસો ગએઆ પછે તે માહેલો ખોરાક ઘટી ગએઓં, અને તે ઊપરનાં સઘલાં માણસો, ખોરાક ઘટાડતાં ઘટાડતાં, દરરોજ માણસ દીઠ પા રતલ ખોરાક અને થોડુંક પાણી તથા દારૂની એક પેંટ ઊપર આવીઆ.

પણ તેવામાં તેમનાં માઠાં ભાએગે એકદમ ફેર મરડી વાહાણનું એકાએક ગાબડું નીકલી ગઈઊ, અને તેમાં પાણી ભરાવા લાગાં. વલી એ વેળાએ તોફાનનો જોર, એટલોતો વધી ગએઓ કે દરીઆની અંદર ડુંગર સરીખા મોજા ઊઠવા લાગા, જેના આચકાથી વાહાણ કડકડ બોલવા લાગું, અને દર પલે તે છેદ્રએલા દરને તલીએ જવાની ધાસતી આપવા લાગું. તે સાથે જાણે આકાશ ફાટી ગઈઊં હોએ તેમ ઊપરથી પાણીના ધોત પડવા લાગા, અને વીજલીના ચમકારથી તથા ગગડાટના આવાજથી, પથર સરખા જીગરો થરથર કાંપવા લાગાં. આવા ભયંકર વખતમા, મોત બે તરફથી તેમના ઊપર તાકતું હતું; જો તે તોફાનમાં વાહાણ બુડેતો તેઓ સઘલા સમુદરને તલીએ જાએ, અને નહીતો, તેમાં ખોરાક વગર ભુખે મરી જાએ. બાપડા ખલાસીઓ તથા કેપટન એવા દુખ ભરેલા વીચારમાં શોક કરતા હતા, તેવામાં બે વાહાણના સડ તેમની નજરે પડીઆ, જે જોતાંજ તેમની પોણી ફીકર મટી ગઈ, અને એકવાર ભયંકર મોતના પંજામાંથી બચવાની આશા આવી. પણ અફશોશ ! તે વાહાણો તે બાપડાઓનો છુટકારો કરવાને બદલે એકદમ સમુદરને તલીએ ગએઆં. એ બનાવ જોઈ બીચારા ખારવાઓ ઘણાજ શોકાતુર થએઆ, અને એકવાર ફરીને આફત ભરેલાં મોતનાં ઘરમાં પેઠા. જેમ જેમ દાહાડા જતા ગએઆ, તેમ તેમ તેમનો ખોરાક ઘટતો ગએઓ, તે આખરે તદન થઇ રહેઓ. સઘલા ખોરાકમાં માતરે ટાંકીને તલીએ, રગડા સરખું બે ગીઆલણ પાણી રહી ગઈઊં, જે કેપટને પોતાને માટે રાખીઊં. આ બનાવથી સઘલાં ખારવાઓએ તદન હીમત મેલી દીધી, અને કેપટન તરફની સઘલી તાબેદારી છોડી દઇ તે વાહાણમાં જે દારૂ ભરેલો હતો તે કાહાડી કાહાડી પીવા મંડી ગએઆ. આથી કરી તેમની ભુખમાં ઘટાડો થવાને બદલે ઓર વધારો થએઓ, અને તેથી તેઓ દીવાના સરખા બની ગએઆ. એવામાં વલી એક વાહાણ દુરથી આવતું તેમની નજરે પડીઊં, જેથી સઘલા લગાર ખુશીમાં આવી, ડોલા તાણી તાણી તેની તરફ જોવા લાગા. તે વાહાણને પોતા તરફ આવતું જોઈ તેઓએ તરત દુખની નીશાન કીધી, અને તેની પાસે મદદ માગી. તે વાહાણ વાલાએ પણ તેમનો ઊતર વાલીઓ, અને તે મદદને માટેજ આવેછે એવું જણાવીઊં. એ જોઈ પેગી ઊપરના સઘલા ખલાસીઓ ઘણા ખુશી થએઆ, પણ અફશોશ ! આફત ગો

એઆ તેમની મશકરી કરતી હતી. તે વાહાણ વાલા એ જવાબ આપીઆ પરમાણે તેમની મદદને માંટે તેમની ઓરદુપર આવવાને બદલે તેનો ખુની કેપટન, તેનાં સઘલા સડ ચહડાવી, સપાટાબંધ દુર નીકલી ગએઓ.

આથી કરી તે બાપરા બીજીવાર પોતાની જીંદગીથી હાથ ધોઈને બેઠા, પણ તેમને મરવા ગમતું ન હતું. તેઓ ઘણુંજ ભુખીઆ થઈ ગએઆ, અને વાહાણના એક નાકાથી બીજા નાકા શુધી દોડવા લાગા. એવામાં તેમના હાથમાં, બે કબુતર અને એક બીલાડી આવીઆં. તેમાંથી તરત તેઓએ તે બંને કબુતરને કાપીઆં, અને પોત પોતામાં, જરા જરા વેંહેંચી લઈ ખાઈને બેઠા. બીજે દાહાડે બીલાડીને કાપી, અને તે પણ કબુતરની માફક વેંહેંચીને ખાધી. તે બીલાડીનું માથું કેપટનને ભાગે આવીઉં હતું, જે તેને એટલુંતો સવાદ લાગું હતું કે, તે બોલીઓ હતો કે એવી લેહેજત તેને કોઈ માંસમાંથી મલી ન હતી! તે બીલાડી બી ખવાઈ ગઈ, પણ ભુખનો ઊપદર કશી રીતે ઘટીઓ નહી, તેથી તેઓએ વાહાણની બાજુ ઊપર બંધાએલી લીલ ઓખલી કાહાડીને ખાવાનો વીચાર કીધો. તેઓ દોરડાં મેલી વાહાણની બાજુ ઊપર ટંગાએઆ, પણ મોજાના જોરથી તે લીલ એવીતો ધોવાઈ ગઈ હતી કે તે બાપડાઓના હાથમાં કશું આવીઉં નહી. આખરે તેઓ પાછા અંદર આવીઆ, અને ભુખ ન ખમાવાથી પાછા દારૂ પીવા લાગીઆ. કેપટન બીચારો, આખે દાહાડે ચાર ગોટ પાણીના પીને પડી રેહેતો હતો.

એટલું છતાં પણ વાંહાણ પેગી ઊપર જે એક સડ બાકી રહીઓ હતો, તેથી તે ધીમે ધીમે આગલ ચાલતું હતું, જેથી છેક જાંખી આસા હતી કે, કદાચને તે કીનારે લાગે; પણ આફત, જે તે બાપડાઓની બોચીએ વલગી હતી તે કીઆંથી મીટે? તા૦ ૨૮ મી ડીસેમબરને દીને ફરીને એકવાર દરીઆમાં શક્ત તોફાન ઊઠી આવીઉં, જેમાં તેનો એકપુરો સડ પણ ફાટીને ચીથડાં થઇ ગએઓ, અને હવામાં ઊડી ગએઓ. હવે પેગી એક ભાગેલાં ખોખાંની માફક તોફાંની પવન અને છેડાએલા મોજાઓને આસરે પડીઉં. એ દીવસથી તે તા૦ ૧૩ મી જાનેવારી શુધી, એટલે સોલ દીવસ સુધી તેઓ શા ઊપર રેહીઆ તે માલમ પડતું નથી, પણ તેઓ સઘલા જીવતા હેતા ખરા. તા૦ ૧૪ મીને દીને કેપટન હારીસન બીચારો મુરદાલ થઈ પડેલો હતો, તેની પાસે તે વાંહાણનો વડો માલમ, સઘલા ખલાસીઓ સાથે આવીઓ, અને એક ગજબનાક માગણી કરી. તે સઘલા તરફ હાથ બતાવી બોલીઓ, "હવે વધારેવાર ભુખમરો હમારીથી ખમાતો નથી. હમો ભુખના મારીઆ, બુમબાના સઘલાં ચાંમડાં ખાઈ ગએઆ, અને બદીઆનનાં બટણ વરીક ખાઈ ગએઆ: હવે હમારી પાસે કંઈજ વસતુ ખાવાંની રહી નહીં, અને ભુખે મુદલ રેહેવાતું નથી, તેથી હમોએ, અંતે નાચાર થઈ, એવો થડાવ કરીઓછે કે, (સોરતીની માફક) ચીઠીઓ કહાડી, જેને આવે તેને કાપીને સઘલાઓએ ખાવો!! આ શબદો સાંભલતાંજ કેપટન હેરીસનનાં હાડ કમકમીઆં, અને તેનું શરીર કાંપવા લાગીઉં. આવાં કરપીણ કામથી હાથ ઊઠાવવાને કેપટન હેરીસને તેમને ઘણુબી સમજાવીઉં, પણ ફોકટ; તે બીચારા ભુખથી દીવાના બની ગએઆ હતા, જેથી તેઓ કશું પણ કરવાંને તઈઆર થએઆ હતા. કેપટન હેરીસને તેમને સમજાવતાં એક દાહાડો તો કાહાડી નાખીઓ, પણ બીજે દાહાડે તેનું કશું ચાલીઉં નહીં. તે માલમ તથા ખલાસીઓ સઘલા એકઠા બેઠા, અને ચીઠીઓ કાહાડી, જેમાની પેહેલી ચીઠી એક હબસી, જે તેમની સાથે હતો, તેના હાથમાં આવી. તે જોતાંજ તે બાપડો હબસી ગભરાઈ ગએઓ, અને મરવાની બીકે ધ્રુજતો અને કાંપતો, બચાવ કરવાને, કેપટનને કાલાવાલા કરવા લાગો. પણ તેવામાં એક ખલાસીએ પીસટોલ ભરી, અને તે બીચારા કમનસીબને પાંખડું પકડી વચમાં ઘસડી લાવી માથાંની માહે ગોલી મારી, જેથી તે બીચારો થોડાવારમાં મરણ પામીઓ. તેને મરેલો જોઈ કેટલાક મોરો. આતસ સલગાવવા મંડી ગએઆ, અને કેટલાક તેની લોથને કાપવા અથવા વેતરવા મંડી ગએઆ. પરથમ તેઓએ તેનું પેટ ફેડીઉં, કે ઝડપથી તેમાંનાં આતરડાં કલેજાં વગેરે કાહાડી, તલી નાખી ખાઈ જવામાં આવે. પણ તેવામાં ડેમપબેલ નામનો એક ખલાસી એટલો તો અધીરો બની ગએઓ કે, પેટ ફેડતાં વાર તેમાંથી કલેજું કાહાડી કાચુંને કાચું ખાઇ ગએઓ!! તીઆર પછે તે લોથના કકડા કીધા; અને તેમાનો થોડોક ભાગ તે દાહાડે ખાવાને રાખી, બાકીનાને મીઠું દઈ ઊંચે મેલીઓ.

(એનું સાંધણછે.)

# કીમતી પથરાઓ.

ભાગ ૩ જો.

## માણેક અથવા લાલ.

શરવેને જાણીતો ડીઉક આફ બરનશવીક જે હાલ પારીશ શેહેર મધે રેહેછે તેની પાશે ૪૫૦૦૦૦૦ રૂપીઆનાં હીરાનો એક મોહટો જથો હાલ મોજુદ છે. જેમાનાં દરેકની જાણવા જોગ તવારીખ હાલ તેને ૨૬૮ પાનાંની એક ચોપડીમાં બાહેર પાડી છે, જે ઊપરથી માલમ પડે છે કે એ ધણી પાશેથી જેવા જોઈએ તેવી કીમત તથા કદનાં હીરા મલી આવે છે. તીશ, ચાલીશ, શાહાઠ હજારથી તે એક લાખ પાંચ હજાર શુધીનાં હીરાઓ તેની પાશે છે અને એટલું ખરૂં છતાં પણ એવું કેહ છે કે હાલ એક બે ઘણાંજ મોહટા અને કીમતી હીરા ખરીદવાનું તે શારૂં કરે છે, જેમાનાં એકની કીમત ૩૫૦૦૦૦ તથા બીજાની ૯૭૫૦૦૦ રૂપીઆની છે.

આટલી મોહટી દોલત છતાં આએ કરોડપતીને અરધી ભારનું શુખ નથી, તે પોતાની દોલતનો ગેલામ થાઈ પડીઓછે, તેને રાતનાં પુરી પાધરી હુંઘ આવતી નથી, કાંએજે તે એટલોતો બીહે છે કે રખેને તેની દોલત કોઈ લુટી લીએ—તે એક એવા ઘર મધે રેહેછે કે જાંહાં શુખનાં કરતાં મજબુતાઈ ઊપર વધારે ધીઆંન આપવામાં આવીઊ છે, અને જેમાં એવી ગોઠવણ કીધી છે કે આગ અથવા ચોરની ધાશતી રેહ નહી—તેનાં ઘરની આશપાશ એક કીલાની માફક મજબુત દીવાલ બાંધી લેઈ તેની ઊપર લોહડાનાં અણીદાર કાંટાઓ જડી લીધામાં આવીઆ છે, જેમાનો એક પણ કાંટા ઊપર જો કોઈ હાથ લગાડેતો એક શાંચાની મારફતે આખા ઘર મધે ઘંટ વાગી મોહટો ઘોઘાત થાએ, ફકત આટલા બચાવ તથા હીકમતને શારૂં તે બીચારાને ૨૦૦૦૦ રૂપીઆ આપવા પડીઆછે. તેનું શઘલું જવેહર કાંમ, જમીનમાં ચીની લીધેલી એક મજબુત લોહડાંની પેટીમાં મુકવામાં આવીઊ છે અને તેના બારના ઊપર એ અમીરે પોતાનો પોલીઓ સુકીઓ છે કે જેથી કોઇ ચોર રાતની વેલાએ તેને જગાડીઆ અથવા મારી નાખવા શીવાએ ઊઘાડી શકે નહી—વલી એ પેટી મધે એવી ગોઠવણ કરવામાં આવી છે કે જો તેને ભાંજીને અથવા કોઇ અનજાનો શખશ કાંઈ પણ બીજી રીતથી ઊઘાડેતો તેમાથી ચાર ભરેલી બંદુકો તરત ફુટે—અને તેજ બંદુક શાથ જડેલા ઘંટો વાગીને ઘરના શરવે માણશોને જાગરૂત કરે—જે ઓરડામાં એ જવાહેરની પેટી મુકવામાં આવી છે તે ઓરડામાં ફકત એકજ નાધલી બારી રાખવામાં આવી છે—અને તે ઓરડાના બારણાના તાલામાં એવી હીકમત કીધી છે કે જે કોઈ તેને ઊઘાડી જાનતો હોએ તે શીવાએ બીજા કોઈથી તે ઊઘડાએ નહી.

વાંચનારી બાઇઓ માણશ જાત આ દુનીઆમાં લોભ લાલચમાં કેટલું ફશેલું છે તેનો આ એક ઘણોજ શારો દાખલો મલી આવે છે—આવા માતબર પણ કંગાલ આદમીની દોલત કોણ લેવાને તઇઆર છે?

હીરો જેને શુધરેલી દુનીઆના લોકો "જવાહેરોની રાણી" ને નામે ઓલખે છે તેનું અતરે બએઆન કરીઆ પછી, માણેક જે હીરાથી કાંઇ પણ રીતે ઊતરતુ નથી તે વીશે અતરે થોડુ બોલીએ છે

જુદા જુદા લોકોમાં જુદાં જુદાં જવાહેરોને માન આપતા આવીઆ છે—જવાહેર કાપવા તથા પાલીશ કરવાનો હુનર બરોબર માલમ ન હતો તાંહાંવેર રંગીન જવાહેર વગર રંગના કરતાં વધારે પશંદ કરવામાં આવતુ હતું—પણ જેમ જેમ એ હોનરમો શુધારો થતો ગએઓ તેમ તેમ લોકો વગર રંગના પથરાની ખુબી પીછાનવા લાગા. માણેક એટલુંતો કઠણ છે કે હીરા શીવાએ બીજી કાંઈ પણ ચીજથી કાપી શકાતુ નથી—અને વજણમાં પાંણી કરતાં ચાર ઘણું અને તેથી કરી હીરા કરતાં તે વધારે ભારી ગનાએ છે. ધાતુની પરીકશા કરનારાઓ માણેક, શનીચર અને મરતીશને એકજ વરગમાં મુકે છે કાંએજે તેઓ કઠણાઇ, વજન અને ચલકાટમાં એક એકને મલતાં આવે છે—માણેકનો રંગ લોહી જેવો રાતો હોએ છે અને એજ શબબથી હીંદુસથાનીમાં એ જવાહેરને "લાલ" કરી કહેવામાં આવે છે—ખરાં માણેકમો હમેશાં આશમાની રંગની છાંટ હોએ છે જેથી તેના તેજ અને પરકાશમાં વધારો થાએ છે. એક રોમન ગરંથકાર લખી ગએઓ છે કે પેગુના રાજા પાસે એક લાલ હતું તે કેટલીક વખત દીવાની ગરજ શારતું હતું. એનો ખોલાશો માતર એજ છે કે શાશફરશ નામની એ

ક વશતુ એ જવાહેરમાં હોવાથી જારે તેને શુરજ અ થવા આતશ શામું ધરીઊં હોએ છે તારે તેનું તેજ અ શલ કરતાં ઘણું વધે છે. માણેકમાં પણ જુદી જુદી જા ત હોએ છે—કેટલાંકનો રંગ ગોલાબી, કીરમજી, થો ડો રાતો, તદન શપેદ, અને થોડો આશમાંની હોએ છે. આ સઘલામાં હીંદુસથાનમાં કાશમીર આગલથી જે લા લ મલી આવે છે તેની કીમત બજારમાં ઘણી પોશાએ છે, કાંએજે તેના જેવા રંગનું માણેક દુનીઆંમાં કેથે મ લતું નથી—ઊપલી જગા શીવાએ સારાં માણેકો આ વા, શીલોન અને અમેરીકાના કેટલાક ભાગમાંથી પણ મલી આવે છે. માંણેક ઘણી રીતે કાપવામાં આવે છે પણ ઘણુંકરી તેની ઊપલી શપાટી પોહલી રાખી આશ પાશ પાશા પાડવામા આવે છે. જડતી વેલાએ માણેક ને ઘણુ ખરૂ ખોલું રાખવામાં આવે છે પણ કોઈ વેલા નીચે શોનાનો દાંખ મુકી તેના તેજમાં વધારો કરવામાં આવે છે અને કટલીક વેલા તેની આશપાશ હીરાની જીની કનીઓ જડીને પણ તેનુ તેજ વધારવામાં આ વે છે. ઘણીએક વેલાએ માણેકની કીમત હીરા કરતાં પ ણ વધારે ઊપજે છે. પારીશ તથા લંડનનાં બજારમાં એક કેરટ માણેકની કીમત ૨૫ થીતે ૩૨ રૂપીઆ શુધીની ઊપજે છે.

મોહાટામા મોહાટુ માણેક હાલ ઈંગલંડની રા ણીના તાજમાં જડેલું છે. ટેવરનીઅર નામનો એક ઘ ણોજ પંકાએલો મુશાફર જહવેરી જે ૧૭ મી શદીમાં હીંદુશથાનમા આવીઓ હતો તેને બીજાપોરના રાજા પાશે બે મોહટાં લાલ જોએઆં હતાં જેમાના એકની કીમત ૬૦૦૦૦૦ તથા બીજાની ૭૫૦૦૦ ફરાંકની આંકી હતી, કેહે છે કે વજનમાં પેહલું ૫૦ કેરટનુ તથા બીજું ૧૭ા કેરટનુ હતું.

માણેક વીશે અશલનો લોકોમાં ઘણોજ વેહમ હતો, કેહે છે કે અશલના વારામાં કેટલાકો એ કાચનો ભુકો કરી જેઓએ જેહર ખાધું હોએ તેઓને દવા દા ખલ આપતા હતા, જેઓ એ પેહેરતા હતાં તેઓનુ શરવે દીલનું દુખ દૂર થાતું હતું, ઊદાશી તથા દલગીરી માણશ જાતમાથી દુર કરતું હતું અને મગજના ખરાબ વીચારો ને દુર કરી મગજને શરવે રીતે હલકુ કરતુ હતું. તેના પે હડનાર ઊપર જો કાંઈ આફત આવી પડવાની હોએતો તેનો રંગ બદલાઈ જાઈને તેના ધણીને ખબર આપ તું હતું અને જારે તેની આફત મટી જાતી હતી તારે પો તાનો અશલ રંગ પાછું પકડતું હતું. આટલી બધી ચી જો એક પથરથી બની શકે કે નહી તે હમો વાંચનારી બાઈઓની મુનશફીપર રાખીએ છઈએ.

(લખાઈ આવેલું.)

## મીસીસ ઓપાઈ.

આ નામીચી ગરંથ કરતા અને કવીએણ સ્ત્રી નોરવીચ નામનાં શેહેરમાં ઈસવી સન ૧૭૬૯ નાં ન વેમબર મહીનાની ૧૨ મી તારીખે જનમી હતી. એ નો બાપ ડાકટર આલડરસન નાંમનો એક વઈદ હતો, અને તે પોતાનાં ધંધાની ચાલાકી કરતાં પોતાનાં ધં ધાની રૂએ ગરીબોને મદદ કરવામાં વધારે પરખીઆ ત થએલો હતો. એ નામીચી સ્ત્રીનું નામ એના બા પે એમીલીઆ કરી રાખીઊં હતું, તેથી તે લોકની રીત પરમાંણે તે પરણવાની અગાઊ એમીલીઆ એ લડરસનને નાંમે ઓલખાતી હતી. એમીલીઆની શ રૂઆતની કેલવણી તેની માનાં હાથમાં હતી, જે આ પતાં તેના બચપણનાં વખતથીજ તે આગલ ચાલતાં ઘણી ચાલાક અને મજબુત મનની સ્ત્રી નીકલશે, એ વી તેની માની ખાતરી થઈ હતી. તેટલા માટે તેણી એ તેને બનતાં સુધી સારી કેલવણી આપવાનો, અ ને સઘલી બાબદમાં અનુભવી કરવાને પકો ઠહાવ કરી ઓ હતો. એમીલીઆ જાતે ખુબશુરત હતી, અને દરેક ખુબસુરત વસતુ જેવી કે. ફુલો, ફલો ઈતીઆદી વગેરેને ઘણી ચાહાતી હતી. તે હમેશ સહવારનાં ઘ ણોજ સકારે ઊઠતી, અને પરોઢીઆનાં પકશીઓનાં ગીતો તથાદેવલનાં ઘંટો સાંભલી ઘણી ખુશી થતી, અ ને બાદલ વગરનાં આકાસ તરફ નીહાલી નીહાલીને જો તી હતી તે વખતે તે પોતાને મનથી આકશ જોઈ એવું સમજતી કે તે ફરેસતાઓને રેહેવાનું મકાંન છે. જેમ એમીલીઆ દરેક ખુબસુરત અને શોભીતી વશ તુને જોઈ ખુશી થતી હતી તેમ બદસુરત અને કઢંગી વસતુઓ જોઇ ઘણી કંટાલતી અને તેથી બીહીતી. તે ભમરાને, હબસીને અને ઘેલા માંણસને જોઇને ઘણી જ બીહીતી હતી. પણ તેની ડાહી માં, જે સઘલી પરકા રે સમજુ અને ભણેલી હતી, તેથી તેણે એવી તેની બી કને ખોડ સમજી બારે કોશેશથી તે મેલાવી દીધી. કેટલાં ક ગરીબ અને ગંદાં લોકને, તથા તેમનાં ઘર જોઈને

એમીલીઆ ઘણી સુગાતી હતી, નેથી તે પણ ટેવ ખરાબ જાણી તેની ડાહી માએ છોડાવી દીધી: એ ટેવ છોડવાને તે તેને એવાં ગરીબોનાં ઘર આગલ લઈ જઈ તેઓ સાથ વાત કરાવતી એટલુંજ નહી પણ તેમનો હાથ પકડી હેતથી હીલવાવતી હતી. એથી કરીને એમીલીઆમાં જે એવી કુદરતી ખાપણો હતી તે સઘલી દુર થઈ ગઈ અને તે એક ઘણીજ ડાહી છોકરી થઈ.

એમીલીઆ જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ તેની ઊતમ ખુધીનો પરકાશ વધારે વધારે બાહેર જણાવા લાગો. તેને નેઆઓની દરબારોમાં જઇને બેસવાનો, અને તીઆં માંણસોનાં કઢંગાં કાંમોને માટે તેમને થતી સજાઓ જોવાનો એટલો બધો તો શોક વધીઓ હતો કે, તે એવી દરબારનું કાંમ ચાલતી વખતે નીત રોજ તીઆં જઇને બેસતી, અને એવાંતો ધેઆનથી સઘલી બાબદો સાંભલતી, કે તે જોઈ તીઆંની એટલે નોરવીચની, કોરટનો જડજ મી૦ જસટીસ ગોલ્ડ, ઘણો ખુશી થતો, અને જેવી તે કોરટમાં આવે તેવી તેને બેસવાની જગા આપવાને તીઆંના અમલદારને હોકમ કરતો. ૧૭૮૪ માં એમીલીઆની મા મરણ પામી, જેથી તેનાં ઘરનો સઘલો બોજો તેને માથે પડીઓ, જે તેણે ઘણી સાવચેતી અને ચાલાકીથી ઊઠાવીઓ. એ વેલાએ ફરાંનસમાં મોટું હુલડ ચાલતું હતું, તેમાં બનતા બનાવો, તેનાં કારણો વગેરેની જે રાત દાહાડો વાત ચીતો ચાલતી હતી, તે તે ઘણી આતુરતાઇથી સાંભલતી હતી. એમીલીઆનો બાપ તે હુલડમાં સવતંતરતા જાલવી રાખનારી ટોલીની તરફેણમાં હતો, અને તે એક હાથે પડેલાં તથા જુલમી રાજને ધીકારતો હતો. એમીલીઆ પણ ફરાનસનાં બોરબોન વંસનાં રાજાઓનો એવી રીતે અખતીઆર ટુટતો જોઈ ખુશી થતી હતી, અને સવતંતરતાને વધારે ચાહતી હતી. એક વેલાએ તે લંડન ગઈ, જીઆં તે હુલડ કરનારા મમેના કેટલાક સખશોની થતી તપાસ જોઈ, અને તેમાં તેઓ ઊપર નીપજતું ઘાતકીપણુ જોઇ તેને એવોતો જુસો ચહડી આવીઓ, અને તે જુસાનાં બાહારમાં તેણે એક એવોતો પતર પોતાના બાપ ઊપર લખીઓ, કે જે તેને વાંચીને તરત ફાડી નાખવો પડીઓ કેમકે જો તેવો પતર તે વેલાએ સતાવાલાઓના હાથમાં જાએતો વખતે બંનેનાં પરાણને હાંણી પોહોંચે. એમીલીઆની માનાં મરણ પછે કેટલીક મુદતે, અથવા એમીલીઆના ૧૯ માં વરસે, તેને નાટક લખવાનો શોક થઓ, જેથી તેણે એક ઘણોજ ગંભીર નાટક "એડીલેડ" નામનો રચીઓ, જે ઊપરથી તે વખતનાં વીદવાનો તથા એવી બાબદનાં અનુભવીઓએ પકું મત બાંધી લીધું હતું કે, એમીલીઆ આગલ ચાલતાં એક નામીચી લખનાર નીકલશે. પણ માંદાં ભાએગે તેની ઊપર ઘરની કડાકુટનો બોજો હોવાથી ઊપલા નાટક સીવાએ નવ દશ વરસ સુધી વચે કશું લખી શકાઈઊં નહી, તોપણ તે છેક આલસુ પડી રહેલી ન હોતી: તે વખત મલતાં કેટલાંક સુંદર ગીતો જોડતી, અને તે ઘણા સુંદર સરોદથી ગાતી.

અતીઆર શુધી એમીલીઆ કુમારી હતી, અને પોતાનાં બાપનાં ઘરમાં દાહાડા કાહાડતી હતી. એમ કરતાં તેની ૨૮ વરસની ઊમર થઈ હતી. એટલા વખત શુધી તેને કોઈ પરણનાર નહી મલીઓ હતો એમ નહી, પણ તેનાં પરણવા સંબંધી વીચાર ઘણાં જુદાજ હોવાથી તે અતીઆર શુધી કુમારી રહી હતી. અંતે તેને મી૦ ઓપાઈ નામનાં એક નામીચા ચીતારા સાથ ઓલખાંણ પડી. જેણે તેને પેહેલી જોતાંજ તેની ઊપર એટલોતો મોહીત થઈ ગએઓ કે, એકદમ તેની સાથ પરણવાનું માગું કીધું. તે આગલની માફક એમીલીઆએ ના પાડીઊં, પણ મી૦ ઓપાઈ, જેણે એમીલીઆની ખુબસુરતી, ચાલાકી, અને ઇમાનદારીનો ચીતાર, એવાતો જોરથી પોતાનાં દીલ ઊપર ચીતારી લીધો હતો કે, તેણે બોહોશથી એટલે ભારે કાલાવાલાથી પરણવાને માગીઊં. અંતે એમીલીઆનું દીલ પીઘલીઊં, અને તે ૧૭૯૯ માં મી૦ ઓપાઇ તેનીસાથ પરણી.

પરણેઆ પછે એક ગમથી મી૦ ઓપાઈ નવાઈ સરખા ચીતારો કાહાડી માન મેલવવા લાગો, અને બીજી તરફથી એમીલીઆ, હવે મીસીસ ઓપાઈ, તરેવાર વાતોની ચોપડીઓ લખી માન મેલવવા લાગી; તેમાં તેના ભરથારનાં ચીતરો કરતાં તેની વાતની ચોપડીઓ લોકોને વધારે પસંદ આવતી, અને તેથી તેની લાંબી વીચાર શકતી, અને શોધક બુધીની ઘણી તારીફ થતી. પણ તે બીચારીનું એવું સુખ ઝાઝાં વરસ ટકીઊં નહી. તેનો ભરથાર, મી૦ ઓપાઈ, એકા

એક આજારી પડી ૧૮૦૭ નાં વરસમાં અર્નચીતીઓ મરણું પામીઓ. એ ખનાવથી એમીલીઆ ઘણી દુખી થઇ, અને પાછી પોતાના બાપને ઘેર ગઈ, જીઆં તે તેનાં મરણ શુધી રહી. તેણે ફરીથી બીજો ભરથાર કીધો નહી. એમીલીઆ એવી દુખી થંઇ ખરી પણ તેથી તે બીજી સ્રીઓની માફક તેનો શોક ધરીને આલસાઈમાં બેસી રહી નહી. તેણે પરથમ ત્માં પોતાનાં ભરથારનું કેટલુંક અતી ઊપીઓગી લખાણ હતું તે છપાવીઊ, અને તેની પછવાડે પોતે ઘણીક ચાનાક આપનારી અને નીતી શીખવનારી વાતોની ચોપડીઓ કાહાડી. એમીલીઆએ અથવા મીસીસ ઓપાઇએ પોતાની હઈઆતીમાં એવા એવા ઘણાંક પુસતકો માહા મેહેનતથી અને અતી ચંચલાઈથી રચી બાહેર પાડીઆં છે જે હજુ ફરી ફરીને છપાએ છે, અને લોકોમાં હોંસથી વંચાએ છે. સબબ કે તેની જોડેલી દરેક વારતામાંથી શીખામણનાં બે કીમત ઝવેરો બેશુમાર મલી આવે છે. એ નામીચી ગરંથ કરતાની કેટલીક વારતાઓ સ્રી જાતને માટે અતી ઊપીઓગી છે, જેથી તે સઘલી વાંચવાને હનો વાંચનારી બાઇઓને ભલાંમણ કરીએ છઇએ, ણ તેની આગમચ જોઇને દલગીર થઈએ છે કે મનાંથી તે પુસતકો, જે ઈંગરેજી ભાશામાં છે, તે ાંચી શકાવાનાં નથી. તોપણ હાલમાં આપણે કે ઊપાએ વગરનાં નથી, એ જોઈ પાછી ખુશાલી ઊતપન થાએછે, અને તેથી આ ચોપાંનીઆની મારફતે વખત મલતે એ નામીચી સ્રીની નામીચી વારતાઓ વાંચનારી બાઈઓનો ખોરાક કરવાની આસા રાખીએ છઇએ. એમીલીઆ અથવા મીસીસ ઓપાઈ આવી માંન ભરેલી જીંદગી ભોગવી મોટી આબરૂ અને કીરતી સાથે ૧૮૫૩ નાં ડીસેમબર મહીનાની ૨૭ તારીખને દીને મરણ પાંમી.

---

## ગાંમડાંનાં લગન.

બેનો, તમોને ખબર હશે કે, જેમ આપણા ઘણાક પારસીઓ શુરત, નોંશારી, ભરૂચ, ખંભાત વગેરે શેહેરોમાં વસે છે; તેમજ તેઓ ઊલવારા, ચીકલી, સોનઘડ મોરા, અરાજન વગેરે ગાંમડાંઓમાં પણ વસે છે. ઘણાક પારસીઓ, ધંધાને ખાતેર સઊથી નાનાં ગાંમ, જીઆં માતરે વીસ પચીસ કોલી કે કણબીઓ વસતા હોએ, તીઆં પણ વસે છે. એવી જગાઓમાં, પારસીનુ એકથી બીજુ ઘર કદાચજ નજરે આવે છે, અને તે ઘર પારસીનું છે એવું કદાચજ બાહેરથી જણાએછે. એ લોકો અગત કરીને, એવા ગાંમોમાં, સરકાર પાસે ઈજારો લઈ દારૂ તથા તાડી વેચે છે, અને તેની સાથે ખેતીનુ કાંમ પણ કરે છે. એવાં ગામડાંના પારસીઓ જોકે ગામડીઆ કહેવાએછે, તોપણ તેઓ ઘણા ભલા અને નમનતાઈ ભરેલા તથા પરમાણીક હોએ છે. જો તેમની તરફ એકાદો પારસી કે પારસીનું કુટુંબ જઈ લાગેછે તો તેઓ તેમની પરોણાચાકરી ઘણી સારી રીતે કરેછે, ને તેમના આવીઆથી તેઓ ઘણા ખુશી થએઆ હોએ એવું બતાવે છે. તેઓ જાતે ઘણા દોલતવાલા નથી હોતા, તોપણ પોતાના ધંધામાંથી, તેમની હાજતો પુરી પડે એટલું મેલવે છે, અને તેમાંથી પોતાના કુટુંબ સહીત સંતોપથી રહે છે. દારૂનો ધંધો કરનારા એટલીજ વાતે દુખીછે કે સરકાર તેમની કદર જ રાખે જાણીઆ વીના, તેમને જેમ બને તેમ નીચવવાની કોશેશ કરે છે. તે એકે તેમને દારૂ તથા તાડી વેચવાને જે પરવાનો આપેછે, તેનું દર વરસે લીલાંઊ કરેછે, તેથી દર વરસે તે ઊપર નાણાનો વધારો થાએછે, અને તેનો બોજો એ બીચારા વનવાસીઓ ઊપર ઘણો પડે છે. અલબતે એમ થવાથી સરકારની આએપતમાં દર વરસે વધારો થાએ છે, પણ તેનો બોજો ઊંચકવો-તે ધંધાદારીઓને તથા મેહેનતુ પરજાને ઘણો ભારી પડે છે. એમ કરવામાં સરકાર એવી મતલબ રાખે છે કે એ કેફી વસતુ મોંઘી થવાથી તેનો ખપ ઓછો થાએ, અને તેથી લોકને તેમાંથી થતી નુકશાનીમાં ઘટાડો થાએ; પણ એ સબબ ઝાઝો વાજબી લાગતો નથી.

એવા ગાંમડાઓ મધેનાં વલસાડ કસબાની પુરવે પાંચ કોશપર આવેલાં એક "અડગામ" નામનાં ગાંમડામાં હમોને જવાંનો સબબ પડીઓ હતો, કેમકે તીઆં થતાં એક લગનની કીરીઆમાં હમોને સાંમેલ થવું હતું. અલબતે એવા ગાંમડાનાં લગન હમોએ કોઈવાર જોએઆં ન હતાં તેથી તેમાં કાંઈ નવાઈ સરખું હશે, એમ જાણી તેમાં સાંમેલ થવાને હમોને રૂચી થઈ, અને તે પરમાંણે કરીઊં. ખરેખર તીઆં જોતાં હમોને ઘણુંક નવાઈ સરખુ નજરે પડીઊં, જે વીશે હાલમાં હમો વાંચનારી બાઇઓને વાકેફ કરવા

ને ઈછીએ છઈએ. અલબતે તે લોકોમાં ઘણીક અનઘટતી તથા હીંદુઓને લગતી કીરીઆઓ છે, પણ તેથી તેમની મશકરી કરવી તથા તેમને દોશ દેવો ઘટતો નથી; કેમકે એવી ખામીઓથી મુંબઈ સરખાં, સુધરેલાં શેહેરની સ્ત્રીઓ કંઇ ખાલી નથી. મુંબઈની સ્ત્રીઓ પોતાની આગલ નાનખટાઈ વાલાઓ, જેમનાં માથાંપર ટોપી કે પગમાં જોડા નહી મલે તેવાઓનું વાજું લઈ પછવાડે ઘણીં તથા ચોખાનાં વાસણ, બાંબુ, કબટ, પેટી, ખુરસી (જાણે ઘેર ખાલી કરી જતાં હોએ તેમ) અને તાબુતની માફક કુરતની તથા ગોદરાં સાથનાં ઢોલીઓ ચાર હેલકરીનાં માથાંપરે મેલી, મોહોલે મોહોલે ભટકે છે, અને લોકોને દેખડાવે છે કે, જુઓ આ હમારા ભુખે મરતા વેહેવાઈને તીઆં ખાવાનું નહી મલે તેથી ચોખા, ઘર, સર સામન નહી મલે તેથી તપીલાં, ખુરસી, કબટ અને ઢોલીઆ લઈ જઇએ છઇએ, તેવા ફેસતા કરતાંતો તેઓ ઘણાં ભલાં છે. ઊપલી બાબદમાં (મુંબઈની) પારસી સ્ત્રીઓ સેંકડો લોક વચે પોતાનો રકાસ દેખાડીઆ સીવાએ બીજું કશું કરતાંઓ નથી. જાણે છોકરાનો બાપ ભીખારી હોએ, અને તેમનાં ઘરમાં ખાવાનું, બેસવાનું કે સુવાનું કશુ નહી હોએ તેમ સઘલુ લઈ મોહોલે મોહોલે ઢોલનાં આવાજે લોકોને બારીએ બારીએ તથા ઓટલે ઓટલે બોલાવી દેખાડી દેખાડીને તેને ઘેર લઇ જાઓછે. એવી ચાલથી મુંબઇ સરખાં શેહેરની સ્ત્રીઓ જેઓ ઊપલાં ગાંમડાંઓની સ્ત્રીઓને મનથી ઘણી સુધરેલીઓ, શીખેલીઓ તથા ડાહીઓ ગણાએ છે, તેમને ભારે શરમાવું જોઇએ. જો એ બાઇઓમાં જરા પણ પોતાનો ટેક રાખવાની ફીકર હોએતો હવેથી એ ફેસતા ભરેલા ચાલનો તદન તીઆગ કરવો.


ઊપર લખીઆ પરમાણે, એવાં ગામડાંઓમાં પારસીઓના એક કે બેજ ઘર હોએછે, તેથી તેઓ એક બીજાથી ઘણાક ગાઊને છેટે વસે છે. તેના સબબથી બંને વેહેવાઈઓને પોત પોતાના ઘરમાં રહી લગન કરવાને બનતું નથી, કેમકે તેમ કરતાં છોકરાને પરણવા જતાં ઘણાક ગાઊની મુસાફરી કરવી પડે, જે બની શકેજ નહી. વખતેતો બંને વેહેવાઇના ઘરો એક બીજાથી એટલેતો અંતરે હોએછે કે તીઆં પોંહાંચતાં એક, બે, કે તેથી પણ વધારે દાહાડા થાએ. તે સબબથી તેમનામાં એવો ચાલ પડેલોછે કે, બેમાંથી એક વેહેવાઈ, એકુને તીઆં પોતાની સાથનાં સઘલાં માંણસો લઈ લગણની બે, તરણ, કે ચાર દાહાડા આગમચથી આવીને રહેછે. ઘણુ કરીને છોકરાની તરફવાલાં છોકરીની તરફના વેહેવાઇને તીઆં જઇને રહેછે, પણ કેટલીકવાર છોકરીવાલાં છોકરાને તીઆં પણ જાએછે. એ પરમાણે જે વેહેવાઈ બીજાને તીઆં જાએછે, તેને "જાન" કહે છે. જીઆરે તે વેહેવાઇ, બધી ગાંડીઓની હાર લઈને પોતાની આગલ ઢોલ વજાડાવતો, આવી પોહોચેછે, તીઆરે કહેછે કે, "જાન આવી." તેને આવી પોહોંચવાની ખબર સાંભલતાંજ પેલો વેહેવાઈ, પુરૂષ તથા સ્ત્રીઓ શુધાં, ઢોલ લઈને શામને લેવા જાએછે, અને મોટી ધામધુમથી, ઢોલ વજાડતાં તથા (સ્ત્રીઓ) ગીતો ગાતાં પોતાનાં ઘરમાં લાવી માડવામાં ઊતારો આપે છે. એ પછે જેટલાં માણસ લઇ તે વેહેવાઈ આવીઓ હોએ, તે સઘલાંને ખાવા પીવાનું પેલાજ વેહેવાઈએ પોંહાંતું પાડવુ જોઈએ છે. તે સઘલાંને ખવાડવુ પીવાડવું જોઈએ છે એટલુંજ નહીં પણ તેમની સાથે જેટલી ગાડીઓ હોએ તેમનાં સઘલા બલદોને પણ ઘાસ તથા દાણો પુગો પાડવો જોઇએછે. અલબતે એમાં તે બાપડાની ખાલ-ઘસાઈ જાએછે કેમકે તેને બેવડો ખરચ કરવો પડેછે. જેમ એક વેહેવાઈને તરણ ચાર દહાડા આગમચથી બીજાને તીઆં આવવું પડે છે, તેમ પેલા વેહેવાઈને તીઆં જેઓને નોતરાં દઇ ગાંમે ગામથી બોલાવેલાં હોએછે, તેઓ પણ તરણ ચાર દહાડા આગમચથી આવેછે, અને રાત દીવસ તીઆંજ રહેછે, કેમકે તેમનાં ઘર પણ ઘણા ઘણા ગાઊને છેટે હોએ છે. અલબતે એ પરમાંણે બંને તરફનાં મલી પાંચશો શાતશોથી તે હજાર વેર માંણસો થાએ છે, તેમને તરણ ચાર દાહાડા વેર એક જગાએ સગવડથી રાખવા એ ઘણુંજ મુશકેલ અને મેહેનતનું કાંમ હોએ છે. વાંચનારી બાઇઓ કદાચ અચરત થશે કે એટલા બધાં માંણસોને પાંત માંડીને ખવાડી તો શકાએ, પણ બધાંને સુવાડતા કીઆં હશે; અને એટલા બધા ઢોલીઆ, તરાઈ, તકીઆ અને ઓઢવા તથા પાંથરવાનાં કીઆંથી લાવતા હશે ! પણ એમ ઝાઝું અચરત થવાનું નથી. એવાં ગાંમોમાં ઘરની આસપાસ ઘણા મોટા વાડાઓ હોએ છે, જેમાં એકને બદલે દશ હજાર આદમી સમાઈ શકે. એવા વાડાઓમાં તેઓ ઘાસનાં કે એવીજ બીજી વસતુઓનાં

ઘણાક માંડવાઓ નાખે છે, અને તીઆં રાંધેલા ખાવા નું તથા સુવા બેસવાનું સઘલું બની આવે છે. વલી તીઆં પાટીનાં મોટા ઢોલીઆઓ કરતાં દોરડીનાં હલકા ઢોલીઆ ઊપર સુવાનો ઘણો ચાલ હોએ છે, તેથી તેવા ઢોલીઆ ઘણાં સસતા પડેછે, અને એવી વખતે જોઈએ તેટલા મલી શકે છે. તરાઈને બદલે તેઓ જાડી સુજની જેવાં રંગેલાં કપડાનાં ગોદરાં વાપરે છે, જેને તેઓ પાંથરવાનાં તેમજ ઓઢવાનાં કાંમમાં પણ વાપરે છે. એ ગોદરાં દેખીતાં પાતલાં લાગે છે, પણ ગમે એવા દોરડીનાં ઢોલીઆ ઊપર પાંથરીને સુતાં જરાએ અડચણ લાગતી નથી, તેમજ તે ઓઢવાથી ઘણીજ ઊંપ વલે છે. ઘણાંખરા નોતરાઊઓ એવાં ગોદરાં પોતાને તીઆંથી ગાડીમાં સાથે લેતાં આવે છે, અને તે ઓઢે છે તથા પાંથરે છે. તોપણ લગન વાલા ધણીને એવા ઘણાંક ગોદરાં તથા ઢોલીઆ તઈઆર રાખવા પડે છે. એવા સઘલા સાંધનોથી આપણે ધારીએ તેવી અગવડ તીઆં પડતી નથી, અને તેવાંમાં તીઆનાં લોકોને મુદલ અગવડ જણાતી નથી.

(એનું સાંધનછે.)

# પુરૂથવી અને તેને લગતા બનાવો.

ભાગ ૪ થો.



ઊતર ધરૂવ.

ગએઆ આંકમાં, પુરૂથવીના આકારની બાબદમાં જણાવીઊં છે કે, વીશુવ વરતથી ઊતરે તથા દકશીણે જે લીટીઆ દોરતા જઇએ, તેમને અકશાંશ વરત કહે છે. એ અકશાંશવરતો જેમ જેમ વીશુવ વરતથી ઊતર તથા દકશણ તરફ દોરતા જઈએ, તેમ તેમ તે નાની થતી જાએ છે. એમાં જે ભાગ છેક નાનો થાએ છે, તેને ઊતર તથા દકશણ ધરૂવ કહે છે. દકશણ ધરૂવ કરતાં ઊતર ધરૂવ તરફ વધારે શોધ થએલો છે, અને તીઆંની વધારે જાણવા જોગ બાબદો બાહેર પડી છે, તેથી હાલમાં એજ વીસએ ઊપર લખવું દરૂસત લાગે છે.

એ લતાપર વધારે શોધ બે સબબથી થઈ છે—એક, તીઆનો મહાસાગર, જેને ઊતર ધરૂવ મહાસાગર કહે છે, તેમાં વેહલ નાંમનાં ઘણાજ જબરાં પરાંણી, જેમને આપણે મગરમછને નાંમે ઓલખીએ છઈએ, તે ઘણા થાએ છે, તેને પકડવાને ઘણાક વાંહાંણ વાલાઓ તીઆં જાએ છે. બીજું એકે, ઈંગલંડ, ફરાંનસ, સપેન વગેરે મુલકોથી હીંદુસથાન તથા ચીન વગેરેનાં દેશોમાં જવાનો મારગ, ઘણો લાંબો હોવાથી ઘણાકોએ એ ધરૂવ પસાર કરી ટુંકે રસતે જવાની મતલબથી તે તરફ મુસાફરી કરી હતી.

જેઓ રસતાની શોધને માટે, એ ધરૂવ તરફ, ઈઆને ઊતર મહાસાગરમાં ગએઆ છે, તેઓમાંનાં ઘણાકો મરણ પામીઆ છે, અને ઘણાકો મહા મહા

ક્ષ્પટ વેઠી લાંબી મુદતે, ધારેલુ કાંમ પાર પાડીઆં વીના પાછા ફરીઆ છે; પણ તેઓએ તીઆં જોએલી જે હકીકતો, પોતાના દેશમાં આવી, લોકોને જાહેર કીધી છે, તેથી તેઓને ઘણીજ નવાઇ લાગી છે, તથા તેમનાં ગનાનમાં ઘણો વધારો થએઆ છે. જે બાપડાઓ, એ વેરાંન મહાસાગરમાં અટવાઈ ગએઆ છે, તેમાં છેલો સર જાન ફરાનકલીન છે. એ બીચારો એકવાર પોતાના દેશનો કીનારો છોડીને ગએઓ તે ફરીને પાછો જોએઓજ નહીં. તેની ખબરજ નહી પડી કે તેનું શું થઈ ગઈશે. એ નામીચા વહાણવટીની શોધને માટે સરકારે તથા તેની ભલી સ્ત્રી લેડી ફરાનંકલીને ઘણી પણ કોશેશ કીધી, અને ઘણાં પણ વાંહણો તે તરફ મોકલીઆં, પણ તે જીવતો તો કેથે મલીઓજ નહી: આખરે, મહા મેહનતે એટલું જણાઈશે કે, તે બાપડો તીઆંના એક બીઆબાન જગામાં મરણ પાંમીઓ છે. એ લતા તરફ ઘણાકોએ મુસાફરી કરી છે, તેમાં કેપટન પેરીએ જે કરી છે, અને તેની ઊપર જે તીઆં વીતીઊ છે, તથા તીઆં જે તેણે જોઈઊ છે, તેનો હવાલ નીચે પરમાણે તેણે આપીઓછેઃ—

કેપટન રાસનાં પાછા ફરવા પછે, કેપટન પારી, હેકલા નામે એક ૩૭૫ ટનના બોજાનું વાંહાણ અને તે ઊપર ૫૮ ખારવા લઈ, બીજુ એક વાંહાણ તથા તે ઊપર ૩૬ ખારવા સાથે લઈ, નોર બંદરથી તા૦ ૧૧ મી મેઅ ૧૮૨૭ ને દીને નીકલીઓ. તેણે પોતાનાં વાંહાણ એકદમ આટલાનટીક મહાસાગરમાં ઝોકાવીઆં, અને ઈઆહીમ આગલ ચાલીઓ, તેને તા૦ ૧૫ મી જુનને દીને કેપ ફેરવેલ આગલની ટેકડીનું મથાલું જોઈશે. તા૦ ૧૮ મીને દીને પેહલ વેહલે વાંહાણ આઈસનાં તરતા ઢગલા અથવા ટેકડાઓથી ઘેરાઈઊં, અને હવામાં પુસકલ ઝીણા જનાવરો જે એ ઊતર તરફનાં દરીઆની હવાંમાં ઘણા હોએ છે, તેઓ જણાવા લાગાં. વાંહાણ હેકલા પોતાનાં સોબતી સાથ એ પરમાંણે આઈસથી ઘેરાએઆથી, કેપટન પારીએ તેમાં રહીને ઊતર અને પસચમ તરફનો મારગ લેવાને કોશેશ કરી, પણ તેમાં ફાવીઓ નહી. અંતે તા૦ ૨૫ મીને દીને તે વાંહાણોની આસપાસ એવો અને એટલોતો બરફ જમી ગએઆ કે બંને વાંહાણો જરા ચસકી પણ શકે નહી. એવી હાલતમાં પારી અટકી પડીઓ હતો, તેવામાં બીજે દાહાડે એક બાજુનું આઈસ ફાટી છુટું થઈ એક એવો મોટો ઢગલો તણાઈ આવી તે વાંહાણો સાથ અથડીઓ કે, તેઓ માતરે તેની મજબુત બાંધનીથીજ ટકી રહેઆં, અગર નહીતો તેમનાં કકડા થઈ જતે. એવા બનાવથી કેપટન પારીથી ધારેલે મારગે ન જવાઈશે, તેથી તેણે તે આઈસનાં વીશાલ મેદાંનની કોરેકોર ઊતર તરફ ચાલવાનો ઠડાવ કીધો, કે આગલ ચાલતાં ખુલો દરીઆ મલે. તે પરમાંણે તે આગલ ચાલીતો ગએઓ, અને વચે છુટા છુટા જે આઈસનાં ઢગલા તરતા આવતા તે સંભાલતો ગએઓ, પણ કેટલેક દાહાડે તે ઢગલાઓમાં એટલોતો વધારો થએઓ કે વાંહાણોને આગલ ચાલતાં ઘણીજ અડચણ તથા ધાસતી પડવા લાગી. તોપણ તે આઈસની વચેનાં પાંણીના ગલી સરખા રસતામાં ભારે હીમતથી આગલ ચાલીઓ, પણ તેવામાં એક એવો જબરો કકડો વચે આવી આડો પડીઓ કે વાંહાણોનો રસતો તદન બંધ કરી મેલીઓ. એ પીડા ટાલવાને મહા મેહનતે તે મોટા કકડાને કરવતીઓ વટે કાપી કાહાડીઓ, અને તેમાં થઈ આગલ મારગ લીધો, તે તા૦ ૩૦ મી જુલાઇને દીને લાનકાસટર સાઊનડ નામની જગાએ પોહાંચીઓ. એ સાંઊડના ખાડી સરખા દરીઆમાં આસપાસ ડુંગરોની હાર જોતો પારી આગલ ચાલીઓ, પણ મોડાંપરનો પવન હોવાથી વાંહાણોની ચાલ ઘણી ધીમી પડી ગઈ. વલી પાંણીતો એટલા જોરથી ઊછલતું હતું કે વાંહાણોની અંદર આવતું હતું, પણ તે જોઈ સઘલા ખુશી થતા હતા કે, એ પરમાંણે અહીં પાંણીનો જોર હોવાથી આગલ મારગ આઈસ વગર મોકલો અને બોહાલો હશે. એવા વીચારથી તેઓ આગલ ચાલીઆ અને ઘણેક દાહાડે થોડીક જમીન તેમની નજરે પડી. તે જગા તથા બીઆબાન અને બીહામણી સરખી હતી, અને તીઆં આવીઆ પછે તેમનો હોકા ઈઅંતર બગડીઓ, કેમકે તે ઊતર ધરૂવની તરફ વધારે નજદીક આવવાથી તેનું બરાબર ઠેકાંણું રેહેવા ન લાગું. તે છતાં તેઓ આગલ ચાલીઆ, પણ તારીખ ૧૫ મીને દીને વલી એકાએક આઈસ એવું તો વાંહાણોની આસપાસ ફરી વલીઊ કે તેનો મારગ બંધ કરી મેલીઓ. વાંહાણ ઊપરથી કેટલાંક માંણસોએ ઊતરી આઈસનાં એક ઊંચા ટેકડા ઊપર ચહડીને

જોઈઊં તો જીઆંયેર નજર પોંહોંચે તીઆંયેર સધલું આઈસજ નજર આવવા લાગ્યું. એ જોઇ તેઓ વીચાર કરતા બેઠા હતા, તેવામાં તા૦ ૧૮ મીને દીને એક સખ્ત પવન નીકલી આવીઓ, અને તેની સાતે વરસાદ પણ થોડો પડીઓ. એ પવનનાં જોર થી સઘલું આઈસ એવું તો તીઆંથી જતું રહીઊં કે, તા૦ ૨૧ મીને દીનેતો જે જગાએ પરથમ સઘલાઓએ આઈસજ જોઈઊં હતું, તેને બદલે સઘલું પાંણીજ તેમની નજરે પડવા લાગ્યું.

(એનું સાંધનછે.)


---

## ફ્રાંનસની પાદશાહી બાગાએત મંડલીનાં બાગ મધેનો કાંસાંનો ફુવારો.

બેનો, ફુવારાતો તમોએ મુંબઈમાં ઘણા દીઠા હશે. હાલમાં લોકોને ઘેરેઘેર અને વાડીએ વાડી ફુવારા નજર પડેછે, પણ દશ બાર વરસની અગાઊ તેમ ન હતું. કોઈજ કોઈ બાગમાં એવો ફુવારો નજર આવતો, અને તે લોકો ખુશી થઈ જોતા હતા. તેનો સબબ એ હતો કે અગાઊ અહીં વેહાર ની પાંણી આવતું ન હતું, અને હાલમાં આવે છે. વેહારનાં પાંણીની જરૂર એટલા મારે પડે છે કે, એવા ફુવારામાં ઊડાડવાનું પાંણી ઊંચી જગાપરથી આવવું જોઇએ; અગર નહીતો તે ઊંચે ઊડે નહી. કેમ કે પાંણીની એવી ખાશીઅત છે કે, જેટલે ઊંચેથી તે નીચે આવે, તેટલું તે પાછું પોતાની મેલે ઊંચું ચહડે; તેથી હાલમાં વેહારનું પાંણી મુંબઈની જમીન કરતાં ઘણી ઊંચી જમીન ઊપરથી આવે છે, તેથી તે લોકોનાં ઘરમાં તરીજા, ચોથા કે પાંચમાં માલ સુધી ચહડે છે; તેમજ ફુવારાઓની નલીઓમાંથી પણ ઊંચે ઊડે છે. જીઆરે વેહારનું પાંણી આવતું ન હતું, તીઆરે એ કાંમને મારે એક ઊંચું બાંધકામ કરવું પડતું હતું, અને તે ઊપર રેહેંટની મારફતે પાંણી ચહડાવી પાછું ફુવારાની નલીમાં ઊતારવામાં આવતું હતું, જેથી તે ઊંચું ઊડતું હતું. એમ કરતાં ઘણોક ખરચ લાગતો હતો, જેથી ઘણાખરા લોકો તે કરતા ન હતા. હાલમાં ઊપર લખેલાં બાંધકામ કરીઆ વીનાં પાંણી પોતાની મેલેજ નલીમાં ઊંચે ચહડે છે, જેથી લોકોને માતરે એક કુંડ બાંધી તેમાં એક નલીજ ગોઠવવી પડે છે, જેમાં ઘણો ઓછો ખરચ લાગે છે તેથી, હાલ તે ઠારેઠાર નજર આવે છે.

જે ફુવારા આપણે અહીં જોઇએ છઇએ તેમને ઈંગલંડનાં તથા ફરાંનસનાં ફુવારા સાથ સરખાવતાં ઘણાજ સાદા અને હલકા નજર આવે છે. ઊપલાં દેશોમાં એવાતો મોટા અને રોનકદાર ફુવારા બાંધેલા છે કે, તે જોતાંજ માંણસો ખુશી થઈ જાએ છે. અહીંનાં ઘણાખરા દોલતમંદો સાદાઈને વધારે પસંદ કરે છે, તેથી તેઓ સઘલાંમાં સાદાઈ વાપરવાની કોશેશ કરે છે. પણ જો બધા લોકો એવોજ વીચાર કરેતો દુનીઆં દુબલી રહી જાએ. ઈંગલંડ તથા ફરાંનસનાં તવંગરો એવો વીચાર કરતે તો, તેમના શેહેરો, આજે પુરથવીપર સઊથી વધારે રોનકદાર અને શોભીતાં ગણાએ છે તેવું થાત નહી, અને એવી અનેક પરકારની રચનાંથી જેવાં તે લોકો સુખ મેલવે છે, તેવાં મેલવત નહી. હાલમાં પાલવા આગલ એક એવો ફુવારો બંધાએ છે, જે તઈઆર થએથી પછે થોડો ઘણો ઊપલાં દેશોના રોનકદાર ફુવારાઓને મલતો આવશે. પણ તેનુ કાંમ એટલુંતો ધીમું ચાલે છે, કે ખોદા જાણે કીએ જનમ તે પુરો થશે.

પાસેનાં પાના ઊપર એક મોટા ફુવારાનું ચીતર આપીઊંછે, તે જોતાંજ તરત માલમ પડી આવશે કે, તે કેવો રોનકદાર છે, અને એક ચીતર છતાં તે કેવો શોભે છે! એ ફુવારો ફરાનસની પાદશાહી બાગાએત મંડલીના બાગ મધે, ૧૮૬૨ નાં વરસમાં મેલવામાં આવીઓ હતો. એ સઘલો કાંસાંનો બનાવેલો છે, કેમકે પથરનાં બનાવેલા ફુવારા કરતાં તે પાણીની અંદર વધારે શોભે છે. એ ફુવારો જોતાં ઘણો ભભકાદાર દેખાએ છે. તેમાંથી પાણી ગોલ ફરતું ઊડે છે. જીઆરે સમીસાંજનો વખત હોએછે, અને આસપાસનાં લીલાં ઝાડો ઊપર રંગ બેરંગી ફુલો સ્થીર થઇ ઊભેલાં હોએછે, તે વખતે એ અને એની સાથે એક બીજો એવોજ, બલકે એનાથી સરસ ફુંવારો છે, તેમાંથી પાણી ઊડે છે, તીઆરે તે જગાનો દેખાવ ઘણોજ રમણીક લાગે છે, અને જોનાર માણસોની આખા દાહાડની ધંધાની થાક ઊતરી જાએ છે, તથા ફીકરમંદ જીવને બે ઘડી ખુશાલી ઊતપન થાએ છે. એ ફુંવારાની રોનકનું વરણન હમો કરીએ



ફ્ગનનની પાદશાહી બાગાએત મડળીના બાગ મધેનો ફોમાનો ફુવારો

તેનાં કરતાં તેનું ચીતર જોઇ વાંચનારીબાઈઓ પોતેજ પોતાની તીકશણ બુધીથી સમજશે તો વધારે ઠીક પડશે.

---

## સાધારણ સમજ—ગરમી.

ભાગ ૪ થો.

**સવાલ**—આકસીજન એટલે શું?

**જવાબ**—એક જાતની ગેઆસઃ તે હાઈડરોજન કરતાં ઘણી ભારી હોએ છે; તે બલતાંને ટેકો અથવા જોર આપે છે; અને તેના વડે પરાણી માતર જીવે છે.

**સ૦**—બલતું એ શું ચીજ છે?

**જ૦**—આગલ કહીઊં તેમ હરેક વસતુને સલગાવતાં, તેમાંથી હાઈડરોજન ગેઆસ બાહાર નીકલે છે, અને તેને બાહેરની હવા માહેલું આકસીજન મલી જઈ, બલતી ચીજમાંથી એક પીલા રંગનો સોલો ઊઠે છે, ને બલતું કહેવાએ છે. એ બલતાંમાં ગરમી પુસકલ હોએછે, તેથી તેને બીજી સલગી ઊઠે એવી વસતુ લાગતાંજ તે સલગી ઊઠે છે.

**સ૦**—ચુલામાં મેલેલું લાકડું સલગીઆ પછે, તે ઘણું ગરમ સાથી થઈ જાએ છે!

**જ૦**—આગલ જણાવીઊં છે કે જે જે વસતુઓ આપણને ઠંડી લાગે છે તેમાં પુસકલ ગરમી છે પીવાનાં પાંણીમાં ગરમી છે, એટલુંજ નહી પણ આઈસમાં વદીક છે. તેમજ લાકડામાં તથા હવામાં એવી જે છુપી ગરમી રહેલી છે, તે એવી વસતુઓનાં મેલાપથી, તેમાં રસાએણ કીરીઆ ચાલી, બાહેર આવે છે.

**સ૦**—લાકડું બલીઆ પછે, આતસ થતાં તેનો રંગ લાલ કેમ થઈ જાએ છે?

**જ૦**—લાકડું અથવા કોએલો સલગીઆથી તેમાં પુરતી ગરમી આવે છે, અને તે ગરમીના જોરથી તેમાંના કોએલાનાં રજકનો, હવા માંહેલી આકસીજનના રજકનો સાથે ઘણી ઝડપથી મલી જાએ છે, તેથી તે એવો રંગ પકડે છે.

**સ૦**—લાકડું અથવા કોએલો સલગાવતાંવાર, અથવા તેને ચુલામાં મુકતાંવાર તેમાથી ધુમાડો કેમ નીકલે છે, અને તે શું છે?

**જ૦**—લાકડાં અથવા કોએલામાં નહી બલે એવી અથવા નહી બલેલી વસતુની, તથા તે માહેલા કોએલાની બારીક કરચો છુટી પડે છે, તેને ધુમાડો કહે છે; અને તે ગરમ હવાના આંચકાથી, તથા તે સાધારણ હવા કરતાં હલકો હોવાથી, ઊપર ચહડે છે, અને ઘરમાં ચીમની, એટલે ધુમાડીઓં હોએતો તેમાંથી તે બાહેર નીકલી જાએ છે. આપણા ઘરોમાં ધુમાડો જવાનાં ધુમાડીઆં ન હોવાથી આપણને ઘણી અગવડ તથા નુકસાન ખમવાં પડે છે. ધુમાડો દમમાં જવાથી ફેફસાંને ખરાબ કરે છે, અને આંખને ઘણુ નુકશાન કરે છે. ઘરની ભીતો તથા ઘર માહેલો સઘલો સામન કાલો થઇ જાએ છે, અને આખું ઘર બદ સુરત તથા મેલું દેખાએ છે. વલી તે સાથે કામકાજ સુહુજ પડતું નથી, અને જીવ અકલાઈ આવે છે. એટલી બધી આપદા તથા નુકશાની છતાં, હજુ લોકો ઘર બાંધે છે, તેને ધુમાડીઆં મેલતા નથી. જો નવા ઘર બાંધનારાઓ, તથા જુના ઘરવાલાઓ, પોતાનાં ઘરોમાં ધુમાડીઆં મેલવા માગેતો તેમને કશી અડચણ નથી. તેથી કાંઈ તેમને નુકશાની થતી નથી, કે તેમની રીતભાતને તથા ધરમને કશી હરકત પોહાચતી નથીઃ વલી તે કરતાં કાંઈ ઝાઝો ખરચ બેસતો નથી. એટલું છતાં પણ હજુ લોકો કરતા નથી, તેનું કારણ એછે કે, ઘણાક એંટાલો તથા અનસમજુઓ, અસલ જેમ ચાલતા હોએ તે, અથવા બાપદાદા જેમ કરતા આવીઆ હોએ તેજ રીતે કરવું તથા ચાલવું, એવો વીચાર તેઓ હમેશાં પોતાનાં ટુકા મગજમાં ભરી રાખે છે, અને તેથી તેઓ કશું પણ નવું અને ફાએદાકારક કામ કરવાને બીહે છે તથા છીત કરે છે. પણ તેઓ સમજતા નથી કે જો સઘલા જમાનાના સઘલા લોકો એજ વીચારથી ચાલીઆ હોતતો, દુનીઆંમાં જે આજે આપણે મોટો ફેરફાર તથા સુધારો જોઈએ છે, તે મુદલે હોત નહી. આપણા લોકનાં કોઈજ ઘરમા ધુમાડીઆં નથી એમ નથી; પણ ઘણાક સમજુ લોકોએ પોતાનાં ઘરમાં તે બાંધેલાં છે, અને તેથી તેઓ તેના ઊપર લખીઆ પરમાણેના ઊપદરવથી તદન મોકલા રહી, તે પાંતીનું મોટું સુખ ભોગવે છે. તેમનો દાખલો બીજાઓ પણ લેતો કેવુ સારૂં!

સ૦—લાકડું તથા કોએલો પેહેલો ચુલાંમાં મે લતાંજ તથા સલગાવતાંજ તેમાંથી ઘણો ધુંમાડો કેમ નીકલેછે, અને પછે નરમ કેમ પડી જાએ છે.

જ૦—કોએલાને તથા લાકડાંને ચુંલામાં મેલી તેને ગરમી આપતાં જેવી તેનામાં રસાએણ કીરીઆ ચાલુ થાએ છે, તેવીજ ધુમાડાની વસતું તેમાથી જોરમાં બાહેર નીકલી આવી ઊડી જાએ છે: એ પરમાંણે તે સઘલી નીકલી રહી કે પછે ધુમાડો થતો નરમ તથા બંધ પડે છે.

સ૦—ચુલા માહેલું બલતું પોતાનીજ મેલે કોઈવાર જોરમાં અને કોઈવાર ધીમું કેમ બલે છે.

જ૦—કેમકે, હવા પાંણીના માફક સદા હીલતી તથા દોડતી છે, પણ તેનું હીલવું તથા દોડવું બધી વખતે એકસરખું હોતું નથી, તેથી જીઆરે તે ઝડપથી હીલે છે તથા દોડે છે તીઆરે તેનો મોટો જથો બલતી ચીજપર જઈ પડે છે, જેથી તેમાંથી વધારે આકસીજન નીકલી બલતું વધારે જોરથી બલે છે: અને જીઆરે તે ધીમે હીલે છે તીઆરે તેનો થોડો થોડો જથો બલતી ચીજને લાગાથી તેમાંથી થોડું થોડું આકસીજન તેને મલે છે, તેથી તે ધીમે ધીમે બલે છે. આગલ જણાવીઆ પરમાંણે, જો હવા ધીમી હોએ, અને થોડી પડતી હોએતો વીણાએ વીઝલીને, એટલે હવાને આંચકો મારી બલતી ચીજ ઊપર નાખવી પડે છે, કે તેમાંથી તેને વધારે આકસીજન મલે અને તેથી તે વધારે જોરથી બલે.

સ૦—લાકડાંનાં કરતાં કાગલ, રૂ, કપડું વગેરે વસતુઓ વધારે જલદી કેમ સલગી ઊઠે છે?

જ૦—કારણકે તેમાં બલી શકે એવી વસતુઓ ઘણાજ ઓછા જોરથી એક બીજા સાથ મલી રહી છે, જેથી તેને સેહેજ ગરમી લાગતાં તરત તેમાં રસાએણ કીરીઆ ચાલી, જલદીથી તે બાહેર આવે છે, અને હવા માહેલાં આકસીજન સાથ મલી જઈ ભડકો લઈ ઊઠે છે. જેટલી ગરમી એ લાકડાંમાં રસાએણ કીરીઆ પુરી થઈ ભડકો ઊઠે છે, તેનાં કરતાં કાગલ તથા કપડું, રૂ વગેરેને ઘણીજ ઓછી ગરમી જોઈએ છે.

સ૦—લાકડાં કરતાં કોએલો વધારે જોરથી કેમ બલેછે, એટલે તે વધારે ગરમી કેમ આપે છે?

જ૦—કારણકે, લાકડાં કરતાં કોએલામાં બલે એવી વસતુઓ વધારે હોએ છે, તેથી તે વધારે જોરથી બલેછે, અને વધારે ગરમી આપે છે.

સ૦—લાકડાંની માફક, ચુલામાં પથર કેમ નથી બલતો.

જ૦—આગલ લોહોડાં વીશે જણાવીઆ પરમાંણે તેમાં હાઈડરોજન તથા કોએલો નથી, તેથી બલતો નથી. વલી આકસીજન તેની સાથે આગલથીજ મલેલી હોએ છે.

## માણસનું ડોંગાપણું તથા વજન.

માણસનું વજન તેના કદ ઊપર આધાર રાખે છે. પાતલાં અને સુકાઈ ગએલાં માણસ કરતાં કદાવર અને ડોંગાં માણસનું વજન વધારે છે. શરીરની અંદર ચરબીનો, કે એવીજ બીજી વસતુનો વધારો થવાથી માણસનું શરીર ડોંગું થાએ છે, પણ તે થોડું અથવા ઘણુ કંટાલા ભરેલું હોએ છે. ડોંગાં માણસોને ચાલવાની, દોડવાની ઈતીઆદી વગેરેની કેવી અગવડ પડે છે, તથા ગરમીની રૂતમાં તેમનાં શરીરપર કેવો ઘામ થાએ છે, તેથી થોડીજ બાઈઓ અંજાણી હશે. તેમજ એવી કોઈજ બાઈ હશે, કે જે પોતાનાં પાતલાં સરવ જેવાં કદમાંથી ડોંગી થવાને ઈછતી હશે. પુરૂસનાં કરતાં સ્રીનું ડોંગાપણું ઘણુ ખોટું હોએછે, કેમકે તેથી તેની ખુબસુરતી બગડે છે, અને ફલવંતપણુ જતું રેહે છે. પાતલાપણું એ પણ સ્રી જાતની ઘણીક શોભાઓ મધેની એક શોભા છે, જેને માટે સઘલી બાઈઓએ કાલજી રાખવી જોઈએ. જે બાઈઓ પાતલી હોએ તેઓ ડોંગી થવાને બીહીતી હોએ, તથા જે બાઈઓ ડોંગી હોએ તેઓ પાતલી થવાને ઈછતીઓ હોએ, તેમને હમો સેહેલાં અને સાદા ઊપાએ એ બતાવીએ છઈએ કે, ખાઈને કાચપર આડાં પડવાને બદલે, અને આખો દાહાડો ખુરસીપર બેસી, સોહોલા અને દાસાને હાંક મારી સઘલું કામ કરાવવાને બદલે આખો દાહાડો ઘરમાં ફર હર કરવું તથા કામકાજ કરવું, અને સહવારનાં પોહોરમાં તથા સમી સાંહાંજને વખતે ખોલાં મેદાનપર, કે દરીઆને કીનારે ખોલી હવામાં ફરવા જવું, અને તીઆં ખુબ ચાલવું. મેહેનતને એ

ઈને ડોંગાપણું નાહાસેછે, અને મેહેનતુ માણસ ઊપર તે તરાપ મારવાને સદા બીહેછે.

ઘણાક માણસો જનમથીજ ઘણા ડોંગાં હોએ છે, અથવાતો ધીમે ધીમે પણ પોતાની ઓલાદની માફક માતતાં જાએ છે. ડોંગાં માણસો ઘણું કરીને બલવાન હોતાં નથી, પણ તેમ સઘલાં નથી: કોઈ કોઈ તો એવા બલવાન હોએ છે કે, પંદર માણસને પુરાં પડી શકે છે; પણ એવાં થોડાંજ હોએ છે. અંસલના વખતમાં ડોંગાં માણસને લોક ઘણા પસંદ કરતા ન હતા. આગલા વખતની રોમન સ્ત્રીઓ ડોંગી થવાને ઘણી બીહીતી હતીઓ, જેથી તેઓ તેવી નહી થાએ તેથી પોતાનાં પાસલાં ઊપર "એનજલ" જાતની માછલીનું કાચું માસ બાંધતી હતીઓ. આગલા વખતના એશીઆખંડના એક રાજાના શેહેરમાં એક અમલદાર રાખવામાં આવેલો હતો, જે પરજાનાં લોકો ડોંગાં નહી થાએ તેની સંભાલ રાખતો હતો! અને જે કોઈ ડોંગું થઈઊં હોએ, તેની ખોરાક વગેરેની માહાવજત કરી તેને પાછું પાતલું કરી નાખતો હતો. આગલા વખતની ટીઊનીસીઅન સ્ત્રીઓ, પોતાની છોકરીઓને પરણાવવાને વખતે ઘટતી ડોંગી તથા ઘટતી પતલી કરી સરખાં કદની બનાવતીઓ હતી, અને રોમન સ્ત્રીઓ પોતાની છોકરીઓને એમજ પરણાવવાને વખતે પાતલી રાખવાને ખુબ લુબે રાખતીઓ હતી.

પણ ચીન દેશમાં એથી ઊલટોજ રેવાજ છે. એ દેશમાં ડોંગાં માણસને ઘણુ માન મલે છે, અને તેને લોકો ભાઅગશાલી સમજે છે. ચીનાઓ એવું સમજે છે કે, જેમ કોઈ માણસ વધારે ડોંગો તેમ તેનામાં બુધી વધારે. તેથી તેઓ એવાં માણસને ઘણા બુધીવાન તથા ડાહેઆ ગણી તેને ઘણું માન આપે છે. ચીનાઓનાં ઘણાંખરા દેવતાઓની મુરતી તથા ચીતાર પણ ઘણા ડોગા જોવામાં આવે છે, તેનો સબબ પણ એજ હોવો જોઈએ.

માણસ જેમ વધારે ડોંગું હોએ છે, તેમ તેનું વજન પણ વધારે હોએછે. તેના ઘણાક દાખલા જણાએલા છે. લીનકોલન ખાતે એક સખશ રેહેતો હતો, જે દરરોજ ૧૮ રતલ ગોસ ખાતો હતો, અને તેના શરીરનું વજન ૫૨૦ રતલ હતું. તે ૨૮ વરસની ઊમરમાં મરણ પામીઓ હતો. ઇનશામની મદરેસાંનો સીકશક મી૦ કોલેટ જીઆરે બે વરસનો હતો, તીઆરે તેનું શરીર એટલુંતો ભારી હતું કે, બે આએઆઓ મલી તેને ઝોરીમાં સુવાડતી તથા ઊઠાડતી હતીઓ. જીઆરે તે બાર વરસનો થએઓ તીઆરે તેનું વજન ૩૬૪ રતલનુ થઈઊં હતું. શન ૧૭૫૪ માં એસેકસ મધે જેકોબ પાવેલ નામનો સખશ મરણ પામીઓ તીઆરે, તેને ઘોરમાં લઇ જવાને ઊંચકવા માટે ૧૬ માણસો લાગાં હતાં. તેનાં શરીરનો ઘેરાવો ૫ ફુટનો હતો, અને તેનુ વજન ૫૬૦ રતલનું હતું. ગરોસ નામે એક સખશ એવોતો ડોંગો હતો કે, જે કસાઇને તીઆંથી તે ગોસ વેચાતું લેતો હતો, તે કસાઈ તેને રોજ કાલાવાલા કરી કેહેતો કે, "તું લોકને કહે કે હું ફલાણા કસાઈ પાસેથી ગોસ લઊછું!" એટલે તે ઊપરથી તેનું ગોસ ઘણુ સરસછે એવું લોકોને લાગે! લીસેસટરશએર નામનાં શેહેરમાં એક ડાનીએલ લેમબરટ નામે સખશ હતો, તે ૬ ફુટ ઊંચો હતો, અને તેનાં શરીરનુ વજન ૭૩૯ રતલનું હતું. સેમીઊએલ શુગર નામનો એક અંગરેજ, જે ૧૮૧૬ નાં વરસમાં મરણ પામીઓ હતો, તેનું શરીર, પેટી સુધાં તોલતાં, ૭૦૦ રતલ થઈઊં હતું. જેમસ માનસફીલડ નામનો એક સખશ ૧૮૫૬ નાં વરસમાં ઈંગલંડ મધે ૮૨ વરસની ઊમરે મરણ પામીઓ, તેનું વજન ૪૭૬ રતલનું હતું. એકસીમીઅમ નામનો એક શાહાનશાહા એટલોતો માતેલો હતો કે, તેની સ્ત્રીના હાથની બાંગરી, તે વીટીની જગાએ પોતાનાં છેલાં આંગલાંમાં પેહેરતો હતો! ટીનેસી મધે, માઈલસ દારવન નામે એક સખશ હતો, જે ૧૮૫૭ નાં વરસમાં મરણ પામીઓ, તેના શરીરનું વજન ૧૦૦૦ રતલનું હતું.

ઊપલું વજન વાંચનારી બાઈઓએ થોહું નહી સમજવું, તેમજ તેવાં માણસને કાંઇ હલકાં નહી ગણવાં, કેમકે ૨૮ રતલે એક મણ થાએછે, જે પરમાંણે ગણતાં છેલા સખશનું વજન, જે ૧૦૦૦ રતલનુંછે તે લગભગ ૩૬ મણ થવા ગઈઊં; અને માણસનું સાધારણ વજન ૬ કે ૭ મણનું ગણાએછે. એ પરમાંણે દુનીઆંમાં તરેવાર રીતનાં માણસો તે સાહેબે પેદા કરીઆંછે.

## જલોં.

જલોનો સઘલી બાઇઓએ જોઈ હશે. તેનો આકાર લાંબો લેવરાનાં જેવો હોએ છે, પણ લેવરાને પાંખ, પુછડી વગેરે હોએ છે, અને એનાં શરીરપર તે નું કશું નથી. તેને પગ નથી તેથી તે પોતાનાં શરીરને મરડીને અલાસીઆંની માફક ચાલે છે. કેટલીક જાતની જલોની ચાંમડીનો રંગ તદન કાલો તથા લીલો હોએ છે, અને કેટલીકને પીલી કોર તથા બીજા રંગનાં ડાઘા હોએ છે. તેનાં શરીરમાં વીંટી વીંટી જેવા સાંધા હોએ છે, જેથી ચાલતી વેલા તેનું શરીર લાંબુ તથા ટુકું થાએ છે, એ જનાવર ઘણું કરીને પાંણીનાં ખબોચીઆઓમાં રેહે છે, જીઆંથી બાહાર કાહાડતાં તે પોતાનાં શરીરને સંકોચી નાંખી ઘણી નાની થઈ જાએ છે.

દુનીઆમાં કેટલીક જાતનાં જનાવરો એવાં આવે છે કે એકનીજ અંદર નર અને માદા એ બંનેનો ગુણ હોએ છે. તેમાં જે નરનો ગુણ હોએ છે તેથી તેને બચાં રેહે છે, અને તેમાં જે માદાનો ગુણ હોએ છે તેથી તે બચાં જણે છે. અચલ શકતીનાં શાહેબની આ કેવી કરાંમત કે એકમાં બેની જરૂર પોંહોંતી પાડી છે! જલો પણ એક એવીજ જાતનું પરાણી છે, એટલે તેમાં નર અને માંદા જુદાં નથી હોતાં પણ તે બંને એકજ હોએ છે. એ જનાવર પોતે પોતાનાંજ મેલાપથી હમેલદાર થઈ ચાલીશથી પચાશ શુધી બચાં જણે છે એ જનાવરને બાટલીમાં પાંણી ભરી માહે રાખીશં હોએતો તેને કશો પણ દેખીતો ખોરાક મલીઆ વગર તે ઘણાક મહીનાં બલકે વરશો સુધી તેમાં જીવતું રહી શકે છે. અને તેલમાં રાખે છે તો તેમાં પણ જીવતી રેહે છે. આપણાં દેશનાં લોકો એને એક જાતની મરોડીમાં રાખે છે, તેમાં પણ તે લાંબો વખત શુધી જીવતી રહી શકે છે. આપણા દેશમાં તથા એવાજ બીજા ગરમ દેશમાં જલો છ, સાતથી તે આઠ ઇંચ શુધીની અને ઘણી જબરી મલી આવે છે, પણ ઠંડા દેશોમાં ચાર ઇંચથી વધારે થતી નથી "ઘોડાની જલો" નાંમની એક જાતની જલો આવે છે, તે સઊ કરતાં મોટી હોએ છે, અને તે પાંણીના ખબોચીઆમાં તેમજ કોઈ કોઈ મોટી નંદીઓમાં પણ હોએ છે. કોઈ કોઈ ખબોચીઆમાંતો તે એટલી બધી હોએ છે કે કોઈ માંણસ તેમાં નાહાવા ગએઓ હોએતો તેનાં શરીરપર તથા પગપર બધે વલગી જાએ છે, અને તેને લોહી લુહાણ કરી નાખે છે.

જલોનો ઊપીઓગ શું કરવામાં આવે છે તે તો સઘલી બાઇઓને ખબર હશે. કેટલીક દરદ.વાલી જગા જીઆંથી નસતર વડે લોહી બરાબર કાહાડી નાખવાને નહી બની આવે તીઆં એ જનાવરને વલગાવે છે, જેથી તે જોઇએ એટલું લોહી તેમાંથી ચુંશી કાહાડે છે. એ જનાવરનાં મોડાંની રચનાં ઈશવરે ઘણીજ અજબ જેવી કરેલી છે. તે સઘલી રીતે ઉમખાને મલતી આવે છે તેનાં મોડાંને બે હોઠ હોએ છે, જેને તે દરેક જનાવરની ચાંમડીપર એવી રીતે બેસાડી શકે છે કે તે ગોલ આકાર પકડે, અને તેમાંથી જરા પણ બાહેરની હવા માંહે જાએ નહી. તે હોઠોની અંદર એક ઝીણો દંખ હોએ છે, જેની ઊપર શુકશમદરશકઈઅંતરથી જોતાં ઘણાંજ બારીક દાંતની બે હાર નજર પડે છે. તે બે હારની વચે એક ઝીણી જીભ છે જે વડે તે હવા ચુસે છે. હવે જેવી એ જલોને ચાંમડીપર વલગાવે છે, તેવીજ તે પરથમ ગોલ આકારમાં પોતાનાં હોઠને મજબુત ચાંમડી સાથે વલગાવે છે, અને પછે પેલા દાંતોની મદદથી માંહે દંખ મારી જીભની મદદથી તે જગા માંહેલી હવા ચુસવા મંડી જાએ છે. તેનાં જોરથી ચાંમડીમાંથી લોહી ખેંચાઈ આવે છે, તેને તે ગલી જાએ છે. કુદરતે તેનામાં એવી શકતી મેલેલી છે કે કહી જગાએથી જલદી લોહી નીકલી આવશે તે તેને માલમ પડે છે, તેથી જો કોઈ ઘણા માંસ વાલી જગાપર તેને વલગાવી હોએતો તીઆંથી છુટી થઈ બીજીગમ વલગે છે. જે લોહી એ જનાવર ચુસે છે, તે તેનાં પેટમાં જરી નથી જતું, પણ ઘણા લાંમબા વખત શુધી જરા પણ બગડીઆ વીનાં એમનું એમ રેહે છે, અને પછે તે અંતે તેનાં શરીર માંહેલા છીદરને વાટે બાહાર નીકલી જાએ છે.

---

## પરચુટણ.

### જાણવાજોગ બાબદો.

છાપવાની હીકમત—રશીઆની અંદર એક સખશે, પેનસીલના ચીતાર તથા લખેલાંને છાપી કાહાડવાની ઈ

ઉકતી શોધી કાહાડીછે. તે એવી રીતે કે તે પેનસીલથી ચીતારેલાં તથા લખેલાં કાગલને પરથમ, કોઈબી જાતની એસીડ પાંણીમાં નાંખી તેમાં બોરવું અને પછે તેની ઉપર સાહી લગાડવી. તે સાહી માતરે પેનસીલના રેખા તથા અક્ષરવાલાજ ભાગ ઉપર લાગશે, અને બાકીનું કાગલ કોરૂં જ રેહેશે. પછે તેને પથરપર દાબી, તે ઉપરથી જોઇએ તેટલી નકલો છાપી કાહાડવી.

**માછલીનો ખપ**—હેરીંગ કરીને એક જાતની માછલી થાએ છે, તેનાં, ૧૮૬૨ નાં એક વરસમાં ૧૫૩૮૫૬ પીપ ભરીને ઈંગલંડથી પરસીઆ ખાતે મોકલવામાં આવી હતી. તે સઘલીની આંએપત રૂ૫૨૪૨૫૫૦ ની થઈ હતી.

**દેહેડાંમાં બચાવ**—પોંમપીઆઈ નામનું શેહેર, જે અસલના વખતમાં ધરથીકંપથી ગરક ગઈઉં હતું, અને જેને હાલમાં ખોદી કાહાડવામાં આવે છે, તેમાંથી હાલ એક મોટું દેહડું નીકલીઉં છે. તે દેહડાંનાં મોટા વાવટા ઉપરથી ૨૦૦ માણસના ખોખાં મલી આવીઆ છે. એવું માલમ પડે છે કે, ધરતીકંપની વખતે તે બાપડાઓ, ખોદા પાસ-આસરો માગવાને તે દેહડાંમાં ભરાએઆ હશે.

**પીઆર કેવી રીતે લાગેછે !** કેટલીકવાર એક સ્ત્રી અને પુરૂસ વચે ઘણી નવાઇ જેવી રીતે પીઆર લાગી જાએછે. કહેછે કે, વીલીઅમ ધી કાનકરર નામના મોટા સરદારની માએને, એક લીલા મેદાંન ઉપર છલાંગ મારી ચાલતી જોઇ, તારમંડીનો મોરો ડીઉક તેની ઉપર મોહીત થઈ ગએઓ. રીઉડર નામના સખશે નાચ નાચતાં આંચકો ખાધો તે તીઆં બેહેલી રાણી કેથેરાઈનના ખોલાપર જઈને પડીઓ, જેથી તે રાણીને તેની સાથ ઘણોજ પીઆર લાગી ગએઓ !

**હરખથી મરણ**—કેપટન કરેટેટ નામના એક લશકરી અમલદારને, ફરાનસના શાહાનશાએ એક માન ભરેલો ખેતાબ આપીઓ, જે મલતાંવાર તે એટલીતો ખુશીમા આવી ગએઓ કે, તરત તેનો જીવ ફરી આવીઓ, અને થોડા વારમાં મરણ પાંમીઓ.



## પકવાન વગેરે બનાવટ.

**એક શેહેલું પ્લમ પુડીંગ**—પોણો રતલ આરો, પોણો રતલ કીસમીસ દરાખ, છ આંઉંસ ઘી, જરાક મીઠું, જરાક તજ, તરણ ઇંડાં અને એક પેંટ દુધ; એ સઘલાંને એકઠું મેલવી, મસલી, એક ઉંડી રકાબીમાં ભરી સવા કલાકવેર આતસપર રાખી ઉતારી લેવું, પછે ખાધામાં લેવું.

**પોમેટમ**—ગાએની અથવા ડુકરની ચરબી લઇ તેને ચુલાપર મેલી તાવી નાખવી. માહે ચાખડાં જેવું રહે તે કાહાડી નાખી, બાકીનાં ઘી જેવા ભાગમાં મરજીમાં આવે તે ખશબોનાં તેલનાં ટીપાં નાંખી ઠંડું પડવા દેવું, પછે ભરવાને કામમાં લેવું.

**ગાજરનો મુરબો**—ગાજરને બાફી કાહાડી, તેની ઉપરની છાલ ઓખવી કાહાડવી, પછે જેમ બીજા મુરબાને મારે શીરો કરેછે તેમ શીરો તઇઆર કરી તેમાં નાંખી દેવો; પણ તેની શાથે દર રતલ શીરાએ એક આંઉંસ આદું તથા સુંઠ લેવી, અને પછે તેને કાચનાં વાસણમાં ભરી મેલવો.

## ગુંપતોતર વાત.

એક દાહાડે નાં પોહોરમાં, મારા નાં ૧૨ણા આગલ એક છાકચા સેલરને પડેલો જોઈ, હું એવીતો બીધી કે, એર પણ પડાઈ ગઈ. ને સાંભલી ઘરમાંથી બધાં દોડી આવીઆં, અને મને અંદર લઈ જઈ એક પર રસાડી. તેવાંમાં મારા ભાઈ, જેઓ મારપર ક કરતા હતા તેઓ નીચે આવીઆ, તથા મારા ઘરમાનો  લઇને આવીઓ, અને બંને જન તેને ઊઠાડવા ગએઆ. સીપાઇએ તેને ઊઠવા કહીઊં તેથી તેનેતો  કરી કાહાડીઓ, પણ મારા ભાઇએ અંગરેજીમાં કંઈ કહીઊં તેથી  કરી તેમને શેકહેનડ કીધી પણ તીઆંથી ઊઠીઓ નહી; તેથી બંને જન તેને ઘસડતા લઈ જઈ સામર એક  તલે સુવાડીઓ. તીઆં તે પોતાનું પેટ ઊં મેલીને સુતો, અને ઘડીસ ખાવા લાગો. તેવામાં એક સીપાઈ આવીઓ તેને માં નાખી ચોકીમાં લેઈ ગએઓ.

## સમશીઆં.

(ચોપાઈ.)

(૧) છઇએ હમે, બાઇ, બંને બેન;
સમજો ચીતે હમારૂં કેહેન.
એક માતની બેઉ દીકરી;
સંગ જનમી, નવ સંગ ઉછરી.
એક રહે નીત છુટી બાહાર;
બીજી બંધમાં દુઃખી અપાર.
એક વહડકણી લડકણી જની;
ને બીજી ઉસકેરનારી ઘણી.
રાતે મલી સલગાવે આગ;
દીવસે નીરે નીરજ બાગ.

(૨) હું એક માણસ છું: મારા નામનો પેહેલો અકશર લેતો એક ઉભીઆનવઈ અવીઅઈઅં થાએ; બીજો ને તરીજો લે તો ઘઉં ને દાલથી થએલું એક પકવાન થાએ; અને ચોથો ને પાંચમાં લે તો ખેતરમાં ઉગતી, માણસને ખાવાની, વસતુઓનું નામ થાએ. મારૂં દેશ કીઉં તે કહો—જો તેના પેહેલા બે અકશર લે તો અનાજ ભરવાનાં એક માપનું નામ થાએ; તેના છેલા બે અકશર લે તો શરીરમાં લોહીને ફરવાની એક જગા થાએ. હું તીઆં શું ઓધો ધરાઉંછું તે કહો—મારા ઓધાનાં નામનો પેહેલો અકશર લેતો હર કશાના ચાર કકડામાંનો એક કકડો થાએ; અને છેલા બે લો તો દરેક ગામ, શેહેર, જગા કે ઘરના ચાર ભાગનાં ચાર નામ મધેનુ એક નામ થાએ.

## ખોલાસો.

માણસ, ઝાડ વગેરે હરેક વસતુનો ઓલો.

નાઃ નાખ, નાગ, નામ, નાજ, નાથ (બલદના નાખમાં પોએછે તે) નાદ; નાંત, નાર (સાંકડી ગલી—સી) નાલ; નાશ.

---

## રમત.

જેટલાં જન રમવાને બેસે, તેટલી કાગલની ચીઠીઓ કરવી, અને તે દરેક ઉપર દરેક રમનારે હરેક દેશ અથવા શેહેરનું નામ લખવું. તે બધી ચીઠીઓને ઘડીવાલી ભેલી નાખવી, અને પછે એક એક જન પાસે ઉંચકાવવી, જેના હાથમાં જે દેશ તથા શેહેરની ચીઠી આવે, તેણે તીઆંના રેહેવાશીઓ, તીઆંની પેદા થતી વસતુઓ, તીઆંની અજાએબ જેવી વાતો વગેરેનુ વરણન કરી જવું. જેનાથી નહી થાએ તે હારે. એ રમતમાં રમુજ સાથે ગનાન મલેછે, અને દરેકને મોડેથી તરેવાર વાતો સાંભલતાં ખુશાલી ઉપજેછે.

---

## અગનાનપણાના સંકટમાં ફસેલી બે સ્રીઓ વચેનો શોક.

(રાસડો.)

સાચું શુન કહું છું બેની સાચું શુન કહું છું;
સેથે ના લઈશ જુઠું માની, હો બેનુરી.
કરી લે તું તોલ બેની વિવેકી તોલમાં;
કહું છું સમજ ડાહી જાણી, હો બેનુરી.
સીનો ધર્મ બેની કેલતણા પાન સમ;
અડતાં જરાએ ઝટ ફાટે, હો બેનુરી.
સીનો ધર્મ બેની કાચો તે કુંભ છે;
ફુટશે બેશએ જ્યારે વાટે, હો બેનુરી.
સ્રીનો ધર્મ બેની વિધ શ્રેષ્ટ જાતનું;
કુબુધ હાથે જતાં મર્ણ, હો બેનુરી.
સ્રીનો ધર્મ બેની દિપ ઘોર રાતની,
બુજતાં જવાએ સંકટ શર્ણ, હો બેનુરી.
એવો જે ધર્મ બેની તારો ને માહરો;
કેમે સંભાલી તેને શકશે, હો બેનુરી!
કીધાં સુકાની બેની સંસારી વાહાણનાં;
અનુભવ વિના કેમ ટકશે, હો બેનુરી.
મારગ ન દીશે બેની આખેછે પડ બહુ,
વલ્યાં અગ્નાનપણાનાં સામટાં, હો બેનુરી.
વલી વરસેછે ધુમર બેની વેહેમતણુ આસપાસ;
ગુસ્સે ગુંગલાવી સદા નાખતું, હો બેનુરી.
વલી દરીઓ તોફાની બેની મોજા બહુ મારતો;
સમો અંધારી અતિ રાતનો, હો બેનુરી.
નીચેછે નીર બેની ઉંચેછે આભલાં;
ચારો ન દિશે કશાં વાતનો, હો બેનુરી.
હવે કરશે તે કેમ બેની કરશે તે કેમ રે!
કેમે અજાણી રાહા કાપશે, હો બેનુરી!
ખડકને ખોહોલી બેની ભરશો આ સાગરો;
જાણીને જીવ કેમ આપશે, હો બેનુરી.
પડયાં છે નાનાં બેની મોટાં કંઈ આસરે;
ધરયા છે પાપ કોઈએ હાથ રે, હો બેનુરી.
વલગ્યુંછે કોઈ બેની કેડે ને છાતીએ,
કોઈએ ખેચીએ ભીંડી બાથ રે, હો બેનુરી.
તેનું શું કરશે બેની તેનું શું કરીએ!
કેમે કરીને મરવા દઈએ, હો બેનુરી!
લાગેછે તીર બેની કારી આ દીલમાં;
કેમે કરીને હવે સહ્યે, હો બેનુરી!
બાંધ હવે બાંધ બેની તારાં આ પીઠપર;
બાંધું આ છાતીપર મારાં, હો બેનુરી.
ચાલ હવે જઈ બેની બેશે આ કોર પર;
મરશે વલગીને કોરે સારાં, હો બેનુરી.
દયા ન લાયા બેની પાપીઓ કંઈ દીલમાં;
ગયા નાખી આ દુખ તાણમાં, હો બેનુરી.
ભલું શું થશે બેની તેમનું આ જગમાં!
વદે નાનાભાઈ કહુ વેણમાં, હો બેનુરી.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. ફેબરવારી ૧૮૬૫ આંક ૨ જો.


## સ્ત્રીની વફાદારી અને વચન.

એક વારતા.

### પરકરણ ૩ જું.

### ભોગનો જોગ.

જેલીકાનો પતર, જેવો તેની દાસીએ લઈ જઈને પસંગના હાથમાં આપેઓ, તેવોજ તે મોટી ઉલટથી ઉખેડીને વાંચવા બેઠો. વાંચતાં તેને તે પતર હમેશ કરતાં ઘણો પીઆર ભરેલો; તેને મનથીતો, બરોબર બોલીએતો ઘણી મેહેરબાની ભરેલો લાગો, જેથી તે ઘણોજ ખુશીમાં આવી ગએઓ, અને બોલીઓ—"આહા ! એ કેવા પરીત ભરેલા શબદો ! કેવી આ પરેમ ભરી લીટીઓ ! અને તેથી આ કેવી સુખી જીંદગી !" એ પરમાણે પસંગ, જેલીકાનો પતર વાંચી, પુર આનંદમાં મઘન થાએ છે, તેવામાં તેનો બાપ તે જગાએ આવી લાગો, અને બોલીઓ "કેમ પસંગ આ કોણનું કાગલ તું વાંચેછે ?" પસંગે તરત જવાબ દીધો "સાહેબ, એ પતર, મારો મીતર હોસંગ, જે હાલમાં ફરમાન ગએઓ છે, તેની તરફથી આવીઓછે." એ સાંભલી તેનો બાપ બોલીઓ, "જોઉ તીઆરે, આ પતર મારા હાથમાં આપ; જોઉં કે તેમાં ફરમાનની શું ખબર લખી છે." આ શકુન સાંભલી પસંગ ગભરાટમાં પડી ગએઓ, પણ મકમ રહી બોલીઓ "નહી સાહેબ, તેમાં કાંઇ ઝાઝા અગતનાં તથા જાણવાજોગ સમાચાર નથી. હોસંગ માતરે લખે છે કે, તે હાલમાં ફરમાનની દરબારમાં ઘણા સુખ ચેનથી રેહેલો છે, અને તીઆંનો પાદશાહા તેને ઘણો ચાહે છે; એ સીવાએ બીજું કશું એમાં લખેલું નથી." તીઆરે તેનો બાપ બોલીઓ "કેમ તીઆરે, આ પતર વાંચી તને કેવું લાગેછે? તને પણ એમ પરદેશ જવાની મરજી થાએ છે કે નહી ?" "સાહેબ" પસંગ બોલીઓ "તે સઘલું તમારી મરજી ઉપર આધાર રાખેછે: મારી અને મારા મીતરની ઉપર કશો આધાર નથી."

હવે અહીંઆં એતેફાક એવો બનેલો હતો કે, પસંગનો બાપ તરતનોજ એક સારાં માણસ સાથ વાતચીત કરીને તીઆં આવીઓ હતો, જે વાત એવી થએલી હતી કે, શાયણા ઘણીએ ઘણી અચરતીથી તથા લગાર ઠપકાથી તેને કહીઉં હતું કે હજુ સુધી તે તેના છોકરા પસંગને કેથે પણ બાહેર પરદેશ મોકલી, કંઈ સાહાસીક કામ કરાવી તેને કીરતીવંત કરવા, અને પોતે થવાને બદલે, હજુ તેને ઘરમાં, "ટોલીઆમાંના માકડ" ની માફક રાખી મેલીઓ છે. તે વલી વધારે બોલીઓ હતો કે—આજે તમારા, જેવા ઘણાઓએ, પોતાના છોકરાઓને, કોઇને લડાઈ પર, કોઇને નવી નવી શોધો પર અને કોઇને મોટી મોટી નાહીતગારીઓ મેલવવા પર પરદેશ મોકલીઆ છે, અને પસંગ આવડો મોટો થએઓ તોપણ તેને ઘરમાંથી બાહાર કાહાડીઓ નથી. તે મીતરનાં આવાં બોલવાથી પસંગનાં બાપના મન ઉપર ઘણીજ અસર થએલી હતી, અને તે તે વેલાએ થેડાવજ કરીને આવીઓ હતો કે, પસંગને કેથે પણ પરદેશ મોકલવો. વલી તે સાથે તે માણસ એવો હતો કે, જે તે તેના છોકરાને કહે, તે થવુંજ જોઇએ, અગર ન હોતો તે ઘણાજ ગુસામાં આવી જતો.

તેથી પસંગનો બાપ એક ગમથી મનમાં એવો થડાવ કરીને આવેલો, અને વલી પસંગે તેને કહીઉં કે, (જો કે તેતો તેણે પોતાના બચાવને માટે ખોટું કહીઉં, પણ તેમ કરતાં તે બાપડો વધારે ફસી ગએઓ. એમ ઘણીવાર બને છે કે, માણસ વખતે પોતાના બચાવને સારૂં ઇઉકતી કરી એવું બોલી દે છે કે, તેમાંથી તેના બચાવને બદલે એવો મરો થાએ છે કે, જેનો તેણે સવપનામાં પણ વીચાર કરીઓ નહી હોએ) હોસંગ ફરમાનની દરબારમાં ઘણા સુખ ચેનથી રહે છે, અને તેને તીઆંનો પાદશાહા ઘણો ચાહે છે, તેથી તેના (પસંગના બાપના) મનનો થડાવ ઘણોજ મજબુત થએઓ, અને એકદમ પસંગને હોકમ કીધો કે, તેણે પણ ફરમાન ખાતે કુચ કરી જવી, અને તીઆની દરબારમાં હોસંગની સાથે રહી, તેણે પુણ પાદશાહાનો પીઆર મેલવવો. અલબતે પસંગને તેના બાપનો હાવો હોકમ જોઈ ઘણુંજ આશચરીઅ લાગીઉં, અને ગભરાઇ ગએઓ. તેમ થવાનો સબબ બીજો કંઈજ નહી પણ એજ હતો કે, તે જેમ વધારે જોરથી જેલીકાને વલગી રેહેવાને ચાહાતો હતો, તેમ તેને એકદમ તેનાથી છુટું પડી જવાનો હીગામ આવીઓ. તેને ઓછામાં ઓછું દાહાડામાં એકવાર પણ જેલીકાનું મોડું જોએઆ વગર ચેન પડતું

ન હતુ, તેમજ જેલીકાને પણ હતુ  આ વેલા પસગ
જેલીકાના પીઆરમા એટલોતો ગુથાઈ ગએેા હતો કે, તે
કશાને માટે પણ ઈઅજદ છોડી બીજે કેયે જાએં નહી
પણ નાચાર ! તે તેના બાપના સવભાવને સારી પેઠે જાણ
તો હતો, અને તે સમજતો હતો કે તે જે બોલીઓ છે, તે
કરીઆ વીગર રેહેશે નહી  તેવામાજ, પસગને એવી અ
ચરતીમા પરેલો જોઇ તેનો બાપ બોલીઓ, "કેમ, એમ ગ
ભરાઈ શાને માટે જાએ છે" ? મેં તુને અનચીતીઓ બાહેર
જવાનો હોકમ કીધો તેથી તુ એમ અજબ ના થા  ગમે
તે હોએ, અને ગમે તે થાએ તુ મારી આગલ કસ પણ
બાનુ લાવતો ના  કેમકે, જે મેં કહીઉ છે, તે નહી ફરી
ઉ એમ થનાર નથી, માટે આજની આજ તુ તારી તઈ
આરી કર, કેમકે મએ તને કરમાન તરફ કુચ કરી જવાની
ફરજ પડશે

પસગે જોઈઉ કે, અહીં કશી પણ તકરાર તથા વાત
ચાલવાની નથી, તેથી તેણે નાચારીએ કબુલ કીધુ, અને બા
પના હોકમને તાબે થઇ, પોતાની તઈઆરી કરવા પડીઓ
સઘળી તઈઆરીમા તેને એજ કરવાની હતી કે, તેની તનથી
વાહાલી, અને સદાકાલનો સોબતી થનારી, એટલે તેની સા
થ પરણનારી, જેલીકાને એ શોક ઉપજાવનારી ખબર કેહે
વી, અને તેની રજા લેવી  એ મતલબથી તે જેલીકા પા
સ દોડીઓ, જેણે એવી નાખુશ ખબર સાભલતાજ પોતા
ની બેહદ દલગીરી બતાવી, અને ભારે ગમ કરવા લાગી
પણ તે જાણતી હતી કે તેના તેમ કરવાથી પસગથી અહીં
રહી શકાવાનુ નથી, પણ ઉલટો તે મનમા ખેદ પામશે, તે
થી તેણે હીમત રાખી પસગને કહીઉ, "મારા વાહાલા પ
સગ, ફીકર નહીં, તુ થોડી મુદત બાહાર જા, અને જેવો
તુ તીઆથી કીરતીવત થઈને આવશે, તેવોજ આ મારો
પરીત ભરેલો નાજુક હાથ આ તારા વાહાલા હાથમા આપ
શ." એવા એવા તેને કેટલાક દીલાસા દઈ પસગની દલ
ગીરીમા ઘણોક ઘટાડો કીધો, અને અતે બને જણે, પોતા
ની આપેલી કબુલાત પુરી પાડવાની નીશાની દાખલ, એ
ક બીજાની વીટી બદલી લીધી, અને તે જીદગીના છેડા શુ
ધી સાચવી રાખવાનો એક એકને કોલ આપી, છેલી સ
લામ કરી જુદા થએઆ

અલબતે એ વેલાએ જેલીકાના, તેમજ પસગના દી
લમા કાઈ થોડુ લાગીઉ નહી હશે  કેમકે તે જેલીકાને
કઈ થોડી ચાહાતો ન હતો, અને જેલીકા તેને થોડો ચા
હતી ન હતી  જેમ દુધમા સાકર મલી જાએછે, તેમ તે
બંનેનો પવીતર પીઆર મલી ગએલો હતો, અને તે બ
નેના તન, મન અને ધન જાણે એકજ હતા  પણ જીઆ
નાચારીની ફરજ આવી પડી, તીઆ બીજો કશો છુટકો ન
થી  પરીતને માટે પરાણ આપવો એમ લોકો કહેછે, પણ
તે અનીતીની રાહે, તથા બેઈમાની કે નાફરમાની કરી
આપવો નહી કેમકે તેમા કીરતીને બદલે ધીકાર છે  તેમ
જ જેલીકાના પીઆરને માટે પસગ પોતાના બાપનો હો
કમ તોડે, અથવા કાઈ બીજું આડું કામ કરે, અથવા જે
લીકા, પસગના પીઆરને માટે પોતાના માબાપોને ઠગે, અ
થવા દુખ દે, કે કાઈ તેમા આડું કામ કરે, તો તેમા બંનેની
પરીત કશી પણ રીતે વખાણવા જોગ તથા ભલી કેહેવાએ નહી
એવા પીઆરને માટે નીચ કરમ કરનારા હમેશ નીચજ ગણા
એ છે, અને હમેસા તેઓ ધીકારવા જોગ થઈ પડે છે  માટે પ
રીતમા જો એવી કીસમની અડચણ આવી, તો તેને માટે
કાઈ આડુ કામ કરી તેને દુર કરવાને બદલે, થોડોક વખત
તે આપદાને તાબે થઈ, પોતાને ભલુ કેહેવાડી, વખત મ
લતે તે પરીતી સાથ પાછુ મલવુ એ કીરતી ભરેલુ છે  પ
રીતીને માટે જાન આપવો કે લેવો કીઆ પડેછે કે, જીઆ
એકની ઉપર એવુ સકટ આવી પડીઉ હોએ, જેમાથી તે
નો બચાવ કરવો હોએ  નહી કે માતરે પોતાની બીજી પર
કારની કોઈ નીચ મતલબ પાર પાડવાને

તેમજ આએ વેલાએ પસંગ તથા જેલીકાએ ધીરજ
રાખી જે ચાલ ચલાવી, તેને માટે તે બનેના વખાણ કર
વા ઘટેછે  પસગ જેવો જેલીકાની વીટી પોતાને આગલે
પેહેરી, તેને મલી ભેટી જુદો થએઓ, તેવોજ પોતાને ઘેર
આવીઓ, અને કાઈ અગતંજોગ સામનની તઈઆરી કર
વા મડેઓ  બીજે દાહાડે સહવાર પડતા તે કરમાન તર
ફ કુચ કરી ગએઓ

---

## • પરકરણ ચોથું.

## સઘલુ પડતાંજ જણાએ.

પસગ જેવો ઈઅજદ છોડી નીકલીઓ, તેવો કેટલીક
મજલ કાપી કરમાન શેહેરમા આવી પોહોચીઓ અને તી
આની દરબારમા જઈ હોશગને મલીઓ  હોશગ તેને જો
ઈ ઘણોજ ખુશી થએઓ, અને તે સાથે ઘણો અચરત પણ
થએઓ, કેમકે પસગ જેલીકાની પરીતમા એટલો બધોતો
પડેલો હતો કે, તે ઈઅજદ છોડી કેયે પણ જવા માગતો
ન હોતો  પણ તેનુ કારણ નીરાતે પુછવા ઉપર રાખી તે
ની હેતથી મુલાકાત લીધી અને પોતાની સાથે ઉતારો આ
પીઓ

અહીં પસગ જોએછે તો, જે તેણે તેના બાપને જેલી
કાનો પતર છુપાવવાને માટે, અમસતુ કલપણાથી કહીઉં
હતુ કે, હોસગ કરમાનની દરબારમા ઘણા સુખ ચેનથી
રેહેછે અને તીઆનો પાદશાહ તેની ઉપર ઘણો પીઆર
રાખેછે, તે ખરૂ જછે  હોસગને રેહેવાને પાદશાહે એક ઘ
ણુજ સરસ મકાન આપેલુ હતુ, અને તેને દરરોજ પોતા
ના મેહેલમા બોલાવતો અને તેની સાથે ખાતો તથા વાત
ચીત કરતો  પણ એ કરતા તેની બીજી વાતની ઘણીજ
અજાએબી લાગી  તે એકે હોશગ જે પરીતનો રાત દા
હાડો મોટો ધીકાર કરતો હતો, અને જીઆરે તે (પસગ) તેની
આગલ, જેલીકાની પરીતની વાત કરતો તીઆરે તે ભારી
કટાલો ખાતો, અને કેહેતો કે, એ વાત રેહેવા દઈ કઈ
બીજી વાત હોએ તે કર, તે સઘલુ તે વીસરી ગઓ હતો,
અને કરમાનના પાદશાહાની એક છોકરી, જેનુ નામ શીરી
નબાનુ હતું, અને જે જાતે ઘણીજ ખુબશુરત, ડાહી અ
ને નીતીમાન છોકરી હતી, તેના પીઆરમા તે પડીઓ હ
તો  વલી એવોતો પડીઓ હતો કે, તેને શીરીનબાનુ વ
ના જરા પણ ચાલતું ન હોતુ, તેમજ શીરીનબાનુ પણ
હોસંગની ઉપર તેવોજ પીઆર રાખતી હતી, કેમકે તે પ

પુ જાતે ઘણો ખુબસુરત, કદાવર, બાહાદુર અને અકલ વાલો હતો. અલબતે જેમ પાણી સાથે પાણી, અને દુધ શાથે દુધ તરત મલી જાએછે, તેમ જીઆં બે ખુબશુરત અને ડાહેઆં અથવા સમજુ મલીઆં કે તરત મલી જએઆ વગર રેહેતાં નથી. તેમજ હોસંગનું અને શીરીનબાનુનું દીલ એક મલી ગએલું હતું, અને તે બંનોએ એક બીજા સાથ નેકા પાડવાને એક બીજાને કોલ આપેલો હતો. પણ એ સઘલું શીરીનબાનુએ પોતાના બાપ, પાદશાહાથી છુપાવી રાખેલું હતું, સબબ કે, જોકે પાદશાહા હોસંગને ઘણોજ ચાહાતો હતો ખરો, પણ તેને સઘલા સદગુણ તથા બાહાદુરી તેણે હજુ જોઈ ન હતી, અને વલી તેણે શીરીનબાનુને સામ નામના એક જુવાન દરબારી સાથે પરણાવાનો વીચાર કરેલો હતો; જે જુવાન દરબારી, કસી પણ રીતે શીરીનનો ભરથાર, અને પાદશાહાનો જમાઈ થવાને લાએક નહી હતો; તેથી જીઆવેર તે બંનેમાથી એકના સદગુણ અને બીજાના દુરગુણ, એકબાહાદુરી અને બીજાનું હીચકારાપણું જાહેરમાં બરોબર આવે નહી તીઆંવેર, એ વાતથી પાદશાહાને જાણીતો કરવાને તેમને દરૂસત લાગીઉં હતું નહી. એ સીવાએ તે વાત છુપાવવાની તેમની બીજી કસી પણ માઠી મતલબ હતી નહી. કેમકે જે સ્ત્રી અને પુરૂસ બંને સદગુણી હશે, અને એવી રીતે ગમે એવી એક બીજા સાથ મોહોબત રાખશે, તોપણ તેમાં માઠું પરીનામ કદી નહી નીપજશે.

હોસંગની હાલતમાં, તથા તેના વીચારમાં આવો મોટો ફેર પડી ગએલો જોઈ પસંગને ઘણુ અચરત લાગું, પણ તેણેબી તેનાં કારણો પુછવાને બીજા વખત ઉપર રાખીઉં. બીજે દાહાડે હોશંગ જીઆરે રાબેતા પરમાંણે પાદશાહાના મેહેલમાં ગએઓ, તીઆરે પસંગને સાથે લેતો ગએઓ, અને તેની પાદશાહ તથા શીરીનબાનું સાથ મુલાકાત કરાવી, જેથી તે સઘલાં ખુશી થએઆં, અને તેને (પસંગને) પણ દરબારમાંજ રેહેવાને પાદશાહે જણાવીઉં.

---

## સર રીચરડ આરકરાઈટ.

માંણસ ગમે તેવી ગરીબ હાલતમાં જનમી, ગમે તેવી ગરીબ હાલતમાં મોટો થઈ પાછલથી પોતાની જાતી અકલ, ઊદીઓગ અને ખંતથી કેટલું કરી શકે છે, તથા પોતાનાં ભાઈબંધોને અને પોતાનાં દેશને કેટલો ફાએદો કરી શકે છે, અને પોતે કેવા દરજાને પોંહાંચે છે તેનો એક સઊથી સરસ દાખલો સર. રીચરડ આરકરાઈટની જીંદગીનાં હેવાલમાંથી મલે છે. વસ જે માંણસ જાતને સઊથી પેહેલી જરૂરની અને જેનાં વગર એક પલ પણ નહી ચાલે એવી વસતુ, તે જેમ સસતી અને શોભીતી તથા જથાબંધ મલી આવે એવી કોશેશ અથવા શોધ કરવી એ કાંઈ નાનું પરાકરમ નહી કહેવાએ; તેમજ એક પુરૂથવી ઊપર મોટાં દબદબા વાલા દેશમાં એવો હુનર દાખલ કરવો કે જેથી તેને બોહોલો ફાએદો થતાં પુરૂથવીનાં મોટા ભાગને તે કરી શકે, તે કાંઈ થોડું કોરતી ભરેલું નથી.

આજે સઊ કોઈ જાણે છે કે, ઈંગલંડ જે આજે પુરૂથવી ઊપર મોટી જાહોજલાલી વાલુ દેશ છે, તેની દોલતનો મોટો ભાગ તીઆંનાં કાપડ બનાવવાનાં કારખાનાં છે. એ કારખાનાંઓથી ઈંગલંડનાં લખો ગરીબોને રોજી મલે છે અને તેમનું પોષણ થાએ છે; અને તેમાંથી કરોડો રૂપીઆની આએપત સરકારને થાએ છે. એ દેશનું કાપડ આખી પુરૂથવીપરનાં દેશોને પોંહોંતું પડે છે, અને સઘલા લોકો આજે તરેવાર જાતનાં કપડાં ઘણાંજ ઓછા દાંમથી મેલવી તથા પેહેરી શકે છે. એ પરમાંણે ઈંગલંડમાં સઊથી સરસ અને સઊથી સસતાં કપડાં થવાનું મુલ તીઆંનાં સાંચા છે, અને તે સાંચાઓનું મુલ સર રીચરડ આરકરાઈટ છે. એ નામીચા પુરૂષે પોતાની જાતી અક્કલ અને ઊદીઓગથી સુતર કાંતવાનો સાંચો શોધી કાહાડીઓ છે, અને તે આજે આખી, દુનીઆને મહા ઊપીઓગી થઈ પડીઓ છે. જે પુરૂષે આવી મહાભારત શોધ કીધી, અને જેણે લગભગ આખી દુનીઆંની વસતીને સગવડ કીધી, તે એક ઘણાંજ ગરીબ મા બાપનો દીકરો હતો, અને હજામનો ધંધો કરતો હતો એવું સાંભલી કોણ અચરતીનાં ઊંડા સાગરમાં બુડીઆ વગર રેહેશે ! ખચીત તે કોઈ માને નહી પણ ખરેખર તેમજ છે. જે માંણસ પઈસા વાલો તેજ અકલ વાલો હોએ એમ નથી: અકલ એ એક ગોહર છે, જે તે સરવ શકતીમાન સાહેબે સરવેને સરખાજ ગણી આપીઊ છે; જેથી તે તવંગરનાં કરતાં ગરીબમાં ઓછું હોતું નથી. તવંગર પોતાનાં પઈસાપર મુસતાક રહી પોતાની અક્કલનો પુરો ઊપીઓગ કરતાં બેપરવા રેહે છે, અને ગરીબ પોતાની ગરીબાઈપર ભએ ભરેલી નજરે જોઈ પોતાની અકલનો ઊપીઓગ કરવાને વધારે ખંતી તથા સાવચેત થાએ છે; અને આકબત તેમાં તે ફાવી તવંગરને ઢાંકી નાખેછે. માટે અકલ એ માંણસની મોટાઈ તથા ગરીબાઈ શાથ કશી નીસબત ધરાવતી નથી.

સર રીચરડ આરકરાઈટ પરેસટન નાંમના કસ

બામાં શન ૧૭૩૨ નાં વરસમાં જનમીઓ હતો. તેનાં મા બાપ ઘણાંજ ગરીબ હતાં, અને તેમને પેટે ૧૩ છોકરાં હતાં, તેમાંનો રીચરડ સઊથી નાનો હતો. તે કદી નીશાલમાં સીખવાને ગએઓ ન હતો, પણ પોતાની મેહનતથી કેટલીક મેહનતે સેહેજ વાંચવા શીખીઓ હતો. સર રીચરડ જીઆરે નાનો છોકરો હતો, તીઆરે તેનાં બાપે તેને એક હજામને તીઆં હજામત કરવાનું કાંમ શીખવાને મુકીઓ, જીઆં તે કેટલીક મુદત શુધી રહીઆ પછે શન ૧૭૬૦ માં તેણે એક ઘેરની તલેનાં નાંનાં ભોંઅરામાં હજામત કરવાની દુકાંન કાહાડી, અને તીઆં એક પાટીઊં મારી તે ઊપર એવું લખીઊં કે—"આ ભોંઅરાંમાં રેહેનાર હજામની દુકાંનમાં આવો, તે એક પેનીએ (બે ફદીએ) હજામત કરે છે". હજામતની એ કીમત ઘણીજ થોડી હોવાથી બીજા હજામનાં ઘરાકો પણ રીચરડને તીઆંજ જવા લાગ્યાં, જેથી તેઓએ ચીરડાઇને પોતાનો ભાવ પણ ઘટાડી બે ફદીઆં કીધાં. એથી કરીને રીચરડનાં ઘરાક જરા ઘટીઆં તેથી તેણે પોતાનો ધંધો બને તેમ આગલ ચલાવવાની મતલબથી અરધી પેનીએ એટલે એક ફદીએ માથું બોરવા માંડીઊં.

એ પરમાંણે હજામનાં ધંધામાં કેટલાક વરસ કાહાડીઆ પછે રીચરડે બાલ લેવા તથા વેચવાનો ધંધો કરવા માંડીઓ, કેમકે તેને એવી વાતમાં વધારે ગુમ પડી રહેલી હતી. લાનકેશાઅર નામનાં ગામમાં ઘણીક સ્રીઓ પોતાનાં માથાનાં લાંબા બાલો કાતરીને વેચતી હતીઓ, તે તરફ તે જઇ તેની ખરીદી કરવા લાગો. અને તેમાંથી નફો ખાઈ બીજાઓને વેચવા લાગો. એ ધંધામાં જરા પગભર થએઆ પછે, તેની સાથે બાલ રંગવાનાં તરેવાર રંગોનો પણ ધંધો કરવા લાગો. એ વખતે તેની હાલતમાં કેટલોક ફેરફાર થએઓ અને એક સ્રી સાથ લગન કીધાં.

રીચરડ જોકે આવી હાલતમાં અને આવા ધંધામાં પડેલો હતો, તે છતા તેના મગજમાં તે સરવ શકતીમાન શાહેબે ઊમદા શોધક શકતી મેલેલી હતી, તે તેહાં નીરાંતે પડી રહી નહી. ઘણાક એવા નામીચા શોધક બુધીનાં પુરૂપની માફક રીચરડનું મન નવા નવા સાંચા શોધી કાહાડવાપર દોડીઊં, અને પરથમમાં "પોતાની મેલે ચાલુ ગતી" શોધી કાહાડવા પાછલ તેનું મન લાગીઊં. તે બાબેનાં અખતરા કરવામાં તેનું મન એટલુંતો ગુતાઈ ગઈઊં કે, પોતાનો ધંધો છોડતાં પોતા પાસે જે થોડાઘણાં પઇસા હતા તે પણ સઘલા તેમાં ખોઈ દીધા જેથી તે ઘણીજ ગરીબ હાલતમાં આવી ગએઓ, અને તેની તથા તેની સ્રી ઊપર ભુખમરો પડવા લાગો. એક દાહાડે તેની સ્રી તેનાં એવા કાંમને માટે એવી તો ચીરડાઈ ગઈ કે, તેણે જે આટલી બધી મેહનત કરીને અને આટલા બધા પઈશા ખરચીને જે એક નાનું જેવું ઈઅંતર ઊભું કીધુ હતું, તે લઈ તેણીએ ભાંજી નાખીઊં. એથી કરીં રીચરડને એવું તો દુખ લાગુ અને એવોતો દલગીર થઈ ગએઓ કે પોતાની સ્રી સાથ કેટલોક કજીઓ કરવા પછે અંતે બન્ને જન છુટાં થએઆં.

રીચરડ જેવો પોતાની સ્રીથી છુટો થએઓ તેવોજ તે મુસાફરીએ નીકલી પડીઓ, અને શેહેરે શેહેર ભટકવા લાગો. એ પરમાંણે ભટકતાં તેને વારીંગટનનાં કસબા ખાતે એક "કે" નામના ઘડીઆલી સાથ ઓલખાંન પડી, અને તેની સાથે પાછું પોતાનું આગલું ઈઅંતર બનાવવા બેઠો. એક દાહાડે તે ઘડીઆલીએ રીચરડ આગલ રોલરથી સુતર કાંતવાની બાબદની વાત કરી, જે તેનાં મનમાં એટલીતો લાગી કે તેનું મન તરત તે ઊપર લાગીઊં. એ વાત તેણે પેહેલીજ મી૦ "કે" ને મોડેથી તે દાહાડે સાંભલી હતી. એ વાતનાં વીચારનો ભરેલો રીચરડ પરેસટન ખાતે પાછો આવીઓ, અને સઘલું કામ છોડી તેનાં ગાંમની એક "ફરીચરચ ગરામર સકુલ" નામની એક મોટી નીશાલ હતી, તેના હાલમાં તે સુતર કાંતવાનો એક સાંચો બનાવવાનાં કાંમમાં ગુતાએઓ. એ વેલાએ તે એટલીતો ગરીબ હાલતમાં આવી ગએલો હતો કે, તેનાં ગાંમની તરફથી પારલામેનટમાં એક વકીલ મોકલવાને ચુંટી કાહાડવાને મત આપવા માટે સભામાં જવાને તેનાં કેટલાક મીતરોએ પોત પોતામાં ઊઘરાણું કરી થોડાક પઈસા કરી આપીઆ, જેમાંથી તેણે એક કપડાંની જોડી ખરીદ કીધી, અને તે સભામાં ગએઓ. એ ગામમાં ઘણાખરા વણકર લોક રેહેતા હતા તેથી જીઆરે તેમને એવી ખબર પડી કે રીચરડ શુતર કાંતવાનો એક સાંચો બનાવે છે, તીઆરે તેઓ ભારે ગડબડ કરવા લાગા; કેમકે તેઓ એવું સમજતા હતા કે સુતરનો સાંચો નીકલવાથી તેમનો ધંધો ભાગી જશે. બલાકબરન નામનાં

એક ગામમાં એક "હારગરીવ" નામનો પુરૂષ પણ એવાં કામ પછવાડે લાગો હતો, જેની ખબર તીઆંનાં વણકર લોકોને પડતાંજ તેઓએ તેને માર મારી તીઆંથી નહસાડીઓ હતો, અને તેનું તપાસનું ઈઅંતર ભાંજી નાખીઉં હતું. તે વાત રીચરડને ખબર હોવાથી અને ગામમાં ચાલતી ગડબડ તેને માલમ પડવાથી તે બીધો, અને પોતાનું ઈઅંતર લઈ તીઆંથી જતો રહઓ, તે નોટીંગહેમ નામનાં ગામમાં ગએઓ. તીઆં જઈ તેણે એક શાહુકાર પાસે નાંણાંની મદદ માંગી, જેનાં બદલામાં તેણે પોતાની શોધમાંથી થનારા નફામાંથી ભાગ આપવાને જણાવીઉં. એ કબુલાતે તે શાહુકારે રીચરડને નાંણાં ધીરીઆં. પણ તેનો સાંચો જલદી તઈઆર ન થવાથી તેઓએ પોતાનાં નાંણાં પાછાં માંગીઆં, અને તેને એક બીજા સખસની મદદ લેવાને જણાવીઉં, જેણે સટાકીંગસ વણવાનો સાંચો શોધી કાહડેલો હતો, અને તેને માટે તેને પેટંટ મલેલો હતો. રીચરડ તેની પાસે ગએઓ, અને તેને પોતાનો સાંચો દેખાડીઓ, જે જોતાંજ તેને લાગીઉં કે એમાં એ ખચીત પાર પડશે. તેણે તરત રીચરડને જોઈતાં નાંણાં ધીરીઆં, અને તેને જે તે સાંચાનો પેટંટ મલે તેમાં પોતાનો ભાગ કીધો. અંતે રીચરડ પોતાની મતલબમાં ફલદરૂપ થએઓ, એટલે તેનો સાંચો તઈઆર થએઓ, અને તેને માટે તેને ૧૭૬૯ માં પેટંટ મલીઓ.

પણ એ પરમાંણે રીચરડ પોતાની મતલબમાં ફતે પાંમીઆથી કંઈ તેનો દાહાડો ફરીઓ નહી, પણ ઊલટો વધારે આપદામાં આવી પડીઓ. જેવો તેને પેટંટ મલીઓ તેવુંજ તેણે કરેમફરટ નામનાં ગાંમડામાં એક મોટું રૂ કાંતવાનું કારખાનું કાહાડીઉં, અને તેમાં પોતાના સાંચા ગોઠવી કામ ચલાવવા લાગો. એ મામલો જોઈ લાનકેશાઅરના સઘલા વણકરો, જેઓ અતીઆર શુધી હાથે કાંતી, વણીને ગુજરાન કરતા હતા, તેઓ ગભરાએઆ, અને રીચરડને જેમ બને તેમ હેરાન કરવાનો થઘવ કીધો. તેઓ સઘલા બીચારા રીચરડના દુશમન થઈ લાગા, તેની ઊપર તરેવાર તોહોમતો મેલીઆં, તેના કારખાંનામાં કંતાએલું શુતર સઘલાઓએ ખરીદવાને બંધ કરીઉં, અને અંતે તેનાં કારખાંનાંનો નાશ કરી, તેની ઊપર એક મોટું તરકટ ઊઠાવી, નેઆએની દરબારમાં ઘસડી લઈ જઈ, તેનો પેટંટ છીનવી લીધો.

રીચરડ ઊપર આવી મોટી આફતો પડી, અને છેક લાઇલાજ થઈ ગએઓ, પણ તે છતાં તે હરી ખાઈને બેઠો નહી. તેણે ફરીને ભારે કોશેશ કીધી, અને દરબીશાઅરમાં તથા નીઊલેનારક નામના ગામોમાં બે મોટાં કારખાંના ઊભાં કીધાં. એ કારખાંના પછે ધમધોકાર ચાલવા લાગાં, અને તેમાંથી રીચરડને મોટો નફો થવા લાગો. તીઆર પછે થોડેક વરસે તેનું આગલું કારખાનું, જે તેનો ભાગીઓ ચલાવતો હતો, તે પણ તેનાં મરણથી તેનાં હાથમાં આવીઉં. એ તરણે કારખાનાં ઘણી સારી રીતે ચાલવા લાગાં અને તેમાંથી પુષકલ નફો થવા લાગો. અંતે રીચરડ એક મોટો દોલતમંદ અને જાણીતો પુરૂસ થઈ ગએઓ, અને છેલે તેને "સર" નો માંન ભરેલો ખેતાબ મલીઓ.

એ પરમાંણે સર રીચરડ આરકરાઈટ એક ગરીબ મા બાપનો છોકરો છતાં, અને જાતનો એક હજામ હોવા છતાં, તે પોતાની જાતી ચંચલાઈ, ઊદીઓગ અને હીમતથી આગવ ચાલતાં ઈંગલંડ સરખાં મોટાં દેશનો એક ઊમરાવ થઈ ગએઓ. ગરીબ માંણસને જેઓ હલકાં ગણી ધીકારે છે, તેઓને આ દાખલા ઊપરથી કેવો ધડો મલવો જોઈએ !

## માંણસ અને તેનું કદ.

પારસી, હીંદુ, મુસલમાંન, ખરીસતી વગેરે સઘલી વરણનાં ઘણાક લોકોમાં એવું માંનવામાં આવે છે કે, હાલમાં માંણસો જીવે છે તેનાં કરતાં અસલનાં વખતેમાં ઘણી લાંબી મુદત શુધી એટલે પાંચશોથી હજાર વરસ શુધી જીવતા હતા; અને તેમજ હાલમાં માણસનું જેટલું કદ છે તેનાં કરતાં તેમનાં કદ પણ ઘણાજ મોટાં, એટલે વીશ, પચીશથી પચાશ ફુટ વેરનાં બલકે તેથી પણ વધારે હતાં. જોકે આજે ઘણા લોકો એવું માને છે ખરા, પણ તે વાતની સચાઈ ઊપર મુદલ ઈતબાર આવતો નથી; અને કુદરતનાં નીઅમ તરફ જોતાં તે બીલકુલ માની શકાતી નથી. માણસ ઘણામાં ઘણું સોની ઊપર થોડાંક વરસવેર જીવી શકે છે, તથા ઘણામાં ઘણું આઠ ફુટ શુધી ઊંચુ મલી આવે છે. એવા દાખલા ઘણાક જણાએલા છે, અને તે ઊપરથી તે માનવાને સબબ મલે છે; પણ એથીબી વધારે વરસ જીવે તથા એથી વધારે કદનાં હો

ઓ, એમ બની શકવું માહાલ છે. એમ આપણે અટકલેજ કહીને બેશી નહી રહીશું, પણ તેની આપણી પાસ સાબેતીઓ છે. મીસર દેશનાં અશલી રેહેવાશીઓ પોતાનાં મુરદાંને જે દવા ભરી જાલવી રાખતા હતા, તેમાનાં આજે હજારો વરસનાં મુરદાં આપણા જોવામાં આવે છે, તેમનું કદ હાલનાં માણસોનાંજ જેટલું છે. એવી જાતનુ ૩૦૦૦ વરસનું સઊથી પુરાણું એક મુરદુ મીસરની મોટી પીરેમીડમાંથી મલીઊં છે, તેની લંબાઈ ૬ ફુટથી જરાકજ વધારે છે. હજારો વરસની જુની અને ભાગી ગએલી ઈમારતો જોતાં તેમાં દાખલ થવાનાં દરવાજા વગેરેની ઊંચાઈ હાલનાં જેટલા માણસોને બસ આવે એટલીજ છે. તેમજ હજારો વરસની તલવારો, તથા લડાએક પુરશોનાં બખતરો હાથ આવીઆં છે, તેઓ પણ હાલનાં માણસોને બેસતાં આવે એવાં જણાએઆં છે. તે છતાં પલીની, પલુટારખ વગેરે ગરંથ કરતાઓ નહી મનાએ એવી માણસોની લંબાઈ લખી ગએઆ છે, જેમ કે, પલુટારક લખે છે કે સારબોનીઅસે એક ઘોર ઊખેડી જેમાં ૧૦૫ ફીટ લાંબુ એક માણસનું ખોખું પડેલુ જોઇઊં, પલીની લખે છે કે કરેટી નામની જગાએ એક મોટો ધરથીકંપ થએઆથી એક માણસનાં હાડકાં નીકલાઆં હતાં, જેમાનાં એકની લંબાઈ ૮૧ ફીટની હતી, અને કરચનર નામનો ગરંથકાર લખેછે કે ચઊદમી સદીમાં સીસલી મધે તારાપાની નામની જગા આગલનાં એક ખોહોમાંથી એક માણસનું ખોખું મલી આવીઊં હતું, જેની લંબાઈ ૩૦૦ ફીટની હતી (?) અને તેનાં એક દાંતનું વજન આસરે ૪ રતલનું હતું, ને સઘલામાં, નામીચો લુચર શાસ્ત્રી કુવીઅર કહે છે કે, તેઓ મગર, હાથી વગેરે બીજા ઘણાંક મોટી જાતનાં જાનવરો અસલ આ જમીનપર વસતાં હતાં, તેમનાં હાકડાં જોઈને તેઓ ઠગાએઆ છે. એ સઊથી નામીચો પંડીટ પણ એમજ કહે છે કે, માણસની ઊંચાઈ હાલમાં આપણા જોવામાં ઘણામાં ઘણી ઊંચી આવે છે, તેનાં કરતાંને વધારે કોઈ વખતે ન હતી.

જોકે માણસની સાધારણ ઊંચાઈ સાહાડા ચારથી છ કે સાહાડા છ ફીટની હોએ છે, પણ જેમ કોઇ કોઈ માણસો ઘણાજ ઠીંગણાં મલી આવે છે, તેમજ કોઈ કોઈ એ કરતાં વધારે લાંબા પણ મલી આવીઆં છે. કહે છે કે શાહાનશાહ કલાડીઅસનાં વખતમાં રોમમાં એક સખશ હતો, જેની ઊંચાઈ ૧૦ ફીટની હતી, અને તેને આરબસતાનથી લાવવામાં આવીઓ હતો. પરોસેરેસીઅસ નામનો એક ઈઊનાની ફીલસુફ હતો, તેની ઊંચાઈ ૯ ફીટની હતી. પણ એવો અસલનો વખત પડતો મેલી આ ચાલુ વખતમાં પણ એવા અસાધારણ ઊંચાઈનાં કેટલાંક માણસો જણાએલાં છે. લેનકેશાએર નામનાં પરગણામાં જોન મીડલ્ટન નામનો એક શખસ રેહેતો હતો, તે ૯ ફીટ ને ૩ ઇંચ ઊંચો હતો. પારસનનો એક લોહાર ૭ ફીટને ૨ ઇંચ ઊંચો હતો, અને ફરેડરીક ધી ગરેટનો એક સુઈડીસ સીપાઈ ૮ ફીટ ને ૬ ઇંચ ઊંચો હતો. પેટરીક કોટર નામનો એક આએરલંડનો રેહેવાશી જે ૧૭૬૧ નાં વરસમાં જનમાઓ હતો, તેની ઊંચાઈ ૮ ફીટ ને ૭ ઇંચની હતી, અને તેનાં હાથનાં પોંહોંચાથી વચલાં આગલાનાં નખ શુધી હથેલીની લંબાઈ ૧૨ ઇંચની હતી; અને તેનાં પગનો જોડો ૧૭ ઇંચનો હતો. બીગશેમ નામનો ઈંગલંડનાં એક શાહજાદાનો નોકર હતો, તે ૮ ફીટ ૪ ઇંચ ઊંચો હતો, અને ૧૮૦૮ નાં વરસમાં લનડનનાં એક ઓપેરા હાઊસમાં એક રાખશશની જગાએ ખેલ કરવા આવીઓ હતો.

એ પરમાંણે જોતાં માંણસની ઘણામાં ઘણી ઊંચાઈ ૯ ફીટની માલમ પડી આવે છે, જે જોતાંજ આપણે અચરતીમાં પડીઆ વગર રહીએ નહી. એથી વધારે ઊંચાઈનાં માણસ આજવેર કોઈને નજરે પડીઆં પણ નથી, અને આગલ તેવાં હતાં એવી કશી સાબેતી પણ મલતી નથી, જેથી એવી વાતો એક કથા તરીકે હોએ એમ માલમ પડે છે.

## સ્ત્રી દરપણ.

### ધાનપર ધાર આવી !

ઓ ! ઓ ! ઓઓઓ ! ઓ માએરે ! ઓ ! ઓ ! ઓ કોઇ લેઓરે ! ઓઓઓ ! (પાસલું પકડીને)

શીરીનબાઈ—અરેરે ધનમાએ, વરી શું થઇઉં ? વરી કાંએ ઓ ઓ કરવા પડેઆં ?

ધનમાએ—ઓ માએ, ઓ ! ઓ ! અરે માએ, ઓ ઓઓ !

શીરીન૦—મરેરે શું થઈઉં બોલોની ! વરી શાંના ઓઓ કરોચ, શું છે ?

ધન૦—અરે માએ જોની, ઓ ! મરેરે જરા ઓ અઃ! અરે માએ ચપરે મારીથી બોલાતું નહી.

શીરીન૦—મરેરે શુનાવહુ, બેસીને જોએઆ કરેચ તે કંઈ ભર ચોપરની ; મરેરે શું થઈઉં વરી, હમણાતો કેહેજે સારાં થએઆંતાં, જરા જરા ઉઠીને ફરતાંતાં ને વરી એ કાએક ઓ ઓ શાના કરવા પડેઆં ? નહીતો મરે ડાકટરને બોલાવની.

શુના૦—તમે બોલોના શીરીનબાઈ, મારો પીઓ પાકી જાએચ, ને મને ચીર લાગેચ. હું શું કરૂં, મારો જીવ કાહાડું ! જે માણસ કહેલુંજ નહી માને તેની સાથે શું કરૂં ! કેજીએચ તે કાઈ સમજતાબી નહી ને માનતાંબી નહી.

ધન૦—ઓ ! ઓ ! ઓ ! માએરે ! ઓ અઃ ! કોઈ લેઓરે ! ઓ માએ.હવે શું કરૂં.

શુના૦—કંઈ નહી, મુઆં તમે એવેજ લાગના છો તમારી પર આટલું બધું પરેચ તોબી તમે સમજતાં નથીઃ હવે જોઈએતો પરીને બુમ પારો કે ગરી જાઓ, હું શું કરૂં તેને.

ધન૦—અરે હારે, ઓ ! હું જાંણુંચની, ઓ ! ઓ ! કે ઓઓઓ ! તારા પેટમાં, ઓ ! જબરી અળીતરી ભરાએલીછે ! અ.રે ! તે તું કાંહાંથી મને જોએ ? ઓ !

શુના—જોવની, હજુ એવણના બોલતો સાભલો. કેહેવતછે કે "દોરડી બલે પણ તેનો વલ નહી જાએ," તેમ મુઆં મરેચ, પરીને બુમ પારેચ, તોબી પોતાનો તનકો છોરેચ ? એવણની પછવારે આજ તન તન મહીના થએઆ ચાકરી ખાંઉચ, તે એવણ જરાબી જોએચ ? મુઆ એવણની એવી ચાલે હણમાર થાએચ, અને ઉપરથી દુખી પણ થાએચ.

શીરીન૦—પણ હમણાતો સારાં થએઆંતાં, ફરતાતાહરતાંતાં, ને વલી એકાએક આજે શું થઈ આઈઉં ? ને કેટલા દાહારા થએઆ કોઈ જાણતુંતું નહી ને ?

શુના૦—હું શું કરૂં માએ ? માને તેને કેઉં નહીતો કોણને કેહું ! ઉંતો બેવરા મારામા આવીને પરીચ. રાત ને દારો, શીરીનબાઈ માએ, તમે ખોદાના બંદાં હોએતો માનજો, એવણની પછવાડે એક વંતરીનો અવતાર લીધોચ, મારાં શુંનાં જેવાં બચાંને રરાવી ટવલાવી પેહેલું એવણનું કરવા જાઉંચ, ને તોબી એવણના બોલતો તમે હમણા સાંભલીઆ, અને વરી તેણાના પેરમાં આવશે તારે જુદું બોલશે કે—મારાં માએની કોઈ ચાકરી નથી કરતું ! હવે ચાકરીની કરનારી શું જીવ આપે ? જે માણસ વારી ઉંજ વરે નહી તેને પછી કેમ કરીએ ? એવણતો જેમ ઘરડાં થએઆંચ તેમ પેલા થતાં જાએચ. તારે હું શં કરૂં કંઈ મારો જીવબીવ કાહારૂં ? બલા લે', તેમ થતું હોએતો તેમબી કરૂંઃ કરૂં શું હવે ?

ધન૦—ઓ ! ઓ ઓ ઓ ! ઓ ! તારાં મહીરાં મરે રે ! ઉઠ અહીંથી.- ઓ ! તું મરે ચાકરીની કરતી, તું ચાકરી કરતી હોએ, ઓ ! તો જોઈએ શુંઃ ઓ ઓ ! તુંજ કહેઆ શારની હોએતો દુખ શાંનુંછે ! ઓ બાપરે ! કોઈ મારૂં પાંસરૂં ચાંપોરે ! મરેરે મહીરાં મુઈ, ઓ ઓ ઓ ! જરા કોલનવાટરતો ભર.

શુના૦—જુવોની, જુવોની એવણની જીભ હજું. મુઆંને શું લરવાનો બરોછે ! કંઈ નહીં, કઈ નહીં તમારે ગમે તે બોલોઃ તમેતો હવે છેક ઘેલાં થઈ ગીઆંચ, હું જાંણુંચઃ તમે ગમે તેટલી ગાર દેઓ કે બેર દેઓ, હું કંઈ તેની પરવા કરતી નથી, કેમકે હુંતો તમુને મારાં માએ જેવાં ગણુંચ, ને તમારૂં કરૂંચ, પછી તમારે ગમે તે બોલીઆ કરો; પણ આજે તમુને કંઈ ભરવાનીબી નહીં, ને ચોપરવાનીબી નહીંઃ જોઈએતો મરી જાઓ ! મારો છોકરો રરીને અરધો થાએચ.

ધન૦—ઓ તું મરે રે બોલતી. ઓહઃ !

શીરીન૦—લાવો ધનમાએ હું કોલનવાટર ભરૂં, મને કેહો કહી જગાએ. તેનોબી છોકરો રરીને ગોધીઆરૂં કરેચ તે તેબી શું કરે ? ને વરી ઉપરથી બોલ એવા બોલોચ કે, કોઈ આગર ઉભું રેહેતું હોએ તેબી ઉભું નહી રેહે.

ધન૦—ઓ માએ તારૂં પેટ તાહારૂ રેહે જરા ભરરે, ભર રે મરી જાંઉં, ઓ ઓ ઓ અઃ ! જરા અહીં પાંસલીપર ભર મરી જાંઉંઉંઉં.

શીરીન૦—ચાલો, હાથ ખીસારો, મને ભરવા દેઓ. એ હમણા નરમ પડી જશે.

ધન૦—ભર રે મરી જાઉં, ભર પેટ તાહારી, ઓ અઃ ! માએ જરા આસતે, માએ જરા આસતે એ એ એઃ ! ઓ ઓ ઓ. જરા અલગે હાથે ચોરનાં મરી જાઉં, જરા અલગે હાથે.

શીરીન—કંઈ નહીં, કંઈ નહીં, ધનમાએ તમે હાથ ખીસારો હું અલગે હાથેજ ભરૂંચ. પણ મને કેહોની, વરી એ એકાએક શાને થઈ આઈઉ ?

ધન૦—અરે માંએ કંઈ નહીરે કંઈ નહીં, ઓ હનારી કુંવરબાઈને તાંહાં આજે આદરની ગેઈ તે, ઓ ઓ ! તેને તાંહાંથી સધરાણાનું ભોણું આઈઉં તેમાંનાં જરા ધાનપર ધાર આવી રે માએ, જરા ધાનપર ધાર આવી, ઓ ! ઓ ! ઓ ઓ ઓ ! જરા ધાનપર ધાર આવીઃ જરા ધાનને દહી કરીને ખાધું. ઓ ઓ ! મારૂં ઘણા દાહારાનું મોનું મોરાઈ ગેલું હતું, તે ઉઠીને બે બુક ખાધુંઃ તો મહીરા મુઈ, ઓ ઓ ! એ દુકતીએ ઉપરથી એવો અવાર કુટો કીધો કે, અંતે મને તે જરીઉંજ નહીં; ઓ ઓઓ ! જરીઉંજ નહીં રે માએ ! એ ચોટલા બરીએ જે કહીઉં તેજ થઈઉં. એમ ભર મરી જાંઉં, ભર માએ, હવે મને જરા જરા કરાર થાએચઃ ભર રે તારૂં પેટ તાહારૂં રેહે.

શીરીન૦—મરે રે મુઆં ધન માએ, તમે કંઈ મરી ગીઆંતાં, તમુને આવો સરદીનો પોકો થએલો, ને ઉપરથી ધાન ને દહીં ખાધું. તમુને ડાકટરે શું કહીઉંચ, કે પીલાંનો સેરવો ને પાઉં અથવા રોટલી સીવાએ બીજું કંઈ ના ખાતાં, તારે તમે ધાન ને દહીં ખાધું ! ને વરી તમારી વહુએ તમુને તે ખાવા નાં કહીઉં તારે તમે તેને બોચારીને આવી ગાર દેઓમ ? તમે સાંભલીઉંતું નહીં, ડાકટર તમુનેબી અને તેનેબી કેટલું કહી ગએઓતો ?

ધન૦—ડાક્ટર મરે રે, ઓ ઓ ! ડાક્ટરોએ મુઆ એઓએજ એ વધારીઉંતો. તે મરે રે, મારા ગનઅતુરાઝને ઓ લાવેઓ હોતતો કીઅેદારની મને સારી કરી ગીઓ હોતે. એ મુઆઓ એમ નહી કેહેતો કેમ કેહે ? ઓ ! એતો મુઆ કાલ ઉઠીને કેહેશે કંઈજ નાં ખાઓ, તો તેમ કંઈ કરાએ માંએ ? એતો મુઆ એમજ કેહે.

સીરીન૦—મરેરે ધનમાએ, તમારી જીભ ચાલેચ કે બલા ! બીચારા ડાક્ટરને શું કરવા ગાર દેઓાચ ? તે બીચારાએ તમારૂં શું નરશું કીધું ? તેણેતો તમુને કેટલો ફેર પારેઓ, નહીતો આખી આખી રાત બુમ પારતાંતાં તે જાણુતાં નહીં ? પણ તમેતો, આએ પરમાણે, કોઈનાં કહેઆસર ચાલતાંજ નહીં દેખું તે પછી સારૂં તે કેમ થાએ, અને તેમાં ડાક્ટર તે શું કરે; કોઈ દુશમેનનો જીવ આપે ?

ધન૦—હા માએ હા; મનેતો ખાટું ખાધા વગર નહીં ચાલેજો મારોતો જીવ જાએ તોબી ખાટાં વગર ગરે બુક નહીં ઉતરે. જોની માએ, જારે મને તાપ આવેકેની, તારે માંએ મરૂં મારો રશતમજી કેહેકે, માએ, ડાક્ટરને તાંહાં જાઓ. વરી આએ દુકતી કેહે કે, ચાલો સાસુ મારી સાથે ડાક્ટરને તાંહાં આવો; ઓ ઓ ! પણ જો તેમ કીધું, તો પુરી મરવા પરૂં. મુગી મુગી આમલી નાખીને ખાટું ખાટું માછલીનું દોહારૂં ને ધાન અથવા ખીચરી ખાંઉ, એટલે બે દાહારામાં સાહાજી થઇ જાઉં. ને મુઓ ડાક્ટરતો કેહે કે કાંજી વગર ઓઅ ! બીજું કંઈજ ખાતાનાં, કલેજી મુઆનું: બે દાહારામાંતો ધોરા જેવી થઈ જાઉં.

શીરીન૦—તે તાહારેજ પછી એમ જરોચબીતો, મુઆં, તે પછી એમ વેઠવું પરેચ તે આ જોઓાચ કેની ? એ બધી મોહોકાંન તેની. શું જેવું ખાઓ તેવુંજ તે લાગેકે ? તે ધીમે ધીમે પચી પચીને પછી એકદમ નીકરે. વલી આએ એકજ દાહારામાં જણાઈઉં કેની ? તમે કેવાં સાહાજાં થએલા જરા મોનું વસ નહી રાખવાથી આ પાછાં પરેઆં. એ જોવોચકેની ?

ધન૦—હા માએ, હા; તે ખરી વાત; તેતો હુંબી જાણુંચ, પણ કરૂં કેમ ? મારીથીતો ખાટાં વગર એક પલ નહીં રેહેવાએ.

શીરાન૦—મરો તારે આ એમ પડીને બુમ મારેઆ કરો. વારૂં ચાલો, હવે જરા ચસકા નરમ પડેઆચ, તેટલે બંડુસ હોરીને દાબીને સુઈ જાઓ; હવે એ નરમ પડી જશે. ને સવારે ડાક્ટર આવે તેને કેહેજો.

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૩૦.

પીઆરાં બેન,

છેલાં પતરમાં, મેં તમોને જણાવીઊ હતું કે, હજુતો હું મીસરમાંજ છું, અને હવે પછે કીઆં જદેશ તે લખી શકતો નથી, કેમકે તે વીશે હજુ કશો ઠરાવ કરીગો નથી. પણ બેન, હવેતો અહીથી, આફરીકામાં, આગલ જવાનુ માંડી વાલીઊ છે, કેમકે હાલમાં અહીં મને એક સારાં માણસ સાથ મીતરાઈ થઇ છે, અને તે લગભગ આખા આફરીકા ખંડમાં ફરી વલેલો છે, તે કહે છે કે, હવે, એ ખંડના બીજા ભાગમાં કાંઇ ઝાઝુ જોવા જેવું નથી, અને વલી તેવી જગાઓમાં ફરતાં, તીઆંના લોક ઘણા જંગલી અને ઝનુની હોવાથી જીવનુ મોટું જોખમ ખેંચવું પડે છે. તેટલા માટે હવે એ ઊજડ દેશ છોડી બીજી ગમ જવાની ગોઠવણ કરી છે. પણ તેની આગમચ ઊપલો મારો મીતર જે જે, આફરીકાના ભાગ જોઇ આવેલો છે, તેની તણે સેહજ, મારી આગલ વાત કરી છે, તેનો ટુક સાર તમોને લખી જણાંઊ છું.

તમે જાણતાં તો હશો કે, આફરીકા ખંડની અંદર એક મોટું જબરૂં રેતીનું રણ છે. જે સેંકડો ગાઊ લાંબુ તથા પોહાલું છે. એ રણનો એવો બોહાલો વીસતાર હોવાથી, અને તે સઘલું ઊજડ અને રેતીથી ભરેલું હોવાથી તે એક મોટો રેતીનો સાગર ગણાએ છે. એ રણમાં રેતી સીવાએ બીજું કશું નથી, અને તેમાં તાપ એટલોતો પડે છે કે, માણસ અથવા જાનવરોથી ખમાતો નથી. તોપણ બેન, તમે જાણો છો કે માણસ જાત કોણથી ડરી બેઠું છે કે, એ રણથી બીહીને બેસે; તેથી એ રણમાં પણ કેથે કેથે માણસો વસે છે, અને તેમાં માણસો મુસાફરી કરી આએ પારથી પેલે પાર જાએ છે. એ રેતીન સાગરમાં મુસાફરી કરવાને ઈશવરે એક જાતનાં જીવતાં વાંહાણ (!) કરી આપેલાં છે, તે ઊપર બેસી માંણસો તેમાંથી આવજાવ કરે છે. તે જીવતાં વાંહાણ તે ઊઠ છેઃ ઊઠની ઊપર તીઆંનાં આરબો બેસી ટોલબંધ એકઠા થઈ તેમાં મુસાફરી કરે છે. એ દેશમાં ઊ



ઠને એજ કારણને માટે ઈશવરે પેદા કરીઆં હોએ એમ લાગે છે, કેમકે તેવાં રણમાં મુસાફરી કરતાં ઘણાક દાહાડા શુધી અન કે પાંણી મલતું નથી, અને વખતે મુસાફરી કરનારા માંણસો પણ પાંણીની તાનથી મરણ પણ પામે છે, તે સઘલા સંકટથી મોકલું રેહે એવું તેને કરીઊં છે, એટલે તે ઘણાક દાહાડા શુધી ભુખું તરશું રહી શકે છે, અને વલી તેવી હાલતમાં પોતાનો મારગ કાપતું જાએ છે. એ રણમાં મુસાફરી કરનારાઓ ઊપર કાઈ કાઈવાર મોટાં સંકટો આવી પડે છે, જેથી ઘણાકો મરણ પાંમે છે. તીઆં તાપ અતી શઅ પડે છે, તેથી મુસાફરોનાં તરસે ગલાં શુકાએ છે; અને તેવામાં જો વચે પાંણી ખુટી ગઈઊં તો તેમનાં પરાંણની ઘાત પણ થાએ છે. એવી રીતે તરસથી પીડા પામતાં મુસાફરો તે રણમાં ઘણીવાર ઠગાએ પણ છે. તે એકે તીઆંની રેતી ઊપર સુરજનો પરકાશ પડવાથી વખતે દુરથી રેતીનો કેટલોક ભાગ એવો ચલકતો જણાએ છે કે તે જાણે પાંણીની નદી હોએ એવું લાગે છે. તે જોઈ તે બાપડો નાચાર થએલો મુસાફર તે તરફ દોડે છે, પણ જઈને જોતાંતો તે માતરે રેતી નજર પડે છે. એને મરગજલ કરી કહે છે. એ સીવાએ બીજી આફત એ પડે છે કે, કાઈ કાઈવાર તે રણમાં પવનનું તોફાંન ઊઠી આવે છે, જેની સાથે એટલીતો રેતી ઊડે છે કે ખરે બપોરે મધ રાતનાં સરખુ અંધારૂં થઈ જાએ છે, અને તેમાં બાપડા મુસાફરો ડટાઈ મરણ પાંમેછે.

એ રણ છેકજ ઊજડ નથી, પણ તેમાં કેથે કેથે પાંણીનાં ઝરા હોએ છે, જેની આસપાસ ઝાડ વગેરેની લીલોતરી થઈ રેહેલી હોએ છે; અને તેમાં માણસો, થોડાંક ઢોરની સાથે વસે છે. એવી દરેક જગા દુરથી બેટના સરખી લાગે છે, કેમકે જેમ એક ખરા બેટની પાસે ચોમેર પાણીજ પાણી હોએ, તેમ તેમની પાસે ચોમેર રેતીજ રેતી છે. તેથી તેને રણના બેટ કરીનેજ કહે છે. એ બેટમાં વસનારા લોક સીધીની જાતના આરબ છે, અને મહમદી ધરમ પાલેછે. તેઓ ઘણા જંગલી અને ઝનુની છે તેથી તેઓ હરેક પારકા મુસાફરને જોઇ બનતાં શુધી તેને લુટી લઈ મારી નાખવાની કોશેશ કરે છે. મારો મીતર, જેણે એ વાત મારી આગલ કરી છે, તે પણ એકવાર, એ રણમાં મુસાફરી કરતાં, એવા બેટમાનાં જંગલી માણસોના હાથમાં સપડાઈ ગએઓ હતો, તે



વામાં જો તરત મદદ મલી આવી ન હોતેતો તેને બેશક મારી નાખીઓ હતે. તેની એ વાત એવીતો ભઅંકર છે કે, તેનો વીચાર તમારાં મનમાં આવે તેને માટે તેનું એક ચીતર પાડી તમારી ઊપર મોકલુંછું. એવા બેટમાં શીમુરગ ઘણાં નજર આવેછે, અને તેમને તીઆંનાં લોકોએ એવાતો પાલેલા હોએ છે કે તેઓ તેમનાથી જરાએ બીહીતા નથી. એ શીમુરગ




પકશીઓની જાતમાં સઊથી મોટું જનાવર છે, અને તેઓ આફરીકામાંથીજ મલે છે. કેથે કેથે એશીઆ ખંડમાંથી પણ મલે છે, પણ તીઆંના જેટલા નહી. એ પકશીઓનું કદ ઘણું મોટું હોવાથી તેમનાંથી હવામાં ઊંચે ઊડી શકાતું નથી, પણ તેઓ એટલીતો ઝડપથી દોડી શકે છે કે, જેની બરોબરી ઘોડો પણ કરી નહી શકે. તે સાથે તે બેટોમાં એક જાતનાં હરણો પણ ઘણા વસે છે, જેમનો તીઆં વસનારા સીંહ વગેરેનાં જનાવરો શીકાર કરેછે.

એ મારો મીતર, આફરીકાની દકશોણ બાજુએ, જેને કેપ કરી કેહે છે, તીઆં પણ તે ફરી આવેલો છે. તે કહેછે કે, તીઆં અસલ સીધીઓ તથા હાટેનટાટ જાતના લોકો વસતા હતા, પણ કીનારે કીનારે જગાઓ ઊપર, પરથમ ડચ લોકોએ પગ પેસારો ક

રી તેમને અંદર હાંકી કાહાડીઆ, અને તે જંગાના ધણી તેઓ થએઆ. પાછલથી તે જગા અંગરેજોનાં હાથમાં આવી, અને તેઓએ તીઆં સારી વસતી ત સુધારો કરેઓ. તેને આજે કેપકોલોની કરી કહેછે. એ કેપકોલોનીની ઊતરે હજુ હાટંનટાટ જાતનાં લો



કો વસે છે, જેઓ ઘણાજ ઘાતકી તથા ખાઘરાછે. એ ભાગમાં હરણો એટલાંતો વસેછે કે વખતે દશ હજાર ઊપરનાં એકકાં ટોળાં જંગલમાં ચરતાં માલમ પડેછે. તેમનો, તે જંગલમાં વસનારા જબરા શીંહો શીકાર કરીને ખાએ છે. કોઈવારતો તે પાદશાહી જનાવર ટોળાં ઊપર એકદમ હુમલો કરે છે, અને કોઇ વારતો એક જગાએ ઊભો રહી, મોઢું નીચું કરી એક જોરથી બરાડ મારે છે, જે સાંભલતાં તે હરણનું ટોળું વીખરાઈ જઇ ચોમેર દોડી જાએછે, તેમાંથી જે નાહાસતું તે સીંહની જગા આગલ જઈ લાગું તે તેનાં પંજામાં ફસી જાએ છે. આફરીકાના એ ભાગપર પશચીમ તરફ પુશકલ હાથીઓ થાએ છે, અને તેમનાં પણ જબરાં ટોળાં ભટકતાં નજર પડે છે. તે હાથી



કદમાં ઘણા મોટા નથી, પણ તેમનાં દાંત ઘણા લાંબા હોએ છે. તે દાંત, તીઆંનાં સીધીઓ, ઈઊરોપીઅન વેપારીઓને, ધાતુ, દારૂ, કપડાં વગેરે વસતુઓને બદલે આપે છે. વાહાલાં બેન, એ સીવાએ તેણે મારી આગલ બીજી ઘણી વાત કીધી છે, પણ તે જરા પીજન સરખા મને લાગવાથી તે વાંચવાની તમોને તસદી આપવાંને ઝાજી જરૂર જોતો નથી, માટે હાલતો એજઅરજ.

હું છું તમારો,
વાહાલો ભાઈ.

# કીમતી પથરાઓ.

ભાગ ૪ થો.

## શેફાએર, શનીસ્ચર, અથવા નીલમ.

## એમેરલડ, પાનું, જમરૂદ અથવા લીલમ.

શનીશચર માણેકને એટલુંતો મલતું આવે છે, કે ધાતુની પરીકશા કરનારાઓ એ બેહુ રતનોને એક જ વરગમાં મુકે છે, અને એઓમાં ફરક માતર એટલો જછે કે શનીશચર માણેકના કરતાં વધારે શકત છે—એક ખરાં શનીસચરનો રંગ ખોલો આશમાની હોએ છે પણ ઘણાખરાંની અંદર ઊપલાજ રંગની ઊંડી છાંટ હોવાથી તેઓની ખુબસુરતી અને કીમતમાં મોટો ફરક પડે છે. શન ૧૮૫૧ ના સંગરહસથાનમાં એ જવાહરનો મોટો જથો મુકવામાં આવીઓ હતો જેઓમાંના એકમાં એવી ખુબી હતી કે શવારના ભલુ અને રાતના એમેથીશટ ઈઆને મરટીજના જેવું તે દેખાતું હતું.

આ રતન ઘણું પારદરશક ન હોવાથી તેને હમેશાં ખોલું રાખી તેની આશપાશ મોતીના છુના દાંના જડવામાં આવે છે. એ જવાહેર માણેકના કરતાં ઊતરતી કીમતનું છે. એક સારા શનીશચરનાં લંડન તથા પારીશના બજારમાં એક કેરટે ૧૫ થીતે ૨૦ રૂપીઆ ઊપજેછે પણ બીજા જવાહેરોની માફક જેમ કદ અને રંગમાં ફેર પડતો જાએ છે તેમ તેની કીમતમાં પણ અજાએબ જેવો ફરક પડે છે—જેમકે ફરાંનશ મધે એક વેલાએ ૬ કેરેટના એક શનીશચરની કીમત ૧૭૪૦ ફરેંકની ઊપજી હતી તેમજ ૬¾ કેરટનાની કીમત ૧૫૦૦ ફરેંક આવી હતી. મોટામાં મોટું શનીશચર હાલ આવાના રાજા પાસે છે જે વજનમાં ૯૨૧ કેરટછે, પણ ખાધ અને એબથી તે કાંઈ ખાલી નથી.

શનીશચર વીશે જેવા આપણા લોકોમાં વેહેમછે તેવાજ આગલ ઈઊરોપીઆંનોમાં હતા. એવું કેહછે કે જો તેને કોઈ છાકરો અથવા બદ નજરનો આદમી પેહડતો હતો તો તે પોતાનું પાણી તથા ખુબસુરતી તદન છોડી દેતું હતું. જે કોઈ શખસ તેને પેહડતો હતો તેની નજર પાખ રેહતી હતી અને ચાંમડીનો રોગ તેને કદાચજ થાતો હતો—કપાલ ઊપર મુકીઆ અથવા પેહડીઆથી હરશ અને એવાજ બીજા રોગો જેમાંથી

લોહી વેહતું હોએ તેને તે બંધ પાડતું હતું—અને તેની શામને વારેઘડીએ જોએઆથી આંખનું તેજ વધતું હતું અને એની ભુકી આંખમે આંજી હોએતો ધુલ અથવા હરકોઈ જીનું જાનવર આંખ મધ્યે ગએલી હોએ તેને તે કાહાડી નાખતું હતું અને શહીએડ અથવા એવાજ બીજા રોગોથી આંખ ખરાબ થઇ હોએતો તે સારૂં કરવાને આએ જવાહેર શકતી ધરાવતું અને એનો ભુકો જો દુધમાં પીધો હોએતો તાવ, જેહર, મરકી અને હીશતરીઆ જેવા દુખોને તે દુર કરતું હતું—જેહરી જનાવરોને મારી નાખવાને એ અશલના વખતમાં ઘણુંજ કામ લાગતું હતું. કેહછેકે એક જેહરી કરારીઆને શોશીની અંદર મુકી તેની અંદર એક શનીશચર નાખીએ હોએતો તે કરારીઓ તરત મરણ પામે છે. ઈશિરોપખંડના ધરમગુરૂઓ આ જવાહેરને હમેશાં પોતા પાશે રાખતા હતા કાંએજે તેઓ હેવું ધારતા હતા કે તે પેહડીઆથી સારા અને પાક વીચારો ઊતપન થાતા, ટુકામાં એ જવાહેરને દરેક જાતના દુખ અને આફતમાં અકશીર ધારવામાં આવતું હતું.

### એમેરલડ, પાનું, જમરૂદ, અથવા લીલમ.

કીમતી પથરાઓમાં લીલાં પાનાના જેવાં ખુબસુરત જવાહેરો થોડાંજ હશે. માણેક પોતાના લોહી જેવા રાતા રંગથી આપણી આંખને દીપાવી નાખેછે. શનીશચર પોતાના રંગથી આપણું દીલ ખુશ કરેછે અને પાનું પોતાના શોભાએમાન લીલા રંગથી પોતા તરફ જોનારની આંખને ઠંડક આપેછે. જેવારથી એ શોધી કાહડવામાં આવીઉંછે તેવારથી આજ શુધી દરેક કોમવાલા એની તરફ પીઆર ભરેલી નજરથી જોતા આવીઆછે. અસલના લોકો એના રંગ ઊપર એટલાનો શીદ હતા કે એ જવાહેરને ખરીદ કરતી વખતે તે પાર અથવા અપારદરશક છેકે નહી તે ઊપર થોડુંજ ધીઆન આપવામાં આવતું હતું.

ધાતુના પરીકશકો પાનાને તદન જુદાજ વરગોમાં મુકેછે તેજ અને કઠણાઈમાં આગલ કહેલા બે રતનોથી તે ઊતરતુંછે અને કાચને વધારે મલતું આવેછે, આટલી બધી ખાંમીઓ છતાં એ શરવે એબો એના રંગથી ઢંકાઈ જાએછે—પાનામાં એક ઘણીજ અજાએબ જેવી ખાશીઅતછે, કે આજ શુધી તે ખાધવનાનું કોઈપણ ઠેકાણેથી મલી આવીઉં નથી તેમજ મારાં અને ઊંડાં પાંણીના પાનાઓ મલવાં મુશકેલ પડેછે (લખાઇ આવેશુ)

## ઉતર ધરૂવ.

( સાધણ ગએઆ આંકને પાને ૧૬ થથી )

એ તકનો લાભ લઇને કેપટન પારીએ વાંહાણનાં સઘલા સંડ ચહડાવીઆ, અને પવન પડેલો હતો તોપણ આગલ ચાલીઓ. ચાલતાં વચે કેટલાંક ઊજડ ટાપુઓ મલતાં ગએઆં તેમનાં તે નામ આપતો ગએઓ. એમ કરતાં અરધો સપટેમબર પુરો થએઓ કે વાંહાણની આસપાસ પાંણી ઊપર બરફ બંધાવા લાગો, જે જોઈ કેપટન પારીએ વીચાર કીધો કે, હવે શીઆલો બેસવાનો વખત આવીઓ છે, તેથી એ આઈસ બંધાવા માંડે છે; માટે જેમ બને તેમ અહીંથી પાછું ફરી પાછલ મેલી આવેલા એકુ ટાપુનો કીનારો પકડવો જોઇએ. એ વીચારથી તે તરત પાછો ફરીઓ અને પસચીમ તરફનો રસતો લીધો. પણ થોડુંક ચાલીઆ પછે તેનું વાંહાણ બરફથી ઘેરાવા લાગું, અને છેલે અટકી ગઈઉં. પણ તે આગા પહેલાં બરફનો વીસતાર થોડોજ જોઈ તે ઊપરનાં માંણસો તેને કાપી માંહેથી વાંહાણનો રસતો કરવા લાગા. કાપીને મોટા કકડા છુટા પાડતા, અને તેમને પાંણીપર આંચકો મારી ઢકેલી મેલતા. કેટલાકપરતો તેઓએ બોરોનાં સડ બાંધીઆ કે તેનાં જોરથી તેઓ પાંણીમાં આગલ ચાલી જાએ, અને વાંહાણને આગલ જવાનો રસતો મલે એવી મેહનત કરતા આગલ ચાલતા તા૦ ૨૬ મીને દીને છેક ઊપાએ વગરનાં થઈ ગએઆ, કેમકે વાંહાણની આસપાસ પુસકલ બરફ જમવા લાગો, અને તેને કાપી કાહાડવો ઘણો મુશકેલ પડીઓ. અંતે વાંહાણની આસપાસ જીઆંવેર નજર પોહાંચે તીઆંવેર આઈસ બંધાઈ ગઈઉં, અને તે તીઆંજ ઘમ થઈને પડી રહીઉં. એ સ્થના તરફ વરસનાં છ મહીનાં શુધી સુરજ દેખાએઆ કરે છે, અને છ મહીનાં મુદલ દેખાતોજ નથી, તેથી તીઆં છ મહીનાંનો દાહાડો અને છ મહીનાની રાત કેહેવાએ છે. છ મહીનાની રાત હોએ છે ખરી પણ તેટલો સઘલો વખત તદન અંધારૂં થતું નથી. જેમ

લોહી વેહતું હોએ તેને તે બંધ પાડતું હતું—અને તેની શામને વારેઘડીએ જોએઆથી આંખનું તેજ વધતું હતું અને એની ભુકી આંખમે આંજી હોએતો ધુલ અથવા હરકાંઇ જીંનુ જાનવર આંખ મધે ગએલું હોએ તેને તે કાહાડી નાખતું હતું અને શહીએડ અથવા એવાજ બીજા રોગોથી આંખ ખરાબ થઇ હોએતો તે સારૂં કરવાને આએ જવાહેર શકતી ધરાવતું અને રેનો ભુકો જો દુધમાં પીધો હોએતો તાવ ચોલવા વગે અને હીશતરીઆ જેવા દુખોને તે થાએ છે, કેમકે મોહરી જનાવરોને મારી કરવા દેવાને કશી આનાકાનીમાં ઘણુંજ કામ લે. જોકે તીઆં મોટા છોકરાઓ આને શેઈ પરણતા નજર આવે છે, તોપણ ગમે એર નાખી હોએ, મોડાંપર કદાચ મુછ પણ હોએ, તોપ છે. ઈઓ એવી કીરીઆતો શું પણ કપાલપર મોટો શાં પીતહાડી, ગલામાં ફુલનો હાર પેહેરી, કાનમાં કલહતા કે ાસી, હાથમાં નાલીએર ધરી અને પીઠપર ફુપન થમલ પેહેરી ઘોડાપર બેસીને ફરવાને જરા તેઓ અને ચ ખાતા નથી: તેમજ તેમને કોઈ તીઆં હસતું ી, કેમકે તેમનામાં એવો ચાલજ પડેલો એમ


એ ચાર દાહાડા શુધી બારણા આગલ જે કપ
સુરત જડવ કીધેલો હોએ છે, તીઆં એક મોટો માચ
વા રાતા તીઆં ઢોલીઓને બેસાડે છે. એ ઢોલ અ
શનીશ્ચર ઢોલ કે ટકોરખાનાનાં સરખાં નથી હોતાં,
અને પાનું જ રીતે તે વાગે છે. એવાં ઢોલ મુંબઈમાં
૨૫ જોના પણ તે કોઈજવાર જોવામાં આવે છે, અને તે
કાહડવામાં હીઓતો મુદલ કામે લગાડતાજ નથી. તેમનાં
વાલા ગ્રા હાંના ટકોરખાનાનાં ઢોલનાં જેવાજ ઘાટનાં
વીઆછે કે, પણ કદમાં નાનાં હોએ છે, અને તેની સાથે
શીદ હૂ ઈ વજાડવામાં આવે છે. એ ઢોલને દુરથી કે પા
ર અથ રાતનાં સાંભલીઆં હોએતો તેનો સરોદ ઘણોજ
આન મામણો લાગે છે. ઢોલીઓ જીઆરે શુરપર
ને છે, તીઆરે ઘણી સારી રમુજ આપે છે; સર
ઈની અંદર ઘણાં સુંદર ગીતો ગાએ છે, અને તે
માં સાથે પાવા વજાડેછે; વલી (ઢોલ) વજાડનારાઓ મોહડેથી પણ ગાએ છે અને વજાડતાં વજાડતાં હાથમાઆં ડાંડીઆ તરેવાર રીતે ફેરવે છે તેથી ઘણી ગમત થઇ રેહે છે. રાતને વખતે સઘલા મરદો જમી ર. બેસે છે, તીઆરે તીઆં ઢોનું કોઈપ્રણ ઠેકાણેથી એ વેલાએ સઘલી સ્ત્રીઓ પણ રાં અને ઊસાં પ્રાં મને અને મલાહાજાથી બેસે છે, જે લી ભરેલુંછે. ઢોલીઓ નાચતી વેલાએ . ઢોલ ઓલવી એક ચોકસ રીતે વજાડે છે, અ ગોલ ફરે છે વખતેતો એવી ગોલ ચકરી ખાએ છે કે, તે જોઈ આપણને અચરતી લાગે છે. એ વેલાએ તીઆં બેઠેલા પુરૂશો તેમને બખેઆની આપી પોતાનાં મીતરો સગાં વગેરેની "દોલતજાદા" બોલાવે છે. એ રમત તીઆંના લોકોને ઘણી પસંદ પડે છે, પણ તે કશી રીતે પસંદ કરવાજોગ નથી. ઢોલીઓ જે વજાડે છે, તથા ગોલ ફરે છે તે કશી રીતે જોવા લાએક નથી પણ ઓર કંટાલા ભરેલું છે. તેનાં કરતાં તેઓ બેશીને ઘણુ સારૂં વજાડી શકે છે. ઢોલીઓ વીશે એટલું બધું કેહેતાં તેમને માટે એક ઘણી અગતની વાત કેહેવાની બાકી રહી છે, જે સાંભલતાંજ વાંચનારી બાઇઓને લગાર અચરતી ઊતપન થશે, અને સાથે જરા હસવું પણ આવશે. એ ઢોલનાં વજાડનારા ગામ માંહેલા હજામો હોએ છે! જીઆરે લગન હોએ તીઆરે તેઓ ઢોલ લઈ વજાડવા જાએ છે, અને નહી તીઆરે તાબરા લઈ લોકોનાં માથાં બોરે છે! લગનમાં વજાડવા આવે છે તીઆરે પણ પોતાની સાથે અસતોરા વગેરે સામન લેતા આવે છે, અને લગનમાં આવેલા પુરૂષોનાં માથાં બોરે છે જે વેલાએ તેઓ અસતોરો લઈ માથું બોરવા આવે છે તે વેલાએ તેમને કોઈ અડકતું નથી, પણ જેવો તે અસતરો મેલી ઢોલ લીધું કે તે તરત ચોખો થઈ જાએ છે! ને પછે તેને અડકવાને કોઈ છીટ કરતું નથી. એ ઘણુજ હસવા સરીખુંછે. જરાવારમાં તે અડકાએલો અને જરાવારમાં ચોખો કેમ બની જાએ છે, ને સમજ પડતી નથી. એજ પરમાંણે નોશારી વગેરે મોટા કસબાઓમાં પણ છે.

વરણીને દાહાડેથી તે લગનનાં દાહાડા શુધી પરણતાં છોકરા તથા છોકરીની માએઓ, બેનો વગેરે ઘણીક બાઇઓ ઘણાક મોશાલાં તથા કપડાં પેહેરે છે એ મોશાલાં તથા કપડાં પેહેરતી વખતે તીઆંની સ્ત્રીઓ પોતાના કપાલ ઊપર કુંકાની એવાતો મોટી પીએર કાહડે છે કે, એક કાનથી તે બીજા કાન શુધી લાંબી, અને આંખના ભવાંથી ને માથાના બાલ શુધી પોહોલી હોએછે!

ટુકામાં કહીએતો આખું કપાલ કુંકાએ લપેટી મેલે છે, અને તેની ઊપર મુઠીએક ચોખા ચોહાડેછે ! એથી મોડાંનો દેખાવ ઘણોજ બગડી જાએછે, અને તે જોઈ આપણને ઘણું હસવું આવેછે. એ ચાલ ઘણીજ નઠારી તેમજ હસવા સરીખીછે, તેથી તે બાઈઓને તે જલદીથી છોડી દેવાની હમો ભલામણ કરીએ છઈએ. ઘણીક બાઈઓના મોડાં ઘણા ખુબસુરત હોએછે, તેમાં નવાં કપડાંથી જે વધારો થવો જોઈએ તેને બદલે એવી ઘેલી રીતથી તેમાં ઓર ઘટાડો થઈ બેડોલ દેખાએ છે. મોસાલાં પેહેરી સઘલી બાનુઓ ગીત ગાતી અને આગલ ઢોલ વજાહવતીઓ થોડેકવેર ફરી આવેછે. એ વેલાએ થોડું થોડું ચાલી ઢોલીઓ તેમને અટકાવી ઊભા રહેછે, અને મોસાલાં વાલી બાઈઓ પાસેથી પઈસા કહડાવેછે. એ વેલાએ તે ઢોલીઓ તરેવાર હસવા સરખા ચાલા કરેછે અને ઓછામાં ઓછો અરધો રૂપીઓ પણ લેછે.

લગનને દાહાડે સહવારથી મોટી ધાંમધુંમ થઈ રહેછે, અને આખો દાહાડો સઘલી તઈઆરી કરવામાં સ્ત્રીઓ તથા પુરૂષો ગુંતાએછે. સાંજનો વખત થવા આવીઓ કે ધારા પરમાણે છોકરાં પરણાવવા બેસાડેછે. એ વેલાએ પરણતી છોકરીને તેઓ એક જાતની ઘણીજ કઢંગી વસતુ મોડાંપર પેહેરાવેછે, તેને બાસકી કહેછે. એ બાસકી આસરે એક ફુટ લાંબી અને તરણ ઈંચ જાડી હોએ છે. તે કોઈ જાતના હલકા રોપાની બનાવેલી હોએછે, અને તેની ઊપર સુનેરી વરખ વગેરે વલગાવેલો હોએછે. છોકરીના માથાપર એક રેશમી કટકો ઓઢારી, કપાલપરથી એ બાસકી બાંધેછે, જેથી તેનું સઘલું મોડું ઢંકાઈ જાએછે, અને તે ઘણીજ બેડોલ લાગેછે. એવી રીત અતરે ઘાટી લોકોમાં જોવામાં આવેછે. એ રીતનો પણ તે બાઈઓ તતકાલ તીઆગ કરેતો ઘણું સારૂં. છોકરાને આગલ લખીઆ પરમાણે હસવા સરીખી રીતે શનગારી ઘોડાપર બેસાડેછે, અને ગાંમમાં કે મોહોલામાં ફેરવેછે. ઘોડાપર બેસાડવાની આગમચ તે ઘોડાને ટીલો કરી ચોખા ચોહાડેછે, તેને બતાસા તથા નાલીએરથી વધાવી લે છે, અને તેના મોડાં આગલ લુબાન કરેછે ! એ વેલાએ બીચારો ઘોડો પણ મનમાં અજબ થતો હશે કે એતે શું થાએછે ! એ પરમાંણે લગન પુરાં થવા પછે તેઓ રાંદલ છઠી વગેરે ઘણીજ બેવકુફાઈ ભરેલી અને પાપી કીરીઆઓ કરે છે. તે મારે તે બાઈઓને જેટલો ઠપકો આપીએ તેટલો થોડો છે. એ ચાલ ખરેખર ધીકારવા જોગ છે.

એ પરમાંણે લગનસરાનું વરણન ટુંકમાં સમાપત કરી તીઆંની સ્ત્રીઓની ચાલ ચલણ વીશે થોડેક ખોલાશો કરીએ છઇએ, જે મુંબઈની સ્ત્રીઓને ઘણો અગતનો ધારીએ છઇએ. અલબતે જે લગન કીરીઆમાં હમો સામેલ હતા, તીઆં લગભગ તરણસોથી વધારે સ્ત્રીઓ હતી, અને વલી તેઓ તરણથી ચાર દીવસ શુધી રાત ને દાહાડો તીઆંજ હતી, જેથી તેમની ચાલ ચલણની પરીકશા કરવાને હમોને સારી તક મલી હતી. પરથમમાં તે સ્ત્રીઓની કપડાં પેહેરવાની રીત તથા બોલવાની ધપ સઘલી. મુંબઈને મલતીજ હતી, પણ બોલવામાં કોઈ કોઈ સને બદલે હ વાપરતાં હતાં. એથી કરી તેઓ નોશારીની સ્ત્રીઓ કરતાં વધારે શારી લાગતીઓ હતી, કેમકે તે (નોશારીની) સ્ત્રીઓ સારીની કાછડી મારે છે, અને બોલવામાં ષ ઘણો વાપરે છે. તેથી તેઓ મુદલ શોભતીઓ નથી. ઊપલી સ્ત્રીઓ સને બદલે હ વાપરે છે, પણ તે છતાં તેમની બોલી રસીલી લાગે છે. તેમની અસલી જનસો, જેવીકે કંઠી, તુલસી, હલકા, પોલાં વગેરે કોઈજ કોઈનાં આંગપર નજર આવતાં પણ તેને બદલે મુંબઈગરી બાંગરીઓ વધારે દાખલ થએલી હતી. એ પણ તેઓમાં ઘણો સારો શુધારો થએલો કેહવાએ, કેમકે આગલી જનસો ઘણીજ બેદોલ છે. તે સ્ત્રીઓની ખાવા પીવાની રીત પણ ઘણીજ વખાણવા જોગ છે—તેઓ પાંતમાં બેસીને કશી પણ ગડબડ કરીઆ વગેરે ધીમે ધીમે અને અંદાજથી જમે છે, અને જમતાં અચકી અચકીને ખાવા વગેરેની ખાલી ઈતરાજી મુદલ બતાવતાં નથી. રમુજની વેલાએ મલાહાજાથી પુરૂષોની મંડલી આગલ બેસે છે, અને ખોલશથી હસે છે તથા બોલે છે: એ તેમની ચાલ ઘણીજ તારીફ લાએક છે. એ સીવાએ તેઓ ઘણી ચાલાક અને સમજુઓ છે. તીઆં હમોએ એક વીધવા છોકરીને જોઈ હતી, જે એવીતો ચાલાક અને ઊંડા વીચારની હતી, અને જોકે તેણે મુંબઈ કોઈવાર જોઈ ન હતી, તે છતાં સુધારા સંબંધી તે બાઈનાં એવાતો સાચ વીચાર હતા કે તે જોઈ હમોને ઘણીજ અચરતી ઊપજી, પણ તેની સાથે દલગીરી પણ ઊપજી. દલગી



પાહાડી તોપખાનું.

રી એટલા માટે કે તે બીચારી વીધવા હોવાથી તેને એ વખતની સઘલી ધામધુમથી દુર રાખવામાં આવેલી હતી, અને જુનાજ કપડાં પેહરી તે ફરતી હતી. એવો જુલમ બીચારી વીધવાઓ જેઓ તરણ કે ચાર વરસની એવી હાલતમાં હોએ, તેમની ઊપર શાને મારે જોઈએ, તે પારસી સ્ત્રીઓ હજુ સમજતીઓ નથી. વલી એવી ચાલાક છોકરીઓને જો પુરતી કેલવણી આપવામાં આવેતો તેમને તેમજ પારસીનાં રોલાને કેવો ફાએદો થાએ? કેમકે એવા ઘણાક બેમુલ હીરા એ પરમાણે ખુણે પડી રહેલા હશે. ટુકામાં એટલુંજ કહીએ છઈએ કે તે તરફની સ્ત્રીઓ ઘણી સારી ચાલની અને નીતીમાન છે, અને તેમની કેટલીક ચાલ ચલણ મુંબઈની સ્ત્રીઓ જેઓ ઘણી સુધરેલીઓ થવાનો શંકો રાખે છે, તેમનાં કરતાં વધારે સારી છે.

અલબતે કોઈબી ચીજ ખાંમી વગરની નથી, તેમજ તે સ્ત્રીઓ પણ કેટલીક ખાંમીઓથી ખાલી નથી. તેમનામાં બે મોટી ખાંમીઓ છે—એક એકે તેમને કેલવણી ન હોવાથી ઘણીજ વેહમીઓ છે, અને બીજી એકે પોતાનાં બચાંઓને ઘણાજ નાનપણથી તથા સગા સગામાંજ પરણાવે છે. નાહાનાં એટલાં કે વખતે ધાવતાં પણ હોએ! જીઆં શુધી કુટુંબમાં છોકરો હોએ, પછે તે ગમે એવો હોએ, પણ તેનેજ છોકરી આપે છે. એ બે ચાલ તેઓમાં ઘણાંજ માઠાં છે, અને તેમનાં સંસાર સુખનાં મુલમાં ઊધાઈ થઈ લાગેલા છે. જીઆંવેર એ માઠાં ચાલ તેઓમાંથી દુર થશે નહી તીઆંવેર તેમની હાલત પુરી શુધરવાની નથી.

---

## પંજાબનું પાહાડી તોપખાતું.

લડાઈની જંજાલ અને આફત જેઓએ જોએઆં તથા સહણ કરીઆં હશે, તેઓ સીવાએ બીજું કોઈજ તેનો પુરતો વીચાર કરી શકનાર નથી. લડાઇમાં જઇ રણમાં ઊભા રહી લડવું, અને લડતાં કપાઈને નીચે પડી મરવું, કે ફતેહમંદ થઇ કીરતી સાથ પાછા ફરવું એમાં જેટલી જંજાલ છે તેનાં કરતાં બીકરે મારગો કાપી, અને ઊંચા ડુંગરો તથા પાહાડો ઓલંગી, સાથે હજારો માંણસોને મહીનાનાં મહીના શુધી ચાલે એટલો ખોરાક, તથા લડાઈને બરનાં તોપ, દારૂગોલો, સરખાં અતી ભારી હથીઆરોને સાથે લઈ રાતની અંધારીમાં, અને દીસનાં તડકામાં, કકડતી થંડીમાં, કે તપતા ઊનાલામાં, ધુલ અને રેતીનાં ભઅંકર તોફાનમાં કે ગાજ અને વીજથી ધોધવાની માફક પડતા વરસાદમાં દાહાડાનાં દાહાડાવેર મુસાફરી કરવી, અને દુશમનની મુકાબેલ જઇને ઊભું રેહવું એમાં કાંઇ ઓછી જંજાલ નથી.

એવા વખતમાં તલવાર ને બંદુક સરખાં હથીઆરો ઊચકવાને ઝાઝી મેહેનત પડતી નથી, પણ તોપ અને તેનાં મોટા ગોલા તથા તેનો અને ધાસતી ભરેલો દારૂ સરખી ભારે વસતુઓ લઈ જવાને ભારે મુશકેલ પડે છે; તેમાં રસતા સાફ હોએનો ભલું, નહીતો પાહાડી કે એવાજ બીજા રસતાપરતો મુસીબતનો કાંઈ પાર લાગતો નથી. એવી જગાઓમાં બલદ કે એવાં જનાવરનો આસરો લાગી શકતો નથી, તેથી હાથી, ઊંટ, ખચર વગરે જબરાં તથા પાહાડોનાં બીકટ મારગપર ચાલવાને અનુભવી જનાવરોને કાંમગાં લેવાં પડે છે. તેઓ પણ તેમને ગાડાંની માફક ઘસડી શકતાં નથી, પણ તોપ વગેરે તેમની પીઠ ઊપર લાધી પગે ચલાવવાંજ પડે છે. પાસેનાં પાના ઊપર એક ચીત્ર આપીઊંછે તેમાં જણાશે કે મોટી જબરી તોપો હાથીઓની પીઠ ઊપર લાધવામાં આવે છે. અલબતે હાથી એ ઘણજ કદાવર અને જબરૂ જાનવર છે, જેથી તે એવી ભારી તોપો કે તેનો અસબાબ ઊઠાવી શકે છે, અને તે એક જગાએથી બીજી જગાએ લઇ જઈ સકે છે. માણસ જાતે સઘલી પાંતીનો શુધારો કરીઓ છે, ઘણુંક અઘટીટ પણું દુર કીધું છે, અને વસતુનો ગેરઊપીઓગ કરવો તજી દીધો છે, પણ લડાઈ સરખી એક કમકમાટ ભરેલી અને જંગલી રસમ હજુ તેઓએ છોડી નથી. હજુ તેઓ એક બીજાના હકને માટે કે સવારથને માટે કાંઇ બીજા ઊપાએઓથી લડવાને બદલે તલવાર, બંદુક અને તોપ સરખાં ભયંકર હથીઆરો વડે લડે છે, અને જે પોતાના ભાઈબંધો સાથ હલી મલી ચાલવું જોઈએ, જેમને સંકટ કે ઊદીઓગની વેલાએ મદદ કરવી જોઈએ, અને સઘલા સુખી થાએ એવું કરવું જોઇએ, તેને બદલે જંગલી જનાવરોની માફક તેમની શામણે હથીઆરો ઊઠાવી લડે છે, અને તેમનાં લોહીથી સુકી જમીનને તર કરે છે, અને મુરદાલ કી

હાઓ તથા જંગલી હેવાંનોનાં પેટ ભરે છે. અમેરીકા સરખો નામીચો અને બલવંત દેશ લડાઈના ચકરથી આજ પાએમાલ થઈ ગએઓછે, અને દરેક માણસો જંગલ માહેલાં સઉથી જંગલી જનાવરો કરતાં પણ બદતર થઈ ભાઈ ભાઈને, બાપ દીકરાને અને દીકરો બાપને વાહાડેછે તથા તોપને ગોલે ઉડાડે છે. ખોદા જાણે માણસજાત કીએ દાહાડે પોતાની એ ભુલ સમજશે, અને કીએ દાહાડે એવી કરપીણ રીતીનો તીઆગ કરશે.

વાંચનારનાં મનમાં કદાચ એમ આવશે કે હાથીઓ ઘણા ઉંચા હોએ છે, જેથી તેમની ઉપર તોપો ચહડાવતાં અને ઉતારતાં ઘણો વખત જતો હશે, અને ઘણી મેહેનત પડતી હશે, પણ તેવું કંઇજ નથી એ હાથી ઉપર તોપને ચહડાવતાં તેમજ ઉતારતાં પંદર મીનીટથી વધારે વખત જતો નથી. ચીત્ર તરફ નજર કરતાં જણાશે કે તોપ ચહડાવતી તથા ઉતારતી વખતે પરથમ હાથી બેસી જાએ છે, અને પછે બે પાટીઆં મુકી તે ઉપર તોપને લોટી ઉપર લે છે તથા ગગડાવી નીચે ઉતારે છે. એ કામ જેમ ઘણી ઝડપથી થાએ છે, તેમજ ઘણી સેહેલાઈથી પણ થાએછે. વાંચનારને ખબર હશે કે લડાઈપર જતાં લશકરને ઘણી સાવચેતીથી અને સઘલી તઈઆરીથી ચાલવું તથા રેહેવું પડેછે કેમકે ઘણીખરી વાર શતરૂઓ ઝાડીઓમાંથી અનચીતીઆ નીકલી આવી હુમલો કરે છે, કે વખતે રાતની અંધારીમાં આવી એકાએક ટુટી પડે છે. એવા વખતમાં જો શામણી બેરદુ તઈઆર ન હોએ તો તેઓ માર ખાઇ બેસે છે. તેથી એવા હાથીઓ ઉપર તોપો ચહડાવવા તથા ઉતારવાનું ઘણીજ ઝડપથી બની આવે એવાં સાંધનો તેમને ખચીત કરવાં પડે છે. એ કાંમમાં અંગરેજી લશકરવાલા એટલીતો ઝડપ રાખેછે કે, વખતે દશ મીનીટની અંદર સઘલી તોપો જમીનપર ઉતારી દઇ, માહે દારૂગોલો ભરી તેમાંથી જમની સવારી સરખા ગોલા ફેંકવા માંડેછે.

એ ચીત્રને પંજાબનું તોપખાતું એટલા માટે લખીઉંછે કે, જીઆરે અંગરેજોને કાબુલીઓ સાથ લડાઈ ચાલતી હતી તીઆરે પંજાબ તરફથી, તેની ઉતરે આવેલા ડુંગરા ઓલંગી તેમાની ખીનો પસાર કરી જવાને એક તોપખાતું તઈઆર કરવામાં તથા મોકલવામાં આવીઉં હતું તેનું એ ચીત્રછે.

વાંચનારને ખબર હશે કે હીંદુસથાનના ઉતર ભાગ ઉપર હીમાલીઆ પરવત આડો પડેલો છે, તેથી તે દીશાએથી બાહેર પડતાં ઘણા બીકટ ડુંગરાઓ ઓલંગવા પડે છે, તથા મોટી ભયંકર અને ઉંડી ખીનો પસાર કરવી પડે છે. એવા રસતા પસાર કરતાં માણસો ઉપર જે મુસીબતો પડે છે, તે આગલ લખી આ પરમાણે, જેના ઉપર વીતીઉં નહીં હશે તેના વીચારવામાં કદી પણ આવશે નહી. એવી જંજાલોમાં સેંકડો બલકે હજારોથી લાખો માણસને નાખી, કેટલાક, ભલા રાજાઓ પોતાની પરજાનો અને દેશનો બચાવ કરે છે, અને કેટલાક લોભીઆઓ નાહેકને માટે પોતાના ગરીબ પડોશીઓને દુખ દે છે તથા મારેછે.

## પીસતાલીસ દાહાડાનો ભુખમરો.

(સાંધન ગએઆ આંકને પાને ૮ મેથી.)

જેમસ કેમપબેલ તે હબશીનું કલેજું ખાઈ જએઆ પછે તેનાં શરીરને બધાઓએ મલી વેતરીઉં અને તેમાંનો થોડોક ભાગ લુંજી ખાઈને બાકીનાને મીઠું દઈ શુકાતું મેલીઉં. તેની મુંડી અને હાથ તથા પગના આંગલાં સઘલાંઓએ એકમતથી વીચાર કરી પાણીમાં નાખી દીધાં. આએ કમકમાટ ભરેલા ખાનામાં કપતાંનને ભાગ લેવાને સઘલાઓએ ઘણું બી કહીઉં પણ તેણે તેમાં જરા પણ હાથ ઘાલીઓ નહી. તરીજે દાહાડે કેમપબેલ પેલું કાચું કલેજું ખાધાથી દીવાનો બની ગએઓ અને પછે મરણ પાંમીઓ તેનું શરીર પણ લુંજીને ખાઈ જવાનો વીચાર થએઓ, પણ તે આવે મોતે મુઓ હતો તેથી સઘલાઓને તેનું માસ ખાવાને ડર લાગીઓ. એ હબશીનું માસ જોકે તેઓએ ઘણીજ કસરથી વાપરીઉં તોપણ તા૦ ૧૩ મીથી તે તા૦ ૨૬ મી જાનેવારી સુધી એટલે ૧૩ દાહાડા જે ૬ જણ તે વેલાએ બાકી રહેલ હતા તેમને ચાલીઉં; અને વલી પાછા બાપડા ભુખમરામાં આવી પડીઆ, અને વાઈન સાથે લાગા. તરણ દાહાડાવેર એવો ભુખમરો ખમી વલી તા૦ ૨૯ મીને દીને ફરીને તેઓએ ચીઠી કાહાડવાનો વીચાર કીધો, અને આગલની માફક તેમાં સાંમેલ થવાને સઘલા કેપટનને કેહેવા ગએઆ. આએ વેલાએ પણ

કેપટને તેમને ઘણુંક સમજાવીઊં, પણ તેઓએ તેનું કશું માનીઊં નહી. કેપટન બીચારો નાચાર થએઓ અને પોતે અલગો રહી તેમને મરવાનો હક લેવા દેવા ને દરૂસત ન વીચારી તેમની સાથે સાંમેલ થએઓ.

તેઓ સઘલા આંગલની માફક એકઠા બેઠા અને ચીઠીઓ કાહાડી જેમાં એક બીચારા દેવીડ ફ્લાટ નામનાં શખસની અજલ આવી. તે જોઈ તે તેમજ બીજા સઘલા ચુપ થઈ ગએઆ, અને એક બીજાનાં મોડાં તરફ જોવા લાગા પણ બીચારો ફ્લાટ જે ચીઠી જોતાંજ પોતાની હઈઆતીથી હાથ ધોઈ તઈઆર થઈ ઊભો હતો તે બોલીઓ, "મારા વાહાલા મીતરો, અને મારા દુખી બાઈબંધો હવે હું તમોને એટલીજ અરજ કરૂછું કે મને કશું પણ વધારે દુખ લગાડવા કરતાં ઝટ લઈને મારો અંત લાવો, કેમકે જેટલો વખત હવે જાએ છે, તેટલું મને વધારે દુખ પેદા થાએ છે." તે દાવીડ નામનો સખસ જેણે પેલા હબસીને ગોલી મારી હતી તેની તરફ ફરીને બોલીઓ, "મારી ખુશી છે કે તું મને હમણા એક ગોલી માર." દાવીડે તે ઘણીજ દલગીરીથી અને લગાર આનાકાનીથી કબુલ કીધું, અને હાથમાં બંદુક લીધી, પણ તેવામાં ફ્લાટે ખોદાની બંદગી કરવાને થોડોક વખત માંગી લીધો. તે તેને સઘલાઓએ મોટી ખુશીથી આપીઓ, અને જેટલો વાર તે બંદગીમાં રોકાએઓ તેટલોવાર સઘલા જણ ઘણી દલગીરીમાં બેઠા, અને તેને મારવાને આનાકાની બતાવવા લાગા. કેમકે ફ્લાટ ઘણો સારો અને નમનતાઈ વાલો માણસ હતો, અને સઘલાઓ તેને ઘણોજ ચાહાતા હતા; પણ તેમને ભુખીઆ વીચાર એજ આડો આવતો કે પછે ખાવું શું ? અંતે તેઓ ઊઠીઆ, અને સઊ આતસ સલગાવવાની તથા એવીજ બીજી તઈઆરી કરવા મંડી ગએઆ.

ફ્લાટ બંદગીથી ફારેગ થએઓ, અને મરવાને તઈઆર થઈ આગલ આવીને ઊભો. તેને જોતાંજ સઘલાઓનાં મનમાં ઘણીજ દએઆ આવી, અને તેને મારવાને કોઈનું જીગર ચાલીઊં નહી. અંતે તેઓએ એવો ઠરાવ કરીઓ કે, ફ્લાટને મારવાનું આવતી કાલે અગીઆર વાગતાં સુધી મોકુફ રાખવું, કે તેટલામાં જો કાંઈ ખોદાની મેહરબાનીથી કાંઈ ફેરફાર બની જાએતો તે સલાંમત રેહે. તેઓએ કેપટનને અરજ કરી કે તેણે તેમની આગલ બંદગી વાંચી સમજાવવી, જે તેણે કબુલ રાખી. એ ઠરાવ તેઓએ બાપડા ફ્લાટને જણાવીઓ, અને કહીઊં કે તું પણ ખોદાની બંદગી કર, કે તે કંઈ પણ આપણને મદદ કરે, અને તારો જાન ઊગારે. બીજું એવું કહીઊં કે જોકે આજ સુધી એકુ માછલી પણ આપણા હાથમાં આવતી નથી, તોપણ આજે ફરીને સઘલા હુક પાંણીમાં નાખીએ છઈએ, કે ખોદાની મેહેરબાનીથી તેમાં કંઈબી આવેતો ઠીક થાએ. એમ કહી તેઓ સઘલા હુકો નાખી માછલી પછવાડે લાગા, પણ તે ઠરાવથી બીચારા ફ્લાટને કશી ખુશી ઊપજી નહી. જેમ જેમ વધારે વખત જતો ગએઓ તેમ તેમ તેનાં હાડ ગગડતાં ગએઆં, અને વધારે ભએ બીત તથા દુખી થવા લાગો. અંતે તેનાં દીલમાંની ચીંતા એટલી વધી ગઈ કે રાત પડતે તે કાને તદન બેહેરો થઈ ગએઓ, અને પાછલી રાતનાં ચાર વાગે તેટલામાં ઘેલો થઈ ગએઓ. તેની આવી હાલત જોઈ સઘલાઓ ઘણા દલગીર થએઆ, પણ હવે તેને જલદીથી મારી નાખવો કે ઠરાવ પરમાંણે અગીઆર વાગાવેર રાખવો તેની ભાંજગડ ઊઠી. અંતે તેને આ પેલા કોલ પરમાંણે તેટલા વખતવેર જીવતો રાખવાનુંજ નકી થઈઊં.

બીચારા ફ્લાટને એવા દુખમાં પડેલો જોઈ કેપટન દલગીરીથી શોક કરતો બેઠો હતો તેવામાં આઠ વાગતાને સુમારે બે માણસો ઘણાજ આફરા ગાભરા દોડતા તેની આગલ આવીઆ, અને તેનો હાથ પકડી બોલવા ગએઆં પણ તેમની જબાં બંધ થઈ ગઈ અને મોટા ડોલા કાહાડી તેની તરફ તાકીને જોવા લાગા. કેટલેક વારે તેમનો ઊભરો નરમ પડીઓ, તીઆરે તેઓ હાંફતા હાંફતા બોલીઆ કે, એક વાંહાંણ આપણી નજદીક આવે છે ! એ બોલો સાંભલતાંજ કેપટન એવીતો ખુશીમાં આવી ગએઓ કે એકદમ ઢલી પડીઓ, અને થોડોવાર બોલવાને પણ અશકત થઈ ગએઓ. જરાકવારમાં જોશાથી ઊઠીઓ અને તે વાંહાંણ વાલાને દુખની નીશાનો બતાવવાને સઘલાઓને હોકમ કીધો. સઘલા જના ભારે ખુશીથી આમથી તેમ તુતકપર લથડતા દોડવા લાગા, અને તે આવતાં વાંહાંણ વાલાને દુખની અને મદદની નીશાનો બતાવવા લાગા. જેમ જેમ તે વાંહાંણ નજદીક આવતું ગ

ઇઊ, તેમ તેઓ "તે પાસે આવીઊં," તે પાસે આવીઊં," એમ બુમો મારવા લાગા, અને અહીંથી તહીં દોડવા તથા કુદવા લાગા. તેઓએ એ ખુશાલીને માટે એકકું દારૂનું ગલાસ પીવાનો ઠડાવ કરીઓ, પણ કેપટને તેમ કરવાને ના પાડીઊં. અંતે તે વાંહાંણ બે માઈલને અંતરે રહીઊં, તેવામાં પવન છેક પડી ગએઓ, અને તે વધારે નજદીક આવી શકીઊં નહી. એ જોઈ પેલા બીચારા દુખીઆરાઓ જરા ગભરાવા લાગા, અને તેમનાં ખુશીથી શટી જતાં જીગરમાં ભએ પાછી જરા જરા પેસવા લાગી, તેવામાં તે વાંહાંણ પરથી કેટલાક માણસ સાથની એક બોટ તેમનાં તરફ આવવાને નીકલતી જોઈ પાછા તેઓ પુર ખુશીમાં આવીઆ. થોડાક વારમાં બોટ તેમનાં વાંહાંણની બોરદુમાં આવી લાગી, પણ તે બાપડાઓનો જે આવા ભઅંકાર દુખ અને ભુખમરાથી અતી બીહામણો દેખાવ થઈ ગએઓ હતો, તે જોઈ તેમાનાં માણસો બીધાં, અને પુછવા લાગા કે તમો માણસ છો કે કોણ છો ? અંતે તેઓની ખાતરી થઈ કે તેઓ ભુત બલા નથી પણ ઘણાજ દુખીઆરા ભાઇબંધો છે, તેવાજ તેઓ ઊપર ચહડી ગએઆ, અને તેમને સંભાલીને પોતાની બોટમાં ઊતારવા લાગા. કેપટન બીચારો તદન હીલવાને અશકત થઈ ગએલો હતો તેથી તેને દોરડાએ બાંધીને બોટમાં મેલીઓ; ગરીબ બીચારો ફલાટ જે અતીઆર શુધી ઘેલોજ હતો તેને તેવીજ હાલતમાં ઘસડીને બોટમાં લીધો; અને તેમનો માલમ જે આવા છુટકારાની ખુશાલીમાં ખુબ વાઈન પીને પડેલો હતો, અને જંગલી જનાવરની માફક મોટા ડોલા કાહાડી ખુશાલીથી તે બોટ તરફ જોતો હતો, તેને પણ ઊંચકીને મોંહ મેલીઓ, અને બોટ તરત પોતાનાં વાંહાંણ ભણી ચાલી. તે વાંહાંણ લનડનનું સુનાના નાંમનું હતું, અને તેનો કેપટન થોમસ ઈવરસ કરીને હતો. તે ભલા કેપટને ઘણી ખુશીથી સઘલાઓને ઊપર લીધા, અને તેમની ખુબ માહાવજત કરવા લાગો. તેણે રાતો રાત પોતાનું વાંહાંણ તીઆંજ રેહેવા દેવાનો ઠડાવ કીધો કે તે ભાગેલાં વાંહાંણમાં કેપટન હેરીસનની કાંઈ પણ ભતા હોએતો તે બચાવવામાં આવે; પણ તેવામાં પવન એવો જોરથી નીકલીઓ કે તેને તરત સઢ ચહડાવી આગલ ચાલવું પડીઊં.

એ પરમાંણે તે-માઠાં ભાગેગનાં માણસોનો ૪૫ દાહાડે આવા મહા સંકટમાંથી છુટકો થએઓ, અને ખોરાક તથા પાંણી મલીઆં. દાઊડ જેણે પેલા હબસીને ગોલી મારી હતી તે પોતાનાં મનના પસતાવાથી રસતામાંજ મરણ પાંમીઓ, અને બાકીનાં સઘલા મારચ મહીનાની શરૂઆતમાં સહી સલાંમત ડાઊનનાં બંદર ખાતે પોંહોંતા. ગરીબ બીચારા ફલાટને પણ દેવાનાંપણાની હાલતમાં કીનારે ઊતારવામાં આવીઓ, અને પછે સઘલા પોત પોતાને ઠેકાંણે લાગા.

## પારસીઓનાં લગન તથા તલાક સંબંધી ધારો શને ૧૮૬૫ નો ૧૫ મો કાએદો.

પારસીઓમાં લગન તથા તલાક સંબંધી કશી પરકારના ધારા તથા બંદોબસત ન હોવાથી ઘણાક કરપીણ પુરૂસો પોતાની પરણી સ્ત્રીઓને નીરધાર નાખી છોડી મેલતા હતા, અને કેટલીક ખંધી સીઓ પોતાના ગરીબ ભરથારોને છોડી બીજા સાથ પરણી જતી હતીઓ. એ બાબે અતરેની નેઆએની દરબારોમાં ફરીઆદ સાંભલવામાં આવતી ન હતી, કેમકે તે બાબેનો નેઆએ કરવાને નેઆએધીશો પાસે કશો ચોકસ ધારો નહી હતો. એથી કરી ઘણાક સ્ત્રી પુરૂશોને ફાવીતું પડી ગએઉં હતું, અને એક બીજાને ગમે તેમ દુખ દેતાં તથા હેરાન કરતાં હતાં. પારસીઓની એવી હાલત કેટલાક પરોપકારી પુરૂશોથી નજોવાઈ શકાવાથી તેઓએ પોતપોતામાં એક મોટી મંડલી ઉભી કીધી, અને આઠ વરસ ઉપર વેર મેહેનત કરી, એક ધારો ઘડી કાહાડી, તે ઉપર તકરારો કરી તથા જરથોસતીઓનાં મતો લઈ, તેમને નકી કરી પસાર કરાવવાને કલકતાની લેજીસલેટીવ કાઉનસીલમાં મોકલીઆ, જીઆં તેના ઘણાજ કાબેલ મેમબરોએ તેમાં કેટલોક ફેરફાર તથા શુધારો કરી, નામદાર ગવરનર જેનરલની પસંદગીથી † તા૦ ૭ મી એપરેલ ૧૮૬૫ ને દીને પસાર કરીઆ. ધારાની કેફીઅત તા૦ ૨૦ મી એપરેલનાં સરકારી ગેજેટના વધારા ઉપરથી, આ ચોપાનીઆંનાં સરવે વાંચનાઓની જાણને માટે નીચે પરગટ કરીએ છઈએ.

ધારાનુ નાંમ—એ ધારાનું નામ, પારસીઓના લગન તથા તલાક સંબંધી, શન ૧૮૬૫ નો કાએદો એ રાખવામાં આવીઉં છે.

† શીમોધનો આ અંક ફેબરવારી મહીનાનો છે, અને માં આ બાબદ એપરેલ મહીનામાં બનેલી લખવામાં આવી છે તેનો સબબ એછે કે આ ચોપાંનીઉં કેટલીક અડચણોનાં સબબથી પાછલ પડવાથી અને એવી અગતની બાબદને એપરેલના અંક શુધી બોટી રાખવાનું દરસન ન લાગાથી એમ કરીઊ છે.

**લગન કરવા બાબે**—આ કાએદો અમલમાં આવીઆ પછે, જે જે જાતની સગાઈઓમાં લગન કરવાને પારસીઓમાં મનાં છે, અને જેની એક ટીપ પારસીઓની ધારા સભાએ કાઉનસલમાં રજુ કરેલી છે, જે નામદાર ગવરનર જેનરલે પસંદ કરીઆ પછે, તથા તેમાં ઘટતો ફેરફાર કરેઆ પછે અમલમાં લાવવામાં આવશે, તેવી સગાઈમાં અથવા તેવાં સગાં સાથે જે લગન કરવામાં આવશે; તથા જે લગન પારસીઓની રીત પરમાણે આસીરવાદની કીરીઆથી, એક પારસી મોબેદ, બે સાક્ષીઓ, જેઓ તે મોબેદથી જુદા હોએ તેમની હજુરમાં નહી કીધેલા હસે, તથા પરણુતા છોકરા અથવા છોકરીની ઉમર એકવીશ વરસની અંદરની હશે, અને તેવાં લગનને માંટે તેમનાં બાપ અથવા વાલીની પરવાંનગી મેલવેલી નહી હશે, તો તે લગન કાએદા પુરવક ગણવામાં આવશે નહી.

**લગન તોડવા બાબે**—આએ કાએદો અમલમાં આવીઆ પછે કોઈબી પારસી પુરૂષ અથવા સ્ત્રીએ કોરટથી ખાશ હોકમ મેલવીઆ વગર તથા કોરટનો હોકમ થએઆ વગર એક બીજાની હઈઆતીમાં, બીજી સ્ત્રી કે ભરથાર કરવો નહીઃ તેમજ આ કલમની સરીએતથી જે લગન કરવામાં આવશે તે રદ બાતલ ગણાશે.

**લગન તોડવાની સજા બાબે**—આ કાએદો અમલમાં આવીઆ પછે, જે કોઈ પારસી સ્ત્રી અથવા પુરૂશ એક બીજાની હઈઆતીમાં, કોરટના ખાસ હુકમ સીવાએ લગનનો ગાંઠ તોડશે, અને બીજો ભરથાર અથવા સ્ત્રી કરશે તેને, ઈનડીઅન પેનલકોડની ૪૯૪ મી કલમમાં ફરમાવીઆ પરમાંણે (૭ વરસ દેશનીકાલ કરવાની તથા તે સાથે મોટો દંડ પણ લેવાની) સજા કરવામાં આવશે. એવી રીતે લગન તોડી જે પુરૂશ અથવા સ્ત્રી બીજી સ્ત્રી કે બીજો ભરથાર કરશે, અને તે નવા પરણુનારને જો પોતાનાં તોડેલાં લગનની બાબદથી અજાણીઓ અથવા અજાણું રાખશે, તો તેવા પુરૂશ અથવા સ્ત્રીને ઈનડીઅન પેનલકોડની ૪૯૫ મી કલમ મુજબ (૧૦ વરસ દેશનીકાલની, અને (જરૂર પડેતો) સાથે મોટા દંડની) સજા કરવામાં આવશે.

**લગનની નોંધ બાબે**—આ કાએદો અમલમાં આવીઆ પછે, જેબી લગન કરવામાં આવે તેનો વીગતવાર ખોલાસો, આ કાએદામાં જણાવેલા કોઠામાં લખી, તે ઉપર તે લગનની કીરીઆ કરનાર મોબેદ, જે બે સાખશીઓની હજુર તે કીરીઆ કરવામાં આવી હોએ તેઓએ, પરણુતાં જોડાંએ, અને જો તે એકવીશ વરશની અંદરનુ હોએતો તેમના બાપે અથવા વાલીએ સહીઓ કરી, જે શેહેર અથવા ગામમાં તે કીરીઆ થઈ હોએ, તીઆં ૧૮૬૪ ના કાએદા પરમાંણે જે રેજીસટરાર થડાવેલો હોએ તે રેજીસટરારની ઉપર, ભરથારની તરફથી ફીના રૂ૨) સાથે, મોકલવી - તે સરટીફીકેટને તે રેજીસટરાર રેજીસટરનાં પુસતકમાં નોધશે. એ પુસતક માંહેલી નોધ કોઈબી જોવાં માંગશેતો તેને દેખાડવામાં આવશે, અને જો કોઈ તેવી નોધની નકલ કરી લેવા માગશેતો તે રૂ૨) ફી લઈ કરવા દેવામાં આવશે. એવી નોધ રેજીસટરાર ઉપર મોકલવાને જે મોબેદ ગફલતી અથવા અખાડા કરશે, તેની ઉપર તે તકશીર સાબેત થવાથી તેને ૩ મહીના શુધી જેલની અથવા ૫૦૦ રૂપીઆ શુધી દંડની કે વખતે એ બંનેની સજા કરવામાં આવશે. તથા જે પુરૂશોને એ કલમમાં, તે નોધ ઉપર સહી કરવાને ફરમાવેલુ છે તેઓ જો જાણી જોઈને અથવા ગફલતીથી સહી ન કરશેતો તેમને ૧૦૦ રૂપીઆ શુધીનો દંડ કરવામાં આવશે. તથા એવી જાતની ખોટી નોધ ઉપર જે સખશો જાણી જોઈને સહી કરશે, તો તે ગુનાહ સાબેત થવાથી તેમના ઉપર ખોટો દસતાવેજ ઉભો કરવાનો (ફોરજરીનો) અનેઆએ લાગુ પાડવામાં આવશે, અને તેને માટે તેમને ઈનડીઅન પેનલકોડની ૪૬૬ મી કલમ પરમાણે (૭ વરસ દેશનીકાલની અને વખતે તેની સાથે મોટા દંડની) સજા કરવામાં આવશે. તથા જે રેજીસટરાર પોતાના દફતરમાં એવી નોધ કરવામાં જાણી જોઈને કે ગફલતીથી ચુક કરશે તેને ૧ વરસ શુધી કેદખાનાની અથવા ૧૦૦૦ રૂપીઆ શુધીના દંડની, કે વખતે એ બંનેની સજા કરવામાં આવશે. તથા જે કોઈ સખશ એવી નોધમાં જાણી જોઈને કાંઈ ફેરફાર કે કાંઈ એવો જ બીજો ડગો કરશે તો, જો તે સખશ કોઈ ખાનગી સખશ હશેતો તેને ૨) વરસ કેદ ખાનાની, અને જો તેવી તકશીર કરનાર રેજીસટરાર પોતે હશેતો તેને ૫) વરસ કેદખાનાની અથવા ૫૦૦ રૂપીઆ દંડની, બંનેની, સજા કરવામાં આવશે.

**ખોટાં લગન સારવાની સજા બાબે**—જે કોઈ મોબેદ જાણી જોઈને, આ કાએદાની સરીએતથી ઉલટી રીતે થતાં લગન સારી આપશે અથવા તેની કીરીઆ કરશે તેને ૩ મહીના કેદખાનની કે ૧૦૦ રૂપીઆ દંડની કે વખતે બંનેની સજા કરવામાં આવશે.

**નેઆએ કરવા બાબે**—એ બાબેની ફરીઆદો સાંભલવાને અથવા ચુકાદા કરવાને દરેક શેહેરમાં તથા પરગણામાં એક જુદી કોરટ કરવામાં આવશે, તેને "પારસી મેટરીમોનીઅલ કોરટ" કેહેવામાં આવશે. એવી કોરટો મધેની મુંબઈ, મધરાજ અને કલકતાની કોરટો મુખીઅ કેહેવાશે, અને તેમાં નેઆએકરતાની જગાએ તીઆંની હાઈ કોરટનો વડો જડજ બેસસે, અને તેની સાથે ૧૧ પારસીઓ, જેમને "ડેલીગેટસ" કેહેવામાં આવશે તેઓ (જુરીની માફક) બેસસે. બંધવો અથવા બંધવી તકશીરવાર છે કે નહી તે એ અગીઆર પારસીઓ થેડવશે, અને તે ગુનેગાર થડીઆ પછે જડજ તેને સજા થડાવશે. એ તરણ શેહેર સીવાએ બીજા શેહેરો તથા પરગણાઓની કોરટો નાની કેહેવાશે, અને તેમાં નેઆએકરતાની જગાએ તીઆંની જીલા કોરટનો નેઆએધીસ બેસસે, અને તેની શાથે ૭ પારસીઓ ઉપર લખીઆ પરમાણે કામ કરશે. એવા ડેલીગેટોને માટે પરેસીડનસીમાંથી ૩૦ અને જીલામાંથી ૨૦ પારસીઓને સરકાર પોતે પસંદ કરી ચેડવશે, અને પછે તેમાંથી દર વેલાએ ૧૧ તથા ૭ જણને નેઆએની ખુરશીએ બીરાજતો જડજ વારાફરતી કોરટમાં બોલાવતો જશે. એ નેમનુકજી આંવેર કોઈ (ડેલીગેટ) પોતાની મરજીથી કે કાંઈ અડચણ અથવા સબબથી પોતાનો ઓધો છોડે નહી તીઆંવેર તે કાએમ રાખવામાં આવશે, અને તેવા શખસો સરકારી નોકર તરીકે ગણાશે. જે જે વકીલો બારીસટરો વગેરે હાંઇ કોરટમાં કામ ચલા

વતા હોએ તેમને એ કોરટમાં પણ કામ ચલાવવાનો હકછે. એ બાબેનો મુકરદમો જે જગામાં વાદી તથા પરતીવાદી હોએ તે જગાની કોરટમાં માંડવામાં આવશે, પણ જો બંધવો બરીટીશ ઈનડીઆ છોડી નાહાસી-ગએઓ હોએતો, જે જગાએ વાંદી તથા પરતીવાદી બંને સાથે છેલાં રહેઆં હોએ તીઆંની કોરટમાં માંડવો.

તલાકના હોકમ બાબે—૧ હરેક પારસી સ્ત્રી અથવા પુરૂશ લગનની વેલાએ દેવાનાપણાની હાલતમાં હોએ; અને તેની તેવી હાલત લગન પછે જેમની તેમ રહેલી હોએ, અને જાણી જોઈને તેવી સ્ત્રી અથવા પુરૂશના તેવી હાલતમાં લગન કરવામાં નહી આવીઆં હોએતો, તે લગન કોરટના હોકમથી રદ થઇ શકશે, અને શામણી બોરદુવાલાને બીજો ભરથાર અથવા સ્ત્રી કરવાનો હોકમ મલશે. ૨—જે પુરૂશ અથવા સ્ત્રી, કુદરતી બનાવથી મરદપણમા અથવા સ્ત્રીપણામાં નહી હશે, તો બેમાથી એકની ફરીઆદ ઉપરથી, સાબેત થતાં ફરીઆદ કરતારને તલાક મલશે. ૩—હરેક પુરૂશ પોતાની સ્ત્રીથી અથવા હરેક સ્ત્રી પોતાનાં ભરથારથી એવી રીતે દુર જશે, અથવા ગેરહાજર રેહેશે, કે ૭ વરસ શુધી તેના ઠેકાણાની કે હઈઆતીની કશી ખબર મલે નહી, તો સાત વરસ પુરાં થએઆં પછે, સ્ત્રી અથવા પુરૂશે, કોરટમાં અરજ કરવાથી, સાબેત થતે, કોરટથી તલાકનો ઈઆને તે લગન રદ કરી ફરીના બીજા લગન કરવાનો હોકમ મલશે. ૪—હરેક પારસી પુરૂશ કોરટમાં એવી ફરીઆદ કરશે કે તેની સ્ત્રીએ લગન થએઆ પછે કોઇ પારકા પુરૂશ સાથે બદફેલી કરી; અથવા હરેક પારસી સ્ત્રી કોરટમાં એવી ફરીઆદ કરશે કે તેના ભરથારે કોઈ પરણેલી કે કુમારી સ્ત્રી શાથે (વેસીઆ શીવાએ) બદફેલી કરી, તથા હરેક સાથ એવુંજ બદફેલીનુ કામ કરીઉં, તો તે ફરીઆદ કોરટ સાંભલશે, અને તે સાબેત થવાથી, તેમનાં લગન કોરટ રદ કરશે, અને ફરીઆદ કરનાર પુરૂશ અથવા સ્ત્રીને તેના માગવાથી બીજી સ્ત્રી અથવા બીજો ભરથાર કરવાનો હોકમ મલશે. એવી જાતના મુકરદમાંમાં, જે સ્ત્રી સાથ જે પુરૂશે બદફેલી કરી હશે, તેની પાસે, ઘટતું જોતાં, તે મુકરદમો ચલાવવાનો સઘલો અથવા થોડો ખરચ કોરટ અપાવશે. ૫—હરેક ભરથાર પોતાની સ્ત્રી ઉપર એવું ઘાતકીપણું ગુજારશે અથવા એવી ચાલ ચલાવશે કે જેથી તેની સ્ત્રીનો જીવ જોખમમાં આવી પડે એવું કોરટને લાગે તથા તેવાં ઘાતકીપણામાં તે સ્ત્રીને તેના ભરથાર પાસે રાખવી કોરટને નાદરૂસત લાગે; અથવા હરેક ભરથાર પોતાના તથા પોતાની સ્ત્રીના મકાન પર વેશીઆને લાવે તથા રાખે તો, તેવી સ્ત્રીએ કરેલી ફરીઆદ સાબેત થતે, તેના માગવાથી તેના લગન કોરટ રદ કરી તે સ્ત્રીને બીજો ભરથાર કરવાનો હોકમ આપશે. પણ એવી જાતના તલાક મેલવવાના સઘલા મુકરદમાંમાં કોરટે ખાતરી કરવી જોઈએ કે તેવા સ્ત્રી ભરથારે સંપ કરીને કે એવીજ બીજી રીતે તે મુકરદમો માંડેઓ નથી, તથા મુકરદમો માંડતાં ઝાઝો વીલમ લગાડીઓ નથી, તોજ કોરટે તલાકનો હોકમ આપવો, અગર નહીતો નહી આપવો. એવી જાતનો તલાકનો મુકરદમો કોરટમાં ચલાવતી વેલાએ તે સ્ત્રીને પોતાનું પોશણ કરવાની કે મુકરદમો આગલ ચલાવવાની જોગવાઈ ન હોએ, તો સ્ત્રીના માંગવાથી, કોરટે તેનુ ભરથાર પાસે તેની કુલે આએપતમાંથી તેનાં પાંચમાં હીસા પરમાણે દર મહીને અથવા અથવાડીએ ચોકસ રકમ આપતી કરાવવી. એવા મુકદમામાં જો કોરટના ધેઆનમાં આવેતો તલાક આપવાનો હોકમ કરવા આગમચ તેવી સ્ત્રીને માટે તેના ભરથાર પાસે ચોકસ રકમનો ઉચકો અપાવવો, અને તે ઉચકો કોરટે તરસટીઓ ઠેડવી તેમના સવાધીનમાં આપવો.

સંબંધ રાખવા બાબે—હરેક પુરૂશ પોતાની સ્ત્રીને તજીને અથવા હરેક સ્ત્રી પોતાના ભરથારને તજીને દુર રહે, તથા સંબંધ રાખવાને ના પાડે, અને તેમ દુર રેહેવાનું તથા સંબંધ બંધ કરવાનું કશું વાજબી કારણ ન હોએ, તો જેણે એવો સંબંધ બંધ કરીઓ હોએ તેને તે સંબંધ રાખવાનો કોરટે હોકમ કરવો; અને જો તે હોકમ થએઆ પછેબી તેવો પુરશ અથવા સ્ત્રી સંબંધ નહી રાખેતો તેને ૬ મહીના શુધી કેદખાંનાની અથવા ૧૦૦ રૂપીઆ શુધી દંડની, કે વખતે બંનેની સજા કરવામાં આવશે.

ફરીઆદ સાંભલવા બાબે—આ કાએદામાં ફરમાવીઆ પરમાણેની ફરીઆદી કોરટમા માંડતી વેલાએ જો ભરથારની ઉમર ૧૬ વરસ અંદરની અને સ્ત્રીની ઉમર ૧૪ વરસ અંદરની હશેતો તેવી કોઈ જાતની ફરીઆદી કોરટ સાંભલશે નહી. આ કાએદામાં જણાવીઆ પરમાણેની ફરીઆદ વાદી કે પરતીવાદી, હરેકની મરજી બંધ બારણે ચલાવવાની હોએતો તે બાબે અરજ કરવાથી તે ફરીઆદ બંધ બારણે સાંભલવામાં આવશે. એવી જાતની ફરીઆદના દસતાવેજ ઉપર ૩૨ રૂપીઆનો સટાંમપ મારવો જોઈશે. એવી જાતની ફરીઆદીના પારસી જેટરીઓની અલ કોરટમાં થએલા ચુકાદા ઉપર કોઈ બોરદુવાલું રાજી નહી હોએતો તેણે તે બાબેની ૩ મહીનાની અંદર હાઈ કોરટમાં અપીલ કરવી.

*બચાંનાં રોજગાર બાબે—આ ધારા પરમાણે હરેક જોડું છુટું પડેઆ પછે જે બચાં હોએ તેઓ ૧૬ વરસનાં થાએ તીઆંવેર તેઓને તેમને તથા કેલવણી આપવાનો કોરટે બં*...લેજીસલેટીવ કાઉનસીલે સ્ત્રીને બદફેલીના અનેઆં ધણાજ કાબેલ મેમબરોએ ધારાથી જુદી કરવાંમાં
...આ શુધારો કરી, નામદાર ગવરનર જીલકત હોએ, તો તે
... તા૦ ૭ મી એપરેલ ૧૮૬૫ ને દરૂસત લાગે તેમ હી
... ફેરીઅત તા૦ ૨૦ મી એપ
... ઉપરથી, આ ચોપાનીઅ
...ને માટે નીચે પરગટ કરે... જેની ઉપર દંડ ના
ખવ... નહી આપે, અને
...નુ નાંમ—એ ધારાનાં ... ડી હરરાજ કરીને તે
તેની ... લાક સંબંધી, શરટ કાઈ
માંથી વસુલ ... આવીઉં જે વસુલ નહી ... થકેતો દંડના પર
માણ પરમાણે ... કદ ... નાની સજા કરવામાં આવે.

એ કાએદો તા૦ ૧ લી સપટેમબર ૧૮૬૫ ને દીનેથી અમલમાં આવશે. આ ધારાનો માતરે અમતજેમ સારજ ...અતરે પરગટ કરીઓછે.

# પરચુટણ.

## જાણવાજોગ બાબદો.

**તલવારની ભેટ**—ઉત્તર અમેરીકાની ફોજના સરદા ર જેનરલ બેંકસને આ ચાલુ લડાઈમાં જુદી જુદી વખ તે કેટલીક તલવાર ભેટ આપવામાં આવી છે, તે બધીની કીમત ૪૫૦૦૦ રૂપીઆની થઈ છે.

**કેલવણીની કીમત**—આખાં ગરેટ બરીટનમાં, વીદી આ હુનરની કેલવણીને માટે, ગએઆં વરસમાં ૧૩૧૧૬૧૮૦ રૂપીઆનો ખરચ થએઓ હતો.

**હુવાથી વણત**—વણવાના સાંચા, જે હાલમાં બાફ ના સાંચાની મદદથી ચાલે છે, તેને બદલે હુવાના જોરથી ચલાવવાને એક થેમસ પેજ નામના એનજીનીઅરે શોધી કાહડીઉ છે. એ પરમાણે વણવાનુ કામ ચલાવતાં ઘણાંજ ઓછાં માણસો લાગી શકે.

**આગનો ઉપાએ**—આતશ ઉપર પાણી નાખવા ક રતાં પીઘલેલો નવસાગર નાખવાથી ઝટ બલતું બુજાઈ જા એ છે, એવું હાલ એક અકસમાતથી જણાઈ આવીઉ છે. એક ગાંધીની દુકાનમાં, કાંઈ બનાવથી પાટીઆંની લોંએ સલગી ઉઠી, જે ઉપર બધા જણ બાલદી બાલદીએ પાણી ના મવા મંડી ગએઆ, પણ બલતું નરમ પડીઉં નહીં. તે વામાં તે ગાંધીની નજર એક બાલદીપર પડવાથી તે પણ તેણે ઉંચકી તેમાં નાખી, જે કરતાંજ તતકાલ સઘલું બલ તું હોલવાઈ ગઈઉં. તે જોઈને બધાને અજબ લાગીઉં. પણ પછે તપાસ કરતાં માલમ પડીઉ કે, તે બાલદીમાં પા ણી નહી પણ પીઘલેલો નવસાગર હતો.

**નેપોલીઅન એક ઘડીઆલથી બીધો!** નામીચો શાહાનશા નેપોલીઅન બોનાપારટ, જરમનીપર ચડાઈ કર તી વેલાએ, પરશીઆના પાદશાહાનાં મેહેલમાં સુતેલો હ તો, તેવાંમાં એકાએક રણશીંગડાંનાં આવાજે નીકલવાથી તે ભડકીને ઉઠીઓ, અને અચરત થઈ આસપાસ જોવા લાગો કે, રણનાં મેદાનમાંનાં સરખાં રણશીંગડાં અહીં કી આં વાગે છે! તેની સાથનાં સઘલાં માણસો પણ ગભરાટ માં પડીઆ, પણ તેવામાં એકાએક તે સઘલું ચુપ થઈ ગઈઉ, અને થોડેવારે બધા પાછા ઉંઘાઈ ગએઆ. વલી થોડોક વખત ગએઆ પછે ફરીને તેવા આવાજ નીકલી આ, જેથી ફરીને શાહાનશાહા નેપોલીઅન તથા તેનાં માણસો ઝબકી જાગી ઉઠીઆં, અને વલી અચરતીમાં પડી વીચાર કરવા લાગાં; તેવામાં માલમ પડીઉં કે, જે ઓરડામાં નેપોલીઅન શુતો હતો, તેની પાસેના ઓરડા માં એક ઘડીઆલ હતુ, જેમાં કલાક વાગવાની અગાઉ એ વા આવાજો નીકલતા હતા. એથી એક નવાઈ સરખી કેહેવાત રહી ગઈ કે, શાહાનશાહા નેપોલીઅન એક ઘડી આલથી બીધો!

**વાહાણ લાગવાનો ઉપાએ**—માણસોને દરીઆની મુસાફરી કરતાં જે વાહાણ તથા આગબોટ લાગેછે, અને તેઓ આજારી જેવા થઈ જાએછે તેનો ઉપાએ હાલ એક ડાકતર ચેપમેન નામના વઇદે શોધી કાહાડીઓછે:—તે એકે બરડાના હાડકાં ઉપર આઇસ બાંધવું.

**બચાંનો ખોરાક**—કેટલાક વઇદોએ એવું મત પરગ ટ કરીઉંછે કે, નાહાના છોકરા તથા છોકરીઓ, જેઓ સહ વારના સકારાં માહે ઉઠેછે, તેમને દાહાડામાં ચાર વાર ખો રાક આપવાથી તેમની તંદોરસતી ઘણી સારી રહેછે; અગ ર નહીતો લથરી જાએછે.

## પકવાન વગેરે બનાવટ.

**એક સસતું પુડીંગ**—એક રતલ ઘઉંનો આરો, એ ક રતલ ચરબી અથવા ઘી, પોણો રતલ ખાંડ, અરધો રત લ દરાખ, એ સઘલાંને એકઠાં મેલવી, તેમાં, એક રતલ પ પેટા અને એક રતલ ગાજર બાફી મસલીને નાખી, સઘલાં ને સારી પેઠે મેલવી દેવું, અને મેલવતાં સાથે જરા પાણી લેવું. પછે તેને એક વાસણમાં મેલીને તેને આઠ કલાકવે ર ભઠીમાં ભુંજવું, અને પછે કામમાં લેવું.

**ચોખાનું કશટર**—ચાર મોટા ચમચા ભરી ચોખાનો આરો લઈ પરથમ તેમાં અરધો ચમચો તજ મેલવવો, પછે બે ઈંડાંને ખુબ ચારવીને મેલવવાં પછે તેમાં દોહોડ પેંટ દુ ધ મેલવવું, પછે તેમાં એક ઝીણું વાઈન ગલાસ ભરીને બરાનડી અને થોડાંક બદામના તેલના ટીપાં નાખી, પુ રતી ખાંડ નાખી સઘલાંને ખુબ મેલવવું. પછે તેને એક વાસણમાં રેડી અરધી મીનીટ વેર ચુલા પર મેલવું, અને તે સઘલો વખત તેને ચારવતા રેહેવું, કે બંધાઈને ગાંગડા નહી થઈ જાએ. અરધી મીનીટ પછે હેઠે ઉતારી એક બી જા વાસણમાં રેડી દેવું, અને જીઆંવેર ઠંડું પડે તીઆંવે ર ચારવીઆ કરવું; પછે કામમા લેવું.

## રમુજી વારતા.

કોઈએક ભંગી જંગલમાં બેસીને ભાંગ ઘુંટતો હતો તેવાંમાં ઝાડીમાંથી એક હરણ નીકલી આવીઉં અને તેની પાસેથી દોડી ગઈઉં, જેના આંચકાથી તેની ભાંગની કુંડી ઢોલાઈ ગઈ. એ જોઈ તે ભંગી બોલીઓ, "બચાં, હું તુંને એ બાબે શું કહું? તારા ગુરૂબીને જઈને કહું." કેમકે તે હરણનું નાહાનું કદ જોઈને તેને કોઈ મોટાં ચોપગાંનું બ ચું સમજીઓ! તે પરમાણે તે પોતાના હાથમાં ભાંગેલી કું ડી અને સોટો લઈ તીઆંથી ઉઠીઓ, તે પાસેનાં એક ગા મમાં ગએઓ, અને તીઆં હરિણને મલતાં આવે એવાં કો ઈ મોટાં પરાણીની શોધ કરવા લાગો. તેવામાં તેની નજરે એક ગધેડું પડીઉં, જે પેલા હરણને સેહેજ સાહાજ મલતું આવતું જોઈ સમજીઓ કે એજ પેલાં બચાંનો ગુરૂંબી હશે. એવું સમજી તેણે તે ગધેડાંના માલેકની આગલ જઈ તે વી

શે ફરીઆદ કરી કે "ભાઈ, આ તારાં જનાવરના છોકરાં એ મારી બાગની કુંડી ભાંગી નાખી." તેનાં ઉતરમાં તેને જણાવીજં કે, ભાઈ તે મને શું કહેછ, તે ગધેડાને જઈને કેહે!" એ સાંભળી તે ભંગી ગધેડા આગલ જઈ તેની પીઠ ઠોકી બોલવા ગએઓ પણ તેવાંમાં ગધેડાંએ ચોંકીને બંને પગની લાત એવાતો જોરથી તે બીચારાના પેટમાં મારી કે કલ ખાઈને નીચે બેસી ગએઓ. પછે થોડાવારમાં ઉઠીને બોલીઓ "જેના મુરબી એવા આડા, તેના બચાં આડાં હોએ તેમાં નવાઈ શું!" એટલું બોલી તે બીચારો તીઆંથી ચાલતો થએઓ.

અલબતે આ ભંગીનું કામ બેવકુફાઈ ભરેલું છે, પણ તેના કેહેલા બોલ ઘણાજ અકલ ભરેલા છે: જેના વડા પાધરાં નહી હોએ, તેનાં બચાં કદી પાધરાં નીકલે નહી.

—∞○∞—

## સમશીઆ.

(કીરિટ છંદ.)

(૧) સજ્જન સાંભલ વાત હમારી હમે જન પાંચ સગાં ભાઈ બેનજ;
પાંચ છએ પણ પાંચ નથી પણ સાતજ સાથ રહે દિન રેનજ.
સાત મધે પણ બે જન ભાઈ અને ચાર બેન નપુસક એકજ.
વાણિ વદી સુનિ ઉતર રે ઝટ ધારિ મને ધિર લાવિ વિવેકજ.

---

(મનહર છંદ.)

(૨) ખસી ખસી આવે પાસ, હસી હસી નાખે પાસ,
મોરી મોરી આપે આપ, ઉપર લગાવીને.
ભારી ભારી બોલે બોલ, સારી સારી કહે તોલ,
નાચી નાચી નગન, બનાવે દે છગાવીને.
ધીમે ધીમે લેઈ હાથ, સીમે સીમે આવી સાથ,
મીઠી મીઠી કરે વાત, લઈ એક ખુણમાં.
ફસી ફસી બાંધે બંધ, હસી હસી કાપે સંધ,
ફસી ફસી ચઢે, હસી. ફેંકે આરે કુણમાં.

---

## જવાબો.

(૧) હાઈડ્રોજન અને આક્સીજન ગેઆસ.

(૨) ને. પે ટી. અન: ફરા નસ: ૫:, દશા: નેપોલી અન ફ્રાનસનો પાદશાહ.

—∞○∞—

## સભાનું ધોલ.

"આહો સખી સાજનિયે મેરા ભાઈએરે"

એ રાગનુંએ.

સખિ મેને આજની સભા શોભે છે શોરે:
સખિ ચડે દી આજની ઉપરે. ૧.

ગુણમય સરસ ગાલીચા બિછાયારે:
જાણે મણિ મોતીના ચોક પુરાયારે. ૨.
ઝળકતી ખુરસીઓ માંડીછે ખાસીરે;
પકુના ઉજેય રહ્યાછે પ્રકાશીરે. ૩.
તખતા ને હાંડીઓ જોઈ મન હરખેરે:
જમરૂખ રંગે કિરણ રંગ સરખેરે. ૪.
રમકડાં જુગતે ધર્યાં જોવા જેવાંરે;
અગણિત ચિત્ર છે મન હરે એવાંરે. ૫.
રૂડો મેજ ઉપર રૂપાના થાળરે;
રહ્યાં તેમાં પાનના બીડાં રસાળરે; ૬.
શિશિઓ સુગંધિની શોભે છે પાસેરે;
સુખ ઘણુ ઉપજે છે એની સુવાસેરે. ૭.
તથા જુઓ ફુલના હાર ને તોરારે;
ગુણિયલ ગોટો ગુલાબના ગોરારે. ૮.
એવા એવા શણગાર સુંદર છાજ્યારે:
રૂડી રીતે સાજન આવી બિરાજ્યારે. ૯.
સારા સારા સાહેબ બેઠા છે સાથેરે;
જેને રૂડી બુદ્ધિ દિધી દીનનાથેરે. ૧૦.
મોટા મોટા શેઠ મળી બેઠા સામારે;
જેના અંગ ઉપર બરફશા જામારે. ૧૧.
મુખના પ્રકાશ તો પસરાઈ પડ્યારે;
✝હિમગિરિ શિખરો ઉપર શશિ ઉગ્યારે. ૧૨.
નિરખતાં નેહભર્યાં દિસે નેણાંરે;
ઝળકેછે દાંત વદે જ્યારે વેણાંરે. ૧૩.
ગગનમાં તારા મંડળ જેવું ગણિયેરે;
ભલિ શોભા દાંતતણી એવી ભણીએરે. ૧૪.
દિસે રૂડી સૌની અમૃત ભરી દૃષ્ટિરે;
વળિ જેને આનંદની થાય વૃષ્ટિરે. ૧૫.
ભલાં ભલાં ભાષણ મુખથકી ભાખેરે;
કરતાં કલ્લોલ કચાશ ન રાખેરે. ૧૬.
ધન ધન આજ દિવસ એવું ધારોરે;
એઈ આજ સુકૃત થયો જનવારોરે. ૧૭.
સખિ આજ કાજ ઉત્તમ એવું થાયેરે;
વિધ વિધે વિશ્વ વિષે વખણાયેરે. ૧૮.
આજનો ઉદારતા રાખશે એવીરે:
કિરતી વધારશે ગાવવા જેવીરે. ૧૯.
આવો રૂડો અવસર ફરિ કદાપિ આવેરે;
એવું જાણિ ઉમળકો ઉર ઉભરાવેરે. ૨૦.
ભલે એવા ઉમદા ઘણુ અવતરીઆરે;
જેણે એનાં જગમાં ઉપકાર કરીઆરે. ૨૧.
પ્રભુ પૂરી આપશે આશા ઘણાંરે;
આવા આવા દિવસ સદૈવ દેખાડેરે. ૨૨.
રૂડાં રૂડાં ગીત મનોહર ગાઈરે;
હર્ષથી અનહદ હરખિત થઈરે. ૨૩.
સરવને સંપત્તિ ને સુખ આપેરે;
દિધિ એવી આશિષ દલપતરામેરે. ૨૪.

---

✝ હિમાલય.

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. | મારચ ૧૮૬૫ | આંક ૩ જો.


## સ્ત્રીની વફાદારી અને વચન.

એક વારતા.

### પરકરણ ૫ મું.

### મીતરનો દગો.

બીજે દાહાડે હોસંગ અને પસંગ બંને સાથે વાત કરવાને અને એક બીજાની ખબર અંતર પુછવા લાગા. પરથમમાં હોસંગ બોલીઓ, "કેમ પસંગ આપણે તીઆ બધાં શું કરેછે, અને તારી વાહાલીની કેવી ખબર છે તથા તમારો બંનેનો પીઆર કેમ છે?" તે સાંભલી પસંગ બોલીઓ, "ભાઈ મારી પરીતની વાતથીતો તને કંટાલો આવે છે. હું જાણુંછું કે પરીતીની વાત સાંભલી તું ખુશી થતો નથી." "હા, પસંગ," હોસંગ બોલીઓ, "પણ તે વખત હવે બદલાઈ ગએઓ છે. પીઆરને મેં આગલ ઘણો ધીકારીઓ છે; જેટલો મેં તેને ધીકારીઓ છે તેટલો તે હવે મારીપર વેર લેતાં મારી ઉંઘ અને ભુખ પણ લઈ ચુકી છે. ઓ ભલા પસંગ, પીઆર એક ઘણોજ મોટો ફરેશતો છે. તેની ગેરહાજરીના જેવું દુખ અને તેની હાજરીના જેવું સુખ દુનીઆંમાં બીજું કશું મને લાગતું નથી! હવે મને પીઆર સીવાએ બીજી કશી વાત ગમતી નથી; હવે આ જે હું તેના માતરે નામને ખાતર મારૂં ખાવાનું અને સુવાનું સઘલું ભુલી જાઉં છું." હોસંગનાં મોડાંમાંથી આવા સબદો સાંભલી પસંગ ઘણોજ ખુશી થએઓ, પણ જેઓ તે તેના શબદોથી ખુશી થએઓ તેવો તેની હાલી હાલતથી ખુશી ન થએઓ. પસંગ જેકે હોસંગનો એક સઉથી સરસ અને વાહાલો મીતર હતો, અને તે બંને જન વચે સગાં ભાઈ ભાઈ કરતાં વધારે પીઆર અને સંપ હતો, પણ અફશોસ! પરીતી; પરીતી, જે આહેતો સુરજ અને ચંદર એ બેને સાથે મેલવે, અને આહેતો આટલાનટીક અને પાસીફીક સરખા મહાસાગરનાં સંપે એકઠાં રહેલાં પાણીને જુદાં પાડી વચે મોટા પરવતો ઉભા કરી દે, તે એક બે મીતરોનાં દીલને છુટાં પાડવાને કેટલો વીલમ લગાડે? માણસ જે પોતાની નબલાઈ અને નીમખહરામીને મારે આએ દુનીઆંની સપાટી ઉપર તેની શરૂઆતથી પરખીઆત થઈઉ છે, તેનું બચું એક પસંગ પોતાના મીતર સાથ, પોતાના દીલની નબલાઈએ, નીમખહરામી કરે તેમાં નવાઈ શી! પણ આખરે, આખરે સચાઈ અને એકીનદારીજ ફતે મેલવવાની અને નીમખહરામી ઉપર શરમ, અને ધીકારના વરસાદ સીવાએ બીજુ કશું વરસવાનું નહી.

જીઆરથી પસંગની નજરે શીરીનબાનું પડી હતી, તીઆરથી તે પોતાની શુધ અને બુધ ભુલી ગએઓ હતો, અને તેની તનથી વાહાલી જેલીકા, જેના વના તેને એક ઘડી નહી ચાલતુ હતું, અને જે તેને એક દાહાડો જોએ આ વગર આંધલી બની જતી હતી તેનો પીઆર તથા તેનો પરાણહીતુ સનેહી હોસંગ, જેની સાથે અતીઆરશુધી, પાણી અને માછલીની માફક રહેલો હતો તે મીતરાઈ, એ સઘલું સમીસાંજના વાદલના રંગની માફક એક પલવારમા જતું રહીઉં, અને શીરીનબાનુના પીઆરમાં પડી તેની જુદાઈના જખમથી પોતાના જીગરને ઝેરવવા લાગો. અને એટલો અધીરો બની ગએઓ કે તે પોતાનો આવો દુરખાંઈ ભરેલો વીચાર એકદમ શીરીનબાનુ આગલ જાહેર કરે, પણ તેવામાંજ તેના મનમાહેલી ખંધાઈ આડે પડી અને તેને ધીરજથી હોસંગનો ગર લેવાને ભલામણ કીધી.

હવે આણીગમ બનાવ એવો બનીઓ હતો કે, હોસંગ અને શીરીનબાનુએ પોતાની વાત પાદશાહાથી વધારે વાર છુપી રાખવાને દરૂસત ન વીચારીઉં, કેમકે જેમ જેમ દાહાડા જતા હતા, તેમ તેમ તે સુંદર રાજકુવરીનાં લગન શામ સાથે કરી આપવાની ગોઠવણ જનજુત થતી જતી હતી. અલબતે આગલ લખીઆ પરમાણે શામની ચાલ ચલણ તથા સવભાવ એવો ન હતો કે તે રતીભારખી શીરીન બાનુનો ભરથાર થવાને લાએક થાએ; તેથી તે તેનું નામ સાંભલી કંટાલો ખાતી, અને તેની સાથ પરણવાના વાત સાંભલી થરથર કાંપતી. શીરીન સારીપેઠે સમજતી હતી કે, ભરથાર તે શું અને તે કેવો કરવો જોઇએ; તે સારીપેઠે જાણતી હતી કે ભલા અને લાએક ભરથારથી જીંદગીનાં અંત શુધી કેવું શુખ મલે છે, તથા કટંગા અને નાલાએક ભરથારથી અંતના દાહાડા શુધી કેવુ દુખ વેઠવું પડે છે. તેની પકી ખાતરી હતી કે, જો તેનો જનમનો સાથી શામ થએઓ તો તેના દાહાડા કદી સુખમાં જનાર નથી, અને તેની આંખમાંથી આંસુ કદી શુ

કાનાર નથી. જેમ હરેક વસતુને ચાખવાથી તેનો સવાદ જણાએ છે, તેમ હરેક માંણસને વાપરવાથી તેનાં ગુણ જણાએ છે. જેમ ઘણાક જનાવરોમાં સવાસથી પોતાને લાએક શીકાર શોધી કાહાડવાની શકતી હોએ છે, તેમ સ્રીઓમાં વાપરવાસથી પોતાને લાએક ભરથાર શોધી કાહાડવાની કુદરતી શકતી હોએ છે. તેજ પરમાંણે શીરીને બંનેને વાપરવાથી જોઈ લીધું હતું કે, તેને લાએકનો ભરથાર શામ નથી પણ હોસંગ છે. તેને સુખનાં સાગરમાં તરાવનારો આખો દરબારમાં એક હોસંગજ છે, તેથી હોસંગની સલાહથી શીરીને એક દોવશે પોતાનાં ભરમનો ખોલાસો પોતાનાં બાપ પાદશાહા આગલ કીધો, અને તે બાહાલ રાખવાને તેની પાસ માંગી લીધું. પણ એ વાતમાં પાદશાહે તદન નારાજી બતાવી, અને ખોલી રીતે શીરીનને જણાવીઉં કે એમ કદીબી બનનાર નથી: શામ સીવાએ બીજા કોઈની પણ સાથ તેને પરણાવનાર નથી, પછે તે ગમે તેવો હોએ. શીરીન પોતાનાં બાપનાં સવભાવથી સારીપેઠે જાણીતી હતી, તેથી તેણે જાણીઉં કે તે જે બોલીઓ છે તે કરીઆ વગર રેહેનાર નથી, અને તેને અપાર દુખનાં દરીઆમાં હોમેઆ વગર રેહેનાર નથી, તેથી તેણે એ દલગીરી ભરેલી વાતથી હોસંગને જાંણીતો કીધો, અને હવે શું ઉપાએ કરવો તેની સલાહ પુછવા લાગી. અંતે હોસંગેબી જોઈઉં કે પાદશાહા એ રીતે સમજવાનો નથી, અને તે એવું આકું કાંમ કરવાને જરા પણ અટકનાર નથી, તેથી તેને અંતનો અને દુખ ભરેલો ઉપાએ લેવા વગર બીજું કશું દરૂસત સુજીઉં નહી. બીચારી શીરીને પણ નાચારીથી, અને બીજો કશો ચારો ન રેહેવાથી તે કબુલ કરીઉં, અને મેહેલ છોડી મોરતાબ તરફ ચાલી જવાનો થડાવ કરીઓ.

ભોલો બીચારો હોસંગ! તે હજુ પસંગને આગલની માફક પોતાનો ખરોજ મીતર સમજતો હતો, અને તેનાં દીલ માહેલાં કપટથી તદન બેખબર હતો. જેમ આગલ હેનું અને તેનું દીલ મલી ગએલું હતું, અને જેમ એક બીજાની ગમે એવી છુપી વાત એક બીજાને કેહેતા હતા, તેમજ અતીઆર શુધી સમજતો હતો. તેથી તેનાં કાલાં દીલમાં ઉગેલા કાંટા તેની નજરે નહી પડીઆ, અને તેની અણીઓથી પોતાનાં જીગરને છુપા ઘા લગાડીઆ પસંગના મકર ભરેલા પીઆરમાં ઠગાઈ, હોસંગે પોતાની આએ સઘલી છુપી વાત તેને કહી, અને તેઓએ મેહેલ છોડી જવાને કેવી ગોઠવણ કરી છે તેબી કહી, એટલુંજ નહી, પણ દોરડાંની શીરી વડે શીરીનને બારીએથી ઉતારવાની હતી, અને જે તે કંમરે બાંધીને ફરતો હતો તે પણ બતાવી. એવી ગોઠવણ સાંભલી તથા તેને પાર પાડવાની ઈઉકતી જોઈ પસંગનાં દીલમાં અદેખાઈનો એવોતો કારી જખમ લાગો, અને તેની અગન તેને એવીતો બલવા લાગી, કે તે બીચારાં દુખી જોડાંનું એકદમ સતીઆનાશ વાલવાનો વીચાર કીધો, ઈઆને એ સઘલી વાતથી તરત પાદશાહાને વાંકેફ કરવાનો ઠડાવ કીધો. પણ તે વેલાએ તે કરપીણ મીતરે હોસંગની માવને ઘણી પસંદ કીધી, અને તે જાણે તેમ થવાથી ખુશી હોએ, અને હરેક બાહોતે તેનું શુખ શોધતો હોએ એવું ડોલ ઘાલી હોસંગને ઘણીક હીમત આપી, અને તેને તેનાં કામમાં ફતેમંદી માહી તેનાથી છુટો થઓ.

જેવો તે નીમખહરામ મીતર હોસંગથી છુટો થએએ તેવોજ તે પાદશાહાની હજુરમાં ગએઓ, અને સેજદો બજાવીને તેની પાસે બેઠો. બેસીને પરથમતો અહીં તહીંની વતો કાહાડી, અને તેમાં કેટલોક વખત કાહાડી નાખીઓ. પછે ભરમમાં ને ભરમમાં હોસંગની વાતનો એસારો કરવનો શરૂ કીધો, અને મોટા ડોલ તથા ભારથી, પાદશાહાને દબાવી દબાવીને બોલવા લાગો કે, જે વાતનો બોલાશો તે તે કરવા માંગે છે, તે કરવાને જોકે તેની ફરજ અને વચનથી ઉલટું છે, પણ તે (પાદશાહા) જે તેની ઉપર ઘણો પીઆર રાખે છે, અને તેને પોતાની દરબારમાં સઘલું સુખ આપે છે, તેને માટે જો તે તેને એવી અગતની વાતથી જાણીતો નહી કરેતો તેમાં મોટી નીમખહરામી ગણાએ. એવા એવા ઘણાક બોલોથી પાદશાંહાને અધીરો બનાવી મેલી અંતે હોસંગને મોહેની સાંભલેલી સઘલી વાત, તથા તેની કમરે વીટાલેલી જોએલી રેશમી શીડી એ સઘલું કહી દીધું. અલબતે એ ખોલાસો સાંભલી પાદશાહાને ઘણું દુખ ઉપજીઉં; તેમજ પસંગે કરેલી આવી નીમખહરામી વીશે તેને ઘણું અચરત લાગીઉં, અને જોકે તેણે તેને ઘણી અગતની વાતથી જાણીતો કીધો, તોપણ તેની એવી વીસવાસઘાતં ભરેલી ચાલથી તેને ધીકારવા લાગો. પણ તરતતો તે વેલાએ પસંગનો ઘણોજ ઉપકાર માનીઓ, અને તે વાત ખરી છે કે ખોટી તેની પસંગનાં કેહેવાપર પુરતો ભરોશો ન લાવતાં પોતે જાતે તપાસ કરવાનો ઠડાવ કરીઓ.

---

## પરકરણ ૧ કું.

## હીકમતની આફત.

પાદશાહાને બેવફા પસંગે જે કહીઉં તેની સચાઈ વીશે તેણે પોતે જાતે તપાસ કરવાનો ઠડાવ કીધોતો ખરો, પણ તે કેમ કરવી તે વીશે વીચારમાં પડીઓ. અંતે કેટલોક વીચાર કરી મનમાં એવું ધેડવીઉં કે, હોસંગ સાથ એક ઠગાઈ કરવી, અને તે ઠગાઈમાં તેનો ભરમ લેવો. તે ઠડાવ પરમાણે તે હોસંગ પાસ જાવા જાએ છે, તેવામાં તે તેને શામણોજ થએઓ; તેવો તેને અટકાવી પુછીઉં "હોસંગ તું ઝડપમાંજ કીઆં જાએ છે?" "કીયે નહી સાહેબ," હોસંગ બોલીઓ, "મારે ગામ જનારો હલકારો મેહેલની બાહાર ઉભો છે, તેને મારા મીતરો ઉપરનાં કાગલો આપવાને જાઉં છું." "તે ગમે એવાં કાગલ હોએ," પાદશાહા બોલીઓ, "પણ જરા ઉભો રેહે; મને કાંઈ ઘણાજ અગતનાં કાંમસર તારી સલાહ લેવી છે." એટલું કહી હોસંગને પોતાની પાસે બેસાડીઓ, અને તેનો ભરમ લેવાને ધેડવેલી પોતાની ઠગાઈ શરૂ કીધી. પાદશાહા જાણતો હતો કે, શીરીનને શામ સાથ પરણાવવાની વાત હોસંગને ખબર છે, તેથી તે મોડાંપર ગંભીરાઈ લાવી બોલીઓ, "હોસંગ, તું જાણે છે કે મારી છોકરીનાં લગન હું શામ સાથે કરવા માંગું છું, પણ તે વાત તે કબુલ કરતી નથી, અને મારા હોકમની વીરૂધ જઈ બોહોસ પકડી બેઠી છે. એથી કરી એની ઉપરનો મારો સઘલો પીઆર ઉતરી ગએઓછે, અને તેની ઉપર મને ભારે ચીડ ચહડીછે. તેથી અંતે મેં એવો ઠડાવ કરીઓછે કે, હું ઘરમાં એક રી

ારણી લાઉં, અને પછે એન (શીરીનને) જે કોઈ પરણવા
ાગે તેની સાથ, વગર રીત ભાતે પરણાવી કાહાડી મેલું.
ાની જે ખુબશુરતીછે, તેજ તેની રીત દાખલ કાંમ લાગશે,
ેમકે તેને હવે હું મુદલ ચાહાતો નથી, અને તેને માટે ક
ું કરવા માંગતો નથી." પાદસાહાનાં મોડાંમાંથી એકાએ
: એવા શબદો સાંભલી હોસંગ ઘણી અચરતીમાં તેમજ
ીકરમાં પડીઓ, અને વીચાર કરવા લાગો કે એ શું નવી
ંઆતી ઉભી થઇછે, અને તેનું સેવટ કેમ આવશે. પણ
ારત તેણે પાદશાહાને પુછીઉં, "સાહેબ એ બાબદમાં તમો
ારી શું સલાહા માગો છો?" તે સાંભલી પાદશાહા બો
ીઓ, "તારી સલાહ એક અગતની બાબદમાં લેવીછે; અ
ે તે એછે કે—જે સ્રીને હું હમણા પરણવા માગું છું, તે
ણી જુવાન અને ખુબશુરતછે, તેથી એકાએક મારી ઉપર
ાજી થાએ એવું લાગતું નથી, કેમકે હવે હું છેક ઉમરે પો
ંચેલો છું. વલી તેનો પીઆર ખેંચવાની રીત, જીઆરે
ું જુવાન હતો, તીઆરનાં કરતાં, હાલમાં તદન બદલાઇ
ાઇછે, અને તેની મને મુદલ માહીતગારી નથી; અને અ
ખતે તું જુવાન છે, અને તુને એ બાબે પકી માહીતગારી
ે, સેથી તે સ્રીનો પીઆર હું કેમ મેલવું તે વીશે હું તા
ી પાસે શીખવા માગુંછું. એ સાંભલી બીચારો ભોલો હો
ંગ, તે વખતના જુવાનોની પીઆર ખેંચવાની રીતો, જે
ીકે તે સ્રી ઉપર કાંઇ ભેટ મોકલવાની, તેની રોજ મુલાકા
ા લેવાની વગેરે કેટલીક કહી જણાવી. તેના ઉતરમાં પા
શાહે જણાવીઉં કે, તેણે તેની ઉપર કેટલીક ભેટો મોકલી
ો પાછી આવી, અને તેની ઉપર તેના બાપનો એટલોતો
ાપતોછે કે તેની કોઇથી મુલાકાત લેવાતી નથી. તીઆરે
ોસંગ બોલીઓ, "જો એ પરમાંણે દીવસે તેની ભેટ નહી
ેવાતી હોએતો તમારે રાતને વખતે લેવી." તીઆરે પાદ
ાહા બોલીઓ, "એ વાતતો ખરી, પણ રાતરે તેના ઘરનાં
ારણા મજબુત બંધ રેહે છે તેથી તેમ કેમ બને?" એનો ઉ
ાર દેતાં ભોલો હોસંગ સપડાઈ ગએઓ. તેણે દોરડાંની
ીરીની બલામણ પાદશાહાને કરી, એટલુંજ નહી પણ સા
ા પોતાના દીલપરનો ડગલો બનાવી તેને કહીઉં, "તે સીડી
મરે વીટાલી રાખી ઉપરથી આવો ડગલો પેહેરવો. એ શ
ાદો સાંભલતાંજ પાદશાહાની સઘલી મતલબનો છેડો આ
ીઓ. તેણે તરત હોસંગને કહીઉં કે, તીઆરે એ તારો
ા ડગલો મને ઉતારી આપ; પણ તેમ કરવાને હોસંગ આ
ાકાની કરેછે, તેટલાંમાં પોતાને હાથે તેના નપરથી ડગ
ા કાહાડી નાખીઓ; અને તેવીજ તેની કમરે વીટાલેલી
ારડાંની સીડી, અને તેમાં ખોશેલો શીરીનનો એક પતર
ાની નજરે પડીઆં. હોસંગ ઘણોજ ગભરાઈ ગએઓ,
અને તેવામાં પાદશાહે પેલું કાગલ કાહાડી લઈ ઝટ ઉખેડી
ે વાંચીઉં, જેમાંથી તેમનો સઘલો ભરમ માલમ પડી આ
ીઓ, અને પસંગનું કહેલું સઘલું ખરૂં પડીઉં.

આ હા! આ વેલાએ હોસંગના ગભરાટનો અને પા
શાહાના ગુસાનો શો પાડ! પાદશાહે હોસંગને, તેની એ
ી ચાલને માટે ઘણાક ટાણા મારીઆ, અને તેને તરત
ોતાની દરબારમાંથી કાહાડી મેલી રાતોરાત કરમાન શેહેર
ોડી જવાનો હોકમ કરીઓ.



# દુનીઆંનો મુસાફર.

## પત્ર ૩૧ મો.




પીઆરાં બેન,

તમોને છેલો પતર મેં આફરીકા મધેથી લ ખીઓ હતો. તીઆરબાદ તે છોડી, એક વાહાણપર સવાર થઇ ભુમધીઅ સમુદરમાં રહી, જીબરાલટરની સમુદરધુની વટાવી, આટલાનટીક સમુદરમાં થઈ નીઊ ઈઆરકમાં, એટલે અમેરીકા ખંડમાં આવીઓછું. ત મને ખબર હશે કે અમેરીકાખંડ એટલો મોટો છે કે તે આખો પશચીમ ગોલારધ, એટલે પુરૂથવીનો પસચીમ તરફનો આખો ભાગ, રોકે છે. તરણશો વરસની અ ગાઊ એ ખંડની હસતી વીશે કોઇ જાણતું ન હતું. અમેરીકા માલમ પડીઓ તેની આગમચ ઈઊરોપ, અ શીઆ, અને આફરીકા એ તરણ ખંડ મલી આખી દુનીઆં ગણાતી હતી. અમેરીકા ઈઊરોપ ખંડની પશચીમ દીશાએ આવેલો છે, અને તેમની વચે મોટો આટલાનટીક મહાશાગર છે. પંદરમી સદીની આખે રી શુધી ઈઊરોપના લોકો એમજ જાણતા હતા કે, તે મની પશચીમે જે મોટો મહાઆટલાનટીક શાગર છે, તે

અથાગ સમુદર છે, અને તેની પેલીમેર કશું નથી. પણ તેવામાં કોલમબસ કરી એક તીકશણ બુધીનો માણસ નીકલી આવીઓ, જે એવું કેહેવા લાગો કે આટલાન ટીક મહાસાગરની પેલીમેર કાંઈબી જમીન હોવી જોઇએ, માટે જો તેને કોઈ મદદ કરેતો તે વાંહાણ લઈને જાએ, અને જમીન શોધી કાહાડે; પણ કોલમબસની એ વાતને સરવે હસી કાહડવા લાગા. અંતે કોલમબસ સપેનમાં ગએઓ, અને તીઆં તે વેલાએ ઈસાબેલા નામે રાણી રાજ કરતી હતી તેને જઈ મલીઓ, અને તેને સમજાવીઊં કે જો તે તેને વાહાણ વગેરેની મદદ કરેતો તે આટલાનટીક મહાસાગરમાં જઈ તેની પેલીમેર જમીન શોધી કાહાડે. રાણી ઇસાબેલાના મનમાં એ વાત એકાએક ઊતરી ગઈ, અને કોલમબસને વાંહાણ તથા બીજો સરનજામ આપી તેની ધારેલી મુસાફરીએ રવાના કીધો.

એ વખતમાં આટલાનટીક પસાર કરવાની પેહેલી કોશેશ કોલમબસેજ કરી હતી, કેમકે તેની પેલીમેર શું હશે તેની કોઈને ખબર ન હોવાથી, તેનો છેડોજ નહીં હશે એવી બીકથી તે વખત શુધી કોઈ સખશ વાંહાણ લઈ તેમાં ગએઓ ન હતો. વલી તે વેલાનાં વાંહાણો હાલનાં વાંહાણો સરખાં જબરાં નહીં, અને તે સાથે વાંહાણ ખેડવાનો હુનર પણ ઘણોજ અધુરો જેથી, એવા એક અજાણીઆ અથાગ સમુદરમાં ઝોંકાવવું ઘણુંજ મુશકેલ અને ધાસતી ભરેલું કામ હતું; પણ કોલમબસ જાતે એવોતો હીમતવાન પુરશ હતો કે તે જરાએ ડરીઓ નહી, અને ઈઆહોમ પોતાનાં વાંહાણ આગલ ચલાવીઆં.

એ અજાણ મહાશાગરમાં થોડાક દીવસવેર તે વાંહાણોએ સેહલાઈથી મારગ કાપીઓ, પણ એક દાહાડે એકાએક એક એવુંતો શકત તોફાંન ઊઠી આવીઊં, કે જેથી તેનાં બધાં વાંહાણો અને તે ઊપરનાં સઘલાં માંણસોને બુડી જવાની ધાસ્તી પડી. એ તોફાંનથી વાંહાણ માંહેલા માંણસો એટલાંતો ડરી ગએઆં કે તેઓએ એકદમ વાંહાણ પાછાં ફેરવવાને કોલમબસને અરજ કીધી, અને જો તે તેમ નહી કરેતો તેને મારી નાખવાની તેઓએ ધાસતી આપી. પણ કોલમબસ જાતે ઘણો હીમતી હોવાથી એ બનાવથી કશી પણ રીતે ન ડરતાં સઘલા માંણસોને સમજાવી ધીરજ આપી, અને પોતાનો મારગ આગલ કાપવા લાગીઓ. એ પરમાંણે શીતેર દાહાડાવેર વાંહાણો ચાલવા પછે અંતે એક માણસ, જે ઊંચે ડોલ ઊપર ઊભેલો હતો તેની નજરે જમીન પડી, અને તે મોટા હરખથી પોકાર મારી બોલીઓ "જમીન! જમીન!" એ બોલ સાંભલતાંજ કોલંબસનાં અને તેના સઘલાં માણસોનાં દીલ હરખથી ખુશી થવા લાગાં, અને સઘલા મોટી ઊલટથી ફોર ઊપર આવી જમીન તરફ જોવા લાગા. એ જમીન તેજ અમેરીકા.

જમીન જોતાં આગલ ચાલતાં થોડાક વખતમાં સઘલાં વાહાણો કીનારાપર આવીઆં, જીઆં તેમને લંગર નાખી થોભાવવામાં આવીઆં. એ વાહાણોને કીનારા આગલ આવેલાં જોઇ, તે જમીન ઊપર જે ઈનડીઅન નામે જંગલી લોક વસતા હતા, તે ટોલાંબંધ આવીને તીઆં એકઠાં થએઆં, અને ઘણીજ અચરતીથી તે વાહાણો તથા તે પરનાં માણસો તરફ જોવા લાગા; કેમકે તેઓએ કદી પણ એવાં માંણસોને તથા એવાં વાંહાણોને જોએલાં ન હતાં. તેઓ જાતે જંગલી હોવાથી તે વાંહાણો તથા ઈઊરોપીઅનોને જોઇને તરેવાર વીચાર કરવા લાગાં, અને એવું સમજીઆં કે એ લોકો આકાશમાંથી, આકાશી મોટાં પકશીઓ ઊપર બેસી આવીઆ છે! તેઓ ઈઊરોપીઅનનાં જેવા ગોરા કે હબશીઓનાં જેવા કાલા નહી હતા, પણ તેમની ચાંમડીનો રંગ રાતાશપર હતો, અને તેઓ શરીરે નાગા હતા. અંતે થોડોકવાર રહીને ઘણીક સાવચેતીથી કોલમબસ અને તેનાં માણશો આંગમાં શુંદર પોશાક પેહેરીને હાથમાં તરેવાર રંગીન તથા ચલકતી ચીજો લઈ કીનારે ઊતરીઆ, અને તે ઈનડીઅનોને દેખાડી, જે જોઈ તેમને ઘણુંજ આશચરીઅ લાગીઊં, અને બીહીતા બીહીતા તેમની પાસે આવવા લાગીઆ. તેઓ તેમનાં આંગ માંહેલો પોશાક તથા તેમનાં હાથ માંહેલી વસતુઓ જોઈ એટલાતો અચરતીમાં પડતા કે ખચીત તેમને આકાશી લોકજ માનીઆ.

એ ખંડ ઊપર ઈઊરોપીઅન આવીને વસીઆ, તેની આગમચ તીઆં સઘલા એ ઈનડીઅન લોકોજ વસતા હતા. એ લોકો ઘણાજ જંગલી હોવાથી તેઓમાનાં ઘણાકતો આંગપર વસતર સરખું પણ કાંઈ પેહેરી જાણતા નહતા, પણ જીઆરે ઘણો શીઆલો પડતો તીઆરે માતરે જનાવરોનાં ચાંમડાં તેઓ શરીરપર ઓઢતા. એ



વા એક ઈનડીઅનનું ચીત્રં તમારી ઊપર બીડીઊ છે, તે જોવાથી તેમની હાલતનો તમને કાંઈક વીચાર આવશે. તેઓ જંગલમાંનાં જનાવરો મારી પોતાનું ગુજરાન કરતા, અને જંગલમાં નાની ઝુપડીઓ ઊભી કરી તેમાં સુતા. પણ જીઆરથી ઈઊરોપીઅનો તીઆં આવીઆ, તીઆરથી તેમને દારૂ વગેરેના લતમાં નાખી તેમની જમીનો લઈ લેલી, તથા તેમના ઊપર ઘાતકીપણું ગુજારી માર મારી તેમને જંગલોમાં નહસાડી મેલીઆ, જીઆરે ઈઊરોપીઅનો પેહલા અમેરીકામાં આવીઆ, તીઆરે તેમને ઈનડીઅન લોકોએ મોટાં હેતથી આવવા દીધા, અને તેમની સાથે ઘણી ભલમણસાઈથી ચાલીઆ, પણ તેના બદલામાં તેઓએ તે બાપડાઓને મારમારી તેમની ઝુપડીઓ બાલી નાખી, તેમને જંગલમાં નહસાડી મેલીઆ તથા કંઈકને મારી નાખીઆ, અને તીઆની સઘલી જગાના માલેક તેઓ થઈ બેઠા. આજે તેમની ઝુપડીઓની જગાએ મોટાં મોટાં શેહેરો બંધાઈ ગએઆં છે, અને તીઆં લાખો ઈઊરોપીઅનો વસે છે, અને હવે ઈનડીઅનો કોઈજ કોઈ જંગલમાં માલમ પડે છે. જેમ ઈઊરોપીઅનોએ તેમની ઊપર ઘાતકીપણું ગુજારીઊં તેમ તેઓ પણ લાગ શવતે તેમને છોડતા ન હતા.



આ ચીત્ર ઊપરથી તમને જણાશે કે કેટલાક ઈનડીઅનો કેવાં ઘાટકીપણાથી ઈઊરોપીઅન સ્રીઓ તથા પશુ બચાંઓને મારે છે !

જે જગાપર કોલમબસ પેહલો ઊતરીઓ તે એક ટાપુ હતું, જેનું નામ તેણે "સેનટ સાલવાડોર" કરી આપીઊં. એ ટાપુમાં તેઓ ઊતરીને ફરીઆ, અને તેને ઘણુંજ રસાલ તથા ઝાડ પાનથી ભરેલું જોઈઊં. જેમ તીઆંનાં માણસો નવાં હતાં, તેમ તીઆં ઘણીક વનસપતી પણ નવી હતી. તે સીવાએ તીઆં સોના રૂપાની તથા હીરાની ખાનો પણ હતી. થોડાક દાહડા રહીને કોલમબસ તીઆંથી પાછો ફરીઓ, અને સપેનમાં આવી પોંહોંચીઓ. સપેનમાં આવીઆ પછે પોતાની શોધની સઘલી ખબર તીઆંના લોકોને કરી, તથા તીઆંની વનસપતી તથા સુનાં રૂપાં વીગે, પણ ઘણુંક કહીઊં, જેથી તવંગર થવાની લાલચે ઘણાક લોકો તીઆં જઈને વસીઆ, અને તેથી અમેરીકા ખંડમાં ઇનડીઅનોને બદલે ઈઊરોપીઅનોની વસતી થઈ.

વાહાલાં બેન, હાલમાં મને ઘણી ફરશુદ ન હોવાથી, અને વલી આ પત્ર આટલામાંજ ઘણો લાંબો થઈ જવાથી હાલ તરત તો મોકુફ કરૂંછું, અને એ ખંડ ઊપર પરથમ ઈઊરોપીઅનોની વસતી કેમ થઈ તેની વીગત આવતાં પત્રમાં જરૂર તમારી ઊપર લખી મોકલીશ, જે હું આસા રાખુંછું કે, તે તમને ઘણી ગમશે તથા અગતની થઈ પડશે—હાલતો એજઅરજ.

હું છું તમારો,
વાહાલો ભાઈ.

## શર જમશેદજી જીજીભાઈ બારોનેટે ખરીદેલો હીરો.



આએ પાશેનું ચીતર, આપણા નામદાર શર જમશેદજી જીજીભાઇ બારોનેટે હાલમાં એક કીમતી હીરો ખરીદીઓછે, તેનું છે. એનું નામ શેનસી કરીને છે, અને વજનમાં ૫૩॥ કેરટનો છે. એની કીમત બે લાખ રૂપીઆ આપવામાં આવી છે. આ હીરાની તવારીખ કંઈક ગુચવણ ભરેલી તેમજ જાણવાજોગ છે.

એવું કેહ છે કે એ હીરો એક વેલાએ બરગનડીનો ડીઊક ચારલશ ધી બોલડની તોપીમા જડેલો હતો જેણે તે ૧૪૭૭ માં નેનશીની લડાઇમાં ખોએઓ. તાહાર પછે એ હીરો ૧૪૯૨ માં ૫૦૦૦ ડીઊકેટસ વાશતે પોરટુગાલના રાજાના હાથમાં ગએઓ, અને જે વેલાએ આ છેલા રાજાને સપેનીઅરડોએ તેના રા

જા પાશેથી છીનવી લીધું તે વેલાએ ડોન આનટોનીઓએ પોતાનુ રાજ પાછું મેલવવાની મતલબથી ઇંગલંડની ઇલીજાબેથની રાણી પાશ ૫૦૦૦૦ રૂપીએ આ હીરો ગીરવી મુકીઓ પણ આ શખશ ઊપલી રાણીને એ હીરા ઊપર વધારે નાણું ધીરવાને કંટાલો આપીઆ કરતો હતો વાશતે ઈલીજાબેથ રાણીએ એ હીરો પાછો તેના અશલ ધણીને આપી દીધો. એ ઊપરથી ડોન આનટોનીઓએ શીઊર.ડી શેનસી નામના ઇંગરેજી દરબારના ફરેંચ એલચીને ૨૮૦૦૦ રૂપીઆ વાશતે એ હીરો વેચીઓ, જે ઊપરથી તેનું નામ શેનસી કરી આપવામાં આવીઊં.

એક વેલાએ ચોથો હેનરી પઈસાની તંગીમાં આવી પડીઓ તેઆરે આ નીમખહલાલ શીઊર ડી શાનસીએ પોતાનાં રાજાને મદદ કરવાની મતલબથી પોતાનો એ હીરો મેટજ શેહરનાં ઈશીપીઓને ગીરવી મુકવાનો વીચાર કીધો. એ કારણથી તેણે પોતાનાં એક વીશવાશુ નોકરને પેરીશ શેહરમાંથી એ હીરો લાવવાને મોકલીઓ, અને એવી ગોઠવણ કીધી કે જો તે ચોરો અથવા બલવાખોરોનાં હાથમાં આવી પડતો તેણે એ હીરો ગલી જવો. સીઊર ડી શેનસીએ પોતાનાં નોકરની ઘણાએક દાહડા શુધી વાટ જોઈ, પણ આખરે જીઆરે તે પાછો નહીજ ફરીઓ તીઆરે આ શખશ પોતાનાં ચાકરની શોધમાં નીકલીઓ, અને ખબર કાહાડતાં તેને માલમ પડીઊં કે તે બલવાખોરોનાં હાથથી મારીઓ ગએઓ છે. એ ઊપરથી તેણે પોતાનાં ચાકરની મુએલી લાશ ઘોરમાંથી બાહેર કાહાડી તેનું પેટ ચીરી તેમાંથી આ હીરો બાહેર કાહડી પોતે લીધો ! એ પરમાંણે આ હીરો ૨૦૦) વરશ શુધી આ ધણીનાં કુટંબમાં રહેઓ, અને તીઆર પછે ૧૫ માં લુઈનાં હાથમાં ગએઓ. ૧૭૮૯ માં જે વેલાએ ફરાંનશમાં એક મોહટું રમખાન ઊઠીઊં હતું, તે વેલાએ એ હીરો ગેપ થઈ ગએઓ હતો, પણ ૧૮૦૦ માં પાછો તે એક વેપારીનાં હાથમાં આવીઓ હતો. એવું કેહ છેકે ૧૮૦૦ નો હીરો અસલનાં કરતાં ૧।। કેરેટ વજનમાં ઓછો નીકલીઓ હતો.

ખો આપેલીછે, પણ તેમાં આ વધારે ભરોશા ભરેલી કેહવાએ છે.

હમો આશા રાખીએ છઈએ કે, એ હીરો અતરે આવીઆ પછી આપણા માનવંતા બારોનેટ તેને કોઈ જાહેર જાગીઆ ઊપર દેશી સીઓને જોવાને માટે મેલશે.

## સ્રી દરપણ.

### તાતમાં ઘાત!

મુંબઈમાં ચરણીવાડીના લતા ઉપર એક કુવરજી કરીને પારસી રેહતો હતો. તે કાંઈ ચીનનો વેપાર કરતો હતો, અને પોતાની હાલતે સુખી હતો. કુવરજીનાં ધનીઆંની બઈના મરનથી કેટલાંક વરસનાં ગુજરી ગએલાં હતાં તેથી તે તેમનાં માએ જીવણાઇ સાથે રેહતો હતો. કુવરજીની એક શીરીનબાઈ કરીને છોકરી હતી. જીઆરે તેનાં માએ મરણ પામીઆં તીઆરે તે છેક ૭ વરસની વએની હતી, તેથી તેને તેનાં મામાએ પોતાને ઘેર લઈ જઈને રાખી હતી; અને પોતાની એક આઈમાએ નામની છોકરી શાથ ઇસકોલમાં મોકલી તેને સારી કેલવણી આપી હતી. શીરીનબાઈના મામા તથા મામી એ બંને જણ ભણેલાં અને સારા તથા સુધરેલા વીચારનાં હતાં, તેથી તેઓએ પોતાની છોકરીને તેમજ શીરીનબાઈને ભણાંવી ગણાવી સારા સુધરેલા વીચારનાં; સદગુણી અને નીતીમાન કરીઆં હતાં. શીરીનબાઈના મામા હમેશ સારી સારી ચોપડીઓ લાવતા હતા, તેમાંથી જે તેમને લાએકની હોએ તે તેમને આપતા હતા, તે તેઓ બંને જન એટલે શીરીનબાઈ ને આઈમાએ સાથે બેસીને વાંચતાં હતાં, અને તેની માહેતું જે નહી સમજ પડે તે એક બીજાને પુછીને સમજતાં હતાં, તથા જે વાત બંનેને એક સરખી પસંદ નહી આવતી હતી, તેને ખરી ઇચ્છા ખોટી ઠેડવવા મજબુત તકરાર કરતાં હતાં.

પે અદરાવીછે, તેનો કાલે દીવો કરવાનોછે." શીરીનબાં ઘબરાઇને બોલી "શું શું બપાઇ શું, મને અદરાવી!" "ા માંએ તારે તુંને શું કહું‌ચ, આંપણા મંચેરશાના પેસતનજીની સાથે." શીરીનબાઇ બીચારી ઉજલી ફક થઈ ગઇ અને આંખમાં આંસું આવી ગર્યાં; પણ જેમ તેમ ખમીઇને બેસી રહી. આઇમાએ પણ ઘબરાઇને રડવા સમી થઈ ગઇ, અને શીરીનબાઇના મામી વીચારમાં પડીઆં. તેનું કારણ એજ હતું કે તેઓ સઘલાં મંચેરશાને અને તેના આખાં કુટુંબને સારી પેઠે ઓલખતાં હતાં. મંચેરશા ભાઇના ભાઇનો છોકરો હતો. તે ઘણો વેહેમી અને પાજી સવભાવનો હતો. વલી તેની ધણીઆણી હીરાંબાઇ પણ તેવીજ વેહેમી, આકલા સવભાવની અને વગર ભણેલી હતી, તેથી કરીને તેમનાં બધાં છોકરાં પણ તેવાંજ ઉપરેલાં હતાં. તેમાં પેસતનજીતો બધાં કરતાંને ખરાબ અને આલશુ છોકરો હતો. તે તેર વરશનો હતો તોપણ ઇસકોલમાં તરીજી ચોપડી શીખતો હતો; અને વલી તે સાથે એવો બાપના જેવો પાજી સવભાવનો હતો કે જરા જરામાં મરાઈ પડે. વલી એવો બરીએલ કે કોઈ સાથે બરોબર બોલે નહી કે હસે નહી. એવા છોકરા સાથ સીરીનબાઇને તેના બપાઇએ એટલાજ વાશતે અદરાવી હતી કે, તે તેમના ભાઇના છોકરાનો છોકરો થાએ. કારણકે જીવણાઇ પણ ઘણાજ વેહેમી અને અસલી વીચારનાં હતાં, તેથી જેમ બને તેમ સગાં સંગાંમાં લગન કરવાને તેઓ ઘણા રાજી હતાં. વલી શીરીનબાઇના બાવા પણ કાંઈ ઝાઝા સુધરેલા નહીં કે જીવણાઇને એવું આડું કાંમ કરતાં અટકાવે, તેથી તે બીચારી આવા-બોગના ખાડામાં પડી હતી.

શીરીનબાઈએ બપાઇને મોંડથી આવી માઠી વધામણી સાંભલીને વીચાર કીધો કે, "આએ વાત કાંઈ જેવી તેવી નથીઃ અદરાવું અને પરણવું એ કાંઈ બે ચાર દાહાડાનું કાંમ નથી, પણ બધા ભવનું છે; વાસતે જો પરથમથી તેનો બરોબર વીચાર નહી કીધોતો આ જીંદગીના છેડા સુધી દુખના દરીઆમાં ડુબકાં ખાવાં પડશે. હું સારી પેઠે જાણું છું કે જો મંચેરશાને ઘેર, અને તેના પેસતનજીની સાથ મને પરણાવીતો બેશક હું સુખી થવાની નથી. મારો સવભાવ અને તેનો સવભાવ મલતો આવવાનો નથી. વલી તેનાં ઘરમાંનાં બધાં વેહેમી, અને પાજી, તેથી મારેથી તેમની સાથે એક ઘડીભર પણ રેહેવાશે નહી. મારૂ બોલેલું તેમને નહીં ગમશે, અને તેમનું બોલેલું મને નહીં ગમશે. વલી પેસતનજીની હાલની સઘલી ચાલ ચલણ ઉપરથી માલમ પડેછે કે તે કાંઈ આગલ ચાલતાં સારો નીકલવાનો નથી, તથા આબરૂનો ધંધો કરવાનો નથી. વાશતે એવા સાથ અને એવે ઘેર પરણવું એ ગોએઆ હાથે કરીને વાઘનાં મોમાં જઈને ફસવા સરખુંછે." એવા એવા અનેક વીચાર કરીને શીરીનબાઇએ તેનાં બપાઇને કહીઉં "મારી ખુશી મંચેરશાને ઘેર અને તેના પેસતનજી સાથ પરણવાની નથી. કારણકે તેમાં મને સુખ જેવું કશું નજર આવતું નથી." એવી વાત સાંભલીને બપાઇજીના ડોલા ફરી ગએઆ, અને તેઓ એકદમ ભવાં ચહડાવીને બોલીઆં "શું ? તારી ખુશી નથી ? મરેરે-આજનો વખત ! આટલી આટલી પોરીઓ તે પોતાની ખુશીથી પરણવા માંગેચ. આજતો કેહેશે હમારી ખુશી પરમાણે પરણીએ, ને કાલે કેહેશો કે હમેતો——જઈએ. ઠીક, એ મઝેનું મા એ; મામાજીને ઘેર રહીને એવું શીખીઆં કે ? મારૂં સારૂં." એ સાંભલીને શીરીનબાઇનાં માંમી બોલવા જાએછે તેટલાંમાંતો જીવણાઇ ખુરશીપરથી ઉઠીને ઉભાં થએઆં અને તબકરો કરીને ચાલતાં થએઆં.

આએ મામલો જોઇને શીરીનબાઈ બીચારી ડીસકે રડવા લાગી. તે બીચારીને આખા ભવ સુધી દુખમાં પડવાની ફીકર પડી. તેને જોઇને આઇમાએ પણ રડવા લાગી. એ પરમાંણે બંનેને રડતાં જોઈ શીરીનબાઇનાં મામી તેમને સમજાવવા લાગાં અને શીરીનબાઇને કેહેવા લાગાં કે "તું હમણાથી એટલી બધી ફીકર શાની કરેછે, અને રડેછે ? કંઈ તારા મામા એવું કરવા દેવાનાછે ?" તે સાંભલી શીરીનબાઈ રડતી રડતી બોલી "મારાં વાહાલાં મામીજી, તમે જાણોછતો ખરાં કે મારા બાવા અને બપાઇની બોહોશ આગલ મામાજીનું ને મારૂં શું ચાલવાનું છે ? ઓ મારા ખોદાએ, ઓ મારાં માએ, આ મારી ઉપર શું આફત પડે છે. અરે, હવે હું શું કરૂં; ઓ મારાં મામીજી (મામીને વલગી પડીને) મને કંઈ ઉપાએ બતાવો, કંઈ રસતો બતાવો." મામી સીરીનબાઇને પેટમાં ચાંપીને બોલવા જાએ છે તેટલાંમાં તેના મામા આવી લાગીઆ. તેઓ એ પરમાંણે શીરીનબાઇને રડતી જોઇ ઘભરાઇને પુછવા લાગા કે, "એ શું છે !" તીઆરે શીરીનબાઇનાં મામીએ તેમની આગલ સઘલી વાત કહી. તે સાંભલીને તેઓ ઘણા દલગીર થઈ ગઆ, પણ શીરીનબાઇને હીમત આપીને કહીઉં કે "કંઇ નહીં માએ, તું કંઇ ફીકર ના કર, હું તારા બાવાને સમજાવશ, અને એ વાત માંડી વલાવશ" તે સાંભલી શીરીનબાઇએ મામાજીનો મોટો ઉપકાર માનેઓ, અને તેમનું કહીઉં માનીને સુંગી રહી; પણ તેનાં મન માહેલી ફીકર મટી નહી. એમ કરતાં સાંજ પડી, ખાવા બેઠાં, અને અંતે સઘલાં સુઈ ગઆં. પણ શું બાપડી શીરીનબાઇને ઉંઘ આવે ? ના કદી નહી. શું ફાંસી જનાર માણશને રાતરે ઉંઘ આવે છે ? કદી નહી. તારે બીચારી શીરીનબાઇને કેમ આવે ! તેને ગલે પણ એક મોટી ફાંસી આવી પડી હતી. જો તે ફાંસી એવી હતે કે તે બીચારીનો પલવારમાં પરાણ લે, તો તે ભલી, પણ આએ ફાંસી સઉથી માઠી. જેના ગલામાં ક જોડાંની ફાંસી પડે, તે બીચારૂં જનમ શુધી રીબી રીબીને મરે. તેનાં કરતાં મરવું બેહેતર, કારણ કે તે જીવીઉં ફોકટ અને દુખકારક છે. તેમ બીચારી શીરીનબાઇની આખી રાત આંખ સાથે આંખ લાગી નહી, અને તે બાપડીનાં મનમાં ફેરેવાર વીચારોની હારની હાર ચાલવા લાગી. એવી હાલતમાં સવારૂં પડતાં ઉઠી, અને હાથ મોડું ધોઇને મામાજી, મામીજી, અને આઇમાએની સાથે ચાહે પીવા બેઠી. જોકે તેને ચાહેતો ભાવતીજ નહી હતી, પણ મામાજીને ખાતર ટેબલ ઉપર બેઠી હતી. તેવાંમાં અનચીતા તેના બાવા આવી લાગા, અને શીરીનબાઇના મામાને મોટે સાદે કેહેવા લાગા કે "શાબાશ છે રશતમજી, તમે મારી છોકરીને ઘેરમાં રાખીને આવી કેલવણી આપી કે ? અને આવી શીખ શીખવી કે માબાપ કેહે તે નહી અને મન ગમનો વર ક

રવો ! છોકરીની જાતથી મનગમતો વર કરાએ ? વાહ ! સાબાશછે તમુને." એ સાંભલી રૂશતમજી બોલેઆ, "કુંવરજી, તમે આજે એટલા નાદાન કેમ બની ગયા છો ? તમો બેસો, મારી સાથે વાત કરો, હું જરા કેહું તે સાંભલો" "અરે બલી ગઈ તમારી વાત મારી છોકરીને મારે ઘેર મોકલો." "હા હું મોકલું," રૂસતમજી બોલીઆ, "પણ જરા હું કહું તેતો સાંભલો. તમે શું વીચાર કરીને શીરીંનબાઈને મંચેરશાને ઘેર પરણાવવા નીકલીઆ છો ? કંઈ જરા લાંબો વીચાર કીધો ?" તે સાંભલી કુંવરજી ચીરડાઈને બોલીઆ "શું, શું, શાનો વીચાર કરવાનો વલી ? આપણી છોકરીને આપણા કુટંબમાં નહીં તો કીઆં આપીએ ? લોકને બારણેં આપીએ કે !" "ખરી વાત," રૂશતમજી બોલીઆ. "પણ આપણા કુટુંબનો છોકરો સારો, ભણેલો, અને ઉદીઓગી હોએતો આપવી કેની !" એ સાંભલી કુવરજી ખુબ ગુસામાં આવીને બોલીઆ, "શું તારે તેઓ લુચાં મોટાં છે કે ? ઘેર છે, બાર છે, ગાઢી ઘોડા છે, ઘરમાં ચાકર નકર છે, વલી બીજું શું જોઈએ ? જાઓ જાઓ જરા વીચાર રાખો, અને બચાંને એવી ખરાબ શીખ શીખવવાની છોડી દેઓ." એટલું કહીને કુવરજી શીરીનબાઈનો હાથ પકડી ઉઠાડીને ગાડીમાં બેસાડી પોતાને ઘેર લઈ આલેઆ.

(એનું સાંધનછે.)

---

## ઘુઅડ અને તેને લગતા વેહેમ.



ઘુઅડ એ એક પકશીની જાતનું જનાવર છે. તે કદમાં સોરી કરતાં મોટું હોએ છે, અને તે જનાવરોનો શીકાર કરીને જીવે છે. એનું માથું મોટું અને ગોલ છે, અને તેની ચાંચ ઘણી મજબુત તથા વાંકી હોએ છે. તેનાં નસકોરાં ઊપર ઝીણાં પીછાં હોએ છે, અને તેની આંખો તથા કાન મોટા હોએ છે. એ જનાવરની આંખો એવી હોએ છે કે, તેને સમી સાંજનાં અંધારામાં ઘણું સારૂં દેખાએ છે તેથી તે પોતાનો શીકાર શોધવાને સુરજ અસત પામીઆ પછે બાહેર નીકલે છે, તે તદન અંધારૂં થાએ તેટલાવારમાં પોતાની જગાએ પાછું જાએ છે કે મકે તદંન અંધારામાં તેને કશું દીશતું નથી. એ જનાવરને દીવસેતો મુદલજ દેખાતું નથી, તેથી તે વખતે તે કદી બાહેર નીકલતું નથી; અને જો ભોગજોગે નીકલવાની ફરજ પડે છે તો, માણસો તથા બીજા પકશીઓ તેને મારી નાખે છે, તથા ઘણું હેરાંન કરે છે. તેને બીજા પકશીઓ એટલા માટે હેરાન કરે છે કે, તે તેમનો મોટો શતરૂ છે. જેવાં તેઓ તેની ચાંચમાં ફસેછે તેવાંજ તેનાં પેટમાં જાએ છે, તેથી જીઆરે તે તેમના લાગમાં આવે છે તીઆરે તેને મારી નાખવાની સઘલી પરકારની કોશેશ તેઓ કરે છે. એનો, કેહેવાત છે કે આપ ભલાતો જગ ભલા," તેમ આપણે કોઈ શાથ બુરાઈ કરીએ તો કોઈ આપણી સાથ કવચીતજ ભલાઈ કરે, પછે તે બુરાઈ કરવાને કંઈ પણ આપણી પાસે સબબ હોએ. એ જનાવર ઘણું કરીને પોતાનું રેહઠાન પથરોની શાટોમાં, પોકલ ઝાડોમાં, ભાગેલી ઈમારતોમાં તથા એવીજ બીજી ઊંડા તથા અંધારા ખાડ જેવી જંગામાં કરે છે, અને તેમાં આખો દાહાડો પડી રેહ છે. રાતનો પણ મોટો ભાગ તેમાંજ પડી રેહ છે, જે વેલાએ તેઓ એક જાતનાં

આવાજ કાહાડે છે, જે ઘણો બીહામણો લાગે છે, અને તેને માટે ઘણાક વેહેમી લોકો મોટો વેહેમ રાખે છે.

ઘુઅડનો દેખાવ કોઈબી રીતે શોભીતો નથી, તથા કોઇ રીતે તે કેલવાઈ શકાતું નથી, તેથી તેને કોઈ પોપટ તથા મેનાની માફક પીજરામાં રાખી પાલતું નથી; પણ ઊપરથી તેને ધીકારે છે, અને તેને મારે બીહે છે. પારસીની ભોલી સ્ત્રીઓ એ જનાવર વીશે ઘણીક જાતનાં હસવા સરીખા તથા બેવકુફાઈ ભરેલા વેહેમો રાખે છે, અને તેથી તથા તેનાં નામથી બીહે છે. આ બાબદ વાંચતાં કેટલીક બાઈઓ કદાચ એમ પણ બોલશે કે "શું બીજું લખવાનું નહી જડીઊં કે એ મુંઆં નાપાકને શોધી કાહાડીઊં?" પણ બેનો, દુનીઆંમાં જગત કરતા ઈશવરે જે જે પેદા કરીઊં છે, તે કશી રીતે નીરૂપીઓગી તથા ધીકારવાજોગ નથી, પણ ઘણાકોના ખરા ઊપીઓગની માહીતી આપણને ન હોવાથી આપણે તેમને નકામાં તથા બીહામણા સમજી ધીકારીએ છઈએ.

ઘુઅડ સંબંધી એક ઘણોજ કઢંગો વેહેમ, સુરત, નોશારી વગેરે શેહેરોની સ્ત્રીઓ રાખે છે, જેથી તેમના બચાંઓની ઘણી ખરાબી થાએ છેઃ પણ લખવાને ખુશાલી ઊતપણ થાએ છે કે, એવા નાશકારક વેહેમે મુંબઈની સ્ત્રીઓમાં થોડીજ જડ ઘાલેલી છે, અને કોઈજ કોઈ બાઈ, જે ઘણુ કરીને ઊપર કહેઆ સરખાં શેહેરો તથા ગામોની રેહેનારી હોએ છે, તે એવો વેહેમ રાખે છે. તેઓ એવું માને છે કે, ઘુઅડ, જે સાંજની તથા બામદાદની વેલાએ ફરવા નીકલે છે, તે વેલાએ જો કોઈ નાહાના છોકરાંને ચોકમાં લઈને ઊભાં હોએ, અને તેના માથા પરથી તે ગએઊં તો તેને એક જાતનું દરદ લાગેછે, જેને તેઓ "રેંહેંવાંસ" કહે છે. તેની અસર તેઓ એવી માને છે કે, બચું ઘણુજ ગલાઈ અથવા તવાઈ જાએ છે, અને છેલે રીબી રીબીને મરણ પામે છે. એવો વેહેમ તે સ્ત્રીઓમાં ચાલવાથી, કોઈ બચાંને બરાબર અથવા સારો ખોરાક, કે સોજી હવા ન મલવાથી, કે તેના શરીરમાં કાંઈ તેવો રોગ પેદા થવાથી તેનું શરીર ગલાઈ જાએ છે, તીઆરે તેને રેંહેંવાંસ લાગેલું માની, તેની ઘટતી દવાઈ કરવાને બદલે, તે રેંહેંવાસ ઊતારવાને ધંતર મંતર તથા ચીઠી દોરા વગેરે ઘણીક વેહેમ ભરેલી કીરીઆઓ કરે છે. અલબતે એવી કીરીઆની અસર માણસ તથા બચાં ઊપર કશી તરેથી થતી નથી, અને તે બચાંને થએલાં દરદનો ઘટતો ઊપાએ થતો નથી; જેથી આકેબત તે બીચારૂં નીરદોશ બચું દુખી થઈ થઈને મરણ પાંમેછે. એમ થએઆથી તે બચાંનું ખુન તેની માએજ અથવા તેના પોતાના સગાંએજ કરીઊં, એમ કહીએતો તે કશી રીતે અનઘટતું નહી કહેવાએ. એક માએ, વેહેમથી આંધલી થઈ જઈ પોતાના બચાંને પોતાનેજ હાથે મારે એ કેવું દુખ ભરેલું તેમજ પાપ ભરેલું છે!

જીઆરે બચાંને રેંહેંવાંસ લાગેલું તેઓ સમજે છે, તીઆરે ઘુઅડની ચાંચ તથા નખ મેલવી તેમને દોરાએ બાંધી બચાંના ગલામાં પેહેરાવે છે. વલી કેટલાક લુચા અને પાપી ધુતારાઓ તે રેંહેંવાસ ઊતારે છે; તે એવી રીતે કે—રવીવારને દાહાડે મધીઅમ રાતને વખતે તે ઠગારો આસપાસ અંધારૂ કરી પોતાનાં આંગમાંથી શઘલા કપડાં કાહાડી નાગો થઈ કંઈ ભણતર ભણી કેટલુંક સુતર લઈ તે બચાનાં જમણા ખભાં પરથી ડાબી ગમની કમર શુધી અને ડાબાં ખભાંથી તે જમણી ગમની કમર શુધી વીટાલે છે. એને "કાવર" બાંધી એમ કેહે છે. એવો ઢોંગ તે કેટલાક રવીવાર શુધી કરે છે. એવું કરવામાં તે બચાંની ભોલી તેમજ પાપી માતાઓ એવું સમજે છે કે તેથી તેમને આરામ થશે; પણ અફસોસ! તેનાં પીઆરા અને નીરદોષ બચાંને અંતે સદાનો આરામ થાએ છે, અને તે બાપડું હમેશગીની ઊંઘમાં જઈ ઊંઘાએ છે. હફ છે એવી કરપીણ માતાઓ ઊપર કે તેઓ ડાહઆં માંણસોનું કહીઊં ન માનતાં પોતાનાં આવા બુરા વેહેમોને પકડી રેહે છે, અને પોતાની તથા પોતાનાં પેઆરા બચાંઓની ખરાબી કરે છે.

એ જનાવર વીશે બીજો એવો વેહેમ છે કે, જે જગાએ તે રેહેતું હોએ, તે જગાએ જઈ તેનું મંતર આવે છે તે ભણી, તેને તાડી અથવા દારૂ પાએઓ હોએતો તેને જે પુછે તેનો તે ખરેખરો જવાબ દે છે!!! આ કેવી ઘેલાઈ! આ કેવી બેવકુફાઈ! એક પકશી તાડી તથા દારૂ પીને બોલે, અને વલી તે હવે પછે શું બનશે, એટલે ભવીશીઅની સઘલી વાત ખરેખરી કહે, એવી વાત કોઈ મુરખ તથા દેવાનો પણ કબુલ રાખે નહી. જે વાત એક મુરખ તથા દેવાનો પણ કબુલ રાખે નહી, તે વાત પારસીની સ્ત્રીઓ કબુલ રા

એ અને ખરેખરી માને, એ કેવી મુરખાઈ, તથા દેવાનાપણું! એવી સ્ત્રીઓને કેવી કહીએ, તે ખરેખર હમોને આવડતું નથી. એ વેહેમથી પણ ભારી ખરાબી થાએ છે—કોઈ આજારી પડીઓ હોએ, કે કાંઇ એવોજ બીજો બનાવ હોએ, તીઆરે એવી બેવકુફ સ્ત્રીઓ તેનો ઘટતો ઊપાએ કરવાને બદલે તેને શારૂં થશે કે નહી તેની ભવીશીઅવાણી ઘુઅડ પાસે બોલાવી (!!) તેનાં આધાર ઊપર પાહાડ જેવા માંણસને મરતું મેલે છે, તથા આખેરે મારી નાખે છે. ખોદા જાણે આપણી સ્ત્રીઓમાંથી એવા પરાણઘાત કરનાર વેહેમો કીએ દાહાડે જશે, અને કીઆરે તેમાંથી થતી આવી ખરાબીઓનો અંત આવશે.

## પરખીઆત કંજુશો.

દુનીઆમાં એવાં થોડાંજ માંણશો હશે, જેઓ પઈશાથી દુર રેહવા માંગતા હોએ, પણ એવા ઘણા શખશો મલી આવશે, કે જેઓ પઈશાથી પોતાનું જીવતર શમજે છે અને તેને કાંઈ પણ શારે મારગે વાપરવા અથવા ઊપીઓગમાં લાવીઆ વગર તેનો ગોલામ થઈ રેહવાને ઇછે છે. એવા શખશોને કાંઈ પણ રીતનું શુખ હોતું નથી પણ ઓર તેઓ દુખી અને શુના બાહવરા હોએ છે કેમકે તેઓ કંજુશ હોવાથી હમેશ બીહે છે કે રખે તેમની દોલત કોઈ ચોરી જાએ. તેઓ પઈસા કોઈનાં શએદાને માટે વાપરતા નથી એટલુંજ નહી પણ પોતાને ખાવાને, પીવાને, અને પેહરવાને, કપડાં, તથા ખોરાક મેલવવા સારૂ માહ માહ શખતી ભોગવે છે. એવા કંજુશોએ પોતાની જીનદગીમાં શું શું કંજુશાઈ કરી છે તેના જુજ દાખલા હમે ધારીએ છઈએ કે વાંચનારી બાઈઓને નાપસંદ પડશે નહી.

ઓશતરવેલ્દ નામનો પારીસ શેહરનો એક જાણીતો શરાફ ૧૭૯૦ માં મરણ પાંમીઓ. તેને વીશે એવું કેહ છે કે તેનું મોત ભુખમરાથી નીપજીઓ હતું, કે જે ભુખમરો તેણે પઈસા ખરચવાની બીહીકે શેવીઓ હતો. તેનાં મરણની થોડા દીવસ આગમચ તેનાં એક શાખતીએ તેને બોહોશ કીધી કે, તારે માટે શેરવો બનાવવા શારૂ થોડું ગોશ મંગાવ, એ સાંભલી કંજુશે આનાકાની કીધી અને બોલીઓ, મને શેરવો ઘણો ગમે છે. એ વાત ખરી, પણ શેરવો કાહાડીઆ પછી ગોશ નકામું જાએ અને માહરા ખાધામાં નહી આવે એ મને પસંદ નથી; તીઆરે ગોશ મંગાવેલું કામનું શું ? એવી રીતે ઘણા દાહાડા રહેઆથી તે આખરે મરી ગએઓ, અને ખોલ કરતાં તેની દોલત બાર લાખ પચાસ હજાર રૂપીઆની માલમ પડી !

ઈવીશ નામના શખસ વીશે એવું કેહ છે કે; તે પોતાને પેહરવાને શારૂં રસતામાં શટેલાં ચીકડાં શોધતો હતો અને તેમને શીવીને પેહરતો હતો અને ખાવાને શારૂ લોકો પાશેથી ભીખ માંગી મેલવતો હતો અને જો નહીજ મલેતો બજારમાંથી શગીથી કોહેલી અને શશતી ચીજ લાવતો હતો. તેની દોલત હેંશી લાખ રૂપીઆની હતી !

દેનીઅલ ડેનસર નામનો એક મખીચુસ એટલોતો કંજુશ હતો કે જીઆરે તેનાં મીતરો ઘણાજ બજીદ થએઆ તીઆરે ઘણા દાહાડા રખડી રખડીને એક જુની ટોપી કોઈ ઈઆશેથી પાશેથી દસ આંને વેચાતી લીધી, અને તેને માટે કેટલેક હેરાંન થએઓ. પછે બીજે દાહાડે વગર ટોપીએ તેનાં દોશતોએ તેને જોએઓ અને પુછીઓ કે તમે કાલે ટોપી પેહરી આવીઆ હતા તે કાંહાં છે, તીઆરે તે બોલીઓ કે તેતો તેણે એક શખસને અગીઆર આંને વેચી નાખી. તે એકુ ખબોચીઆમાં નાહાતો અને તુવાલનો ખરચ બચાવવા પોતાનાં ભીના બદનને તડકામાં શુકવતો. એની મીલકત એટલી હતી કે જેની વરશ દાહાડે ૩૦૦૦૦ રૂપીઆ આવક થતી હતી!

બીજો જાણવાજોગ દાખલો, "વારવીક શાએરનાં" થામસ પીટનોછે. જીઆરે તે મરવા પડીઓ તીઆરે મરતો મરતો એક શશતું કફન શોધવા શારૂં તે આખુ શેહર રખડીઓ, તે એવી બીહીકથી કે રખેને તેનાં દોસતો તેને માટે મોઘું ખરીદે અને તેની કીમત એની પાશથી લે. એ પોતાનાં વારસામાં હડી લાખ રૂપીઆની પુંજી મેલી ગએઓ!

થામસ કુક વીશે એવું કેહ છે કે તેનાં ડાકટરે તેને એવું કહેઓ કે, મને લાગે છે કે તું લાંબો વખત જીવનાર નથી, પણ હું તારી દવા કરી જોઓ છું, તેથી જો કાંઈ તને ફાએદો થાએતો તારૂં નસીબ. એ ઊપરથી

તે બોલીઓ કે હવેથી મારી શીડી ઊપર તારે ચહડવું નહી, કેમકે તું જાણતો હતો કે હું જીવનાર નથી તે છતાં મારી દવા કરી માહરા પઈશા તેં શા માટે ખરચાવીઆ? તેની દોલત તેના મુઆ પછી તેર લાખ રૂપીઆની નીકલી!

સર વીલીઅમ સમીથ એક ઘણોજ તવંગર પુરૂશ હતો પણ શઊથી કંગાલ અને કંજુશ હતો. તેની શીતેર વરસની વએ તે તદન આંધલો થઓ અને પોતાની શુનાથી ભરેલી ઠેલીઓ જોઇ શકીઓ નહી તેથી તેને એક ટેલર નામના આંખ વઈદ શાથ કબુલાત કીધી કે જો તેહની આંખ શારી થાએતો ટેલરને ૬૦૦ રૂપીઆ આપવા. થોડા દાહડામાં દવાથી તેની આંખ તદન શારી થઈ, અને તે વગર ચશમાએ લખવા તથા વાંચવા લાગો. શારો થઆ પછે તે પશતાવા લાગો કે મેં કાહાંને કાંહ એટલી મોટી રકમની કબુલાત આપી, અને વીચાર કીધો કે કાંઈબી કરી એ રકમ ઓછી કરાંઊ. એટલી નજીવી રકમ ઓછી કરવા તેને પોતાની આંખે પાટા બાંધીઆ અને બીજો એક મહીના શુધી અંધાપો શેવીઓ. તેનો ડાકટર બીચારો ઠગાઈ ગીઓ અને ૬૦૦ રૂપીઆને બદલે ૨૦૦ રૂપીઆ લેવા કબુલ થઓ. ચાર વરશ પછી પેલો કંજુશ મરણ પામીઓ અને તેની દોલતમા બેદશેરડ શાએરના શઊથી મોહટાં ૧૩ ઘરો, ૩૭ લાખ રૂપીઆ બેંકમાં, અને ૧૦ લાખ રૂપીઆ રોકડ ઘરમાંથી નીકલીઆ!

હવે વાંચનારી બાઈઓ એવી દોલત રાખી તેવો શું શુખી થઆ, અને તેઓએ પોતાના જીવપર જુલમ ખેંચી જે નાણું એકઠું કીધું તે તેમને શું કામ લાગું. કાંઈજ નહી પણ તેમના વારશોએ મોજમાં તે ઊડાવી દીધી અને આખરે તેમના બાપ દાદાએ જીવ કરતાં શંભાલેલી દોલત ધુલમાં મેલવી.

---

## એક પારસીને તીઆં લગનના દાહાડાપર થએલી એક કમકમાટ ભરેલી કીરીઆ.

મુંબઇમાં બલકે આખા હીંદુસથાંનમાં તેમજ ઈંગલંડમાં લોકોનો એવો વીચાર છે કે, મુંબઈમાં પારસીઓ જેટલા સુધારામાં આગલ પડીઆ છે તેવી બીજી કોઈ કોમવાલા પડીઆ નથી. અલબતે એ વાતનો તદ્દન ખરીજ છે. અને તેમાં શક કાંઈજ નથી. પણ તે ઊપરથી એમ નહીં ધારવું કે મુંબઈમાં દરેક પારસી શુધરી ગએઓ છે, અને તેમની દરેક સ્ત્રીઓ એ વેહમને ઊંડા ખાડામાં કાઢીઓ છે. હજુ ઘણી કસ્ત્રીઓ તેમજ પુરૂપો એવાં અપઢ, અનસમજુ અને હરરતાં વેહમી છે કે, તેમના વેહમોની વાત સાંભલીને તન કમકમે છે. એવા વેહમમાં પારસીની સ્ત્રીઓને ગીરફતાર થએલી જોઈને ઘણી દલગીરી ઊપજે છે, પણ તેમની શાથે પુરૂપોનેબી પડેલા જોઈ બેહદ દલગીરી ઊપજે છે. અલબતે આજના વખતમાં સ્ત્રીઓને જેવી જોઈએ તેવી કેલવણી ગવતી નથી, પણ પુરૂપોને ઘટતી કેલવણી મલે છે, જેથી અબલા જાતીઓને શુધારવાની અને તેમનાં મન માહેલો વેહમ રૂપી મેલ ધોઈ કાહાડવાની ફરજ તેમને માથે આવી પડેલી છે. સ્ત્રી શુધરેતો બધી ઓલાદને શુધારે એ વાત ખરી છે, પણ પરથમ સ્ત્રી શુધારાનાં પઇડાંને ગતીમાં મેલી ગગડતું કરવાને પુરૂપોમાં બલ તથા ઊલટ આવવાં જોઈએ છે: ઈઆને સ્ત્રીઓને શુધારવાને પરથમ પુરૂપોએ શુધરેલા થવું જોઇએ છે. જીઆંવેર પુરૂપો પોતે શુધરવાના નથી, અને જીઆંવેર તેઓ પોતે વેહમની બેડીમાંથી નીકલવાના નથી, તીઆંવેર તેમની સ્ત્રીઓ શુધરે એ વાતને સવપનાસરીખી સમજવી.

આ ચાલતા મહીનામાં કોટ મધેનાં એક મોહોલામાં એક આબરૂદાર પારસીને તીઆં લગનને દાહાડે એક ઘણીજ કમકમાટ ભરેલી કીરીઆ કરવામાં આવી હતી, જેને માટે તે ઘરની સ્ત્રીઓને તેમજ પુરૂપોને જેટલો ઠપકો આપીએ તેટલો થોડો છે. ઘણીખરી સ્ત્રીઓ તો જાણે વેહમી છેજ, તેમ એ ઘરની પણ હશે; પણ તે સાથે તે ઘરનાં પુરૂપોએ પણ વેહમી બની, કશો પણ અટકાવ ન કરતાં ઊપરથી મદદ આપીને તેમને એવી કમકમાટ ભરેલી કીરીઆ કરવા દીધી છે, એ ઘણુંજ દલગીરી તેમજ શરમ ભરેલું છે. એવા પુરૂપોને સ્ત્રીઓ કરતાં પણ માઠાં કહીએતો ચાલે, કેમકે તેમની સાહેતાથી તેમનાં ઘર માંહેલી સ્ત્રીઓ એવા લગન સરીખા પવીતર અને ખુશી ખુશાલી ભરેલા દીવસ ઊપર એવી કમકમાટ ભરેલી કીરીઆ કરે. માંણસને અકલ છે, અને જનાવરને તે નથી, તેથી કાંઈ પેહલાને તેનો પરાંણ વાહાલો અને બીજાને

અકારો નથી. તેમજ એકને કાંઈ દુખ, દીધાથી વેદનાં થાએ છે, અને બીજાને કંઈ લાગતું નથી એવું પણ કાંઈ નથી. વલી આપણે માંણસ અને બીજા જ નાવર વચે તફાવત ગણીએ છઇએ, પણ તે સારી જ ગતનો બાપ, જેણે આએ દુનીઆંની કુલે જીવંત તથા નીરજીવ વસતુઓ પેદા કરી છે, તેની નજરમાંતો સ ઘલા એકજ સરખા છે. સઘલાને તેણે એકસરખી રીતે પેદા કરીઆં છે, અને સઘલાને તે એકસરખી રીતે ઊધારે છે તથા રકશણ કરે છે. માણસ સરવેથી મોટું આપસવારથી છે, જેથી તે પોતાનાં સવારથને માંટે દરેક જાતનાં જનાવરને હલકું ગણે છે તથા દુખ દે છે, પણ તેમાં તે કુદરતનો ખાવીંદ મુદલ રાજી થ તો નથી. તીઆરે માંણસ જાતે પોતાનાં સુખને સા રૂ શાને માટે બીજા જનાવરોને દુખ દેવું જોઇએ, અને શાને માટે પારસીની સ્રીઓએ પોતાનાં બચાંનાં "હવા માંહેલા કીલા" નાં સરખાં સુખને માટે તેમનો રીબાવી રીબાવીને પરાંણ લેવો જોઇએ ? શું એવાં કામને માટે તેમને તેમનાં કીરતારને જવાબ દેવો ન હી પડશે ? શું તે સરવે ઊપર દએઆનો કરનાર શાહે બ, તેનાં બચાંને દીધેલા એવાં દુખનો જવાબ તમારી પાસે નહી માગશે ? અને તેને માટે તમને સજા નહી કરશે ? ખચીત તમને તમારા એવાં ઘાતકી કાંમને મા ટે ત સાહેબની હજુર એક પગે ઊભા રહી જવાબ દેવો પડશે, અને તેની દેડવેલી ભારે સજા ખમવી પડશે.

ઊપર લખીઆ પરમાંણે જે પારસીને તીઆં નાં લગનમાં જે કમકમાટ ભરેલી કીરીઆ કરવામાં આવી હતી તે એ હતી કે—લગનને દીવસે બે બકરા (કેમકે બે છોકરા પરણનાર હતા) મંગાવી સાહાજનની વખતે તેમનાં કાન કાપી તેમાંથી નીકલેલાં લોહીનાં ટીલાં પરણતા છોકરાઓનાં કપાલપર કરી તેમને પર ણાવવા લઈ જવામાં આવીઆ હતા. એવી રીતે ઘા તકીપણાથી તે બીચારા વગર વાચાનાં જનાવરોનો છરી વતે ઘસીને કાન કાપવાથી તેમને એટકું તો દુખ લાગુ હતું, અને તેથી તેઓએ એવીતો દએઆ ઊપ જાવવા જોગ બરાડો મારી હતી કે જે સાંભલી દરેક માણસને કમકમાટ છુટીઓ હતો. એવી દુખ ભરેલી બ રાડો તે બીચારા નીરદોશ જનાવરોએ એક બે કલાક નહી પણ આઠ દાહાડાવેર પાડવાની જારી રાખી હ તી, કેમકે તેમને એવી દુખ ભરેલી હાલતમાં આખા સાત દાહાડા રાખી આઠમે દાહાડે, એટલે વારોવારને દાહાડે કપાવી તે ઊપર સઘલાઓએ મેજબાની કરી હતી. એટલા દાહાડાવેર, રાત અને દાહાડો, તે બી ચારા વગર વાચાંનાં પરાણીઓની બરાડથી આખો મોહોલો કંટાલી ગએઓ હતો, અને એવા કાંમ કર નારાઓને દરેકે દોષ દીધો હતો. અફશોશ છે એવી ચાલ ઊપર. હમો ઈછીએ છઈએ કે ફરીને એવી શ રમ ભરેલી બાબદની જાહેરમાં ટીકા કરવાને હમોને ફરજ નહી પડે; અને હમો આશા રાખીએ છઇએ કે આ હમારા ટુક એશારા ઊપરથી એવી વેહેમી સ્રી ઓ તથા પુરૂષો મજબુત ધડો પકડશે.

## મારીઆ ડી સોઝા.

"ઝાડ તેવાં ફલ," તેમ માએ તેવાં દીકરાં હો એ તેમાં કશી નવાઇ નહીં. ડાહી માએનાં ડાહેઆં બચાં, ભલી માએનાં ભલાં બચાં, અને બાહાદુર મા એનાં બાહાદુર બચાં. જે દેશની સ્રીઓ ભણેલીઓ હોએ છે તેઓ પોતાના ખોદા તરફની, પોતાના ભાઈ બંધો તરફની, અને પોતાના દેશ તરફની વગેરે ઘ ણીક ફરજો ઘણી સારી રીતે સમજે છે, અને તેથી તે ઓ, તેવી ફરજો અદા કરવાની કેટલી જરૂરછે, તે પો તાનાં બચાંનાં કુમલાં મગજ અને નાજુક હઈડામાં એવાતો જોરથી ઠસાવે છે કે, તેનો છાપ કોઈ દાહાડે પણ ઘસાઈ કે ઊડી જતો નથી. ધનીઅછે એવા દેશને, કે જીઆંની સ્રીઓ એવી હોએ, અને ધનીઅ છે એ વાં કુલને, જેણે એવી સ્રીઓને જનમ આપીઓ હોએ.

આપણા દેશની સ્રીઓ જોકે આગલ ઘણી ભ ણેલીઓ હતી; પણ જમાનાના દોરે આજ માઠી હાલ તમાં આવી પડીઆથી કેલવણી રૂપી નીરમલ ઝરો તેમની આગલ સુકાઈ ગએઓ છે, અને તેની તાનની પીડમાં તેઓ સઘલી એવી પોતાની ફરજો ભુલીઓ છે, અને પોતે ભુલવાથી પોતાનાં બચાંને ભુલાવામાં નાખીઆં છે, અને તેથી આજે આખો દેશ ભુલાવામાં પડીઓ છે એમ કહીએતો અડચણ દીસતી નથી. તો પણ ધનીઅ છે કંઈક પરોપકારી પુરૂષોને, કે જેઓ આ જે તે પુરાઈ ગએલો ઝરો કંચનની કોદાલીઓ ખોદવા

લાગા છે, જેથી તે એકવાર ફરીને પાછો તાજો થઈ આ દેશને તાજો કરે, અને તેની બેટીઓને એકવાર ફરીને તેમની અસલ પાએરી ઊપર લાવીને મેલે એવી આશા આવે છે.

માણસ જાતની જે તરેવાર ફરજો છે, તેમાં પોતાના દેશ તરફની ફરજ એ પણ એક મોટી છે, જે બજાવવાને, અને જેને બજાવતાં જેખી ભોગ આપવો પડે તે ખુશીથી આપવાને દરેક જણે શીખવું જોઈએ છે. સવદેશના અથવા પોતાના રાજાના બચાવને માટે પોતાની દોલતતો સું, પણ પોતાનો જીવ જો આપવો પડતો હોએ, તો તે પણ આપવાને દરેક માણસની ફરજ છે. જે સ્ત્રીઓ એવી ફરજ સારી રીતે સમજેછે, તેઓ પોતે હાથમાં તલવાર પકડી બાહાર નીકલવાને, કે પોતાના પરાણથી પણ વાહાલા ભરથારને અને જીગરથી પણ વાહાલા બેટાને વીજલીની માફક ચમકતી તલવાર અને નોકદાર ભાલાઓની શામણે મોકલવાને જરાએ બીહીતી કે આનાકાની કરતી નથી. પોતાનાં દેશનાં બચાવને માટે જે પડે તે સહેવામાં ઘણીક સીઓ અમર કીરતીવંત થઈ ગઈ ઓછે, તેમાં મારીઆ ડી લોજા પણ એક છે, જેની બાહાદુરીનો નમુનો નીચે ટાંકીએ છઈએ:—

ડચ ઇઆને વલંદા લોકોએ અમેરીકાનાં બરેજીલ નામનાં શેહેરમાં પોતાનો અમલ મજબુતાઈથી બેસાડવાને તીઆનાં લોકો ઊપર જેવો તેઓએ જુલમ ગુજારીઓ છે, તેવો બીજા થોડા ઊપરજ ગુજરીઓ હશે. તેવા વખતમાં બરેજીલનાં ઘણાક સવદેશહીતકારી પુરૂષો ડચ લોકોની સાંમણે લડાઈ કરતા હતા, જેમાં મારીઆનાં બે જુવાંન અને કદાવર છોકરા પણ હતાં. એક દાહાડે નાજેરથ નામની જગા આગલ એક મોટી લડાઈ થઈ, જેમાં મારીઆના બંને છોકરાઓ મારીઆં ગએઆ. એવી ખબર જેવી મારીઆને પડી, તેવીજ તે જરાએ ગભરાઈ નહી, કે આપણી સ્ત્રીઓની માફક મોટે મોટે બુમો પાડી રડવા અને કુટવા મંડી ગઈ નહી, કેમકે તે એવી હીચકારી અને અનસમજુ હતીજ નહી, પણ તરત પોતાના બીજા બે નાના છોકરા, જેમાના એકની ઊમર ૧૪ વરસની અને બીજાની ૧૩ વરસની હતી, તેમને પોતાની આગલ બોલાવીઆ, અને ધીરજથાં તેમને તેમના બંને મોટા ભાઈઓનાં મરણની ખબર કહી. પછે તે બાહાદુર સ્ત્રી બોલી, "વાહાલા દીકરાઓ, આપણા દેશના અને આપણા રાજાને માટે આપણી ઊપર જેખી પડે તે સેહેવું જોઈએ અને તેમનો બચાવ કરવો જોઈએ. વલી તે સાથે તમારા બે જુવાન ભાઈઓ ડચ લોકોની શામણે લડતાં મારીઆ ગએઆ છે, તેનું વેર તમારે લેવું જોઈએ. માટે હવે તમો એ તલવાર કમરે બાંધી લડાઇનાં મેદાનમાં જવું જોઈએ, અને તીઆં, ઈઆતો ફતેમંદ થઈ કીરતી મેલવવી, અગર નહીતો બે મોટા ભાઈઓની માફક મારીઆ જવું." એવી બાહાદુર માએનાં બચાં કદી હીચકારાં હોએ નહી, તેથી મારીઆનું ઊપલું ભાશણ પુરૂં થતાંજ તે બંને છોકરા મોટી ઊલટ અને ખુશી તથા ઝનુનથી બોલીઆ, "હા માએજી, લાવો હમોને હમારી તલવાર આપો, હમે હમણા રણના મેદાનમાં જઈએ, અને ઇઆતો હમારા ભાઇનો કીનો ડચ લોકો ઊપર લઈએ, કે નહી તો તેમની તલવારથી કપાઈ જઇ બંને ભાઈઓની પાસે જઇએ." આફરીન છે એવા હીમતવાન છોકરાઓ ઊપર. તેમની બાહાદુર માએ તરત બે તલવારો લાવીને તે બંને છોકરાઓને આપી, જે કમરે લટકાવી તેઓ બંને જન જીઆં લડાઈનું મેદાન ધુજી રહીઊં હતું તીઆં ચાલીઆ. અને આખરે ફતેમંદ થઈ મોટી કીરતી સાથ પાછી ફરીઆ.

એ બંને છોકરાઓ ઘણુ સુધી જીવીઆ, અને પાછલથી ઘણાજ કીરતીવંત થઈ ગએઆ.

---

## કીમતી પથરાઓ.

### ભાગ ૫ મો.

### એમેરલ, પાંનુ, જમરૂદ અથવા લીલમ.

લનડન તથા પારીશના બજારમાં એક કેરટના પાનાની ૪૦) થી તે ૫૦ રૂપીઆ વેરની કીમત ઊપજે છે, અને બે કેરટનાની ૧૦૦ થી તે ૧૨૦ રૂપીઆ આવે છે. એ ઊપરથી માલમ પડશે કે, જેમ જેમ વજનમાં એ જવાહેરો વધતા જાએ છે તેમ તેમ તેની કીમતમાં મોહટો ફેર પડતો જાએ છે. એવું કેહે છે કે વીએના શેહેરની બાદશાહી તીજોરીમાં ૨૨૦૦ કેરટનુ એક પાનુ છે જેની કીમત ૩૦૦૦૦૦ કરાઊનની ધારવામાં આવે છે—ફરનાનદો કોરટેજ નામનો એક શી

હાશીક જનરલ અમેરીકામાંથી જે લુટ લાવીઓ હતો, તેની અંદર પાંચ ઘણાજ કીમતી પાનાં હતાં, જેની તે વેલાએ ૧૦૦૦૦૦ રૂપીઆની કીમત અંકાઇ હતી પણ આજનાં વખતમાંતો તેની કીમતજ નહી થઈ શકે! એ પાંચે પાંનાઓને જુદા જુદા આકારમાં કાપેલાં હતાં—પેહલાંને એક ગુલાબના ફુલનો આકાર કોતરીને આપવામાં આવીઓ હતો, બીજાનું એક નાધલું રણશીંગડુ બનાવામાં આવીઉં હતું, તરીજાનો ઘાંટ બનાવામાં આવીઓ હતો, જેની વાગવાની તકોરીને ઠેકાણે એક એઉલું મોતી જડવામાં આવીઉં હતું, ચોથાને એક શુનેરી આંખ શુધાંની માછલીનું રૂપ આપવામાં આવીઉં હતું અને પાંચમું જે શઊથી કીમતી હતું તેનુ એક શોનાની બેઠક શુધાનુ પીઆલું બનાવામાં આવીઉં હતું!

એક વેલાએ જીનોઆ શેહરમાંની એક પાનાંની રકાબીએ આખા ઈઊરોપના લોકોને દીવાના બનાવીઆ હતા. આએ રકાબી એક મોટાં પાનામાંથી કોતરી કાહાડવામાં આવી હતી, અને એવો એતેકાદ છે કે ઈશુખરીશટે પોતાનુ છેલું ખાંનુ આ રકાબીમાં ખાધું હતું: બારમી શદીમાં આએ થાલીને પાલેશટાઇનમાંથી લાવીને "શેન લોરેનજો" નામના દેવલમાં મુકવામાં આવી હતી, જેની આશપાશ મોટા મોટા નાઈટો રાત અને દાહાડો ચોકી કરતા હતા. આએ રકાબીને વરશમાં એક વખત લોકોને દેખાડવાને મારે ખુલી મુકવામાં આવતી હતી—જે વેલાએ લાખો વેહેમી સખશો તેની પુજા કરતા હતા અને જે કોઇ તેને એક હીરાની મારફતે હાથ લગાડવાને ઇછતું હતું તેને ૧૦૦૦ શોનાના ડીઊકટ આપવા પડતા હતા! પણ એક વેલાએ ફરેંચ તથા ઈટાલીઅનો શાથ એક જબરી લડાઈ થઇ, જેમાં ઈટાલીઅનોની હાર થવાથી ફરેંચો તેમના દેવલમાંથી આએ રકાબી કાહાડી લેઈગીઆ, અને ધાતુના પરીકશકો પાશ તપાશ કરાવીઆથી માલમ પડીઊ કે તે કાંઈ પાનાની ન હતી પણ શાદા કાચની હતી. તોએપણ ઇટાલીઅનો આ વાત મુદલ કબુલ કરતા નથી અને કહેછે કે એમ કહી ફરેંચોએ રકાબી ખાઇ ગએઆ.


એક અરવાચીન મુશોફર એવું કહછે કે, શીઆમ દેશની અંદર બુધના દેહડાંમાં મોટા પાનામાંથી કોતરી કાહડેલી મુરતી તેણે નજરે નજર જોઇ હતી! પલીની નામનો ગરંથ કરતા લખે છે કે શાઈપરશના ટાપુ મધે હરમીશ નામના રાજાની ઘોર જે દરીએ કીનારે બાંધવામાં આવી હતી તેની ઊપર જે શીંહ ઊભો રાખીઆમાં આવીઓ હતો તેની આંખોમાં બે મોટાં તેજસવી પાનાઓ જડેલાં હતાં, જે એટલાં તો તેજથી દરીઆમાં પરકાશતાં હતાં કે, તે જગાએ ધાશતીથી કરી માછલીઓ મુદલ આવતી ન હતી! એજ લખનાર એવું કહે છે કે, નીરો પાદશાહ કુશતી ખેલનારાઓને લીલાં પાનાના ચશમાંથી જોતો હતો.

દખણ અમેરીકા જીઆરથી શોધી કાહાડવામાં આવીઊ છે, તીઆરથી આખી દુનીઆમાં પાના ઘણાં શાધારન થઈ પડીઆં છે. જોશફ્ડી આ કોશટા, જેણે નીઊગરાનાડા અને પીરૂ દેશની પાનાની ખાંનો નજરે જોઈ હતી, તે કહે છે કે પેહલાં તે ખાનમાંથી એટલાંતો પાણા નીકલતાં હતાં કે ૧૫૮૭ માં જીઆરે તે સપેન દેશમાં આવીઓ તીઆરે તેની શાથે એક એક હનડરેડવેટની બે પાનાથી ભરેલી પેટીઓ લાવીઓ હતો!

જેમ બીજા જવાહેરો વીશે અશલના લોકો ઘણો વેહમ રાખતા હતા તેમજ એ જવાહેર વીશે પણ કાંઈ થોડુ કેહવાતુ નથી પણ હાલમાં તે વીશે લખવાની હમો અગત જોતા નથી.

## જધરનાથનું દેહડું.

હીંદુઓ લાકડાં, પથર, માટી વગેરેની મુરતીઓ બનાવી તેની પુજા કરે છે. એવી મુરતીઓને માટે તેઓ પુશકલ પઈસા ખરચીને મોટાં મોટાં દેહેડાં બંધાવે છે, અને માહે તેમને બેસાડી તેમની આગલ તરેવાર કીરીઆ કરી, તેમનાથી આ જગમાં સુખી થવા અને પેલી જગમાં પાપનો ઓધાર થવાને ચાહે છે. અલબતે આપણી બુધીતો આપણને નાજ કહે છે, કે એવાં નીરજીવ પુતલાંઓથી માંણસનો ઓધાર કદી થાએ નહી, પણ ઊપરથી એવું કહે છે કે, એમ કરવાથી માણસ પાપી થાએ છે, કેમકે તે પોતાનાં ખરા અને એકજ ખોદાને ભુલી જઈ તેનું રૂપ પથર અને માટીને આપે છે. ઘણાક ભણેલા હીંદુઓતો કહેછે કે હીંદુ ધરમનાં મુલ પુશતકોમાં મુરતીની પુંજા કરવાને શ



જગરનાથનું દેહેરૂં.

તેથી તેમનો દેવ, જો તેને દેવ કહીએતો, કેમ રાજી થ તો હશે તે સમજ પડતી નથી. એવું પણ કેહવાએ છે કે એ દેહડાંની જાતરા કરવાને ગએલાં લોકોમાંથી જે કોઇ લાગમાં આવે છે તેને તીઆંનાં ફકીરો અથવા જોગીઓ મારી નાખી તેનું જે કાંઇ હોએ તે લેઈ લે છે. એવા લુટારાઓને સ્ત્રીઓની નીતી લુટવાને કેટલો વીલમ લાગતો હશે? એ દેહડાંમાં કેટલાક જોગીઓ, આંખને કંટાલો અને દીલમાં દએઆ ઊપજે એવી તરેવાર રીતે, જેમકે કોઈ નીચી મુડી ને ઊંચા પગે, કોઈ એક હાથજ ઊંચો રાખીને, કોઈ કંઈ જુદીજ રીતે પડીને, એવી તરેવાર કષ્ટી ભોગવીને તેઓ દેવની પુંજા કરે છે. જો શરીરને કશટી આપી ભકતી કરવાથી ઈશવર રીઝતો હોએતો, તેને દએઆલુ કેહવામાં મોટું પાપછે! એ દેહડાંને અંગે ઘણીક ગાએઓ તથા વાંદરા છે, તેઓ પણ પવીતર ગણાએ છે. એ દેહડાંનું ચીત્ર પાસેનાં પાનાપર આપીઊં છે.

## સાધારણ સમજ—ગરમી.

ભાગ પ મો.

**સવાલ**—લાકડાં પાંણીથી ભીણાએલાં હોએ તીઆરે તે બલતાં કાંએ નથી?

**જવાબ**—લાકડાંની ઊપર પાંણી હોવાથી હવામાંની આકસીજન તેને લાગતી નથી; અને વલી જે આપણે તેને ગરમી આપીએ તે લાકડાંપર અસર કરે તેની આગમચ તે પાણીમાં ચુંસાઈ જાએ છે. એ પરમાંણે જીઆરે ઘણીવાર વેર ગરમી લાગે, અને જીઆરે લાકડાં ઊપરનું સઘલું પાંણી બાફ થઈ ઊડી જાએ, તીઆરેજ તે લાકડું સલગી બલવા માંડે. લીલાં લાકડાં જલદી સલગતાં નથી તેનો સબબ પણ એજ છે, કારણ કે તેમાં ભીનાસ ઘણી છે. સુકાં લાકડાં જલદી બલે છે તેનો સબબ એકતો, ઊપર પરમાંણે, એક તેમાં ભીનાસ નથી તેથી તેમાં જતી ગરમીને કોઈ લેઈ લેતું નથી, અને વલી તે સુકું થએઆથી, તેનાં છીદરમાં હવા ભરાઈ રેહે છે તેથી તેમાંની આકસીજન તેને ઝડપથી સલગાવે છે. લીલાં લાકડાં સુકાં કરતાં ભારી હોએ છે તેનો સબબ પણ એજ કે તેમાં ભીનાસ અથવા પાંણી હોવાથી તે ભારી લાગે છે, પણ જીઆરે ગરમીથી તેમાંનું પાંણી બાફ થઈ નીકલી જાએ છે તીઆરે તેનું તેટલું વજન ઓછું થાએ છે.

**સ૦**—ચુલામાં મીઠું નાખીઆથી તે ફુટીને ફટાકાની માફક આવાજ કેમ કરે છે?

**જ૦**—મીઠામાં પાંણી છે, તેથી તેને ગરમી લાગતાં વાર તે ઊકલી જઈ તેનો બાફ થઈ જાએ છે, અને પછે જોર કરી મીઠાંની પોપરી ભાંજી બાહાર નીકલી જાએ છે, તેથી આવાજ થાએ છે. પણ ઊપર લખીઊ છે કે લાકડામાં પણ પાંણી છે, તે છતાં તે સલગતી વેલાએ મીઠાંની માફક આવાજ કરતું નથી, તેનો સબબ એ છે કે, મીઠામાં પાંણી ચોમેર તેની પોપડીમાં મલેલું હોએ છે તેથી તેનો બાફ તેને ભાંજીને બાહાર નીકલે છે, પણ લાકડામાંતો તેનાં છીદરમાં પાંણી હોએ છે, જેમાંથી તેનો બાફ બાહાર નીકલી જાએ છે.

**સ૦**—રોશની એટલે શું?

**જ૦**—સુરજ અને ચંદરમાંથી તેમજ હરેક બલે એવી વસતુને સલગાવીઆથી જે આપણને અજવાલું સરખું કંઈ મલે છે તે. એ અજવાલું અથવા રોશની શું ચીજ છે, અને તે કેમ આવે છે તે હજુ ચોકશ જણાઈઊં નથી; પણ સર અઈજાક નીઊટન એ વીશે એવું કહી જાએ છે કે—જેમ એક ફુલમાંથી ઘણીજ બારીક કરચો હવામાં ઊડે છે, અને તે આપણા નાખમાં જવાથી આપણને વાસ લાગે છે, તેમજ સુરીઅની સપાટી ઊપરથી એવી અંથાગ બારીક કરચો ઊડીને ચોમેર પથરાએ છે, અને આપણી આંખ ઊપર આવે છે, તીઆરે અજવાલું જણાએ છે. પણ સઘલાં અવાજવાલાંમાંથી ગરમી નીકલતી નથી, તેમજ સઘલી ગરમ ચીજોમાંથી રોશની પેદા થતી નથી. આગીઆ કીડા અને માછલીનાં ભીંગડાં તથા ચંદર રાતના રોશણી આપે છે, પણ તેમાં ગરમી જરાએ લાગતી નથી: તેમજ લોહોડાં, સુનાં વગેરેને ગમે એટલું ગરમ કરીએ, પણ તે રોશણી આપતું નથી. વલી સઘલી ગરમી આપનારી વસતુમાં એક સરખી ગરમી હોતી નથી, તેમજ ઘણી ગરમી વાલી વસતુ ઘણી રોશની આપતી નથી. ઘણુ કરીને જોરની રોસનીનો રંગ પીલો તથા સફેદાઈપર હોએ છે, પ

ણ તેનાં કરતાં રાતા રંગની રોશની, પીલીના કરતાં ઝાંખી લાગે છે, તેમાં ગરમી વધારે હોએ છે.

સ૦—ઊનાલાના કરતાં તાહાડના અથવા શ રના દાહાડામાં અથવા રાતે બલતું જોરથી કેમ બલે છે?

જ૦—એ દાહાડામાં હવાને પુરતી ગરમી ન લાગીઆથી તે પાતલી થઇને ઊપર જવાને બદલે જા ડી થઇને મોટા જથામાં ઘરમાં રહે છે, તેથી તેમાંથી પુ પકલ આકસીજન મલી આવે છે; અને વલી ઠંડી હ વા ભારી હોવાથી તે જલદીથી આતસને લાગી માં હેથી આકસીજન આવેછે. એથી બલતુંજ વધે છે એટલુંજ નહી, પણ સાથે ગરમી પણ વધે છે. ખુ લી જગાએ સુરજનાં તડકામાં બલતું બરોબર બલતું નથી, અને વખતે આતસ હોલવાઈ પણ જાએ છે તે નો સબબ પણ એજ છે કે, તે વેલાએ સુરજની ગ રમીથી હવા પાતલી થઈ જાએ છે, તેથી તે બલતી ચીજને થોડી થોડી લાગે છે, અને વલી સુરજનાં કીરણોમાં કાંઈક રસાએણ સંજોગ હોવાથી તે બલ તી ચીજને બલવામાં ઘણીક અડચણ કરે છે. પણ હરે ક ચીજને ખોલી હવામાં છાએડામાં મેલી હોએતો તે ઘરમાનાં કરતાં વધારે જોરથી બલે છે, કેમકે સીરાંમાં હ વા જરા જાડી હોએ છે, અને વલી તે ચોમેરથી લા ગે છે. બલેલાં લાકડાંને હાથમાં લઇને જોરથી હી લવે છે તીઆરે તે ઊપર બલતું સલગી આવે છે, તે નું કારણ પણ એજ છે કે તેમ કીધાથી તે લાકડાનાં બલેલા ભાગ ઊપર પુપકલ આકસીજન લાગે છે, અ ને તેથી તે ઊપર ભડકો થાએ છે. કોઈવાર દીવો હોલવાઈ જવા પછે તેનો બલનો કાકરો એકાએક પા છો સલગી ઊઠે છે, તે પણ એજ કારણથી છે, પણ તેવો બનાંવ જોઈ અનસમજુ તથા વેહેમીઓ તેને મા ટે ઘણોક વેહેમ લાવે છે: એવો વેહેમ લાવવાનો સ બબ એકે હોલવાએલો કાકરો પોતાની મેલે કેમ સલ ગે, એ તેમને નવાઈ જેવું લાગે છે.

સ૦—આતસ ઊપર પાંણી નાખીઆથી તે બુજાઈ કેમ જાએ છે?

જ૦—આતસની ઊપર પાંણી પડનાંજ તેની ઊપર તેનું પડ થઈ જઈ હવામાંથી આવતાં આક સીજનને અટકાવી નાખે છે, અને તે આતસમાંની ગ રમી તે પાણીમાં દોડી જાએ છે, તેથી તે ગરમી વનાં નો થઈ જાએ છે, એટલે બુજાઈ જાએ છે. પણ જો આતશ ઊપર થોડું પાંણી પડીઊં હોએતો તે બુજા વાને બદલે જોરથી બલે છે, કેમકે તેથી તે પાંણીનો જલદીથી બાફ થઈ જાએ છે, અને તેટલામાં આતસમાં ની સઘલી ગરમી કંઈ નીકલી જતી નથી, અને પછે તે બાફથી આતસને વધારે જોરથી બલવાને ટેકો મે લે છે. એ કારણથી આગની વખતે પુરતું પાંણી મલી આવે તેની આગમચ થોડું થોડું નાખવાથી આગમાં ઊલટો વધારો થાએ છે, અને બલતું જોરમાં બલે છે; માટે એવી વખતે પાંણી નાખવું તો પુરતુંજ નાખવું, પુરતુ તે એટલું કે જેટલા આતસ ઊપર તે પાણી પડે તેટલા માહેલી સઘલી ગરમી તેમાં જવાની આગમ ચ તેનો બાફ નહી થઈ જાએ; કેમકે જો તેમ થઇઊં તો તે બાફના જોરથી બલતું વધારે મજબુતી પકડે છે. આગની વખતે ઘણાઓએ જોઈઊં હશે કે ઘર ના ભારવટ સરખા બલતા ભાગ ઊપર ઘણુક પાંણી નાખતાં છતાં પણ તે બુજાતા નથી; તેનો સબબ એજ કે તે ઊપર પાંણી એટલું બધું નથી પડતુ કે જેથી તેના બાફ થવાની આગમચ તેમાંની સઘલી ગરમી તેમાં ચુસાઇ આવે. આગની વખતે અતરેનાં લોકો એ બાબદ ઊપર ઝાઝું ધેઆંન આપતાં નથી તેથી ઘણીવાર ભારે મેહેનત લેવા છતાં મોટી ખરાબીઓ નીપજે છે.

---

## પારસી સ્ત્રીઓનાં નામ તથા તેનો અરથ.

પારસીની સ્ત્રીઓનાં તરેવાર નામો છે, પણ તે બધાં શું અરથ ધરાવે છે, તથા તે કેવા કેવા શબદો ઊપરથી ઊતપન થએઆં છે, તે જોકે ઘણુ સેહેલું છે, તે છતાં ઘણીજ થોડી બાઈઓ જાણતી હશે; સ બબ કે તેમને હરેક બાબદ ઊપર વીચાર કરવાની ટેવ નથી. તેમની નજર આગલ કાંઈબી નવુ બની ઊ હોએ, તથા કાંઈ નવાઈ જેવું તેમનાં સાંભલવામાં આવીઊં હોએ, તો માતરે હાથસે હાથ ઠોકી "અરે રે" એવા લાંબા ટહાકાનો શબદ બોલી મુગાં રેહે શે, પણ તે શું હશે તથા કેમ હશે તેનો વીચાર બેસી ને તેઓ કદી કરતાં નથી. એથી કરી ઘણી ચીજો તથા બનાવો જો કે રાત દાહાડો તેમના જોવામાં ત થા સાંભલવામાં આવે છે પણ તેની ખાતરીઆત તથા

કારણથી તેઓ તદર્ન અજાણીઆં હોએ છે. પારસી સ્ત્રીઓનાં બધાં મલીને આસરે ૪૧ નામ છે, જેમાનું દરેક જુદા શબદો ઊપરથી નીકલી જુદો જુદો અરથ ધરાવે છે. જેમ કેઃ—

આઇમાએ—આઇ—બપાઇ—ઘરડાં માએ.
આદરબાઈ—આદર—આદર રોજ—ફરેસતો.
આશીબાઇ—આસ—આસા—ઉમેદ.
આંવાંબાઇ—આંવા—દરીઓ—આવાંઈજદ.
કુંવરબાઇ—કુંવર—રાજાનો છોકરો.
કોલીબાઇ—કોલી—ઘણીજ સફેદ.
કુકીબાઇ—કુકું—નાનું બચું.
ખરશેદબાઇ—ખોરશેદ—સુરજ.
ગુલબાંઇ—ગુલ—ગુલાબ.
ચાંદનબાઇ—ચાંદન—ચાંદની અથવા ચાંદ.
જરબાઇ—જર—કસબ—સોનું.
જાઇજી—જાઇ—છોકરી.
જીવણાઇ—જીવણ—જીવાડનાર (ઇશવર!)
ડોસીબાઇ—ડોસી—ઘરડી.
† તીરબાઇ—તીર—તીર રોજ.
દીનબાઇ—દીન—મઝબ—દીન રોજ.
ધનબાઇ—ધન—પઈસા અથવા દોલત.
નવાજબાઇ—નવાજેસ—મેહેરબાની તથા બખાવત.
નાલીબાઇ—નાની—નાની
નાજાંબાઇ—નાજાં—નાજ—લાડ.
પીરોજબાઇ—ફીરૂજ—ફતેહમંદ.
બચુંબાઇ—બચું—નાનું બચું.
† બમનબાઇ—બમન—બમન રોજ—ફરેસતો.
બાઇઆઇ તથા માએ—બાઇ—બેન.
બાનુબાઇ—બાંનુ—શેઠાની.
ભીખાઇજી—ભીખ—ભીખશા.
માણકબાઇ—માણક—માણક ઝવેર.
મીઠીબાઇ—મીઠી—મીઠું મીઠાશ.
મેહેરબાઇ—મેહેર—દએઆ.
મોટીબાઇ—મોટી—મોટી.
રતનબાઇ—રતન—ઝવેર.
રૂપાબાઇ—રૂપું—રૂપું.
રૂરીબાઇ—રૂરી—શારી ભલી.
રાંણીબાઇ—રાણી—રાજાની સ્રી—સ્રી રાજા.
વીરબાઇજી—વીર—અકલ—દાનાઈ.
સાકરબાઇ—સાકર—સાકર.
શીરીનબાઇ—શીરીન—નરમાસ—મીઠાશ.
સુનાંબાઇ—સુનું—સુનું.
હમાએજી—બાઇ—હોમાએ—હોમાએ પરંદ.
હીરાંબાઇ—હીરા—હીરા.
હોરમજબાઇ—હોરમજ—ખોદા!

† જે નામો આગલ આ નીશાણીઓછે, તે નામો મુંબઇમાં કોઇ રાખતું નથી, પણ નોશારીમાં રાખવામાં આવેછે. એવાં નામો ઘણું કરીને દેશાઇનાં તથા ઓમેદાનાં કુટુંબમા રાખવામાં આવેછે.

## ઓકનું ઝાડ.

જેમ જંગલનાં સઘલા જાનવરો ઊપર સીંહ સરદારી ભોગવે છે, અને તે તેમનો રાજા કેહેવાએ છે, તેમ જંગલનાં સઘલા ઝાડ ઊપર આપણા દેસમાં વડ અને ઈંગલંડમાં ઓક સરદારી ધરાવે છે, અથવા સઘલા ઝાડનો રાજા ગણાએ છે. ઓકનું ઝાડ કદમાં ઘણુંજ મોટું હોએ છે, અને જંગલમાં ઘણુજ દબદબા ભરેલું ઊભુ રેહે છે. એ ઝાડ ઘણુજ ધીમુ વધે છે, અને તે સેંકડો વરસ વેર જેવીને તેવી હાલતમાં પુર ભભકથી રહી જીવે છે. પેનસહેંગર ખાતે એક મોટું ઓક છે, જેની ઊમર આજે ૨૫૦ વરસની ગણાએ છે, તે હજુ પુર જુવાનીમાં ખીલતું હોએ એવું લાગે છે: પણ એ સીવાએ રેનફરશાએર અને જેડબરઘનાં પરગણાઓમાં બે મોટાં ઓક છે, જેની ઊમર સેંકડો વરસની ગણાએ છે. નોરફોક નામની જગાએ એક ઘણુંજ જબરૂં ઓક છે, જેને લોકો "વીનફારથીંગ ઓક" ને નામે ઓલખે છે. એ ઝાડની હસતી ઈસવી સન ૧૦૬૬ નાં વરસમાં, જીઆરે નારમન લોકે ઈંગલંડ ફતેહ કરીઊં હતું, તીઆરની ગણાએ છે; જેથી તેની ઊમર આજે ૮૦૦ ઊપર વરસની થવી જોઇએ. એ ઝાડનાં થડનો ઘેરાવો ૭૦ ફીટનો છે, અને તેની માંહે જે પોકલ જગા છે તેમાં ૩૧ માંણસ સમાઈ શકે છે. નોરધમપટનશાઅર નામનાં પરગણામાં એક એવુંજ પુરાણું ઓક છે, જેને "પારલામેનટ" ઓક કરી કેહે છે: સબબ કે ઈસવી સન ૧૨૯૦ નાં સાલમાં ઈંગલંડનાં પાદશાહ પેહેલા એડવરડે તેની તલે પોતાની પારલામેનટ ભરી હતી. એ વેલાએ પણ એ ઝાડ ઘણુંજ પુરાણું ગણાતું હતું! એ ઊપરથી જોતાં તેની ઊમર આજે ૧૦૦૦ વરસની પણ ધારીએતો અડચણ નહી. એ ઓકનાં ઝાડ જીઆરે નાનાં હોએ છે તીઆરે તેની ઊપર અનાજનાં સરખા ઝીણાં ફલ થાએછે, જે અગાઊનાં વખતમાં લોકો તેને અનાજને ઠેકાંણે પુસકલ વાપરતા હતા.

ઓકનું ઝાડ જેમ કદે મોટું અને દબદબા ભરેલું છે, તેમ તેનું લાકડું પણ ઘણુજ ટકાઊ અને ચીમટછે. એનું લાકડું ઘણુ ચીમટ અને ટકાઊ હોવાથી આજે વેપારને બરનાં અને લડાઈનાં વાહાંણો બના

વવાને ઘણુંજ કાંમે લગાડવામાં આવેછે. એ લાકડાંનાં બનાવેલાં લડાઈના વાહાણના કાફલા ઊપર આજે ઈંગલંડ સરખો નાનો બેટ આખા ઈઊરોપમાં મોટી મગરૂબી ધરાવેછે, અને રાશીથી બલવંત કહેવાએછે. તેમ ઓકનાં બનાવેલાં વાહાણો પાંણીની અસરથી જલદી ખરાબ થતાં નથી, તેમજ જબરી તોપના ગોલા તે ઊપર પુરતી અસર કરી સકતા નથી. એવી મજબુતી સાથે ઓક ટકાઊપણામાં પણ પાછલ પડતું નથી. ઈંગલંડના વેસટ મીનીસટર એબી નામનાં દેવલમાં પાદશાહા એડવરડને નામનો એક ઓકનો બનાવેલો ગુમબજ છે, જેને આજે ૮૦૦ વરસ થએઆંછે તોપણ તે હજુ જેવીને તેવી હાલતમાં છે. વીનચેસટરનાં સેંટ સટેફન નામનાં દેવલમાં એક ૧૮ ફીટ વીઆસની, એકજ કકડાની, ઓકની ટેબલ છે, જે આજે ૧૨૦૦ વરસની જુની ગણાએછે. તોપણ તે હજુ કશી પણ નુકશાની વગર જેવીને તેવી રહેલી છે!

ઓકના ઝાડની છાલ તથા તેનાં લાકડાંનાં વેહેરને અગાઊ રંગવાના કાંમમાં લેતા હતા, અને રંગ કાહાડીઆં પછે બાકી રહેલો છુંછો કચરા તરીકે નાખી દેતા હતા; પણ તેને ખાતર તરીકે બાગ માંહેલા રોપાના થડમાં નાંખવાથી તેને ગરમી તથા પોખણ મલેછે એવી શોધ પાદશાહા તરીજા વીલીઅમે કરવાથી તે કચરો પણ અતી ઊપીઓગી થઈ પડીઓ, અને તેથી બાગાએતના કામમાં ઘણો સુધારો થએઓ.

એ ઝાડ (ઈંગલંડમાં) ઊનાલો બેસતાં ઘણુંજ ખીલી નીકલેછે, અને તેના બલુ આસમાન તરફ ઊંચાં થએલાં, અને પવનની લેહેકી ઊપર ગંભીરાઈથી હાલતાં ડાલાં, અને તેના સુંદર લીલા રાતાશપરના રંગનાં કુમલાં અને પાકા પાતરાં ઘણાજ રલીઆમણા લાગે છે. તેનાં જબરાં ડાલાંઓના ચોમેર ફેલાવાથી જબરી ઘટા થઈ રેહેછે, અને તપતા સુરજની વેલાએ તેનો છાંએઓ વટેમારગુઓને ઘણોજ ઊપીઓગી તથા દીલપસંદ થઈ પડે છે.

# પરચુટણ.

## જાણવાજોગ બાબદો.

**એક રાખરી ઓરત**—નેપલસ શેહેરમાં નહી સારાં થાએ તેવાંઓની એક ઈસપીટાલછે તાંહાં હાલ એક ઓરતને દાખલ કરવામાં આવીછે, તેણીનું દરદ કંઈ ઘણુંજ અજાએબ જેવુંછે, કેમકે તે દર રોજ રોસ કરેલાં ગોશનાં પાંચ કટકા, ૭૦ ઇંડાં, કેટલાંએક પાંઉ અને મોરો જહો ઝડી સેવનો ખાએછે! આએ તે ભુખ કેવી! એ ઓરતને ઘારૂં કરવાને ડાકટર જામીગલીઆએ માંથે લીધુંછે, પણ આજ શુધી કંઈ ફેર પડીઓ નથી. જો જરાબી તેણીનો ખોરાક ઓછો કરવા જાએછે તો, એક ઘેલી ઓરતની મીશાલે બુમ બરાડા પાડેછે, અને જીઆરે ઉપર પરમાંણે આપેછે તારેજ તે નરમ પડેછે.

**પરોફેસર થોમસ** નામનો હાલ એક તલવારનો રમતીઆલ નીકલીઓછે. તે જાતે એક શારજનટની પદવી ધરાવેછે પણ પોતાની ચાલાકીથી એટલાંતો ઈનામ મેલવીઆંછે કે તેને પેહેલવાંનનો ખેતાબ મલીઓછે, તેની ૮૦ વરશની ઉમરછે. ચાલવાના અને દોડવાનાં કાંમમાંતો તે સરવેથી એકોછે, કેમકે આખાં ઈંગલંડ, સકાટલંડ અને આયરલાડનાં શઉથી શરશ ચાલનારા તથા દોડનારાઓમાં એણે આશરે પચાશ ઈનામો મેલવીઆંછે; તેમાં આખી વેલાતના સઉથી શરશ ચાલનારાઓ સાથે ૧૮૬૧ માં તરણ માઈલ ઠપડતા બરફમાં ૨૩ મીનીટમા ચાલી તે ઈનાંમ જીતીઓ હતો! તાર પછી ૭ માઈલ ૫૪ મીનીટમાં અને ૩૭ શેંકડમાં ચાલીઓ; સવાએકવીશ કલાકમા ૧૦૦ માઈલ અને ૧૮૫૭ ના ઉનાલામાં નોરવીચ શેહેરમાં ૧૦૦૦ માઈલ ૧૦૦૦ કલાકમાં ચાલીઓ હતો!!

તાર પછી મી૦ હારકડની વખણાએલી ઘોડી નામે "બલાકબેશ" સાથે એક માઈલમા ૫૦ વાડ અથવા તતી કુદવામાં પણ એજ જીતીઓ હતો! આએ સરત ડબલીન આગલ ૧૮૫૧ મા થઈ હતી. એજ પરમાણે બીજી કેટલીએક નામાંકીત ઘોડીઓ સાથે વાડો કુદવામાં એણેજ ઈનામો લીધાં હતા.

હવે તલવારની રમતો ઉપર ધીઆન આપો. એક નારંગીને દોરાવડે ટાંગી એક ઝટકાથી દોરો કાપી તે નારંગી જમીન ઉપર પડે તેની અગાઉ તેના બે કટકા કરીઆ હતા! શીશાંનાં જાડા શલીઆને એકજ ઘાએ બે કટકા કરીઆ હતા! એક લીબુને પોતાની હથેલી ઉપર મુકી તલવાર વડે બે કટકા કરીઆ હતા! તેવામાં એક તમાશગીરે હીમતથી પોતાની હથેલીમાં એક લીબુ પકડીઉં. તે પણ તેમજ ફતેહમંદીથી કાપીઉં હતું!

તીઆર પછી પોતાના દીકરાને પગતલે એક કાચી અને કઠણ નારંગી આપી તેને તેની ઉપર ઉભો રાખી તે નારંગીના તલવાર વડે બે કટકા કરીઆ હતા! તીઆર પછી પોતાના દીકરાના માથાં ઉપર એક નારંગી મુકી તેને પણ તેવીજ રીતે કાપી હતી!

**ઈંગલંડમાં નવાઈ જેવો મેવો**—આજસુધી વેલાતમાં નારીએલીનું ઝાડ પુખત થતુ ન હતુ પણ હાલ એવી ખબર મલીછે કે મોટી મેહેનતે અને ખરચે એક ઝાડે ઉપર આખાં બે નરીએલ ઉગવીઆંછે! એબી એક નવાઈજતો!

તા૦ ૧૯ મી ફેબરવારીએ આખર થતાં અઠવાડીઆંમાં એકલા લંડન શેહેરમાં ૨૩૩૬ બચાંઓનો જનમ થએઓ હતો તેમાં ૧૧૦૧ છોકરા અને ૧૧૬૪ છોકરી ! તે જ અઠવાડીઆમાં ૧૮૫૯ મરણ થઆં હતાં.

---

પારલીઆમેનટના એક મેમબર નાંમે કરનલ પાઉએલે મીશ લીઉઈશ સાથે નેકા કરવાનો વચન આપીઆ છતાં તે નહી કરીઆં અને ઉલટાં કાંઇ તોહોમતોં મુકીઆથી ઉપલી બાઈએ પાંચ લાખ રૂપીઆની દામીજની ફરીઆદી માંડી હતી તેમાંથી ૨૦૦૦૦) રૂપીઆ કોરટે તે બાઇને અપાવીઆ હતા.

---

**મુછનો ચમચો !**—માંણુશો શોકને ખાતરે મોટી મોટી મુછો રાખે છે, પણ ખાતી વખતે તેમને ઘણીક અડચણ નડે છે તથા વખતે મંડલીમાં હસવું ઉતપન કરે છે કે મકે પાંણી જેવી વસતુને મોડામાં લેતાં તે ખરડાઈ જાએ છે. એવી અગવડને ટાલવાને મારે અમેરીકામાં એક જને એક જાતનો ચમચો બનાવીઓ છે, અને તેને મારે પેટંટ લીધો છે. એ ચમચાથી ગમે તેવી વસતુ ખાતાં મુછ ખરડાતી નથી.

---

**વીજલીક એનજીન**—બેસેટ અને ડીરોવર નામનાં બે સખશોએ એક એવું એનજીન બનાવીઉ છે કે, તે બાફને બદલે વીજલીથી ચાલે છે. અલબતે એમાં ખરચનો ઘણોજ ઘટાડો થવો જોઈએ.

---

**દાઝેલાનો ઉપાએ**—એક સખશ દાઝેલાંનો ઉપાએ એવો બતાવે છે કે પરથમ તે દાઝેલા ભાગ ઉપર ઠંડુ પાંણી તામવું, અને પછે તેની ઉપર એક ઈંચ જાડો કોરહો આટો ભભરાવવો એથી જલદીથી ચાંમડી આવી જશે.

---

**બારીક પતરૂ**—ઈઉરોપ ખંડમાં એક સખશે લોહોડાનું પતરૂ એટલુંતો પતલું બનાવીઉ છે કે, તેની જાડાઈ એક ઈંચનો હજારમો ભાગ છે. તેની ઉપર સારા અકશરે લખાએ છે, અને તેની ગોલ બીંદરી થઈ શકે છે.

---

**કામની ઝડપ**—બરમીગહાંમનાં સટીલપેન બનાવવાનાં કારખાનામાં દરેક સ્રી આખે દાહાડે, દાહાડાનાં ૧૦ કલાક પરમાંણે ૩૬૦૦૦ પેન બનાવે છે, અને તેને મારે તેને ૭૨૦૦૦ વેલા પોતાનાં હાથ વલાવવા પડે છે !

---

**રેલવે**—અમેરીકાનાં એક નીઉઈઆરકનાં પરગણાં માંહેલી રેલવેની બધી મલીને લંબાઈ ૩૫૦૦ માઈલ છે.

---

**દરીઆઈ બલ**—આખા ઈઉરોપમાં ગરેટ બરીટનની દરીઆઈ ફોજ તથા બલ મોટાં ગણાએ છે, અને તેમાં આજે બધા મલીને ૭૮૫ લડાઈનાં બારકસ છે; અને તેમાં ઓછામાં ઓછી ૧ થી વતામાં વતી ૧૩૧ સુધી તોપો છે.

---

## પકવાન વંગેરે બનાવટ.

**અંજીરનું પુડીંગ**—એક રતલ સોજા અંજીર લઈ તેને ખુબ બારીક કરી નાખી પા રતલ ઘીમાં મેલવી દેવાં, અને પછે તેમાં થોડોક આટો લઈને ખુબ મસલી નાખવાં. પછે એક રતલ પાંઉની પોપરી અને પા રતલ ખાંડ લઈ, તેમાં, એક ચાહેનું પેઆલું ભરી દુધ લઈ માહે બે ઈંડાં ખુબ ચારવીને ભેલી દેવું. તેમાં મસલેલાં અંજીર પણ નાખી સઘલુ ખુબ મેલવી દઈ, ઉપરથી થોડીક કાપેલી બદામ નાખી ભુંજવા મેલવું, અને તેને ભઠીમાં ચાર કલાકવેર રાખવું.

---

**લીબુનુ પુડીંગ**—અરધો રતલ પાંઉની પોપરી, પા રતલ ઘી, અને પા રતલ ખાંડ એ સઘલાંને ભેલી ઉપર તરણ લીંબુનો રસ, સારીપૈઠે ગાલીને, નામી, તેમાં બે ઈંડાં ખુબ ચારવીને મેલવી દેવાં. પછે તેને ભઠીમાં મેલી પોણો કલાકવેર ચરવા દેવું.

---

**આરંજનો મુરબો**—ગમે એટલાં આરંજ લઈ એક વાસણમાં પાંણી નામી માંહે એક ચમચો મીઠું નાખી, તેમાં બે કલાકવેર ઉકાલવાં પછે નીચે ઉતારી તેમાંનું પાંણી કાહાડી નાખી ફરીને બીજું મીઠું પાંણી રેડી માંહે બીજા બે કલાકવેર બાફવાં; તેમાં પેહેલો અરધો કલાક જોરનાં બલતાંથી બાફવાં અને પછે જેમ વખત જતો જાએ તેમ બલતું ધીમુ કરતાં જવું. પછે એક ટાંચણીનું માથું માહે ખોશી જેવું, જો તે ગલી જાએતો બરોબર બફાએઆંછે એમ જાણવું. તીઆરે તેને નીચે ઉતારી માંહેનું પાંણી કાહાડી નાખવું, પણ તેને સીરાને મારે રેહેવા દેવું, અને પેલાં આરંજની બબે ચીર કરી માંહેથી ગર બાહાર કાહાડવો, અને તેમાંથી બીઆં કાહાડી નાખવાં. તે ગરને તથા છાલને ખુબ મસલી નાખવાં, અને પછે જેટલું તેનું વજન થાએ તેથી બમણી ખાંડ લઈ ઉકાલેલાં પાણીમાં તેનો શીરો કરી માંહે પેલો માવો ભેલી નાખી અરધો કલાકવેર ગુલાપર મેલવું. એ મુરબો જેલીનાં જેવો થશે.

---

## એક રમુજી વારતા.

એક સખશ ઘણોજ અફીણી હતો, તેણે પોતાના ઘરમાં એક ચાકર રાખીઓ. તેની સાથે પગાર વગેરેની બોલી કરીઆ બાદ તેને પુછીઉ, કે તેને કોઈ જાતની કેફ કરવાની ટેવ છે કે નહીં. તીઆરે તે નોકરે તેને તરત જવાબ દીધો કે "સાહેબ, હું અફીણ સીવાએ બીજી કશાની કેફ કરતો નથી." એ સાંભલી તેનો અફીણી શેઠ ઘણોજ ખુશી થઈ ગએઓ, અને તેની ભારી વખાણ કરી, ગજવાંમાંથી દાબડી કાહાડી માહેથી થોડું અફીણ પોતે ખાધું અને થોડું પોતાના નોકરને આપીઉં; તે તે તીઆંજ ગલી ગએઓ ! પછે પેલો અફીણી શેઠ તેને હોકમ દીધો

કે બબરચી ખાનામાં જઈને મીઠા ચાવલ (પલાવ) પકાવે. તે નોકર શેઠને સલામ કરી બબરચી ખાનામાં ગએઓ અને ચુલાપર ચાવલ મેલી, અફીણની કેફમાં જુંફવા પડીઓ. પેલીગમ શેઠ પણ જુંફવા પડીઓ અને એમ કરતાં બપોર થઈ ગઈ. એ વખતે શેઠને જરા હુશીઆરી આવી, તીઆરે મોટે શાદે નોકરને હાંક મારી પુછીઉં, "ચાવલ થએઆ કે!" નોકર બોલીઓ "હા સાહેબ થાએછે. એમ પુછતાં ને જવાબ દેતાં છેક સાંહાંજ થઈ, તીઆરે પેલો નોકર રકાબીમાં ચાવલ મેલીને શેઠની પાસે લાવીઓ. નોકરે એટલું મોડું પકાવીઆથી શેઠનો મીજાજ જતો રહીઓ તેથી તેને ખુબ ધમકાવીઓ. તે ધમકી સાંભલી તે નોકર બોલીઓ "સાહેબ મારેથી તમારી ચાકરી નહી થવાની; જો તમે એવીજ ઉતાવલે રોજ કરાવશો તો હું મરી જવાનો ! એટલું બોલી તીઆંથી જતો રહેઓ !

"જેવા શેઠ તેવા વાણોતર" એવી કેહેવાત જે આપણામાં ચાલેછે, તે બરોબર છે.

---

## સમશીઆ.

(દોહરા)

(૧) જે રાજા તન સર્વનો,
તેનો જે કોઈ થાય;
મન ગમેતેમ રાજ કરે,
અતિપ ખરાબી થાય.

(૨) ઘડા સેંકડો જલે ભરયા,
માંહે તાતના તાત;
વસે સુસંપથી એકડા,
કંઈક દિવસ ને રાત.

(૩) ગરીબ કુળથી ઉપજી,
ઉતમ જે કહેવાય,
અમુલ્પ જેનું નામ છે,
તેને સૈ જન ચહાય.

(૪) હું બે અકશરનો શબદ છું: મારા પેહેલા અકશરની પાસે કંઈ નહી કાહાડો તો તેનો અરથ લાગ અથવા તાલ થાએ; જો કાનો કાહાડો તો દશની ઉપરની એક સંખીઆ થાએ; જો અજુ કાહાડો તો એક જાતનો અંગરેજી દારૂ થાએ; અને જો કાનો માતરા કાહાડેતો એક જાતનું નાનું ફલ થાએ. જો મારા પેહેલાને કાનો રેહેવા દઈ છેલાને અજુ કાહાડો તો તે એક જાતની ખાંપણ વાલી આખ થાએ, અને વલી માલપર ઉજેરૂં તથા હવા આવવાની જગાનો રખેવાલ થાએ. જો તેને વકુ કાહાડો તો શેહેરની નજદીકનો દરીઆનો ભાગ થાએ, પણ તીઆં વાંહાંણો ઉભાં રેહેતાં નહી હોએ.

## ખોલાસો.

(૧) પાંચ ઈંદરીઓ; પણ બે આંખ, બે કાન, એક નાક, એક જીભ અને એ ચાંમડી મલી શાત થાએ, જેમાં બે ભાઈ તે બે કાન, ચાર બેન તે બે આંખ, એક જીભ, અને ચામડી; અને એક નપુસક તે નાખ.

(૨) ડગાંબાજ દુનીઆં.

---

## સાહસ.*

(ગરબી.)

બેનો † સાહસ જેવું કામ કો દી નવ કરીએ;
સાહસે જાયછે પ્રાણ, કે પસ્તાવે પડીએ.
હુતો રાજ પુત્ર કહું એક રૂડો રૂપાલો;
લાડકવાયો ભૂપ અતિ ગુસ્સા વાલો.
કરયો એક દી એવો વિચાર જાવુંતો વનમાં;
ને કરવા શિકારો સાર એવું લઈ મનમાં.
ઝટ સજ્યો શિકારી વેશ કેશ સમારીને;
બીંડયા પીઠસું તીર—કમાન હિમ્મત ધારીને.
લીધો અશ્વ જે વાયુ સમાન દોડમાં પૂરો;
પટ કુદીને થાયો સવાર વન ચાહ્યો શૂરો.
મળ્યો વાટમાં પીતા સાથ રૂડી સ્વારીએ;
જોઈ રાય શિકારી વેશ ચોંકી વદ્યો એ.
"ઓ પુત્ર તું મારા પ્રાણ કયાં જાય એકલો ?
કયાં ગઈછે તારી બુધ કેમે બન્યો ઘેલો ?
આ જંગલ મોટું અઘોર ભારી ભયંકારી,
વલી વાઘ વરૂનો વાસ જેનો ડર ભારી.
ત્યાં જઈ શકે તું કેમ એકલડો મારે,
માનીને મારી શીખ પાછો પૂર વારે
નહીતો આપું તારી સંગ જુધ્ધા સૂરાઓ;
વલી આપું હાથી હય રણના પૂરાઓ."
સુની કુંવરજી કહે "હેં, હું શું નામર્દનો ?
હું જુધ્ધો પરો શૂર જુકિતએ દાંનો.
શેને કાજે જોઈએ સાથ જુધ્ધાઓ મારે ?
શેને કાજે જોઈએ હય હાથીઓ તારે ?

---

* આકળા પડી જઈ અથવા ગુસ્સામા આવી જઈ, કાંઈ અઘટીત કામ કરી દેવુ, એને સાહસ કહેછે

† આ ગરબીની દરેક કલીમાં તરણ વખત તાલી પડેછે; ને જે અકશરો કાલા અને મોટાછે, તીઆ તીઆ તાલી મારવી

ખરો મર્દ હું ત્યારે સાચ, જાઉં એમિલો,
મારી સિંહડા ને વાઘ અપાર ફરૂ પૂરે વ્હેલો."
એમ બોલતાં મારી એડ અશ્વ તો નાહોરે;
દોડી વાયુ ને વીજસમાન વનમાં પેહોરે.
જઈ ભટકે ત્યાં આમને તેમ ઢુંડે શિકારને;
પણ નજરે ના આવે એક ચીહીડે તેને કારણે.
દીઠી તેવામાં હરણી એક રમતી ફરતી જે;
ઝટ તીર ચહડાયો કમાણ તાકયો ઊપર તે.
પણ હરણી જે અંચલ જાત ચુકવી ને નાઠી;
અતિ ચહડી કુવરને ઝાંઝ શું છોડું કર થી !
એમ બોલી દોડાયો અશ્વ હરણીની પુઠે,
જેમ દોડતો જાએ તેમ મન ચીંતા ઉઠે.
પણ હરણી ન આવી હાથ ગઈ ગુફે છુપી;
ઝટ તાકીને મારયો તીર થઈ આતશ રૂપી.
પણ હરણીતો નાઠી પાર ગુફો છોડીને,
ને જઈ લાગો તે તીર સુતી એક સિંહડીને ।
તર્ત કુદી તે બાહાદુર નાર પાય પછાડતી;
આવી ઊભી ગુફાની બાહાર બરાડા મારતી.
જોઈ રાયને ઘોહેસવાર તાતી ભારીરે;
કુદી નાખ્યો ઝપાટે એક અશ્વ પછાડી રે.
જોતાં ગભરાયો બહુ રાય શુધ્ધ બુધ્ધ ખોઈને;
ભુલી ગીઓ તે તીર કમાન ઝપાટો જોઈને.
પીએ અશ્વને સિંહણ જેમ મણી સુખ ઊદરને;
ઉઠી નાઠો તેવામાં રાય થઈ હરીને શરણે.
સુખ દોડતાં નાહાસતાં છેક થઈ સંધ્યા કાલે,
ત્યારે થાકયો કુંવરજી અપાર રહયો દમ નવ ચાલે.
ગીઓ બેસવા ઝાડની હેઠ તેવો પડીઓ રે;
જોઈ એવી અવસથાનીજ ભારી રડીઓ રે.
થયો પાણીનો પ્યાસો ખુબ તે કોણ લઈ આવે ?
થાક ભૂખ અને તાન થકીજ મોડે ફીણ આવે.
લાગ્યા પાયમે કાંટા અપાર રૂધીર બહુ ચાલે;
પીડ ચાલી રહી સારે શરીર ને બલતી ઝાલે.
નવ દીઠો એકે ઉપાય હવે કંઇ બચવાનો;
ધારયું આયો હવે આ વેલ આખર મરવાનો.
એવા શોકમાં વીતી રાત ને વાહાણું વાયું,
ત્યારે રાયનું બગડયું શરીર દુઃખ ઘણું થાયું
પાય સુજયા થંભ સમાન ને સણકા આવે;
વલી ચહડયો શરીરે તાવ તે કોણ ઉગાવે.
એમ પડયો કરંતો શોક તેવામાં નીર્ખ્યો;
એક મર્કટ ‡ આવતો પાસ ને ઝટ લઈ ઓલખ્યો.

‡ વાદરા

હતો રાયનો પાલેલો તે અતિ ગમ્મત કારી;
પણ નાઠો હતો એક દીન સૌ સુખ વીસારી.
ઓલખ્યો મર્કટે રાયને તર્ત બેઠો આવી પાસે;
જોઈ હર્ખ્યો જરાએક રાય ધરી મન કંઈ આસે.
દીધી હાથની ઇસારત પાણીને કાજે;
તર્ત સમજયું પશુ તે ચતુર ગયું ધરી મન દાઝે.
કીધો પાનનો દરીઓ એક જલ ભરીયું માહે;
દોડી લાયો રાયની પાસ દીધી હોલવી લાહે.
વલી લાયો ફલાદિ કાંઈક પાણીની સાથે;
દીધાં રાયને ખાવા કાજ પ્રીત થકી હાથે.
ત્યારે આવી મને કંઈ શુદ્ધ જીવ આયો તનમાં;
માન્યો પ્રભુતણો બહુ પાડ આવિશ દઈ મનમાં.
પછે થાયો તે નિદ્રાવસ, મર્કટ શું જાએ,
આવી નાગણ મોટી એક દસવાને ધાએ !
ઝટ ઠાપટ મારી એક રાય જગાડીઓ;
ઉઠી રોષ ધરયો બહુ મન પણ પાછો પડીઓ.
વલી નાગણ આવી પાસ ફું ફું બહુ કરતી;
વલી મર્કટે મારી થાપ જોરે કરી કરથી.
ઉઠી ઝબકીને જાગ્યો રાય ઝાંઝ ચહડી ભારી;
પટકયો મર્કટ ભૂમિ સાથ ફેંકી દીધો મારી.
જઈ પડયો તે નાગણ પાસ ચોંકી તે ઊછલી,
જોઈ રાયે આ સંકટ સામ મુખે કરડી આંગલી.
પછે બન્યો શોકાતુર બહુજ મર્કટને મારી,
કીધો પશ્ચાતાપ અતિશ દુઃખ ધરી ભારી.
હવે પેઠો ભારે મન ભય હામ ન ચાલેરે;
નિદ્રા લેવાની લેશ, થયો બે હાલેરે.
એક પાસેથી પામે દુ ખ જે ના સોહાએ;
બીજે પાસે થયો ભયભીત હવે બહુ પસ્તાએ.
અંતે બોલ્યો મુખેથી બોલ મારીને હાએ,
"કરે સાહસ જગમાં જે દશા તેની આ થાએ."
આચુ તેવામાં ટોલું એક સિપાઇઓનું પાસે;
હુતા ઢુંડતા રાત ને દીન કુંવરને ચો પાસે.
લઈ લીધો રાય ખુશીથી સર્વને આહ્યા ઘેરે;
કહે નાનાભાઈ રાન કરી હરીએ મેહેરે.

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. એપરેલ ૧૮૯૫ આંક ૪ થો.

## સ્ત્રીની વફાદારી અને વચન.

એક વારતા.

### પરકરણ ૭ મું.

### ખરી વફાદારી:

કમનસીબ બીચારો હોસંગ ! તેને રાતોરાત, તેનાં તનથી વાહાલી શીરીનને નજરે નજર જોએઆ વગર, અને છેલી મુલાકાતનો એક પરીત અને શોક ભરેલો બોલ પોતે બોલીઆ તથા તેનો સાંભલીઆ વગર, એકદમ કરમાન શેહેર છોડવું પડીઉં. એ વેલાએ બીચારા હોસંગને કેવું દુખ લાગુ હશે, અને શેહેરની બાહાર જતાં તેને દરેક ડગલું ઉંચકવું કેવું ભારી લાગુ હશે, તેનો વીચાર, ખરેજ, બીન અનુભવીને કદી આવનાર નથી. હોસંગે રાતોરાત કરમાન છોડીઉં, પણ તે છોડી તેણે એવી શરમ ભરેલી દેશનીકાલની હાલતમાં પોતાને વતન પોતાનાં બાપની પાસે જવાનું ઘણુંજ હીનપસતી ભરેલું ગણીઉં, અને તેવી હાલતમાં તેમ કરવાને બદલે તેણે જંગલમાં ભટકી મરણ પામવાનું વધારે પસંદ કીધું. વલી તેને તેની વાહાલી શીરીનની જુદાઇથી, અને તેને માટે ધારેલી આસામાં નીશફલ થવાથી તેની જીંદગી તદન અકારી થઇ પડી હતી, તેથી તેણે એકદમ જંગલનો રસતો લીધો, અને જીઆં જવાએ તીઆં ચાલી જવાનો મનમાં ઠડાવ કીધો. જ્યારે તે કરમાનનાં જંગલના મધીઅ ભાગમાં દાખલ થએઓ, તીઆરે તેને તેની શીરીન ઇઆદ આવી, અને આગલ કરેલા ઠડાવ મુજબ તીઆંથી આગલ ચાલવાને તેને મુદલ ગમીઉં નહી: તેને બનતાં શુધી કરમાનની નજદીકમાં રેહેવાને એટલુંતો મન થઇઉં કે, ગોએઆ જાણે તેનો જીવ તે શેહેરમાં હોએ, અને તેનું ખોખું માતરે જંગલમાં ચાલી આવીઉં હોએ ! તેથી હોસંગે આગલ ચાલવાનું મોકુફ કીધું, અને તે જંગલમાંજ અહીંથી તહી ભટકવા લાગીઓ. એવામાં બનાવ એવો બનીઓ કે, તે જંગલ માંહેલા વાટમાડાઓનું એક ટોલું તીઆં આવી પોંહોંચીઉં, અને હોસંગને પકડી તેની પાસ જે હોએ તે તેમને આપી દેવાને તેને ફરજ પાડી. તે જોઇ હોસંગે ધીરજથી તે વાટપાડાઓને જણાવીઉં કે, તે એક ઘણોજ દુખી અને દેશનીકાલ થએલો માણસ છે, અને તેની પાસે તેનાં આંગપરનાં વસ્ત્ર સીવાએ બીજું કશું નથી. એ વાતથી તે વાટપાડાઓની ખાતરી થઇ, અને તેઓએ તેને એક ઘણોજ સારો અને ચાલાક માણસ જોઇ, તેને એવી દરખાસત કીધી કે, તેણે (હોસંગે) તેમની સાથે સાંમેલ થઇને રેહેવું, અને તેમની ઉપર સરદારનું કામ ચલાવવું, અને તેઓ બધા તેને તાબે રહી તેનાં હોકમ પરમાંણે ચાલશે: તેઓએ સાથે એવું જણાવીઉં કે, જો એ દરખાસતને કબુલ નહી રાખશેતો તેઓ તેને મારી નાખીઆ વગર રેહેશે નહી. એવો મામલો જોઇ દરખાસત કબુલ કરવાને હોસંગને ફરજ પડી, અને તે પરમાંણે તેણે તે વાટપાડાઓનાં સરદારનું કાંમ માથે લીધું; પણ તે એવી બોલીથી કે, તેઓએ કોઇ પણ સ્ત્રી ઉપર અથવા ગરીબ મુસાફર ઉપર કશી પણ રીતની જાસતી ગુજારવી નહી. એ બોલી તે વાટપાડાઓએ બાહાલ રાખી, અને હોસંગ તેમની સાથે રહેઓ

હવે આણીગમ, જીઆરથી પસંગ જેલીકાને મેલી કરમાન તરફ આવીઓ હતો, તીઆરથી તે તેની જુદાઇથી ઘણીજ બેચેન હતી, અને રાત દાહાડો તેને આવી મલવાની મોટી ઇનતેજારીથી રાહા જોતી હતી. પણ એમ કરતાં ઘણીક મુદત ગુજરી જવા છતાં પસંગ ઇઅજદ ખાતે પાછો ન ફરવાથી જેલીકાએ પોતાની સઘલી ધીરજ ખોઇ દીધી, અને કોઇબી પરકારે પોતાના વાહાલા પસંગને મલવાનો વીચાર કીધો. અંતે તેણે એવી ગોઠવણ કીધી કે એકદમ ઇઅજદ શેહેર છોડી કરમાન તરફ જવું, અને તીઆં જઇ પીઆરા પસંગનાં દીદાર જોવા. એ થડાવ પરમાંણે જેલીકાએ, રસતામાં પોતાના બચાવને માટે, મેહેર નામની એક દાસીને સાથે લીધી, અને બંને જને સ્ત્રીનો પોસાક કાહાડી નાખી પુરૂષનો વેશ લઇ, ઇઅજદ છોડી કરમાન તરફ નીકલી ચાલી.

કેટલેક દાહાડે, ભારે રંજ અને શકતીથી મુસાફરી કરતી, પુરૂષનાજ વેશમાં, મેહેરની સાથે, જેલીકા કરમાનમાં પોહોંચી, અને તાઆંની એક ધરમશાલામાં ઉતારો લીધો. હવે હર તદબીરથી જેલીકા પસંગની ખબર કાહાડવા લાગી, પણ મનમાં ઘણીજ ભએ ભીત થઇ કે, રખેને પસંગ તેની આવી ચાલ જોઇને નાખુશી થાએ, અને તેના આ

વા ખરા પીઆરને હલકાઈનુ રૂપ આપે; કેમકે પ્રરથમ પસંગ જેવો તેની ખુબ શુરતીથી તેનાપર મોહી પડીઓ હતો, તેવોજ તે તેની આબરૂ અને મોભા ઉપર પણ મોહીત હતો. પણ હવેતો સઘલુ થઈ ચુકું હતું. તેથી તે વીશે વધારે અફશોશ તથા ફીકર કરવાની છોડી દઈ, તે તે ધરમશાલાના રખેવાલ સાથે વાતચીતમાં ગુંતાઈ અને હરબાંને પસંગની જોસતેજોઇ કરવા લાગી. તે ધરમશાલાનો રખેવાલ એક જુવાન અને શોખીલો સખશ હતો, અને જેલીકાને એક ખુબશુરત છોકરો જોઇ તેની સાથે મોટાં હેતથી વાત કરવા લાગો, અને તેને દલગીર જોઈ, હરબાંને તેની દલગીરી છોડાવવાની કોશેશ કરવા લાગો.

બીજે દીને ધરમશાલાના રખેવાલને ખબર મલી કે આજે રાતરે પસંગ શીરીનબાનુને, રાતને વખતે તેના બાગમાં જઈ, મેહેલની બારી આગલથી કેટલુક ગાનુ ગાઈ સંભલાવવાનો છે, અને પોતાના પીઆરની કેટલીક વાતો કેહેવાનો છે, તેથી તે જાતે મોજીલો હોવાથી, અને વલી જેલીકાને પણ એક તેવોજ ખુબસુરત અને જુવાન સરખો છોકરો સમજવાથી તે જોવા જવાનો, અને સાથે જેલીકાને લઈ જવાનો થડાવ કીધો. જેલીકાએ તે કબુલ રાખીઉં, પણ તે બીચારી જાણતી ન હતી કે તે મેહેલની બારી આગલ ગાનું ગાનાર કોણ શખસ છે, અને તે રખેવાલ પણ કશું જાણતો ન હતો કે તે જુવાન છોકરો જેલીકા છે, અને તે તે પસંગનીજ શોધને માટે આવેલી છે. એ પરમાણે બંને જન ગફલતીમાં હોવાથી, માતરે એક રમુજ જોવાની મતલબથી તીઆં જવાનો થડાવ કીધો, અને તે પરમાણે મોડી રાત ગએઆ પછે તે બંને જન શીરીનના બાગ તરફ ચાલીઆં, અને એક બાજુ ઉપર છુપાઈને ઉભા રહીઆં, પણ અફશોશ ! અહીં બીચારી જેલીકા એક મોતી અચરતી અને ભારે દુખમાં ગીરફતાર થઈ ગઈ, અને પોતે શું જોએછે, અને તેની આગલ એ શું બનાવ બનેછે, તે એક સવપનાની માફક જોવા લાગી. જેલીકા જોએ શું, કે જે શખ્સ શીરીનના મેહેલની બારી આગલ ઉભો રહી શુંદર ગાનું ગાતો હતો, અને તેને ભારે કાલાવાલા કરતો હતો, તે તેનો વાહાલો, અને હવે નીમખહરામ, પસંગ પોતેજ હતો. પસંગની આવી બેવફાઈ જોઈ, બીચારી જેલીકાને ઘણુંજ દુખ થાઈઉં, કેમકે તેના પીઆરને માટે, અને તેની વફાદારી ઉપરના પકા ભરોશાથી તેણે આટલું બધું સંકટ પોતાના માથે ખેંચીઉં હતું, અને આખરે તેમાથી સારતો આવો જણાએઓ. બીચારી જેલીકા આવાં દુખમાં ગરકાવ થએઆ છતાં તેને પાછલથી એક વાતે કેટલોક દીલાશો મલીઓ : તે એકે, પસંગનું ગાનું તથા તેના કાલાવાલાનો આવાજ સાંભલી શીરીન મેહેલની બારીએ આવી, અને તેને દીલાશો દેવાને બદલે, તેણે જે તેના મીતર હોસંગ સાથ દગાબાજી કીધી હતી, અને તે એક ઓરત (તે જેલીકા) સાથ પીઆરમાં પડેલો અને તેને વચન આપેલો હતો, તેથી તેની એવી નીમખહરામી અને બેવફાઈને માટે, તેને કેટલાક ટાણા મારી, ઉપરથી કેટલોક ધીકાર નાખી બારીએથી જતી રહી.

આ બનાવથી જેલીકાને દુખ અને દીલાશો બંને મલીઆં, પણ હવે તેણે કોઈ પણ મારગે, પોતાની તીઆં આવવાની મકશદ બર લાવવાનો થડાવ કીધો. તેણે કેટલીક મેહેનતે, અને પેલા ધરમશાલાના રખેવાલની મારફતે, પસંગના એક ખાશ નોકરની જગા મેલવી, અને ગસતેમને નામે તેનો એક નોકર થઈને તેની આગલ રહી. થોડા દાહાડામાં, એ નોકરની ઉપર, બરોબર બોલીએતો જેલીકા ઉપર, પસંગનો પુરતો વીસવાસ બેસવાથી, એક દીવસે તેના હાથમાં પોતાની વીંટી, જે વીંટી તેને ઈઅજદછોડતી વેલાએ તેની વફાદાર જેલીકાએ, પોતાના પીઆરની નીશાની દાખલ આપી હતી, અને જે વીંટીથી એક પલબાર પણ છુટો નહી રેહેવાને પસંગે વચન આપેલો હતો, તે આપીને તેને શીરીનબાનુ પાસે મોકલી, અને તે તેને ભેટ કરી આવવાને ફરમાવીઉં. આહા ! માણસની બેવફાઈનો કીઆં પાર લાગશે ! જે વીંટી જેલીકાએ મોટા પીઆર અને આસાથી, પસંગને પોતાના પરાણ કરતાં વાહાલો ગણી તેને આપી હતી, તેજ વીંટી, તે બેવફા પુરૂપ, તેનીજ પાસે, એક પારકી સ્ત્રી સાથ મોહોબત બાંધી તેની ઉપર મોકલે ! ગરીબ બીચારી જેલીકા ! આથી તેને કેવું માહાભારત દુખ લાગીઉં હશે, અને તેને પસંગ ઉપર કેટલો ગુસો લાગો હશે, તથા તે કેવો તેને અકારો થઈ પડીઓ હશે ? પણ નહી, તેમ નહી હતું. ખરા પીઆરની જડ પાહાડની મીસાલે, જીગરમાં ગુંતી રહેછે. જે કોઈ પણ જાતના પવન કે તોફાનથી હાલતી નથી, પણ ખોટો પીઆર, પાણીના પરપોટાની મીશાલે જરા હવાના આંચકાથી ફુટી જાએ છે. તેમ જેલીકા, જેનુ દીલ ખરેજ ફરેસતાના સરખું હતું, અને તેનાં જીગરમાં પસંગને માટે ખરોજ પીઆર હતો, જેથી તેની આવી બેવફા ચાલથી તેને ઘણુક દુખ થઈઉં ખરૂં, પણ તે તેને જરાએ અકારો પડીઓ નહી, અને તેની ઉપરનો પીઆર જરાએ તે ભલી છોકરીએ ઓછો કીધો નહી. હજુ તે તેને જેમનો તેમ ચાહાતી હતી, અને હજુ તેની સાથ પરણવાનીજ તે ઈછા તથા આશા રાખતી હતી. પણ આએ વેલાએ તે એક નોકર તરીકે રેહેવાથી, પોતાના શેઠનો હોકમ બજાવવાને હાથમાં વીંટી લઈને શીરીનબાનુ પાસે ગઈ, અને તેને પોતાના શેઠનો પેગામ કહી તે વીંટી તેની નજર કરી. પણ ભલી શીરીને, વાજબીની રાહે, તે વીંટીને હાથમાં ધરવાને ના પાડીઉં, અને પસંગની એવી બેવફા ચાલને ધીકારી, તેની આગલી બાનું જેલીકા વીશે કેટલીક વાત, જેલીકાનીજ આગલ, જે તેની શનમુખ એક નોકરના વેશમાં ઉભેલી હતી, તેની આગલ કીધી, અને તે બાનુ વીશે પોતે કેટલીક દલગીરી તથા દએઆ જણાવી. ખરાં એકીનવાલી શીરીનને મોડેથી આવા શબદો સાંભલી જેલીકાને હીમત આવી, અને તેની મરણ પામેલી આસા પાછી જીવતી થઈ; કારણ કે તે બીહીતી હતી કે રખેને તે વીંટી શીરીન કબુલ કરી દીએ, અને તેની (જેલીકાની) આસાનો ભંગ થાએ. એ પરમાણે શીરીનને જેલીકાની દએઆ ખાતાં જોઈ, જેલીકા (નોકર) બોલી, "હા હું પણ તે જેલીકાને સારીપેઠે ઓલખુછું, અને તેને જે ખોટાં દીલનો પસંગ આવો દગો કરવા જાએ છે, અને તે બીચારી હજુ તેને પોતાનો ખરો પીઆરો ગણેછે, તેથી મને પણ તેની ઉપર ઘણી દએઆ આવેછે. તેનું કદ મારા જેટલુંજ છે, અને તેનાં મોડાંનો રંગ પણ મારા જે

ચોન છે: તેની આંખ અને બાલ પણ મારા જેવાજ છે, અને ટુકામાં બોલીએતો તે લગભગ મારા જેવીજ છે, અને જાણે હું તે તેજછું". અલબતે આએ વેલાએ જેલીકા મરદના પોશાકમાં હતી, પણ તેથી તેની જાતી ખુબશુરતીમા કશો ઘટાડો થએલો ન હતો. તે એક ખુબસુરત છોકરીને બદલે ખુબશુરત જુવાન છોકરો દેખાતો હતો, અને તેનાં સઘલા દેખાવ પરથી કોઈબી સ્ત્રીની આંખ તેનાપર નહી ખેચાએ એવો જાણતો ન હતો, તેથી જીઆરે શીરીને એવું સાંભલીઉં કે જેલીકા પણ તેનાજ જેવી છે, તીઆરે તેને તેની ઉપર ઘણી દએઆ આવી, અને પસંગની બેવકુફી ઉપર શકત ટીકા કરવા લાગી; અને વલી એક એવી સુંદર સ્ત્રીએ, પોતાનાં ખરા પીઆરથી જે તેને વીટી આપી હતી, અને જેનાથી તે કોઈબી કારણસર છુટો ન થવાને બંધાએલો હતો, તે વીટી તેની (શીરીનની) ઉપર મોકલતાં જરાએ અચકાએઓ નહી, તેથી તેનાં ઉપર ઘણીજ શરમ અને ધીકારે નાખવા લાગી. છેલે તે જેલીકાની તરફ જોઈને બોલી, "છોકરા તું બીચારી જેલીકાની આટલી બધી દએઆ ખાએ છે, તેથી હું તને ઘણી ચાહુછું, અને તારી ઘણી વખાણ કરૂછું; અને તેનાં બદલામાં, જેલીકાને ખાતર, તુને આએ નાંણાંની એક કોથલી ભેટ આપુછું." ભલી બીચારી જેલીકા, પોતાનાં હરીફ શીરીનથી આવા શબદો સાંભલવાથી, અને તેનું આવું સવચ્છ અંતઃકરણ જોવાથી તેનાં મન માંહેલી સઘલી દલગીરી જતી રહી, અને તેનું દીલ ખુશીથી ખીલી ગઈઉં.

એવામાં, થોડાક મહીનાં પછે એવો બનાવ બનીઓ કે, ફરમાનના પાદશાહે શીરીનનાં લગન શામ સાથે કરી આપવાને એક દાહાડો નકી કીધો, અને લગનની સઘલી તઈઆરી કરવા મંડીઓ. જીઆરે એ વાતની ખબર શીરીનને પડી, તીઆરે શોકથી તેનું જીગર ફાટી ગઈઉં, અને શામ સરખા બેવકુફ અને નાલાએક પુરૂષ સાથ પરણવા કરતાં, પોતા ઉપર જે વીતે તે શોસવાનો ઠડાવ કીધો. એ ઠડાવ પરમાંણે તે એક પોતાનાં બુટા અને નીમખહલાલ નોકરને લઈ, રાતોરાત મેહેલમાંથી જંગલ તરફ નીકલી ચાલી, અને તેને જે ખબર હતી કે હોસંગ ફરમાનનાં જંગલમાંજ કેથો છે, તેથી તેને શોધી કાહાડી મલવાની ઉમેદથી રાત દાહાહો જંગલમાં રાહા કાપવા લાગી. એવામાં એતેફાક એવો બનીઓ કે, એક ચોરનું ટોલું તીઆં આવી પોહોંચીઉં, અને સીરીન તથા તેનાં નોકરને ઘેરી લીધાં, પણ તેવામાં તેનો બુડો નોકર છટકી નાહાસી ગએઓ, અને બીચારી સીરીન તેઓને હાથ સપડાઈ ગઈ.

## ખુશબોનાં પાણી તથા તેલ.

કોલોંગવાટર, લવંડર, ગોલાબ, અતર વગેરે સેંકડો જાતનાં ખુશબોનાં પાંણી તથા તેલ આવે છે એ પાણી તથા તેલને લોકો રૂમાલમાં નાખીને પાસે રાખે છે, તથા પોતાનાં દીલ માહેલાં કપડાં ઊપર છાંટે છે. એથી કરીને નાખમાં સુંદર અને મનપસંદ સુગંધી આવતો રહે છે, જેથી જીવને ઘણો આનંદ થાએ છે; અને વલી તેના વાસથી ખરાબ હવાની અસર માણસ ઊપર લાગતી નથી, જેથી તેની તંદરોસતીનો મોટો બચાવ થાએ છે. સુધરેલા દેશના ઘણાખરા પુરૂષો તથા સ્ત્રીઓ હમેશ એવી ખુશબોથી પોતાનાં શરીર બેક બેકતાં રાખે છે. અલબતે એમ કરવામાં કેટલોક ખરચ પડે છે, જેથી હમે એવી જાતની મોજ મારવાને તથા એવી રીતે તંદરોસતીની જાલવણી કરવાને ગરીબોને ભલાંમણ કરતા નથી. જે બીચારાંને સારો દાહાડો મેહેનત કરતાં પુરતું પોષણજોગ મલી શકતું ન હોએ, તેવાંને એવી ખુશબો વાપરવાને હમો ભલામણ કરતા નથી એટલુંજ નહીં, પણ ઊપરથી મના કરીએ છઈએ. એવાં ખશબોદાર પાંણી તથા તેલ એક જાતનાં નથી આવતાં, પણ સેંકડો જાતનાં આવે છે. મુંબઈમાં જે અંગરેજ બજાર છે, તીઆંની એકાદી એવી દુકાનમાં વાંચનારી બાઈઓ મધેની કોઈ જઈને જોએતો, તેને અથાગ જાતની ખશબોની સુંદર સીસીઓ શોભીતી રીતે હારબંધ ગોઠવેલી નજરે પડે; પણ એવો દાહાડો કીઆંથી હોએ કે આપણી સ્ત્રીઓ એવી દુકાનોમાં જાએ! સેવકો અને બરામણોને ઘેર જતાં લાજ નહીં આવે, અને એવી આબરૂ ભરેલી દુકાનોમાં જતાં "નાખ કપાઈને ટુટી પડે."

એ સઘલી જાતનાં પાંણી તથા તેલ ફુલોમાંથી, કાહાડવામાં આવે છે. હાલમાં એ હુનર ઈઊરોપખંડમાં ઘણા સારા પાએઆ ઊપર આવેલો છે, અને તીઆના લોકો, મોટાં મોટાં કારખાનાઓમાં પુષકલ જાતનાં પાંણીઓ તથા તેલો બનાવી, સીસીઓમાં ભરી દેશે દેશ મોકલે છે. તેમની કીમત તરેવાર હોએ છે. તેની એક સીસી અરધે રૂપીએ પણ મલે છે, અને પાંચથી દશ રૂપીએ પણ મલે છે. પણ એ સઘલી જાતનાં પાંણી તથા તેલમાં અતર સઊનો સરદાર છે. તેની બરોબરી કોઈ કરી શકતું નથી. તેમજ તેની કીમત પણ ઘણીજ મોટી હોએ છે. સોજાંમાં સોજું અતર પચાશથી પોણાસો રૂપીએ તોલો મલે છે. આખા ઇઊરોપમાં સઊથી સરસ અતર તુરકસથાન સીવાએ બીજે કથે બનતું નથી, કેમકે તીઆં જે ગોલાબ થાએછે, તે એવોતો ખશબોદાર હોએછે કે, તેની બરો

બરી આખા ઈઊરોપનાં કથેનાં ગુલાબ કરી શકતાં નહીં: એ સીવાએ જે બીજાં અનેક જાતનાં પાંણી તથા તેલો આવે છે, તે સઘલાં ફરાંનસ, ઈટલી, સપેન વગેરે દેશોમાં બને છે. એ દેશોમાં ગરમી વધારે હોવાથી તીઆં તરેવાર ખુશબોનાં ફુલો પુષ્કલ થાએ છે, અને તેમાંથી તીઆંનાં લોક તેલ તથા પાંણી બનાવે છે.

એવી જાતનાં તેલો તથા પાણીને જનમ આપવામાં ઈંગલંડ દેશ ઘણો પાછલ રહેલો છે, કારણકે તીઆંની હવા ઘણી ઠંડી અને ભીનાસવાલી હોવાથી તીઆં એવાં પાણીઓ બનાવવા જોગ ફુલો થઈ શકતાં નથી. એવાં ફુલોને ઊગવાને ગરમ હવા જોઈએછે, જેથી ઈંગલંડમાં જો શોખને ખાતર થોડાંક ઊગાડવામાં આવેછેતો તેને કાચના બંગલામાં રોપી તેમાં ઊધારવાં પડે છે. જોકે ઈંગલંડનાં ફુલોમાં મજબુત સુંગંધી નથી, તેમ તેના રંગો એવા મનપસંદછે કે જેની બરોબરી વલી બીજા થોડાજ દેશનાં ફુલો કરી શકે. તોપણ ઈંગલંડ છેકજ તે વગરનું નથી : ઈંગલંડમાં જેવું લવંડર અને પેપરમીનત સરસ થાએ છે તેવું કથેનું નથી હોતું. ઈંગલંડમાં ગુલાબનાં ફુલ પણ ઘણા થાએ છે, પણ તેમનો વાસ એવોતો નબલો હોએ છે કે તેમાંથી પાણી (ગોલાબ) તથા તેલ બનાવીઆં હોએતો ઘણાજ નબલા વાસનાં થાએછે.

આપણો દેશ, જે કોઈબી જાતની ઊતપંતીથી ખાલી નથી, તે પણ કંઈ એવાં ફુલોને જનમ આપવામાં પછાટ નથી. હીંદુસથાનની ભુમી ઊપર ઘણી જાતનાં સરસ સુગંધીવાલાં ફુલો થાએ છે, જેમાં ગુલાબ અને મોઘરૂં એ મુખીઅ છે. પણ તેઓમાંથી પાણી તથા તેલ બનાવવાનો હુનર આપણા લોકોમાં ઓછો તથા ચહડતે દરજજેનો ન હોવાથી તેમાંની કુદરતની ઊમદા બખશેશો જેવી રીતે આપણા દેશીઓએ ભોગવવી જોઈએછે તેવી રીતે આજે ભોગવી શકતા નથી. આપણા દેશમાં ફુલો સીવાએ ઘણીક જાતનાં લાકડાં તથા ફલો એવાં સરસ સુગંધીવાલાં છે કે, જો સારી કેલવણીથી તેમનાં તેલો તથા પાણી બનાવીઆં હોએતો તે ઈઊરોપની બરોબરી કરે એમાં શક નહી.

---

# સ્રી દરપણ:

## તાતમાં ઘાત !

(સાંધણ અંક ૫૨ થી.)

બાપડી શીરીનબાઈને ઘણે વરસે એ પરમાણે એકાએક તેના મામા મામી અને આઈઆએથી છુટું પડતાં, અને વલી આવીકિઢંગી-રીતે અને કઢંગી મતલબને સારૂં, તેથી મનમાં ઘણુંજ લાગીયું, પણ લાચાર ! રૂથતમજીની બોહોશ આગલ કોઈનું ચાલે નહી, અને શીરીનબાઈ એવી છોકરી નહી હતી કે તે પોતાના બાવાની સામને જરા પણ થાય. પછે તે દાહાડેથી શીરીનબાઈને તેના મામાને ઘેર મોકલવાની બંધ કરી અને અંતે થોડાક મહીનામાં સઘલી ગોઠવણ તથા તઈઆરી કરીને બીચારી શીરીનબાઈને એક મોટા જવાલામુખી પરવતના મોડાંમાં નાખી દીધીઃ ઈઆને તેને મંચેરશાને ઘેર પેસતનજી સાથે પરણાવી. ગરીબ બીચારી શીરીનબાઈ ! તે લાચાર, તે શું કરે; તે બાપડીનો કાંઈજ ઉપાએ નહી. તોપણ તે જાતે ઘણી ડાહી હતી, અને વલી તેના મામા મામીએ તેને સારી કેલવણી આપી હતી, તેથી સબુરી પકડીને સઘલું ખંમીઉં; પણ તે દાહાડેથી તેણે ખાવા પીવાનું તથા હસવા બોલવાનું સઉ તેવુંજ રાખીઉં. આસપાસનાઓનું મન રીઝવવાને, અને તેમને માઠું નહી લાગે તેને મારે તે જરા હસતી બોલતી ખરી, પણ પોતાના મનમાં હમેશ બલાપો અને ફીકર કરતી હતી, તેથી જેમ કોઈ વસતુને ઉધાઈ લાગે અને તે તેને ફોલી ફોલીને પોકલ કરી મેલે, તેમ તે બાપડીનું આખું શરીર ફીકર અને બલાપાથી ખવાઈ ખવાઈને દનપર દનુ પોકલ થતું જતું હતું. જો એકાદ તવી ચોપડી તેનાં હાથમાં આવતી તો તેમાં જરા તેનુ મન વેરાતુ અને કંઈ તેવી બાબદ વાંચતાં વખતે ખુશી ઉપજતી, પણ તેવી ચોપડીઓ તેને પોતાના ઘરજાથી મલી ન આવેઆથી વખતે તે, પીરોજશા કરીને ઘરમાના ભાડુતનો એક છોકરો હતો તેની પાસેથી માંગી લેતી હતી. પીરોજશા અઢાર વીસ વરસનો જુવાન છોકરો હતો પણ જાતે ઘણો ચંચલ, માએઆલુ અને નીતીમાન હતો તે કાલેજમાં જતો હતો, અને સારૂ ભણેલો હતો તેથી શીરીનબાઈનું સઘલું દુખ મનમાં સમજતો હતો, પણ શીરીનબાઈએ માગેલી ચોપડી આપેઆ સીવાએ, અથવા કોઈવાર મલેતો "કેમ બેન કેમ છો" એટલું પુછેઆ સીવાએ બીજો કશો વેહેવાર તેની સાથ રાખતો ન હતો, કારણ કે તે તથા શીરીનબાઈ આપણા બઈરાંઓની શુગાંતરી અને એકની ચાર કરીને તાત નીંદા કરવાની ચાલ સારીપેઠે સમજતાં હતાં તેથી જેમ બને તેમ બંને જન એક બીજાથી દુર રેહેતાં, અને અગતસરનું કાંઈ બોલવું પડે તીઆરે બોલતાં.

હવે તે ઘરમાં બચુબાઈ કરીને એક ભાડુતની રેહેતી હતી. તેને લોકોની તાત નીંદા કરવાની, તથા એકની ચાર કરીને એક બીજાને અથડાવી મારવાની ઘણીજ ચાલ હતી. તેને એ વાતની ખબર પડી કે શીરીનબાઈ પીરોજસા પાસેથી ચોપડીઓ વાંચવા લેછે. વલી એક દાહાડે શી

રીનબાઈ જરા બારણા આગલ ઉભેલી હતી, તેવામાં પીરોજ સા'બાહારથી આવેઓ, તે તેને જોઈને જરા હસીઓ, તેથી તે જોઈને સીરીનબાઈ પણ જરા હસી. તેવામાં બન્ને જના ઉપર બચુબાઈની નજર પડી, અને તે જોતાંવારજ દાંતમાં હોઠ પકડીને હોકું ધુનાવવા લાગી. પણ તરત તાંહાંથી ખીશી ગઈ, અને કંઈ વધારે આરા જોવાની મતલબથી એક જગાએ સંતાઈને જોવા લાગી, પણ પીરોજસાતો એટલું હસીને માલપર ચહડી ગએઓ, અને શીરીનબાઈ તાંહાંજ ઉભી રહી. બચુબાઈ પોતાની સંતાએલી જગાપરથી બાહેર નીકલી સીરીનબાઈની આગલ આવીને પુછવા લાગી "કેમ સીરીનબાઈ અહીં શું કરવા ઉભાચ" ? સીરીનબાઈએ જવાબ દીધો "નહી માંએ અમથી ઉભીચ; જરા રસતાપર જોઉંચ." "અ્મ્અચ, અ્ંજથો ઉભાંચ", એમ જરા ઠસાથી બોલીને માથું હીલવી બચુબાઈ ચાલી ગઈ ! નીરદોશ બીચારી શીરીનબાઈ ! તે જેવી ચેહરે ખુબસુરત હતી, તેવી તે દીલે ભોલી હતી. જેવું તેનું મોહડું સાફ હતું તેવું જ તેનું અંતઃકરણ પણ તદન મેલ વગરનું હતું, તેથી તે બીચારી પેલી કપટી બચુબાઈનું ઠસા ભરેલું બોલવું, અને ડોકીનો લેહેકો, તે કશું સમજી નહી.

પણ પેલી ચંડાલ બચુબાઈ પોતાનું નોરી કરમ કરેઆ વગર રહી નહી. તેને જે સદા લોકોની તાત નીંદા કરવાની ટેવ પહેલી, તેથી જો કંઈબી કોઈની વાત બે વધારીને કોઈને કેહે નહીતો તેનું પેટ ફુલી આવીઆ વગર રેહે નહી. તેથી તે કરપીણ ઓરત વેહેલી વેહેલી જીવણાઈ પાસે ગઈ, અને તેમને શીરીનબાઈ વીશે સઘલી વાત કહી, પણ તેમાં તેણે જેટલું જોઈઉં હતું તથા સાંભલીઉં હતું તેમાં સેંકડે પંચાણુ ટકા વધારીને કહીઉં; અને વલી તે એવી ચતુરાઈથી કે સામનાં માણસનું દીલ જોસામાં આવેઆ વગર રેહે નહી; તેથી જીવણાઈ એકતો જાતે વગર ભણેલાં અને વેહેમી, વલી શીરીનબાઈએ પોતાની મરજી પરમાંણેનો વર માંગેલો અને પેસતનજી સાથ પરણવાને ના પાહેલું, તેથી તેની એવી ચાલ ઉપર તેમને મોટો વેહેમ પહેલો, તેથી બચુબાઈનું કહેલું સાંભલીને છેક લીલાં ને પીલાં થઈ ગએઆં, અને શીરીનબાઈને હજારો ગાલ તથા બદ દુવા દેવા મંડી ગએઆં. બચુબાઈ પોતાની આવી નીચ ચાલની અને તાતની અસર જીવણાઈપર એટલી બધી થએલી જોઈને મનમાં મઘન થવા લાગી, અને "મારું નામ ના દેતાં હો," એમ કહીને જતી રહી.

જેવી બચુબાઈ ગઈ કે જીવણાઈએ તરત શીરીનબાઈને ઉપર બોલાવી. શીરીનબાઈ બીચારી વેહેલી વેહેલી માલ પર આવીને બોલી "કેમ બપાઈજી શું કહોચ?" પણ બપાઈજીનો ખીજનતો છેક જતો રહેલો તેથી ગલું ચપટાવીને બોલીઆં, "અરે તારી બપાઈજીબી મરે ને તુંબી મરે, ને તારું સતીઆનાશ જાએ, અંહી આવ, અંહી આવ, અંદર મર, કે તારો તોરો ધરીને પીસું: તું મરે પેટેની પરતી, રાંડ બધા કટમને એબ લગારવાને, ને બધાં કટમનું નાખ કપાવાને જીવી; તારું નખોદ જાએ તારું, આ તું રાંડ શું કારૂં ધોરૂં કરતી ફરેચ !" આવો મામલો જોઈને બીચારી શીરીનબાઈના હોશ કોશ ઉડી ગએઆ. તે ગભરાઈ ગઈ, તેની છાતી ભરાઈ આવી, અને બોલવાનું ગલું બધ થઈ ગએઉં. તેવાંમાં વલી જીવણાઈએ બે હાથની ચોસર તેની પીઠ ઉપર એવીતો જોરમાં મારી, કે તે બીચારીને માથે ભમરી આવી ગઈ, અને તેથી ખુરશી ઉપર તુટી પડી, પણ તરતજ પાછી ઉઠી અને ગભરાઈને રડી પડી, અને બપાઈને પુછવા લાગી "ઓ મારાં બપાઈજી, એ શું છે ? મેં શું એટલું ખધું કીધુંચ ? મારો શું વાંકછે ?" જીવણાઈ બોલેઆં "અરે તારૂં ખાંનું ખરાબ થાએ, નખોદ ગેઈ હજુર વાંક પુછેચ ? આ જગમાં નાખ કટી થાએ તેવું કરીને વાંક પુછેચ ? આ બધાં કટમને એબ લગાડીને વાંક પુછેચ ? તુનેતો હવે મારીજ નાંખુમ. તુનેતો હવે ઝેરનો ફાકો ભરાવીને સુવાડી મેલુંચ." બીચારી શીરીન રડતી અને થરથર ધુજતી ફરીને બોલી, "પણ બપાઈજી મને કેહોતો ખરાં કે મેં શું કીધું." તીઆરે બપાઈજી બોલેઆં, "શું કીધું, શું કીધું તે તું મને પુછેચ ? તે તારા જીવનેજ પુછની, પેલા મુઆ પીરોજશા પાસે ચોપડી કોણ લેય ? તેની સાથે ઉંબરમાં ઉભું રહીને કોણ હશેય ?" તે સાંભલી શીરીનબાઈ અચરત થઈને બોલી "ઓ મારા ખોદાએ, બપાઈજી, તેને માટે આટલું બધું કરોચ ? શું મેં તેની પાસે એક બે વેલા વાંચવાની ચોપડી માંગી અને હમો એકબીજાની ખબર પુછીને હશેઆં તેથી શું હમે ખરાબ કામ કીધું ? ઓ મારા પાક પરવરદેગાર ! આ શું આફત !" તે સાંભલી જીવણાઈ બોલીઆં, "અ્મ્અ, જરાક હશીને એક બે ચોપડી માગી ? અરે રાંડ મકરખોરી, તું કાંહાં તારાં મકર લગારેચ ? મારી આગલ ? જરાક હસી ? તુંને પારકા છોકરા સાથ હસવાનું શું કામ અને ચોપડી માગવાનું શું કામ ? તુને કોઈ પારકા માટીડાનું મોડું જોવાનું શું કામ ?" સીરીનબાઈ જરા ખરી થઈને બોલી "અરે મારા ખોદાએ ! કોઈ પારકો માટીડો સાફ દીલથી બેન પરમાંણે ગણી આપણી સાથ બોલે અથવા હશે તેની સાથ બોલીએ નહી ? શું બોલીઆં કે જરા હશીઆં એટલે બગડી ગઆં ? અને તેથી શું કુટંબનું નાખ કપાઈ ગીઉં ? તારે શું ઘરમાં મોડાં ટાંકીને ફરીએ ? અરે મારા ખોદાએ, જો એમજ બગડતાં હોએતો પછી આ દુનીઆં કેમ ચાલે ? જો એક પારકી અસતરી અને પુરૂષ સાફ દીલથી એક બીજા સાથ અગતની વાત કરતાં બગડતાં હોએતો પછી થઈ ચુકું, દુનીઆં બધી બેહાલ થઈ જાએ." એવાંમાં કુંવરજી આવી લાગા, અને ઘભરાઈને પુછવા લાગા કે "માએ શું છે ?" તેમને જીવણાઈએ બધી વાત કહી; તે સાંભલતાંજ કુંવરજીતો એમથી કુદીને એબ પડીઆ, અને બોલીઆ "અરે તારૂં નખોદ જાએરે શીરીન, આ તે શું કીધું ?" શીરીનબાઈ બાપની આગલ પણ ઉપર માફક જ બોલી, પણ જીવણાઈએ સાફ કહીઉં કે એ બધું જુઠું બોલેછે. કારણ કે પેલી ચંડાલ બચુબાઈએ તેમને ઘણુંજ વધારીને અને ઘણુ જુઠું જોડી કાહાડીને કહીઉં હતું. પછે કુંવરજીતો બોલીઆ "એનેબી ઝેરનો ફાકો ભરાઉં અને હુંબી ભરીને સુઈ રહું." એટલું બોલીને હાએ અફશોશ કરતા બીજા ઓરડામાં ગઆ, અને જીવણાઈ તેમની પછવાડે ગઆં. શીરીનબાઈ બીચારી વેલી સરખી થઈને તેજ ઓરડામાંના એક કોચ ઉપર પડી, અને ખુબ રડવા લાગી, અને મનરો બોલવા લાગી, "અરે ઓ


દા, આ શું આફત, આ શું જુલમ, અરે, મેં શું કીધું. બીચારો પીરોજશા કે જે મને પોતાની બેન સમજીને વખતે હશતો હતો, અને હું તેને મારા ભાઈ સરખો ગણીને તેની સાથ વખતે સેહેજ બોલતી હતી, કે વખતે કંઈ ચોપડી માંગતી હતી, તેમાં આટલાં બધી આફત, આવી મોટી ફજેતી, અરે ખોદા, હવે તો મરવું બેહેતરછે. અરે વેહેમી લોકો, તમારા વેહેમનો કીઆરે અંત આવશે; મારા જેવી અબલાઓનાં દુખનો છેડો કીઆરે આવશે. અરે ખોદા, જે લોક બોલવામાં પાપ ગણે, તે લોક બીજું શું નહી કરે? અરે, જે શેહેરમાં છોકરાં દંડે, જે ઘરમાં બોલતાં દંડે, જે લોકમાં હસતાં દંડે તેમાં શી રીતે રેહેવાએ? અરે ખોદા, હવે મારૂં મોત આપ. બલીઉં મારૂં જીવતર, એવું જીવેલું શા ખપનું; અરે મારાં માઅે, મારાં રતનબાઈ માઅે, મારાં બેહેશતી માઅે, હવે મને તેડી લો, તમારી પાસે તેડી લો." એટલું બોલતાં બીચારી શીરીનબાઈને કાંઈ એવુંતો થઈ આવીઉં કે ગોએઆ બેશુધ થઈ ગઈ હોએ, પણ જરાકવારમાં તે ગુસ્વારો મટી જતાં ખુબ રડવા લાગી. એમ કરતાં રાતના નવ વાગી ગયા, પણ બીચારી શીરીનબાઈને જમવાની નહીં બોલાવી, અને કોઈ આગલથી નહીં આવીઉં, તેથી બીચારી તાંહાંજ આખી રાત પડી રહી. પણ આવી રીતે ધાસતી ખાધાથી, અને ઘણું રડવાથી પાછલી રાતના જોરમાં તાપ ચહડી આવી.

સહવાર પડીઆ પછી શીરીનબાઈના હાથ ચોખા ન રેહેવાથી નીચે જઈને બેઠી, અને જીવણાઈએ તેની ઉપર પાટી ને બોરીઉં ફેંકી દીધું તે લઈને ઢોલકી ભરીને બીચારી ખડકીનાં એક ખુણામાં બેઠી. તેવામાં એક બીજી બાકુતનીની વહુના હાથ ચોખા ન રેહેવાથી તે પણ શીરીનબાઈની પાસે ઢોલકી ભરીને બેઠી; પણ તેવામાં તેની સાસુએ નીચે આવીને તેની ઢોલકી શીરીનબાઈની પાસેથી ખસેડાવી નાખી, અને જુદી ગમ બેસાડી; અને તેને ખુબ ધમકાવીને શીરીનબાઈ સાથે કંઈબી વાત કરવાને મના કીધી. કારણકે શીરીનબાઈની ઉપલી વાત આખા ઘેરમાં ફેલાઈ હતી અને તેથી તેજ ચંડાલ બચુંબાઈએ બધે કીધી હતી. બીચારી શીરીનબાઈને આએ બનાવ જોઈને ઘણુંજ દુખ લાગું. આવો વગર વાંકનો નીચ ધીકાર તેનાથી ખમાઓ નહીં, પણ લાચાર! સુઈને, ભીતગમી મોડું કરી રડવાજસીવાએ તેની પાસ બીજો કશો ઉપાએ હતો નહી. પણ એટલાંમાંજ તે બીચારીનાં દુખનો અંત આવેઓ નહી. તેના ઉપર એક બીજું જબરૂં દુખ આવી પડીઉં. તે એ કે તેની એ સઘલી વાત પેલીજ નાપાખ બચુબાઈ તેને સાસરે કહી આવી; તેથી તે સઘલાંનું માથું ફરી ગીઉં. મંચેરશા અને તેમનાં ધણીઆંની બોલીમાં કે "એવી એબને હવે મારા ઘરમાં નહી ઘાલું," અને પેસતનજી બોલીઓ, "એવી ખરાબ બઈરીને હું નહી રાહાટું." અફશોશ! આ વાતની ખબર જેવી શીરીનબાઈને પડી, તેવીજ તેણે સઘલી ધીરજ ખોહી દીધી, અને છેક નાસીપાસ થઈ ગઈ. તે કાંઈ તેના વર અને સાસુ સસરા ઉપરના પીઆરને માટે નહી, કારણકે તેતો સઘલું તેને અનગમતું અને મરજીની ઉપરાંત થએલું હતું, પણ વગર કારણે અને વગર વાંકે તેને માથે આવું નીચ તોહોમત ચોંહોટીઉં, તેને માટે તેને એટલું લાગું હતું. તે અંતે બોલી "હવે થઈ ચુકું: દુનીઆંમાં ફજેતી થઈ ચુકી. હવે ગાંમમાં ફરવું અને દુનીઆંમાં જીવવું શરમ ભરેલુંછે. એવા એવા તહરેવાર વીચારોથી શીરીનબાઈની તાપ ઘણી વધી ગઈ, અને તેના બાવા અને બપાઈ તેની ઉપર ઘણા ફકા થએલાં તેથી તેની કાંઈ દાદ ફરીઆદ લીધી નહી, અને કોઈએ દવા દારૂ કીધી નહી, તેથી તે તાપનું જોર એટલુંતો વધી ગીઉં કે, બાપડી શીરીનબાઈ અંતે પાંચમે દાહાડે દસતાનની જગામાં, મરણ પાંમી!!! અફશોશ! અફશોશ! સદ હજાર અફશોશ!

વાંચનાર બેનો, આએ પરમાંણે જીવણાઈની બોહોસમાં, બચુંબાઈની તાતમાં શીરીનબાઈની ઘાત થઈ!!

# દેવનશાયરનું ઝવેરાત.

શીનગાર કુદરતે સરવે ચીજને આપેલો છે, તેમ માણસને પણ તેની જરૂર છે. જેમ એક ઝાડ, કે પશું, કે પકશી, કે પથર પોતાના કુદરતી શીનગારથી શોભી રહે છે, તેમ માણસ, શું પુરૂષ, કે શું સ્ત્રી, કે શું નાના બચાં એ પણ શીનગારથી શોભેછે. જેમ કુદરતે માણસને અન અને વસ્ત્ર, બીજાં પરાંણીઓની માફક આઈતાં આપીઆં નથી, તેમ તેની જાતી ખુબસુરતીમાં વધારો કરવાને શીનગાર પણ તઈઆર આપીઓ નથીઃ જેમ તેને મેહેનત કરી ખાવાનું તથા પેહેરવાનું જમીન ખેડી બનાવવું પડેછે, તેમ શીનગારની જનસો પણ જમીન ખોદી માહેથી કાહાડી તે ઊપર કેટલીક કારીગીરી કરી બનાવવી પડેછે. જોકે માણસમાં તરેવાર જાતી ખુબસુરતીતો હોએજ છે, પણ તેમાં વધારો, કપડાં તથા જનસ વગેરેના શીનગારથી થાએછે. સીનગારથી સ્ત્રી અને પુરૂષો શોભી રેહેછે, અને શીનગારમાંથી મોહોબતના ઝરાનો ઘણોક ભાગ વહે છે. એ ઊપરથી જોતાં શીનગાર કરવો, અથવા બીજા બોલોમાં બોલીએતો શુંદર કપડાં તથા તરેવાર જણસો સ્ત્રી તથા પુરૂષે પેહેરવાં, એ ઘટતું દીશે છે, અને તે છતાં હાલમાં દેશી સ્ત્રીઓ જે શીનગાર કરવાને માટે જનસો પેહેરે છે તેમને ઘણાક સુધરેલા અને શીખેલાઓ હશેછે તથા મના કરેછે, અને એવી જાતની મના તથા ટીકા આ ચોપાંનીઆંમાં પણ ઘણીવાર કરવામાં આવી હશે, જેથી વાંચનારને અચરતી ઊતપન થશે કે, આએ વેલા એ તેને ઘટતું કેમ ગણવામાં આવેછે; પણ તેનું કારણ ઘણું સેહેલુંછે—એમતો કેહેવાએજ નહી, કે કોઈ પ



ડેવનશાયરનું ઝવેરાત.

ણ સ્ત્રી અથવા પુરૂષે શીનગારને ખાતર કશી જનસ પેહેરવી નહી જોઈએ. જો એમજ હતેતો ખોદાએ હીરા, માણેક, મોતી વગેરે ઊમદા ઝવેરાત સાને માટે પેદા કરીઊં હતે, અને તેને માણસને માટે જમીનના તથા દરીઆના પેટમાં શાંતી રાખીઊં હતે.? પણ તેમ નથીઃ કોઈ એમ નથી કેહેતું કે હીરા, માણેક, જેનાથી બને તેણે, કોઈએ પેહરવાં નહી એવી જાતની તથા સોનાં રૂપાંની જનસો આપણા લોક પેહેરે છે માટે સમજુઓ તેમને હસતા નથી, પણ જેવી જાતની જનસો છે, અને જેવી તેની પેહરવાની રીતો છે તે હસવા તથા ટીકા કરવા જોગ છે. દરેક વસતુ, પછે તેંગમે એવી હોએ, પણ જો તેને ચોકસ ઘટતી રીતે ગોઠવી અથવા બનાવી હોએ તોજ શોભે, અગર નહીતો કંઈજ નહી. કુંભારને તીઆંના હાંલાંને પણ સારો ઘાટ આપીઓ હોએ તથા તેમને બરોબર રીતે ગોઠવીઆં હોએ, તો તેબી શોભાએમાન દેખાએ, અને જે જગામાં તેમને મેલીઆં હોએ તે જગાનો તે એક શીનગાર થઈ પડેઃ પણ શોનાના વાંકા ટીકા સેંકડો કકડાનો ઢગ મારીઓ હોએ, તો તે જરાએ ન શોભશે, અને જે જગાએ તેને મેલેલાં હશે તે જગાની બીજી ખુબસુરતી જે હશે તેને ઝાંખી પાડી નાખશે. તેમજ આપણા દેશની સ્ત્રીઓ સીનગાર કરે છે ખરી, પણ તે એવીતો કઢંગી રીતની જનસોથી, તથા એવીતો તેમને કઢંગી રીતે પેહેરીને કરેછે કે, તેથી તેમની ખુબસુરતીમાં વધારો થવાને બદલે ઓર તેમની જાતી ખુબસુરતી ઝાંખી પડી જાએ છે, અને મોહોડું તથા બદન શોભાએમાન દેખાવાને બદલે બેડોલ તથા વખતે બીહાંમણા દેખાએછે. પારસીની સ્ત્રીઓના હાથમાં વારા ને સાંકરાં, હીંદુની સ્ત્રીઓના પગમાંના—અધમણના—પોલાં અને હાથમાના મોટા ચુરા, નાખમાંની મોટી મોટી નથો, કાનમાંના મોટાં ચોકરાં તથા કોકલો શું શોભા આપેછે, તે તે પેહેરનારી બાઈઓને સમજ પડતી નથી. જો તેઓ મોટી આરસીનો અને પોતાની વીવેકનો બરોબર ઊપીઓગ કરી, પરથમ એવી જનસો વગર, અને પછે એવી જનસો સાથે પોતાની ખુબશુરતીને જોએતો તેમને તરત ફેર માલમ પડી આવે. સફાઈ એ પણ એક જાતનો મોટો શીનગાર છે. તેજ, એવી જનસો પેહરીઆ વગર કરીને રેહેતો, તેથી તેઓ વધારે શોભીતાં લાગે. એ અને એ વીગરે બીજી ઘણીક જાતની જનસો જે તેઓ પેહરે છે તે મુદલ શોભા આપતી નથી, અને જે જનસો શોભા આપે નહી તેને શીનગાર કેહેવો મુદલ ઘટે નહી. એટલાજ માટે એવી બાઈઓને એવું પેહરવાને સમજુઓ મના કરે છે. જો તેઓ ઘટતી રીતે, સુંદર બનાવટનાં કાનમાં ઈઅરરીંગસ, હાથમાં હીરાની, મોતીની કે સોનાની, સુંદર રીતે બનાવેલી, અકેકી બાંગરી, કે ગલામાં મોતી કે હીરાનો હાર કે વખતે આંગલામાં એકાદી સુંદર વીટી, એટલી અને એવી ઘટતી જનસોજ પેહેરેતો તેમને કોઈ મના કરે નહી, અને તેમની જાતી ખુબશુરતીમાં જરાએ ઘટાડો કે ખાંમી આવે નહી. શુધરેલા દેશની સ્ત્રીઓ એવીજ જનસો પેહરે છે, તેથી તેઓ ઘણી શોભાએમાન દેખાએ છે, અને તેમને કોઈ હસતું કે મના કરતું નથી. રાજવંસી સ્ત્રી તથા અમીરી ખાનદાનની સ્ત્રીઓ વખતે એથી પણ વધારે જાતની જનસો પેહરે છે, પણ તે એવીતો રીતે પેહરે છે, અને તે એવીતો રીતે બનાવેલી હોએ છે કે તે પેહરનારનાં મુખડાં શોભી રેહે છે, અને જોનારની આંખ થોડોવાર અચરતીથી તેની ઊપર વલગી રહે છે. પાસેનાં પાનાં ઊપર જે ચીત્ર આપેલું છે, તે "કાઊનટેસ આફ ગરેન વાઈલ" નામની એક અમીરજાદીના જરીઆંનનું છે. એ જરીઆંન સઘલું હીરાનું બનાવેલું છે, અને તેમાં પાદશાહાને લાએકનું તથા અમીરને લાએકનું એવાં બે તાજ, ગલામાંનો હાર, હાથની પોંહોંચીઓ અને એ વીગરે બીજી કેટલીક જનસો છે. એ સઘલી જનસોને એકઠી કરી પાસેનાં ચીત્રમાં મેલેલી છે. એ સઘલું જરીઆન, ઊપલી અમીરજાદીએ, રશીઆનાં શાહાનશાહાને તખત નશીન થવાનાં દાહાડા ઊપર પેહરીઊં હતું. એ જરીઆન માંહેલા સઘલા હીરા દેવનશાયરના એક અમીરના હતા, જેણે તેની ઊપલી જનસો બનાવી, ઊપલે દીવસે પેહરવાને, ઊપલી અમીરજાદી, જે તેની સગી લાગતી હતી, તેને પેહેરવાને આપી હતી. એ સઘલી જનસો મી૦ હેનકાક નામનાં એક ઘણાજ કાબેલ કારીગરે બનાવી હતી, અને તેણે તેમાં સઘલા હીરા એવીતો ઊતમ રીતે ગોઠવીઆ હતા, અને તે જનસોનો એવોતો ઘાટ કાહાડીઓ હતો, કે તેને જે જોતું તે અજબ થતું અને તેનાં બનાવનારની તારીફ કરતું. એ સઘલી જનસોની કીમત ૨૦૦૦૦૦ રૂપીઆની થઈ હતી. ઊપર લ

ખીઆ પરમાંણે એ સઘલું ઝવેરાત દેવનશાયરનાં અમીરનું હતું, તેથી એનું નામ "દેવનશાયરનું ઝવેરાત" કરી પડીઊં. આપણા દેશની સ્રીઓ પણ જે દાહાડે વારા, સાકરાં, પોલાં, પોલી, ઘુઘરી, નથ, ઈતીઆદી વગેરે બેડોલ જનસો તજી; એટલી સોઘી નહી પણ પોતાની જોગવાઈ પરમાંણે, થોડી અને એવી સરસ કારીગીરીથી બનાવેલી જનસો પેહેરવાને શીખશે, તે દાહાડેજ તેમની ખરી ખુબશુરતી બાહાર ચલકી નીકલશે. જે બાઈઓમાં એવી જનસો પેહેરવાની શક્તી નહી હોએ, તે બાઈઓને હમો સઊથી સરસ શીનગાર એ કરવાની ભલાંમણ કરીએ છઇએ કે, દીલ અને મોહું સાફ કરી માથું હોરી સરખો સેંથો પાડી, સોજાં કપડાં સફાઈથી પેહેરવાં, એટલે તેમની ખુબશુરતી, એવી બેડોલ જનસો પેહેરીઆનાં કરતાં દશ ગણી વધારે દીપી નીકલશે.


## દુનીઆંનો મુસાફર.

પત્ર ૩૨ મો.

પેઆરાં બેહેન,

ગએઆં પતરમાં કબુલાત આપવા પરમાણે હાલમાં તમારી ઊપર અમેરીકામાં સંસથાનો કેમ બંધાએઆં અને તીઆં યુરોપીઅનોની વસતી કેમ વધી તે વીશે ટુક ખોલાશો કરી જણાઊં છું, અને આસા રાખું છું કે તે વાંચી તમે ઘણા ખુશી થશો, અને જાણશો કે માણસ ઊદીઓગી અને ચાલાક હોએ છે તો જંગલમાં પણ તે મોટુ શેહેર કરી શકે છે, અને દુનીઆંનો વઈભવ મેલવેછે.

કોલમબસે અમેરીકાની ખબર સપેનમાં કરવા પછે પરથમ તીઆંથી કેટલાક લોક તીઆં ગએઆ, અને સપેનની સરકારે, મોટી લડાઈ કરી દકશણ અમેરીકા માહેલું મેકસીકો નામનું મોટું દેસ પોતાને હાથ કરીઊં. તીઆર પછે પીજારો નામના એક સરદારે પીરૂ શોધી કાહાડીઊં, અને તેને પોતે તાબે કરી લીધું. એ પરમાણે કેટલાંક વરસવેર દકશણ અમેરીકામાં મારફાડ તથા આવ જાવ ચાલવા લાગી અને ઊતરનો ભાગ જેમનો તેમ રહેઓ હતો. અંતે તેની ઊપર ઈંગલંડના રેહેવાશીઓની નજર દોડી, અને ૧૬૦૭ના વરસમાં આસરે શો ઊપર અંગરેજો ઈંગલંડથી ઊતર અમેરીકામાં જઈ તેના વરજીનીઆ નામના પરાંતમાં, જેમસ નદીને કાંઠે આવી સંસથાન કરીને રહેઆ. એ જગોએ તેઓએ પેહેલો એક કસબો બાંધીઓ, જેનું નામ "જેમસ ટાઊન" કરીને રાખીઊં. પરથમ એ જગાએ બધા ઈનડીઅનો વસતા હતા, પણ તેમને તીઆંથી અંગરેજોએ હાંકી કાહાડીઆ હતા, તથા તેમની ધાકે તેઓ જંગલમાં નાહાસી ગએઆ હતા, પણ તેઓ અંગરેજો ઊપર ભારે વેર રાખતા હતા, અને જો તેમના હાથમાં તેઓમાનો એકાદો આવી ગએઓતો તેને ઘણા ઘાતકીપણે મારી નાખતા. એક દાહાડે એ જેમસ ટાઊન મધે રેહેનારો એક કેપટન સમીથ નાંમનો સખશ એક બોટમાં બેસીને જતાં ઈનડીઅનોની નજરે પડીઓ, તેવોજ તેને તે લોકો પકડીને તેમનાં "પાઊહાટન" નામનાં રાજા પાસે લઈ ગએઆ. એ રાજાએ તેને જોતાંજ તેને મારી નાખવાનો ઠરાવ કરીઓ, અને તે પરમાંણે તે બાપડાને જમીનપર સુવાડી, તેનું માથું એક પથરપર મેલાવીઊં અને રાજા પોતે પોતાનાં હાથમાં એક જબરો સોટો લઈ, તેનાં ફટકાથી તેનું માથું છુદી નાંખવાને તીઆં આવીને ઊભો. બીચારા સમીથનું માથું પથરપર બરોબર ગોઠવી જેવો તે રાજા ફટકો મારવા જાએ છે, તેવામાંજ તેની એક જુવાંન અને ખુબશુરત છોકરી ચીસ પાડતી દોડી આવી, અને કેપટન સમીથનાં આંગ ઊપર પડી જઈ તેને મારવાને



પોતાનાં બાપને મના કરીઓ. આફરીન છે એ છોકરી ઊપર ! વાહાલાં બેન, તે બનાવનું એક ચીત્ર તમારી ઊપર મોકલીઊ છે, તે ઊપરથી તમે જોશો કે કેવી તે ભલી છોકરી, તે દએઆનો સાગર, બીચારા સમીદનાં આંગ ઊપર પડી, પોતાનાં થ

રીરપર જખમ થવાની દરકાર ન રાખતાં, એક હાથ સમીથની છાતી ઊપર મેલી બીજે હાથે પોતાનાં કરૂર બાપને મના કરે છે. બેન, એવી ભલી છોકરીની જેટલી વખાંણ કરીએ તેટલી થોડી. પાઊહાટને પોતાની છોકરીને એ પરમાંણે સમીથનાં દીલપર પડેલી જોઈ, તથા તેનાં કાલાવાલા જોઈ તેનાં દીલમાં દેઆ આવી, અને સમીથને પાછો ઊઠાડીઓ, અને બીજે દાહાડે તેને સલાંમત પાછો જેમસ ટાઊનમાં મોકલીઓ. ખરેખર જો તે ભલી છોકરી એ પરમાંણે વચે પડી ન હતેતો બીચારો સમીથ કેવાં ઘાતકી મોહોતે મરણ પાંમીઓ હતે તે તમને ઊપલાં ચીત્ર ઊપરથીજ માલમ પડશે.

તીઆર પછે ૧૬૨૦ ના વરસમાં કેટલાક "પીઊરીટનસ" પંથના અંગરેજો અમેરીકાના મેસેચુસેટ નામના પરગણામાં આવી નીઊ ઈંગલંડ નામના કસબામાં રહેઆ. તેઓ જે ચોકસ ધરમ પાલતા હતા, તેને માટે તેમને ઈંગલંડમાં કેટલીક અડચણો નડતી હતી તેથી તેઓ તે સુખથી અને સગવડથી પાલી સકે એવી મતલબથી તીઆં આવીઆ હતા. તેમની સંખીઆ એકશો ઊપરની હતી. જે જગામાં તેઓએ આવીને વાસો કીધો હતો, તે જગામાં આગલ પુષ્કલ ઈનડીઅનો રેહેતા હતા, પણ તીઆં એક જાતનો રોગ ફેલાવાથી ઘણાક ઈનડીઅનો મરી ગએઆ, તેથી તેઓ તે જગા છોડી જતા રહેલા હતા. એ પીઊરીટનો ઓગણીશ કુટુંબમાં વેંહેંચાઈ ગએઆ, અને દરેક પોત પોતાનું ઘર બાંધીને રહેઆ. એ પરમાણે તીઆં એક નાનો કસબો થઈ ગએઓ, અને તેથી આસપાસ જે થોડા ઘણા ઈનડીઅનો વસતા હતા તેઓ તીઆંથી નાહાસી જંગલમાં જઈને વશીઆ. એ પરમાંણે જે લોકો ઈંગલંડથી આવીને વશીઆ તેમને રેહેવાને જગાતો બીશીઆર મલી, પણ તેની સાથે તેમને કેટલીક આપદાઓ પડવા લાગી. કોઈવાર કાંઈ ભઅંકાર દરદ તેમનામાં નીકલી આવતું, કોઈ અનાજનો પાક બરોબર નહી ઊતરતો, અને કોઈવાર તેમને ઈનડીઅનોની સાથે લડાઈમાં ઊતરવું પડતું હતું; પણ તે છતાં તેઓ તીઆં હીમતથી રહેઆ, અને તેથી વસતી આગલ વધવા લાગી.

એમની પછવાડે ૧૬૨૧ ના વરસમાં કેટલાક સુવીડન તથા ફીનલંડ દેશનાં લોકો આવીઆ, અને તેઓ ડીલાવેર નામની જગા કરી વસીઆ. ૧૬૩૪ ના વરસમાં લારડ બાલટીમોર નામના એક ઈંગલીશ ઊમરાવે રોમન કેથોલીક પંથના અંગરેજોને તીઆં મોકલીઆ, જેઓ મેરીલેંડમાં આવીને વસીઆ. ૧૬૮૧ માં વીલીઅમ પેન નામનાં એક કુએકર પંથનાં આસરાથી કેટલાક કુએકરો આવીને પેનસીલવેનીઆમાં વશીઆ. એ પરમાંણે સાહાઠ વરસનાં અરસામાં ઊતર અમેરીકાનો ઘણોક ભાગ ઈઊરોપીઅનોથી વસી ગએઆ જે આજે ઈઊનાઈટેડ સટેટસ એટલે જોડાએલાં સંસથાનને નામે ઓલખાએ છે. પણ જેવી હાલત અને રચણાં આજે એ સંસથાનોની છે તેવી તે વખતે ન હોતી.

એ પરમાંણે ઊતર અમેરીકામાં દનપર દન સન ૧૭૫૬ શુધી ઈઊરોપ ખંડનાં જુદાં દેશોનાં લોકોની વસતી વધતી ચાલી, અને તેમને માહોમાહે સઘલું સમાધાંની ભરેલુ ચાલીઊં, પણ અંતે એ વરસમાં ફરેંચ લોકો જેઓ કનેડામાં અને મીસીસીપી તથા ઓહીઓ નદીને કાંઠે આવીને વશેલા હતા, તેમતી અને અંગરેજોની વચે મોટો ટંટો થએઓ અને તેમાંથી એક ખુનખાર લડાઈ ઊભી થઈ.

વાહાલાં બેન, આ પત્ર આટલીજ બીનામાં લંબાન થઈ ગએઓ છે, માટે હાલમાં તે એટલામાંજ બધ કરૂછું, અને આવતામાં એ ફરેંચ લોકોની લડાઈ વગેરેની બાબદ તમોને લખી જણાવવાની આશા રાખુછું.

હું છું તમારો,
વાહાલો ભાઈ.

---

## હમામખાનાં.

તુરકસતાન, અરબસતાન, ઈંગલંડ વગેરે ઘણાક દેશોમાં, નાહાવાને માટે મોટી જગાઓ બાંધેલી હોએ છે, તેને હમામખાનાં કહે છે. એવાં હમામખાનામાં ઘણાક પુરૂશો તથા સ્ત્રીઓ પઈસા આપીને નાહાવા જાએ છે. એવાં હમામખાનાથી ઘણા ફાએદા થાએ છે, કેમકે તીઆં જેવું જોઈએ તેવું, એટલે જેટલું ગરમ તથા જેટલું થંડુ પાણી જોઈએ તે તીઆં મલી આવે છે, અને તેવાં પાણીમાં ખોલાશથી નાહાવાથી માણસને ઘણોજ ફાં

એદો થાએ છે, અને તેની તંદોરસતીની ફાએદાકારી વધે છે. એવાં હમામખાનાં કંઈ નાહાનાં તથા મોરી જેટલાં નથી હોતાં, પણ તેને મારે મોટી અને રોનકદાર ઈમારતો બાંધેલી હોએ છે, અને તેની અંદરની રચણા ઘણીજ સુંદર હોએ છે. અલબતે તે હમામખાનાં કેવાં હશે તે જાણવાની વાંચનારી બાઈઓને ઘણી હોંશ હશે, માટે એક અંગરેજ મુસાફર હુમાસકસ શેહેરમાં મુસાફરી કરતાં, પોતાના શોબતીઓ શાથ તીઆંનાં એક હમામખાનામાં તે નાહાવા ગએઓ હતો, તેનું જે તેણે વરણન કરીઊં છે, તે નીચે જણાવીએ છઈએ:—

તુરકસતાનનાં હમામખાનાં ઘણાંજ સુખકારી છે. તવંગર લોકો પોતાના ઘરમાં હમામખાનાં બાંધે છે, તો પણ થોડે થોડે દાહાડે પોતાના મીતરોને મલવા તથા વાતચીત કરવાને માટે તેઓ જાહેર હમામખાનામાં જાએ છે. વલી ઘરમાનાં હમામખાનાં ઘણા નાહાનાં હોએ છે, અને તેમાં છ કે આઠ માણસથી વધારે માતાં નથી, તેથી રોજના કે એવાજ બીજા તેહેવારના દાહાડામાં સ્ત્રીઓને માટે જાહેર હમામખાનાઓ ભાડે લેવાં પડે છે. મોટાં શેહેરોમાંનો સ્ત્રીઓને માટે જુદાં હમામખાનાંઓ બાંધેલાંજ હોએ છે. જીઆં જુદાં નથી હોતાં તીઆં સ્ત્રીઓને માટે અઠવાડીઆનાં કેટલાક ચોકસ દીવસો ઠેરવે છે, તથા દહાડાનો ચોકશ વખત ઠેરવે છે.

હમોએ હમારા ભોમીઆને સાથે લીધો અને એક હમામખાનાં આગલ ગએઆ. તેનાં દરવાજા ઊપર એક બુઢો તરક, કાફી પીતો તથા હુકો તાણતો બેઠો હતો, તેને છ આનાના પઈસા આપી અંદર દાખલ થએઆ. પરથમમાં એક મોટાં દીવાનખાનામાં ગએઆ, જીઆં ઘણીક ગાદીવાલી બેઠકો ગોઠવેલી હતી, અને કેટલાક જન જેઓ નાહી પરવારેલા હતા તેઓ તીઆં નીરાંતે બેશી શરબત પીતા તથા હુકો તાણતા હતા. તે ઓરડાની વચોવચ એક મોટો સંગેમરમરનો હોજ બાંધેલો હતો, અને તેની આસપાસ બધાં ફુલ ગોઠવેલાં હતાં. તેની જમીન સઘલી સંગેમરમરના પથરની હતી, અને ભીત ઊપર લાલ, બલુ વગેરે રંગના ચીતારો હતા. તેનું છાપરૂં ચપટું હતું, અને તેમાં નાની જાલીદાર બારીઓ હતી. એ જગાએ હમારાં આંગમાંથી કપડાં કહડાવીઆં, અને એક રૂમાલ કમરપર બાંધવાને તથા એક પીઠપર બાંધવાને આપીઓ. તેમ કરવા પછે તે જગાનો એક માણસ, જેને લવંધી કહે છે, તે હમોને એક બીજા ઓરડામાં લઈ ગએઆ. તે ઓરડો પણ આગલા ઓરડાની માફકજ સીનગારેલો હતો, પણ તેનું છાપરૂં મેહેરાપના આકારનું હતું, અને તેમાં જાલીદાર ઝીણાં ઝીણાં સુરાંખ હતાં, અને તેમાં પેહેલા ઓરડા કરતાં વધારે ગરમી હતી. થોડાવાર તે ઓરડામાં ઊભા રાખીઆ પછે એક બીજા ઓરડામાં લઇ ગએઆ, જીઆં એટલીતો ગરમી લાગી કે તીઆં ઊભુ રેહેવાને ઘણુજ ભારી પડીઊં, પણ થોડા વારમાં આખાં શરીરપર ખુબ પરસેવો છુટી આવીઓ.

એ ઓરડામાંથી થોડેવારે એક બીજા ઓરડામાં હમોને લઈ ગએઆ, જીઆં હમારી ઊપર એક નવાઈ સરખું કામ ચાલીઊં. કેટલાંક માણસો આવી હમારા બરડા, બોચી વગેરે ખુબ ચાંપવા તથા રગડવા મંડી ગએઆ, અને હાથ પકડી કડાકડ કડકા ફોડવા લાગા. હમારી ડોકીઓ ધરીને એમથી તેમ ખુબ ફેરવી, અને છેલે હમારા બરડા તથા છાતી ઊપર ચહડી બેઠા (!) અલબતે એ સઘલી કીરીઆ હમોને નવાઈ જેવી તેમજ કંટાલા ભરેલી લાગી, કેમકે કોઈ પણ ઇઊરોપીઅનને એવી ટેવ હોતી નથી, પણ તેમની રસમને તે વેલાએ તાબે થવું પડીઊં. ગમે તેવું હતું પણ એમાં હમોને દુખનાં કરતાં ગમત વધારે મલી.

એ કીરીઆ પુરી થઇ કે એક જાતના બાજટ કરેલા હતા તે ઊપર હમોને સુવાડીઆ, અને પછે પેલા માણસો હાથમાં જાડા ખીસા પેહેરી, હમારા આખાં બદનપર એવીતો રીતે ઘસવા લાગા કે, હમારી ચામડી પણ ઘસાઈ ગઈ! પછે મોટાં પેઆલામાં ગરમ પાણી પાસેની હોજમાંથી લઈ હમારા દીલપર ખુબ તરેથી રેડીઊં. વલી પછી એક જાતના રેશમના કુચા લઈ, તેને સાબુ લગાડી હમારા આંગપર એવીતો રીતે ચોલવા લાગા કે તે સાબુ આંખમાં, નાખમાં, અને મોડામાં પણ જવા લાગો! એ પરમાંણે ચોલી રહી ફરીને ખુબ દીલપર પાણી રેડીઊં, અને પછે હમો નાહી રહેઆ. નહવાડવાનું કામ જેવું પુરૂં થઇઊં કે ધોતા તરણ તુવાલો, એક કમરપર, એક પીઠપર અને એક માથાપર લપેટવાને આપીઆ, અને તીઆંથી બીજા ઓરડામાં લઈ ગએઆ. તીઆં જઈ હમારા આંગપરના તુવાલો કાહાડી લીધા, અને બીજા સુકા તથા ધોતા આપીઆ. તીઆંથી હમોને ઊપર લખેલાં

દીવાનખાનામાં લઇ જઇને બેસાડીઆ, અને હમારી આગલ શરબત, કાફી, હુકા વગેરે લાવીને મેલીઆ, જેનો સઘળીએ પોત પોતાની મરજી પરમાણે ઊપીઆગ કરીઓ, અને અંતે હમારા ખીદમતગારોને કાંઇક બખશીશ આપી હમો તીઆંથી હમારે મકાંને ગએઆ.

એવાં હમામખાનાઓની એવી કીરીઆથી, અને તેમાં નાહવાથી મુસાફરોને તથા મેહેનતુ માણસોને ઘણોજ ફાએદો થાએ છે. તેમની સઘલી થાક ઊતરી જાએ છે, અને શરીર ઘણુ હલકું તથા ચેન ભરેલું થાએ છે.

## સાહારા મારટીન.

પરમારથ પઈસા વગર થાએ નહી, એવું બોલવું સરપ ખોટું છે જો માણસમાં પરમારથ કરવાને ખરૂં દીલ હોએતો ને હરેક પરકારે કરી શકે છે, પછે તેની હાલત ગમે એવી હોએ. ઘણીક સ્ત્રીઓ દુનીઆમાં પરમારથને માટે પરખીઆત થઈ ગઈઓ છે, અને તેમનાં નામ આજે તવારીખનાં સફા ઊપર કાએમ ચલકી રહીઆં છે, જેઓએ એક ગરીબ ઝુપડીમાં જનમ લીધો હતો, અને એક હલકાં કશ્નમાં વીટલાઈ પોતાનો અંતનો મારગ લીધો હતો. પેહેલેથી તે છેલે શુધી દોલતે તેમની સાથ દુશમની રાખી હતી, તોપણ તેઓ પોતાનાં તન અને મનની મદદથી એવાં કામ કરી ગઈઓ છે કે, તેમનાં નામની આગલ સેંકડો લખશાપતીઓનાં નામો, તેમનાં તનની સાથે ઘોરમાં ગુમ થઈ ગએઆં છે.

એવી સ્ત્રીઓની સંખ્યામાં સાહારા મારટીન પણ એક થઈ ગઈ છે. એ નામીચી સ્ત્રી, સન ૧૭૯૧ નાં વરસમાં "ગરેટ ઈઓરમાઊથ" ની પડોસમાં, "કેસટર" નામનાં ગામડામાં જનમી હતી. તેનો બાપ એક નાનો વેપારી હતો. સાહારા નાની હતી તેટલામાંજ તેનાં બંને મા અને બાપ મરણ પામીઆં, જેથી તેને તેની બપાઇએ ઊછારી મોટી કરી. એ બપાઈને સાહારા ઘણી ચાહાતી હતી, અને તેની તરફનો પોતાનો પીઆર, એક, "મારા વાહાલાં બપાઈની ઈઆદદાસત," એવે નામની સુંદર કવીતામાં ઘણી સરસ રીતે બતાવીઓ હતો. સાહારાની બપાઈ ઘણી ગરીબ હતી, જેથી તેને થોડીજ કેલવણી મલી હતી. સાહારા પંદર વરસની થઈ, તીઆરે વધારેવાર પોતાની ગરીબડી બપાઈ ઊપર બોજો પડી રેહેવાને તેને દરૂસત નં લાગાથી, તે એક ગરહસથનાં ઘરમાં સીવવા રહી, અને "જે કામ કરવું તેમાં સરસજ નીકલવું," એવી તેની ખાશીઅત હોવાથી તે થોડા વખતમાં એક ઘણીજ સરસ સીવનારી દાખલ વખણાવા લાગી. પણ અલબતે સાહારા એકગમ બેસીને ટાંકા ભરવાનેજ માટે સરજાએલી ન હતી, જેથી તે સીવતી સીવતી શેકશપીઅર વગેરે નામીચા કવીઓનાં પુસતકો મથેથી તરેહવાર કવીતાઓ મોડે કરતી, અને સાંજે પરવારીઆ પછે તે ઘરનાં માંણસો તથા છોકરાંઓ આગલ સુંદર આવાજે અને મનપસંદ રીતે ગાઈ સંભલાવતી હતી.

સાહારાની બપાઈ ધરમ ઊપર ઘણીજ ચુસત હતી, તેથી તે સઘલી બાબદમાં ધરમનેજ વચે લાવી, તે સીવાએ બીજું કશું તેને સમજાવતી ન હતી, પણ સાહારાને તે વાતનો એટલોતો કંટાલો આવતો કે તે તેનાં ઊપર મુદલે ધેઆંન આપતી ન હતી. એમ કરતાં જીઆરે તે અઢાર વરસની થઈ, તીઆરે તેનાં હાથમાં એક ધરમ સંબંધી વાએજીનું પુસતક આવીઊં, જે વાંચવા પછે તેનું મન સઘલું ધરમની બાબદમાં એકદમ રોકાઈ ગઈઊં, અને તીઆર પછે ધરમને લગતી બાબદોનોજ ખુબ અભીઆશ કરવા માંડીઓ. એ અભીઆસને માટે તેને માતરે, આખો દાહાડો પોતાનાં, તથા સાંજરે ઘરનાં કામમાંથી પરવારીઆ પછે, રાતનો વખત મલતો, અને તેને માટે તે ભારે ઊતાવલથી ઘરનું કામ કરી લેતી તથા ખાઈ લેતી હતી. સાહારાની આવી ઊતાવલ જોઈ તેની બપાઈ તેને જીઆરે તીઆર ઠપકો આપતી, જેનાં ઊતરમાં તે હમેસ બોલતી હતી કે, "બપાઈજી, નકામો ખોવાને મારી પાસે મુદલ વખત નથી." એ પરમાંણે કેટલાક મહીના ધરમની બાબદનો અભીઆશ કરવા પછે તે વાત તેના મનમાં પકી બેઠી, તે એટલે શુધી કે, તેણે હવેથી બને એટલાં ધરમનાં અથવા પરમારથનાં કામો કરવાનો ઠરાવ કરીઓ. જેબી પોતાનાં હાથમાં આવે તે સખાવતમાં આપવું એવું તે હમેશ ચાહાતી, અને કોઈનાં પણ દુખને વીશે કોઈ તેની આગલ વાત કરતું તીઆરે તે તેને વાત કરવાને બદલે, તે દુખીનું ભલું થાએ એવી ભકતી કરવાને હમેસ દેહેની.

સાહારાએ પોતાની એ ભલી મતલબ પાર પાંડવાને ૧૮૧૦ માં શરૂ કરીઊં, અને પેહેલ વેહેલી તે, જે મકાંનમાં આલસુ તથા ખંધાં લોકોને કામ કરાવવામાં તથા ધંધો આપવામાં આવે છે, તીઆં અઠવાડીઆંનો એક દાહાડો જઈ તે મધેનાં કમનસીબ સ્ત્રી, પુરૂષ તથા છોકરાઓની હાલત શુધારવાની કોશેશ કરવા લાગી. થોડાક મહીના પછે તેણે જેલમાં પણ જવા માંડીઊં, અને તેમાં પડેલા બંધવાઓની હાલત શુધારવાને પણ તે કોશેશ કરવા લાગી. એવાં પરમારથી કામમાં કેટલાંક વરસ ગુજારીઆ પછે, તેણે તે બંધ કરી, પોતાનાં ગામનાં કેટલાક ગરીબ છોકરાઓ કેલવણી વગર ભટકતાં ફરતાં હતાં, તેમને એકઠાં કરી શીખવવા બેઠી. થોડીક મુદત ગુજરીઆ પછે તે ગામમાં એક ધરમની ઈસકોલ નીકલી, જેથી સાહારાનાં બધાં નીશાલીઆં તેમાં દાખલ થએઆં. જીઆરે સાહારા તેમાંથી છુટી થઈ તીઆરે, તેણે ઊપલાં આલસુ તથા ખંધાં માંણસોને કામ કરાવવાનાં મકાંનમાં જે છોકરા હતા તેમને શીખવવાનું માથે લીધું, કેમકે તે વેલાએ તે બચાંઓને સીખવવાને, તેજ મકાંન મધેનાં લુચા, ચોટા, છાકટા વગેરે ખરાબ ખસલતનાં માંણસોનેજ રાખવામાં આવતા હતા, જેથી તે માઠાં ભાગેગનાં બચાંઓનાં કુમલાં મગજ ઊપર ઘણીજ માંઠી અસર થતી હતી, અને તેથી તેમનામાં સદગુણને બદલે દુરગુણ દાખલ થતા હતા. એ કાંમ સાહારાએ ૧૮૩૮ શુધી ચાલુ રાખીઊં, પણ તીઆર પછે તે બચાંઓને શીખવવાને ઘટતી ગોઠવણ થવાથી, એટલે જેવો જોઇએ તેવો એક શીખશક રાખવાથી તેમાંથી તે છુટી થઈ. એવામાં સાહારાનું કોઈ સગુ મરણ પાંમવાથી, તેને વરસ દાહાડે ૧૨૦ રૂપીઆની આએપતની એક મીલકત વારસામાં મલી, જેથી તેણે પોતાનું સીવવાનું કાંમ તદન બંધ કરી માતરે પરમારથનાંજ કાંમો પાછલ લાગવાનો ઠડાવ કીધો.

તેને દરરોજ જેલમાં જઈ બંધવાઓની હાલત સુધરે એવા ઊપાએઓ લેવાને અગાઊથી વધારે દરસત લાગાથી, તે કાંમ પાછલ લાગવાનો ઠડાવ કરીઓ, અને થોડા દાહાડામાં સઘલી ગોઠવણ પુરી કરી તે કાંમ પાછલ લાગી. તે દરરોજ જેલમાં જતી, અને બંધવાઓને તરેહવાર નીતીની વાતો કેહતી તથા તેમને લખવા અને વાંચવા શીખવતી. પોતાની ચપટી બરી આએપતમાંથી કેટલુંક બચાવી તેમાંથી તે કાગલો ખરીદતી, અને તેની ઊપર, મોડી રાતવેર બેસી ધરમ અને નીતી સંબંધી તરેહવાર બાબદો લખતી, અને પછે તે બંધવાઓને આપતી. જે વેલાએ સાહારા બંધવાઓને માટે આવો પરમારથ કરતી હતી, તે વેલાએ જેલની હાલત તથા રીતભાત હાલનાં સરખી ન હતી. તે વખતમાં બંધવાઓને માતરે બેસાડીને બવાડવામાં આવતું હતું, જેથી તેઓ આખો દાહાડો આલસુ રહી એક બીજા સાથે મસકરી, તોફાંન, ગાલબેલ વગેરે તરેહવાર જાતની મસતી કરતા, અને તેથી થોડા તથા નવા લુચાઓ, તથા નાના છોકરાઓ, તેમને લીધે વધારે બગડતા હતા; તેથી સાહારાને એ વાતની મોટી ખંત લાગી, કે એ લોકોને આખો દાહાડો કામ મલે, અને તેમાં તેઓ કાંઈ એવું શીખે કે છુટીઆ પછે પોતાનું ભલી રીતે ગુજરાણ કરી શકે તો ઘણુંજ બેહતર થાએ. તેમજ તે એમ પણ કેહતી હતી કે, એવાઓની સંઘમાંથી છોકરાંઓને દુર રાખવાં જોઇએ, અને પેહેલાઓને ધરમ સંબંધી બાશાણો સંમજાવવાં જોઇએ તથા છેલાઓને કેલવણી આપવી જોઈએ. જોકે તે વખતમાં કેટલાક વીચેકી પુરૂપો પણ કાંઈ એવી ગોઠવણનાં વીચારમાંજ હતા, પણ તે કેમ અમલમાં આવે તેની ફીકરમાં હતા, પણ હીમતવાન સાહારાએ તે કામ પોતે ઊઠાવી લીધું, અને ઘાસની ટોપીઓ બનાવવાનું, સીવવાનું, વણવાનું વગેરે કેટલીક જાતનાં કામો જેલમાં દાખલ કીધાં, અને પોતાની ચાલાકીથી તે કામો બંધવાઓ ખુશી થઇને હોંસથી કરે એવી ઈઊકતીઓ કરી. તેમજ તેમને ધરમ સંબંધી વાએજ કરી સંભલાવવાનું પણ સાહારાએજ માથે લીધું, અને અંતે સઘલામાં એવી ફતેહ પામી કે, જે કામને માટે મોટા મોટાઓ વીચારમાં હતા, તે ઝટ લઈને ટુંકા વખતમાં રાહા પાડી મેલીઊં: એથી કરીને બંધવાઓની હાલતમાં ઘણો ફેર પડવા લાગો, અને તેમની કેટલીક ચાલચલણો સુધરવા લાગી. જે વાત ગામનાં લોકોમાં સારી પઠે ફેલાવાથી, સરવે લોકો સાહારાની વખાણ કરવા લાગા, તથા તેને મદદ આપવાને નીકલીઆ. જેમ જેમ સાહારાને આસપાસની મદદ મલતી ગઈ તેમ તેમ તે પોતાની કોશેશમાં વધારો અને બંધવાઓની હાલતમાં શુધારો કરતી ગઈ. આખરે તેણે એટલું બધું તો કરીઊં, કે તે ગામના ઘણા

ક મોરા લોકોએ તથા સતાવાલાઓએ તેને તેનાં એવાં પરમારથના કામોના બદલામાં કાંઈ સારૂં ઈનામ આપવાનો થડાવ કરીઓ, પણ તે કબુલ રાખવાને સાહારાએ સાફ ના પાડીઊં. તેને ઘણુંબી સમજાવીઊં પણ કશાથી તે ન સમજવાથી અંતે તે લોકોએ એવું જણાવીઊં કે, જો સાહારા તેમનું ઇનામ કબુલ નહી રાખશેતો તેને જેલમાં જતી બંધ કરવામાં આવશે. એમ થવાથી સાહારાને તેમનું ઈનામ કબુલ કરવાની ફરજ પડી, અને તે પરમાણે તેણે કરીઊં.

એવાં ભલાં અને પરમારથી કામોમાં, સાહારાએ આએ દુનીઆ માહેલું પોતાનું સઘલું સુખ છોડી લેતરીશ વરસ ગુજરીઆબાદ ૧૮૪૩ નાં વરસમાં તેની તંદોરસતી લથરી, અને શકત માદગીમાં પડી. ૧૮૧૯ નાં વરસથી સાહારાએ બંધવાઓની હાલત શુધારવાનું કામ માથે લીધુ હતું, તીઆરથી તે આ પેહેલીજવાર, તેમજ છેલીજવાર એવી આજારી પડી હતી: એ ભલી સીએ માદગીનાં બીછાનાંપર કેટલાક માસ ગુજારીઆ બાદ, શીઆલાની રૂતુમાં આએ દુનીઆનો પોતાનો અસબાબ ઊઠાવી હસતે મોડે તે જેહાનમાં પોતાના પેદા કરનારની હજુરમાં ગઈ. એ પરમારથી સીનાં મરણથી તેનાં આખા ગામનાં લોકોને મોટી દીલ..: પેદા થઇ, અને સઊકોઈ તેની મુવાબાદ પણ ભારે વખાણ કરવા લાગાં, અને તેનાં નામને માન આપતાં રહેઆં.

## સાધારણ સમજ—ગરમી.

ભાગ ૬ ઠો.

**સવાલ**—શું કોઈ ચીજ કોઈવાર વગર સલગાવવે પોતાની મેલે પણ સલગી ઊઠે છે ?

*જવાબ*—હાઃ કોલસા, રૂ, સન, કાથો, ઘાસ ઇતી આદી વસતુઓને એકઠી એક જગામાં ભરી મુકવાથી અથવા બંધ કરી રાખવાથી, ઘણીવાર તે પોતાની મેલે સલગી ઊઠે છે. જીઆરે કોએલાનો મોરો ઢગ મારી મેલવામાં આવે છે,તીઆરે તેની માહે પોતાની મેલે કેટલીક ગરમી ઊતપન થઈ અંતે તે એકાએક સલગી ઊઠે છેઃ જો તેમા આગમચથી ખોલી હવા જવાની ગોઠવણ કરેલી હાએછે, તો તીઆરે એવું બનતુ નથી. એને માટે ઘણીવાર લાકડાંની નલીઓ જેવી બનાવી કોએલાના ઢગના જુદા જુદા ભાગમાં ઊતારે છે. એ બે રીતે કામ લાગે છે—એક એકે તેમાં હવા દાખલ થવાથી કોલશો એકાએક સલગતો નથી, અને જો વખતે સલગે છે તો તે નલીઓને વાટે તેમાં અંદરના ભાગપર પાણી દાખલ કરવાને બની આવે છે. એજ પરમાણે ઘણીવાર રૂ, સણ વગેરેથી ભરેલી વખારો તથા વાહાણો પણ પોતાની મેલે સલગી ઊઠે છે, તેનો સબબ એછે કે, એ વસતુઓના જથામાં કોઈબી રીતે ભીનાસ દાખલ થવાથી તેમાં કોહાણ ચાલે છે, અને તે કોહાણ ચાલવાથી તે કોહેલા ભાગનો બાર આવી જાએ છે; તેમાં તે બંધ જગામાં ઊતપન થએલી ગરમી મલી જઈ એકદમ ભડકો લઈ ઊઠે છે. મેદાન ઊપર નાખેલી ઘાસની ગંજીને કોઈ રીતે તલેથી પાણી લાગવાથી, અથવા વરસાદનુ પાણી ઊપર પડી માહે ઊતરી જઇ, ઊપર લખેઆ પરમાણે તેમાં કોહાણ ચાલી તે સલગી ઊઠે છે. ઘાસની ગંજી ઊપર ઠાર પડવાથી પણ એવો બનાવ બને છે. વખતે તે સલગી ઊઠવાને બદલે માહેથી, કાલું બલેલું જેવું થઈ રહે છે, અને તે જનાવરોના ખાવામાંથી નીરૂપીઓગી થઈ પડે છે. એટલા માટે જીઆં એવી વસતુઓને જથાબંધ ભરી હાએ તીઆં બરોબર હવા જવાની ગોઠવણ રાખવા જોઇએ, અને તેમાં કોઇબી રીતે ભીનાસ દાખલ નહી થાએ તેની મોટી સાવચેતી રાખવી જોઈએ.

**સ૦**—કોએલો એટલે શું ?

**જ૦**—લાકડું બલી, તેમાંથી જે ગેઆસ હાએ તે નીકલી જઈ, જે કાલી વસતુ રહી જાએ છે તે. એવા કોએલાને સલગાવીઆથી તે લાકડાં કરતાં વધારે ગરમી આપે છે. સબબ કે, લાકડામાં કેટલીક ગેઆસો જે બલવામાં હરકત કરે તે તેમાંથી નીકલી જવાથી, અને લાકડાં માહેલી ચોખી બલનારી વસતુ તેમાં રહી જવાથી તે વધારે જોરથી બલે છે, અને વધારે ગરમી આપે છે. એ કોએલામાં શોશક શકતી ઘણી છે, તેથી તેને પાણી ગાલવા વગેરેના કામમાં પણ વાપરે છે. જે પાણી સાફ પીવા જોગ નહીં હાએ, અથવા તે વાસ મારતુ હાએ, તેને જો કોએલાનુ જાડુ પડ કરી તેમાંથી ગાલી કાહાડીઊં હાએતો તેમાંની સઘલી ખરાબ અથવા વાસ મારતી વસતુઓ

નો કરચો તે કોએલામાં શોશાઇ જાએ છે, અને પાણી સવચછ થાએ છે. આજારી માણસને પીવાનુ પાણી ડાકટરો રોસટ કરાવે છે, એટલે તેમાં પાઊંનો અથવા રોટલીનો કકડો બલી જાએ તેમ- ભુંજાવી, અંદર ન ખાવે છે, અને પછે તે પાણી પાએ છે, તેનો સબબ પણ એજ કે તે રોટલી અથવા પાંઊની સપાટી બલીને કોએલો થાએ છે, તેથી તેને પાણીમાં નાખતાંવાર તેમાં જે કાંઈ પણ ખરાબ વસતુના રજકણો હોએ છે તેને શોશી લે છે. એથી આજારી માણસને ઘણો ફાએદો થાએ છે; કેમકે સવચછ પાણી અને સારો તથા રોજો ખોરાક, એ તંદોરસતીની સુખાકારીનાં મુલ છે. અંગરેજવગેરે લોકો કેટલીક જાતનું ગોસત ઘણાક દાહાડાવેર વાપરેછે, તેથી જો તે બગડેછે કે તેમાંથી વાસ નીકલે છેતો, તેની ઊપર કોએલાની ભુકી ભભરાવવાથી તેમાંનો વાસ દુર થાએ છે. ઘણીવાર પાણી તથા વાઈણ ભરવાના પીપોની અંદરની સપાટીને જરાક બાલી કોએલો કરી પછે તેમા તે ભરેછે, તેનું કારણ પણ એજકે તે સ વચછ થાએ. નવાં લાકડાં ઠારમાં ખોલાં મેલવાથી ખરાબ થાએ છે, અથવા ફાટી ચીરા પડે છે, તેનો અટકાવ કરવાને તેની સપાટી ઊપર ગરમી લગાડી, તેને જરાક બાલી કોએલા જેવી કરે છે, એટલે પછે તેને કશી નુકશાની પોહોંચતી નથી; કેમકે કોએલા ઊપર ઠારની અથવા હવાની કશી અસર થતી નથી. તેમજ જે થામલાં ભોંએમાં ગાડવા હોએ છે, તેનો પણ નીચેનો ભાગ જરા બાલી તેની સપાટી કોએલા જેવી કરે છે, તેથી તે જમીનમાં ડાટીઆ પછે જલદી કોહી જતો નથી. પણ એ પરમાંણે થામલાને કરવામાં એટલી સાવચેતી રાખવી જોઈએ કે, તેનો જે છેડો જમીનમાં ડાટવાનો હોએ, તે છેડાથી તે જેટલો તે જમીનમાં રેહે તેનીથી કેટલેએક ઊપર સુધી તેને એ પરમાંણે બાલવો; અગર નહીતો જમીનની સપાટી ઊપરનું પાંણી તેમાં પચી તે કોહીને જમીન ઊપરથી ભાગી જાએ છે.

## ખઈ રોગ, તેની ઉતપંતી અને ઉપાએ.

સઘલા રોગોમાં ખઈનો રોગ સઊથી બુરો છે. જે માણસ એ રોગનો ભોગ થએઓ, તેને ખરેજ કમનશીબ જાણવો ! એ બુરું દરદ એકવાર માણસને લાગું, કે પછે કદી સારૂં થતું નથી, પણ રીબાવી રીબાવી અંતે તેનો પરાણ લઈને જાએ છે. માટે એ નાપાક દરદની અસર પોતાને તથા પોતાનાં બચાંઓને નહીં લાગે, તેને માટે સઘલી બાંઈઓએ ઘણીજ સંભાલ રાખવી જોઈએ.

એ દરદ બે રીતે થાએ છે. એકતો એ ઓધે ઊતરે છે, એટલે જેના મા અથવા બાપ એ બંનેને કે બેમાંથી એકુને એ દરદ હોએ તેથી તેનાં છોકરાંને પણ તે થાએ છે; અને બીજી રીતે દેહની ગેરસંભાલથી તે લાગુ પડે છે. એ દરદનું મુલ ફેફસાંમાં છે: જેને એ દરદ થાએ છે; તેને પરથમ કફ તથા ઠાંસો થાએ છે, અને પછે તેનાં ફેફસામાં આંધલાં પડી તે ખઈ જવા, એટલે ખરી જવા માંડે છે, અને તેમાંથી લોહી પડે છે. શરીરમાની શકતી મુદલ જતી રેહે છે, દમ લેવાને ઘણી ટપરી પડે છે, અને છેલે માણસનો અંત આવે છે.

એ રોગનું મુલ, ઓધે ઊતરીઆ ન છતાં ઘણીક રીતે લાગુ પડે છે. જેબી કામથી અથવા બનાવથી ફેફસાંને નુકશાન પોહોંચે તે કામ તથા બનાવથી એ બુરા રોગનાં બી રોપાએ છે. રાત દાહાડો ઘણ તથા મોટે બોલવાથી, છાતીને ઘણી સરદી લાગાથી છાતીમાં કાંઈ શકત વાગાથી, દમમાં જાથુક મઠોડું, ધુલસાની કરચો, લોહોડાંની કરચો ઈતીઆદી જવાથી અને પીસાબના તથા એવાજ બીજા ખરાબ વાસલી જગામાં જાથુક વસવાથી ફેફસાં ખરાબ થાએ અને તેમાંથી એ રોગ ઊતપન થાએ છે ખ લા માટે એ ભએંકર રોગની તરાપમાંથી દુર રેવાને દરેક માણસોએ ઊપલી બાબદોની ઘણી સંભાલ રાખવી જોઈએ; અને તેમાં અકશેર કરી બચાંઓ ઊપર મા બાપોએ ઘણીજ સાવચેતી રાખવી જોઈએ; કેમકે ઊપર લખીઆ પરમાણે, પછે મોટપણે કે નાનપણથી, એકવાર એ રોગે જડ ઘાલી, તે પછે કદી જતી નથી. ગામઠી મેહેતાજીઓ, તથા જંદ અવસતા પહડાવનારા મોબેદો છોકરાંઓને ઘણેજ મોટે સાદે સારો દાહાડો પહડાવે છે, એથી તેમનાં કુમલાં ફેફસાંને ઘણુજ નુકશાન પોંહોચેછે, અને વખતે નાનપણથી એવા ખરાબ દરદનાં ભોગ થઈ પડે છે. ઘણીક અનસમજુ માતાઓ પોતાનાં બચાંઓને શીઆલાના કે ચોમાંસાનાં દાહાડ

માં નાગાં રાખે છે, તેથી પણ સરદી પોંહાંચી તેમનાં ફેફસાંને નુકશાન થાએ છે. ઘણી સોપારી ખાધાથી પણ એ દરદની ઊતપનતી થાએ છે, માટે એ વસતુને પણ ઘણીજ થોડી; અને બનતાં શુધી મુદલ નહી વાપરવી જોઈએ: તેમાં નાનાં બચાંનેતો જરાએ ખવાડવી ન જોઇએ.

એ બુરૂં દરદ નહીં થાએ, તેવું કરવાને, તથા થતું હોએ તેટલામાં અટકાવી દેવાને આટલા ઊપાએની જરૂરછે—બોલવાનું કમતી અને ધીરૂં કરી દેવું; શરીરને, તેમાં અગત કરીને ગલું, તથા છાતીને ફલાનલથી ઢાંકેલું રાખવું; સાંજને વખત ખોલ્લી અને ખારી હવામાં ફરવું, ખોરાક સાદો અને પુશટીકારક લેવો, ધુલ મટોડું વગેરે ઊડતી જગામાં નહીં બેસવું, ઘણો ઊજાગરો તથા રાતે ઘણું વાંચવું કે ઘણો અભીઆશ નહીં કરવો, અને છાતી પોહોલી થાએ, અને ઘણો દમ નહીં ચહડે તેવી કસરત કરવી જોઈએ. છાતી પોહોલી થવાથી માંહે ફેફસાં મોટાં થાએ છે, તથા ખુલ્લાં પડે છે, અને તેથી 'સવાસોસવાસ' બરાબર ચાલેછે તથા ફેફસાં ઊપર જે કફ બાઝી ગએલો હોએ તે નીકલી પડે છે. ધીમેથી, અને ઘણી થાક તથા દમ નહી ચહડે એવી રીતે આપણા લોકની (તાલીમની) કસરત પરમાણે રોજ જોર કાહાડે કે જોરી ફેરવેનો તેથી પણ છાતી મોટી થાએ છે. અંગરેજ લોકોમાં એવી રીત ન હોવાથી, અને વલી એવી કશરત, જે એ રોગ લાગાથી, કે કાંઇ બીજા સબબથી, કે નાજુક સીઓથી બનવાને લગાર કઠણ હોવાથી, તેઓએ બીજી રીતો શોધી કાહાડેલી છે. રબરનો એક દોરડાં જેવો ગોલ અને બે તરણ હાથ લાંબો એક કકડો લઈ તેને બે છેડે કડાં જેવાં જડેલાં હોએ છે, જેને "ચેસટ એકસપાનડર," એટલે "છાતી મોટી કરનાર," કહે છે: તે તેઓ નાનાં બચાંને, મોટાંને, ઘરડાંને કે સ્રીઓને સઘલાંને, પછે તેમને એ દરદ થએલું હોએ કે નહીં હોએ, તોપણ આપેછે, અને તે ઊપર કસરત કરાવે છે. તેમાં કસરત કરવાની એટલીજ છે કે, તેનાં બંને કડાં બંને હાથમાં પકડી, રબરને ખેંચી હાથ પોહોલા કરવા, અને પછે ધીમે રહીને પાછા સાંકડા કરવા. એમ રોજ કરવાથી છાતી ઘણીજ ખીલે છે. ડાકટર લાંગ નામના એક વઈદ એવોજ એક બીજો ઊપાએ શોધી કાહાડેલો છે, અને તે નાંનાંથી તે મોટાં શુધીને, એટલુંજ નહીં પણ જે માણસ એ બુરા રોગમાં પડીને રીબતું હોએ, તથા ઘણુજ નાતવાન થઈ ગીઊં હોએ, તેને પણ કાંમે લગાડવાની મજબુત ભલામણ કરે છે. તે ઊપાએ એછે કે, તરણ ફુટ લાંબી એક લાકડી લેવી, અને તેને વચોવચ સાંકલ જડવી તથા મજબુત દોરડું બાંધવું; પછે તે દોરડાંનો કે સાંકલનો એક છેડો ભારવટીઆમાં હુક ફેરવી તેમાં ભેરવવો. સાંકલ તથા દોરડાંની લંબાઈ એટલી રાખવી કે, પેલી લાકડી માથાથી બે ફુટ કરતાં વધારે ઊંચી રેહે. પછે તે ઝુલતી લાકડીના બંને છેડા બંને હાથમાં ધરી, તેને ટીંગાઈ, પગની ઠેસ મારી હીંચ ખાવી: અલબતે પરથમમાં તેમ કરતાં હાથ ઘણા દુખશે, તેથી તે છોડી નહીં દેવું, પણ પેહેલાં ધીમે ધીમે અને થોડો થોડો વારજ હીંચ ખાવી: જો હીંચ નહી ખવાએ તો થોડા દાહાડા અમસથું, થોડોવાર ટીંગાઈ રહીનેજ છોડી દેવું. એમ કરવાથી; ડાકટર લાંગ લખે છે કે, તરણ કે ચાર મહીનામાં માણસની છાતી તરણથી ચાર ઈંચ પોંહોલી થાએ છે, અને તે પરમાણે માહે ફેફસાં પણ મોટાં થાએ છે, તેથી જો ખઈ સરખો રોગ નહીં લાગેલો હોએનો તે લાગી શકતો નથી, અને જો લાગો હોએનો તે ઘણો નરમ પડી જાએ છે, તથા તદન નાબુદ થઈ જાએ છે.

એ દરદની ઊપર પીવાની દવાઈ દાખલ જેવું કાડલીવર આઈલ, એટલે કાડ જાતની માછલીનાં કલેજાંનું તેલ, જેને આપણા ઘણાક લોકો ભુલથી મગરનુ તેલ કહે છે, તે માફક આવીઊ છે, તેવી બીજી કોઈ દવા આજવેર આવી નથી. એ રોગના તરણ તબકા થાએ છે, તેમાના પેહેલાથી બીજા તબકા શુધીનાં દરદીઓ એ તેલથી ઘણુ કરીને તદન સાહાજા થાએ છે, અને તરીજા તબકાનો દરદી, એટલે ઘણોજ બેહાલ થઈ ગએલો, તદન સાહાજો નહીંતો જરા ફરતો હરતો પણ થાએ છે. એ તેલ મોટાંથી તે નાહાના બચાં શુધીને વગર ધાસતીએ આપી શકાએ છે.


ખઈ રોગ મજબુત બાંધાનાં માણસને મુદલ લાગુ પડી શકતો નથી, તેથી જો મા બાપો પોતાનાં બચાંને બચપણથીજ કસરત કરાવી મજબુત અને પોહોલી છાતીનાં કરેતો એ બુરા રોગથી તેઓ સદા વેગલાં રહે.

# વાહાણ.

માણસ જાતે પોતાની ચપલ બુધીના બલથી વાહાણ સરખી વસતુની શોધ કરી દુનીઆંમાં નડતી ઘણીક બીકટ અડચણો ઊપર મોટી ફતેહ મેલવી છે. પુરૂથવીની આખી સપાટીનો બે તરતીઆંઊીસ ભાગ પાણીથી ઘેરાએલો છે, અને માતરે એક તરતીઆંઊીસ ભાગ જમીન રહેલી છે. તે ઊપર એક એકથા સેંકડોથી હજારો કોશને અંતરે શેહેરો તથા ગામો બાંધી માણસો વસે છે. એવાં શેહેરોની વચે સેંકડો કે હજારો કોશના દરીઆઓ આવેલા છે, જે માતરે વાહાણ સરખાં ઊપીઓગી ઈઅંતરની મદદથીજ પસાર થઈ શકેછે, અને એક દેશથી બીજે દેશ જવાઈ શકાએછે, તથા મોટા વેપારો કરી શકાએ છે. જો એવાં ઈઅંતરની શોધ આજવેર થઈ ન હતે, તો કહેવાઈ નથી શકાતું કે આજે દુનીઆંના સઘલા ભાગ પરનાં લોકોની કેવી અવસથા હતે: પણ તે જગતકરતા ઈશવરે, એવી જાતની મોટી અડચણો નહી શોશવાને માણસ જાતને બુધીનો એવો ઊતમ ખજાંનો આપીઓછે કે, જેની મદદથી તેઓ સઘલી આપદાઓને પગ તલે કચડી નાખે છે.


વાહાણ લાકડાંના તેમજ લોહોડાંના પણ બનાવવામાં આવેછે, પણ અમલથીજ કાંઈ લોહોડાંના બનતાં આવીઆં નથી: એ શોધ માતરે થોડાંજ વરસની થએલી છે. અલબતે લાકડું પાણી કરતાં હલકું છે, એટલે જેટલાં કદનું લાકડું હોએ, તેટલાંજ કદનું પાણી લઈ બંનેને તોલીઆં હોએતો, તેમાં પાણી ભારી થશે; અને લાકડું હલકું થશે: તેથી તે પાણી ઊપર રહી શકે છે, પણ લોહોડું તેમ નથી: જેટલાં કદનું લોહોડું લઈએ, તેટલાંજ કદનું જો પાણી લઈ સાથે તોલીએતો, તેમાં લોહોડું ભારી થશે, અને પાણી હલકું થશે, તેથી તે પાણી ઊપર ઠરી ન શકતાં તરત નીચે જાએ છે; પણ જીઆરે લોહોડાંના કટકા ટીપી પતરાં જેવો કરી તેને ગોલ વાલીએ, તો તે પાણી કરતાં હલકો થાએ, કેમકે એમ થવાથી, તેનું વજન તેટલુંજં રેહેતાં તેના કદમાં ઘણો વધારો થએઓ, તેથી જો હવે તેટલા બધા કદનું પાણી લઇએતો તે ભારી થશે, અને લોહોડાંનું પતરું, તથા વાસણ હલકું થશે, કેમકે તેમ કરતાં પાણીનો જથો વધીઓ, અને લોહોડાંનો જથો જેટલોને તેટલોજ રહેઓ. એથી કરી લોહોડાંના પતરાંના બનાવેલાં વાહાણો, લાકડાંના વાહાણોની માફક શેહેલાઈથી પાણી ઊપર તરી શકે છે.

હાલમાં આપણે મોટાં અંગરેજી, તરણ અથવા બેઠેલના વાહાણો જોઈએછે, તેવાંજ કાંઈ અસલથી બનતાં ન હોતાં. અસલનાં વખતમાં, હમણાનાં કરતાં ઘણીજ જુદી જાતનાં વાહાનો હતાં, તેમજ તેઓ ઘણી ધીમી ચાલનાં હતાં, અને વલી બરાબર તથા મોટી મુસાફરી કરી શકતાં ન હતાં; કેમકે તે વખતમાં હાલના જેટલો વાહાણ ખેડવાનો હુનર લોકો જાણતા ન હતા. અસલના વખતના વાહાણનું આ એક ચીતર છે, તે



ઊપરથી જણાશે કે તે હાલના વાહાણ કરતાં કેવલ જુદી રીતનું છે. એવી જાતના વાહાણો અસલના ઈજીપશીઅન, કારથેજીની અન તથા ફીનીશીઅન વગેરે લોકો, વેપારને માટે, તથા લડાઈને માટે વાપરતા હતા. તે વખતમાં તેઓ હાલના અંગરેજોની માફક વાહાણની લડાઈમાં ઝાઝા ફાવતા ન હતા, કેમકે તેમને વાહાણની લડાઇનો હુનર બરોબર આવડતો ન હતો, તથા તેઓ તે વેલાએ દારૂગોલો વાપરતા ન હતા.

એવાં વાહાણોમાં શુધારો કરતાં કરતાં, હાલન વાહાણો જે બનેઆં છે, તે ઈઊરોપીઅન તથા અમેરીકનોની મોટી ચંચલાઈ તથા મેહેનતથી, આગલનાં કરતાં ઘણાં કામનાં થઈ પડીઆંછે, કેમકે તે ટોપીવાલા લોકોએ, તેની પછવાડે મંડી મંડીને, એ હુનરને લગભગ સમપુરણપણા ઊપર લાવીઆ છે. હાલનાં સુધરેલી રીત પરમાંણે બાંધેલાં વાંહાંણોતો વાંચનારી બાઈઓના જોવામાં ઘણાં આવીઆં હશે.



તેનું પણ એક ચીતર અતરે આપીઊંછે, તે ઊપરથી જણાશે કે આગલનાં કરતાં હાલમાં તેમાં કેવો અને કેટલો શુધારો થએઓ છે. આ

ઘણા લોકો, જેઓ સદા બાપદાદાનીજ ચાલને પકડી રેહેવા માગે છે, અને જે તેઓએ કરીઊં તે વાજબીજ, માટે આપણે તેમાં કશો ફેરફાર કરવો ઘટે નહીં એવું માનેછે, તેઓથી એવો શુધારો મુદલ થઈ શકીઓ નથી. આપણા દેશનાં વાહાણો જેઓ, પરાણી, બતેલા તથા ફતેમારીને નામે ઓલખાએ છે, તેઓ આજ સેંકડો વરસ થએઆં, તેમની બાંધનીમાં કશો પણ ફેરફાર થએઆ વગર હજુ જેમનાં તેમ રહેઆં છે. તેઓ હજુ એટલાંતો નાનાં અને નબલાં છે કે, તેઓથી બર દરીએતો મુસાફરી થઈ શકતીજ નથી. વલી તેઓ ચાલમાં એટલાં ધીરાં હોએ છે કે, ભાએગે, ગાડાંમાં જોડેલા બલદ કરતાં વધારે ઝડપથી ચાલતાં હોએ. આગલ જીઆરે અહીં આગબોટો ફરતી ન હતી, તીઆરે મુંબઈથી નોશારી, સુરત, ખંભાત વગેરે શેહેરમાં જવાને એવા બતેલા તથા ફતેમારીઓમાં બેસવું પડતું હતું, જેમાં અનેક તરાંની આપદા વેઠતાં ઘણે ઘણે દીવસે, ધારેલે, મકાને પોહોંચાતું હતું.

વાહાણ સડથી કરી આગલ ચાલે છે, અને સુકાનથી કરી તેને ડાબા જમણી ફેરવી શકાએ છે, અથવા જીઆં લઈ જવું હોએ તીઆં લઈ જઈ શકાએ છે. સડ જાડા અને ઘટ કુમાસના કપડાંના બનાવે છે, અને તેમને વાહાણમાં ઊભાં કીધેલાં ગોલ લાંબાં લાકડાં, જેમને ડોલ કરી કહે છે, તેમની ઊપર ચહડાવેછે, તીઆરે તેમાં પવન ભરાઈ તેને આગલ અણસેલેછે, તેથી તેના આંચકાથી આખું વાહાણ આગલ ઘસડાએ છે. એ પરમાણે વાહાણને જમીન પર મેલી સડ ચહડાવીઆ હોએતો તે કદી આગલ ચાલે નહી, કેમકે હરેક વસતુ જેવી સેહેલાઈથી, તથા જેટલાં જોરે પાણી ઊપર ઘસડી શકાએ છે, તેટલી સેહેલાઈથી તથા તેટલા જોરે જમીન પર ઘસડી શકાતી નથી: કેમકે જમીન પર તેને ઘસારો ઘણો લાગે છે, અને પાણી ઊપર ઘણોજ થોડો લાગે છે. જેમ પવન મધીઅમપણે, વધારે અને એકસરખી રીતે લાગે, તેમ વાહાણ વધારે ચાલે, અને જો તે તદન નરમ પડી જાએતો વાહાણ માતરે ડોલા ખાએઆ કરે, પણ જો ઘણો જોરમાં લાગેતો વલી તેને એકદમ ડુબાડી પણ દીએ. દરીઆમાં વાહાણો; મોટાં તોફાન લાગાથી, તથા ખરાબાઓ સાથ અથડવાથી, ઘણા ભાગે છે, અને વખતે તેમાંનાં સઘલાં માણસો મરણ પામે છે.


વાહાણનું સુકાન લાકડાંનુંજ બનાવે છે. એક પોહોલો, પાટીઆંનો કકડો લઈ તેને, વાહાણના પાછલા ભાગ ઊપર ઊભો જડે છે, અને તેના મથાલાં ઊપર એક લાંબો લાકડાંનો દાંડો જડે છે, અથવા એવી જ કાંઈ બીજી ઈઊકતી કરે છે. તે દાંડાની મદદથી સુકાનનુ પાટીઊ ડાબા જમણી ફરે છે. વાહાણને જમણી ગમ ફેરવવું હોએતો તે દાંડાને ડાબી ગમ મરડે છે, અને ડાબી ગમ ફેરવવું હોએતો જમણી ગમ મરડે છે. દાંડો જીઆરે ડાબી ગમ મરડે છે, તીઆરે સુકાનનુ પાટીઊ જમણી ગમ ફરી જાએ છે, જેથી વાહાણની ચાલને એકદમ અટકાવ થવાથી તે જમણી ગમ ફરી જાએ છે. એમજ ડાબી ગમબી ફરે છે.


વાહાણનો રસતો હોકા ઈઅંતરની મદદથી શોધી કહડાએ છે. એટલે કે જે દીશાએ વાહાણ લઈ જવાનું હોએ, તે દીશા હોકા ઈઅંતરની મારફતે માલમ પડે છે. હોકા ઈઅંતર ઘણુ સાદુ હથીઆર છે. એક લાકડાંના તથા પીતલના દાબડામાં, એક ઝીણાં અણીઆલા ખીલ ઊપર, એક લોહચુંબકની સોએ અતરંગ મેલેલી હોએછે. તે સોએ, પોતાની ખાશીએત પરમાણે, પોતાનો એક ચોકસ છેડો હમેશાં ઊતર દીશાનીજ શામણે રાખેછે. તેને ગમે તે દીશાએ ફેરવીએ, તોપણ તે પોતાની મેલે પાછી ફરી પોતાનો તે છેડો ઊતર તરફજ રાખે છે. એ પરમાણે ઊતર દીશા માલમ પડી આવીઆથી બીજી તરણે દીશાઓ તરત માલમ પડી આવે છે. તે સોએની નીચે, દાબડાનાં તલીઆંમાં એક કાગલ જડેલું હોએ છે, તે ઊપર સઘલી દીશાઓ માંડેલી હોએ છે. અસલનાં વખતમાં, જીઆરે એ ઇઅંતરની લોકોને ખબર ન હતી, તીઆરે તેઓ, રાતરે આકાસમાં દેખાતા એક તારાની મદદથી દીશા શોધી કાહાડતા હતા. તે તારો પ્રુથવીનાં ઊતર ભાગપર છે, અને તે પોતાની જગાએ હમેશાં સથીર રહે છેઃ એ તારાને, "ઊતર ધરૂવ નકશેતર" કહે છે. પણ એ તારો દીસનાં વખતે, તથા રાતનાં આકાશમાં વાદલાનો ઘેરો હોએ તીઆરે, નજર પડી શકતો ન હતો, તેથી વાંહાણ વાલાઓને ઘણીક અગવડ પડતી હતી. વખતેતો તેમને લંગર નાખી, તારો દેખાએ તીઆંવેર પડી રેહેવું પડતું હતું. એ સઘલી અડચણો ઊપલાં સાદાં હથીઆરથી તદન મટી ગઈ છે.



કીનારે કીનારે ફરવાને, વાંહાંણપર સામન તથા માંણસોને લઈ જવાને તથા માછલાં મારવાને નાનાં વાંહાંણો બનાવે છે, તેમને મછવા તથા હોડીઓ કહે છે. એવા મછવા તથા હોડીઓને હલેસાંની મદદથી ચલાવે છે, તથા તેમને નાના સડ પણ હોએ છે. જીઆરે સારો પવન હોએ તીઆરે સડ ચહડાવે છે, અને નહી હોએ તીઆરે હલેસાં મારી ચલાવે છે.

હોડી કે મછવો નહી મલે તીઆરે થોડાંક લાકડાનાં કકડાને તથા પાટીઆંને એક બીજા સાથે દોરડાંથી બાંધી લઈ તથા આડા તેડા ખીલા મારી કામ ચલાવે છે, તેને તરાપો કહે છે. એવા તરાપા ઘણીજ અગવડની અને અગતની વખતે બનાવવામાં આવે છે. જો ફકત એક મોટો લાકડાંનો કકડો પણ પાણીમાં નાખી તેને માણસ વલગી રહીઊ હોએતો તેથી પણ તે તરે છે, અથવા ડુબતાં બચે છે. વેપારની વુરધીની નીશાણી દાખલ વાંહાંણનું ચીતર પાડવામાં આવે છે, કેમકે વેપારનું મુખીઅ સાધન વાંહાંણ ગણાએ છે. વાંહાંણમાં આગ્નો સાંચો ગોઠવી સડ વગર, તેનીજ મદદથી તેને ચલાવે છે, તેને આગબોટ અથવા સટીમર કહે છે. એવી આગબોટ બાએ હવે પછે લખવામાં આવશે.





---

વલી તે સાથે તેમાં ઘણાકી તો એવાં હલકાં અને તોછડાં છે કે, જે બોલતાં કાનને અને મનને બંનેને ખોટુ અથવા ફીકું લાગે છે. આસી, કોસી, કુકી, નાસી, બીખાઇ, ચાંદન, મોટી, રૂપાઈ, ઈતીઆદી વગેરે નામો એવાંતો તોછડાં અને બેસવાદ લાગે છે કે, તે ઘણાઓને મોડેથી બોલવાં પણ ગમતાં નથી. વલી, જેમ નામો બોલતાં રસ ઊતપન કરે એવાં જોઈએ, તેમજ તે એવાં પણ જોઈએ કે બીજી ગનેઆતનાં નામો સાથે બરોબર મલતાં આવતાં ન હોએ. નામ, એ પણ જુદો ટોલો બતાવનારૂં એક મુખીઅ સાધન છે. જો બે ટોલા વચેનાં નાંમો એક બીજાને મલતાં આવે તો પાછલથી તવારીખ મોટા ગુંચવારોમાં આવી પડે, અને તેના અભીઆસીઓને ચુકના વમલમાં ગોતાં ખાઈ, સચાઈ પડતી મેલી અટકલ ઊપર પોતાનો આધાર બાંધવો પડે. જેમકે માણેકબાઈ, રતનબાઈ, હીરાંબાઇ એવાં નામો એમનાં એમ હીંદુઓમાં વપરાએ છે; એવાંમાં આજના વખતમાં એવે નામની કોઇ પારસણ મોટી કીરતીવંત થઈ, અને તેની કીરતી તવારીખમાં નોધાઈ, તથા તેનાં ચીતરો અને પુતલાંઓ થઈ ચોમેર ફેલાએઆં. અલબતે તરતનાં વખતમાં તો ઘણુ કરીને લોકો જાણે કે તે માણેકબાઈ, રતનબાઈ અથવા હીરાંબાઈ એક પારસણ છે, પણ પાછલના વખતમાં મોટો ગુંચવારો પડે. સો બસો વરસ ગુજરીઆ બાદ એક ચીતર કોઈ ઈઊરોપીઅન બલકે આપણા દેશીના જોવામાં આવે, અને તેની નીચે તે માણકબાઈ એવું નામ વાંચે, તીઆરે તે કોણ માણકબાઈ સમજે, હીંદુ કે પારસણ? વલી પોશાકમાં પણ એવો ફેર નહી, કે જેથી તે ઊપરથીબી કોઈ ચતુર અથવા ભણેલા મનને સચાઈ શોધી કાહાડવાને બની આવે. એવીજ બલકે એથી વધારે અડચણ લખેલાં નામ ઊપરથી પણ નીકલે, કેમકે તેમાં તો તેનો પોશાક પણ માલમ નહી પડે: જો તેમાં ધરમ અથવા રીતભાત વીશે કશું લખવામાં આવેલું હોએ તોજ પકી સમજ પડે અગર નહીતો ગુચવારોજ પડીઆ રહે.

જેટલાં આપણા પોતાનાં હાલ વપરાએ છે તેમાં નવા ઊમેરી બીજા થોડાંક તેવાં રાખવાં. અલબતે જ માનાનાં દોરથી આપણાપર એકવાર મોટો વાખો પ ડીઓ, અને તેથી આપણને આપણું સઊથી વાહા લું વતન ઈરાન છોડી હીંદુસથાનની સરજમીનનો આસરો લેવો પડીઓ, તે વખતે આપણને હીંદુઓની કે ટલીક રીતભાતો લેવાંની ખુદ ફરજ પડી, અને કેટલી ક અજાણપણે લેવાઈ. તે ગમે એ રીતે લેવાઈ હોએ, પણ તે ઊપરથી કાંઈ એમ નથી કેહવાતું કે આજે તે આપણથી છોડાએ નહી. જીઆરે જે રીતભાતો ફર જથી અખતીઆર કરવી પડી હતી તે ફરજ ટલી ગ ઇ છે, તથા જે અગનાનપણાથી લેવામાં આવી હતી તે અગનાનપણુ આજે દુર થઈઊ છે, તીઆરે આપ ણે કાંએ નહી તે છોડી દઈ, આજે જે આપણું ઊં ચુ મેલેલું હોએ તેને પાછું પકડીએ ? આપ ણે વાંહાણમાં બેસીને મુસાફરી કરવા નીકલી આ, અને તોફાન લાગાથી તે વાંહાણ ભાગું અને આપણે એક ઊજડ ટાપુપર પોહોંચીઆ, જીઆં અ ન ન મલવાથી, ઝાડનાં મુલીઆં ખાવાં પડીઆં, અ ને વસતર ન મલવાથી તેનાં પાતરાંએ શરીર ઢાંકવું પડીઊ; પણ જીઆંરે મદદ મલવાથી એકવાર આપ ણે પાછાં આપણી ભુમી ઊપર આવીઆ, કે પછે અ ન ખાવું તથા વસતર પેહેરવાં કે નહી ? શું તીઆરેબી આપણને ઝાડનાં મુલીઆં ખાવાં અને પાતરાં પેહેરવાં જોઈએ, કેમકે તેમ આપણે ઘણા મહીના શુધી કરી ઊ ? તીઆરે હવે આપણે અગત તથા અગનાનપણા માં લીધેલી હીંદુઓની રસમો તથા નામો શાને વાસ તે છોડી દઇએ નહી ? એ ઊપરથી હમો એમ નથી કેહેવા માંગતા કે હીંદુ લોક ઘણા ખરાબ છે, અથવા આપણથી હલકા છે તેથી તેમની રીતભાત તથા ના મો આપણે છોડી દેવાં જોઇએ; પણ અહીં મતલબ માતરે એટલીજ છે કે, આપણો ટોલો હીંદુઓથી જુ દો હોવાથી આપણી રીતભાત તથા નામો જુદાંજ અ ને આપણને બેસતાં આવતાં હોવાં જોઈએ. હીંદુ ઓનાં નામો આપણા કરતાંને એક બારગી વધારે સ રસ પણ હોએ, તોપણ ઊપર લખીઆ પરમાંણે ગુય વારાને ખાતર, તે આપણથી લેવાએ નહી તથા લીધે લાં હોએ તેને છોડી દેવાં જોઇએ.

આપણી સ્ત્રીઓનાં જે હાલ નાંમો રાખવામાં આવે છે, તેમાંથી માતરે ૧૫ નાંમ આપણા પોતાનાં નીકલે છે, તેથી તે પંદર એમનાં એમ રાખી, તેમાં બીજાં થોડાંક જે આપણા વડાવાઓ વાપરતા હતા, તે હમો નીચે આપીએ છઇએ, તે ઊમેરી તેમાંથી હ વે પછે જનમ લેતી બેટીઓનાં રાખવાં એવી હમો સ ઘલા પારસી પુરૂષો તથા સ્ત્રીઓને ભલામણ કરીએ છઈ એ. એ નાંમોની પછવાડે, જે આપણે હાલમાં "બાઈ" શ બદ લગાડીએ છઇએ તેને બદલે "બાનું" કરી લગાડવો, કેમકે તે શબદ આપણો છે, અને તે પણ બાઇને બદલેજ વપરાએ છે. પણ એ નાંમો એવાં છે કે, તેની પછવા ડે બાનુ લગાડે તોપણ તે ચાલે, અને નહી લગાડે તો પણ ચાલે; કેમકે જેમ કુમલી, ભીખી, ધના, વગેરેનાં નામોની પાછલ બાઈ ન લગાડતાં તે છેક તોછડાં અ ને ફીકાં થઈ પડે છે, તેમ એ નામોમાં શીરીન, અરન વાજ, ગુલ, મેહેર એ નાંમોની પાછલ બાનું ન લગાડ તાં તે મુદલે તોછડાં કે બેસવાદ લાગતાં નથી.

માટે પારસી સ્ત્રીઓનાં હવે પછે નાંમ કેવાં રા ખવાં જોઇએ તેની એક ટીપ નીચે આપીએ છઇએ, તેમાં જે જે નાંમોની આગલ * આવી નીશાની છે તેને હાલમાં આપણામાં વપરાતાં જાણવાં, અને તે વીનાં બાકીનાં નવાં જાણવાં. એ નવાં નાંમો જે ચા લતાં નાંમોને બદલે વાપરવાની હમો ભલાંમણ કરીએ છઇએ, તે કેટલી ઘટી છે તે પરથમમાં તેનાં રસીલા ઊચારોથીજ માલમ પડી આવશે.—

| | |
|---|---|
| અરનવાજ. | જેહાનઆરા. |
| આજર અથવા આદર. | * તીરબાંનું. |
| * આબાન અથવા આંવાં. | તેહેમીના. |
| એોખન. | * દીમ. |
| કતાઈઉન. | દેલનવાજ. |
| * ખોરશીદ. | દીલબર. |
| ખોરરમ. | * નવાજ. |
| ખુરમની. | * નાંજ. |
| * ગુલ. | * પીરોજ. |
| ગુવેર. | પરીરોખસ. |
| ગોહેર. | પરીચેહેર. |
| ગુલમેહેર. | ફરંગીજ. |
| ગોરદઆફરીદ. | * બાંનું. |
| ગુલરૂખ. | * મેહેર. |
| ગુલતાર. | માહાબાનું. |
| ગુલેસતાન. | મુરવારીદ. |
| ગોસસપ. | * વીરબાનું. |
| * જરબાનું. | * શીરીન. |

| | |
|---|---|
| સાદાબ. | શેહેબાંનુ. |
| સીમબર. | શરબાંનુ. |
| સીમીન. | હોમાએ. |
| શેહરૂએ. | * હોરંમનબાનુ. |
| શેહેરબાંનુ. | હોમાઇઉન. |

એ સીવાએ રાખવા જોગ આપણાં બીજાં ઘણાં નામો છે, પણ હાલ તરત આટલાંજ અહીં આપીઆં છે, પછે જેમને એ સીવાએ બીજાં મલી આવે અથવા પસંદ આવે ને રાખેતો તે પણ ઘણું દરસત છે.

---

## કીમતી પથરાઓ.

ભાગ ૬ ઠો.

### ટોપાજ અથવા પોખરાજ.

આ ખુબસુરત જવાહેર હીંદુસથાનના લોકોમાં કેટલાએક વેહેમ તરીકે વપરાતું જોવામાં આવેછે, પણ હીંદુસથાનના રાજવંનશીઓ આ જવાહેરને ઘણુંજ માન આપેછે—પોખરાજનો રંગ ખોલો પીલો હોએછે અને કઠણઈમાં માણેક તથા સનીસચર કરતાં ઊતરતું છે. પોખરાજ કેટલીક વેલાએ તદન સફેદ હાલતમાં મલી આવેછે કે જે વેલાએ બીલીઆનના ચલકાટને પણ તે એક કોરે મુકેછે. બરેજીલ, ઈઊરલ તથા સાઈબીરીઆ તથા હીંદુસથાનના કેટલાક ભાગમાં રેતી સાથે ભેલાએલો અથવા ગરેનાઈન નામના પથરની શટમાંથી એ જવાએર મલી આવેછે. લંડન તથા પારીશમાં એક કેરટ કાપેલા પોખરાજની કીમત આશરે ૧૮ રૂપીઆ ઊપજેછે. એવું કેહછે કે પીલા પોખરાજને જો આતશમાં મુકીઓ હોએતો તેનો રંગ તદન ફેરવાઈને ખોલો લાલ બની જાએછે. આજ શુધી ખાધ વગરનો મોહટો પોખરાજ મલી આવીઓ નથી. ટેવરનીઅર નામનો મુશાફર ઝવેરી એવું કેહછે કે ૧૫૮ કેરટનો એક પોખરાજ તેણે હીંદુસથાનના મોગલ વંશના એક રાજા પાશે જોએઓ હતો, કે જેની કીમત તેણે ૧૦૦૦૦૦ રૂપીઆની આંકી હતી. પોરટુગાલના રાજાના ખજાનામાં ૧૬૮૦ કેરટનો એક પોખરાજ હાલ મોજુદછે, પણ આજ શુધી તેને કાપીને પાશા પાડવામાં આવીઆ નથી. પોખરાજ વીશે એવો લોકોને વેહમ હતો કે જો તેને ઊકલતાં પાંણીમાં નાખીએ હોએતો તે પાણી ઠંડું પડી જાએછે—અને ચંદરમાહાના તેજ શાથે એનું પણ તેજ વધતુ ઓછું થાએ છે. એવું કેહ છે કે એ રતનનો ભુકો કરી દારૂમા પીધો હોએતો ખઇ જેવો નાપાખ રોગ દફે થાઇ શકે છે.

### કરીશોલાઇટ અથવા લશણીઓ.

આ જવાહેરનુ નામજ તેનો રંગ કેહવો આવે છે તે કહી આપે છે. એ ઘણો કઠણ ન હોવાથી કરીને એના ઊપર પાસા તથા પાલીસ આવેછે તે જલદીથી ઘશાઇ જાએછે—ઈજીપટ, બરેજીલ અને હીંદુસથાનમાથી આ પથર નદીની રેતી સાથ ભેલાએલો મલી આવેછે. વાંચનારી બાઈઓને ખબર હશે કે કેટલીક વેલાએ આકાસમાથી મોહટ મોહટા પથરો આપણી દુનીઆની સપાટી ઊપર પડેછે—એવા પથરોમાથી કોઈ વખતે આ રતન મલી આવેછે, એવો એક પથર ૧૭૪૯ મા એનીસી નામની નદી આગલથી મલી આવીઓ હતો જેનુ વજન ૧૦૦૦ રતલનુ હતું અને તેની અંદરેથી નાધલા નાધલા પુશકલ લસણીઆઓ નીકલીઆ હતા.

---

## પરચુટણ.

### જાણવાજોગ બાબદો.

**મસતીખોર ઘોડાનો અટકાવ**—મોનશીઓર જીપરીઓલોએ એક એવી ઇઉકતી શોધી કાહાડી છે, કે ગાડીમાં જોડેલો ઘોડો અથવા ઘોડા એકાએક મસતી ઉપર આવી જાએ, અથવા ગાડી લઇને નાહાસવા માંડી જાએ, તીઆરે તતકાલ તેને ગાડીએથી છુટો પાડી શકાએ. એ ઇઉકતી ઘણીજ સેહેલીછે; અને તે ઘણાજ ઓછા ખરચથી કોઈ પણ હારનેસને લાગુ પાડી શકાએ છે.

**કુદરતી રંગનો ફોટોગરાફ**—મોરીશ ખાતે રેહેનારા મોનશીઓર એમબે નામના એક ફરેંચ ગરહસથે એવો શોધ કરીઓ છે કે, જેથી ફોટગરાફની સબી લેતાં, જે વસતુની સબી લેતા હોએ તેનો કુદરતી રંગ જેવોને તેવોજ તેમાં પડે છે. આ શોધ ઘણી અગતની ગણાએ છે, અને તેને સારુ પેટંટ મેલવવા તથા તેનો ફેલાવો કરવા ને મનકુર ગરહસથ પારીસ ખાતે જનાર છે.

**કરમની ઉતપતી**—ડાકટર સપેનસર કોબાલડે, લંડનમાં એક ચોપાનીઉં કાહાડી એવું જણાવીઉં છે કે, ગટરનાં પાંણીને એક જગાએ એકઠું કરી તેમાંથી ખાતર બ

નાવી વનસપતીઓ ઉગાડવાનાં કામમાં લેવામાં આવે છે, તેથી એ દેશનાં ઢોરોને મોટી નુકશાની થાએ છે! તે એકે એ પાણીમાં, કરોડો કરમનાં ઈંડા હોએ છે, જે ખાતરની સાથે વનસપતીમાં પુરાવાથી તેમાં તે ચાલી જાએ છે, અને તે વનસપતી જનાવરોના ખાધામાં આવવાથી તેમને કરમનુ દરદ થાએ છે.

**રેલવેની મીલકત**—ગણતરી ઉપરથી એવું માલમ પડીઉં છે કે, આખાં ઇઉનાઇટેડ કીંગડમમાં જેટલી રેલવે ઓછે તે બધાની મીલકતની કીમત ૩૦૦૦૦૦૦૦૦૦ રૂપીઆની છે, અને તે ઉપર ૧૦૦૦૦૦ માંણસો કામે લાગેલાં છે.

**ગાએનનાં મકાન**—એખલાં લનડમાંન, નાનાં નાનાં બાદ કરતાં, સઉથી મોટાં અને આબરૂવાલાં ૩૨ ગાએનનાં મકાનો છે. તે સઘલાંની મીલકત ૪૩૨૦૦૦૦ રૂપીઆની છે. તેમાં ૧૫૪૦ માંણસો કામે લાગેલાં છે, અને તેમાં ૪૨૦૦૦ માંણસો સમાઈ શકે છે.

**લશકરની જમાબંધી**—ગએઆ વરસની આખેરી સુધી અમેરીકાની લડાઇને માટે, જુદા જુદા શેહેરોમાથી બધાં મલીને ૩૬૦૪૭૪૩ માંણસોને સરકારનાં ધારા પરમાંણે લડાઈમાં કાહાડવામાં આવીઆ હતાં. એ સીવાએ બીજાં ૫૦૦૦૦૦ માણસો પોતાની મરજીથી લશકરમાં દાખલ થએઆં હતાં.

**મોંઘી મોજ**—એવું કહેછે કે પારીસ આપેરામાં જીઆરે બાલ થાએ છે, તીઆરે એક બાલની પછવારેમાં ઘણો ૧૪૦૦૦૦ ફરાકસનો ખરચ થાએ છે!

**ખાલી જમીન**—શોધ ઉપરથી એવું જણાઈઉં છે કે ઉતર ધરૂવની આસપાસ ૧૧૩૧૦૦૦ ચોરસ માઈલ જમીન ખાલી પડેલી છે.

**ખાંપણ વાલાં છોકરાં**—આખાં ગરેટ બરીટનમાં બધાં મલીને ૩૦૦૦૦ છોકરા ખાપણ વાલા છે, તેમાંથી કેટલાંક કુદરતી તેવાં જનમેલાં છે, અને કેટલાંક મા બાપોની ગેરસંભાલથી તથા કાંઈ કુદરતી અકસમાતથી એવાં થએલાં છે. એવાં બધાં સાહાજા થાએ, અથવા નહીતો તેઓ ઉદીઓગ શીખે એવાં ઘણાંક ધરમનાં મકાનો તીઆં કાહાડવામાં આવેલાં છે.

## સમશીઆ.

### ચોપાઈ.

(૧) જેના પેટમાં આપણ જમે,
પ્રાણ એક પલમાં તજી દમે;
જો તે આવે આપણ માહ્ય,
પ્રાણ આધાર મોટો કહેવાય.

(૨) લંગડાંને પગવાલાં કરે,
પગવાલાંને લંગડાં કરે;
પોતાથકી નવ થાએ કંઈ;
કરનારો તો બીજોજ સહી.

(૩). મુખ નહીં પણ બોલું સર્વ.
ઉત્તમ પણ નવ રાખું ગર્વ;
જગત ભરમ ખુબ મુજની માહ્ય,
કાલે ધોલું ધોલું થાય.

(૪) બલું ખરો પણ બાલું નહીં,
આઉં જાઉં પણ ચાલું નહીં;
એકે વર્ષે વસું બે ઠાર,
ઉંચ ગગન નીચ પાણી અપાર.

## ખોલાસો.

(૧) દરૂ. (૨) દારૂના દાણા. (૩) હીરો. (૪) બર, બાર, બીર, બોર, બારી આંખ—ઘરની બારી, બારૂં.

## પકવાન વગેરે બનાવટ.

**આરંજની બીસકીટ**—થોડાંક સોજાં આરંજ લઇ, તેઓ સારીપેઠે નરમ થાએ તીઆંવેર બાફવાં; બાફતાં તરણ ચાર વેલા તેમાનું પાણી બદલવું, પણ બદલતી વેલાએ . . પાણીજ નાખવું; કેમકે એથી તેમા જે કવડાશ હશે તે નીકલી જશે. બરોબર બફાઇ રહે ને નીચે ઉતારવાં, અને દરેકની બબે ચીર કરી માહેથી ગર કાહાડી નાખી કોટલાં રહે તેમને તોલી, તેના બે ભાગ જેટલી બુરાખાંડ માહે ભેલી તેમને ખુબ મસલી નાખવાં. જીઆરે તે મસલાઈને ખુબ માવાં જેવું થાએ, તીઆરે તેને રોટલીની માફક વણી, રકાબીમાં નાખી, એક આખો દાહાડો સુકાવા દેવું બીજે દાહાડે તેમાંથી તરેવાર જાતનાં તથા તરેવાર કદના કકડા કાપી; તેનું ઉપલું પડ નીચે જાએ એવી રીતે બીજી રકાબીમાં મેલી તે રકાબી, જીઆંવેર તે લુંજાઈને બીસકીટ જેવી થાએ તીઆંવેર ઈંગારની આગલ રાખી મુકવી.

**બદામની બીસકીટ**—એક રતલ બુરા ખાંડ લઈ તેમાં, બે આઉંસ બદામ કાપીને, તથા બે ઇડાં સારીપેઠે માલવીને મેલવી દેવાં, અને ઉપરથી જરાક બદામનુ તેલ અથવા અરખ નાખવો. પછે થોડોક આટો લઈ, તેમાં જેટલો માએ તેટલો મેલવી, મસલી માવા જેવો કરી, બીસકીટ બનાવવાનાં પતરાંમાં, પરથમ માહે આટો લગાડી, તેમાં ભરી ધીમી ભઠીમાં ભુજી કાહાડવી.

**આરંજની જેલી**—તરણ આઉંસ ખાંડને એક પેંટ તાજા પાંણીમાં પીઘલાવી, તેમાં એક આરંજની બારીક . . . ને . . . ના દોહોડ આઉંસ આઈસીંગ

લાસ, અને રંગને માટે જરા કેસર, તથા ગમેતો થોડીક તજ, એટલું નાખી તેને ચુલાપર મેલવું, અને જીઆરે તેમાંની આઈસીંગગલાસ પીઘલી રહે, તીઆરે તેમાં તરણ આરંજનો રસ રેડવો, અને પછે સારીપેઠે હોહોવી, બારીક ચાલણી અથવા ફલાનલમાંથી ગાલી, વાસણમાં ભરી ઠંડી જગાએ મેલવું. કાહાડતી વેલાએ પરથમ તે વાસણને ગરમ પાંણીમાં બોલવું:

## એક રમુજી વારતા.

એક દાહાડે, લનડનની પોસટ આફીસના બાકસ માં એક "લાઉડર" (લાઉડર બોલનો અરથ અંગરેજીમાં "મોટે બોલ" થાએ છે) નામના સખસે મોડું ખોસી માહે બેઠેલા કલારક પાસે પોતાનુ કાગલ માગીઉં. કલારકે તેને પુછીઉં, "તમારૂં નામ શું ?" તે બોલીઓ, "લાઉડર;" તીઆરે પેલો કલારક સમજીઓ કે તે મને મોરે બોલવા કહે છે, તેથી તેણે ફરીને જરા મોરે સાદે પુછીઉં, "તમારૂં નામ શુ ?" પેલો સખશ સમજીઓ કે તેને બરોબર સંભલાઈઉં નહી હશે, તેથી ફરીથી બોલીઓ, "લાઉડર;" પેલો કલારક સમજીઓ કે તે બીચારો બેહેરો હશે તેથી તે હજુ મોટે બોલવા કહે છે, ફરીને મોટે સાદે પુછીઉં, "તમારૂં નામ શું ?" તીઆરે પેલો સખશ સમજીઓ કે, તે કલારક કાને બેહેરો હશે! તેથી તે હજુ મારૂં નામ સમજતો નથી, તેથી તે ફરીને મોટે સાદે બોલીઓ "લાઉડર;" એ જોઈને પેલો કલારક ચીરડાઈ ગએઓ, અને "તમારૂં નામ શું ?" એ તેણે એવાતો મોટા પોકાર થી પુછીઉં કે આખી પોસટ આફીસમાં તે સાદ ઘુમી રહેઓ, અને પેલો બીચારો શખસ પણ પરથમમાં ચોંકી, પછે ઘણેજ મોટે સાદે બોલીઓ, "લાઉડર, સાહેબ, લાઉડર, મેં તમોને કહીઉં કે લાઉડર, એ વીગર મારૂં નામ બીજું છે જ નહી." તીઆરે પેલો કલારક સમજીઓ કે, તે બેહેરો નથી, પણ તેનું નામજ "લાઉડર" છે, તેથી તરત તે નામનું કાગલ જોઈ કાહાડી તેને આપીઉં !

## શેર બજારનુ ગીત.

"ભુલ્યો મન ભમરા તું કયાં ભમ્યો"

એ રાગનુછે.

શેર બજારે આ શું કર્યું, વાલ્યો દુનિયાનો ડાટ;
લાજ લિધી લાખો લોકની, ઉપજાવ્યા ઉચાટ. શેર: ૧

પ્રથમ તો પૈસા પમાડીઆ, લલચાવિયા લોક;
મૂડી વિના થયા માનવી, ફાંફાં મારતા ફોક. શેર: ૨

બાગમાં બહુ સારો શોભતો, જેવો ફૂલનો ફાલ;
જેવો તમાસો જાદુતણો, તેવો થઈ ગયો તાલ. શેર: ૩

મુંબઈની મોટી સાહેબી, સુખ સ્વરગ સમાન;
દિલગિરિ વાળી દેખાયછે, જેવું મોટું મશાણ. શેર: ૪

નૂર ગયું નર નારિનું, મુખ ઝાંખાં જણાય;
શત્રુને લશકરે લૂટિયા, એવું હોળ દેખાય. શેર: ૫

કઈકે વાશણ ઘર વેચિયાં, વેચ્યા બંગલા બાગ;
કઈતો કરજ દરિયે પડયા, તેનો ન જણાય તાગ. શેર: ૬

ભલારે ભલાને ભુલાવિયા, ભૂલ્યા ડાહા દિવાન;
હાણ અને હસવું થયું, ખોઈ સુધ્ધ ને સાન. શેર: ૭

એક સંકટ આ જુગારનું, બીજો રૂ તણો રોલ;
ત્રીજું કોગળિયું તુટી પડયું, ઘરા થઈ ઘર ખોલ. શેર: ૮

કશિ ચતુરાઈ ચાલે નહી, દીસે દૈવનો કોપ;
કયાંથી આવ્યું નાણું કયાં ગયું, એમ થયુરે અલોપ. શેર: ૯

સ્વપનમાં સમૃધિ જે સાંપડી, ગઈ સ્વપનાનિ સાથ;
અંગે પિડા ઉલટી વધી, વાગ્યા છાતિયે હાથ. શેર: ૧૦

કઈકે સમા મેલી રખડતી, મેલ્યાં રઝળતાં બાળ;
નાશિ છુટયા નર એકલા, આવ્યો કઠણ આ કાલ. શેર:૧૧

ક્રોડપતી હતા કઈક તે, થયા કોડીના આજ;
અતિશે વધારેલી આબરૂ, તેની લૂટાણી લાજ. શેર: ૧૨

જ્યારે જવા બેઠી લક્ષમી, જુઓ દૈવનો ખેલ,
દરિયો પુરાવાનુ દિલ થયું, ભૂલ્યા અધિક ભણેલ. શેર: ૧૩

નાણુ નાખ્યું ખારા નીરમાં, જાણ્યું ઉગશે ઝાડ;
લક્ષમી તણા ફળ લાગશે, થાશે સોનાનાં પહાડ. શેર: ૧૪

વાંક નથી એમાં વિશ્વનો, કીધો કર્તારે કોપ;
આખો અંજાઈ અજ્ઞાનથી, થઈ અકલ અલોપ. શેર: ૧૫

ઓગણિસેં એકવીશનું વિક્રમાજિત વર્ષ;
સાંભરશે આતો સર્વને, ઉતર્યો સઉનો અમર્ષ[a]. શેર: ૧૬

ચતુર ઘણાએ ચેતાવતા, ભાખી લખતા ભવિષ્ય;
ચેતી શકે કેમ ચિતમાં, જ્યાં રૂઠયા જગદીશ. શેર: ૧૭

ઘાયલ કઈક ઘણા થયા, જોતાં એવા જણાય;
આખી ઉમર લગી એહના, નહી ઘાવ રૂઝાય. શેર: ૧૮

ફુકી ફુંકી પગ માંડતા, બિહિતા માંખિથિ મન;
ફાંદામા આવી ફશી પડયા, તેનાં તરફડે તન. શેર: ૧૯

દેશ આખે દવ લાગીઓ, એતો કેમ ઓલાય;
શું જાણિયે હવે શું થશે, કહ્યું કશું એ ન જાય; શેર: ૨૦

કઈકે હબક ખાધી કારમી, થયા ચિતભ્રમ રોગ;
નાણુ જતાં લાજ નવ રહી, જોજો કર્મના જોગ; શેર: ૨૧

સત્ય તજ્યાં સત્યવાદિએ, તજ્યા બોલેલા બોલ;
ભડનર જે ભારે ખમ હતા, તેનો પણ ઘટયો તોલ; શેર: ૨૨

ઘરમાં સંતાઈ ઘણા રહે, લાગે લોકમાં લાજ,
મરણ ઈછે કઈક માનવી, દેખી ન ખમાય દાઝ; શેર: ૨૩

પ્રભુને જાચું કરિ પ્રાર્થના, એજ છેલો ઉપાય;
દલપતરામના દેવ તું, સઉની કરજે સહાય, શેર: ૨૪

[a] ગર્વ.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. મે ૧૮૬૫ આંક ૫ મો.

## સ્ત્રીની વફાદારી અને વચન.

એક વારતા.

### પરકરણ ૭ મું.

### ખરી વફાદારી.

શીરીન બીચારી જીઆરે ચોરોને હાથ સપડાઈ, અને તેઓ તેને લેઈ ચાલવા લાગા, તીઆરે તે ઘણીજ ગભરાવા લાગી, અને ડર પકી દેવાની સરખી થઈ ગેઈ. શીરીનને એટલી બધી ભએમાં જોઈ તે ચોરોએ તેને જણાવીઉં, કે તેણે એટલું બધું બીહવું નહી, કેમકે તેઓ તેને તેમનાં સરદાર પાસે લેઈ જાએ છે, જે જાતે ઘણોજ દએઆલુ છે, અને સીઓની ઉપરતો તે એટલી રેહેમ નજર રાખે છે કે, તેનો પાર નથી. એટલું કહી શીરીનને, તેમનાં સરદાર પાસે લેઈ જવાને, તેઓ બધેનાં એકને હવાલે કરી બીજાઓ આગલ ચાલી ગએઆ. જીઆરે શીરીને ઉપલા શબદો સાંભલીઆ, તીઆરે તેને કેટલીક ધીરજ આવી, અને જરા હીમત પકડી મકમ થઈ તે ચોરની સાથે ચાલવા લાગી. પણ એવામાં પસંગ, શીરીનને મેહેલમાંથી જતી રેહેવાની ખબર ફેલાતાંજ પોતાનાં નોકર (જીલીકા) ની સાથે તેને શોધવાને તે જંગલમાં આવી ભટકતો હતો, તે તેમની સાંમણે આવી લાગો, અને કેટલીક મેહેનતે તે ચોરનાં હાથમાંથી શીરીનને છોડાવી લીધી. એથી કરી શીરીનને બેહદ ખુશાલી ઉપજી, અને પસંગનો ઘણોજ ઉપકાર માનવા લાગી, પણ તેનાં મોડામાંથી તે ઉપકાર ભરીઆ શબદો પુરા નહીં થએઆ એટલામાંજ તે પાછો પોતાની બેવકુફી પરમાંણે શીરીનની આગલ પોતાની આગલી માંગણી કરવા લાગો, અને તેને એ વેલાએ જે તેણે કીમતી મદદ કરી તેને માટે તે તેને પાર ચહડાવી તેની શરમ ભરેલી માંગણી કબુલ રાખવાને ફરજ પાડવા લાગો. એ વેલાએ બીચારી જેલીકા, જે અહીં શુધી એક નોકરનાં પોશાકમાં, તેના બેવચની પસંગની સાથેજ હતી, તેણે ગભરાઈ જઈ, પસંગને માટેની સઘલી આસા છોડી, અને પોતાની આસાનો તથા અતીઆર શુધી તેણે કોશેશ અને મેહેનત કીધી તેનો ભંગ થએઓ એવી ધાસતીથી તે રડવા સરીખી થઈ ગઈ; કેમકે તેણે જાણીઉં કે પસંગે શીરીન ઉપર જે આવો મોટો ઉપકાર કરીઓ છે, તેને માટે હવે તે પસંગની માંગણી કબુલ રાખીઆ વીના રેહેનાર નથી. પણ શું જમીનમાં જડ ઘાલેલો પાહાડ કોઈબી જાતનાં તોફાંનથી હીલે છે? શું ખરો હીરો તે કોઈવાર ખોટો થાએ છે! તેમ શું શીરીનનો હોસંગ ઉપરનો જે ખરો અને મજબુત જડ પકડેલો પીઆર તે કાંઈ પસંગનાં આટલા ઉપકારથી હીલી શકે છે! ના, એવું કદી બને નહીં. ખરા પીઆરની ઉપર કશાની અસર થતી નથી, અને તે કશાથી ધોએલો ધોવાઈ જતો નથી. શીરીન ગમે એવાં શંકટમાં હતી, અથવા પસંગનાં ગમે એવા ઉપકાર તલે દબાઈ હતી, તોપણ તેની એવી કઢંગી માંગણીને તરતજ આગલની માફક ધીકારી કાહાડી, અને તેની એવી ચાલને માટે તેને દોષ દેવા લાગી.

સચાઈની હમેસ ફતેહ હોએ છે, સચાઈને હમેશાં જશ હોએ છે; સચાઈને વલગી રેહેવામાં જેણે અંતવેર કોશેશ કીધી, તે પોતાની મુરાદમાં ફાવીઆ વીનાં કદી પણ રેહેનાર નહીં. સતીઅતા એ ગોએઆ ખોદાનો જમણો હાથ છે, જેને પકડી રેહેતાં, માંણસ પરથમ ગમે એવી દુખી હાલતમાં આવવા છતાં આકેબત તે પોતાની મુરાદમાં પાર પડે છે. બીઆબાન અને ભએંકાર જંગલમાં એક, તરફથી નીમખહરામ પસંગ શીરીનને સતાવે છે, અને બીજી તરફથી ભલી શીરીન તેને તુછકારી કાહાડે છે, તથા નીમખહલાલ જેલીકા શોકમાં ગરકાવ થઈ ઉભેલી છે, તેવામાં હોસંગ તીઆ એકાએક આવી પોંહોંચીઓ, અને શીરીન તથા પસંગને તીઆં ઉભેલાં જોઈને, તથા પસંગને શીરીનને સમજાવતો જોઈને ભારે અચરતીમાં પડીઓ; તેમજ પસંગ માટે તેના મનમાં મોટો ધીકાર છુટી આવીઓ. હોસંગને જોતાંજ પસંગનું મોડું ફીકું પડી ગઈઉં, અને શરમથી તેનું માથું નીચું થઈ ગઈઉં. તેણે જે માહાભારત દુખ હોસંગને દીધું હતું તેને માટે તે તરત પસતાવો કરી તેની પાસે માફ માંગવા મંડી ગએઓ, અને ભારે પરેશાન થઈ ગએઓ. ભોલો હોસંગ! તે અસલથીજ ખુલાં અને માએઆલુ દીલનો હતો, જેથીજ આજે એટલો બધો દુખી થએઓ હતો, અને પોતાની વાહાલી અને નીમકહલાલ શીરીનને દુખી

કીધી હતી, તેથી તરત તેણે પોતાના મન માહેલો સઘલો ગુસો દુર કીધો, અને પસંગને તેની તકશીર માફ કરી તેને પાછો પોતાનો મીતર ગણેઓ. એવામાં જેલીકાએ એક વીટી, જે વીટી પસંગે તેને ઈજદ મદે, પોતાના પીઆરની નીશાની દાખલ આપી હતી, તે કાહાડી, "આએ વીટી મારા શેઠે (પસંગે) શીરીનને આપવાને કહી હતી, તે હું તેને આપવાને ભુલી ગઈ" એવું બોલી ઝટ તે પસંગના હાથમાં આપી. પસંગ તે વીટોને જોતાંજ ભારે અચરતીમાં પડીઓ, અને ઘણોજ આતુર થઈ જેલીકા, તેની નીમખહલાલ જેલીકા, જે તેની શામણે ખીદમતગાર થઈનેજ ઉભેલી છે, તેને પુછીઉં, "આ વીટીતો મેં જેલીકાને આપી હતી તે છે, માટે તે તારા હાથમાં શી રીતે આવી ?" એ સાંભલી જેલીકાનું મોહું, લાલ થઈ આવીઉં, અને આખરે તેણે પોતાનો લાંબા વખતના ભરમનો પરદો ખોલવાનો મનમાં થડાવ કીધો. તે હીમતથી તેમજ અસરકારીક શબદોથી બોલી— એ વીટી મને જેલીકાએજ આપી હતી, અને તે જેલીકા પોતેજ અહીં લઈને આવેલીછે. આ શબદો સાંભલતાંજ પસંગ ગભરાટમાં પડી ગએઓ, અને નજર થેડવી તેના મોહડાં તરફ જોતાંજ તેને માલમ પડી આવીઉં કે, જે જુવાન છોકરો આજ કેટલુંક થઈઉં તેનો ખીદમતગાર થઈને રહેલો છે, અને તેના સરવે દુખ તથા સંકટમાં ભાગ લે છે, તે કોઈજ નહી પણ તેની નીમખહલાલ, અને ખરેજ નીમખહલાલ જેલીકા છે ! હા ! એ વેલાએ પસંગના મનની હાલતનો કોણ ચીતાર ચીતારી શકે ! તેની ઉપર પડેલી બેવડ ચોવડ શરમના બોજાનું કોણ વજન કરી શકે ! તો પણ તે ખરેજ ભાએગસાલી—તેના ઉપર ખરેજ ખોદાની મોટી મેહેરબાની: તેનો પાહાડ જેવો અનેઆએ તેના ભલા મીતર હોસંગે તેને માફ કીધો, અને તેનો પરવત જેવડો વાંક તેને ખરેજ ચાહાનારી વાહાલીએ માફ કીધો. એ વેલાએ, જેલીકાનો આવો બેહદ પીઆર, અને પોતાની તરફની આવી બેહદ નીમખહરામી જોઈ પસંગ એટલોતો શરમ અને પસતાવામાં ગરકાવ થઈ ગએઓ, કે જો સેને તેના બંને વાહાલા મીતરો માફ કરી, પોતાની મીતરાઈમાં પાછો લે નહીતો ખરેજ તે તે વેલાએ મરણ પામવો જોઈએ. જેલીકા જેવી ઓલખાઈ તેવીજ તે પસંગને ભેટી પડી, તેની ઉપરનો પીઆર તેના દીલમાથી એક રતી પુર પણ ઓછો થએઓ નથી એવું જણાવી તેને પોતાનો ખાવંદ કરવાનો કોલ તાજે કરીઓ અને તેને મોટો દીલાસો દીધો. પસંગ એથી કરી પોતાની સઘલી ગમગીની ભુલી ગએઓ, અને જેલીકા પાસે માફ માંગી તેનો હાથ હમેશવેર પકડવાને અને જીઆવેર તેની ઘાંટીમાં પરાણ આવે તીઆંવેર તેને સુખી કરવાની કોશેશ કરવાને ખરાં દીલથી વચન આપીઓ, અને તેની શામણે હોસંગની પાસે શીરીન ઉભી હતી; તેની પાસે પણ માફ માંગી પોતાની આગલી ચાલનો પસનાવો દીધો.

ને તે મોટી હીમત તથા જુસાથી બોલીઓ, "શામ, તું દુર ઉભો રેહે: જો ફરીને તું એમ બોલીઓ, કે શીરીન મારી છે, તો એમજ જાણજે કે તેજ વેલાએ તારૂં મોત આવીઉં." વલી તે બાહાદુર હોશંગ હાથમાં ઉભી તલવાર પકડીને બોલીઓ, "આ શીરીન અહીંઆં ઉભી છે, એને મારી છે, કરીને તારા સવાંધીનમાં લેવાને જરા એને આંગલી બી લગાડ પછે જો હું તને અહી શું કરૂં છુ." શામ અસલથીજ જાતે કમઅકલ અને હીચકારો હતો, અને તેનેજ માટે શીરીને તેને પોતાનો સદાનો સાથી કરવાને ધીકારી કાહાડીઓ હતો, તેથી તે ડરી જઈને શીરીનની નજદીકથી દુર ખસી ગએઓ, અને હેમકની જાફક બોલીઓ, "હું એવો બેવકુફ નથી કે એક એવી છોકરી, જે મને મુદલ ચાહાતી નથી, તેને માટે તાહેક મારો પરાણ ખોઉં" ! કરમાનનો પાદશાહા જે જાતે ઘણો બાહાદુર હતો, અને બાહાદુરી તથા બાહાદુરને તે ઘણોજ ચાહાતો હતો, તેથી શામને આવાં હીચકારાપણાંથી હઠી ગએલો જોઈ ઘણો ગુસામાં આવી ગએઓ, અને તેને ધીકારી નાંખીઓ. તેને એક રાંડીરાંડનો એલકાબ આપીઓ, અને હોસંગની તેની તકસીર છતાં ભારે તારીફ કીધી, અને તેને ઘણાંજ પીઆરથી ચાહાવા લાગો. એ અવીચારી પાદશાહા અને ઘાટકી બાપે હમણાંજ પોતાની ચુક જોઈ, અને હમણાંજ તે સમજીઓ કે, શીરીનને લાએકનો ભરથાર હીચકારો શામ નથી, પણ બાહાદુર અને ચાલાક હોસંગ છે. હવેજ તેણે જાણીઉં કે પરથમમાં શીરીનનાં લગન તેનાં લાએક ભરથાર હોસંગ સાથ કરવાને ના પાડવાથી જે તેમની ઉપર ઘાટકીપણું ગુજરીઉં હતું, તેમાંથી મોકલો થવાને જે બંને જને મારગ એખતીઆર કીધો હતો તે ઘટતોજ હતો. એ પરમાંણે પાદશાહે કેટલોક વીચાર કરવા પછી તે શામની તરફ ફરીને બોલીઓ, "આટલી ધમકીથી ડરી જવું, અને પાંચ માંણસમાં આવું હીચકારાપણું બતાવવું, એ જેવું પાદશાહી ખાનદાનનાં બચાને નીચ અને શરમ ભરેલું બીજુ કશું નથી." પછે હોસંગની તરફ ફરીને બોલીઓ, "બાહાદુર હોસંગ, હું તારી આવી બાહાદુરીને માટે તારી ઘણીજ વખાંણ કરૂછું, અને તુને એક મોટી શાહાનશાહાજાદીનો ભરથાર થવાને લાએક ગણુછું. હું શીરીનને તુનેજ આપુછું, કેમકે તેનો હાથ પકડવાને તું પુરતી રીતે લાએક છે." એટલું બોલી તે સઘલાંઓએ કરમાન તરફનો રસતો લીધો, અને થોડા વખતમાં મેહેલમાં પોંહોંચીઆ. અલબતે આએ ઘણોજ ખુશાલી ભરેલો વખત હતો, પણ પસંગનું દીલ, તેની નીમખહરામીને માટે હવે તેને એટલુંતો દંખતું હતું, કે તેની સઘલી ખુશી ખુશાલી ગુમ થઈ ગએલી હતી, પણ પોતાનો જરા ટેક રાખવાને, અને તેની વાહાલી જેલીકાને ખુશી રાખવાને તે બાહારથી ખુશી ભરેલો દેખાવ રાખતો હતો. બીજે દાહાડે લગનની મોટી ધામધુમથી તઈઆરી થઈ, અને પાદશાહે પોતે આગલ રહીને, પોતાની છોકરી શીરીનનાં હોસંગ સાથે, અને જેલીકાનાં પસંગ સાથે લગન કરી આપીઆં; હવે બંને જોડાં ખુશી ખુશાલીથી પોતાનાં દાહાડા ગુજારે છે, એવી રીતે ઉપર. ... પોતાની રીતે જાલવે છે, અને પોતાનાં ધનાર

ભરથારની ગમે એવી અનઘટતી ચાલ છતાં તેની સેવા બ જાવે છે. એવી સ્ત્રીઓ પરણ્યા પછે પોતાનાં ભરથારને, કે વો સુખી કરે, તે માતરે ફરેસતાઓજ કહી શકશે.

---

## મહારાણી વીકટોરીઆ અને તેની એક સાદી મુસાફરી.

મોટાઈ હમેસાં સાદાઈમાંજ જણાએ છે. મોટી ધામધુમ અને ભપકો કરવો એ ઘણી વેલા હલકાં અને છાલકાં માણસનુ કામ ગણાએ છે. દુનીઆંમાં કેટલાક મોટા માણસો ભારે સાદાઈ બતાવી ગએઆ છે, તેમાંની હાલ એક આપણી મહારાણી વીકટોરીઆ છે. જો કે એ નામવર બાનુ, આજે માણસ જાતમાં સઉથી ચહડતી પદવી ધરાવે છે, તોપણ તે ઘણીજ સાદી રીતે રહે છે, અને પોતાની પરજાની સાથે પરીત ભરીઆં દીલથી ચાલે છે. એ નામવર રાણીએ ૧૮૬૨ નાં વરસમાં સકાટલંડનાં પાહાડી ભાગમાં એક મુસાફરી [illegible] હતી, જે એવીતો સાદી [illegible] અને છુપાછુ[illegible] ની, કે જીઆરે તેની લો કોને ખબર પડી [illegible] ભારે અચરતીમા પડીઓ [illegible] રાણી આવે છે એવુ જાણીને ઠારેઠારે ધામધુમ મચ[illegible] રહે, અને લોકોનાં ટોલેટોલાં તેને જોવાને એકઠાં થાએ, એવુ તે નામવરને ન ભાવીઆથી એ મુસાફરી એવી છુપી અને સાદી રીતે કરી હતી.

તારીખ ૮ મી અકટોબર ૧૮૬૨ ને દીને નામદાર રાણી વીકટોરીઆ, પોતાના વડા દીકરા અને બે દીકરીઓ, પરીનસેસ લુઇઝા અને પરીનસેસ લુઈ આપ હેસીની સાથે મુસાફરીએ નીકલી. આખો દાહાડો મુસાફરી કરીઆ બાદ તેઓ હીંગસી નામની જગાએ આવી પોહોંચીઆં, અને ગરાંટ આરમસ નામની ધરમશાલા અથવા પોંહોંચખાનામાં ઊતારો લીધો. તેઓએ તીઆં ઊતારો લીધા પછે, તેમની સાથે, તેમનો કારોબાર કરવાને સર જીઓરજ ગરે નામનો ઊમરાવ હતો, તે, તેમને તીઆં મેલી, તેમને માટે, બીજી મંજલે આવતાં દલવાહીની નામના પોંહોંચખાનામાં તઇઆરી કરવાને ગએઓ. એ પોંહોચખાનાંનો માલેક મી૦ પલર નામનો પુરૂષ હતો, તેને તેણે એકદમ જણાવીઉં કે નામદાર રાણી કાલે અહીંઆં આવશે, માટે તેનાથી બને તેટલી તઇઆરી કરી રાખવી. અનચીતી આવી ખબર સાંભલવાથી મી૦ પલર અચરતીમા તેમજ ગભરાટમાં પડીઓ, પણ સર જીઓરજ ગરેએ તેને ધીરજથી જેટલું બની આવે તેટલુજ તઈઆર કરવાને ફરમાવીઊ, પણ એ વાતથી તેણે તેના ચાકરો વટીકને પણ જાણીતા કરવાને શકત મના કરી તે ઊપરથી મી૦ પલર છુપી રીતે પોતાની તઈઆરી કરવા પડીઓ, અને સર જીઓરજ તરત હીંગસી પાછો ફરીઓ.

બીજે દાહાડે સહવારનાં નામદાર રાણીએ નીકલવાની તઈઆરી કીધી, જેને માટે, તે પોંહોંચખાનાંની માલેકણ, જે મીસીસ હોબ નામની એક સ્ત્રી હતી, તેણે કેટલીક મેહનતે બે ગાડીઓ તઈઆર કરી. તેમાં એક ઘણીજ અસલી ફેશનની અને બેડોલ, પણ મોટી, અને બીજી લગાર સોભીતી અને નાંની હતી. અલબતે તે શોભીતી ગાડી પેલા પાદશાહી કુટુંબને માટે હતી, અને તે પરમાંણે તેઓ તેમાં બેઠાં, પણ તે કદમાં નાની હતી માટે અગવડ પડવાથી તેઓ તેમાંથી નીકલી પેલી મોટી ગાડીમાં બેઠાં, અને સર જીઓરજ નાની ગાડીમાં બેઠો દલવાહીનીનાં પોંહોંચખાનાં આગલ, ગાડી આવવાને વખતે તેનો માલેક મી૦ પલર અને તેનો છોકરો એ બંને જન, નામવર રાંણીને લેવાને બારણામાં તઈઆર થઇને ઊભા હતા, અને સઘલી પરકારની સફાઈ તથા તઈઆરી કરી મેલી હતી. વખત થતે દુરથી ગાડીઓ આવતી નજર પડી, અને મી૦ પલર નામવર રાંણીને લેવાને તઈઆર થએઓ. પણ પેહલી ગાડી, જેમાં નામવર રાણી અને તેનો શાહાજાદો તથા શાહાજાદીઓ બેઠેલાં હતાં, તેને ઘણીજ જુની અને બેડોલ જોઇ, તથા તેમાં જોડેલા ઘોડા અને તેનો હાંકનાર એ સઘલા લોથાર જેવા જોઈ તે સમજીઓ કે એ ગાડીમાં નામદાર રાણીનાં ખીદમતગારો હશે, અને પછવાડે જે ગાડી આવે છે, તેમાં તે નામવર પોતે હશે એવું સમજી જેવી તે ગાડી બારણામાં આવીને ઊભી, તેવુજ તેનું બારણુ ઊઘાડી કશો પણ ઘટતાં અને મોટાં માન વગેરે ઊતાવલમાંજ નામવર રાંણીને, રાણીની દાસી જાણી, પલરે હાથ ધરીને ગાડીમાંથી ઊતારી પછે તેની શાહાજાદીઓને પણ તેવીજ ઊતાવલથી ઊતારી પછવાડે આવતી ગાડીમાંથી રાણીને ઊતારવાને તઈઆર થઇને ઊભો. પણ તેમાંથીતો એખવો

સર જીઓરજ નીકલી આવીઓ, અને તેણે મી૦ પલરને જણાવીઊં કે જે સ્રીને તેણે પેહલે ઊતારી તે પોતેજ નામવર રાણી છે. એ સાંભલતાંજ મી૦ પલર ગભરાઇ ગએઓ, પણ નામવર રાણીએ તથા તેની શાહાજાદીઓએ તેને જરા પણ ગભરાવાને ના પાડતાં, તેઓ તેનાંથી ઘણાં ખુશી થએઆંછે એવું જણાવીઊં.

તીઆંથી ઊઠેલી, તે નામવર બીજી મનજેલે બલેર એથોલ નામના પોંહાંચખાંનામાં ઊતારો લેનાર હતી, જેને માટે તઈઆરી કરવાને, આગલની માફક સર જીઓરજ તીઆં દોડીઓ, અને તીઆંના પોંહાંચખાંના વાલાને સઘલું જણાવી પાછો ફરીઓ. પણ ડેલવાહીની અને બલેર એથોલની વચે ડેલનેકારડોકનામનું પોંહાંચખાંનું હતું, અને તેઓમાં એક બીજા વચે એવો બંદોબસત હતો કે, એક પોંહાંચખાંનામાંથી મુસાફરને જોડી આપેલી ગાડી તથા ઘોડા બીજાં પોંહાંચખાંનાની હદની પેલીમેર નહી જાએ, પણ તીઆંથી તે છુટાં થાએ અને તેને બદલે પેલાના લેવામાં આવે, તેટલા માટે ડેલવાહીનીના પોંહાંચખાંનાવાલાએ ડેલનેકારડોકના માલેકને રાતોરાત જણાવીઊ હતું કે, ર રાણી આવતીકાલે બલેરએથોલ તરફ જવાને આવી લાગશે, માટે તેણે ઘોડા તઈઆર રાખવા. પણ મી૦ પલરનો માણસ તેને જઈને કહે તેટલાંમાં તેને એ વાતની ખબર બલેરએથોલ તરફથી મલવાથી, તે તે વીશેની તઈઆરી કરવાજ મંડી ગએઓ હતો.

ડેલવાહીનીના પોંહાંચખાંનામાં રાતવાસો રેહવા બાદ સંહવાર પડતાં નામવર રાણી પોતાના નાના કુટુંબ સહીત, પેલીજ મોટી અને જુની ગાડીમાં સવાર થઈ, બલેરએથોલ તરફનો રસતો લીધો. ડેલવાહીનીથી જે ઘોડા નામદાર રાણીની ગાડીને મી૦ પલરે જોડી આપીઆ હતા, તેને માટે તેના હાંકનારને તેણે તેમના ધારા પરમાણે એવો હોકમ આપીઓ હતો કે, તેણે ડેલનેકારડોકના હોટેલ આગલ જઇ તે ઘોડા છોડી નાખવા, અને હરગેજ આગલ જવું નહી. પેલીમેર ડેલનેકારડોકના માલેકે કેટલીક ઘણીજ શુંદર ઘોડાની જોડીઓ, અને શુંદર પોશાકના હાંકનારાઓ તઈઆર રાખી, તથા નામદાર રાણીને વાસતે એક જાતનું ઘણુંજ સરસ શરખત બનાવી, તે નામવરને આવતાં વાર હાજર કરવાને માટે પોતે તઇઆર થઈને ઊભો હતો. બરોબર વખત થતે દુરથી નામદાર રાણીનું પેલું વાંહાણ જેવું ખડખડીઊં આવતું જણાઈઊં, જે જોઈ ડેલનેકારડોકનો માલેક સમજીઓ કે એમાં નામદાર રાણીના ખીદમતગારો હશે, અને તે પછવાડે આવતી હશે. અંતે પેલી મોટી ગાડી ડેલનેકારહોકનાં બારણામાં આવીને ઊભી, પણ તેની કોઈએ દરકાર કીધી નહીં. ડેલનેકારડોકના માલેકે, તથા જે બીજાંઓ, નામવર રાણીનું મોહો જોવાને આવીને ઊભાં હતાં, તેઓએ જોઈઊં કે ગાડીમાં એક સ્રી, બે છોકરી અને એક છોકરો છે, પણ તેમને નોકરજ સમજીને, સઘલાં તેમને પડતાં મેલી ઇનતેજારીથી પછવાડે જોવા લાગાં કે હમણા રાણીની ગાડી આવશે. નામવર રાણી અને તેની પુતરીઓ પણ ગાડીમાં મુંગે મોડે બેસી રહેઆં, અને જે થતું તે મુગે મોડે જોએઆ કરતાં. એ મામલો જોઇને તે ગાડીનો હાંકનાર તરત ઊતરી પડીઓ, અને ડેલનેકારડોકનાં માલેકને જણાવીઊં કે, એ ગાડીમાં નામવર રાણી છે, માટે તેણે ઝડપથી તેના તઈઆર રાખેલા ઘોડા જોડવા. એ સાંભલી તે પોંહાંચખાનાંવાલો પેલા ગાડી વાલા ઊપર ચીરડાઈ ગએઓ, અને બોલીઓ. "શું તું મને બેવકુફ બનાવવા આવીઓ છે કે, આવા સુંદર ઘોડા, જે નામદાર રાણીની ગાડીને માટે તઈઆર રાખેલા છે તે તેનાં નોકરોની ગાડીને જોડાવે છે? ના, ના; તે કદી એ ઘોડા આએ ખડખડીઆંને જોડનાર નથીઃ ના કદી નહી." એ સાંભલીને જે છોકરો તેને ડેલવાહીનીથી કેહવા આવીઓ હતો, તેણે પણ તેને ઘણું કહીઊં કે એમાં નામવર રાણી પોતે છે, પણ તેણે તે માનીઊં નહી. એ વામાં પેલા ગાડી વાલાનાં કેહવાથી જે નોકર નામદાર રાણીને માટે તઈઆર કરેલું શરખત લઇને ઊભો હતો, તે તે લઇને ગાડી આગલ જવા જાએ છે, તેવામાંજ તેની ઊપર તેનાં ધની, પેલા પોંહાંચખાનાં વાલાની નજર પડવાથી તેણે તેને ધમકાવીને પાછો ફેરવીઓ, અને ગુસામાં આવી બોલીઓ, "શું આવું મજાનું શરખત, જે નામવર રાણીને માટે કરેલું છે તે તેના ચાકરોને પાવા જાઓ છે કે"? એ બધો વખત પેલી ગાડી તીઆંજ ઊભી રેહવાથી, પેલા પોંહાંચખાનાંવાલાનું પાકી આવીઊં, અને એકદમ તેના હાંકનારને કહીઊં કે એ ગાડી અહીંથી બાહાર કાહાડ અને રાણીની ગાડીને માટે જગા મોકલી કર! પણ તે

ગાડી માહેલા ડેલવાહીની ખાતેના ઘોડાતો છોડી ના ખેલા હતા, તેથી તે ગાડી તીઆંથી કેમ ખચેડવી તેનો તેણે વાંધો લીધો. એ જોઈને પેલો પોંહોંચખાનાંવાલો ઘણોજ ચીરડાઈ ગએઓ, અને તેથી બે ઘણાજ મુરદાલ ઘોડા ઊપર શડેલું ટુટેલું હારનેસ નાખી, તે ગાડીમાં જોડવાને આપીઆ, કે જીઆં તીઆંથી તે મોટુ ખડખડીઊ વચમાંથી પતેતો નામદાર રાણીની શુંદર ગાડીને મારે જગા થાએ ! એ પરમાંણે તે ગાડીને ઘોડાતો જોડીઆ, પણ કોઈ હાંકનાર મલે નહીં. આગલો હાંકનાર તો તેના શેઠનાં હોકમ પરમાણે તીઆંથી આગલ જાએ નહીં, અને પેલા પોંહોંચખાનાંવાલાએ પોતાના સુંદર પોશાકના હાંકનારને આપવાને સાફ ના પાડીઊ. આ અડચણથી વલી તે ગાડી જેમની તેમ તીઆં ઊભીજ રહી. આ સઘલો વખત નામદાર રાણી તથા તેની પુતરીઓ ગાડીમાં સુખે મોડે બેસી રહીઆં, અને વચે એક શબદ પણ બોલીઆં નહીં ! એ જોવાથી સઘલાઓની પુરતી ખાતરી થઈ હતી કે, તેઓ નાંમદાર રાણીના નોકર શીવાએ બીજા કોઈ નથી, તેથી સઘલાઓ તેમની કશી દરકાર ન કરતાં તીઆં હસતા, બોલતા, મસતી કરતા, અને રાંણીની ગાડીની રાહ જોતા. અલબતે વીકટોરીઆ સરખી મહારાણી એવો બનાવ એક પલ ભાર પણ જોઈ શકે નહી, પણ તે નામવરે એવીજ રીતે મુસાફરી કરવાનો થડાવ કરીઓ હતો, અને એ સઘલું અજાણપણેજ બનતું હતું, તેથી તે જોઈ તેમને ગુસો ચહડવાને બદલે ખુશાલી ઊપજતી અને ગમત પડતી હતી. આખરે કોઈ હાંકનાર નહીં મલવાથી, અને તે ગાડી તીઆની તીઆંજ પડી રેહેવાથી, એક ભરવાડ, જે બધાં લોકની સાથે ઊભેલો હતો તે તેને હાંકી લઈ જવાને તઈઆર થએઓ. તે પણ એટલીજ મતલબથી કે, તેને બલેર એથોલ તરફ જવુંજ હતું, તેથી તે ચાલતો તીઆંવેર જાએ, તેને બદલે તે ગાડી હાંકી તેપર બેસીનેજ જાએતો ઠીક. અલબતે તે ગાડીની સઊને અડચણ લાગતી હતી, તેથી તે ભરવાડને હાંકવા બેસતાં કોઇએ અડચણ લીધી નહીં, જેથી પેલા મુરદાલ ઘોડાઓની લગામ દોરડાંની માફક તાણી તાણી તેમને દોડાલી તે ખડખડીઊ ભરવાડ હાંકી ગએઓ. એ પીડા પતવા બાદ દુરથી સર જીઓરજની પેલી નાની શોભીતી ગાડી જોરમાં દોડતી આવતી જણાઈ, જેમાં રાણી હશે એમ સમજી બધા પુર ગંભીરાઇ અને તઇઆરીમાં ઊભા, પણ દુરથીજ સર જીઓરજે જોઈઊં કે નામદાર રાણીની ગાડીતો આગલ ચાલી ગઈ છે, તેથી પોતાની ગાડીને ડેલનેકારડોકનાં પોંહોંચખાંના આગલ ઊભી રાખવાને બદલે, એકદમ તેના બારણાપર રહીને તે આગલ નીકલી ગઈ. એ પરમાંણે તે સુંદર ગાડી એકદમ દોડી જવાથી, અને તેમાં માતરે એક પુરૂપજ નજર આવીઆથી, જે બધા મોટી ઈનતેજારીથી તેની આગલ દોડી આવીઆ હતા તે બધા અચરતીમાં પડી ગએઆ, અને જોએઆજ કરવા લાગા કે, એ શું થઈ ગઇઊં ! પણ તેમની અચરતી થોડાજ વારમાં નરમ પડી ગઇ, અને તેને બદલે સઘલાઓમાં નાશીપાએશી પેદા થઇ, કેમકે પછવાડેથી તેઓએ જાણીઊં કે, નામદાર રાણીતો પેલી આગલીજ ગાડી જેને ખડખડીઊં ગણી રખડતી નાખી હતી તેમાંજ ગઇ, અને તેમાં જેમને રાણીનાં નોકરો સમજી બે દરકારપણે બેસી રેહેવા દીધાં હતાં તેજ પોતે નામવર રાણી અને તેનાં છોકરાં હતાં ! આથી કરી બીચારો ડેલનેકારડોકનો પોંહોંચખાનાવાલો ઘણો દલગીર થઇ ગએઓ, અને પોતાના હાથ ને પોંહોંચા ઘસડતો પાછો ગએઓ !

નામદાર રાણી એથોલ ખાતે પોંહોંચી, અને તીઆંના અમીરની મુલાકાત લીધી. તે અમીર પણ, તે નામવરને, આવી સાદી અને છુપાછુપ રીતે આવી લાગવાથી ઘણોજ અજબ થએઓ, અને એથોલના સઘલાં રેહેવાસી પણ તેવીજ અચરતીમાં પડીઆં. ડેલનેકારડોકનાં પોંહોંચખાંનાંનો માલેક જે ઠગાએઓ અથવા બેવકુફ બનીઓ હતો તેની વાત આખાં એથોલમાં અને તે વીગરે બીજી જગાઓમાં ફેલાઈ ગઈ, જેથી બધે તેની હસાહસ થઇ રહી.

---

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૩૩ મો.

પીઆરાં બેન,

ગએઆં પત્રમાં, અમેરીકા મધે યઊરોપીઅનોની શી રીતે વસતી થઈ તે વીશે તમોને કેટલોક ખોલાશો લખી જણાવીઓ હતો, જે તમોને ઘણો પસંદ

આવીઓ હશે એવું હું ધારૂછું. તે પત્રમાં મેં ત
મોને જણાવીયું હતું કે આવતામાં તમોને અંગરેજો
તથા ફરેંચ વચેની લડાઈ વીશે જણાવીશ, તે વીશે
હાલ થોડોક ખોલાશો કરીઆ બાદ એક ઘણીજ અગ
તની બાબદ, જે અમેરીકનોને સવતંતર થવા વીશેની
છે, તે બાબે તમોને થોડુંક લખી જણાવવાની રજા
લઉછું.

ગએઆ પતરમાં લખવા પરમાંણે અમેરીકામાં
યુરોપીઅનોની વસતી થવા પછે, કેટલાંક વરસ ગુ
જરવા બાદ સન ૧૭૫૯ નાં વરસમાં એ લડાઈ ઊ
ઠી હતી. તેનો સબબ એ હતો કે, અમેરીકાનાં ઊત
ર ભાગમાં અંગરેજોની બોહોલી વસતી થઈ હતી, અને
તેઓએ ઘણીક જમીન પોતાને સવાધીન કરી લીધી હ
તી, તેથી ફરેંચ લોકો, જેઓએ કેનેડામાં પોતાનું સં
ઊસથાન કરીયું હતું, તેઓએ તેમનાં હાથમાંથી કેટ
લીક જગા છીનવી લેવાની કોશેશ કીધી. એમાંથી
એ બે ટોલા વચે ઝગડો ઊઠીઓ, અને તેમાંથી અંતે
એક ખુનખાર લડાઈ ઊભી થઈ. એ લડાઈમાં અંગ
રેજોની તરફથી જેનરલ ઊલફ નામનો એક ઘણોજ
બાહાદુર સરદાર હતો, જેણે પોતાની ચંચલાઈ અને
બાહાદુરીથી મોટી લડાઈ કરી, ફરેંચોને હરાવી, તેમ
નાં હાથમાંથી કીઊબેક અને કેનેડા બંને છીનવી
લીધાં, જે આજ શુધી બરીટીશોને તાબે છે. જોકે એ
લડાઈમાં જેનરલ ઊલફની ફતેહ થઈ ખરી, પણ તે
બાપડાને એક ગોલી લાગાથી તે તીઆંજ મરણ પાં
મીઓ હતો. એ લડાઈમાં બંને તરફ ઘણીક ખરાબી
થઈ હતી, અને તેમાં અંગરેજો કરતાં ફરેંચો ઘણા
મારીઆ ગએઆ હતા. એ પરમાંણે થોડા વખત
માં એ લડાઈનો છેડો આવીઓ, અને સઘલી સમા
ધાંની થઈ.

હવે એ બાબદને પડતી મેલી અમેરીકનો સવ
તંતર કેમ થએઆ, તે બાબદ ઊપર તમારૂં ધેઆંન
ખેંચવા માગુછું. આગલ લખવા પરમાંણે તમોને ઇ
આદ હશે કે પરથમમાં અંગરેજો અમેરીકાનાં ઊત
ર ભાગમાં આવીને વસીઆ, તેથી તેઓ ઈંગલંડનાં
રાજની પરજા ગણાતા હતાં. પણ પાછલથી જેમ
જેમ વસતી વધતી ગઈ, તેમ તેમ ઈંગલંડ તે ઊપર
વધારે ધીઆંન આપવા લાગું, અને છેલે સઘલા અમે
રીકનોએ ઈંગલંડને પોતાની સરકાર ખાહાલ રાખી
તેને માન આપવા તથાં તાબે રેહવા લાગા. એ પર
માંણે ઈંગલંડ તે લોકો ઊપર પોતાનો અમલ પુરતો
બેઠેલો જોઈ, અને તેમને નબલા તથા લગાર અનસમ
જુ માની, કેટલીક વાતે કર વીગરેનાં બોજાથી દાબ
વા માંડીઆ. એ દબાન, તે વખતનાં હુશીઆર અ
ને કેલવણી પાંમેલા અમેરીકનોથી ન ખમાવાથી, તેનો
અટકાવ કરવાને તેઓએ ઈંગલંડનાં સતાવાલાઓને
ઘણીક અરજો કીધી, તથા સમજાવીઆ. અલબતે તે
ઓ સઘલા ઈંગલંડથી આવીને વસેલા, અને જાને
અંગરેજોનાંજ બચાં, તેથી ઈંગલંડને પોતાનું વતન
સમજી તેને ઘણું ચાહાતા હતા, અને તેથી ઈંગલં
ડની સરકારને પોતાની સરકાર કરી ગણતા હતા, તેથી
તેઓ તે અમલ તલે સુખથી રેહવાને ઘણાંજ આતુર
હતા. પણ તે ચેલાએ ઈંગલંડનાં સતાવાલાઓએ તે
મને જરાએ ગણકારીઆ નહી, અને તેમની અરજો
ઊપર ગુદલ ધીઆંન આપીયું નહી. અંતે એક જા
તનો કર, તેમની મરજી ઊપરાંત તેમનાં ઊપર જબ
રીથી અંગરેજોએ નાખીઓ, જેથી તેમનો ગુસો ઘ
ણોજ ઊસકારાએઓ, અને તેથી ઈંગલંડના અમલ
ને પોતા ઊપરથી કાહાડી નાખવાને તેઓએ ઠરાવ
કીધો.

એ ઠરાવ પરમાણે સઘલા અમેરીકનોએ એક
સંપ થઈ, એક મતથી કેટલાક કાબેલ પુરૂશોને ચુંટી કા
હાડી ફીલાડેલફીઆ નામનાં શેહેરમાં મોકલીઆ. જી
આં તેઓએ એક મંડલી થઈ. અમેરીકાનો રાજકા
રોબાર પોતાને સવાધીન લઈ તા૦ ૪ થી જુલાઈ
૧૭૭૬ ને દીને ખોલી રીતે જણાવીયું કે, આંએ દે
શના લોકોએ આજથી બરીટીશોનો અમલ પોતાને
માથેથી કાહાડી નાખીઓ છે, અને તેઓ સવતંતર થ
એઆ છે, તથા હમેશવેર તેમજ રેહેવાના.

એ વાતની ખબર જીઆરે બરીટીશ સતાવાલા
ઓને પડી, તીઆરે તેઓ તેમનાપર ઘણા કરોધેલગ
એઆ, અને તેમની સાથે લડાઈ કરી તેમને પાછા તા
બે કરવાનો ઠરાવ કીધો. અમેરીકનો પણ પોત પોતે
હથીઆર લઈ, પોતાનુ છુટાપણ, જે માંણસથી તે પશુ
પંખી અને જીવજંતોને પણ વાહાલું લાગે છે, તેનાં
બચાવને માટે લડવાને તઈઆર થએઆ, અને એ પર
માંણે એક મોટી લડાઈનું બી રોપાઈયું. અંતે એ
બે પરજા વચે પેહેલ વેહેલી લડાઈ તા૦ ૧૯ મી એ

પરીલ ૧૭૭૫ ને દીને શરૂ થઈ. તે એવી રીતે કે—જીઆરે અમેરીકનોએ છુટાપણું પકડવાની જેવી ખબર ઈંગલંડનાં સતાવાલાઓને પડી, તેવુંજ તેમનો અટકાવ કરવાને, તથા આગલ વધતાં સંભાલવાને તેઓએ તરત એક લશકરને ઈંગલંડ ખાતેથી રવાનાં કીધું, જે બોસટન નામનાં શેહરમાં આવીને પડીઊં. અહીં આવીઆ પછે તે લશકરનાં વડાને એવી ખબર પડી કે, બોસટનથી ૧૯ માઈલને અંતરે કોનકોરડ નામની જગા આવેલી છે, તીઆં અમેરીકનોએ તોપ, દારૂગોલો વગેરે ઘણોક લડાઈનો સરંજામ રાખેલો છે, તેથી પરથમમાં તેનો નાશ કરી નાખવાને, તેણે કેટલાક સીપાઈઓને એક અમલદારનાં સવાધીનમાં આપી તીઆં મોકલીઆ. કોનકોરડ જતાં વચે લેકસીંગટન નામનો એક કસબો આવે છે, જીઆં તે લશકર જઈ પોહોંચતાંજ તીઆંના લોકો ગભરાટમાં પડી ગએઆ, અને સઘલા ઘરમાંથી નીકલી દેવલની આસપાસ એકઠા થઈને ઊભા. તેમને એ પરમાંણે જમાવ થએલા જોઈ બરીટીશ લશકરનો એક મેજર પીટ કેરન નામનો અમલદાર તેમની ઊપર ધસીને ગએઓ, અને બુમ પાડીને બોલીઓ, "ઓ બલવાખોરો, એકદમ અહીંથી જાઓ." એટલું બોલતાંજ તેની સાથે જે લશકરનાં માંણસોં હતાં તેઓએ તેમનાં ઊપર ગોલીઓ ફેંકી જેથી કેટલાક જન મારીઆ ગએઆ. આ મામલો જોઈ તે અમેરીકનો ઘણાજ ચીરડાઈ ગએઆ, અને તરત પોતાનાં ઘર તરફ દોડી જઈ, જેનાં હાથમાં જે આવીઊં તે, બંદુક, પીસટોલ, વગેરે હથીઆરો લઈ પેલા બરીટીશ લશકર ઊપર હુમલો કરીઓ, અને તે એવી બાહાદુરી અને હીમતથી કે, બરીટીશોને એકદમ તીઆંથી નાહાસવું પડીઊં. જેમ જેમ તે લશકર નાહાસતું ગઈઊં તેમ તેમ પેલા અમેરીકનો તેમની પુઠે દોડતા ગએઆ અને એમ કરતાં ઘણીક ઝડપથી તે લશકર પાછું બોસટનમાં દાખલ થઇ ગઈઊં. એ પરમાણે એ લડાઇની શરૂઆત થઇ, અને ચોમેરથી અમેરીકનો ઊસકેરાઇ, હાથમાં હથીઆર લઇ, પોતાના દેશના પીઆરને ખાતર, પોતાના ઘરબાર, અને વાહલાં બચાં, સ્ત્રી તથા મા બાપ છોડી, લડાઈ કરવાને. નીકલીઆ. પેહેલી લડાઈ બેંકરસ હીલ નામની ટેકડી ઊપર થઇ, જે અમેરીકનોનો સરનજામ ખુટી જવાથી બરીટીશ લશકરના હાથમાં આવી ખરી, પણ પરથમમાં તેઓએ જબરો માર ખાધો.

એ પછે એક ગમથી ઈંગલંડની સરકારે એક મોટા પાએઆપર લડાઇ ચલાવવાને ઈંગલંડથી જમીનની તથા દરીઆઈ મોટી ફોજો મોકલી, અને બીજીગમથી તેમને બરોબર જવાબ દેવાને અમેરીકનોએ સઘલી તઈઆરી કીધી, અને પોતાને માથે એક જીઓરજ વાશીંગટન નામનાં સખશને સરદાર બનાવીઓ, જેની કોશેશ અને ચંચલાઈથી અંતે તેઓ અંગરેજો ઊપર ફાવીઆ, અને છુટા થએઆ. એ નામીચા સરદાર વાશીંગટનને હજુ અમેરીકનો ઘણા ચાહે છે, અને તેને પોતાનો છુટકો કરનાર ગણે છે. એ લોકોએ એ નામીચા સરદારની ઈઆદગારી કાએમ રાખવાને તેને નામનું એક શેહર વસાવીઊં છે, જે વાશીંગટનને નામે ઓલખાએ છે, અને જે આજે અમેરીકાનાં ઈઊનાઇટેડ સટેટસની રાજધાનીનું શેહર છે. જેનરલ વાશીંગટને લશકરની સરદારી લીધા બાદ, બરીટીશો સાથે આમન સામન લડાઈ ચાલવા લાગી, જેમાં પરથમમાં બંને સરખા ઊતરવા બાદ પાછલથી બરીટીશોની હાર થતી ચાલી, અને અમેરીકનો ફાવતા ગએઆ. છેલે, એવું બનીઊં કે, બરીટીશ જેનરલ લારડ કારનવાલીસને પોતાનાં લશકર સહીત જેનરલ વાશીંગટનને તાબે થવું પડીઊં, અને બરીટીશ સરકારે અમેરીકનોને પાછા પોતાનાં તાબામાં લેવાની આસા છોડી. અંતે કેટલાક વખત અને બાંજગડ પછે બરીટીસ સરકારે અમેરીકનો સાથે સુલેહ કરી, અને તેમને સવતંતર પરજા તરીકે કબુલ રાખી; પોતાનો અમલ તેમનાં ઊપરથી કાહાડી નાખીઓ. જે દાહાડે તેઓ એ પરમાંણે સવતંતર થએઆ તે દાહાડાને અમેરીકનો મોટા તેહેવારના સરખો ગણી દર વરસે મોટી ધાંમધુમ કરે છે, અને મોજ મજાહમાં દીવસ ગુજારે છે.

એ પરમાંણે અમેરીકનોએ, બરીટીશોનાં અમલમાંથી છુટા થએઆ બાદ, પોતા ઊપર કોઈ પણ રાજાની સતા બેસાડવાને દરૂસત ન જોતાં, પોતેજ રાજ ચલાવવાનો ઠરાવ કીધો. એ ઠરાવ પરમાણે તેઓએ, પોતાના બધાં સંસથાનો એકઠાં મેલવી તેનું નામ "ઈઊનાઈટેડ સટેટસ," એટલે "જોડાએલાં સંસથાનો," એવું આપીઊં, અને તેની રાજધાની શેહરમાં

દરેક ગામ તથા શેહેરથી અકેકા કાબેલ માણસને મોક લી એક મોટી શભા ઊભી કીધી, જેનું નામ "કાન ગરેસ" આપીઊં. એ કાનગરેસને માથે એક "પરે સીડેંટ," ઈઆને વડો થડાવીઓ, અને તેમના હાથમાં આખા દેશનો રાજકારોબાર સાંપીઓ.. એ રીતે આજસુધી અમેરીકાનું રાજ ચાલે છે. પરેસીડંટ રા જાના જેટલો અખતીઆર ધરાવે છે, અને તે કાનગ રેસની સલાહ લઈ કામ કરે છે.. એ કાનગરેસમાં ઘ ણાક માણસો હોએ છે, જેઓ બધા વરસમાં એકવા ર એકઠા મલી દેશને લગતા કાએદા બાંધેછે. તેમનો પરેસીડંટ દર ચાર વરસે બદલાએ છે, અને સઘલા લો કોની પસંદગીથી બીજો નવો થડાવવામાં આવે છે. એ પરજા અને તેનું દરેક આદમી આજે પુરતું સવ તંતરપણુ ભોગવે છે. તેઓજ લશકર અને તેઓજ પરજા છે. જીઆરે આવી પડે છે તીઆરે તેઓ સ ઘલા, પોતાનો ધંધો છોડી, હાથમાં હથીઆર લઇ લ ડવાને નીકલે છે, અને જીઆરે સઘલું મટી જાએ છે તીઆરે હથીઆરો ઊંચાં મેલી પોતપોતાને ધંધે વલ ગે છે. એવી પરજા ઘણી સુખી ગણાએ છે, અને અ મેરીકનો તેમજ પોતા વીશે માને છે. એ દેશમાં હાલ મોટી લડાઈ ચાલે છે જેનું સેવટ નજદીક આવીઊંછે તેતો તમો સારીપેઠે જાણોછો માટે હાલમાં આ પતર અહીંજ બંધ કરૂંછું. હું આસા રાખુંછું કે આ પ તરની બાબદ તમોને ઘણી પસંદ પડતી અને ઊપી ઓગી લાગશે.

હું છું તમારો,
વાહાલો ભાઈ.

---

## સ્ત્રીની ખુબશુરતી.

ખુબશુરતી, એ માણસ જાત ઊપર થએલી કુ દરતની મોટી બખશેશ છે. ખુબશુરતી સ્ત્રી અને પુ રૂષ એ બંનેમાં હોએ છે, તેમાં સ્ત્રીની ખુબશુરતીની ઘ ણીજ જરૂર છે. ખુબશુરત સ્ત્રી એ દરેક કુમારા પુરૂ ષનો સુરીઅ છે, અને પરણેલાનો ચંદર છે. સ્ત્રીની ખુબશુરતીએ દુનીઆંની ઊપર મોટા ફેરશારો કરીઆ છે, અને મોટા બનાવોને જનમ આપીઆ છે. સ્ત્રી ની ખુબશુરતીએ મગરૂબ શાહાનશાહોનાં તાજ ઊત રાવીઆં છે, અને શુરા પેહેલવાંનોની તલવાર છોડાવી છે. સ્ત્રીની ખુબશુરતીએ પથર જેવાં દીલને નરમ મી ણ સરખાં કરીઆં છે, અને પાહાડ જેવા તનને સુકી કાઠી બનાવી છે. ટેસો નામનો નામીચો ગરંથ કર તા લખે છે કે, "ખુબશુરતી અને નખરાં, એ સ્ત્રીનાં મુ ખીઅ હથીઆર, અને મુખીઅ અખતીઆર છે." એ રીઓસટો નામનો ગરંથ કરતા લખે છે કે, "જીઆં પુરૂષનો ઊપાએ ખુટે છે, અને તેનું દરેક હથીઆર ન કામું થાએ છે, તીઆં સ્ત્રી પોતાની ખુબશુરતીથી શા વી જાએ છે, અને બધાની વતી તે ફતે મેલવે છે." નામીચો કવી હોમર ટરાએની લડાઈનું વરણન લખતાં કહેછ કે, "જીઆરે ટરાએનાં કીલાની ઊપર હેલન આ વીને ઊભી, તીઆરે તેની ખુબશુરતી જોઈશુરા પેહેલવાં નો અને પરાએમનાં બુઢાઓ વટીક તેને તાબે થઈ પડી આ હતા." એજ નામીચો કવી એજ અચરતી ઊપજા વનાર ખુબશુરત સ્ત્રી વીશે લખે છે કે, જીઆરે મેનલીઅ સ મોટી ફોજ લઈને હેલનને સજા કરવા આવીઓ હ તો, તીઆરે હેલનનું મોડું જોતાંજ તેનાં હાથ થરથર કાંપીઆ, અને તેની તલવાર તેનાં પગ આગલ પ ડી. લેલીની ખુબશુરતીને માટે મજનુએ પોતાની જીંદગી ધુલ મેલવી, અને શીરીનની ખુબશુરતીને માટે બીચારો ફરાહદ પથર ફોડી ફોડીને મરી ગએ ઓ. એવું સ્ત્રીની ખુબશુરતીનું બલ છે. સ્ત્રીની ખુ બશુરતીને માટે, દુનીઆની શરૂઆતથી તે આજ શુ ધી મોટી લડાઇઓ થતી આવી છે, અને મોટી કતલો ચાલી છે. હીંદુસથાન સરખો સરવોતપતી વાલો દેશ ઘ ણોખરો સ્ત્રીની ખુબશુરતીની બાબદમાં મરાઈ પાએમા માલ થએઓ છે, અને તેજ પરમાંણે દુનીઆનાં બી જા દેશોની પડતીએ તેમાં મુખીઅ ભાગ લીધો છે. સ્ત્રીની ખુબશુરતી એ કવીની કલમનો, અને ચીતારા ની પીછીનો મુખીઅ સીનગાર છે. જે કવીની કવી તામાં સ્ત્રીની ખુબશુરતીનું વરણન નહીં, અથવા ખા મી ભરેલું, અને જે ચીતારાનાં ચીતારમાં સ્ત્રીની ખુબ શુરતી નહી, તે કવીતા અને ચીતાર મીઠાં વગરનાં ખોરાકનાં સરખાં ફીકાં અને બેસવાદ છે. તેને જુવા નોતો શું પણ વખતે બુઢાઓ પણ વાંચવાને તથા જો વાને આનાકાની કરે છે, અને કંટાલો ખાએ છે.

એ ઊપરથી જણાએ છે કે, સ્ત્રીની ખુબશુરતીનું બલ કેટલું મોટું છે; પણ તે ખુબશુરતી શામાં છે, જે ને માટે એટલું બધું થાએ છે? ખચીત તે જોઈ આ

પણને અચરતી પેદા થાએ છેઃ ખુબશુરતી, કોઈની આંખમાં, કોઈની નાખમાં, કોઈની હોઠમાં, કોઈની ગાલમાં, કોઈની ભમરમાં અને કોઈની બાલનાં જુલફમાં: હા ! આવી નાની ચીજો, બુઢા અને જવાન, કાઅર અને શુરા, પાદશાહ અને ફકીર એઓ ઊપર કેવી અજાએબી ભરેલી અસર કરે છે ! એક શુરો પેહેલવાંન, રણનાં મેદાંનમાં સેંકડો સવારોનાં માથાં કાપી, અથવા એક બીઆબાન જંગલમાં કંઈક વાઘ અને સીંહનાં જીગર વીંધી, લોહીથી ભરેલી સમશેહેર લઈ છેડાએલા સીંહની માફક ઝપાટા બંધ આવે, અને એક સ્ત્રીની આંખ; નાખ કે મુઠીભર બાલ જોઈ હીચકારો, દેવાનો અને બેવકુફ બની જઈ પોતાની તલવાર ફેંકી હાથ જોડી તેને શરણ થાએ, એ કેવું નવાઈ જેવું તેમજ શરમ ભરેલું લાગે છે ! પણ કુદરત પોતાનુ કામ ધારા પરમાંણે કરી જાએ છે, અને જીઆંવેર માણશ જાતનાં ચલણ વલણની લગામ તેના સવાધીનમાં છે, તીઆંવેર તેના નીઅમો તુટનાર નથી.

હા ! આવી જે ખુબ શુરતી, જે સ્ત્રીમાં હોએ, તે કેવી ભાએગસાલી કેહેવાએ ! તેને કેટલું માન મલે, અને તેને કેવુ, મગરૂબ રેહેવું જોઈએ ! પણ એમ બોલવા અથવા સમજવાની આગમચ વીચાર કરવો ઘટેછે કે, એ ખુબશુરતી કીઆંવેર રેહેશે ? અફશોશ ! અહીંઆં સઘલું માન જતું રહે છે, અહીઆં સઘલી મગરૂબી ઊતરી જાએ છે. બામદાદ પોતાની સઘલી ખુબી સાથે નીકલી અસત થાએ છે, અને તેની પાછલ કકડતો બપોર પડે છે; સમીસાંજ પોતાની સઘલી ખુબશુરતી સાથે થોડા વખતમાં ગુમ થાએ છે, અને તેની પાછલ કોલ સરખું અંધારૂં આવે છે, વસંત પોતાના લીલા મંનોરંજક અને મઘમઘાત ભરેલા પોસાક સાથે દેખાવ દઈ થોડા દાહાડામાં ગુમ થાએ છે, અને તેની પાછલ પાંનખર રૂત આવે છે; પણ તે સઘલું વીતે છે, અને તેની પાછલ ગએલું પાછું આવે છે. રાત વીતી કે પાછી બામદાદ થાએ છે, બપોર વીતી કે પાછી સાંજ થાએ છે, અને પાનખર વીતી કે વસંત આવે છે, પણ અફશોશ ! સ્ત્રીની ખુબશુરતી, જે સમીસાંજના વાદલનાં રંગની મીસાલે, અને આકાશમાં થતી મેઘધનુંપીઅ, એટલે વરસાદની કમાણની મીસાલે એકદમ ખીલી નીકલી, થોડા વખતમાં પાછી જાએ છે, તે કદી ફરીને આવતી નથી. પછે જે ચમકાટ ભરેલી ગુલાબી રંગની સફાઈદાર ચાંમડી, જેણે કંઈક જવાંનોનાં લોહીને બાલી તેમની ફીકી કરી નાખી હતી, તે હવે કરમાએલા કેવડાનાં રંગ સરખી થઈ કરચલી વલી જાએ છે; જે કમાનદાર ભવાં, જેણે ભલા તીરનદાજના હાથ ધ્રુજાવી તીર ચુકાવીઆ હતા તે વાંકો ટીકો આકાર પકડે છે, જે ખંજર સરખી અણીઆલી આંખ, જેણે હજારોનાં જીગરને વીંધીં સદા સડતાં કરી મેલીઆં હતાં, તે અંદર બેસી જઈ ઝાંખી પડી જાએ છે. ટુકામાં જે ખુબશુરત મોડાંએ સુરીઅ અને ચંદરને શરમમાં નાખેલા, અને જે હજારો ખીલતા ગુલાબી રંગના મુખડાનાં જવાનોની વાંદરાના જેવી સુરત બનાવેલી, તેજ પોતે હવે વાંદરા જેવુ બની એક ખુણે બેસે છે, અને તેની ઊપર જુફતો દીવો હશે છે!

એવી ખુબશુરતીની પાએદારી છેઃ માટે જે સ્ત્રીઓ ખુબશુરતી ઊપર મગરૂબ હોએ, અને જે પુરૂષો તેમની ખુબશુરતીને માટે દીવાના બનીઆ હોએ, તે બંનેએ તેનું આ આકેબતનુ પરીણામ ખુબ ધેઆનમાં રાખવું, અને પછે આગલ ચાલવું. સીંહ પોતાની જુવાનીમાં અથવા મસતાની તાનમાં, જંગલ માહેલાં હાથીથી તે સસલાં શુધી પરાણીને ધ્રુજાવે છે અને જેર કરે છે, પણ જીઆરે તેના પગમાં કાંટો ભાગાથી, કે બુઢાપાએ નબલો કરી નાખીઆથી, જીઆરે જમીનપર પડે છે, તીઆરે કાગડા તેનાં ડોલા ઠોલી ખાઈ તેને આંધલો બનાવે છે.

---

## સાધારણ સમજ—ગરમી.

ભાગ ૭ મો.

### દીવા વીશે.

દીવો કોપરેલ, દીવેલ, વગેરે તેલથી, તથા મીણબતીથી બલે છે. દીવો ગેઆસથી પણ બલે છે. હરેક વાસણમાં તેલ રેડી, અથવા મીણને બતીના આકારમાં બાંધી તેમાં રૂની જોત મેલે છે, અને પછે તેને સલગાવે છે, એટલે દીવો બલે છે; તેનો સબબ એં છે કે, પરથમ રૂની જોતની મારફતે, એક જાતનુ અકરશણ જેને "કેશાકરશણ" કહે છે, તેની મદદથી તેલ તથા પીઘલેલું મીણ ઊપર ચહડે છે, અને પછે તેને ગરમી

ગતાંજ તેમાંથી હાઈડ્રોજન ગેઆસ અને કારબોન છુટાં પડી, પેહેલી હવામાંનાં આક્સીજન સાથે મલી જઈ પાણીનો બાફ પેદા કરે છે; અને કારબોન આકસીજન સાથે મલી જઈ કારબોનીક એસીડ ગેઆસ પેદા કરે છે; એ બંને ગરમીથી સલગી બલતાં બલતાં ઉપર ચહડે છે, તે દીવો થાએ છે. એ બલતું ગરમ લાગે છે તેનો સબબ આગલ જણાવવામાં આવેલો છે કે તેલ અથવા મીણનાં બલી શકે એવાં તતવો હવામાંહેલાં આકસીજન સાથે મલતાંજ તેઓ માહેલી છુપી ગરમી બાહાર આવે છે. દીવાનું જે બલતું બલે છે, તેના તરણ ભાગ કરવામાં આવેલા છે—પેહેલો વચમાંનો જે પોકલ છે, સબબ કે, આગલ લખીઆ પરમાણે, તેલમાંથી ઉતપન થએલો બાફ, જીઆંવેર હવાને મલીને બલે તીઆંવેર તેમાંથી જાએ છે, બીજો, અથવા વચમાંનો જેમાં હાઈડરોજન બલે છે, અને તરીજો જે બાહારનો, તીઆં કારબોન બલે છે. એ તરણ ભાગના વચમાનાં ભાગમાંથી રોશની વધારે નીકલે છે, અને બાહેરનામાંથી ઓછી નીકલે છે, કારણ કે તે તરફ જેવો કારબોન આવે છે, તેવો તે આકસીજન સાથે મલી જઈ કારબોનીક આસીડ ગેઆસ બની જાએ છે. દીવાનું બલતું નીચેથી બલુ દેખાએ છે તેનું કારણ એ છે કે, માહેથી કારબોન નીકલી ઝડપથી ઉપર જઈ તેનાપર ઉપલી કીરીઆ થઈ તે સફેદ અથવા લાલ રોશની આપનારો થાએ છે, તેથી નીચેના ભાગને તે કીરીઆનો થોડોજ ભાગ મલે છે. દીવો બલતી વખતે હમેશ તેનું બલતું ઊપર જાએ છે, અને અણીદાર થાએ છે, તેનો સબબ એ છે કે, તે બલતાંની ગરમીથી તેની આસપાસની હવા ગરમ થાએ છે, અને હવા ગરમ થઈ એટલે તે હમેસ ઊપર ચહડે છે, તેથી તે ઉપર ચહડતી હવા બલતાંને પોતાની સાથે ઊપર ખેંચે છે. એનજ સબબથી, દીવાનાં બલતાંની પડોસમાં હાથ ધરવાથી ઊનું લાગતું નથી, પણ તેની ઊપર ધરવાથી હાથ દાઝી જાએ છે, કેમકે તેની ગરમીથી ઊપર ચહડતી હવા ઘણીજ ગરમ થાએ છે, અને તે હાથને દઝાડે છે; એને આપણે "ઝાલ" કહીએ છઈએ. દીવાને જોરમાં પવન લાગતાં તથા ફુંક મારતાં હોલવાઈ જાએ છે, તેનો સબબ એ છે કે, જે ગેઆસ તથા બાફ જોતમાંથી નીકલી ઊપર બલતી રહે છે, તે તેના આંચકાથી જોતથી છુટાં પડી જાએ છે, અને છુટાં પડવા પછે તરત તે મલી જવાથી અને બીજું ન મલવાથી તે બુજાઈ જાએ છે. દીવા ઊપર કાંઈ ઢાંકી દીધાથી તે બુજાઈ જાએ છે તેનો સબબ તો આગલ જણાવેલો છે કે, તેને હવામાંનું આકસીજન મલતું બંધ થાએ છે, તેથી એમ બને છે. આરગંડ લેમપ નામના જે દીવા આવે છે, તે વધારે તેજથી બલે છે તેનો સબબ એ છે કે, તેમાં એવી ગોઠવણ કરેલી છે કે, બલતાંને આસપાસથી અને વચમાંથી બંને ગમથી ખોલી હવા મલે છે, તેથી તેને બેગમથી વધારે આકસીજન મલવાથી તે વધારે તેજદાર થાએ છે: તેની ઊપર ચીમણી એટલા માટે મેલવામાં આવે છે કે, તેથી તેમાંથી નીકલતો ધુમાડો ઊપર ચહડતો રહે છે, અને વલી સરખી હવા લાગાથી તે દીવાના તેજમાં વધારો થાએ છે. દીવામાં રેશમ કે ઊન નહી, પણ રૂનીજ જોત એટલા માટે મેલવામાં આવે છે કે, ઊપર લખીઆ પરમાણે ઊન તથા રેશમમાં પ્રવાહી પદારથને અંદર પચાવી ઊપર ખેંચવાની શકતી નથી; જેમ જોત નરમ હોએ છે, તેમ સારી બલે છે, કેમકે તીઆરે તેલ સેહેલાઈથી અને વધારે જથામાં ઊપર ચહડે છે.

---

## પારસી પુરૂષોના નામ.

હમોએ ગએઆ આંકમાં પારસી સ્ત્રીઓનાં હાલમાં ચાલતાં નામોની એક ફીરસ્ત આપી હતી, અને તેના ઉપર ચરચા કરી બતાવી આપીયું હતું કે, તેમાના ઘણાક નામ હીંદુઓનાં નામો ઊપરથી લેવામાં આવેલાં છે, અને તે બોલે ઘણાજ તોછડા અને બેસવાદ લાગે છે. તેટલાજ માટે તે નામો હવે પારસીઓમાંથી કાહાડી નાખવા એટલુંજ નહીં પણ, તે પારસીઓના એક જુદા ટોલા તરીકે તેમનાં જુદાં નામ રાખવાને, અને તે જુદાં નામ, જે આપણા કદીમ નામો, જે આપણા વડવાઓના વખતમાં વપરાતાં હતાં, તે રાખવાને હમોએ મજબુત ભલામણ કરી હતી. તે સાથે તેની જરૂર દેખી છે, અને તે વીના હાલના વખતમાં તેમજ હવે પછેના વખતમાં, આપણા લોકાંની સ્ત્રીઓ વીશે કેવા ગુંચવારો ઉઠે તે ઊપર કેટલોક ખોલાસો કરીઓ હતો, અને તેના ઉપાએ તરીકે, આપણા કદીમ નામોની એક ટીપ આપી હતી. હમોને આશા છે કે, હમારી એ ભ

સામણ કેટલે દરજ્જે બુજખી છે, તે હમારી તકરાર ઊપરથી નહીં પણ ખુદ નામો, અને તે બોલતાં ઊતપન થતી શીરીઊપરથીજ વાંચનારોએ જોઈ લીધું હશે.

એજ પરમાંણે, જેમ સ્ત્રીઓનાં નામો હીંદુ નામો સાથે ભેલાએલાં છે, તેમજ પુરૂષોનાં નામો પણ ભેલાએલાં છે, અને તેમાંનાં ઘણાંક કાનને કઠોર અને બેસવાદ લાગે એવાં છે. આપણામાં પુરૂષોના જે હાલ નામો ચાલે છે, તેમાં આપણા પોતાના નામો બાદ કરતાં નીચે લખેલાં હીંદુઓનાં સાથે વેપરાએ છે.

### હીંદુઓ ઊપરથી રાખેલાં નામ.

| | |
|---|---|
| કુવરજી. | મીનાભાઈ. |
| કીકાજી. | મોહોમાજી. |
| કાંહાંનજી. | કામાજી. |
| બાપુજી. | દાદાભાઈ. |
| ઘાંઘીભાઈ. | દાજીભાઈ. |
| ઘેલાભાઈ. | જીવજીભાઈ. |
| ચાંનજીભાઈ. | ભીખાજી. |
| ડોશાભાઈ. | જીવનજી. |
| ધનજીભાઈ. | પદમજી. |
| નાનાભાઈ. | કોહેઆજી. |
| ફકીરજી. | ચાંદાભાઈ. |
| ભીમજીભાઈ. | શુખલાજી. |
| માણેકજી. | ઉકરજી. |
| રાનજી. | ભાઈજી. |
| લીમજી. | બચાજી. |
| રતનજી. | બામજી. |
| વીકાજી. | નાશાભાઈ. |
| હીરાજી. | બનાજી. |
| હીરજી. | |

એટલાં નામોને પારસીઓમાંથી કાહડી નાખવાને હમો ભલામણ કરીએ છઈએ. તેનો સબબ ખોલી રીતે, ગએઆ આંકમાં સ્ત્રીઓનાં નામોની બાબદમાં જણાવેલો છે, તેથી તેનું તેજ ફરીને આએ આંકમાં લખવું દરૂસ્ત લાગતું નથી. પારસીઓમાં હીંદુઓનાં નામો ભેલાએઆથી જે જાતનો ગુંચવારો સ્ત્રીઓની બાબદમાં ઊઠે છે, તેજ જાતનો, બલકે તેથી વધારે પુરૂષોની બાબદમાં ઊઠે છે, માટે તે અવશીઅ કરીને બદલવાંજ જોઈએ છે. તેવી નામો કાહડી નાખી તેને બદલે કેવાં દાખલ કરવાં જોઈએ તેની એક ટીપ નીચે આપીએ છઇએ, જે બેસક હમારા સઘલા હમજાતીઓને પસંદ પડશે. એટલુંજ નહી પણ તે નામો ઘણાંજ વાહાલાં લાગશે, કેમકે તે આપણા પોતાનાં છે, અમે તે એકવાર મોટી જાહોજલાલી સાથે ઇરાન સરજમીન, જે આપણુ સરવેથી પીઆરૂં વતન, અને જેની જુદાઇથી હરેક પારસીએ ગમખાર થવું જોઇએ, અને જેની ઇઆદગારીની રતીભાર તક પણ જતી મેલવી ન જોઈએ, તે ઊપર સેવાતાં હતાં. નામ, એ ગુમ થએલી, અથવા ખોવાએલી વસતુની ઈઆદગારી આપી, તેને લગતી ખુશી, અથવા ગમી, સંતોષ અથવા અધીરાઈ, જુસો અથવા નીરાંત, ઊલટ અથવા આલસ ઊતપન કરવાની પુરતી શકતી ધરાવે છે. પારસીઓમાં ઘણીખરી વાર પોતાનાં વાહાલાં માએ, બાપ, કે બેનના આ દુનીઆંમાંથી રૂખસત થવા બાદ તેમની ઈઆદગારીને માટે, અથવા તેમનુ નામ ઘરમાં કાએમ બોલાતું રહે એવી મતલબથી પોતાનાં છોકરા તથા છોકરીઓનાં નામ તેમનાં જેવાંજ રાખે છે. તીઆરે શું આજે પારસીઓ ઈરાનને પોતાના માં અમે બાપના સરખું પીઆરૂ નથી ગણતા? એ વતનને માટે તેમના બાહાદુર વડાવાઓએ પોતાના પીઆરા પરાણ તજીઆ છે તે શું પારસીઓ નથી જાણતા? શું કોઇબી પારસી, કોઈબી રીતે ઇરાનનુ નામ ગુમ થવાને એક પલભાર પણ મનમાં ખુશી બતાવે છે? જીઆરે એવું કંઈજ નથી, તીઆરે શાને માટે તેઓ પોતાના વતનની નામો, જેથી તેમનાં જીગરમાં રાત દાહડો તેની ઈઆદગારી રહે, અને તેની જાહોજલાલી ઈઆદ આવે, તે પોતામાં નહી દાખલ કરશે? હમોને ખચીત ભરોસો છે કે પારસીઓ એમ નહી કરશે, અને જો એમજ કીધું, એટલે એ નામો નહી દાખલ કીધાં, તો પછે એટલુંજ સમજવાનું રહીશે કે તેઓ પોતાનાં વતનને તદન ભુલી ગએઆ છે, તેઓ પોતાના ઈરાન દેશને ધીકારેછે અને તેઓ પોતાના વડવાઓને હલકા ગણે છે. એ નામોમાં જેની પાસે * આવી નીશાની કરવામાં આવેલી છે, તે હાલમાં આપણામાં વપરાએ છે.

### પારશીઓનાં કદીમ નામ.

| | |
|---|---|
| કેશવાદ. | કદએો. |
| * કેકોબાદ. | * કાઉચ. |
| * કેરબાદ. | કામદીન. |
| * કેરશાશપ. | કાવે. |
| * કેખોશરો. | * ખોરશેદ. |
| કાબોદ. | ખોશરૂ. |

ખોદાવંદ.
* ખોદાબખ્શ.
ખુદારામ.
* ખોદાદાદ.
ખુદામુરાદ.
ખુરશંનરદ.
* ગુશતાસપ.
* ગોદરેજ.
ગીવ.
ઘશતેહેમ.
* જાંહાંગીર.
જાંહાંબખ્શ.
* જમશેદ.
જુમરદ.
* જામાશપ.
* જાલ.
જંદાર.
જેરાબ.
જાંનબખ્શ.
* તેહેમુર.
તેહેમુરશ
તેહેમતન..
તુશ.
તીરંનદાજ.
તેહેમાશપ.
* દીનીઆર.
* દારા.
* દારાબ—દોરાબ.
* દીનશાહ.
* નવરોજ.
નોઝર—નોજર.
* નોશીરવાંન.
* નરીમાન.
નીઘાદાર.
નામદાર.
નોશર.
* પેશોતન.
* પાહાલંન.
પોલાદવુર.
* ફીરોજ.
* ફરેદુન.
ફરેબરૂજ.
ફરરોખ.
* ફરામરજ.
* ફોલાદ.
બામરદ.
* બેહેરામ.
* બેહેમંન.
બામાશ.

* બીજંન.
* બરજો—(બરજોર.)
બાઅંદાર.
બેહેરૂજ.
* બાહાદોર.
* માહીઆર.
મોમગારં.
* મેહેરબાંન—મેહેરવાંન.
* મીનોચેહેર.
માવંદાદ.
* મરજબાંન.
* મેહેરનોશ.
મેહેરાબ.
* આદર.
* અશફંદીઆર.
* આદરબાદ.
* અરદશીર.
એનદનરદ.
* એનદીઆર.
* એરચ.
* અદલ—(એદલ).
ઇઆદગાર.
રાજ.
* રૂશતમ.
રાહામ.
રસીદ.
લોહોરાસપ.
લકવ.
વફાદાર.
વંનજરોગ.
વજીઆદ.
* શીઆવખશ.
શુરખાબ.
શામ.
શલાંમત.
* શોહોરાબ.
* શાહાપુર.
શનદલ.
શાશાન.
* શેહેરીઆર.
શેહેમરદ.
શાહાજાદ.
શરોશીઆર.
શરૂશ.
શીરમરદ.
* હોરમજ.
* હોરમનદીઆર.
* હોશંગ.
હુમાઇઉન.

## સ્ત્રી દરપણ.

### બાળ લગનનાં વીઘન.

(લલિત છંદ.)

મુંબઈ ટાપુના બ્હાર કોટરે,
મંદનવાડિની કાંપ ઉપરે,
પરખિપાત છે કાંપનો કુવો,
સરવથી જુનો નાભિચો કુવો.
દિપક પાસ તેની જલેછરે,
મ્યુનિસિપાળ ખાતાં તણીજરે.
નિત રહેછ ત્યાં પ્હેર સંત્રીનો,
દિવસ આખો ને આખિ રાત્રિનો.
સરદ રૂતની એક રાત્રિએ,
અમલ બારનો મધ્ય રાત્રિએ;
અતિષ મોહટો તે કુવે થયો,
ધ્રુમ દેઈને સાદ આવિયો.
સંતરી એક જે ત્યાં ઉભો હતો,
તુરત દોડિયો કયા હૈ! બોલતો;
જઈ જુએછ તો એક માનવી,
તફડતું દીઠું જેમ માછલી.
તુરત દોડિયો તેજ રે ઘડી,
ખબર લેણમાં સર્વને કરી.
સમજિ કેટલાએક બ્હાદર,
નિકલિ આવિઆ તર્ત બાહેર;
ઝટઝટે કુવા માહિ ઉતરયા,
ઉંચકિ લોથને બ્હાર નીસરયા,
પણ થઈ હતી વેળ તો ઘણી.
મરણ પામિ હુતી અભાગણી.
ખબર દોડિને તેજ રે ઘડી,
પુલિસના જમાદારને કરી;
તરત તે જમાદાર આવિયો,
ત્રણ સિપાઈને સાથ લાવિયો.
અસ્તક તેમને લોથને કરી /
હતિજ પારસી જાતની સ્ત્રી.
પછિ સવારની પ્હોરતો પડી,
ખબર ગામનાં લોકમાં પડી;
પડિ કુવે ફલાણાની દીકરી,
ગરિબ નારિ મૂએલિ નીસરી.
ગરિબ બાપડી માત તો સુની,
રડતિ કૂટતી બ્હાવરિ બની;
અતિષ જોરથી બૂમ પાડતી,
નિકલિ વાટમાં છાતિ કૂટતી.

જઈ કરી કુએ ઉભિ બાપડી,
નિરખિ લોથને કૂટિ છાટડી.
ઠઠ મલી સગાં વાહલાં તણી,
ભિડ થઈ. સહૂ લોકનિ ઘણી.
સરવ જોઈ તે લોથને ખરે,
મુખથિ બોલતાં ત્રાહ્ય ત્રાહ્ય રે.
દશ કલાકને અમ્મલે ફરી,
સરવ જૂરિ કારોનરે ભરી.
અંગ તપાસતાં એક પત્તર,
નજર આવિયો છાતિ ઉપર;
વિંટિ રૂમાલમાં બાંધિયો હતો,
જબર જોરથી તાણિયો હતો,
તરત છોડિ કારોનરે લિયો,
કુલશિયાકણે વાંચવા દિયો.
ઉખડિ વાંચવા માડયું પત્તર,
દુઃખ લખ્યૂ હતૂં આમ અંદર:—
સરવ પારસી લોકરે તમે,
અરજ માહરી સાંભલો તમે.
હતિ હું બાળકી વર્ષ સાતની,
બહુજ લાડકી માત તાતની.
લગન માહરાં એહવે સમે,
કરિ દિધાં હતાં, બાળ વેશમે.
વરખિ એટલી ઉંમરે હતો,
શરિર પુષ્ટ ને બાળ દીસતો.
ખુશિ સહુ થયાં માત તાતરે,
ખબર ના પડી દૈવ વાતરે.
શિજ થશે વળે મોટપણમાં,
નિકલશે લુંડો કંઠ કામમાં.
વહિ ગયાં હવે એમ દેખતાં,
વરસ આઠતો બોલ બોલતાં.
ખિલિ રહી જુવાનિ અતીવરે,
વરસ જાણે હોએ પચીશરે.
પણ હતી જરા રંગે શાંવલી,
શરિર બાંધમાં ઠીંગણી વલી.
નહિ હતી બીજી ખોડ મૂજમાં,
નહિ હતી કશી ખામિ રૂપમાં.
વર કહે મને ભાવતિ નથી,
ઠિંગણ શાંવલી શોભતી નથી.
કદિ હું રાઠું એને હવે નહીં,
બિજિજ બાયડી લાવું હૂ સહી.
ખશિ ગયો કહી એવું લોકને,
શરણ હું થઈ ભારિ શોકને.

મુખડું ના જુએ માહરૂં કદી,
ઉતરના દિએ મૂખથિ વદી.
નણુંદ સાસુબી ખૂબરે કરે,
જુલમ કારમાં મૂજ ઉપરે.
મરત તોલતો મારતો મુઓ,
હરંઘડિ કહે પૂરની કુઓ.
છુટ મને મલે ગામ લોકની,
બિજિજ બાયડિ લાવું રૂપની.
અગર તું મરે આજ રાતમાં,
પરણિ લાવું બીજિ સવારમાં.
હડ હડાતિ હું ઘેરમાં ફરૂં,
નણુદનાં મિણા સૂનતી મરૂં.
દિવસમાં ઘણું વૈતરૂં કરૂં,
રજનિ સારિતો સૂઇને રડું.
કરમની કથા કોણને કહું,
પરમ દૂઃખડાં કયાં લગી સહું.
વરસ પાંચ શૂધિ ઘણું સહયું,
દુઃખ કંઈજ ના કંમતી થયું.
પછિ બહેન થાકિ ગઈ ખરી,
વિનતિ માતને ખૂબરે કરી.
નથિ ખમાતુંરે દુઃખ મૂજથી,
છુટક માગુંરે માત તૂજથી.
કરિ કૃપા હવે મોકલો નહીં,
અતિવ દુખછે સાસરે સહી.
બસથિ પાપિનાં મૂજ છોડવો,
કસઈ હાથથી ગાય છોડવો.
છુટ છેરા કરો, માહરા તમે,
અગર ના કરો, વાહડો ગમે.
કરિશ હું હવે આપઘાતરે,
પછિ ખરે તું રોઇશ માતરે.
ભવ બલી ગયો શૂ કહું હવે,
રંગ ઉડી ગયો શૂ રડું હવે.
"અરર દીકરી!" બોલિ માતરે,
"સમજ આપણી કોણ જાતરે!
"કરમ એહવું થાય કેમરે,
"શરમતો ઘણી હોય તેમરે.
"ભુંડું સહુ કહે નીંદ લોકરે,
"મશકરી કરે મોં ઉપેરરે.
"સરવ સાસરાં હોએ એહવાં,
"કરમમાં હશે થાય તેહવાં.
"સમજિ લે હવે ડાહિ દીકરી,
"કદિ જઈશ તૂ એમ વીખરી.

"ઉલટિ રૂશવા થાશે તું ઘણી,
"મુખથિ એહવાં વેણને ભણી.
"પ્રભુ ઉપેર તૂ રાખિ આસરે,
"પગ ઠરીને તૂ રેહ સાસરે."
મુખથિ સાંભલી માત જે વદી,
થઈ નિરાસને ડૂસકે રડી.
પછિજ હું ગઈ પાછિ સાસરે,
અતિપ નાખિ હાએ નિસાસરે.
જીલમમાં જઈ પાછિ રે પડી,
કરમની અરે કાંણીને રડી.
છુટક ના દીઠો કોઈ રીતથી,
મદદ ના મલી કોઈ પાસથી.
પછિ કશો ન સૂજ્યો ઉપાય રે,
અકલથી કીધો આ ઉપાએ રે.
ઉઠી હું એકલી કો ન જાગતે,
મધ્યમ રાત્રિને બાર વાગતે.
ગઈ હું એકલી કાંપ ઉપર,
રડતિ ખૂબને ખાતિ અક્કર.
ઈશ્વર એકની ભક્તિ રે કરી,
પડિછ, હું કુવે દૂઃખની ભરી.
શક ન લાવશો કોઈ ઉપર,
પકડશો નહીં કોઈનો કર.
કિધુંછ મેંજ મારાજ હાથથી,
પુરણ મર્જિ ને પૂર દુઃખથી.
પતર સાંભલી એક મતથી,
સરવ જૂરરો બોલ્યા મૂખથી.
"મરણછે થયું આપઘાતથી,
"વરતણાં દુખો ને જુલમથી."
ઉંચકી લોથને ડુંગરે ગયા,
સહુ સગાં પડોશિ જમા થયા.
મુખડું જોઈને બોલિ માતરે,
"અરર હાય રે હાય હાય રે !
"વગર મોતથી મુઈ તું ખરે,
"અરર દીકરી દીકરી અરે
"સુખ ન જોયું તેં સાસરાં વડે,
"અરર દીકરી દીકરી અરે.
"દુઃખ બહુ દિધાં પાપણા વરે,
"અરર દીકરી દીકરી અરે.
"ગરિબ બાપડિ દૂખિ સાસરે,
"અરર દીકરી દીકરી અરે,
"બહુ થઈ હતી દીન રાતરે,
"અરર દીકરી દીકરી અરે.
"વર મુઆતણો માર ખાંયરે,
"અરર દીકરી દીકરી અરે;
"મદદગાર નાં તારૂં કોઈરે,
"અરર દીકરી દીકરી અરે.
"જુલમ સાસુના કોણ જોયરે,
"અરર દીકરી દીકરી અરે,
"અધમ રાંડને સીક પીયરે.
"અરર દીકરી દીકરી અરે.
"અધમ રાંડને વીંધિ ખંજરે,
"અરર દીકરી દીકરી અરે.
"ખમિ ખમી બધાં દુઃખને ખરે,
"અરર દીકરી દીકરી અરે,
"પછીજ આખરે લાવી અંતરે,
"અરર દીકરી દીકરી અરે.
"દીકરી તૂજને સ્વર્ગ વાસરે,
"અરર દીકરી દીકરી અરે.
"જીલમગારને નર્ક વાસરે;
"અરર દીકરી દીકરી અરે.
મુખથી એટલા બોલ બોલિને,
ટલિ પડી નિચે ગમ ખાઈને.
પછિજ ધર્મની કીરિયા કરી,
ગરિબ લોથને દોખમે ધરી.
ઘર ઘરે ગયાં સર્વ આપણા,
નણદ સાસુને કંઠ પાપણા.
ગયું ન કોઈનૂ કાંઈબી ખરે,
કરમ માતનું ફૂટીયું ખરે.
રખડતી થઈ બોઈ વાહલું,
રહયું ન વાલિ કોઈ બિચારિનું.
બાલ લગ્નનાં વિઘન એ
સમજો ચતુર નર નાર,
નાનાભાઈ સત શીખ કહે
તજો એ દૂરવિચાર.

---

## દારાંએસ પાદશાહાનું વાસણ.

પાછેનાં પાનાપર જે મોટું ચીતર આપેલુંછે, તે દારાંએસ પાદશાહાનું વાસણ છે. એને દારાંએસ વેજ કરી કહે છે. એ વાસણ દારાંએસ પાદશાહનું રાંધવાનું કે ખાવાનું ન હતું, પણ તે તેની કારકીરદી ની કેટલીક નીશાણીઓને માટે, એક શોભા તરીકે ઘણીજ સુંદર રીતે બનાવેલું હતું. એ વાસણની ઊપર તરેહવાર ચીતારો પાડેલા છે, જેમાના દરેકની જુ



દારાએસ પાદશાહનુ વાસણ

ડી જુદી મતલબ છે એ વાસણ ઘણુંજ સુંદર માટીનું બનાવેલું છે, અને તે ઊપરના ચીતારો ઘણાજ વખાણવા જોગ છે એ વાસણ ઘણાજ આગલા વખતનું છે, અને તે ઊપરથી અગલના વખતના લોકોની કારીગીરી તથા દારાએસ પાદશાહની કારકીરદીનો કંઈક ખોલાશો થાએ છે અગલના વખતમા હાલની માફક નીઊજ પેપરો ચોપાનીઆ કે ચોપડીઓનો ફેલાવો ન હોવાથી પાદશાહો અને બીજાઓ, જે કાંઈ કીરતી ભરીઆ તથા ઈઆદ રાખવા જોગ કામો કરતા, તે સરવને એવા વાસણોપર, પથરોપર, પાહાડોપર તરેહવાર આકારમા કોતરી મેલતા એવા કોતરેલા લેખો આજશુધી ઘણાક મલી આવીઆ છે, જે ઊપરથી પરાચીનકાળની તવારીખ ઊપર ઘણુજ અજવાળું થઈશે છે અને થતું જાએ છે એ વાસણ ગરીસ દેશમાથી કેની નામની જગાથી ચાર માઇલને તફાવતે જે નાશ પામેલી ફ્રીનીક ઇમારતોના ખેડેર પડેલા છે, અને જીઆ હેનીબાલે રોમન લોકો ઊપર પેહેલી ફતેહ મેળવી હતી તીઆથી ખોદતા જમીનમાથી મળી આવીઊ છે એ વાસણની ડોક ઊપર એક હારમા અને વચલા ભાગ ઊપર તરણ હારમા ચીતારો પાડેલા છે, તેની મતલબ નીચે પરમાણે છે—

પરથમ એની ડોક ઊપર ગરીકસ અને એમેઝોન લોકો વચે થએલી લડાઈ બતાવવામા આવેલી છે અને તે શીવાએ ધરમને લગતા કેટલાક ચીતારો છે તીઆર પછે તેની નીચેથી જે તરણ હારમા ચીતરો છે, તેમાના પેહેલામા એવી મતલબના છે કે, જાણે એશીઆખંડ એક શુંદર સ્ત્રીના રૂપમા ગરીસને લડાઈની કમ બખતીની મઝાનો ભાવ આપે છે, ગરીસ જઇને (મીનરવા) લડાઈની દેવી અને (જીપીટર) પુરુથવી અને આકાશનો ખોદાની વચે બેસે છે, જીમારે જીઊપીટર તેને પાખવાલા આકારમા ફતેહ આપે છે અને લડાઈનું ખુશાલી ભરેલું સેવટ જણાવે છે તેની પાછળ (એપોલો) હુનરનો ખોદા એક હંસ અને (ડાએના) શીકારની દેવીનું પુતળું, બને ગરીસના રક્ષણ કરનાર દાખલ આપે છે

બીજી હારમા—પાદશાહ દારાએસ પોતાનો પાદશાહી ઝભો અને ઝવેરાતનું તાજ પેહેરીને બેઠેલો છે, અને તેની પાછળ તેનો એક ચોકીદાર એક હાથમાં તલવાર અને બીજા હાથમા વાનસ જાતનો ભાલો લઈને તેની ચોકીને માટે ઊભો છે તેના ડાબા અને જમણા હાથ ઊપર ઈરાનના હાકેમો બેઠા છે તેઓ જાણે ઈરાનની મોટી કાઊનસલનાથી આવીઆ છે, જે કાઊનસીલ ઈઊરોપમા લડાઈ ચાલુ રાખવી કે નહી તે વીશે ઈરાન મધે તકરાર તથા વીચાર કરતી હતી પાદશાહના પગ આગળ એક લડાએક પેહેલવાન ઊભો છે, તે જાણે પાદશાહને એ લડાઈ ચાલુ રાખવાને સલાહ આપે છે તથા સમજાવે છે

એ ચીતરોની તરીજી હારમા—એક ઈરાની હાકેમ બેઠો છે અને તે જાણે એશીઆખંડના જુદા જુદા રાજાઓની તરફથી આવેલી ખંડની પઈસામા તથા બીજી ઊમદા ચીજોમા લે છે જે જે પરગણોની તરફથી તે ખંડણી આવેલી છે, તે તે પરગણોને શુંદર સ્ત્રીઓના આકારમા પાડેલા છે

એ વાસણ આજવેર જે એવા વાસણો મળીઆ છે તેમા સઊથી મોટું ગણાએ છે અને તે ઊપરની કારીગીરી પણ ઘણીજ ઊતમ કેહેવાએ છે એની ઊપરના દરેક ચીતર ઊપર તેનું નામ લખેલું છે જેથી તેની મતલબ તરત જણાઈ આવે છે એને ખોદી કાહાડવાનું સઘળું માન નેપલસના પુરાણા ઇઆદગીરીના માધકાઓના ઈનસપેકટર જેનરલ કાર । મોનીફીતીને આપવામા આવે છે

—॥—

## બે ભાઈઓનો બચાવ.

નોરવે નામના ઈઊરોપની ઊતરે આવેલા દેશના ટેલકસન નામના ગામમા, ઓલેવ અને એનડરૂ નામના બે ભાઈઓ રેહેતા હતા એ બને ભાઈઓને શીકાર કરવાનો ભારે શોક હતો, તેથી તેઓ ઘણીવાર બીઆબાન જંગલમા ઘણાક દાહાડાના રસ્તા ઊપર નીકળી જતા, અને શીકાર કરી ઘણેક દાહાડે પોતાને ઘેર પાછા ફરતા એ પરમાણે તેઓ એકવાર ૧૮૫૨ના આગસટ મહીનાની ૧૪ મી તારીખે શીકાર કરવાને નીકળીઆ અને રાબેતા પરમાણે જંગલમા નીકળી ગએઆ તેમને ઘર છોડવાને અગીઆર દાહાડા વહીઆ પછે પંદરમે દાહાડે તેમની સાથે તેમનો એક કુતરો હતો, તે એકલો ઘરમા આવીઓ, અને પોતાના ચાલા તથા દેખાવથી ભારે દુખી અને આતુર માલમ પડી

ઓ; અને ઘરમાં એક નાકાથી બીજા નાકાવેરં દોડવા અને સઘલાના કપડાં પકડીને તાણવા લાગો. એ ઊપરથી સઘલાઓએ જાણીઊં કે બંને ભાઈઓ ઊપર કાંઈ પણ આફ્તત આવી પડી છે, તેથી તેઓએ તરત એક માણસને તે કુતરા સાથે મોકલીઓ. તે માણસ બે દાહડા શુધી પેલા કુતરાની સાથે જંગલમાં અને પાહાડોની ખીનોમાં ચાલીઓ, પણ કોઈબી માણસ જાતની નીશાન તેના જોવામાં આવી નહી: આખેરે તરીજે દાહાડે તેઓ રેપ નામના સરોવરના કીનારા ઊપર આવી પોંહોંચીઓ. તીઆં તે માણસના જોવામાં એક નાની હોડી આવી, જેમાં બેસી તે સરોવરની વચ્ચે એક નાનો બેટ હતો તે તરફ તે આવીઓ. તે ઊપરં જ તાંજ તેની નજરે પેલા બંને ભાઈઓના કપડાં પડીઆં, પણ તેઓ કેથે નજર પડીઆ નહી. તે બેટ ઘણોજ નાનો હતો, જેથી કોઈ એક બાજુ પરથી નજર કરેતો તે આખા બેટપર શું છે તે જણાએઆ વગર રહે નહી, તેવું છતાં તે બંને ભાઈ તે માણસને ન દેખાવાથી તે સમજીઓ કે તેઓ સરોવરમાં બુડીને મરણ પાંમીઆ હશે, એવું સમજી રોકસન ખાતે પાછો ફરીઓ, અને આવીને જણાવીઊં કે, તેઓ રેપ શરોવરમાં બુડીમરણ પાંમીઆ છે.

જે દીવસે એ માણસ શોધ કરી રેપ સરોવર છોડીને ગએઓ, તેજ દાહાડે તેની પાછલ થોડેકવારે કેટલાક ઘોડેસવાર શીકારીઓ તે જગાએ આવી પોંહોંચીઆ, જેમને કાને દુરથી કાંઈ જાણે દુખ ભરેલો આવાજ આવતો હોએ એવું સંભલાઈઊં; જેથી તેઓ તરત પોતાના ઘોડા પરથી ઊતરી, પેલી હોડી જે કીનારેજ પડી હતી તેમાં બેસી પેલા બેટ ઊપર ગએઆ, અને સારી પેઠે તપાસ કરતાં પેલા બંને ભાઈઓ મરતતોલ હાલતમાં પડેલા તેમની નજરે પડીઆ. તેઓએ તરત તેમને મદદ કરી અને ઊંચકી હોડીમાં મેલી કીનારે લાવીઆ, અને પછે તેમને તેમને ઘેર સલામત પોંહોંચાડીઆ.

જીઆરે એ બંને ભાઈઓ હુશીઆર થએઆ, તીઆરે પોતાપર પડેલી આફ્તતનું એવું વરણન કરીઊં કે—તેઓ શીકાર કરીને ઘર તરફ પાછા ફરતા હતા, તેવામાં તેઓએ, એ બેટ ઊપર એક ફાંધો નાંખેલો હતો તે લેવાને તે ઊપર ગએઆ. બેટ ઊપર ગએઆ પછે, એકાએક જોરમાં એવું તોફાન ઊઠી આવીઊં, કે જેથી તેમની હોડી, બેટને કીનારેથી છુટી થઈ શામણે કીનારે જતી રહી, જેથી કરીને તેઓ જમીનપર આવવાને તદન અશકત થઈ પડીઆ. તે વેલાએ અતીઅંત ઠંડીનાં દીવસ હોવાથી તેમનાંથી. તરીને પણ કીનારે પોંહોંચાઈઊં નહીં, જેથી તેમને તે બેટ ઊપરજ પડી રહેવાની, અને જીઆંવેર તેમનાંપર ઈશ્વરની કુરપા થાએ તીઆંવેર રાહા જોવાની ફરજ પડી. તેમને બીજે દાહાડે કકડીને ભુખ લાગી, પણ ખાવાનું કશું મલીઊં નહી, કેમકે તે બેટ એવો તો ઊજડ હતો કે તેનાં ઊપર એક ઝાડ પણ ન હતું. એથી તે બંને ભાઈઓએ, ભુખથી અને ઠંડીથી તીઆંજ મરણ પામવાનો સંભવ જોએઓ, અને દનપર દન તેઓ ઘણાજ અશકત થવા લાગા, જેથી તેઓએ છાપરાંનાં સરખો એક નાનો પથરનો ઢગલો કરી, માહે પડીઆ, અને અસહીઅ દુખથી રીબવા લાગા. એ પથરના ઢગલા ઊપર, જે માણસ તેમને શોધવા ગઈઊં હતું, તેની નજર, કાંઈ અકસમાતથી, મુદલ પડીજ ન હતી, જેથી તે તેમને મરણ પાંમેલા સમજી પાછો ફરીઓ હતો.

એ પરમાંણે બાર દાહાડા ગુજરી ગએઆ, પણ તેમનો કોઈ રીતે એ આફ્તતમાંથી છુટકો થએઓ નહી; અને શરીરે ઘણાજ અશક્ત થઈ ગએઆ, જેથી તેઓએ બચવાની સઘલી આસા છોડી, અને જે મોહોત તેમની શામે ઊભું રહી ડોલા ધુરકતું હતું, તેને નમીને તાબે થએઆ. ઓલેવતો છેક એવોતો અશકત થઈ ગએઓ હતો કે તેનાથી તો જરા હીલાતુંએ ન હતું, પણ એનડરૂ, જે તેના કરતાં નાનો હતો, તેનામાં કાંઈ પણ શકતી રહી હતી તેથી તે હીમત ધરીને ઊઠીઓ, અને તીઆં એક લાકડાંનો કકડો પડીઓ હતો તેની ઊપર પોતાનું અને પોતાના ભાઈનું નામ કોતરી તેઓ એ જગાએ મોટાં દુખથી મરણ પાંમીઆ છે એવું સાથે જણાવી, બચવાની સઘલી આસા મેલી પોતાના ભાઈની સોડમાં જઈને સુતો. એ પછે તેમને પેલા શીકારીઓએ બચાવીઆ હતા. તેણે પેલી નીમખહલાલ કુતરાની બાબદમાં એવો ખોલાશો કીધો કે, જીઆરે તેઓ રેપ શરોવરમાં હોડીમાં બેસી પેલા ભઅંકર બેટ પર ગએઆ, તીઆરે તે કુતરાને કીનારેજ મેલી ગએઆ હતા. જીઆરે તેઓ ઊપર લખીઆ પરમાણે ફસી ગએઆ, તીઆરે તેઓએ તે કુ

તરાને તરીને તેમની પાસે આવવાને ઘણોખી બોલાવી ઓ હતો; કે ભુખથી મરી જવાને બદલે તેને કાપીને ખાવાને કામ લાગે; પણ ખોદાએ જાણે તેને તેમના બચાવને માટે સરજેલો હોએ તેમ તેણે તેમનું કહીઊં ન માનતાં, જીઆરે જોઈઊં કે તેઓ હવે કીનારે પોં હોંચી શકવાના નથી, તીઆરે તે ઘર તરફ દોડીઓ, અને જઈને તેમના શંકટની ખબર કરી. જોકે પેલા માણસની બેપરવાઈથી બીચારા નીમખહલાલ કુતરા ની કોશેશ ફતેમંદીથી પાર પડી નહી, તોપણ તેમાં તે ભલાં જનાવરની કશી તકશીર ન હતી.

---

## કીમતી પથરાઓ.

ભાગ ૭ મો.

**ટરકુઓઈસ ઈઆને પીરોજો, કેરબો, અકીક.**

આજ શુધી હમોએ જે કીમતી પથરાઓનું બી આન આપીઊંછે તેઓ ઘણાખરા પારદરશક ઈઆને તેની અંદરથી આરપાર જોવાઈ શકાએ એવાછે, પણ હાલ હમો કેટલાક અપારદરશક પથરાઓનું એક ટુક બીઆન આપવા માગીએછે.

**ટરકુઓઈસ ઈઆને પીરોજો**—આ પથર એ ક જાતના ખરકમાંથી મલી આવેછે. એનો રંગ પી લો, આશમાની તથા લીલો હોએ છે, પણ એવા એ ક ઘેરા આશમાની પથરની કીમત વધારે ઊપજેછે. જોકે એ ઘણો કઠણ નથી તોએ પણ પાલીશ કરીઆથી એના ઊપર ચલકાટ વધારે આવેછે, અને એ કઈ કે ઈ ચીજનો બનેલો છે તે આજ શુધી બરોબર જાલમ પડીઊં નથી. એને હમેશાં ગોલ કાપવામા આવે છે, પણ ઈરાનીઓ, જેઓમા એ પથરનો ખપ વધારેછે, તેઓ એને પરા રોકા આકારમા પણ કેટલીએક વેલાઓ કા પેછે. જોકે એ પથરના ઝીના ઝીના કટકા ઘણે સ સ્તે ભાવે મલેછે તોએપણ મોહટા સારૂં દામ આપી આ છતાં મલતા નથી. તરણ ઈંચ લાંબો તથા એ ક ઈંચ પોહલો પીરોજો મોસકો શેહરના સઘરશથાન માં હાલ મોજુદ છે. ઈરાન, આરબશથાન તથા રૂશીઆ ના કેટલાએક ભાગમાથી આ પથર મલી આવેછે. મોહામદીઆંનો આ પથર ઊપર કુરાનના કેટલાએક બોલો કોતરી તેને ગલામાં માદરીઆં તરીકે પેહરેછે. આગલા વખતમાં આ પથર વીશે લોકોને ઘણોએક વેહમ હતો. એવું કહેછે કે એ પેહરીઆથી આંખનું તેજ વધતું હતું તથા કજીઆખોર જોડાં વચે શલાહ થા તી હતી!

**કેરબો**—કેરબાને આપણે કદાચજ કીમતી પથ રામા મુકી શકીશું, પણ એક સીનગારની ચીજ તરી કે આ વસ્તુને અસલથીજ વાપરવામા આવેછે. હો મર કેહછે કે, ફીનીસીઅન લોકો ગરીસમા કેરબો વેચ વા લાવતા હતા, તથા પલીની ફરીઆદ કરી ગએઓ છે કે કેરબા ઊપર તે વખતના લોકો એટલાતો દીવા ના બનીઆ હતા કે એ ચીજમાથી કોતરી કાહાડેલા એક નાઘલા આકારની કીમત, એક મોહગ્રા મજબુત ગોલામને વેચાતો લઈ સકાએ એટલી આપવામાં આ વતી હતી. સારાં કુલની રોમન સ્રીઓ રસતામા ચા લતી વેલાએ હમેસાં ખુશબો સારૂ કેરબાનો એક દડો હાથમા રાખતી હતી, અને હાલ પણ એને મલતો રે વાજ ઈરાનમા ચાલુછે—કેરબાને શરવે જમાનાના લોકો પશંદ કરી ગએઆછે તેનુ કારણ તેનો વાસ, ર ગ તથા ચલકાટ છે. જે કેરબા ઊપર દુધ જેવી સફે દ છાંટ હોએછે તેને વધારે પસંદ કરવામાં આવે છે. ૧૩ રતલનો એક કેરબો બરલીનના સંઘરસથાનમાં હાલ છે. લનડન તથા પારીસમા એક રતલ વજનના કેરબાની કીમત ૧૦૦ થીતે ૧૨૦ રૂપીઆની ઊપ જે છે. એ ઘણોખરો ઈઊરલ પાહડ ઊપર તથા રાહીન નદીના મુખ આગલથી મલી આવેછે; પણ પુર સીઆ દેશમો એ કેરબાની મોહટી ખાંણોછે. એ શું ચી જછે તે વીશે જુદાં જુદાં મતો પડેલાંછે, પણ હાલ ચો કશ થઊંછે કે એ ચીજ કાંઈજ નથી પણ એક જાત ના સનોબરના જાહાડમાંથી જહરફતો ગુંદર જેવો રસ છે, જે ઘણાએક વરશ શુધી જમીન ઊપર પડી રહેઆ થી આવો રંગ તથા ખુશબો પકડે છે.

જરમનીમાંથી કેરબાનો મોહટો જથો તુરકી દે શમાં મોકલવામાં આવે છે, જાંહાંથી તે મકા શેહર, જાં હાં મહમદની ઘોર છે તાંહાં જાએ છે. કેટલીએક વેલા એ કેરબામાંથી ઝીણા ઝીણા હાલ નાબુદ થએલાં જા નવરો તથા જાહાડના પાતરાંઓ મલી આવે છે. એ ઊપરથી એક લખનાર કહી ગએઓ છે કે "આ જીના મગતરાંની ઘોર વીશે વખાણ ગાઓ, કાંએજે કોઈ પ

ણ પાદશાહ એવા એક ઘોર તલે શુતેલો છે એવું અભીમાન તે કરી શકશે નહી."

અસલના વખતમાં તેમજ હાલ પણ દવા તરીકે કેરબાને એક ઘણીજ ગુનગારી પદાર્થ સમજવામાં આવતી હતી—ઈઊનાંની વઇદો આ વસતુનો ઘણો ઊપીઓગ કરે છે. કેટલાક પાખ તથા ચારનમાં આ ચીજનો ભુકો કરી નાખવામાં આવે છે, તથા જે શખસને કમ્લો થએઓ હોએ તેને પણ કેરબાની હાડી હાથમાં આપવામાં આવે છે. ઈઊરોપીઅન વઇદો કેરબામાંથી એક જાતનો તેજાબ તથા તેલ કાહાડે છે તેમજ ખુશબોમાં પણ એ ઘણો વાપરવામાં આવે છે.

અકીક—અકીકતો સઘ લોકોએ જોએઓ હશે, એનો રંગ ઘણુ કરી સફેદ અથવા રાતો હોએ છે. જો તાપ આગલ એ પથરને ધરીઓ હોએતો એના રંગમાં મોહટો ફેર પડે છે. બીજા પથરાઓ માફક શીનગારમાં એ ઘણો થોડોજ વપરાએ છે. ઘણુ કરી એના બટન તથા શીલ બનાવવામાં આવે છે અને કોઈ વખતે એમાથી આખી વીટી પણ કોતરી કાહડવામાં આવે છે—નદી કીનારાની રેતીની તલેથી આ પથર મલી આવે છે. આરબસથાનના કેટલાક ભાગમાંથી તથા ખંભાતથી અકીક પુસકલ આવે છે.

જોકે ઊપલા કીમતી પથરો શીવાએ બીજા ઘણાએક માનસ જાતનાં વાપરવામાં આવે છે, પણ જે ઘણાજ સાધારણ તથા જાંણીતા છે તેઓનુ અતરે બીઆન કરવામાં આવીઊ છે.

## જંગલી લોકોમાં બચાંઓને ઉધારવાની રીત.

ઊતર અમેરીકામાં, મધીઅ આફરીકામાં, અને પાસીફીક તથા હીનદી વગેરે મહાશાગરો મધેનાં બેટોમાં આજ ઘણાક જંગલી લોકો વસે છે. તેઓ એટલાંતો જંગલી છે કે, તેમનો મોટો ભાગ શરીરપર સુદલ વસ્ત્ર સરીખું કાંઈ પેહરી જાણતો નથી, તથા ઘણાક લોકો, જનાવરો સાથે માણસોને પણ કાપીને કાચાંને કાચાં, અથવા ઈંગારપર લુંજીને ખાઈ જવાને ચુકતાં નથી. એવાં જંગલીઓની સઘલી રીતભાત પણ જંગલી હોએછે, અને તે આપણ સરખાં શુધરેલાં લોકોને ઘણીજ નવાઈ જેવી તથા વખતે ખુશી અને વખતે દલગીરી ઊતપન કરનારી લાગે છે. જેમ એ લોકોની રેહેવા, ખાવા, પીવા વગેરેની રીતભાંતો જંગલી છે, તેમજ તેમની બચાં ઊધારવાની રીત પણ ઘણીજ જંગલી, એટલુંજ નહીં, પણ સાથેકેટલીકવાર ભારે કમકમાટ અને દુખ ભરેલી છે. એ બાબદને લગતો થોડોક હેવાલ નીચે આપીઓ છે, જે ઊપરથી વાંચનારને માલમ પડશે કે, એવા જંગલી લોકો શી રીતે પોતાનાં અતી કુમલાં બાલકોને ઊધારે છે. આપણી દેશી સ્ત્રીઓ પણ, કેલવણીની ખામીને લીધે પોતાનાં બચાંઓને ઊધારવાનાં કામમાં ઘણુંક જંગલીપણુ વાપરેછે પણ અલબતે ઊપલા જંગલીઓના જેટલું નહીં. તોપણ તેઓ એ બાબેનો પોતાનો અધીકાર એવી રીતે બજાવેછે કે, જેમ ઊપલા જંગલીઓની રીતભાત જોઈને તેમને (દેશી સ્ત્રીઓને) જેટલું હસવું આવશે, તેટલુંજ તેમની રીતભાત જોઇ શુધરેલા દેશની સ્ત્રીઓને હસવું આવે છે. આપણી દેશી સ્ત્રીઓ, જો પુરતી અને ઘટતી કેલવણી લેઈ, પોતાનાં બચાંઓને ઊધારવામાં તેનો ઊપીઓગ કરેતો, બેશક તેમનાં બચાં, અને પછે તેમની આખી ઓલાદ સઘલી પાંતીએ શુધરેલી, સદગુણી, અને અકલવાલી નીકલીઆ વગર રેહે નહીં.

મેડમ ફેફર નામની નામીચી મુસાફરણ લખેછેકે—મલાગાસી જાતનાં જંગલીઓમાં, બચાંનો જનમ થએઆ પછે, તેઓ, તેનુ ભવીશ જાણવાને એક નવાઈ સરખી કીરીઆ કરે છે—એ લોકોનો એક જાતનો ખોદાએ હોએ છે, જેને તેઓ "સકીડી" કરી કહે છે. એ ખોદાએ કાંઈ પથરની કે લાકડાંની સુરતી, કે કાંઈ એવીજ બીજી રીતનો નથી, પણ ડજનેક કાંકરાનો ઢગલો કરી તેને પોતાનો ખોદાએ માને છે। હરકોઈ મલાગાસીને તીઆં જેવો છોકરાંનો જનમ થએઓ, કે તે મોટપણે ભાએગશાલી નીકલશે કે નહીં તે જોવાને તેનો બાપ, પોતાના હાથમાં તેના સકીડી ખોદાને, એટલે પેલા કાંકરાને, પોતાના બેઊ હાથના ખોભામાં મેલે છે, અને પછે તે બચાંની આસપાસ કેટલાક ગોલ ફેરા ફરેછે. એ ફેરા ફરતાં જો તેના હાથ માહેલા કાંકરા મધેથી થોડાક નીચે પડીગએઆ, તો તેનો બાપ તથા બીજાઓ સઘલા ખુશી થઈ તે બચાંની

આઓને મુબારકબાદી આપે છે, કેમકે તીઆરે તેઓ સમજે છે કે, તે બચું ઘણું ભાગ્યશાલી નીકલશે. પણ જો તેથી ઉલટો બનાવ બનીઓ તો, એટલે જો હાથમાંથી એક કાંકરો ન વેરાએઓતો, બધા દલગીર થાએ છે, અને તે બચું, એટલે અભાગીઉ નીકલશે, એવું માની તેને મારી નાખવાની તઈઆરી કરે છે! કેટલાકતો, એટલાંમાંજ મારી નાખે છે, અને કેટલાકને પોતાના સકીડી ખોદ ઊપર વીસવાસ ન આવવાથી, એક બીજી તપાસ કરેછે, જેમાંથી જો તે બચું પાર પડીઊતો તે ભાગ્યશાલી ગણાએ છે, અને જીવવા પામે છે, અગર નહીતો તે પોતાનીજ મેલે મરણ પામે છે. તે એકે, તે બચાંને ઊંચકીને, જે રસતેથી, મોટાં બલદ તથા ઘોધાઓનું ટોલું અથવા ગોવાલું જતું હાએ, તે રસતાની વચોવચ મેલી આવે છે. પછે તે બીચારૂં પશું બચું જો તે મસતાન ઘોધાઓની ખડીથી બચે છે તો તેને મોટા પીઆરથી તેનો બાપ ઘેર ઊચકી લઇ જાએ છે, અગર નહીતો તે બીચારૂં તીઆંજ છુડાઈ રગડાઈને પોંહોતું થઈ રહે છે!

એ લોકોમાં કરતાં, ફીજીઅન કરીને એક જાતનાં જંગલીઓ, જેઓ પાસીફીક માહાશાગર મધેનાં એક બેટમાં રહે છે, તેમની બચાં સંબંધી ચાલ વધારે કમકમાટ ભરેલી છે. રેવરંડ થામસ વીલીઅમ નામનો એક ખરીસતી ધરમગુરૂ, જે કેટલાંક વરસવેર એ લોકની સાથે વસીઓ હતો, તે લખે છે કે— એ લોકોમાં બચાંઓને મારી નાખવાનું એટલુંતો સાધારણ છે કે, દર રોજ જેટલાં જનમેછે, તેમાનો બે તરતીઆંઊશ ભાગ મારી નાખવામાં આવે છે! તેમાં તેઓ છોકરીનેતો ભાગ્યેજ જીવાડે છે. તેઓ છોકરીઓને મોટી થએઆ પછે તદન નકામી સમજે છે, અને એવું કહેછે કે, "શું છોકરી મોટી થઈને લડાઈમાં જવાની છે! શું તે હાથમાં સોટો લઈને દુસમનનું માથું ફેડી નાખવાની છે, કે ભાલો લઈને તેની છાતી વીંધી નાખનાર છે?" એવા વીચારથી તેઓ છોકરીને જનમતાં વાર, અથવા બીજે કે તરીજે દાહાડે મારી નાખે છે.

અલબતે એમાં મોટી બેવકુફાઇ છે, કેમકે સ્ત્રી લડાઈના કામમાં નહી આવે તેથી કાંઈ તે આ દુનીઆંમાં તદન નકામી નહીં ગણાએ, પણ તેઓ જંગલી છે, અને તેથી તેવી બેવકુફી તેમને છાજે છે. ૫

પણ જીઆરે, એક કરતાં બીજી બાબદમાં, પણ એવી જ રીતની બેવકુફી દેશી, અને તેમાં અગત કરીને પારસી સ્ત્રીઓમાં જોવામાં આવે છે, તીઆરે આપણે કેટલું અચરત તથા દલગીર થવું જોઇએ! જો કે આજ કેટલાંક વરસ થએઆં, મુંબઈમાં છોકરીઓની નીશાલો નીકલી છે, અને તેની અગત વીશે તેમની ઘણીકવાર ખાતરી કરી આંપવામાં આવી છે, તોપણ તેને આપણી સ્ત્રીઓ નકામી ગણી હજુ કહે છે કે "છોકરી સીખીને શું કરવાની છે? શું તે કાનમાં કલમ ખોશીને આફીસમાં લખવા જવાની છે, કે ચીન અને વેલાતનાં મોટા વેપાર કરવાની છે?" આએ બોલો ઊપલા જંગલીઓના બોલોને બરોબર મલતા આવે છે, પણ ફેર માતરે મતલબનો છે. જો કે મતલબની અંદર ગમે એવો ફેર છે, તોપણ બંનેમાં વીચાર એકસરખા છે, જેથી આપણી સ્ત્રીઓને પણ, તેમની એવી ચાલને માટે જંગલી કહીએતો ચાલે.

એ (ફીજીઅનસ) લોકોમાં છોકરાંઓ મારવાનુ ઘણુજ સાધારણ હોવાથી, એ કામનો ઘણાએકો ધંધોજ લઇ બેઠેલા હાએ છે, જેમને કામ પડતે બોલાવીઆથી આવીને છોકરાંને મારી નાખી જાએ છે. જેવી છોકરી અવતરી કે, એક માણસ પાસે એક "મારી નાખનાર"ને બોલાવે છે, જે આવી તેને ગુંગલાવી મારી નાખીને, પોતાનુ દામ લઈ ચાલતો થાએ છે. જો વખતે કોઈ "મારી નાખનાર" મલી નથી આવતો, તો તે કામ તે છોકરીની માએ મોટી ખુશીથી બજાવે છે! જેને નવ મહીનાવેર પેટમાં રાખી, મોટી કશટીથી જનમ આપેલો, તેને, પોતાના ખોલાપર લઈ, તેનુ એક હાથે ચાંપીને નાખ દાબી ધરે છે, અને બીજે હાથે મોડું દાબી ધરે છે, જેથી તે બીચારૂં નીરઅપરાધી બચું, તરફડીને જરાક વારમાં મરણ પાંમે છે! એ કેવું કરપીણપણું!

પણ એ જંગલીઓ છોકરીઓને એમ કરતાં છોકરાઓને મોટા પીઆરથી ઊધારતાં હાએ એવું નથી. છોકરાએ કાંઈ સેહેજ વાંક કરવાથી તેની મા તેને મારી નાખે છે. જેમ આપણા ઘરમાં વખતે છોકરૂ રડીને કંટાલો આપે છે, એવો જો જરાક કંટાલો ફીજીઅનનાં બચાંએ તેની માએને આપીઓતો, તેમ આપણી સ્ત્રીઓ વખતે મેહેતાજીને, કે કોઈ એવાં બીજાં માણસને ધાક દેવાને બોલાવે છે, તેમ તે ફીજી

અન, માએ, તરત કોઇ "મારી નાખનાર" ને બોલાવે છે, અને તે બચાંને તેના હાથમાં આપે છે, જે જરાક વારમાં મારી નાખીને ચાલતો થાએ છે, અને પછે તેની લાસને તેની માં જમીનમાં ખાડો કરી માહે નાખી દઇ ઊપરથી મરોડું વાલી મેલે છે!

(એનું સાંધણછે.)

---

## પરચુટણ:

### જાણવાજોગ બાબદો.

**એક ચાલાક છોકરો**—એક દાહાડે એક પુરૂશે પોતાનાં છોકરાને કહેઉં કે પાસેની દારૂની દુકાંનપરથી એક ગલાસ પોરટ વાઇનનું લાવવું, એ ઉપરથી છોકરાએ તેહનાં પઇશા માંગીઆ, તારે બાપ બોલીઓ કે પઇસા લઇને દારૂનું ગલાશ લાવવું તો સેહલુંછે અને તેતો શઉ કોઇ કરી શકેછે પણ વગર પઇસે લાવે તારે જાણું કે તું કેહવો હોશીઆરછે. એ ઉપરથી છોકરો ગએઓ અને એક ખાલી દારૂનું ગલાશ બાપ આગલ લાવીને મુકીઉં અને કહીઉં કે લો બાપા આ પીઓ, તારે તે કેવા લાગો કે આમાંતો કાંઇ દારૂ નથી, તારે છોકરો બોલીઓ કે હા બાપા ગલાશમાં દારૂ હોએ ને પીતાંતો શઉને આવડેછે પણ ખાલી ગલાશે દા પીઓ તારે જાણું કે તમે કેવા ચાલાક છેવો.

---

**એક માણસની ૨૦૭ વરસની ઉમર**—ઈંગલંડની તવારીખની અંદર શઉથી અજાએબ જેવી લાંબી જીંદગીની જે તવારીખ મલેછે તેમા થોમશ કારણ નામનાં શખસનુ નાંમ દીશેછે. તે બીજા રીચરડનાં વખતમાં ઈઆને ૧૩૮૧ નાં વરસમાં જનમીઓ હતો, અને ૧૫૮૮ નાં વરસમાં મરણ પામીઓ હતો. તેની હઇઆતીમો બાર રાજા અને રાણી મલી રાજ કીધું હતું. ૨ જો રીચરડ, ૪ થો, ૫ મો ૬ ઠો હેનરી, ૪ થો અને ૫ મો એડવરડ, ૩ જો રીચરડ, ૭ મો અને ૮ મો હેનરી, ૬ ઠો એડવરડ અને મેરી અને બલાઇજાબેઠ રાણી એઓએ રાજ કીધાં હતાં, હેમોનાં કોઇબી પાદશાહાની તવારીખ ઇઆ ફેરફાર વીશે કોઇ પુછતુંતો તે કેહી શખતો હતો.

---

બીજો થોમશ પાર નાંમે શખશ ૧૫૪ વરસવેર જીવીઓ હતો. તે ઇશવી શન ૧૪૮૮ નાં શાલમો આલડરબરી નાંમનાં પરગણામો જનમીઓ હતો જાહારે તે ૮૦ વરશની ઉમરનો થઓ તારે જેન નાંમની અશતરી શાથે પેહલાં લગન કીધાં પણ ૩૨ વરશની મુદતબાદ તેને પેટે ૨ છોકરા અવતરીઆ પણ તે ઝાઝા દીવશ જીવીઆ નહી, એક ચોરાએક મહીના અને બીજું થોડાએક વરશ પછી મરણ પામીઉં. જાહારે તે ૧૨૦ વરશની ઉમરનો થઓ, તારે તે કેથેરાઇન મીલટન નામની છોકરીપર મોહીત પડીઓ, અને તેની શાથે પરણીઓ, તેણે પેટેબી કાંઇ છોકરાં થઆં હતાં. તેના મરણની બે માશ અગાઉ આરેનડેલનો અરલ, તેને વેશટ મીનીશટર લેઈ આવીઓ કે જાંહાં ઘણા મેલાવરાથી અને જોવા આવનારાવોએ મેહેનત આપીઆથી તે ૧૬૩૨ નાં વરશમો ૧૫૪ વરશની ઉમરે મરણ પામીઓ.

---

**માંણશોનું શરખશી કદ**—શઉથી ઉંચું માણશ ગાબરા નાંમનુ આરબશથાંનથી કલોડીશ પાદશાનાં વખતમાં મંગાવીઉ હતું તે કે જે ૯ ફુટ ૯ ઈંચ હતું.

મેખશીમમ નામનો શાહાનશા ૮॥ ફુટ ઉંચો હતો. તે થારેશ શેહેરનો રેહેવાશી હતો પણ તે ઘણો જંગલી અને ઘાતકી હતો તેથી તેને શરવે લોક ધીકારતાં હતાં, તેની બઇરીની બાજુબંનધ તેનાં અંગોઠા (હાથનાં) મો આવી રેહેતી હતી અને તેનાં બુટ શાધારણ માણશનાં બુટ કરતાં ૧ ફુટ લાંબુ હતું.

---

**વેહુતીઆં માંણશ**—આગશટશ શેહેનશાની બતરી જીજુલીઆ પાશે એક વેહેંતીઉ માણશ હતું તેને કોરોપાશ ને નાંમે ઓલખતા હતા અને તેની પછવાડે જુલીઆએ ઘણો ખરચ કરી તેને વેચાતો લીધો હતો, તે માતરે બે ફુટ ઉંચો હતો અને જાડાઇમો માતરે એક હાથ હતો એને બાઇ પાશે આનડરોમીડા નાંમની ગોલાંમ અશતરી હતી તેબી તેટલાજ કદની હતી.

૨ જો. આગશટરશ શીજરે નાટકની અંદર લુશીઅશ નાંમનો એક એવુજ માણસ બતાવીઉ હતું, તે એક શારા કુલનો હતો, તે પુરો ૨ ફુટ ઉનચોબી નહી હતો અને વજનમો માતરે ૧૭ રતલ હતો. તોએબી તેનો અવાજ મોટાં માણશનાં જેવો નીકલતો હતો.

૩ જો. ઇમામ બીકશના વખતમો આલેકશાનડરીઆ શેહેરમો આલીપીઅશ નામનો એક શખસ હતો તે જાતે ઘણો લાહેર અને ફીલશુફ હતો પણ તેનું કદ એટલુંતો નાહાનુ હતું કે એક કીઉબીકમોબી ઓછો હતો ઇઆને એ ક ફુટ પાંચ ઈંચમોબી ઓછો હતો. તેના દેખાવ પરથી હેવું લાગતું હતું કે તેને જીવ શવાએ કશુ છેજ નહી. એટલુંજ રેહવાનું કારણ હેવું કેહેછે કે જે ભાગ વધી શકે તેવા ભાગો ખુદરતથીજ ચીમરાઈ અને નજીવા થએઆ હતા.

૪ થો. એક મુશાફર લખેચ કે "મેં ઘણા ઠીંગણા માણસો જોએઆં છે, તે કાંઈ ખુનદાં અથવા બરડા આગલથી વલેલાં નહી પણ જનમથીજ પેદા થએલાં જોએઆં છે તેવામોનું એક માણસ તેણે ૧૫૫૨ ઈ. શ. ના શાલમો બેશીલ મધે જોએઉં હતું. તે ઉમરે ૩૫ વરસનું હતું તે સાથે વલી મોટી દાહાડી અને ઉંચાઇમો માતરે ૩ ફુટ હતો તેહેનેથી ઝાલપર ચહડી શકાતું હતું નહી પણ એક ચાકર ઉચકી લેઈ જતો હતો. તે તરણ ભાશા જાંણતો હતો, તે ઘણો હુશીઆર અને મેહેનતુ હતો.

૫ મો. રૂમ શેહેરની અંદર મેકશુમશ અને ટુલશ નામે બે ગરહશથ "નાઇટ" હતા તે બેઉ માતરે બે ફુટ અગીઆર ઇનચ હતા.

એ વતરોગે બીજાં ઘણા ઠીંગણાં માણસ વીશેછે કે જે શઘલાં ૩ ફુટની અંદરનાછે. શ. હ.

---

## એક રમુજી વારતા.

રોકડો હીસાબ—બે દોસતદારો, એક વેલાએ ફરવા નીકલીઆ, તે ફરતા ફરતા દરીઆ કાંઠા ઉપર જઈ પોહોંચીઆ. એવામાં એકની મરજી થઈ કે જરા દરીઆમાં નાહાવું, તેથી પોતાનાં દોસતદારને કહીઉં કે, ભાઈ તું જરા અહીં ઉભો રહી આ મારાં કપડાં જોજે, અને વીશ રૂપીઆ છે તે હાથમાં રાખજે, હું જરા પાંણીમાં નાહી આવું. પેલા દોસતદારે તેમ કબુલ કીધું, અને પેલો પાંણીમાં નાહાવા ગએઓ. જેવી પેલાએ પાંણીમાં એક બુડકી મારી કે તેવામાંજ પેલા વીશ રૂપીઆ, પેલા દોસતદારે કોઈનાં હાથમાં આપી પોતાને ઘેર મોકલાવી દીધા. પેલો નાહીને કીનારાપર આવીઓ, અને કપડાં પેહેરી રૂપીઆ માંગીઆ, તીઆરે તે બોલીઓ "ભાઈ રૂપીઆ શાના, તારો હીસાબ લે." એ સાંભલી પેલો બીચારો તાજુબ થઈ બોલીઓ, "મેં હમણાં તુને વીશ રૂપીઆ જરા હાથમાં ધરવા આપીઆ, તેટલામાં હીસાબ શાનો લઉં." એ પરમાંણે તેમનામાં ઝઘડો ઉઠીઓ, અને ઘણાક લોક આસપાસ જમા થએઆં. સઘલા પેલાને કેહેવા લાગા કે, "ભાઈ એનો હીસાબતો સંભાલ, જો એ શું આપે છે, પછે બોલ." તે સાંભલી તે બીચારો હીસાબ લેવાને તઈઆર થએઓ, તીઆરે પેલાએ એવો હીસાબ આપીઓ કે, "જો ભાઈ, જીઆરે તેં પેહેલી બુડકી મારી તીઆરે મેં જાણીઉં કે તું પાંણીમાં બુડી ગએઓ, તેથી તરત મેં એક માંણસને પાંચ રૂપીઆ આપી તારી મઈએતની ખબર તારા ઘરમાં કેહેવાડી. પછે જરાક વારે તું પાછો ઉપર આવીઓ, તીઆરે મેં જોઈઉં કે તુતો સલાંમતુ છે, અને તારા ઘરમાં બધાં અમથાં રડી મરશે, તેથી બીજા પાંચ રૂપીઆં બીજા માંણસને આપી તારે ઘેર તારી સલાંમતીની પાછી ખુશખબરી કેહેવાડી. હવે બાકી રહેઆ દશ, તે મેં મારે ઘેર મોકલેલા છે, કે તે હું તારાં બઆં છોકરાને આપીશ, તે ચાલ આપણ તીઆં જઈએ કે હું તને તે આપું." આ રોકડો હીસાબ જોઈ સઘલાને તાજુબ લાગોઉં, તથા હસવું આવીઉં.

---

ફરેડરીક ધી ગરેટ જેઆરે પોતાનાં લસકરમાં ચાકરી રાખતો હતો તારે તરણ સવાલ જરમન ભાસામાં પુછતો હતો તે એકે તારી ઉમર કેટલી. તું મારી ચાકરીમાં કેટલા વરસ થએઆંછે અને, બીજું તો તારી બરદાસત બરાબર થાએછે અને પગાર બરાબર મલેછે ? એક વખત એક ફરેંચ જુવાંન શીપાઈ ચાકરીમાં રેહવા જવાનો હતો અને તે જરમન ભાસાનો અનજાણીઓ હોવાથી તેહને તેનાં સરદારે તરણ શવાલોનાં તરણ જવાબ મોહડે કરાવી રાખીઆ હતા. તેને શીખવીઉં હતું કે રાજા તુહને પેહલ વેહલું કાંઈ પણ કેહે તેનાં જવાબ (૨૧) કરીને આપજે. બીજું કાંઈ કેહે તેનો ઉતર ૧) કરીને આપજે અને તરીજો સવાલ નાખે તારે (બેહુ) કરીને કેજે. હવે જેઆરે પેલો પુરૂસ રાજા આગલ ગએઓ તારે રાજાએ રોજ જેમ પેહલો, બીજો, તરીજો શવાલ પુછતો હતો તેમ પુછવાને બદલે બીજો શવાલ પેહલા પુછીઓ તારે પેલો છોકરો બોલીઓ કે ૨૧ તેઆરે રાજા અતીસે અજબ થએઓ કે એકવીસ વરસ થએઆં મારી ચાકરી કરેછે. પછી પેહલો શવાલ પુછીઓ કે તારી ઉમર કેટલી ? તારે તે બોલીઓ કે ૧) એ ઉપરથી રાજાએ કહીઉં કે ધાતો તું ઘેલો થઈ ગએઓછે કે હું ઘેલો થઈ ગએઓછું, તારે પેલો પુરૂસ સમજેઓ કે તરીજો શવાલછે કરીને કહીઉં કે (બેહુ) તારે રાજાએ હસીને કહીઉં કે તું કેહચ તે પરમાંણે પેહલીજ વખત હું ઘેલામાં ખપીઓછું. પેલા છોકરાનો જરમન ભાશાનો બંદોલ ખુટી ગએઆથી મુગો રહેઓ અને રાજાએ કાંઈ પુછીઉં તારે ફરેંચ ભાશામાં બોલીઓ કે હું જરમની ભાશાનો એક હરૂફ જાણતો નથી. એ ઉપરથી (આંધરે બેહરૂં કુટાઈઉં) એવું શમજી, તેને ચાકરી ઉપર નેમીઓ.

---

## સમશીઆ.

(દોહરા.)

(૧) એક નરે નરને ગળ્યો,
તેથી શોભે તન;
એતો ઉતમ જન ઘણો,
સમજો તમે સજ્જન.

(૨) ઉતમ કુલથી ઉપજી,
તાત તણો જે તાત,
તે સાથે વીવા કરયો,
સમજો સજ્જન વાત.

(૩) ભરે ફાળ પણ મૃગ નહી,
નહી સસળો નહી સ્વાન,
મોં ઉંચું પણ મોર નહી,
સમજો ચતુર સુજાણ.

ક. સા.

(૪) હું એક વસતુ છું. મને સારી જગતના લોક ઉપીઓગમાં લે છે, અને જે નથી લેઈ જાણતા તે હીણા અને જંગલી કહેવાએછે. મને મોહું નથી તોપણ તમે ચાહો તે બોલું છું, અને મને પગ નથી તોપણ તમે કહો તીઆં જઈને તમારી સઘલી વાત કહુંછું. મારા પેહેલા બે અક્ષર લોતો એક જાતનું પકશી થાઉં, અને છેલા બે લોતો નાની માછલી પકડવાનું હથીઆર થાઉંછું.

---

## ખોલાસો.

(૧) પાણી. (૨) ગાડી. (૩) ચોપડી. (૪) ચંદર.

## પકવાન વગેરે બનાવટ.

મીલક પંચ ઇઆને દુધનું શરબત. બરાનડી, રમ, પાણી અને તાજુ દુધ, એ સઘલું એકસરખા જથામાં લે વું. દુધને ગરમ કરીને લેવું પણ તેને ઠકરો પડવા દેવો નહી. પછે દર દોહોડ પાઇનટે ૧ રતલ બુરા ખાંડ અને બે મોટાં લીંબુ લેવાં. તે લીંબુની છાલને ખાંડના ગાંગડા ઉપર ખુબ ઘસવી કે તે ઉપરની પાતલી છાલ નીકલી જાએ પછે તેમને કાપી ચાર ચાર કટકા કરવા, અને માહેથી સફે દ છાલ કાહાડી નાખવી. પછે ઉપલાં બરાંનડી, રમ, વગેરે સઘલાંને ગરમ દુધ શુધાં એક વાસણમાં રેડી દઈ ઉપરથી પે લાં લીંબુના કટકા અને સઘલી ખાંડ નાખવી. પછે તે વા સણને મજબુત બંધ કરી આખી રાત એક જગાએ મેલી છાંડવું. સહવાર પડતાં તેને ફલાનલ વતે બે તરણ વાર ગા લવું, પછે તેને પથરની બાટલીમો ભરવું. એ શરબત ઘ ણુંજ સવાદદાર થાએછે. ઇઊરોપના લોકો એવાં સેંકડો જા તના શરબતો વાપરેછે, પણ આપણા લોકમાં એકે જાતનું વપરાતું નથી!

## મૂળાક્ષરને શિખામણ.

(ભુજંગી છંદ.)

કકા કામ તે દેવના ભારી મોટાં,
ખખા ખામિની ખોટ ત્યાં હોય જોતાં.
ગગા ગાનિ તું ગૂણ નીતે હરીના,
ઘઘા ઘાબરો થાય કાં બે ઘડીમાં.
ચચા ચામ ને હાડતો આંહિ રેશે,
છછા છાકિ ના જા તું તે જોઈ લેશે.
જજા જગતમાં જાણ ના સૂળટૂં રે,
ઞઞા ઞાઞિ માયા કરે ઉલટૂં રે,
ટટા ટાપટીપે કરી કાં દિપે રે,
ઠઠા ઠાઠ ઠાળે તું મૂર્ખો ખપે રે.
ડડા ડાહિ ડાહી કરી વાત ફૂલે,
ઢઢા ઢાલની તાંનમાં જાઈ ભૂલે.
તતા તાતની વાત તૂં કાં કરે રે,
થથા થાગ ક્યાં લાગશે તૂં તણે રે.
દદા દાવતો આપવો જોઈશે જે,
ધધા ધાઈ ધાઈ જવાશે નહીં જે.
નના નાણુ નીતી નિમો ના ટુટે રે,
પપા પાપ તારાં કદી ના છુટે રે.
ફફા ફૂલ ફૂરિ જશે કૂમળાઈ,
બબા બાગબાની કરી લે કમાઈ.
ભભા ભાવ રાખી ભજો ભેદ પામી,
મમા માન, માયા મુકી સેવ સ્વામી.
યયા યાદમાં આંણીને ઇશ મોરો,
રરા રાયને રંક સૌ જાણ છોરો.
લલા લોભનો થોભ તો હોય નાહી,
વવા † વાતસંગ વાતમાં સાર કાંઈ?
સસા સારમાં સાર તો એજ મોરો,
શશા શોધીને શાધિયો પૂન્ય હોરો.
ષષા ષડરિપુ સાચવી કોણ રાખે,
હહા હોય ક્યાં! નાનાભાઈ સત્ત ભાખે.

## ચરચા પતરીઓને બબર.

પીરોજબાઈનું પતર પોહોંચીલું છે તેમા જે તેઓએ સુ ચના કરી છે તે ઘણીજ વાજબી છે, અને તે ઊપર હમો બનતા સુધી ધીઆંન આપીશું. એ પતરને સદાબરું પરગટ કરવાને માંહે મરજી જણાવવામાં આવેલી છે, પણ તેમ કરવાની ગ્રાજી અગત દીસતી નથી એ બાઇના પતરનુ લખાણ અને ધબ ઘણા સારાં છે, તેમજ તેમાંની સુચનાં પણ ઘણી સારી છે, તેથી તેની લખના રને હમો સાબાસી આપીએ છઇએ, અને ઇછીએ છઇએ કે, એ બાઇ વારેવાર હમારી ઊપર તેમની બેનાણીઓને ફાએદો પાએ એવી બાબદો તથા સુચનાંઓ લખતી રેહે, જેની હમો મોટી ખુ શીથી આ ચોપાનીઆમા જગા કરીશું કોઇબી પારસી, હીંદુ વ ગેરે દેશી સ્ત્રી, કાઇ પણ સ્ત્રીઓને અગતજોગ બાબદ હમારી ઊ પર લખી મોકલશેતો તે હમો મોટી ખુશીથી આ ચોપાનીઆમા પરગટ કરીશું.

શ હ તમારી લખેલી બાબદ ઘણી સારી છે, તેથી તેને આ ચોપાનીઆમા પરગટ કરવામા આવી છે, અને તમારાં લખ વા પરમાણે જો તમો ટાપ અને સબદોચાર ઊપર લગાર વધારે ધિઆંન રાખી, એવીજ બીજી બાબદો લખી મોકલતા રેહેશોતો તે મોટી ખુશીથી હમો પરગટ કરીશું

આ ચોપાંનીઆને માટે જે કોઇ ચરચા પતર વગેરે હરકા ઇ બાબદ લખી મોકલે તેમને હમો આટલી બાબદ ઊપર ધીઆં ન આપવાને ભલાંમણ કરીએ છઇએ:—જે લખવું તે ચોખા, મો ટા અને જલદી ઊકલે એવા અખશેરે કાગજની એકજ બાજુ ઊ પર લખવું બનતાં શુધી દેતી અને ગુરપની ઇઆને ટાંચુ અખ રો ઊપર, અને ટાંપ ઊપર ધીઆંન રાખીને લખવું. બનતા સુધી બાબદને ટુંકી કરીને, અગત જોગજ મતલબ લખી બધ કરવી. આએ સુચના પરમાણે જો કોઇ સ્ત્રીને લખતાં અડચણ પડે તો. તેણે જેમ પોતાથી બને તેમ લખી મોકલવુ, તેને હમો મોટી ખુ શીથી સુધારશુ, પણ પુરશોએ તે ઊપર નજર ધીઆંન આપવું.

આ ચોપાનીઆમા જેની ચરચા પતર આવે, તે સઘલાની મતલબને હમો એકમતતા છઇએ એમ કોઇએ વીચારવુ નહી.

† વાત એટલે પવન.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. | જુન ૧૮૯૫ | આંક ૬ ઠો.


## વધનમાં લગન.

એક વારતા.

### પરકરણ ૧ લું.

સેનાહ નામનાં શેહેરમાં એક તવંગર શેદાગર રેહેતો હતો. તે જાતે ઘણોજ માએઆળુ અને નરમ સવભાવનો હતો, અને પોતાના ધંધામાં ઘણોજ માહીતગાર અને એકીનદાર હતો. તેને તીઆં, ખોદાની બખશેશથી એકી વેલાએ બે બચાંનો જનમ થએઓ, જેમાં એક છોકરો અને એક છોકરી હતી. આથી કરી તે ભલા શેદાગરને ઘણીંજ ખુશાલી ઉતપન થઈ, અને ખોદાનો મોટો પાડ માની, તથા તેની ભકતી કરી છોકરાનું નાંમ ખુશરૂહ અને છોકરીનું નામ અરનવાજ પાડીઉં. એ બંને ભાઈ બેન જેમ એકી વખતે જનમીઆં હતાં, તેમજ તેમનો ચેહેરો, રૂપ અને કદ એ પણ એકજ સરખાં હતાં. એ બચાંઓને તે ભલા શેદાગરે તથા તેની સ્ત્રીએ ઘણા પીઆર અને મેહેનતથી ઉધારીઆં, અને જેમ જેમ તેઓ મોટાં થતાં ગએઆં તેમ તેમ તેઓ ઘણાંજ ડાહેઆં, ચંચલ અને સારી ચાલનાં નીકલતાં ગએઆં. તે સાથે તેઓ એવાતો ખુબસુરત દેખાવનાં થતાં ગએઆં કે, કોઈનીજ આંખ અચરતીથી થોડોવાર તેમનાં મોડાંપર ઠરીઆ વગર ફરતી હતી. પણ વલી તે સાથે જોનારને બીજું નવાઈ જેવું એ લાગતું હતું કે, તેમના ખુબશુરત ચેહેરા એવાતો એક બીજાને મલતા દેખાતા કે, જરા ગફલતી કરતાં એક બીજાં વીશે ચુક થએઆ વગર રેહે નહી. તેમાં જો બંનેને એક સરખો પોસાક પેહેરાવીઓ હોએતો, તેમના ખુદ બાપ અને માએને પણ ઓલખવાં એકાએક મુશકેલ પડી જાએ.

એ બંને ભાઈ બેનો, પુખત વએનાં થએઆં તીઆંશુધી માબાપના મોટા પીઆર અને લાડમાં સરવે જાતનું સુખ ભોગવીઆ બાદ, તથા સરવે જાતની કેલવણી લીધાબાદ એક દાહાડે એવો બનાવ બનીઓ કે, તેમને જરનદાબ તરફ જવાની ફરજ પડી. તે બંને ભાઈ બેનોએ પોતાને અગતજોગ સર સામન તઈઆર કરી, તે શેહેર તરફ હંકારી જતાં એક વાહાણમાં સવાર થઈ તે તરફનો રસતો લીધો. થોડાક દાહાડા વાહાણને ઘણો સારો પીઠનો પવન લાગો, જેથી તે એવીતો ઝડપથી ચાલીઉં કે, તેનો નાખોદા ખુશાલી સાથ બધાંને કેહેવા લાગો કે, આપણે ચાર દાહાડાની રાહા એક દાહાડામાં કાપીએ છઈએ. એથી કરી તે વાહાણ મધેનાં સઘલાં માણસો ખુશી થએઆં, અને જેમ બને તેમ જલદીથી જરનદાબ પોંહોંચવાને તેઓ ઉમેદવાર થએઆં. પણ અફશોશ ! જમાનો કોણુને ઇઆરી દીએ છે ? જમાનો કોણનુ ધારીઉં તેની મરજી મુઆફક પાર પડવા દે છે ? આ જાલમ જગ ઘડીમાં હસતાં મોડાં ઉપર આંસુનો વરસાદ વરસાવે છે, અને ઘડીમાં તેજ આંસુથી ધોવાઈ ફીકા થએલા તથા તેની સરદીથી ચીમડાઈ ગએલા ગાલને હસવાનાં જોરે ખીલવી, લાલ અને ગોલાબી રંગના કરી મેલે છે. નાખોદાએ તેમની આવી ફતેહમંદ સફરની ખુશ ખબર સઘલાઓને કહેવાથી તેઓએ આખો દાહાડો ખુશી ખુશાલીમાં ગુજારીઓ, અને રાતનો વખત થવાથી પોત પોતાને મકાને જઈને સુતાં. પણ થોડાજ વારમાં તેમને ગભરાઈને પાછું ઉઠવું પડીઉં, કેમકે ઉતર પસચીમથી જોરમાં પવન ફુકવા લાગો, અને તેની સાથે પાણીમાં જોર વધવાથી વાહાણ ડોલા ખાવા લાગું હતું. નાખોદા અને બીજાઓ એક ગમથી બીજી ગમ દોડવા લાગા, અને વાહાણના સડ વગેરે ઉતારવાની તઈઆરી કરવા લાગા. આ મામલો જોઈને અરનવાજ ઘણી ગભરાવા લાગી, પણ ખુશરૂહ તેને દીલાસો આપી, હીમતથી કેહેતો કે, એવા બનાવતો દરીઆમાં રાત દીવસ બને છે, મારે તેમાં ગભરાવાનુ કંઈ નથી. નાખોદા પણ એમજ બોલીઓ, જેથી અરનવાજને પાછી હીમત આવી, અને પોતાના પીઆરા ભાઈના પાસાંમાં બેસી ખોદાની બંદગી કરવા લાગી કે, તે તોફાન, તેની મેહેરબાનીથી જલદી નરમ પડી જાએ. પણ જેમ જેમ વખત જતો ગએઓ, તેમ તેમ પવન અને પાણીમાં જોર વધતો ગએઓ, અને આખરે એવું બનીઉં કે, ડુંગર સરખા મોજા ઉઠી એકગમથી વાહાણને, જંગલમાં ઉડતાં સુકાં પાતરાંની માફક ગબડાવવા લાગા, અને બીજીગમથી પવન તેને ગોએઆ પટંગની માફક ઉડારી લઈ જવાની કોશેશ કરવા લાગો. આવો મામલો જોઈ નાખોદાએ અને સઘલાં માંણસોએ બચવાની આશા છોડી, અને સઉ-

પોતાની આંખમાં આંસું લાવી મોતને તાબે થએઆં. તો પણ તેઓ એકદમ હાથ પગ બાંધીને મોતના પંજામાં જઈ ન પડતાં અંત શુધી બચવાની કોશેશ કરવા લાગાં, જેમાં છેલે ખુશરૂહ પણ પોતાની વાહાલી બેનમે એક બાજુ, ભઅંકર દીલથી મોતની સાંમણે જોતી મેલી, તેમની સાથે ભારે મેહેમત કરવા મંડીઓ. પણ સઘલાનાં માઠાં બાએગે, એક આંચકો વાહાણે એવો ખાધો કે, તેથી તલીઆંમાંથી તે એકદમ ફાટી ગએઉં, અને એકદમ સઘલાં માંણસો અફલાતુન સરખાં બની ગએલા સમુદરમાં વેરાઈ પડીઆ. આ ભઅંકર વખતમાં જેના હાથમાં જે આવીઉં તેને તેઓ વલગી ગએઆ, અને પાણી ઉપર એમથી તેમ ઝોલાટીઆં ખાવા તથા ઘસડાવા મંડી ગઆઆં. એવા વખતમાં તે વાહાણના નાખોદાના હાથમાં એક તેખોજ મછવો આવી ગએઓ હતો, તેને વલગી, તથા તેવાંમાં અરનવાજને પોતાનાં પાસાંમાં ડુબકાં ખાતી જોઈ તરત તેને ઉંચકી લઈ, ઘસેડાતો નજદીકના એક કીનારા ઉપર લાગો. નાખોદાએ પોતાનો આ પરમાંણે બચાવ થએલો જોઈ ખોદાનો ઘણોજ પાડ માનીઓ, અને ભએ તથા દુખથી બેશુધ થઈ ગએલી અરનવાજને હુસીઆર કરી ઘણોક દીલાશો આપીઓ. પણ ગરીબ બીચારી અરનવાજ જેટલી તે પોતાના આવા બારીક બચાવથી ખુશી નહી થઈ તેટલી તે પોતાના વાહાલા ભાઈનાં મરણથી દલગીર થઈ, અને ભારે શોક તથા ગમમાં પડી, પોતે સલાંમત નીકલી તેને માટે પોતાના જીવને સરાપ દેવા લાગી. પણ નાખોદાએ તેને ખાતરીથી જણાવીઉં કે, જે વેલાએ વાહાણ ફાટી ગઈઉં, અને સઘલાં માંણસો પાંણીમાં પડીઆં, તે વેલાએ ખોશરૂહ એક મોટાં લાકડાંને વલગી ગએઓ હતો, તે તેણે નજરે નજર જોએઓ હતો, તેથી તે કેહેબી સલામત કીનારે લાગી નીકલશે. આ વાતથી અરનવાજને કેટલીક ધીરજ આવી, અને તેથી શોક કરવાનો મેલી દઈ, તેણે પોતે હવે કીઆં જવું તથા કેમ કરવું તેના વીચારમાં પડી. પણ પેલો નાખોદા ઘણોજ ભલો અને નીતીમાન માંણસ હતો, તેથી અરનવાજને દીલમાં પણ કેટલીક ધીરજ રહી, અને નાખોદાએ પણ બનતાં સુધી તેને તેને ઠેકાંણે પોંહોંચાડવાની કબુલાત આપી, કેમકે જે જરનદાબનાં શેહેર તરફ તે જનાર હતી, તે શેહેર તીઆંથી માતરે તરણ દાહાડાના રસતા ઉપર હતું. એથી બાપડી એખલી પડી ગએલી અરનવાજને જરા ખુસી ઉપજી, એને તે નાખોદાને, જો તે કાંઈ એ શેહેર વીશે જાણતો હોએતો તે કેહેવાને અરજ કીધી. એ ઉપરથી તે નાખોદાએ જણાવીઉં કે તે એ શેહેર વીશે એટલુંજ જાણે છે કે, તીઆં સાસાન નામનો એક જુવાન સાહાજાદો રાજ કરે છે. એ ઉપરથી અરનવાજ બોલી, "મેં મારા બાપને મોહેથી એકવાર એ સાસાન સાહાજાદા વીશે સાંભલીઉં હતું, અને તે તે વેલાએ કુમારો હતો, એવું મેં જાણીઉં હતું." એ સાંભલી નાખોદા બોલીઓ "હા, અને તે હજી કુમારોજ છે. મેં થોડું કની વાત ઉપર એવું સાંભલીઉં હતું કે, તે સાહાજાદો જેહાનઆરા નામની એક ઘણીજ ખુબસુરત અને નીતીમાન છોકરી ઉપર મોહીત પડીઓ છે, અને તેની સાથે તે પરણવાને ઘણી કોશેશ કરે છે. પણ તે છોકરીના એક ઘણાજ વાહાલા ભાઈનાં મરણથી તે સઘલું છોડી શોકમાં બેઠી છે, અને તેની સાથે પરણવાને તો શું પણ વાત કરવાને પણ ના પાડે છે." તે ભાઈને માટે શોક કરે છે એવું સાંભલી અરનવાજને તેનો ભાઈ ઈઆદ આવીઓ, અને તેથી એવું ચાહીઉં કે, હું પણ મારા ભાઈ વગરની થઈ તેને માટે શોક કરૂંછું, અને તે પણ તેવીજ હાલતમાં છે, તેથી તેની સાથે જઈને વસું, કે તે મારી દાઝ જાણશે, અને મારી સંભાલ લેશે. એ થેડાવ તેણે પેલા નાખોદાને જણાવીઓ, અને તે પાર પાડી આપવાને તથા તેને જેહાનઆરા સાથ મેલવવાને અરજ કીધી. પણ નાખોદાએ મોટી દલગીરી સાથે જણાવીઉં કે, તે કામ તેનાથી બનવાનું નથી, કેમકે જેહાનઆરા પોતાના ભાઈના શોકમાં એવીતો ગરકાપ થઈ રહેલી છે કે, તે કોઈની મુલાકાત લેતી નથી. તીઆરે અરનવાજે મનમાં એવો થડાવ કીધો કે, આ સ્ત્રીનો વેશ કાહાડી નાંખી મરદનો લેવો, અને શાહાજાદા સાસાનના એક ખીદમતગાર તરીકે તેની નોકરીમાં રહી, બનતાં શુધી જેહાનઆરાને જોવી અથવા મલવું. એ થડાવ પેલા નાખોદાને જણાવતાંજ તેને ભારે અચરતી ઉપજી, પણ એ વખતે અરનવાજ સરખી જુવાન અને ખુબસુરત છોકરીને, પારકા અને તદન અજાંણીઆં શેહેરમાં જવું કેટલું મુશકેલ હશે. તેનો વીચાર કરી તેણે તેની માગણી કબુલ રાખવાનું દરૂસત જોઈઉં, અને તે પરમાંણે તેના બાલ કાતરી, અરનવાજની ખાસ મરજીથી, તેનાં ગુમ થઈ ગએલા ભાઈ ખુશરૂહનાજ સરખો મરદનો પોસાક પેદા કરી પેહેરાવીઓ. પોશાકની સાથે પોતાનું [illegible] નામ પણ બદલીઉં, અને પુરૂષના સરખું જોરાબ કરી રાખીઉં. એ પોશાક પેહેરીઆ પછે અરનવાજ તેના ભાઈને એટલીતો મલતી દેખાવા લાગી કે, જીઆંવેર તેનો ખોલાસો થાએ તીઆંરે જો તેનો બાપ કે માં જોએ, તે પણ કબુલ નહી કરે કે એ તેમનો વાહાલો ખુશરૂહ નથી. તેમજ તે એવોતો ખુબસુરત અને નખરાંદાર છોકરો દેખાવા લાગો કે, તેના જેવા છોકરા પણ થોડાજ હશે, અને થોડાઓનાજ જોવામાં વીઆ હશે. એ પછે બંને જણે જરનદાબનો રસતો લી

## પરકરણ ૨ જું.

બંને જન જરનદાબમાં આવી પોંહોંચીઆં. નાખોદાને તીઆંની દરબારમાં કેટલાકો સાથે પીછાન હોવાથી તેઓની મદદથી એક દીવસે શાહાજાદા સાસાનની મુલાકાત લીધી, અને તેને તવાજો કરી, અરનવાજને આગલ ધરી અરજ કરી કે, નામદાર શાહાજાદા, આ જુવાન અને ચાલાક છોકરો, તું નામદારની નોકરીમાં રેહેવાને ઘણોજ આતુર છે, માટે જો તું નામદાર તેનાપર મેહેરબાન થઈ એને તારી ખીદમતમાં રાખશે તો, બેશક તુને કોઈ દાહાડે તેથી પસતાવું નહી પડશે" સાસાન તે જુવાન છોકરાનું રૂપ જોઈ ઘણોજ અચરત થએઓ; પણ પછે તેની વાત કરવા વગેરેની સઘલી પાંતીની ધપ છપ જોઈ તેનાપર એટલીતો અસર થઈ કે, એકદમ અરનવાજને પોતાના ખીદમતગારોની સંખમાં લીધી, અને સઘલાની ઉપર તેને સરદાર બનાવી.

એ પરમાંણે અરનવાજ શાહાજાદાની નોકરીમાં રહી

અને એક દાહાડો તેની ખીદમત બજાવી નહી તેટલામા જ સાસાન તેની સઘલી ચાલ ચલણુથી એવોતો ખુશી થઇ ગએઓ, અને એકાએક તેનાપર તેનો એટલોતો પીઆર વધી ગએઓ, કે બીજે દહાડેથી, એવુ બનીઉ કે, અરનવાજને પોતાની આગલથી જરાએ ખશવાને ના પાડીઉ અને એક બીજાના દરજ્જા તરફ કશુ પણ ધીઆન ને રાખતા, સાસાન તેની સાથ તરેહવાર વાતો કરવામા મશગુલ થએઓ એવી વાતની વેલાએ પણ અરનવાજે દરેક બાબદમા એવુ દાહાપણુ અને ચચલાઇ બતાવીઆ, કે શાહોજાદો તેના ઉપર કુરબાન થઇ ગએઓ, અને તેની આગલ પોતાના મનની અને દુખની વાત કરવાનો થડાવ કીધો વલી તેને તે સાથે એવુ પણ લાગીઉ કે, જેહાનઆરા કોઇથી સમજતી નથી, તે આ છોકરાની ચચલાઇ અને ડાહાપણુથી સમજશે, અને એનાથીજ તેનુ કામ બર આવશે તેથી તેને એક નીરાતને વખતે પોતાની પાસે બેસાડી, જેહાન આરાને માટે તે કેવો મથે છે, અને તે છતા તે તેને કેવો નાસીપાસ અને દુખી કરે છે, અને કેવી તે તેની સાથ વાત કરવાતો નહી, પણ તેનો પેગામ સાભલવાને, તથા તે પેગામ લઇ જનારને ઘરમા દાખલ કરવાને પણ ના પાહેછે, તે વીશે સઘનો ખોલાશો તેની આગલ કરી બતાવીઓ તે સાથે સાસાને એ પણ જણાવીઉ કે, આજે તે જેહાનઆરાના પીઆરમા એટલોતો ગીરફતાર છે, અને તેની જુદાઇના ગમથી તેનુ જીગર એવુતો જ લેછે કે, તેણે પોતાની સઘલી શીકાર વગેરેની ગમત તજી છે એટલુજ નહી, પણ પોતાના રાજ કારોબાર ઉપર પણ તે કશુ લક્શ ન આપતા, તેના અમીર ઉમરાવોના હાથમા તે નાખીઉ છે, અને તે રાત દાહાડો જેહાનઆરાની જુદાઇના બલાપામા, અને એવા બલાપાના મારેલાઓના, પરીતસબધી ગાએનો સાભલવામા વખત ગુજારે છે

સાસાનનો જેહાનઆરા ઉપર આટલો બધો પીઆર જોઇ અરનવાજને ઘણી દલગીરી તેમજ અચરતી ઉપજી દલગીરી એટલા માટે કે, જીઆરથી તેણે સાસાનને જોએઓ હતો, તીઆરથી તેના પીઆરમા તે પોતે પડી હતી, અને વલી તરણ દાહાડામા જે તેનુ (એક નોકર તરીકે) તેની સાથ દીલ મલી ગએઉ હતુ, અને તેનાપર જે તેની (સાસાનની) અતીઅત મેહેરબાની વધી ગઈ હતી, તેથી તેના (અરનવાજના) પીઆરમા એટનોતો વધારો થઇ ગએઓ હતો કે, તેથી ગોએઆ તેનુ જીગર ફાટી જતુ હતુ, પણ તે વેલાએ તે એવી હાલતમા ન હતી કે પોતાના દીલની છુપી આગનીને બાહાર કાહાડી શકે તે સાથે તેને અચરતી એટલા માટે ઉપજી હતી કે, સાસાન, તેની નજરમા, ઘણોજ ખુબશુરત, બાહાદુર, ભલો અને પીઆર કરવા જોગ માણસ હોવા છતા જીહાનઆરા તેને મચક આપતી નથી એ તદન નવાઇ સરખુ છે

પણ આખરે અરનવાજનુ દીલ નહી રહીઉ, જેથી તેણે પોતાના મનમાહેના સાસાન ઉપરના મોટા પીઆરની પુરી વાસના ન ઉડાડતા, માતરે તેની છાએઆ બતાવવાને મનમા થડાવ કરીઓ સાસાનની સઘરી વાત સાભલી અરનવાજ બોલી 'સાસાન, જે સ્રી તને મુદલ દીન આપતી નથી, તેને તુ આટલી બધી ચાહે છે, અને તેને માટે આટલો બધો બલાપો કરે છે તથા દુખી થાએ છે, તે જોઇ ખરેખર મને તારી ઉપર દએઆ આવે છે પણ નામદાર સાસન, જેવી રીતે તુ જેહાનઆરાને ચાહે છે, તેવી રીતે જો કોઇ બીજી સ્રી તુને ચાહતી હોએ,—અને હુ ધારૂ છે કે તેવી એક તુને ખરેખર ચાહાનારી છે,—તો પણ તુ તેને ચાહાતો ન હોએતો, તુ એમજ નહી કહેકે, હુ તેને ચાહી શકતો નથી, અને એવા જવાબ ઉપર શુ તે સ્રીને સતોષ નહી પકડવો જોઇએ ?" પણ સાસાને એ વાત કબુલ રાખી નહી જેવા પીઆરથી તે જેહાનઆરાને ચાહે છે, તેવાજ પીઆરથી કોઇ પણ સ્રી તેને ચાહાવી હોએ, એવુ માનવાને તેણે તદન ના પાડીઉ તે બોલીઓ, "કોઇ પણ સ્રીનુ દીલ એવડુ મોટુ નથી કે જેમા, જેટલો પીઆર તે જેહાનઆરા ઉપર રાખે છે, તેટલો તેમા તેને માટેનો સમાઇ શકે", પણ એ વાત અરનવાજના ધીઆનમા ઉતરી નહી, કેમકે તે સારીપેઠે જાણતી હતી કે, જેવા પીઆરથી તે પોતે સાસાનને ચાહે છે, તેવા પીઆરથી કોઇ કોઇને ચાહાતુ નહી હશે તેથી તે બોલી, "હા ! સાહેબ, પણ હુ જાણુ છુ કે". "તુ શુ જાણે છે બોરાબ" ? (અરનવાજને પુરૂષને નામે) સાસાન બોલીઓ અરનવાજે જવાબ દીધો, "હુ ઘણી સારી રીતે જાણુ છુ કે, ખરા દીલથી ચાહાનારી એક સ્રી, એક પુરૂષને કેવી રીતે ચાહે છે મારી એક બેહેન હતી, તે એક પુરૂષને કેવી ચાહાતી હતી કે, જો હુ એક સ્રી હતેતો તુ નામદારને તેવીજ ચાહાતે" 'એરવે" સાસાને પુછીઉ, 'પછે તેનુ શુ થઈઉ ? 'નાસાપાએસીજ, સાહેબ," અરનવાજ બોલી "તેણે પોતાનો છુપો પીઆર બાહાર કદી બતાવીઓજ નહી પણ તે મનમાનો મનમાજ રાખી, જેમ એક સુદર ફલમા કીડો ભરાઇ માહેથી તે કોરી ખાએ, તેમ તેનુ તન અને મન સઘના ખવાઈ ગએઆ, અને રાત દાહાડો દુખ અને બલાપાની ગોએઆ પોતેજ સુરત બનીને રહી' એ સાભલી સાસાને પુછીઉ ' શુ તીઆરે તે અતે મરણ પામી ?" એનો ઉતર દેવાને અરનવાજે આનાકાની કીધી, અને તેને બીજી વાતપર ઉડાવવા લાગી, કેમકે આ વાત જે બધી કીધી તેમા કઇજ નહી પણ અરનવાજ જે સાસાન ઉપર અનહદ પીઆર રાખતી હતી તેની નીશાનીઓ જુદા જુદા આકારમા તેને કહી જણાવી હતી, પણ સાસાન તેમા કશુ સમજતો ન હતો, અને તેમ થાએ તેમા ઝાઝી નવાઇ સરખુ પણ નહી, કેમકે તેતો એમજ જાણતો હતો કે તેનો એ વાહાલો નોકર એક ખુબશુરત અને ડાહેઓ છોકરોછે

એ વાત પુરી નહી થઇ એટલામા, જે સખશની મારફતે, સાસાને જેહાનઆરા ઉપર એક પેગામ મોકલીઓ હતો, તે તીઆ આવી લાગો, અને બોલીઓ, ' નામદાર શાહાજાદા, મેં ઘણીબી કોશેશ કરી, પણ મને જેહાનઆરાના ઘરમા જવા દેવામા આવીઓ નહી, પણ દરવાજાની બાહારજ ઉભો રાખી, તેણે તેની એક દાસી પાસે, એવુ કહેવાડીઉ કે, તારા શાહાજાદાને કહેકે, તેણે આજથી એવો થડાવ કરીઓછે કે સાત વરસ શુધી દાહાડાના તેજને વટીક મોડુ બતાવવુ નહી, પણ મોડાપર બુરખો નાખી ઓરડામા ને ઓરડામાજ રાત અને દીવસ ગુજારી, સદ

તેની આંખનાં આંસુએ તેના ભાઈનાં ગમનાં બાગનાં ઝાડો ને પાણી સીંપેલું." જેહાનઆરાનો આવો શકત અને ના સીપાશી ભરેલો જવાબ સાંભલી સાસાન ઘણોજ દુખી થએઓ, પણ તેણે જુવાન અરનવાજની ચંચલાઈ ઉપર એક છેલી આસા રાખી, તેની તરફ ફરીને બોલીઓ, "વહાલા જેરાબ, અને ખચીત લાગે છે કે, આજના વખતમાં કોઈ નહી, પણ તું, તારી ખુબસુરતી, જવાંની, અને ચંચલાઈના બલથી, જેહાનઆરાનાં પથર સરખાં શકત થઈ ગએલાં દીલને પીગલાવી શકશે, અને તુંથીજ મારી ઉમેદ બર આવશે: વાસતે પીઆરા જેરાબ, તું મારાં દીલની વાત થીતો પુરતી રીતે વાકેફ છે, તેથી તુને હવે વધારે કેહેવાની કંઈ જરૂર નથી. તું એકદમ જેહાનઆરા પાસે જા, અને તારેથી બને તેટલી કોશેશ કરી તેની મુલાકત કર, અને મારા પીઆરની અને તેમાંથી ઉતપન થતાં દુખની વાતથી તેને પુરતી જાણીતી કર, અને મારે માટે તેનાં શકત દીલમાં દએઆ ઉપજે એવું કર. જો તુને ઘરમાં નહી જવા દેતો, દરેક ભલાઈ ભરેલા જબરીના ઉપાએ વાપરજે, અને અંદર દાખલ થજે. મને લાગે છે કે, એ કામ તારેથીજ બનશે, અને તેની ફતેહમંદીનો જશ તુનેજ મલશે. અલબતે એ કામ અરનવાજ સરખી જુવાન છોકરીનું ન હતું; અને વલી જેની ઉપર તેણે પોતાનું તન અને મન ફીદા કીધેલું, તેના પીઆરનો પેગામ તે તેની હરીફ બીજી સ્રીને કેહેવા જાએ એ તદન નહી બને એવું હતુ: પણ અરનવાજને તેમ કરીઆ વીના બીજો કશો ઉપાએ ન હતો, કેમકે તે એ વેલાએ અરનવાજ નામની જુવાન છોકરી નહી હતી, પણ જેરાબ નામનો શાહાજાદાનો એક ખીદમતગાર હતો, જેથી તેના ધણીએ તેને સાંકેલું કામ બજાવીઆ વીના તેનો છુટકો ન હતો. તેથી તરત અરનવાજ સાસાનને સલાંમ કરીને ઉઠી, અને જેહાનઆરાનાં ઘરનો રસતો લીધો.

---

## ધાતુની રોશની.

ઇઊરોપીઅન લોકો દર રોજ નવી નવી શોધો કરે છે, અને તેથી પોતાના ટોલાને અને દેશને સગવડ સાથે કીરતીવંત કરે છે. અસલના વખતમાં આપણા ખંડના લોકો પણ ઘણાજ ચાલાક હતા, તેમાં ઈરાનીઓતો વીદીઆ હુનરમાં એટલા બધા આગલ વધેલા હતા કે, તેમનાં ચમતકારીક કાંમોનો ભેદ ન મલવાથી ઇઊનાની લોકોએ તેમનું "જાદુગર" નામ પાડીઊં હતું. તેમજ અસલના વખતના હીંદુઓ પણ વીદીઆ હુનરમાં કાચા ન હોતા. પણ આજ કાલ એ સઘલા લોકો, કેટલાક સબબોને લીધે, માઠી હાલતમાં આવી ગએઆ છે, અને તેથી પોતે નવું પેદા કરવાને બદલે, જે તેમના વડવાઓ તેમને માટે તઈઆર કરી મેલી ગએઆ હતા, તે પણ ખોઈ દીધું છે; જે બીજા બીજાઓએ લઈ ગેલી, તેમાં કેટલીક સુધારો તથા વધારો કરી તે પોતાના નામે બાહેર કાહડતા જાએ છે. એમ બનવાનો સબબ એજકે, આપણા લોકો ઊપર કાંઈક વીપતીઓ આવી પડીઆથી, થોડો વાર માઠી હાલતમાં આવીઆ, અને તેવી હાલતમાં આવતાંજ આલસુ તથા બેપરવા બની ગએઆ, જેથી તેમની હાલતમાં પાછો કશો સુધારો થઈ શકીઓજ નહી. આજે ઈઊરોપીઅનો તથા અમેરીકનોની શોધો જોઈ તેઓ અચરતીમાં ગરકાવ થાએ છે, પણ તેવી અચરતીમાં પડી, "આપણે પણ એવું કાંઈ નહી કરી શકીએ," એવી ઇરશાઈ કરવાને બદલે માતરે તેની વખાણ કરી, પોતાને તદન નજીવા સમજી પોતે પોતાનેજ અપમાન કરી બેસી રેહે છે. અલબતે ઈઊરોપનાં અને એશીઆનાં, તેમજ ઇંગલંડના અને હીંદુસથાંનનાં માણસ માણસમાં કશો ફેર નથી. બંને બુધી અને બલે સરખાંજ છે, પણ એકમાં ઊલટ અને ઊદીઓગ રહેઓ છે, અને બીજાઓમાં બેપરવાઈ અને આલસાઈ વધીઆં છે. જો તેઓમાંથી એ બે દુરગુણો નીકલી જાએતો, બેશક તેઓ ઈઊરોપીઅનોની બરાબરી કરવામાં જરાએ પાછલ પડી શકે નહી.

ઇઊરોપીઅન લોકોએ જે ઘણીક જાતની નવી અને અચરત સરખી શોધો કરી છે, તેમાં વલી હાલ એક ઘણીજ અગતની શોધનો ઊમેરો થએઓ છે. તે, જેમ તેલના, બતીના, અને ગેઆસના દીવા કરવામાં આવે છે, તેમ ધાતુના તારમાંથી દીવો અથવા રોશની કરવાની શોધ છે. એ શોધ પુરતી ફતેહમંદીથી પાર પડી છે, અને તેથી ઘણાક ફાએદા થવાની, તથા વીદીઆ હુનરનાં કાંમ માંહેલી ઘણીક અગવડ ટલી જવાની આસા રાખવામાં આવે છે. જેમ ગેઆસની બતી વગર તેલ અને જોતે બલતી જોવાથી જોનારને અચરતી ઊપજે છે, તેમજ આ રોશનીમાં, એક લોઢાનાં તારને એક છેડેથી દીવાની માફક પુર રોશનીથી બલતો જોઈ જોનારને ઘણું નવાઈ જેવું લાગે છે. અલબતે તેલ અને જોત વગર દીવો બલે, એ ગેઆશની રોશની હસતીમાં આવીઆની અગાઊ એક દીવાનાં માંણસનું બોલવું ગણાતું હતું, તેમજ આ રોશની જાહેરમાં આવવા આગમચ કોઈ એમ બોલતે

કે લોહોડાંનો તાર દીવાની જોતની માફક બલે તેને દીવાનો ગણવા વગર રહે નહી. પણ આને તે થઈઊં છે અને તે આપણે થોડા વખતમાં જોઇશું. હાલમાં એ જાતની રોશની ફરાનસમાં કરવામાં આવી છે, અને તે ઘણી શારી રીતે બલતી માલમ પડી છે. એમાં મોટી કરાંમત એજ કરવામાં આવેલી છે કે, લોહોડાંના તારને કાંઇક રસાએણ કીરીઆથી એવી ખાશીઅત આપવામાં આવી છે કે, જેથી તે સાધારણ જોતની માફક, દીવાસલી લગાડતાં સલગી ઊઠે છે, અને દીવાની માફક બલવા માંડે છે. બલતાં બલતાં તેમાંથી ધુમાડો પણ નીકલે છે, અને છેલે સફેદ રાખ રહી જાએ છે.

એ રોશનીથી ફોટોગરાફીનાં કાંમમાં એક ઘણોજ મોટો ફાએદો થએઓ છે, અને આજવેર જે કરવાને તે હુનર અશકત હતો તે કરવાને તે સામરથવાન થએઓ છે. આટલુંતો વાંચનાર જાણે છે કે, ફોટોગરાફની મારફતે સખી લેવાને સુરજનાં કીરણની જરૂર પડે છે, અને તેથી તે કામ દીવસને વખતે જ થઈ શકે છે. પણ કેટલીક વેલાએ તે દીવસ પણ નકામો થઈ પડતો હતો—ઊંડા ખોહો તથા ગારો, અને એવીજ બીજી અંધારી જગાઓના માહેલા ભાગોનો, દીવસ છતાં પણ ફોટોગરાફ લેવાતો નથી, કેમકે તીઆંવેર સુરજનાં કીરણ પોહોંચતાં નથી. તેથી એવી ઘણીક અગતની અને ઊપીઓગી બાબદોથી નજરે જોનાર સીવાએ સઘલા આજે નાવાકેફ પડેલા છે, અને કોઈબી રીતથી, તેમને તીઆં જગ્એઆ વગર તેનો આકાર તેમની નજરે પડેતો તે જોવાને તેઓ ઘણા ઈનતેજાર છે: એ કાંમ હવે આ ધાતુની રોશનીથી થઈ શકશે, કેમકે એની રોશનીનો ગુણ સુરજની રોશનીના સરખોજ માલમ પડીઓ છે, અને તેથી સુરજની ગેરહાજરીમાં, હરેક વખતે એ રોશનીથી હર કશાનો ફોટોગરાફ લેવાઈ શકાશે. ઘણાક લોકો જેઓ એ ઊપીઓગી હુનરનાં શોખીઓ છે. પણ તેમને દીવસનો વખત હાથમાં ન આવીઆથી આજવેર નાસીપાસ, થાઈ પડી રહેલા હતા, તેમને હવે મોટી ખુશાલી ઊપજી છે, કેમકે તેઓ હવે રાતના જમી પરવારીને થોડેવાર એ રસીલા હુનર પછવાડે પોતાનો વખત ગુજારી શકશે. તેમજ મીસરની મોટી પીરેમીડ અને એ વીગરે એવાંજ બીજાં હસતકુરત તથા સવભાવીક બાંધકાંમોના જે ભાગ આજવેર અંધારાંમાં પડી રહેલા છે, તેમને અજવાલાંમાં લાવવાને કેટલાક વીંદવાનોને આસા આવી છે, એટલુંજ નહી, પણ તેઓએ તેમ કરવાને તઈઆરી પણ કરવા માંડી છે. એ પરમાંણે એક નવાંમાંથી એકગો નવાં નીકલશે, તેથી એક હજાર ઘણુ માણસનું ગનાન વધશે. એ સઘલું માણસની અકલ અને ઊદીઓગનું પરીણામ છે, જે વાપરનારા તથા કરનારાઓને ખરી કીરતી ઘટે છે.

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૩૪ મો.

પીઆરાં બેન,

ગએઆં બે તરણ પતરમાં તમોને અમેરીકાની શોધ બાબે, તેમાની વસતી બાબે તથા તીઆનાં લોકોને બરીટીસ અમલમાંથી છુટા થઇ સવતંતર થવા બાબે કેટલાક ખોલાશો કરી બતાવીઆછે, જેથી તે બાબેની તમોને સારીપેઠે સમજ પડી હશે. હવે આ પતરમાં જે નીઊઈઆરક નામના શેહેરમાં હુ આવીને રહેલોછુ, તેનું થોડુંક વંરણન તમોને લખી જણાઊંછું. જે તમોને ઘણું ઊપીઓગી થઈ પડશ એવી મને આસા છે.

અમેરીકાનો નકશો લેઇને જોશોતો તમોને નીઊઇઆરકનું શેહેર દરીઆના કાંઠા પર, આવેલા એક મોટા બેટની ઊપર માલમ પડશે. જેમ સુરત શેહેર તાપી નદીના મુખ ઊપર આવીઊંછે, તેથી મુંબઇથી જતી ઈસટીમર દરીઆમાંથી નદીમાં દાખલ થઇ બંદરમાં જઈ લંગર કરેછે, તેમ નીઊઈઆરકનું શેહેર હડસન નદીના મુખ આગલછે, જેથી યુરોપ વગેરે તરફથી આવતી ઇસટીમરો તથા વાંહાંણો નદીમાં રહીને બંદરમાં આવેછે. એ બંદર ઘણું ઊંડું અને પોહોલુંછે, અને બારાં આગલથી વચમાં એક મોટો બેટ આવીઆથી વેપારીના તેમજ લડાઈના વાહાણોને વચમાં રેહેવાને ઘણું સારૂં તથા સલાંમતી ભરેલું થઈ પડેછે. એ શેહેરનાં બંદરમાં સેંકડો વાહાણો પડી રહેછે, અને બુંદરની બોરીની જગાએ ઘણીક નાહાની ઈસટીમરો ફરતી હોએછે એ નાહાની ઈસટીમરો સપોલીઆંની માફક, ધુમાડો કાહાડતી, એમથી તેમ ઝડપથી પાણી પર

તેની આંખનાં આંશુએ તેના ભાઈનાં ગમનાં બાગનાં ઝાડોને પાણી સીપડ્યું." જેહાનઆરાનો આવો શકત અને નાસીપાથી ભરેલો જવાબ સાંભલી સાસાન ઘણોજ દુખી થએઓ, પણ તેણે જુવાન અરનવાજની ચંચલાઈ ઉપર એક છેલી આસા રાખી, તેની તરફ ફરીને બોલીઓ; "વાહાલા જોરાબ, મને ખચીત લાગે છે કે, આજના વખતમાં કોઈ નહી, પણ તું, તારી ખુબશુરતી, જવાંની, અને ચંચલાઈના બલથી, જેહાનઆરાનાં પથર સરખાં શકત થઈ ગએલાં દીલને પીઘલાવી શકશે, અને તુંથીજ મારી ઉમેદ બર આવશે: વાસતે પીઆરા જોરાબ, તું મારાં દીલની વાતથીતો પુરતી રીતે વાકેફ છે, તેથી તુને હવે વધારે કેહેવાની કંઈ જરૂર નથી. તું એકદમ જેહાનઆરા પાસે જા, અને તારેથી બને તેટલી કોશેશ કરી તેની મુલાકત કર, અને મારા પીઆરની અને તેમાંથી ઉતપન થતાં દુખની વાતથી તેને પુરતી જાણીતી કર, અને મારે મારે તેનાં શકત દીલમાં દએઆ ઉપજે એવું કર. જો તુને ઘરમાં નહી જવા દેતો, દરેક ભલાઈ ભરેલા જબરીના ઉપાએ વાપરજે, અને અંદર દાખલ થજે. મને લાગે છે કે, એ કામ તારેથીજ બનશે, અને તેની ફતેહમંદીનો જશ તુનેજ મલશે." અલબતે એ કામ અરનવાજ સરખી જુવાન છોકરીનું ન હતું; અને વલી જેની ઉપર તેણે પોતાનું તન અને મન ફીદા કીધેલું, તેના પીઆરનો પેગામ તે તેની હરીફ બીજી સ્ત્રીને કેહેવા જાએ એ તદન નહી બને એવું હતુ: પણ અરનવાજને તેમ કરીઆ વીના બીજો કશો ઉપાએ ન હતો, કેમકે તે એ વેલાએ અરનવાજ નામની જુવાન છોકરી નહી હતી, પણ જોરાબ નામના શાહાજાદાનો એક ખીદમતગાર હતો, જેથી તેના ધણીએ તેને સોંપેલું કામ બજાવીઆ વીના તેનો છુટકો ન હતો. તેથી તરત અરનવાજ સાસાનને સલાંમ કરીને ઉઠી, અને જેહાનઆરાનાં ઘરનો રસતો લીધો.

## ધાતુની રોશની.

ઈઊરોપીઅન લોકો દર રોજ નવી નવી શોધો કરે છે, અને તેથી પોતાના ટોલાને અને દેશને સગવડ સાથે કીરતીવંત કરે છે. અસલના વખતમાં આપણા ખંડના લોકો પણ ઘણાજ ચાલાક હતા, તેમાં ઈરાનીઓતો વીદીઆ હુનરમાં એટલા બધા આગલ વધેલા હતા કે, તેમનાં ચમતકારીક કાંમોનો ભેદ ન મલવાથી ઈઊનાની લોકોએ તેમનું "જાદુગર" નામ પાડીઊં હતું. તેમજ અસલના વખતના હીંદુઓ પણ વીદીઆ હુનરમાં કાચા ન હોતા. પણ આજ કાલ એ સઘલા લોકો, કેટલાક સબબોને લીધે, માઠી હાલતમાં આવી ગએઆ છે, અને તેથી પોતે નવું પેદા કરવાને બદલે, જે તેમના વડવાઓ તેમને મારે તઈઆર કરી મેલી ગએઆ હતા, તે પણ ખોઈ દીધું છે; જે બીજા બીજાઓએ લઈ મેલી, તેમાં કેટલોક શુધારો તથા વધારો કરી તે પોતાના નામે જાહેર કાહડતા જાએ છે: એમ બનવાનો સબબ એજકે, આપણા લોકો ઉપર કાંઈક વીપતીઓ આવી પડીઆથી, થોડો વાર માઠી હાલતમાં આવીઆ, અને તેવી હાલતમાં આવતાંજ આલસુ તથા બેપરવા બની ગએઆ, જેથી તેમની હાલતમાં પાછો કશો શુધારો થઈ શકીઓજ નહી. આજે ઈઊરોપીઅનો તથા અમેરીકનોની શોધો જોઈ તેઓ અચરતીમાં ગરકાવ થાએ છે, પણ તેવી અચરતીમાં પડી, "આપણે પણ એવું કાંએ નહી કરી શકીએ," એવી ઇરશાઈ કરવાને બદલે માતરે તેની વખાણ કરી, પોતાને તદન નજીવા સમજી પોતે પોતાનેજ અપમાન કરી બેસી રેહે છે. અસલતે ઈઊરોપનાં અને એશીઆનાં, તેમજ ઈંગલંડના અને હીંદુસથાંનનાં માણસ માણસમાં કશો ફેર નથી. બંને બુધી અને બલે સરખાંજ છે, પણ એકમાં ઊલટ અને ઊદીઓગ રહેઆ છે, અને બીજાઓમાં બેપરવાઈ અને આલસાઈ વધીઆં છે. જો તેઓમાંથી એ બે દુરગુણો નીકલી જાએતો; બેશક તેઓ ઈઊરોપીઅનોની બરાબરી કરવામાં જરાએ પાછલ પડી શકે નહી.

ઈઊરોપીઅન લોકોએ જે ઘણીક જાતની નવી અને અચરત સરખી શોધો કરી છે, તેમાં વલી હાલ એક ઘણીજ અગતની શોધનો ઊમેરો થએઓ છે. તે, જેમ તેલના, બતીના, અને ગેઆસના દીવા કરવામાં આવે છે, તેમ ધાતુના તારમાંથી દીવો અથવા રોશની કરવાની શોધ છે. એ શોધ પુરતી ફતેહમંદીથી પાર પડી છે, અને તેથી ઘણાક ફાએદા થવાની, તથા વીદીઆ હુનરનાં કામ માંહેલી ઘણીક અગવડ ટલી જવાની આસા રાખવામાં આવે છે. જેમ ગેઆસની બતી વગર તેલ અને જોતે બલતી જોવાથી જોનારને અચરતી ઊપજે છે, તેમજ આ રોશનીમાં, એક લોઢાડાંનાં તારને એક છેડેથી દીવાની માફક પુર રોશનીથી બલતો જોઈ જોનારને ઘણું નવાઈ જેવું લાગે છે. અલબતે તેલ અને જોત વગર દીવો બલે, એ ગેઆશની રોશની હસતીમાં આવીઆની અગાઊ એક દીવાનાં માંણસનું બોલવું ગણાતું હતું, તેમજ આ રોશની જાહેરમાં આવવા આગમચ કોઈ એમ બોલતે

કે લોહાડાંનો તાર દીવાની જોતની માફક બલે તેને દીવાનો ગણ્વા વગર રહે નહી. પણ આજે તે થઈઊં છે અને તે આપણે થોડા વખતમાં જોઇશું. હાલમાં એ જાતની રોશની ફ્રાનસમાં કરવામાં આવી છે, અને તે ઘણી શારી રીતે બલતી માલમ પડી છે. એમાં મોટી કરાંમત એજ કરવામાં આવેલી છે કે, લોહાડાંના તારને કાંઇક રસાએણ કીરીઆથી એવી ખાશીઅત આપવામાં આવી છે કે, જેથી તે સાધારણ જોતની માફક, દીવાસલી લગાડતાં સલગી ઊઠે છે, અને દીવાની માફક બલવા માંડે છે. બલતાં બલતાં તેમાંથી ધુમારો પણ નીકલે છે, અને છેલે સફેદ રાખ રહી જાએ છે.

એ રોશનીથી ફોટોગરાફીનાં કાંમમાં એક ઘણોજ મોટો ફાએદો થએઓ છે, અને આજવેર ન
રવાને તે હુનર અશક્ત હતો તે કરવાને તે ...મારો,
વાન થએઓ છે. આટલુંતો વાંચનાર ...વાહાલો ભાઈ.
ફોટોગરાફની મારફતે સખી
ની જરૂર પડે છે, અને ...
જ થઈ શકે છે.
નકામો થઈ પ...

## ...સ્તકો ઉપર વેર !

ને એવીજહુંસ જાતે, પોતાનાં હાથમાં અખતીઆરનો, દીથો તથા તક મલવાથી, પોતાનાં ભુડા હવસો, તીસ તે કોઇ પણ બાબદનાં, પુરા પાડવાને કશું પણ વી 'ને બાકી રાખીઊં નથી. જે માણસોનાં હાથ જરે આ દુનીઆનાં એક ખાલી ઢોંગ પરમાંણે પાદશાઅનેઅથવા શાહાનશાહાઆત સરખું રમકડું આવીઆનો તેઓએ પોતાનાં વેર વાલવાને, અને પોતાનો ઘણ પુરો પાડવાને, તે વડે ભારી ભઅંકર રમતો રમીઆ છે. વેરનાં ઝનુનમાં તેઓએ જથાબંધ પુરૂષોને નીપીઆ છે, ટોલાબંધ સીઓને વાહાડી છે, અને ઢગલાબંધ પંશુ બાલકોને રેહેંસીઆં છે. એટલામાંજ તેઓ વેર લઇને ધરાએઆ નથી, પણ ચોપડી સરખી નીરજીવ વસતુ, તેનાં ઊપર પણ પોતાનું વેર લેવાને, અને ગુસાનો ગજબ ગુજારવાને ચુકીઆ નથી ! સીકંદર પાદશાહે જીઆરે ઈરાન જીહીતીઊં હતું, તીઆરે પરસીપોલીસની મોટી લાઈબરેરી, જેમાં હજારો હાથનાં લખેલાં, એકથી એક જુદાં પુસતકો બાલીને બરાબ કરી નાખીઆં હતાં. ખલીફ ઓમર, જેનાં નામપર અફ્શોશ હોજો, કે જેણે પારસીઓની પાદશાહત તથા સવભાવીક બાંધકાંમોના જે ભાગ આંજવેર અંધારાંમાં પડી રહેલા છે, તેમને અજવાલાંમાં લાવવાને કેટલાક વીદવાનોને આસા આવી છે, એટલુંજ નહી, પણ તેઓએ તેમ કરવાને તઈઆરી પણ કરવા માંડી છે. એ પરમાંણે એક નવાંમાંથી એકશો નવું નીકલશે, તેથી એક હજાર ઘણું માણસનું ગનાન ખીલશે. એ સઘલું માણસની અકલ અને ઊ પરમાંણે પરીણામ છે, જે વાપરનારા તથા ...આ હાથ કરીઊં કીરતી ઘટે છે. ...ના પણ એક મોટી લાઈબરેરીનાં

...નો આગથી નાશ કરી નાખવાંનો
... હતો, અને તે પરમાંણે તેનાં સેંકડો કી-
...પુસતકો, તે ગાંમ માંહેલા હમામખાનાં વાલા

આને વેંહેંચી આપવામાં આવીઆં હતાં, કે તેઓ લોકોને નાહાવાનું પાણી ઊકાલે તેની તલે લાકડાંને બદલે તે ચોપડીઓ મેલી બલતું કરે ! એની પછી, મહમદી તરીજી સદીમાં અબદુલા નામનાં એક ખલીફે, એવાજ બેહુનદા વીચારથી ખોરાસાન મધે કેટલાંક ઈરાની કીમતી પુસતકો બાલી નખાવીઆં હતાં, જેમાં એવું કહેવાએ છે કે, આગલા ઈરાની શાહેરોની અતી સુંદર અને મનોરંજક કવીતાઓનાં પુસતકોનો નાશ થએઓ હતો. જીઆરે બુડાનું શેહેર ટરક લોકોએ લીધું, તીઆરે હંગરીનાં એક વીદવાન પાદશાહા માથીઊ કોરવીનીએ ઘણાક કીમતી પુસતકનું એક પુસતકખાનું તીઆં રાખેલું હતું, તે સઘલું તેઓએ બાલી મેલીઊં હતું. ખરીસટી ધરમનાં એક સઊથી મોટા પાદરી કારડીનલ ઝીમીનીસે ગરાનાડા હાથમાં આવીઆ પછે, તીઆંથી પાંચ હજાર પુસતકો એકઠાં કરી, તે સઘલાં ખરીસટી મતથી ઊલટાં છે એવું જણાવી તેમને બાલી નાખીઆં હતાં. એવાજ ઝનુનથી આગલા ઈરાનીઓએ ઈજીપશીઅન અને ફીનીશીઅન લોકોનાં પુસતકો બાલી નાખીઆં હતાં. રોમન લોકોએ જુ લોકોનાં પુસતકો બાલી નાખીઆં હતાં, અને જુ લોકોએ ખરીસટી અને મુરતી પુજક લોકોનાં પુસતકો બાલી નાખીઆં હતાં. આએરલંડ અને મેક્સીકોની અંદર, જે આગલા વખતમાં લડાઈખોર લોકો ઊતરી આવીઆ હતા, તેઓએ તેમનાં સઘલાં પુસતકો બાલી નાખીઆં હતાં, જેથી તેમની આગલી વીદીઆ સાથે તવારીખ પણ ગુમ થઈ ગઈ. ટોલેમીના એપોલોની મોટી લા

ઈબરેરી, જે કેટલાક શાહાનસાહાએ એક પછે એક તે ની ઊપર મેહેનત લઈ તેમાં વીદીઆ હુનરનાં ઘણાક કીમતી પુસતકોનો જમાવ કરીઓ હતો, તે ખરીસટી ઓનાં એક વડા ધરમગુરૂ પોપ ગરેગરીએ એક બો લમાં બાલી નખાવી હતી. બોહીમીઆં મધે એક કી મતી લાઈબરેરી હતી, તે ફરડીનાનડ શાહાંનશાહાના હોકમથી જોગી લોકોએ આવીને ફના કરી નાખી હ તી. ઈંગલંડના ૮ માં હેનરીના વખતમાં જીઆ રેંઘણીક લાઈબરેરીઓ બાલી નાખવામાં આવી હતી તીઆંરે જોન બેલ નામનો મોટો વીદવાન તે ઊપર રડીઓ હતો! ખરીસટી મતમાંથી પીઊરીટન જાત નો પંથ નીકલવાથી તેઓ પકા પાએઆ ઊપર આ વીઆ પછે, પોપ લોકોને લગતાં જેબી પુસતકો તેમના હાથમાં આવીઆંતાં તે તેઓ બાલી નાખતા જાતા. ઈં ગલંડમાં જીઆરે ધરમ સંબંધી ઝઘડો ઊઠીઓ હતો, અને તેમાં મોટો ફેરફાર થએઓ હતો, તે વેલાએ ઘણા ક પુરાણા લેખો અને કીમતી પુસતકો બાલી નાખવામાં આવીઆં હતાં. ઈંગલંડ મધે, ૧૫૯૯ નાં વરસમાં વીહીટ ગીફ્ટ, અને બેન કરાફટ નામના ધરમગુરૂઓ ના હોકમથી પુસતકોનો એક ઘણોજ મોટો જથો બા લી નાખવામાં આવીઓ હતો. પુરવેની વાત છોડી દેતાં અઢારમી સદીનો સુધારો પણ એવી બેવકુફાઈ થી પાછલ રહેઓ નથી—૧૭૮૦ નાં વરસમાં ઊઠેલા બલવાની વખતે અરલ આફ મેનસફીલડ નામના ઊ મરાવે મોહાટી મેહેનત કરી, અને ઘણાક પઇસા વેરી ઘણાજ ઊપીઓગી પુરાણા લેખોનો સંગરહ કરી રા ખીઓ હતો, તે સઘલો એકદમ બાલી નાખવામાં આ વીઓ હતો. એ પરમાણે જોતાં આગલા વખતની ઘણીક વીદીઆ તથા હુનર, માંણસ જાતની બેવકુફાઈથી દુનીઆંમાંથી ગુમ થઈ ગએઆં છે, જેની ખોટ આજે પુરાતી હોએ અથવા હવે પછે પુરાએ, એ વાત મોટા શકમાં જણાએ છે.

## સ્ત્રી દરપણ.

### નીતીની કીમત.

ભાગ ૧ લો.

ચીખલી પરગણામાં કાવેરી નદીના કાંઠા પર આવેલાં પારગાંમ નામના એક ગાંમડાંમાં ધનજીભાઈ નામનો એક પારસી ખેડુત રેહેતો હતો. ધનજીભાઈ ની ઊમર તરીશની ઊપરની હતી, અને તે દેખાવમાં ખુબસુરત તથા બાંધાનો ઘણો મજબુત હતો. તેને ચે હેજ સાહાજ વાંચતાં તથા લખતાં આવડતું હતું, જેથી તે પોતાનાં ધંધાનો હીસાબ રાખી શકતો હતો તથા કે થે કાગલ પતર લખી શકતો હતો. તે ગામડાંમાં જનમી ને ગામડાંમાંજ ઊછરેલો હતો, તેથી તેની ચાલ ચલણ તથા બોલી શેહેરના વસનારાઓના સરખી ન હતી, તોપણ તે ઘણો સદાચરણી, ભલો અને એકીનદાર હ તો. તે પોતાનો ધંધો ચાલાકીથી અને ઇમાનદારીથી ચલાવતો હતો, અને લેવડ દેવડમાં ચોખો વેહેવાર રા ખતો હતો. તે સરકાર પાસે કેટલીક જમીન પટે લઈ, તે ઊપર અનાજ, શેરડી વગેરેની ખેડણી કરતો હતો.

ગામડાંના લોકોની રીત પરમાણે ધનજીભાઈને તેના મા બાપે ઘણા નાનપણથી પરણાવેલો હતો, પ ણ સારાં ભાએગે તે બાલ લગણના માઠા સંકટનો ભો ગ થએઓ ન હતો. તેની સ્ત્રીનું નામ કુવરબાઈ હ તું, જે જીઆરે તેની સાથ પરણી હતી તીઆરે માત રે પાંચ વરસની હતી, પણ જાતે ઘણી બુધીમાન, અ ને ભલી હોવાથી જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ તેના ઊતમ ગુણો બાહેર ખીલતા ગએઆ અને વગર કેલવણીએ તથા કોઈને વગર શીખવવે દનપર દન ઘણી ડાહી અને સમજુ થવા લાગી. તેરમે વરસે તે ની પુર જુવાનીની ખીલી નીકલી અને તે વખતે તેનું મોહું પુનમના ચંદરને ઝાંખ પોહોંચાડે એવું દીપવા લાગું. તેનું સીધા સરવ સરખું કદ ભરાઈને ગોલ થઈ આવીઊં, અને તેનો સાદ એક કાએલના સરખો ની કલવા લાગો. તેના ચાલાક, ઝીણા નેણ, નાખની અ ણી અને હોઠની લાલી જોઈ એક ફીરેસતો પણ પાક મોહોબત ભરીઆં દીલે તેના ઊપર મોહીત થાએ, અ ને તેની ગરદન જોઈ તેજ જંગલમાંના મોર બેઠેલ લાગે; પણ એટલીજ શોભાથી કુંવરબાઈ શોભતી ન હ તી, પણ તેનામાં તે સાથે બીજી ઊતમ શોભા હતી જે થી તે એક બેમુલ સ્ત્રા હતી. તેના ચેહેરા ઊપરની ગંભીરાઈ, તેની આંખમાંની શરમ, તેના ગ્રોકમાંનો મીઠાશ, તેની ટોકમાંની નમનતાઈ અને તેના તનમાં ની લાજ એ તેની શોભામાં એટલોતો વધારો કરતાં હતાં કે કુંવરબાઈને એક માણસની નહી, પણ

ફરેસતાની ઓલાદની છોકરી કહીએતો ચાલે.

કુંવરબાઈ આવી ખુબસુરત અને ચંચલ હોવા છતાં, તેનો ભરથાર, જે તીઆંની રીત પરમાણે ઘણા જાડાં અને બેડોલ કપડાં પેહેરતો હતો અને ખેતરમાં જઈ મેહેનત મજુરી કરતો હતો, તેને તે પોતાના ખરાં જીગરથી ચાહાતી હતી, તેને તે પોતાનો ખાવીંદ અને ધણી સમજતી હતી અને બનતાં શુધી તેને ખુશી તથા સુખી રાખવાની કોશેશ કરતી હતી. કુંવરબાઈ સહ વારના પોહારમાં મોટી બામદાદે ઊઠતી અને પરથમ ઘરનું સોહાજું સાહાજું કરી હાથમાં તરામડી લઈ ગાએ તથા ભેંશોનું દુધ દોહવા જતી. દુધ દોહી લાવી, જુવારની તાજી રોટલી કરી ધનજીભાઈને સકારામાં ફે નાસતો આપતી, જે તે ખાઈને માથે પીછોડી લપેટી, પગમાં મોટા જોડા પેહેરી ખેતર ભણી રસતો લેતો હતો. તેનાં ગએઆ પછે કુવરબાઈ બપોરનું રાંધવાને ગુતાતી, અને જરૂર પડેતો બપોરનાં ભોણું ખેતરે લઈ જઈ તેને જમાડી આવતી, અને વલી ઘરમાં આવી પાછી સીવવા સાંધવા તથા રાતનું રાંધવા ખાવાનું તઈઆર કરવામાં કે પાછલ ચાલતાં તેને તીઆં એક છોકરૂં થઈઊં હતું તેનાં તરેવાર કાંમકાજમાં રોકાતી હતી. ધનજીભાઈ રાતરે મોડો ઘરમાં આવતો, તીઆરે તરત તેને હાથ, મોહું તથા પગ ધોવાને પાંણી લઈ જઈને આપતી અને પછે ભોણું કરી તેની સાથેજ પોતાનાં બચાંને લઈને જમવા બેસતી. જમતી વખતે તે સારી સારી અને હસવા જોગજ વાત કરતી, અને ધનજીભાઈનાં મનમાં કાંઈ પણ બલાપો હોએ તે કાહાડી નાંખતી. જમી રહેઆ પછે છોકરાને ગોઠવી સઘલું સોજું સાજું કરીને સુતી.

આહા! આવી સ્ત્રીનાં ભરથારને કેવું સુખ! ખરોખર બોલીએતો ધનજીભાઈ ખરોજ ભાએગસાલી. તેની ભલી સ્ત્રીમાં કોઈબી જાતની ખાંમી ન હતી, જેને માટે તેને બલાપો કરવો પડે કે દુખી થવું પડે. કુવરબાઈ એક સ્ત્રી તરીકેનાં સંપુરણ ગુણ વાલી છોકરી હતી, અને તેથી ધનજીભાઈને આએ દુનીઆનું સંપુરણ સુખ મલીઊં હતું, એમ કહીએ તો તે કશી રીતે અનઘટતું ન કહેવાએ. જેનાં ખરેજ મોટાં ભાએગ હશે, તેને એવી સ્ત્રી મલે; અને જેને એવી સ્ત્રી મલી તેજ આ દુનીઆમાં સુખી, તે સીવાએ સઘલા દુખી.

એક દાહાડે સમી સાંહાંજને વખત ધનજીભાઈ ઓટલાપર બેઠો હતો, અને કુવરબાઈ પણ પરવારી, પોતાનાં બચાં જે તે વેલાએ બે, એક છોકરો અને એક છોકરી, થએલાં હતાં, તેમને લઈને ફરતાં ઝાડથી ભરેલાં આંગણામાં એક ઝાડનાં થડ આગલ બેઠી હતી, અને તે બચાં તેની આગલ રમતાં હતાં, તે જોઈ ઘણી મલકાતી હતી. વખતે તે છોકરાને, પોતાનાં સુંદર અને નાજુક હાથ લાંબા કરી આગલ તેડતી, વખતે તેમને જોઈ હરખથી હસતી, અને વખતે તેમને પકડી મોટાં હેતથી પોતાની કોમલ છાતી સાથ દાબતી. એ પરમાંણે કુવરબાઈ ગમતમાં બેઠેલી હતી, તેવામાં ઝાંપામાં એક અસવારીની ગાડી આવી, જેમાં એક પારસીને બેઠેલો જોઈ, ઝટ ઘરમાં જઈ સારી પેહેરી, તેની આગલ આવી, અને ઘણીજ નમનતાઈ ભરેલી રીતે તેને પોતાની ગાડી છોડી ઘરમાં આવવાને જણાવીઊં. ધનજીભાઈ પણ તેની આગલ આવીઓ, અને તે પારસીને સલાંમ કરી, ઘણાંજ હેતથી ઘેરમાં બોલાવીઓ, અને તેનાં આવવાથી તે ઘણો ખુશી હોએ એમ જણાવીઊં.

તે પારસી પોતાની ગાડી છોડી ઓટલાપર આવીઓ, તેવાજ કુવરબાઈએ, બે હાથે, પાંણીનો કરશીઓ તેનાં હાથમાં આપીઓ, જે વડે તે પોતાનું હાથ મોહું ધોઈ ઘરમાં આવીઓ. કુવરબાઈએ વેહેલી વેહેલીએ એક સોરટીનો ઢોલીઓ વાલીઓ, અને તે ઊપર ગોદરૂં પાંથરી તે પરાણાને બેસાડીઓ. પોતે અંદર જઈ ઝટ એક મરઘી કપાવી મંગાવી, અને પરાણાને લાએકનું રાતનું ખાનું તઈઆર કરવા પડી.

એ પારસી વલસ ગાંમના મોટા ગુતાદારનો છોકરો હતો, અને તેનું નાંમ મેહેરજીભાઈ હતું. તેનો બાપ ઘણો પઈસા વાલો હતો, તેથી મેહેરજીભાઈ, બચપણથી ઘણા લાડમાં ઊછરેલો, તથા મોટપણે ઘણો મગરૂબ અને બેપરવા હતો. ને દેખાવે પણ જરા ખુબશુરત હતો, અને ગુછા તથા કલ્લા વગેરે, તીઆંની રીત પરમાણે જરા ભપકાથી રાખેલા હતા, તેથી તે જરા શોભીતો દેખાતો હતો. તેણે બંને હાથનાં આંગલાંમાં સુનાં તથા રૂપાંની વીટીઓ પેહેરેલી હતી, અને તેની કમરપર એક મોટો રૂપાંનો કંદોરો

હતો. તેનો ડાબો કાંન વચમાંથી વીંધેલો હતો, અને
તેમાં એક જાતની સુનાંની મેખ પોએલી હતી, જેથી
તે તેનાં મા બાપનો એકજપુરો અને લાડકો છોકરો
છે, એવું જણાતું હતું.

કુંવરબાઈ ઘરમાનાં કાંમકાજ સર વીજલીની
માફક ઝડપથી એમથી તેમ જતી આવતી હતી, તે જો
ઈને તથા તેની આવી ખુબશુરતી જોઇને મેહેરજીભાઈ
ઘણો અજબ થએઓ, અને પોતાનો ડોલો ખોભીને
તેની તરફજ જોવા લાગો. તેણે તેના જનમમાં એ
વી ખુબશુરત અને ચાલાંક છોકરી કદી જોઈ ન હતી,
તેથી ઘણીજ અચરતીનાં પડીઓ, અને પોતાનું સઘલું
ભુલી જઈ તેનાજ વીચારમાં પડીઓ, અને તેનેજ જો
વા લાગો. પણ કુંવરબાઈ, કશી પણ રીતે અચકા
એઆ વગર, પોતાના મલાહાજાથી, પોતાનું કાંમ ક
રી જતી હતી, અને પોતાનાં ખાલેશ મનમાં કશો પ
ણ તેના વીશે વીચાર લાવતી ન હતી. એમ કરતાં
રાત પડી, અને ધનજીભાઈ તથા પરોણા સાથે જમ
વા બેઠા. જમી રહીને બને જન વાડામાં જઈને, તી
આંની ચંદનીમા ઝાડ તલે એક ઢોલીઓ વાલીને બે
ઠા, અને વાત કરવા લાગા. એ વેલાએ વાત કરતાં
જ ધનજીભાઈએ જાણીઊં કે, તેનો પરોણો ફલાણા
મોટા ગુતાદારનો છોકરો છે; તોઆંવેર તે તેને ઓલખ
તો ન હતો, પણ પોતાને ઘેર આવેલા એક પરોણા
દાખલ, તેણે તેની સદાની ચાલ પરમાંણે તેની એટ
લી બરદાસત લીધી હતી. મેહેરજીભાઈએ વાત ક
રતાં જણાવીઊં કે, તે વડગલના દેશાઇને તીઆં ઊં
ઘરાણી ગએઓ હતો, જીઆંથી પાછો આવતાં, કમ
રીની ખાડી ઓલંગતાં તેનો એક બલદ પડી ગએઓ,
અને તેથી તેના પગને નુકશાન થવાથી જલદી ચા
લી શકાઈઊં નહી, જેથી તેને અતરે આવતાં સાંહાંજ
થવાથી અહીં ઊતારો લેવો પડીઓ. ધનજીભાઈએ
એ બોલ તેને બરોબર બોલવા પણ નહી દીધા, અ
ને તે તેને ઘેર આવાથી ઘણોજ ખુશીછે, એમ જણા
વીઊં. એવાંમાં પરોણાને તરસ લાગવાથી ધનજી
ભાઈએ પાંણી માંગીઊં, જેથા કુંવરબાઇ ઝટ એક
મોટો અને સાફ કરશીઓ ભરી બે હાથે લાવીને પરો
ણાના હાથમાં આપીઓ. તે રાતે ચઊદશનો ચંદર
આકાશમાં પરકાશતો હતો, અને તેને બેઠે બેઠે મેહે
રજીભાઈ જોતો હતો, તેવામાં પુનમનો ચંદર તેનાં મો
ડાં આગલ આવવાથી તે ચઊદશનાં ચાંદને ભુલી ગ
એઓ, અને ધ્રુજતે હાથે કુંવરબાઈના હાથ માંહેલો
કરશીઓ લઈ, વીચારમાં ને વીચારમાં તેમાનું સઘ
લું પાંણી પી ગએઓ! એ વેલાએ જે પુર ચંદની
પડતી હતી, તેમાં કુંવરબાઈને, સીધા સરવની માફક,
સફેદ પુતલાંનાં સરખા હાથમાં ચકચકતો કલશીઓ પ
કડી ગંભીર ચાલથી તેની સામણે ચાલી આવતાં જો
ઈ, તેની આંખે ચીતરી આવી ગઇ, અને તેનું જીગર
એકદમ જખમી થઈ ગઇઊં, જેથી તેને કુંવરબાઈના
હાથમાંનો કલશીઓ લેવાનું તથા પાંણી પીવાનું કશું
ભાણ ન રહીઊં. તેનાં દીલમાં મોહોબતનો કારી જ
ખમ લાગો, અને તેથી તે બેચેન થઇ ગએઓ, પણ ભ
લી કુંવરબાઈ, જે સદા નીતી સીવાએ બીજું કશું પ
ણ સમજતી ન હતી, તથા પોતાના ભરથાર સીવાએ કો
ઈ પણ બીજા પુરૂપને પોતાનો કરી સમજતી ન હતી,
તેતો પોતાનાં નીરમલ મનેજ અંદર ગઈ, અને સઘલાં
કાંમથી પરવારેલી હતી, તેથી પોતાને મકાંને જઈ
સુતી. અંતે મેહેરજીભાઇથી વધારેવાર તીઆં બેસી
શકાઈઊં નહી, તથા ધનજીભાઈ, જેનાં ભાએગ ઊપર
તેને મોટી અદેખાઈ લાગી હતી, તેની સાથે વાતચી
ત થઈ શકી નહી, તેથી તે તીઆંથી ઊઠીઓ, અને
જે ઢોલીઓ, જે જગાએ, તેને માટે તઇઆર કરી ચ
ખેલો હતો તીઆં જઈને સુતો; અને ધનજીભાઈ પો
તાને મકાંને જઈને સુતો.

## એક જુવાન પારસણની માહારાણી વીકટો રીઆએ લીધેલી મુલાકાત.

કહેવાતછે કે, સીંહનાં બચાંને બકરાંમાં લાવીને ઉછે
રે, તો પણ તે સીંહ તે સીંહજ નીકલવાનું—તેમ પારસી
નો ટોલો, જોકે ગમે એવી ભુમી ઉપર આવીને વસીઓ છે,
અને ગમે એવી હાલતમાં તે પડીઓ છે, તોપણ તેમનામાં
થી તેમના પુરૂપવીની સપાટી ઉપર મોટી જાહોજલાલી ભો
ગવી ગએલા અને અખંડ કીરતી મેલવી ગએલા વડાવા
ઓનો ખવાસ હજુ ગએઓ નથી. જોકે પારસીઓ હીંદુસથા
નની ભુમી ઉપર આવીઆ પછે, મુસલમાન વગેરે જુલમી
રાજો તલે ઘણેક દરજજે કચડાએલા અને અગનાન પડી
રહેઆ, પણ જેવો તેમને બરીટીશ રાજના છુટાપણાનો પ
વન વાગો કે, જેમ ચુલા માહેલાં ધુમાતાં લાકડાં ઉપર પવ
ન લાગતાં, તેમાં જે બલવા જોગ છુપી વસતુ હોએછે તે બા
હાર નીકલી એક બીજા સાથે મલી ભડકો લઈ ઉઠેછે, તેમ

તેમના મગજમાં જે ઉતમ ગુણો અને બુધીઓ ભરેલાં હતાં તે ઝટ બાહાર નીકલી આવવા લાગાં, અને અતીઆર શુધીમાં એ પુરાણો ટોલો ઘણીક કીરતી મેલવી હીંદુસથાનની અટાર કરોડ માણસની અને સેંકડો ટોલાની વસતી ઉપર વડાપણું ભોગવતો થએઓ છે. એમ થવામાં પારસીઓમાં કશું નવું નથી આવીઉં, પણ જે છુપું હતું તે હજુ ઘણુંજ થોડું બાહેર આવીઉં છે, પણ જો એવીજ કોશેશ ચાલુ રહી, જેટલું તેમનામાં છે અથવા હોવું જોઇએ તેટલું સઘલું બાહેર આવીઉંતો, એ કએઆંની વંસનો ટોલો આ દુનીઅલુમી ઉપર બેશક એક જાણવા જોગ દેખાવ કરશે.

હરેક ડાહેઓ માણસ હરેક કામ શરૂ કરવાને પરથમમાં એવો મારગ ધરે છે કે, તેનાવડે સઘલા મારગો સુહુજે અને સઘલા ભરમનો ખોલાશો થાએ: તેમ પારસીઓએ દુનીઆંમાં વધવાને માટે પરથમમાં એક એવો મારગ ધરીઓ કે, જેના વડે તેની માહે તેમનો જાતી ખવાસ ઉમેરાએઆથી તેમની નજર આગલ દુનીઆંના દરેક ધોરી રસતા ખુલા થઇ ગએઆ, જે ઉપરથી તેઓ સરસરાટ કંચન અને કીરતીને દવારે દોરતા ગએઆ. તે મારગ તે કેલવણી: કેલવણી એ સઘલા હુનર અને ઉપાએની કુંચીછે, તે તેઓએ પરથમમાં લઇ લીધી, અને પછે પોતાનો જે ખવાસ, કે હરેક કામમાં પેહેલ કરવી; દરેકમાં પેહેલા પાર પડવું; દરેકમાં પોતેજ જીતવું; તેથી તેઓ ઘણા આગલ વધીઆ. તેમના પુરૂષોએતો એ પરમાણે ઘણેક દરજજે મોટી કેલવણી લઇ મોટાં કામો અને મોટાં નામો કરી પોતાને સારૂં કેહેવાડીઉંછે, પણ તેમની સ્ત્રીઓ, માહાં બાએગે, એ સઘલાંમાંથી હજુ દુર રહી ગએલીઓછે. પારસીની સ્ત્રીનું હજુ એકે કામ આજવેર એવું નથી જણાઇઉં કે, તેમાં તેણે મોટું નામ મેલવીઉં હોએ. એનો સબબ એટલોજ છે કે, ઉપર લખીઆ પરમાણે દુનીઆંમાં નામ કરવાની જે મુખીઅ ચાવી—કેલવણી—તેનો પરસાર તેમનામાં જોઇએ તેટલો થએઓ નથી, અને તેટલાજ માટે એ નામીચા ટોલાની સ્ત્રીઓ પાછલ પડી ગઇછે. જો તેમનામાં તેમનાજ પુરૂષોના જેટલી કેલવણી ફેલાએતો બેશક એ ચંચલ જાતની અબલાઓ થોડાં વરસમાં આ ભરતખંડની સઘલી અબલાઓમાં દીપી નીકલીઆ વગર રહે નહી.

હર કાંઈ સારૂં કામ કહી બતાવીઆ કરતાં કરી બતાવવું, એ ઘણું સરસ કહેવાએ છે. એક માણસ સઘલા માણસને એક સારો મારગ પોતે દુર ઉભો રહી બતાવે, તેના કરતાં તે પોતે પરથમ તે ઉપર ચાલી પાછલ બીજાંને બોલાવેતો તે ખરેજ માન ભરીઉં. જે માણસ લશકરની સરદારી રાખવાનો, અને લડાઇમાં દરેકને હીમત આપવાનો ફાંકો રાખે, તે જો પછવાડે ઉભો રહી પોતાના લશકરને કહે કે તમે આગલ જાઓ ને લડો, હું તમારી પછવાડે આવું છું, તો તે લશકર તેમ કદી કરે નહી, અને તે તેમનો સરદાર કહેવાએ નહી. પણ તે ખરો સરદાર કીઆરે કેહેવાએકે, પરથમ પોતાની ખુન વરસાવતી ચકચકતી શમશેહેર પોતાના હાથમાં ઉભી ધરી પોતાનો ઘોડો તેજીથી આગલ રણમાં જોકાવે, અને પોતાની પાછલ હીમત અને બાહાદુરી ભરેલો પોકાર મારી સઘલાં લશકરને બોલાવે, તો તે જીવ નાખીને ટુટી પડે, અને તેમાં ફતેહ, તેમની સીવાએ બીજા કોઇની તરફેણ કરે નહી. તેમજ પારસીના ટોલાને સુધારાના રણમાં લાવી કુધારા સાથે લડાઈ કરવવાને ઘણાએક પારસીઓએ સરદારી લીધી, પણ તેઓ ઉપર લખીઆ પરમાણે પોતાના લશકરને આગલ દોડાવી પોતે પાછલ રેહેવા માગતાં નીષફલતા સીવાએ બીજાં કશાંને પ્રાંમીઆ નહી. પણ તેથી એ સુધારાની લડાઈ લડવાને પારસીઓમાંથી એકે ખરો સરદાર નીકલીઓ નહી એમ નથી· તેવા ખરેખરી સરદારી લેવા લાએક કેટલાએકો નીકલીઆ, જેમાં અતરેની સમાલકાજ કોરટના જડજ મી૦ માણેકજી ખરશેદજી સુખીઅ ભાગ લેનાર નીકલીઆ. એ ગરહસથે જે જે જાતનો શુધારો કરવાને દરૂસત વીચારીઉં છે, તેટલું બીજાઓને કેહેવાને બદલે પરથમ પોતે કરીને લોકોને બતાવીઉં છે. સ્ત્રીઓને પુરતી કેલવણી આપવી જોઇએ છે, તેમને શુધરેલી મંડલીઓની રીતભાત શીખવવી જોઇએ છે, અને તેમને દુનીઆંમાં ચોમેર ફેરવી તેનો રાહાધાટ બતાવવો જોઇએ છે, એવું જીઆરે મી૦ માંણેકજીને લાગીઉં, તીઆરે તેઓએ કેટલાકોની માફક, ગામનાં લોકો પાસે પરથમમાં તેમ કરાવવાને મોટી ગડબડ કરીઆ વગર, અને જેઓ તેમ કરવાને હીમત ભીડે નહી તેમની ઉપર નાહેકનો ઠપકાનો અને હસીનો વરસાદ વરસાવીઆ વગર, પોતે પોતાનાં ઘરમા પરથમ કરવા માંડીઉં, અને મોડે બોલવાને બદલે તેવું કરીને લોકોને દેખડાવી તેમને સમજાવવા માંડીઉં. અલબતે એમ કરતાં મી૦ માણેકજીનાં એકુ બે કામ પારસીઓનાં મોટા ભાગને પસંદ નહીં આવીઆ હોએ, તોપણ તેમને દોષ દેવો કશો ઘટતો નથી, કેમકે તેઓ પોતાનાં વીચાર પરમાંણે પોતાને સારૂં સુઝતું કરતા, અને તેની નકલ કરવાને કરનારની મુનસફી ઉપર સોંપતા. એવો ગુણ છતાં મી૦ માંણેકજી ઉપર કેટલાએકોનો કોપ થએઓ હતો, તોપણ આખરે તેઓએ તેમની કોશેશનું એક સરસ ફલ આજે પારસીઓની, અથવા દેસીઓની સામે ધરીઉં છે. મી૦ માંણેકજીએ પોતાની બે બેટીઓ, આઇમાએ અને શીરીનબાઇ, એઓને તેઓએ પુરતી કેલવણી આપી, તેમને સુધરેલી મંડલીનાં કાએદા કાનુન શીખવીઆ, અને જીઆં પોતે ગએઆ તીઆં તેમને સાથે લઇ જઈ દુનીઆંનો મેલો બતાવી અનુભવી કરીઓ. એ સઘલાનું પરીણાંમ આજે એ નીપજીઉં છે કે, તેમની નાની છોકરી શીરીનબાઇએ હાલમાં ઈંગલંડમાં જે દેખાવ કરીઓ છે, તેથી કરીને આખા પારસીનાં ટોલાને તે દેશમાં મોટી કીરતી મલી છે. વાંચનાર અજાણીઆ નહી હશે કે મી૦ માંણેકજી આજ કેટલુંક થઇઉં અતરેથી ઈંગલંડ ગએઆ છે, અને સાથે પોતાની એક બેટી શીરીનબાઇને લેઈ ગએઆ છે. આ બીજીવારની મુસાફરીથી તેમની વડી બેટી આઇમાએ બેનસીબ રહી છે, કેમકે તેણે થોડુંક થઇઉં પોતાની હઇઆતીનો શોબતી શોધી કાહાડવાથી, તેનાંથી એ મુસાફરીથી નીપજતાં સુખ તથા ફાએદાનો લાભ લેવાઇ શકાએઓ નથી એ બંને બેનોએ ઈંગરેજી ભાશાની ઘણી સારી કેલવણી લીધેલી છે, અને તેઓ અંગરેજ વગેરેની શુધરેલી મંડલીની રીતભાતથી પુરતી માહીતગાર છે. ઈંગલંડમાં ગએલી શીરીનબાઇની એવી પરકારની ચંચલાઇ જે

ઈ; તીઆંની ડકેસ આફ વેલીંગટને, તેને પારસી સ્ત્રીની ચંચલાઈ, કેલવણી તથા શુધારાનાં નમુનાં તરીકે આજે પુરૂથવી ઉપરનાં એક સઉથી ઉતંમ અને બલવંત રાજની મહા રાંણી વીકટોરીઆની, આ ચાલતા મહીનામાં મલેલી દરબારમાં, મુલાકાત કરાવી છે. એ ખુશાલી ઉપજાવનારી ખબર, "વીકલી મરકીઉરી" નામનાં ઈંગલંડ મધે પરગટ થતાં એક પતરથી અતરે મલી છે. એ માહારાણી વીકટોરીઆની મુલાકાતે જતા શીરીનબાઈએ, તીઆંની રીત પરમાંણે મોટો દબદબા ભરેલો પોશાક પેહેરીઓ હતો. સારી અખંડ કસબી પેહેરી હતી, જે સાથે જોતાં તેનો દેખાવ ઘણો દબદબા ભરેલો અને શોભીતો લાગતો હતો. એ મુલાકાતની વેલાએ શીરીનબાઈએ એવીતો ચાલાકી બતાવી હતી, કે તેનું શુધ ઈંગરેજી બોલવું, ઈંગરેજી મંડલીની, અને પાદશાહી દરબારની રીતભાતની માહીતગારી, એ સઘલું જોઈ, માહા રાંણી વીકટોરીઆ પોતે, તથા તેની મુલાકાતે તેની હાજરીમાં આવેલી બીજી સેંકડો અમીરજાદી અને ઉમરાવજાદીઓ ઘણી અચરત અને ખુશી થઈ હતીઓ. એ ઉપરથી માહા રાંણીએ તથા બીજાં સઘલાંઓએ પારસી સ્ત્રીઓની કેલવણી અને સુધારા વીશે કેવો સારો વીચાર કીધો હશે, અને તેથી એ ટોલાને કેવી કીરતી! પારસી પુરૂષો કેવા ચાલાક, ભણેલા, અને પરમાણીક તથા સાહાસીક છે તેતો ઈંગલંડનાં લોકોએ આજ કેટલુંક થઈઉં જોઈ લીધું હતું, પણ તેમની સ્ત્રીઓ શુધારાનાં મંડલમાં કેટલી આગલ વધેલીઓ છે તે તેઓ આજવેર બરોબર ન જાણતા હતા તે બાઈ શીરીનબાઈએ બતાવી આપીઉં છે. ઈંગલંડનાં બલકે આખાં યુરોપનાં લોકો, રાજા અથવા રાંણીની એકવાર મુલાકાત લેવું, અથવા તેની સાથે એક ટેબલપર બેસીને જમવું, એમાં ઘણી મોટી કીરતી ગણે છે. રાજા તથા રાંણીઓ પોતાની મેહેરબાંનીની નીશાનમાં કોઈની મુલાકાત લીએ છે, અથવા પોતાની ટેબલપર જમાડે છે એ ઉપરથી શીરીનબાઈની મુલાકાત રાંણીએ ખુશીથી લીધાથી, તેમાં અંગરેજો મોટું માંન સમજવાનાં તેમજ તેઓ શીરીનબાઈની ચંચલાઈ વીશે, થોડો મોટો વીચાર નહી કરવાનાં, અને આપણને પણ તે નજીવું સમજવું ન જોઈએ, કેમકે એવી પાદશાહી દરબારો એવી દબદબા વાલી હોએ છે, અને તેમાં ઈંગલંડની દરબાર એવી મોટા દબદબા અને જાહોજલાલી ભરેલી ગણાએ છે કે, તેમાં સેંકડો માંણસોની વચે, અને સઉ સઉનાં દરજજા સંભાલી, ધીરજ અને હુશીઆરીથી કાંમ લેવું, અને તેમાં ફતેહમંદીથી પાર પડવું, એ કાંમ એક શુરા મરદને એકવાર બીકટ થઈ પડે છે: તેવું કાંમ શીરીનબાઈ સરખી એક જુવાંન પારસણ પુર ફતેહમંદીથી બજાવે, એ થોડું નવાઈ જેવું અને થોડું વખાંણવા જોગ નહી કેહેવાએ. આજ વેરમાં, હીંદુસથાંનની ભુમી ઉપર વસનારી દેશી સ્ત્રીઓ મધેથી—એક બે રાંણીઓ સીવાએ—કોઈબી સ્ત્રીએ વીકટોરીઆ સરખી અમલ કીરતીની રાંણી સાથ મુલાકાત લીધી હોએતો તે પેહેલી શીરીનબાઈજ છે. એવી સ્ત્રીને માટે પારસીનાં ટોલાની સઘલી સ્ત્રીઓને મગરૂબ રેહેવું ઘટે છે, અને તેની નકલ કરી તેમને પણ એવું કીરતીવંત થઈ, પોતાનાં ટોલાની શોભા વધારવાની કોશેશ કરવી જોઈએ છે. જેવી રીતે મી૦ માંણેકજીએ પોતાની બેટીઓને કેલવણી આપી છે, અને જેવી રીતે દરેક શુધારાંના કામમાં તેમને—કોઈની પણ રાહા જોવા વગર કે સલાહ પુછીઆ વગર—આગલ ચલાવીઓછે, તેવીજ રીતે જે બીજા પારસી બાપો તથા ભરથારો પણ ખાલી મોડે બોલવાનું મેલી દઈ કરેતો, બેસક પારસી સ્ત્રીઓ પોતાના પંથનો એક શીનગાર થઈ પડે, અને તેથી પારસીનો આખો ટોલો—સારી માએ સારાં બચાં થઈ—પુરૂથવી ઉપર એકવાર ફરીને નામીચું નામ મેલવે પણ આજે મોટી દીલગીરી સાથ જોવું પડે છે કે, આજ કાલ શુધારાને માટે બોલનારા અને લોકોને બદનામ કરનારા તથા અગનાન થેડવનારા ઘણા મલી આવશે, પણ જેવી રીતે તેઓ બોલેછે તેવી રીતે કરનાર આજે કોઈજ નજર આવશે. જીઆંવેર શુધારા ટોલીમાં એવું બીહીકણપણું ચાલુ રેહેશે, તીઆંવેર કશો શુધારો થવાનો નથી. પારસીઓએ જો પુરા શુધરેલા અને માનવંતા થવું હોએતો, તેમના હાથમાં એજ ઉપાએછે કે, તેમની સ્ત્રીઓને પુરતી કેલવણી અને ઘટતું છુટાપણું આપવું.

---

## સાધારણ સમજ—ગરમી.

ભાગ ૮ મો.

### જાનવરી ગરમી વીશે.

જાનવરી ગરમી એટલે જે ગરમી માણસ વગેરે સરવે જાતીનાં જાનવરોનાં શરીરમાં ઊતપન થાએ છે તે. એ ગરમીને લીધેજ આપણું તથા બીજાં જાંનવરનું શરીર, હાથ લગાડતાં ઊંનું લાગે છે. એ ગરમી આપણા શરીરમાં કીઆંથી આવે છે, તેનો વીદવાંન લોકે એવો શોધ કરીઓ છે કે, આપણા શરીરના સઘલા ભાગ ઊપર એક જાતના બારીક નલી જેવા રેશા (Capillary Vessels) પંથરાઈ ગએલા હોએ છે, તેની માહે હાઈડરોજન ગેઆસ અને કારબોન સાથે મલવાથી તે સલગી ઊઠી બલે છે, તેથી એ ગરમી ઊતપન થાએ છે. એ ઊપર કહેલા રેશા ઘણાજ બારીક બાલ સરખા નલીના જેવા છે, અને તે શરીર ઊપર એવાતો પંથરાઈ ગએલા છે કે, તેથી તેનો કોઈબી ભાગ ખાલી રહેલો નથી. આપણા શરીરના હરેક ભાગ ઊપર સેહેજ જખમ લાગતાં કે ટાંચણી સરખી વસતુ ભોકાતાંજ લોહી નીકલી આવે છે, તે એ રેશાઓમાં થઈને આવે છે. એ ઊપરથી માલમ પડે છે કે, આપણે શરીરના કોઈ પણ ભાગ ઊ

પરથી લોહી કાહાડી શકીએ છઈએ, તીઆરે તે રેસા સઘલેજ પંથરાએલા હોવા જોઈએ. રાત દાહાડે જે ખોરાક આપણે ખાઈએ છે, તે પચીને તેનું લોહી થાએ છે, તેમાં હાઈડરોજન અને કારબોન એ બંને પેદા થાએ છે. પછે જેમ આગલ લખવામાં આવીઊં છે કે, લાકડાંમાંનો કારબોન અને હવા માહેલી આકસીજન મલી સલગે છે અને લાકડું બલે છે; તેલ માહેલો કારબોન અને હવા માહેલી આકસીજન મલી દીવો બલે છે; તેમજ લોહી માહેલા કારબોનની સાથે બાહારની હવા, જે દમમાં લીધાથી અંદર જાએ છે, તેમાની આકસીજન મલી જવાથી, અને સાથે હાઈડરોજન હોવાથી તે સલગી ઊઠીને બલે છે. એ બલતાંથી કરીને આપણાં શરીરમાં ગરમી ઊતપન થાએ છે. પણ અહીં વાંચનારના મનમાં કદાચ સવાલ ઊઠશે કે, જીઆરે જે રીતે લાકડાંમાં અને તેલમાં રસાએણ કરીઆ થઈ ગરમી ઊતપન થઈ બલતું અને દીવો બલે છે, તેજ રીતે આપણા શરીર માહેલા બારીક રેશાઓમાં ગરમી ઊતપન થાએ છે, તીઆરે તેઓ અને પછે આપણું આખું શરીર લાકડાં અને જોતની માફક બલીને ખાખ કેમ નથી થઈ જતું ? અલબતે એના જવાબમાં એમ જાણવું કે, તેમ છેજ; એટલે લાકડાં અને જોતની માફક આપણાં શરીરના, સનાઈઉ, રગ, અવઈઅવ વગેરે સઘલા ભાગો ખરેખર બલીને રાખ થતા જાએ છે, પણ તેનો જેટલો ભાગ દર રોજ એ પરમાંણે નાશ પામે છે, તેટલો પાછો જે આપણે રોજ ખોરાક ખાઈએ છઈએ, તેનું લોહી થઈ તેમાંથી નવો થાએ છે; તેથી કરી તેમાં ઘટાડો થતો નથી, અને આપણને નુકશાન થતું નથી. જેટલો ભાગ દર રોજ બલીને ખાખ જેવો થાએ છે, તેટલો સઘલો રોજ તરેહવાર રસતે સરીરમાંથી બાહાર નીકલી જાએ છે. હવે એમાં જો વધારો થતો અટકી પડે, એટલે જો આપણને પુરતો ખોરાક ન મલે, તો તેથી શરીરની અંદર ઘટાડો થાએ, અને તેમાંથી દરદ અથવા મરણ નીપજે. જેમકે જીઆંવેર એક દીવામાં આપણે તેલ પુરીઆ કરીએ તીઆંવેર તે તેજથી બલતો રહે, પણ તે ખુટતાં તે ઝટ બુજાએ છે, તેમજ જો માણસને ખોરાક મલતો અટકીઓ કે, તેના સઘલા અવઈઅવો બલી જઈ તેમાંની ગરમી હોલવાઈ જાએ છે, અને તેથી તે મરણ પામે છે. એ ગરમીથી આપણું શરીર એકદમ સલગી ઊઠતું નથી, અને ઘણીજ ગરમી લાગતી નથી, તેનો સબબ એછે કે, શરીરમાં બલવાનું કામ ઘણુજ ધીમું અને ઓછી ગરમીથી ચાલે છે; મગર નહીતો આપણું શરીર સલગી ઊઠીઆ વીના રેહેજ નહી. જગત કરતા ઈશવરે સઘલે પોતાનું પુરતું ડહાપણ વાપરેલું છે. માણસના શરીર માહેલી ગરમી ૯૦ થી ૧૦૪ અંસની ગણાએ છે, જેથી માતરે ફાસફરસ સરખી ઘણીજ ઝડપથી સલગનારી વસતુ સીવાએ, તેટલી ગરમીથી બીજી કોઈ વસતુ સલગે નહી. તેથીજ આપણું માસ તથા હાડકાં સલગતાં નથી. માણસપર ભુખમરો પડવાથી તે તવાઈ જાએ છે, અને ઘણોજ નબલો થઈ જાએ છે, તેનો સબબ પણ એજ ગરમી છે. આગલ કહીઉં તેમ એ ગરમીને જાથુક ચાલુ રાખવાને, અને નાશ પાંમતા ભાગને બદલે નવો થવાને ખોરાકની ઘણીજ જરૂર છે. પણ જીઆરે તે નથી મલતો તીઆરે, માણસની સઘલી ચરબી પેહેલાં તવાઈ જાએ છે, અને તેને બદલે નવી ન થવથી તે ખાલી થઈ જાએ છે, જેથી માંણસનું શરીર તવાઈ ગએલું લાગે છે. ચરબીના વધારાથી શરીર માતેલું લાગે છે, અને તેના ઘટાડાથી તે તવાએલું અને ચીમડાએલું લાગે છે. એ પછે તેનાં સનાઈઉ પણ ઓછા થતા જાએ છે, તેમ તે નબલા પડતા જાએ છે; અને સનાઈઉ વડેજ માણસમાં શકતી હોએ છે, તેથી તે નબલો પડી જાએ છે. પછે છેવે અંદર સઘલું થઈ સુકવાથી તેનું મરણ નીપજે છે. કેટલીકવાર ભુખમરાથી માણસ ઘેલું થઈ જાએ છે; સબબ કે, જેમ તેના સનાઈઉ વગેરે બલીને ઓછાં થતાં જાએ છે, તેમ તેનું ભેજું બી ઓછું થાએ છે, અને ભેજું એ વીચાર શકતીનું મુખીઅ સથલ છે, તેથી તેમાં બીગાડ થતાંજ તેની વીચાર શકતી ફરી જાએ છે. દોડતાં, મેહેનત કરતાં, ઘણું બોલતાં તથા વાંચતાં માંણસને જલદી ભુખ લાગી આવે છે; કેમકે તેમ કરતાં જલદી જલદી દમ લેવો પડે છે, અને તેથી શરીરમાં વધારે આકસીજન જવાથી, જેમ ચુલામાં વીણે કરી વીઝીએ છઈએ, તીઆરે તેમાં વધારે આકસીજન જવાથી બલતું જોરમાં બલે છે, તેમ તેમાં (શરીરમાં) પેલું બલવાનું કામ વધારે જોરથી ચાલે છે, તેથી ખોરાક માંહેલી બલનારી વસતુ જલદી ખપી જાએ છે; તેથી તેને બદલે નવી ઊમેરવાને ખોરાકની જરૂર

પડે છે, તીઆરે આપણને ભુખ લાગી આવે છે. ભુખ લાગે છે, એટલે જાણે આપણું શરીર આપણને કહે છે કે, શરીર માંહેલી ભઠીમાં લાકડાં (ખોરાક) ખુટી ગએઆં, માટે જલદીથી ઊમેરો ! એવામાં જો તેમ નહી થાએતો પછે શરીરમાં ઘટાડો થઈ તનદોરસતીને નુકસાંન પોંહાંચે છે. એજ કારણથી તાલીમબાજો તાલીમની કસરત કરી ઊપર દુધ કે કાંઈ બીજી પુષ્ટીકારક જનસ ખાએ છે, કે જેથી, તેની મેહનતથી શરીર માંહેલી ગરમી વધી તેનાં અંદરનાં ભાગો ઘટી ગએલા તે પાછા પુરાએ. તેમને દુધ સરીખી પુષ્ટીકારક જનસની એટલાજ માટે જરૂર છે કે, તે જલદીથી પચી જઈ તેનું લોહી થઈ જાએ છે, અને તેમાં પોષણકારક વસતુનો જથો વધારે હોએ છે, તેથી તે જલદીથી પેલા ઘટી ગએલા ભાગમાં લોહી રૂપે જઈ પોંહાંચે છે, અને તેમાં ઊમેરો કરી દે છે. એવી રીતનાં પુરાવાથી માંણસ મજબુત અને તંદોરસત થાએ છે; પણ જીઆરે કોઈ માણસ ઘણો અથવા ઘણો સારો ખોરાક લે, અને તે પરમાંણે તેને કસરત કરીને પચાવે નહીતો, તેમાંથી ચરબીનો વધારો થઈ શરીર ડોગું થઈ જાએ છે કે, વખતે તંદોરસતીમાં મોટો બીગાડ થાએ છે. માટે જેમ ચુલામાં વધારે લાકડાં મેલીને વધારે વીઝલીએ તેમ વધારે ખલતું બલે, તેમ વધારે ખોરાક લેતાં વધારે કસરત કરવી જોઈએ, કે ગરમીનો વધારો થઈ તેને પચવાની જગા થાએ. માણસને દાહાડાનાં બાર કલાકમાં તરણ વેલા ભુખ લાગે છે, પણ રાતનાં બાર કલાકમાં એક વેલા પણ લાગતી નથી, તેનું કારણ પણ એજ છે કે, દીવસને વખતે આપણા શરીરમાંની ભઠી વધારે જોરમાં બલે છે. તેથી તેને માટે વધારે લાકડાં (ખોરાક) જોઈએ છે, અને રાતે ઓછાં જોરથી બલે છે તેથી ઓછાં જોઈએ છે. એ ભઠીને દીવસનાં વધારે જોરમાં બલવાનો સબબ એછે કે, દીવસનાં માણસ મેહનત કરતું, ફરતું, બોલતું વગેરે કસરતમાં રહે છે, તેથી તેનો દમ જરા વધારે ઝડપથી ચાલે છે, તેથી દમમાં વધારે આકસીજન જાએ છે, અને તેથી કરી, આગલ લખીઆ પરમાંણે શરીરમાં વધારે ગરમી ઊતપન થાએ છે. રાતનાં માણસ ઊંઘાઈ રહે છે, તેથી ઊંઘમાં દમ ઘણોજ ધીમો ચાલવાથી, શરીરમાંની ગરમી પણ ધીમી પડી જાએ છે, તેથી તે વેલાએ ઝાઝો ખોરાક જોઈતો નથી, તેથી રાતનાં ખાધેલો ખોરાક સઘલો વખત જવાબ દે છે. આપણને દીવસનાં કરતાં રાતને વખતે વધારે ગરમ કપડાં પેહરવાની અથવા ઓઢવાની જરૂર પડે છે, તેનો સબબ પણ એજ કે, એકતો રાતનો વખત હમેશ દીવસનાં કરતાં ઠંડો હોએ છે, અને વલી એ વખતે શરીરમાંની ગરમી ઓછી થઈ જાએ છે. ઠંડીનાં દાહાડાઓમાં આપણને બીજા દાહાડાઓ કરતાં વધારે ભુખ લાગે છે; તેનો સબબ પણ એજ ગરમી છે. એકતો એ દાહાડામાં હવામાં આકસીજનનો જથો વધે છે, અને બીજુંતો એ દાહાડામાં આપણે ચંચલ રહી વધારે કામ કરીએ છઇએ, તેથી વધારે ઝડપથી દમ લેવાએ છે. એ બે કારણોથી શરીરની અંદર આકસીજનનો મોટો જથો જાએ છે, તીઆરે શરીરમાં બલવાનું કામ વધારે જોરથી ચાલે છે; તેથી આગલ લખીઆ પરમાણે સનાઇઊ, રગો વગેરે અવઈઅવો જલદીથી બલીને ખુટટા જાએ છે, તેને પાછા પુરવાને વધારે ખોરાકની જરૂર પડે છે. જોકે, શીઆલામાં એવી ગોઠવણ કરવામાં જગત કરતા ઈશવરે કેવું ડાહાપણ વાપરેલું છે ! એ દાહાડાઓમાં હવા ઘણી સરદ હોવાથી આપણાં શરીરમાં વધારે ગરમીની જરૂર છે, તેથી તેનો વધારો કરવાને તે અચલ શકતીનાં સાહેબે, હવાની અંદર વધારે લાકડાં (આકસીજન) મેલીઆં છે, અને તે આપણી ભઠીમાં નાખવાને આપણને એ દાહાડાઓમાં વધારે ચાલાક અને મેહેનતુ કરીઆં છે. તેલ, ચરબી અથવા ઘી, માંસ એ ઠંડીનાં દાહાડાનો તથા ઠંડીનાં મુલકનાં રેહેનારાઓનો ઘણો સરસ ખોરાક ગણાએ છે, કેમકે એ વસતુઓમાં કારબોન અને હાઈડરોજનનો જથો ઘણો વધારે હોવાથી, શરીરમાં ગરમીનો ઘણો વધારો કરે છે. એટલા સબબથી તે સરવ શકતીમાન સાહેબે ઈંગલંડ, સવીડન, ગરીનલંડ વગરે ઘણાજ ઠંડીનાં દેશોમાં વનસપતી કરતાં જાનવરોની પેદાસ વધારે કીધી છે, અને તે જાનવરોમાં ચરબીનો મોટો ભાગ મેલીઓ છે, કે તેથી તે તીઆનાં માણસો ખોરાક તરીકે વાપરે તીઆરે તેમને પુષ્કલ ગરમી મલે. એથી કરી ઊપલા સરખા દેશોનાં લોકો વનસપતી ઘણીજ થોડી અથવા કોઈનો મુદલે ખાતા નથી, પણ માંસ ઘણું ખાઈને, કે તદન તેજ ખાઈને જીવે છે. પણ ગરમ દે

શોમાં માણસોને વધારે ગરમી ન જોઈવાથી તીઆં જાનવરો કરતાં વનસપતીની મોટી પેદાસ કરી છે, અને તેથી તેવા દેશોનાં લોકો થોડુંજ માસ અને ઘણી વનસપતી ખાએ છે, અને કેટલાકતો બુદલે માસ ન ખાતાં માતરે વનસપતીપરજ રહે છે. હીંદુઓમાં માસ ન ખાવાનો ચાલ પડીઓ તેનો સબબ એજ જણાએ છે કે, તેમનો દેશ જાને ગરમ હોવાથી તેમને માસની જરૂર નહી, અને વલી એ દેશ ઘણોજ રસાલ હોવાથી તેમાં પુષ્કલ અને પુરતી વનસપતી પાકે છે, તેથી તેઓએ માસ ખાવાનું, અને નાહકને માટે જાનવરોનાં પરાણ લેવાનું બંધ કરીશ છે. વનસપતીમાં, માસનાં કરતાં કારબોન અને હાઈડરોજનનો ભાગ ઓછો હોએ છે, તેથી તે શરીરમાં ઓછી, એટલે દેશની હવા પરમાંણે બરોબર અથવા પુરતી ગરમી ઊતપન કરે છે. વલી વનસપતી પચી જઈને તેનું લોહી થએઆ પછે તેમાં પાંણીનો ભાગ વધારે હોએ છે, તેથી શરીરને બાહારની ગરમ હવાથી ઘણું ગરમ થઈ જતાં અટકાવે છે તેથી માણસનાં જીવને નીરાંત રહે છે.

## કુંવરબાઈએ અને મોટીબાઈએ લાહા લીધી !

હમારા પારસી વાંચનારાઓને ઊપલું મથાલું જોતાંજ લગાર દીલગીરી ઊતપન થશે કે, કુંવરબાઈ અને મોટીબાઇ નામની બે પારસણોએ લાહા લીધી, એ ઘણુંજ નરશું થઈશ છે. વલી તેઓ એનું કારણ પણ જલદીથી શોધી કાહાડી શકશે કે, આજના બુરા વખતમાં જે નાનાથી મોટા, જુવાનથી ઘરડા, અને સ્ત્રીથી પુરૂપ સટાની જાલમાં સપડાઈ ગએઆ છે, તેમાં બીચારી એ બે પારસણો પણ સપડાવાથી અંતે તેમને લાહા લેવાની ફરજ પડી હશે. પણ એ બે પારસણો કોણ હશે, એટલે તેઓ કોણની સ્ત્રી અથવા છોકરીઓ હશે, એ જાણવાને વાંચનારને લગાર ઈનતેજારી ઊતપન થશે, તેટલા માટે હમો એ બે પારસણોની તેમને ઓલખ આપીએ છઇએ. કુંવરબાઈ એક વીધવા સ્ત્રીછે, અને તેના મરણ પામેલા ભરથારનું નાંમ ખેમા મનજી છે (!) અને મોટીબાઈ કોણની છોકરી તથા સ્ત્રીછે તે માલમ પડતું નથી. હમો ધારીએ છે કે આ ખોલાસાથી વાંચનાર ગુંચવણમાં પડી જશે, કે કુંવરબાઈના વરનું નાંમ ખેમા મનજી એટલે શું ? કદાચને હવે તેમને ઇઆદ આવશે કે, એ કુંવરબાઈ નામની સ્ત્રી તે, પારસણ નહી પણ કોઈ હીંદુ હશે. ખચીત જો એ નામની પછવાડે ખેમા મનજી એવું નામ ન હતેતો કોઓ પારસી તે કુંવરબાઈને પારસણ નહીં સમજતે ? તેમજ મોટીબાઈનાં નાંમની પછવાડે કોઈનું નાંમ નથી, તે છતાં, જોકે તે પણ પારસણ નથી પણ એક હીંદુ સ્ત્રીછે, તોપણ કોઓ પારસી ખાલી મોટીબાઈ વાંચીને તેને પારસણ નહીં સમજશે ? જો એ બંને નાંમો એખલાંજ, એટલે કુંવરબાઈ અને મોટીબાઈ એમજ છપાએઆં હતેતો, કોઇ પણ પારસી વાંચનાર, એકદમ તેમને પારસણ ગણેઆ વગર રેહતે નહીં, અને જીઆંવેર તેને તેનો ખોલાસો નહીં મલતે તીઆંવેર તે એજ વીચારમાં રહી જતે. હમો ખચીત કહીએ છઈએ કે, આ બાબદનુ મથાલું વાંચતાંજ એક પલભાર પણ વાંચનારનાં મનમાં એમ નહી આવશે કે, તેઓ પારસણ નહીં હશે.

આ બાબદ હાલમાં લખવાની એટલાજ માટે જરૂર પડી છે કે, હમો જે ગએઆ બે તરણ આંક થએઆ લખતા આવીએ છઈએ કે, પારસીઓમાં જે હીંદુઓનાં નાંમો ભેલાએલાં છે તે કાહાડી નાખવાં જોઈએ, અને તેને બદલે આપણા કદીમ નાંમો રાખવાં જોઇએ, તે હમારી ભલામણ કેટલે દરજજે ઘટતી છે, અને તે ઊપર પારસીઓને પેહલી તકે ધેઆન આપવાની કેટલી જરૂર છે, તેની તેમને કાંઇક સમજ પડે. એવી ભલાંમણ કરતાં હમોએ ખોલી રીતે જણાવીશ હતું કે, હીંદુઓ કાંઈ ખરાબ અથવા હલકા લોકો નથી, કે તેમનાં નાંમો ઘણા ખરાબ નથી, કે તે આપણામાંથી કાહાડી નાખવાં જોઇએ, પણ પારસીના એક જુદા ટોલા તરીકે, તેમનાં નામ તદન જુદાંજ જોઈએ, કે જેથી હાલનાં તેમજ હવે પછેનાં વખતમાં લખનાર તથા વાંચનારને ગુંચવારો નહીં આવી પડે, કે એ નામની સ્ત્રી તે પારસણ હશે કે હીંદુ. આવતા વખતની વાતનો રહી, પણ હાલનાજ વખતમાં કેટલો ગુંચવારો પડે છે, તે આ બાબદ ઊપરથી વાંચનારને ખોલી રીતે જણાશે. જો એવી વેલાએ પાર

સી સ્રીઓનાં નામ હીંદુ સ્રીઓથી તદન જુદાંજ હ તેતો આવો ગુંચવારો આપણને એક પલભાર પણ પ ડતે નહીં. હવે વીચાર માતરે એટલેજ કરવાનોછે કે, હાલમાં ચાલતા વખતમાં, અને આવી નજીવી બા બદોમાં આવો મોટો ગુંચવારો ઊઠે છે, તીઆરે, પાં ચશે કે હજાર વરસ પછીના વખતમાં, અમે કાંઈ મો ટી કીરતી ભરેલી કે દોશ ભરેલી બાબદમાં, તે વખત ના લોકોને, અને તવારીખના અલીઆશીઓને કેવો ગુંચવારો પડશે, અને કેવી એકની કીરતી બીજાંને આપી દેવાશે, કે એકની અપકીરતીનો કાલો હાર બી જાની સફેદ છાતી ઊપર પેહેરાવી દેવાશે; કેવા વીદવાં નો મોટી મોટી તકરારોમાં પડશે, અને એક બીજાને ખોટા પાડી સચાઈ ઊપરથી લોકોનો વીસવાસ ઊઠા ડી મેલશે! માટે હમો આસા રાખીએ છઈએ કે, આ સરવેથી અગતની બાબદ ઊપર સઘલા પારસીઓ પે હેલું ધીઆન આપશે, અને હવે પછે જનમતા તેમના બેટા તથા બેટીઓના નામ, પોતાના માન પામેલા અ ને બુજરગ વડાવાઓનાં સરખાં રાખી, તેમનાં મુબા રક નામ, જે આજે જમાનાની ગીરદેસતથી, સેંકડો વ રસ થએઆં પુરૂથવીની સપાટી ઊપરથી ગુમ થઈ ગએ આં છે, તેમને પાછાં પોતાની જુબાનપર તાજાં કરશે.

## એક સ્રીની બાહાદુરી.

ઓલીવર કરામવેલની દોહીતર મીસીસ બેન ડીશ એક વેલાએ, એક ડાકની ગાડીમાં બેસીને મુસા ફરી કરતી હતી, તેવામાં તે ગાડીમાં બેઠેલા બીજા કે ટલાક સખશો વચે કરામવેલની કીરતી વીશે તકરાર ઊઠી, અને મીસીસ બેનડીશને કોઈએ પણ ઓલખી આ વીના તેઓ આમન શામન તકરાર કરવા લાગ્યા. એ તકરારમાં સઘલાઓ, કરામવેલની તરફેણમાં બો લવા લાગા, અને માતરે એક સખશ તેની વીરૂધમાં તકરાર કરવા લાગો, અને બનતાં સુધી એવું સાબે ત કરવાની કોશેશ કરવા લાગો કે એ નામીચા પા દશાહને જેટલી કીરતી લોક આપે છે તેટલીને તે લા એક નથી. અલબતે આએ તકરારમાં એ સખશે નામીચા કરામવેલના ઘણાક ખરા ગુણો છુપાવીઆ હતા, અને કેટલીક નકામી તકરાર વચે લાવ્યો છે, તે અને વલી શામની બોરદમાં, મીસીસ બેનડીશ પણ પોતે કોણ છે તે કોઈને ઓલખાવીઆ વીના સામેલ થઈ હતી, તેથી તે એટલાતો જોસાથી વધી પ ડી કે છેવટે સઘલાં બોલતાં થાકી જવાથી, અને તેમ નો દમ વધારે આગલ ન ચાલવાથી તેઓ મુગાં રહે આં. એમ કરતાં એક ઊતારાની જગા આવી પોંહોં ચી, જીઆં સઘલાં ગાડીમાંથી ઊતરીઆં, અને ખા ન પાન કરી આસાએસથી પોત પોતાના ઓરડામાં બેઠાં. એ વેલાએ મીસીસ બેનડીશે, પેલા ગરહસથ ને કહીઊં કે, તેણે તેણી સાથે એક એકાંત જગાએ આવવું, જીઆં તેની સાથ કાંઈ ખાનગી વાત કરવી છે. તે ગરહસથે તેની અરજ તુરત બાહાલ રાખી, અને તેની સાથ એક નવરી જગાએ ગએઓ. તી આં ગએઆ પછે, મીસીસ બેનડીશ બોલી "સાહેબ તમોએ, દુનીઆં ઊપરના એક સઊથી પવીતર અને નામીચાં માણસને ઘણુજ બુરૂં બોલીઆ અને તેનાં નામને ઘણુજ અપમાન આપીઊં: આ મારી ર ગમાં જે કરામવેલનું લોહી દોડે છે, તે તેનાં પવીતર ના મને તમોએ કરેલાં આવાં અપમાનને મુદલ સોશી શકતું નથી, માટે જોકે હું તલવારતો પકડી શકતી નથી, પણ પી સટોલ સારી પેઠે મારી જાણું છું, તેથી હું મારી પીસટોલ મારા હાથમાં લઊં છું અને તમારી પાસે મારાં કુટુંબને તમોએ કરેલાં અપમાનનો તુરત જવાબ માગું છું." પે લો ગરહસથ જોકે જાતે ઘણો આબરૂવાલો અને હી મતવાન પુરૂષ હતો, પણ મીસીસ બેનડીસને નામીચા કરામવેલની દોહીતર જાણી, તથા તેની તેની સાથ પી સટોલબાજી લડવાની હીમત જોઈને અચરતીમાં પડી ગએઓ, અને મોટી શરમમાં પડી બોલીઓ, "હીમત વાન બાઈ, હું કબુલ કરૂં છું કે મેં તકરાર કરતી વેલા એ નામીચા કરામવેલની ઘણીક ખરી કીરતીને મેં જા ણી જોઈને છુપાવી રાખી અને તેને માઠું લાગે એવી મેં તકરાર કરી, પણ હવે તેથી મોટો પસતાવો કરૂં છું, અને એ બાબેની તમારી પાસે માફ માગું છું". એ પ રમાણે માફ માગવાથી બાહાદુર મીસીસ બેનડીશનો ગુસો ઊતરી ગએઓ, અને બંનો જન સુલેહ કરી પા છાં પોતાના ઓરડામાં ગએઆં.



બનારસનો રાજા ઉદિત નારાએણ.

## બનારસનો રાજા ઉદત નારાએણ.

બનારસનું શેહેર, પુરવ હીંદુસથાંનમાં, કલકતાની ઊતરે ગંગા નદી-ઊપર આવેલું છે. જેવું મુસલમાન મકાને અને ખરીસટી લોક પેલેસટાઈનને પવીતર ગણે છે, તેવુંજ હીંદુ લોકો બનારસ અથવા કાસીને પવીતર ગણે છે. હીંદુઓ એવું માને છે કે, તેમને તેમની જીંદગીની અંદર એકવાર પણ કાસીની જાતરાએ જવું અને ગંગા નદીમાં નાહાવું જોઈએ. એથી હજારો હીંદુઓ દર વરસે એ શેહેર તરફ જાતરાએ જાએછે, અને લાંબી મુસાફરી કરી તથા મહા મહા કષ્ટ વેઠી તીહાં પોહાંચી ધરમ કીરીઆ તથા દાનપાન કરી આવે છે.

મુસલમાન લોકોએ હીંદુસથાન હાથ કરીઊં, તે વેલાએ એ પવીતર શેહેર કનોજનાં સંસથાન સાથ જોડાએલું હતું, અને તે દીલીને તાબે હતું. પણ અકબર પાદશાહે તેને પોતાનાં વખતમાં અલાહાબાદ સાથ જોડી દીધું; અને તીઆર પછે અરંગજીબે તેને આઊદનાં સુબાનાં અમલ તલે મેલીઊં. અતીઆર શુધી એ શેહેરનો કોઈ જુદો રાજા ગણાતો ન હતો, પણ ૧૭૩૦ નાં વરસમાં, મનશારામ નામનાં ગંગાપુરનાં એક મોટા જમીનદારે, દીલીનાં પાદશાહ મહમદ શાહા પાસેથી સનદ મેલવી, એ નામ ધારણ કીધું; પણ તે નાંમ પરમાંણે તેને અખતીઆર અથવા છુટાપણું આપવામાં આવીઊં ન હતું. મનસારામને રાંજાનો ખેતાબ મલીઆ પછે તે આઊદનાં સુબેદારનાં હાથ તલેજ રહેઓ, તોપણ આગલ ચાલતાં તે સારો અખતીઆર ચલાવવા લાગો હતો.

તીઆર પછે, એ શેહેરનાં રાજા ચેતસીંગને, હીંદુસથાંનનાં ગવરનર જેનરલ વારન હેસટીંગસે ૧૭૮૧ માં ગાદી ઊપરથી ઊઠાડી મેલીઓ. આથી કરીને તે બીચારો રાજા ઘણો દુખી થએઓ હતો, અને વારણ હેસટીંગસની એવી ચાલને ઈંગલંડમાં તદન નાપસંદ કરવામાં આવી હતી, અને તેની વીરૂધ પારલામેંટમાં મોટાં મોટાં ભાષણો થએઆં હતાં. અંતે બોરડ આફ ડાઈરેકટરે વારણ હેસટીંગસનો એ ઠરાવ રદ કરવાની કોશેશ કીધી, પણ તે સઘલાંની સામે તે હાકમ મજબુતીથી લડી, પોતાના થડાવને હઈઆતીમાં રેહેવા દીધો, તેથી આખરે એવું બનીઊં કે, ચેતસીંગને તેની ગાદી પાછી મલી નહી, પણ તેને એક ઘણું મોટુ પેનસન આપતું કરીઊં અને તેનું તથા તેનાં કુટુંબનું મોટું માન રાખીઊં.

એ પરમાણે બનારસ બરીટીસ સલતનત સાથે જોડાઈ ગએઊં, તે આજ શુધી તેમજછે. તેનો હાલનો જે રાંજા કેહેવાએ છે તે માતરે નામનોછે. તેનો એ શેહેરના રાજીઅ-કારોબારમાં કશો અખતીઆર નથી. તેનું નામ ઊદત નારાએણછે, અને તેનું ચીત્ર પાસેના પાના ઊપર આપવામાં આવેલું છે. એ રાજા બનારસથી કેટલેક છેટે આવેલાં રામનગર મધેનદીનાં કીનારા ઊપર એક ઘણાજ મોટાં રલીઆંમણા મકાનમાં, મોટા દબદબાથી, રહેછે. એજ મકાનમાં આગલ ચેતસીંગ રેહેતો હતો. એ રાજાને બરીટીશ સરકારની તરફથી જે મોહું પેનસન મલે છે તેમાંથી તે પોતાનું અને પોતાના કુટુંબનું, પોતાના દરજજા પરમાણે, સારી રીતે ગુજરાણ કરે છે. જે જે અંગરેજોને એ રાજા સાથ મેલાપ થએઓછે અથવા કામ પડીઊં છે, તેઓ તેની ઘણી તારીફ કરે છે. એ રાજા કેવો ચંચલ અને ગંભીર છે, તે તેનો ચેહેરોજ વાંચનારને કહી આપશે. હાલના સરખા વખતમાં શુધારાના અને અંગરેજોના સંબંધમાં એ રાજા વધારે આવવાથી તે એની પદવીના બીજા માણસોના જેવ વગેરે અનેક તરેહના વેઅસનોથી ઘણોક મોકલો રહેલો છે.

---

## જંગલી લોકોમાં બચાં ઉધારવાની રીત.

(સાધન પાંને ૧૦૮ મેથી)

ફીજીઅનસ મા તથા બાપ જોકે પોતાનાં બચાં સંબંધી આવું ઘાતકીપણું વાપરે છે પણ પારકાં બચાંઓ ઊપર ઘણોજ પીઆર બતાવે છે, એ ઘણુંજ નવાઈ સરીખું છે. જો કોઈ બચાંની મા કે મા બાપ બંને મરણ પાંમીઆં હોએતો તે બચાંને હરેકસી પોતાને ઘેર લઈ જઈ તેને મોટા પીઆર અને જતનથી ઊધારે છે, એટલુંજ નહી, પણ ઘણીવાર તેને ઊધારવાને માટે પોતાનાં પેટનાં બચાંને મારી નાંખે છે ! અલબતે આવી વાત એકાએક કોઈનાં માનવામાં આવેજ નહી, પણ જીઆરે આગલ જણાવેલો, રેવરંડ વીલીઅમ થોમસ એ વાત નજરે જોએ

લી, અને તેનાં દાખલા સહીત લખે છે, તીઆરે તે
આપણને માંનવા વગર ચાલતું નથી. તે ધરમ ગુ
રૂ કહે છે કે, ૧૮૪૪ નાં વરસમાં એક લડાઈમાં રોકા
નાના નાંમનો એક સરદાર મારીઓ ગએઓ, જેથી
તેનો એક છોકરો અને છોકરી, જે નાનાં બચાં હતાં,
તેઓ મા બાપ વીનાનાં થઈ પડીઆં, કેમકે તેની
સ્ત્રીને પણ તેની સાથે મારી નાંખીને ડાટવામાં આ
વી હતી. તે બે છોકરાને, ધારા પરમાંણે કોઈબી લ
ઈ જાએ, તેમ તે મરનારનો એક વડો ભાઈ હતો તે
જ લઈ ગએઓ, અને તેમને પોતાની સ્ત્રીને સાંપીઆં.
તે બેમાનું એક બચું ધાવતું હોવાથી તેને માટે તે સ
ખસે એક ધવાડનારી રાખી હતી, પણ તેથી તેને ઘ
ણી અડચણ લાગતી હતી. એવામાં તેની સ્ત્રી હમેલ
દાર હતી તે વીઆઈ, જેથી તરતજ તે સ્ત્રી તથા પુ
રૂષે એકમતથી અને મોટી ખુશીથી પોતાનાં છોકરાને
મારી નાંખવાનો ઠહાવ કીધો, કે પેલાં ધાવતાં બચાં
ને તે સારીપેઠે ધવાડી શકેતો ધવાડનારીની કડાકુટ મ
ટી જાએ! તે પરમાંણે તે બીચારા તરતનાં જનમે
લાં બાલકને, પેલી બેસમજ માએ, નવ મહીનાંવેર
મોટી મેહનતે પેટમાં રાખીઆ બાદ, અને મોટી કષ
ટીથી આ દુનીઆમાં જનમ આપવા બાદ, માતરે
પારકાં છોકરાંને સારીપેઠે દુધ મલે એવી મતલબ
થી, આગલ જણાવીઆ પરમાણે, નાખ અને મોડું
દાબી ધરી, જરાક વારમાં પોંહોતું કરી મેલી, એક
ખાડો ખોડી માંહે ડાટી દીધું! એ પછે પેલા છોકરાં
ને મોટા પીઆરથી પોતાની આગલ રાખી ધવાડી
ને મોટું કરીઊં!

એ ફીજીઅન લોકો સઊથી પેહલાં પોતાનાં બ
ચાંને પોતાની માને મારવા શીખવે છે, અને તેમ ક
રવાની તેઓ સઊથી પેહલી ફરજ સમજે છે! જો તે
છોકરૂં નાનપણમાં છુટથી પોતાની માને મારે નહી
તો તેનાં મા બાપ તેને માટે મોટી ફીકરમાં પડેછે કે,
તે મોટપણે હીચકારૂં નીકલશે. એવી રીતે બચાંઓ
ને નાનપણથી ઘાતકી કરવા બાબેનાં રેવરંડ થોમસ
કેટલાક દાખલા આપે છે, જે તેણે નજરે નજર જો
એલા છે. તે કહે છે કે, સોમોસોમો નાંમનાં બેટમાં
તેણે જોઈઊં હતું કે, જીઆરે તે તરફ કાંઈ લડાઈ
થતી, તીઆરે તે નરમ પડીઆ પછે તે ગાંમ માં
હેલી સ્ત્રીઓ પોતાનાં બચાંઓને લઈને તે તરફ જ
તી, અને તીઆં પડેલાં દુશમનોનાં મુરદાંને તેઓ પા
સે લાતો મરાવતી, માથાં છુંદાવતી, તેની ઊપરથી ડોડ
વતી, ઈતીઆદી વગેરેનું ઘાતકીપણું તેમનાં ઊપર ગુ
જરાવતી. એથી કરીને એ બચાં નાનપણથીજ એવાં
ઘાતકી અને વેર લેનાર બને છે કે, જરાક પણ તેમ
ને માઠું લગાડતાં, તેઓ પોતાથી બને તેટલું બીજાને
કરવાને ચુકતાં નથી, અને તેઓ મોટાં થએઆ પછે
લડાઈઓ કરવાને, ઘણાંજ ઘાતકીપણે પોતાનાં હમન
બરદોને મારવાને અથવા તેમને હાથ મારીઆં જવા
ને જરા પણ બીહીતા કે અચકાતા નથી. એજ ધર
મ ગુરૂ લખે છે કે, એજ બેટ ઊપર એક વેલાએ એક
કુટુંબને હું મલવા ગએઓ, જેઓ એક તરતની થએ
લી લડાઈમાં તેમનાં છ માંણસો મારીઆં ગએઆ
થી તેમને માટે બેસીને શોક કરતાં હતાં. તેમનાં ઘરમાં
જતાંજ મારા જોવામાં આવીઊં કે, તે સઘલાંની વચે
એક મરદનો પોશાક પડેલો હતો, અને તે પોશાકનાં ક
પડાંને, એક નાનો છોકરો, હાથમાં મોટી છરી પકડીને
ગુસાથી તેને કાપીને તેની ચીંધી ચીંધી કરતો હતો. જો
કે તે છોકરાના મરણ પામેલા બાપને ડાટતી વખતે તેમ
ના ધારા પરમાણે માનની નીશાણી દાખલ તેની આંગ
લી કાપીને તેનો ભોગ આપવામાં આવેલો હતો, તેમાંથી
પુષ્કલ લોહી નીકલતું હતું, તોપણ તેની કશી પણ દર
કાર ન કરતાં તે નાનું છોકરૂ ભારે ગુસાથી તે કપડાંને
કાપતું અને ફાડતું હતું. એ પોશાક, જે શખસે તે બ
ચાંના બાપને મારી નાખીઓ હતો તેનો હતો, તેથી
તેના બાપનું વેર કેમ લેવું, તે તેના પોશાક પરથી તે
ને શીખવવામાં આવતું હતું. એવી રીતે એ બચાંએ
નાનપણથી હરેક માણસ જેણે તેને દુખ દીધું હોએ,
અથવા જેને તે પોતાનો શતરૂ કરી ગણતો હોએ, તેને
ઘણાજ ઘાતકી પણાથી મારી નાખવાને તદન નીરભ
એ થાએ છે, એટલુંજ નહી પણ કોઈ તેમને દુખદે અ
થવા તેમના હક કે મીલકત ઊપર તરાપ મારે તેમને
કદી ફાવવા તથા જતા મેલવા દેવા ન જોઈએ, એ પણ
તેઓ પક પાએ શીખે છે. અલબતે બચાંને નાનપ
ણથી આવું ઘાતકીપણું શીખવવું, એ આપણા સરખા
લોકોને તદન અનઘટતું લાગે, તોપણ એમ કરવામાં
જંગલી લોકો મોટું ડાહાપણ વાપરે છે. આપણે આ
જે સુધરેલાં છઈએ, જેથી આપણામાં કાએદા છે, કાનુ
ન છે, અને માથે સરકાર અથવા બચાવ કરનાર છે.

જેથી આપણને આપણા બચાવનો આધાર આપણા હાથ ઊપરજ રાખવા કરતાં બાહુતી હાથ ઊપર રાખી શકાએછે, જે હાથ પઈસા આપી ખરીદવાથી તેમને જોઈએ તે વેલાએ ગતીમાં મેલવાને, એટલે આપણા બચાવમાં કામે લગાડવાને આપણે સામરથવાન છઈએ; પણ એવા જંગલી લોકોમાં આપણા જેવા કાએદા કાનુન નથી, કે આપણા જેવી સરકાર નથી. તેમને પોતાના, પોતાના બચાંના અને પોતાના ઘેરના બચાવનો સઘલો આધાર પોતાના હાથ ઊપરજ રાખવો પડેછે, જેથી જો તેઓ નાનપણથીજ બીહીકણ અને બેપરવા થવાને શીખેતો, પછે મોટપણે પણ તેઓ તેવાજ રહે, અને પછે જબરાઓ હોએ તે તેમના ઊપર ફાવી જઈ તેમને જંગલનું મટોહું શાકતા કરે; તેથી જંગલી મા બાપો, જેઓ આખા ભવમાં જમીનમાં ઊગાડીને ખાવું, અને પોતાના બચાવને માટે લડવું, એ બે સીવાએ બીજું કશું કરવાને સમજતા નથી, તેથી તેઓ પોતાના બચાંને નાનપણથીજ તેવી જાતની કેલવણી આપેછે. જોકે આવા જંગલી લોકો વટીક સમજેછે કે, જે વડે આખો ભવ ગુજારવો પડે તેની કેલવણી બચપણમાંજ બચાંઓને આપવી, પણ આપણા દેશના ઘણાક લોકો, જોકે તેમના કરતાં હજાર ગણે સુધરેલા કેહેવાએછે, તેઓ પોતાના બચાંને જે વીદીઆ અને હુનર વડે આજના વખતમાં સરવેને પોતાનો ભવ કાપવો છે, તેની કેલવણી હજુ શુધી પુરતી આપતા નથી, માટે આ દેશના જે લોકો પોતાના બચાંઓને કેલવણી આપવાને આનાકાની કરેછે, તેમને ઊપલા જંગલીઓ કરતાં પણ જંગલી કહીએતો તેમાં કાંઈ નવાઈ જેવું નથી.

(એનું સાધણ છે.)

## પરચુટણ.

### જાણવાજોગ બાબદો.

હારીશન નામના એક પુરૂસને પોતાનો માલ વેચવા સારૂ બજારમાં બુમ પાડવાને લીધે ૦ા રૂપીઓ દંડનો અને સાડા પાંચ રૂપીઆ ખરચના મલી પોણા છ રૂપીઆ આપવાનો શરકારથી હોકમ થએઓ હતો ! મુંબઈમાં એવો ધારો કારે નીકલશે ?

---

અજમાએશ ઉપરથી એવું સાબેત કરીઆમાં આવીઉંછે કે લનડન શેહેરમાં દર સાત વરશે એક નાટકસાલાનો આગથી નાશ થાએછે.

---

વેલાતની એક અમીરજાદી (કાઉનટેશ) પોતાના કોચમેન સાથે નીકલી પારીશ શેહેરમાં નાશી આવીછે. તેણીનો વર છુટા છેડા કરવા પોતાનો કજીઓ થોડા દીવશમાં કોરટમાં લઈ જનારછે ! શું તેને સુજ પડીઉં હશે કે લખો રૂપીઆની દોલત છોડી એક ખાખાવરખા કોચમેન સાથે સંબંધ બાંધીઓછે. પીઆર એક અજબ ચીજછે !

---

મી૦ જાન હીલટન નાંમનો શખશ શાથી મરણ પાંમીઓ તેની તપાશ જુરીની મારફતે કરાવી હતી, તેનું પરીણામ એ આવીઉં કે મરનારનું મોહોત ઘણું ખાધાથી તથા ઘણું પીવાથી નીપજીઉં હતું ! એથી હીંદુઓ કદાચ આ ધડાથી શુધરેતો સારૂં.

---

એરુ માલમ પડીઉંછે કે પારીશ શેહેરમાં રોજની ખાધ ખોરાકી (હાફીશમાં જતી વખતેનાં દીનર) ઉપર આઠ લાખ રૂપીઆ ખરચાએછે તેમાં દારૂ ૩૨૦૦૦ રૂપીઆનો ખપેછે ! શું મોજીલું અને રંગીલું શેહેર હશે.

---

એક ભરથાર પોતાની બાએડીને કરીનોલીન નહી પેહેરવા દેતો હતો. અને બાએડીની મરજી પેહેરવા થઈ તેથી ગુશામા આવી તેણીની પાસેથી કરીનોલીન લઈ શલગાવી દીધી કે જે કરતાં તેના ઘરની ચીમની શલગઉઠી અને તેની તપાશ થતાં તેને પાંચ રૂપીઆનો દંડ થએઓ. આએ મરદને એ પેહેરવાસ વીશે એટલોતો ધીકાર હતો કે તે બાલીનેજ મુગો બેઠો નહી પણ તેણીને પોતાના ઘરમાંથી કાહાડી પણ મુકી !

---

એક જીવતા માણશની કબર—એક મુશાફર કેહેછ કે પીરા શેહેરનાં એક દેવલને જોવા હું મારા ભોમીઆં શાથે ગએઓ હતો. સઘલું દીઠા પછી મારી નજર એક ઘણીજ ખુબશુરત કબર ઉપર પડી કે જેની ઉપર શોનેરી અખશરે તો બધીજ તારીફ કોતરેલી હતી, પણ તારીખ ન હોવાથી મેં તેનું કારણ સાથે આવેલાને પુછીઉ, તારે તેણે ઉતર આપીઓ કે જે સખસની એ કમરછે તે કઈ મરણ પામીઓ નથી પણ જીવતોછે. અને પોતાના લગનને દાહાડે ચાર વરશની વાત ઉપર એ પરમાંણે કરવાનો હોકમ આપીઓ હતો અને તેનું કારણ એવું ધારીઆંમાં આવેછે કે જે કોઈ જોએ તે એને વીશે પુછે અને ખબર કાહાડે કે જેથી તેનાં ધંધા રોજગારમાં વધારો થએઆ વીના રેહેજ નહી !!

---

દાકટર ટેક ફોરડ ઈંગલંડમાં રહીને આએરલાંનડની એક સ્ત્રી સાથે કાગજ પતરનો વેહેવાર રાખતો હતો અને તે સ્ત્રીને વેહેવારમાં દાકટર શાહેબ એટલાતો પસન આવી

આકે તેણીએ તેને એવું લખીઉ કે, જો તમો વેલાત છોડી હીંઆં આવો તો હું તમારી સાથે પરણુ. દાકટર બીચારો ભોલો પોતાનો રોજગાર છોડી આએરલાંડમાં ગઓ અને પરણવાની તઈઆરી કરતો હતો તેવામાં તેણીએ એક પતર લખી ના કેહેવડાવી કે જે વાંચી હાએ અફશોશમાં થોડા દીવશ માંદગી ભોગવી મરણ પામીઓ ! પીઆર એવી ચીજછે કે તે માણશનો જાન પણ લેએછે. ઉપલી બાઈ ઉપર તેના શગાં વાહાલાંઓએ ફરીઆદી કરીચ, જોઈએ શું ચુકાદો થાએ છે.

---

**કાફીનો ખપ**—ગએઆં વરસમાં અમેરીકાનાં ઇઉનાઈટેડ સટેટસ ખાતે, બધી મલીને ૧૦૯૩૭૦૨૧૩ રતલ કાફી બાહેરથી આવી હતી

---

**કચડાઈને મરણ**—આપણે રેલવેની ગાડીમાં બેસીને મુસાફરી કરતાં, કચડાઇ મરવાની ધાસતી, મોહોલામાં અને રસતાપર ફરતી વખતનાં કરતાં શોગણી વધારે રાખીએ છઈએ, પણ તપાસ ઉપરથી માલમ પડીઉ છે કે, રેલવે કરતાં, જાહેર રસતાઓમાં માણસ વધારે છુંડાઈને મરે છે. ગએઆં વરસનો અડસટો કાહાડતાં એવું માલમ પડીઉંછે કે, આખાં ગરેટ બરીટનની રેલવેમાં, અકસમાતથી દર વરસે ૨૦ માણશ મરેછે; અને લનડનના રસતા ઉપર, અકસમાતથી ગાડી ઘોડાતલે આવી જઈ દર મહીને ૨૧ માણુસો કચડાઈ મરણ પામેછે.

---

**રેલવેની ટરેણ**—ઇંગલંડની રેલવે ઉપર કલાપહામ નામની જગા આગલ કેટલીક લાઇનો એકઠી મલે છે, તીઆંના સાંધા ઉપરથી આખા દાહાડામા ૭૦૦ ટરેન એક પછે એક આવ જાવ કરે છે જોકે એક જગામાંથી આખા દાહાડામાં ૭૦૦ ટરેન પસાર થાએ છે, તોપણ આજ કેટલાં વરસ થએઆં તીઆ એકે અકસમાત બનીઓ નથી, અને એકે માણુસના પરાણની ઘાત થઈ નથી. એ કેવું વખાણવા જોગ ! તીઆનો કેવો સરસ કારોબાર હશે ? તેની સાથ સરખાવતાં અહીની ગરેટ ઇનડીઅન પેનીનશુલા રેલવે વીશે આપણને શું વીચાર કરવો જોઇએ, જીઆં દર વરસે અકસમાતો બને છે, અને માણસો મરે છે.

---

**મરેલો જીવતો થએઓ !** હાલમાં થોડુંકની વાત ઉપર જે ડેનમારક અને જરમની તથા આસટરીઆ વચે લડાઈ ચાલતી હતી, તેમાં કેટલાક બંધવાઓની સાથે એક સોલજર આસટરીઅનોને હાથ પકડાઈ ગએઓ હતો, જેને પાછલથી મારી નાખવાના સમાચાર મલીઆ હતા, અને તે તેનાં કુટુંબને જણાવીઆમાં આવીઆ હતા. લડાઈ પુરી થઇ સઘલી સમાધાની થએઆ પછે, તેની અસતરી કોઈ બીજા સાથે પરણી ગઈ; પણ તેને થોડાક માસ ગુજરીઆ નહી એટલામો તેણીનો ભરથાર, જે મારીઓ ગએલો નહી પણ જીવતો રહેલો હતો તે આવી લાગો. તે સખશે પોતાની અસતરી ઉપર દાવો કરીઓછે, પણ તેનો ચુકાદો જણાએઓ નથી.

**ચોરોનો અટકાવ**—લોહોડાંની તીજોરીઓમાં મેલેલાં નાણા જે રાતને વખતે ચોરીઆઓ ચોરી જાએ છે, તેનો અટકાવ કરવાને હાલમાં એક સખશે યુકતી શોધી કાહાડી છે. તે દરેક તીજોરના બારણા સાથે તાર બાધવો, અને તેનો સંબંધ રસતાપર નાખેલા તાર સાથ રાખવો, અને તે રસતાપરના તારનો છેહો પોલીસની ચોકીમાં રાખવો, અને તીજોરીના તારને બેટરી લગાડી રાખવી તેથી જેવો ચોર તેને હાથ લગાડવા જાએ તેવીજ, તેમાં વીજલી પસાર થઇ, પેલી ચોકીપર ખબર મલે કે ફલાણી જગાએ ચોરી થાએ છે. તે જગા તેના થેડવેલા નમબર ઉપરથી માલમ પડેછે.

---

**ઈંગલંડની મોહોટાઈ**—એક વેલાએ એક અંગરેજ, ઉતર અમેરીકાના એક ઇનડીઅનને મલીઓ, જેને અંગરેજી અમલની મોહોટાઇ સમજાવતાં તે અંગરેજે કહીઉં કે, અંગરેજી અમલનાં દેશો ઉપરથી કદી સુરજ અસત પાંમતો નથી, સમજીઓ ? જંગલીએ જવાબ દીધો, હું સમજીઓ, કેમકે ખોદાએ હરેક દેશને અંધારામાં અંગરેજોના હાથમાં રાખવાને બીહે છે, તેથી તે ઉપરનો સુરજ અસત પાંમતોજ નથી !

---

**મરતાં પણ મશકેરી !**—પેહેલા જેમસના વખતમાં ડાકટર જાસપર મેન નામનો સખશ એટલોતો મશકેરો હતો, કે જીઆરે તે મરવા પડીઓ, અને જીઆરે તેણે તથા તેની આસપાસનાઓએ જાણીઉં કે હવે તે થોડા વખતમાં મરશે, તે વખતે પણ મશકરી કરવા વગર તેનો જીવ રહેઓ નહીં. તેનો એક ચાકર, જે ઘણોજ છાકટો હતો, તેને પાસે બોલાવીને કહીઉં, તારે માટે મેં કંઇ રાખેલું છે, જે મારાં મરણ પછે તુને મલશે, જેમાંથી તુને પુશકલ પીવાનું મલશે. ચાકર સમજીઓ કે, શેઠ મરતી વખતે તેને માટે કાંઈ સારી રકમ મેલી જાએ છે, તેથી તેનો ઘણો ઉપકાર માનીઓ, અને તેનાં નજદીક આવતાં જરચુથી પોતાની મોટી દીલગીરી બતાવવા લાગો. અંતે થોડે દાહાડે તેનો શેઠ મરણ પામીઓ, તીઆરે તેને નામનો એક બાકસ હતો તે તેને મલીઓ, જેને મોટી ઉલટથી ઉંઘાડી જોતાં માંહેથી હેરીંગ જાતની એક સુકી માછલી નીકલી !

---

**ઓલાદનો વધારો**—ગણતરી ઉપરથી માલમ પડીઉં છે કે, ગરેટ બરીટનમાં (૧૮૬૨ માં) દર અઠાવીશ પુરૂશે એક છોકરૂં જનમીઉં હતું ફરાનસમાં (૧૮૬૧) માં દર ૩૭ પુરૂશે એક છોકરૂં જનમીઉં હતું. આસટરીઆમાં (૧૮૬૨ મો) દર ૪૨ પુરૂશે એક છોકરૂં જનમીઉં હતું. પરશીઆમાં (૧૮૬૦ માં) દર ૨૫) પુરૂશે એક છોકરૂં જનમીઉં હતું. બેલજીઅમમાં (૧૮૬૧ માં) દર ૩૨ પુરૂશે એક છોકરૂં જનમીઉં હતું સુવીડનમાં (૧૮૫૯ માં) દર ૨૯ પુરૂશે એક છોકરૂં જનમીઉં હતું. ડેનમારકમાં (૧૮૬૨) માં દર ૩૧ પુરૂશે એક છોકરૂં જનમીઉં હતું.

---

## એક રમુજી વારતા.

એક ઉમરાવ ઘણોજ બખીલ હતો. તે કદી એક પઈ કોઈને આપતો ન હતો, અને જીવે પણ ખાતો ન હતો. એ વાતની ખબર એક મશકેરા અને મોજીલા સખશને પડવાથી, તે એક દાહાડે પોતાના હાથમાં સારંગી લઈને તેને ઘેર ગએઓ, અને આગલ જઈ એવું સુંદર ગાનું ગાવા મંડી ગએઓ કે, તે સાંભલીને બખીલને ઘણીજ ખુશાલી ઉપજી. એમ ગાનું સાંભલતાં કેટલોક વખત ગએઓ તેવામાં તે બખીલનો બબરચી આવી કેહેવા લાગો, "જહાંપનાહ, ખાંનુ તઈઆર થઈઉં છે." બખીલે જોઈઉં કે, હમણા ખાવા બેસીસ તો એ ગાએન ગાનારનો ભાગ પડશે, તેથી બે હાથે પોતાનુ માથું પકડી ચાકરને કહીઉં, "ભાઈ, હમણા મારૂં માથું એવું જોરમાં દુખેછે કે, મારેથી એક નવાલો પણ ખવાવાનો નથી. માટે હમણાતો હું સુઈ જાઉં છું, પછે એક ઉંઘ કાહાડીને ખાઈશ." એવો ટોંગ તે ઉમરાવે કીધો, અને મોડું માથું ઢાંકીને ટોલી આપંર સુઈ ગએઓ. એ બખીલની મતલબ પેલો મશકેરો ગાએન ગાનાર સમજી ગએઓ, જેથી તે પણ હલુ રહીને તેના ઢોલીઆની તલે ભરાઈને સુઈ ગએઓ.

થોડેકવારે પેલો બખીલ ઉઠીઓ, અને મોડું ઉઘાડી ચાકરને પુછેછે કે, "પેલી બલા ગઈ કે ?" ચાકર જવાબ દેવા જાએ છે, તેવામાં પેલો ગાએન ગાનાર ઢોલીઆની નીચેથી બોલીઓ, "અરે સાહેબ એ બલાતો તમારે ગલે વલગેલી છે, માટે તે એક બે નવાલાબી ખાધા વગર કીઆંથી જવાની છે !" પેલા બખીલે જોઈઉં કે, આતો કોઈ સહજર પુઠે લાગો છે, અને ખાધા વગર જવાનોજ નથી, તેથી થોડુંક પકવાન મંગાવી ખાવા બેઠો, જેમાં પેલો મશકેરો તરત ભાગીઓ થઈ ગએઓ, અને એક બે નવાલામાં સઘલું એવું સપાટી ગએઓ કે, બીચારો બખીલ એમનોએમ ભુખો રહી ગએઓ !

## સમશીઆ.

(દોહરા.)

(૧) પીલો પણ પોપટ નહી,
કાલો પણ નહીં નાગ;
પાંખો પણ પંખી નહીં,
ઉડે પણ નહીં કાગ.

(૨) નારી પણ નીરબલ નહીં,
કાલી પણ નહીં કોલ,
વસેદરે સાપણ નહીં,
ઉત્તર એનો બોલ.

(૩) પરતાં પણ પંદીટ નહીં,
પુછીઓ પણ નહીં ચોર,
ચતુર હોએતો ચેતજો,
મધુરો પણ નહીં મોર.

ક. સા.

(૪) મને પગ નથી પણ ચાલું તથા દોડું છું. મને હાથ નથી પણ મારૂં તથા ભાંગું છું. મને મોં નથી પણ બોલું, બરાડું અને ગાઉં છું. દરેક દેશ, શેહેર, ગામને ઘેરમાં ફરી વલુંછુ અને એકી વખતે દરેક વસતુને સારી પેઠે ભેટું છું. મારાં બે નામ છે, તેમાનાં એકની પાસે વીસર્ગ મેલોતો તે એક સારાં કામને માટે ખુશાલી ઉપજાવનારો અથવા સાબાશી આપનારો બોલ થાએ છે. મારાં બીજાં નામના છેલા બે અકશર લોતો વસતી વગરની અને વેરાન જગાનું નામ થાએ છે; અને તેને જો ઉલટાવોતો એક સંખીઆ થાએ છે.

## ખોલાસો.

(૧) જામો (૨) છાસ. (૩) દેડકો. (૪) લખેલું—પોસટનું—કાગલ.

## શીકશા રૂપી વાકીઓ.

માણસનું માપ આપણે કીઆરે જાણીએ કે, જીઆરે તેની સાથે આપણે થોડો વખત અથવા દાહાડા વસીએ તીઆરે.

માણસનું વજન આપણે કીઆરે જાણીએ, કે જીઆરે આપણે થોડોવાર તેની સાથે વાતચોત કરીએ તીઆરે.

એક સીએ એક બુઢા મરદને પુછીઉં કે મારો વર મને ચાહાતો નથી તેનો સબબ સું હશે ? બુઢાએ જવાબ દીધો કે, તમે તેને ચાહાતા નથી.

એક છોકરાલીએ એક સખશને પુછીઉં કે, ભાઈ, આ બધા રડે છે તીઆરે મને હસવું આવે છે તેનું કારણ શું હશે ? તે સખશે જવાબ દીધો કે, એ બધાના મગજમા અકલની ખાણ છે તેથી તેમને રડવું આવે છે, પણ તારા મગજમા અકલની ખાડ છે તેથી તુને હસવું આવે છે.

સ્ત્રીની ખુબસુરતી એ તેની પોતાની દોલત, અને તેના સદગુણ એ તેના ભરથારની અને બચાંની દોલત.

બોલવા કરતાં ચાલવું ભલું, અને હસવા કરતાં ખસવું ભલુ. પણ રડવા કરતાં શું ભલું ? હસવું !

માણસ ચાલતાં પડીને પગ ભાંજે, તો દોડતાં પડીને શું ભાજે ? માથું.

નીમ હકીમ જીઆરે દવા કરવા આવે તીઆરે દરદીનું શું થાએ ? તેને સદાનો આરામ થઈ જાએ.

સઘલાં દરમાંથી લેવટા મલે ? નાઃ કોઈમાંથી કરચલું મલે ને કોઈમાંથી સાપ મલે. તેમ શઘલી સાધુઓ સરખી નહી મલેઃ કોઈ [illegible] જેવી મલે, અને કોઈ જમ

ડા જેવી મલે. તીઆરે તેને ઠેકાણે કેમ લાવવી? રોજ જમણા હાથમાં ધીરજ અને ડાબા હાથમાં સમજણ પકડી તેવડે તેનાં માથાંમાં ખુબ માર મારવો.

---

એક નાની છોકરીએ એક ઘરડાં ડોસાને પુછીઉં કે બપાઇજી મારાં માએ ને બાવા રોજ કજીઓ કરે છે તેનું કારણ શું? ડોસાં માએ જવાબ દીધો કે, જોની માએ, તેમની બરાબર રાસ જોવાડેલી નહી!

---

## ઈશ્વર સ્તુતી.

(૫૯.)

શરણ ચરણ તારે હરી કરણ કણે આજો,
જળણ હરણ વ્હેલી કરો, જીવન પીવન ગાળો—શરણ.
જીવ કાયા કારમીમાં કષ્ટ કેમ વેઠે,
અપજશો અનેક લીધા, ટાલો ડાઘ કાલો—શરણ.
મોહ માયા મદ મળી, મારે મન મોટી,
કોટી સોટી હાંકે વ્હેલ, મુજ વ્હારે ચાલો—શરણ.
માન માયા મેલી મની મુખ ધુસ પેરે,
સહવાઈ અવાઈ જાવું અંત, એ શું છે ચાલો—શરણ.
લોક થોક મેલી પોક કરે શોક શાનો,
શરમ શરમ મુખ રહે, છતે સતે બાલો—શરણ.
નાનાભાઈ ગાઈ ગુણ તુજ પલ્લો સાહી,
માંગુ દાન મુક્તિ પાન, પાઈ પાપ ખાલો—શરણ.

---

## લોભીનો પસ્તાવો.

(એજ રાગમાં.)

ભુવનપતી ભકત રાય ભાજે ભીડ ભુવની,
ત્રાહય ત્રાહય બોલે લોક, ઠાર ન દે અવતી—ભુવન.
હાડ માસ ગયાં ગલી તનની થઈ કાઠી,
દીધે સ્વારી મુખ શામ, આવી પ્હોંચી જમની—ભુવન.
દુર થયા દોસ્ત દાસ ગઈ વાસ વાણી,
ખાન ગયું પાન ગયું, આવી રેલ ગમની—ભુવન.
કોટી કોટી લેતાં કોડી કોડી આવી હામે,
રાય થતાં રંક બની, ખોહી ખરી ધમની—ભુવન.
જીવ જતા જીત તજી નહીં શીખ માની,
મતી મુર્ખ બની મૂટ, ગતી ગણી મનની—ભુવન.
નાનાભાઈ વાની વિષ લોભ તણી જાણી,
દુર દુર દુર ભાગ, વાઘ વેર ઘરની—ભુવન.

---

## નિશાલમાં શિખવા વિશે.

(રાગ કાહારવો.)

મારી ભોલી બેનો, શાને કાજે ડરો શાળે શીખતાંરે—ટેક.

શિખતાં એ શું ખોટું થાએ એમાં શેની લાજ;
ગ્યાન, નીતિ, સદગુણ હૈડે આવી કરે રાજ—મારી.
અંધારાંથી નિકસી બાહેર અજવાલામાં આવો;
બ્રહ્મ ગ્યાન તો થાએ શીધું તતપર રહી ગુણ ગાવો—મારી.
સંસાર રૂપી બાગ બન્યોછે, માલી થઈને ભાલો;
સુકૃત છોડ ઉધારી કુકૃત નીંદી નાખો પાલો—મારી.
સંપ શૂર તો હૈડે બાઝે, કુસંપ ભાગે વ્હેલો,
સંકટ સમય ધૈર્ય આવે, મારગ સુઝે સ્હેલો—મારી.
સુખતણી પછી રેલજ આવે ઘસડી નાખે દુખો;
નાનાભાઈ કહે સત માનો ભવની ભાગે ભુખો—મારી.

---

## (વધારે શિખવા વિશે.)

મારી ભોલી બેનો, શાને કાજે ડરો વધુ શીખતાંરે—ટેક.

મહીના શિખો વરસો શિખો, શિખો સારા જુગ;
તોય હાથ નવ આવે એતો અથાગ ઉડતાં મૃગ—મારી.
શિખ્યાં શિખ્યાં શું બોલોછો એની શુંછે ગણત્રી;
પર્વત મોટા ચહડવા છે ત્યાં ઉભાં હજી જ્યમ સંત્રી—મારી.
મુઠી ખાધે ભરે પેટ શું, હોય ભૂખ હારાની;
ડગલું ચાલે થાય શું જ્યાં મુસાફરી દહાડાની—મારી.
સર ઐઝાક ન્યુટન જેવો પંડીટ નહીં કોઈ બીજો;
મરતાં બોલ્યો બોલ તે પણ "શું જોઈ મેં રીજો?—મારી.
"મહા સાગર તો રહયો તરવાનો પોહોંચ્યો હજી હું કાંઠે;
"અથાગ દોલત છે આઘી હજી કોડા વીણુ હાથે"—મારી.
માટે એ ના ભણ્યું હોએ સમજો નકી મનમાં;
નાનાભાઈ શુર ચઢાવે લો હિંમત મન તનમાં—મારી.

---

## (ગીત ગાવા વિશે.)

મારી ભોલી બેનો, શાને કાજે ડરો ગીત ગાતાંરે—ટેક.

ગાયન એ કંઈ ભુંડુ નહીં પણ ભુંડા છે કંઈ કર્તા;
ગ્યાન વાતને મેલી રચ્યાં થઈ નીતિથી ખર્તા—મારી.
શું થોડાનાં શબ્દો ભુંડા તેથી સંધાં ભુંડા?
ના એવું ના હોએ કાઈ ઘણાં છે બીજાં રૂડાં—મારી.
પ્હેરે હીરા સૌ કો હાથે, એકે ઘાલ્યો આંખે;
ફુટી આંખી તેની માટે શું સૌ ફેંકી નાખે?—મારી.
જે રાગોથી ભક્તિ થાએ, સુની હરી આનંદ પામે;
તેને કહેવા ખોટા કેવું પાપ તમો શીર જામે!—મારી.
માટે બેનો સમજો એમાં નહીં કંઈ ખોટું લેશે;
નાનાભાઈ કહે સત સહુ શિખો બાજે બેશે—મારી.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. જુલાઈ ૧૮૯૫ આંક ૭ મો.


## વધનમાં લગન.

એક વારતા.

### પરકરણ ૩ જું.

અરનવાજ તેનાં ધણી શાહાજાદા સાસાનનો પેગાંમ લઇ જેહાનઆરાના ઘર આગલ આવી પોંહોંચી, અને બારણામાં દરબાન ઉભો હતો તેને જણાવીઉં કે, તે આ ઘરની ધણીઆંનીને મલવાને આવીઓ છે, માટે તેને રસતો દેખાડવો. પણ દરબાને જણાવીઉં કે, "હું મારી શેઠાંણીને પુછી તેનો હોકમ લાઉં નહી તીઆંવેર મારેથી તમુને અંદર જવા દેવાએ નહી, માટે તમે અહીં ઉભા રહો, હું પુછીને આવું" એ સાંભલી અરનવાજે જણાવીઉં કે, "તારી શેઠાંણી સાથે મને ઘણુંજ જરૂરનું અને ઉતાવલનું કામ છે, માટે મને જલદીથી ઘરમાં જવા દેતાં તુને તે કશું બોલનાર નથી." પણ તેમ તેને અંદર જવા દેવાને નાજ પાડી, તેને બાહેરજ ઉભી રહેવાને કહી, પોતે અંદર ગએઓ, અને જેહાનઆરાને જણાવીઉં કે, કોઇ જુવાંન છોકરો તમારી ઉપર કાંઈ પેગાંમ લઈને આવીઓ છે, અને તે અંદર આવી તમોને મલવાને ઘણીજ ઉતાવલ કરે છે. જેહાનઆરા સમજી ગઈ કે, વલી કોઈ શાહાજાદા સાસાનની પાસેથીજ આવીઉં છે, તેથી કંટાલો ખાઇ તે દરબાનને તે છોકરાને એવું કેહેવા ફરમાવીઉં કે, તે સુતેલી છે, માટે તેનો પેગાંમ સાંભલી શકતી નથી. દરબાને બાહાર આવીને તે પરમાંણે અરનવાજને કહીઉં, પણ તે સાંભલતાંજ બોલી કે, "હા હું જાણુછું કે તેઓ સુતેલાં છે, તેટલાજ માટે હું તેમને મલવા માગુછું; માટે મને અંદર જવા દે." દરબાન પાછો જેહાનઆરા પાસે ગએઓ, અરનવાજે જે કહીઉં હતું તે તેને કહીઉં. તે સાંભલી, તેને એવું કેહેવા ફરમાવીઉં કે, તેની તંદોરસતીમાં બીગાડ થએલો છે, માટે તે તેને હાલમાં મલી શકવાની નથી. દરબાને આવીને એ પરમાંણે કેહેતાંજ, અરનવાજે તેને જણાવીઉં કે "હું જાણુછું કે તેની તંદોરસતીમાં બીગાડ થએલો છે, તેટલા માટેજ હું તેને મલવા માગુછું; માટે તારી બાઇને જઇને કહે, કે જીઆંવેર તું મારી મુલાકાત લેશે નહી, તીઆંવેર તારા બારણામાંથી હું ખસવાનો નથી, પણ એક ઠટાએલા શકત થામલાની માફક રાત અને દાહાડો ઉભો રહીશ. આવો હઠીલો જવાબ સાંભલી દરબાન તરીજીવાર જેહાનઆરા પાસે ગએઓ, અને જણાવીઉં કે, "બાઈ, હું તે જુવાંન છોકરાને સમજાવતાં થાકી ગએઓ પણ તે કશું સમજતો નથી. જીઆરે તેને એમ કહીઉં કે તમે સુતેલાં છો, તીઆરે તે બોલીઓ કે, હું જાણુછું કે તેઓ સુતેલાં છે, માટેજ હું મલવા માગુછું. જીઆરે મેં એમ કહીઉં કે તેઓ આજારી છે, તીઆરે તે બોલીઓ કે, હું જાણુછું કે તેઓ આજારી છે, માટેજ હું મલવા આવીઓછું, એવી રીતે દરેક મારા બોલનો તરત જવાબ આપી, એવું કહે છે કે, જીઆવેર તમો તેની મુલાકાત લેસો નહી, તીઆંવેર તે તમારા બારણામાંથી ખીશનાર નથી. એવું સાંભલી જેહાનઆરાને ઘણુંજ અજબ લાગીઉં કે, એવો હુજતી છોકરો તે કોણ છે, તેથી તેને જોવાને માટે તેને અંદર આવવા દેવાને દરબાનને હોકમ કીધો; પછે પોતાની દાસીને ફરમાવીઉં કે તેનો બુરખો લાવી તેના મોડાં પર મેલવો, કેમકે એકવાર ફરીને—એક જુવાન અને હઠીલા છોકરા પાસે—સાસાનનો પેગામ સાભલવો પડેછે. તેવામાં અરનવાજ જેહાનઆરાના ઓરડામા આવી, અને તેને નમીને સલામ કરી મોટી ગંભીરાઈ અને પાદશાહી દબદબાથી બોલી, "ઓ અતી ખુબસુરત નાજની-મને, મેહેરબાની કરીને કહો, કે આ ઘરની ધણીઆંણી તમે છો ! કેમકે તેઓ વગર, મારી વાત જેને ઘડી કાહાડતાં અને મને ઈઆદ રાખતાં ભારે મેહેનત પડીછે, તેવી કીમતી વાત કોઇ પારકાં આગલ ફેંકી દેવાને હું માહાતો નથી." તીઆરે જેહાનઆરા બોલી, "તમે કીઆંથી આવીઆ છે ?" અરનવાજ બોલી, "જેટલું મેં તમોને કેહેવાને મોઢે કરીઉંછે, તેની ઉપરાંત બીજું કશું હું તમોને કહી શકનાર નથી અને આ સવાલ તેની હદની બાહેર છે, માટે તેનો જવાબ તમોને આપી શકતો નથી." તીઆરે જેહાનઆરા બોલી "શું તમે કોઈ ટોંગી છો ?" અરનવાજે ઉતરવાલીઓ "નહી, હું કંઈ ટોંગી નથી, તેમ જ જે કામને માટે હું આવીઓ છું, તેને માટેનો હું નથી." એટલે અરનવાજ છોકરા રૂપે તેની સાથે વાત કરતી હતી, પણ તે જાતે તો છોકરી હતી. એટલું કહી વલી

ફરીથી જેહાનઆરાને પુછીઉં, "મેહેરબાની કરી મને કહો કે, આ ઘરના ધણીઆણી તમેજ છો ?" તીઆરે જેહાનઆરાએ કહીઉં " હા, હુંજ છું, કેમ તમે શું કહોછો ?" જીઆરે અરનવાજે એવું સાંભલીઉં, તીઆરે તેની વાત તેને કેહેવાની આગમચ તેનું મોડું જોવાને તેને ઘણીજ ઈનતેજારી પેદા થઈ કે, તે જુએકે એવી તે તે કેવીક ખુબસુરત છે કે તે સાસાન સરખા શાહાજાદાને પોતાની ખાતરમાં જરાએ લાવતી નથી. એ વીચારથી એકદમ હીમતથી અરનવાજ બોલી, "ખુબસુરત બાઈ, જરા મને તમારૂં મોડું દેખાડોની." એ સાંભલી જેહાનઆરાને ઘણું નવાઈ જેવું લાગીઉં, અને એવી અરજ તે તે વખતે કોઈની કબુલ રાખે નહી, તોપણ પોતાનો બુરખો ઉંચકી અરનવાજને મોડું દેખાડવાને મનમાં ખુશીથી થડાવ કરીઓ. કેમકે જોકે જેહાનઆરા શાહાજાદા સાસાનને આટલો બધો નાપસંદ કરતી હતી, તોપણ જીઆરથી એ જુવાન છોકરા—અરનવાજનાં મોડાં ઉપર તેની નજર પડી હતી, તીઆરથી તેની ખુબશુરતી ઉપર તે અતીશએ મોહી પડી હતી; અને તેને પોતાના ખરાં દીલથી ચાહાવા લાગી હતી. તે અરનવાજ ઉપર એ કદમ એટલીતો મોહીત થઈ પડી હતી કે, તેનાં દીલમાં એકદમ તેની પરીતનું બાણ લાગી આવીઉં હતું, અને જો કોઈ સાથેબી તે પોતાના નેકા પાહેતો તે તેનીજ સાથે, અને જો કોઈને પણ તે ખાવીંદ કરેતો તે તેનજછે. એવા પીઆરના જુસાથી તેણે પોતાનું મોડું ઉઘાડવાનો થડાવ તો કરીઓ, પણ અરનવાજનો દરેક બોલ તેને મીઠો મધ સરીખો લાગતો હતો, તેથી તેમ કરવાની આગમચ તેને વધારે બોલાવવાને માટે, તે બોલી, "શું તમે તમારા ધણી અથવા સાહેબનો પેગામ મારાં મોડાંને કેહેવા આવીઆછો, કે તે જોવા માગોછો ? અરનવાજ બોલી, "હા, હું તેનેજ કેહેવા આવીઓછું, માટે મેહેરબાની કરી મને તે ઉંઘાડીને દેખાડો." એ સાંભલતાંજ જેહાનઆરા પોતાનો શોક, અને તેને પાલવાનું સાત વરસનું વચન એકદમ ભુલી ગઈ, અને પોતાના મોડાપરનો બુરખો ઉંચકી તેને બતાવીઉં; અને બોલી, "જોવ મારૂં મોડું, કેમ, સારૂં છે કે નહી" ? અરનવાજ બોલી, "ખરેખર તમે ઘણાંજ ખુબસુરત છો; તમારા મોડાંનો જે સફેદ અને લાલ ભેલાએલો રંગ છે તે ખચીત કુદરતનાં ખુદ ગતીઆ હાથથી ચીતરેલો છે. જો તમો તમારી આવી ખુબશુરતીની નકલ કોઈને પણ આપીઆ વીનાં તેને એજની એમ લઈને પેલી દુનીઆમાં જાઓતો, ખરેજ તમે આ દુનીઆમાં જીવતાં ઘણાંજ ઘાતકી કહેવાઓ". "નહી, નહી; ઓ નોજુવાન," જેહાનઆરા જરા મસકરીમાં બોલી, "હું એવી ઘાતકી નથી થવા માંગતી. દુનીઆંને ગમેતો, મારી ખુબશુરતીની નકલ તો શું, પણ જોઈએતો તેની સઘલી વીગત પણ રાખે; જેમ કે, બે બલુ આંખો તેમનાં ટાંકણા સુધાં; એક ગરદન; એક કુંપટી; અને એ વીગરે. પણ સાહેબ, શું તમોને અહીઆં તમારા સાહેબે પોતાનો પેગાંમ કેહેવા મોકલીઆ છે, કે મારી વખાંણ કરવાને મોકલીઆ છે" ? અરનવાજે જવાબ દીધો, "હું સમજીઓ કે તમે કેવાં છો: તમે ઘણાં મગરૂબ છો, તોપણ ઘણાંજ ખુબસુરત છો; અને તેથીજ મારો સાહેબ અથવા ધણી તમોને ચાહે છે: તે એટલો બધો તો ચાહે છે કે, તમારી જુદાઈથી તેની છાતીમાંથી અફસોસનો મોટો ગગડાટ ઉઠે છે, અને આંખમાંથી આંસુનો વરસાદ વરસે છે. તે તમારા પીઆરની અગનીમાં ગોએઆ બલીને ખાખ થાએ છે; માટે જો તમો કદાચને ખુબસુરત સ્ત્રીઓમાં સરવેથી સરદાર હોવ, તોપણ એવા ખરા પીઆરનો બદલો આપવો જોઈએ છે" "પણ તમારો સાહેબ," જેહાનઆરા બોલી, "મારો વીચાર સારીપેઠે સમજે છે. જોકે હું જાણુછું કે તે ઘણોજ નીતીમાન, ચંચલ, તવંગર અને કીરતીવંત છે, તોપણ હું તેને ચાહાતી નથી. સઘલા લોકો એકે આવાજે બોલે છે કે, તે ઘણો બાહાદુર, નમનતાઈ વાલો, અને શીખેલો છે, તોપણ હું તેને ચાહાતી નથી. એવો જવાબ હું તેને ઘણું થઈઉં આપી ચુકેલી છું". એ સાંભલી અરનવાજ બોલી, "જેવી રીતે મારો સાહેબ તમોને ચાહે છે, તેવી રીતે જો હું તમોને ચાહાતો હુતેતો, બેશક હું તમારા દરવાજામાં એક ઝાડ થઈને ઉભો રેહેતે, અને રાત અને દીવસ તમારૂં નામ પોકારતે; હું તમારા ઘાટકીપણાની ફરીઆદના ગીતો જોડી તે મધ રાતનાં ગાઈ સઉ સુતેલાં જગાવતે; અને જેહાનઆરા, જેહાનઆરા, એમ તમારૂં નામ પાહાડે પાહાડ, અને ડુંગરે ડુંગર પોકારી ચોમેર પરતીનાદ ઉતપન કરતે; અને કેહેતે કે, ઓ ઘાતકી અને ખુબશુરત જેહાનઆરા, તું મારી ઉપર દએઆ કર, માહારી ઉપર મેહેર કર". તીઆરે જેહાનઆરા બોલી, "તમે એવું કરી શકો તેમાં નવાઈ નથી; પણ મને કેહેગો, "કે તમારા મા બાપ કોણ છે"? અરનવાજે ઉતર દીધો, "જે હાલતમાં હું છું તેનાં કરતાં વધારે સારાં મારાં મા બાપ છે, તોપણ એમાં હું ખુશીછું: હું એક ગરહસથ છું". એ પછે કશું વધારે વાત કરવાનું ન રેહેવાથી, ભારે આનાકાની અને દીલગીરીથી જેહાનઆરાને તીઆંથી જવાને ફરમાવીઉં, અને કહીઉં કે, "તમારા સાહેબને જઈને હવે કહો, કે હું તમને મુદલ ચાહાતી નથી, વાસતે હવે વધારે પેગામ મારી ઉપર મોકલે નહી, અને તમેબી હવે ફરીને તેનો પેગામ નાં લાવતા, પણ જો બનેતો, કોઈવાર એકાદ ફેરો તમે અમથા ખાઈ જજો. એમ કેહેવાની જેહાનઆરાની મતલબ એજ હતી કે, તે અરનવાજ ઉપર ઘણીજ મોહીત થઈ પડી હતી, અને તેને ઘણીજ ચાહાતી હતી, માટે તે તેને ફરીથી મલેતો, તેનાં તનમાં ઉઠેલી વીજોગની અગનીમાં ઘણોક ઘટાડો થાએ. અરનવાજે એવો જવાબ લઈ, જેહાનઆરાને ઘાતકી ખુબશુરતીનું નામ આપી, તે નામે તેને સલાંમ કરી તીઆંથી નીકલી પોતાનાં મકાંન તરફ ચાલતી થઈ.

---

## પરકરણ ૪ થું.

જેવી અરનવાજ જેહાનઆરાની આગલથી ગઈ એટલે તે પેલા ઉપલા બોલો ઈઆદ કરવા બેઠી કે, "જે હાલતમાં હું છું, તેનાં કરતાં તેઓ વધારે સારાં છે, અને હું એક ગરહસથ છું". ખરેખર, તે ચોંકીને મોટે સાદે બોલી, હું ખચીત કહુછું કે તે એક ખીદમતગાર નથી પણ ગરહસથ છે: તેનો ચેહેરો, તેની ધપ, તેની હીંમત, તેની ચાલાકી, તેનું બોલવું, તેનું ચાલવું, એ સઘલું બોલી રીતે બનાવી આપે છે કે, તે એક મોટો ગરહસથ છે. હા ! એમ ચા

હાજાદો સાસાન થાએતો કેવું સારૂં ! એ પરમાંણે મોટે સાદે તેણે પોતાનો ઉભરો કાહાડીઆ પછે, એકાએક વીચારમાં પડી ગઈ, અને તેણે કેટલી ઉતાવલથી અરનવાજ (બીજી રીતે બોલીએતો સાસાનનો ખીદમતગાર) ઉપર પીઆર બાંધી દીધો છે, તેને માટે પોતાનેજ મનથી પોતાને ઠપકો દેવા લાગી, પણ તે ઠપકો સેહેજવારમાં તેનામાંથી ઉડી ગએઓ, અને તેનું સઘલું ધક ધીઆંન અરનવાજમાં પાછું ભરાઈઉં. પોતે એક મોટી ઉમરાવજાદી હતી, અને સાસાન સરખો સાહાજાદો તેને માટે ફાંફાં મારતો હતો, તેમાં અને અરનવાજ, એક સાસાનનો ખીદમતગાર, તેમાં કેટલો ફેર છે, તે સઘલું તે ભુલી ગઈ, જુવાંન સ્ત્રીઓ, હરેક પુરૂષને મનમાં ઘણીબી ચાહાતી હોએ, પણ પોતાનો ટેક જાલવવાને, અને ઘણી મેહેનતે તેનાં હાથમાં આવીછે એવું બતાવવાને, તેને તે એકદમ તાબે થતી નથી, પણ ઘણોજ હુંફાવી પોતે ભારમાં રહે છે તે ભાર પણ વીસરી ગઈ, અને એકદમ અરનવાજ ઉપર પોતાનાં પીઆરનો પેગાંમ મોકલવાનો મનમાં ઠડાવ કીધો. તેણે પોતાને આંગલેની હીરાની વીટી, પોતાના ખરા પીઆરની નીશાની દાખલ તેના પર મોકલવાને કાહાડી, અને તે વાતથી તે વીટીનો લેઈ જનાર તેનો નોકર જાણીતો નહી થાએ, તેથી તે વીટી જાણે અરનવાજે પોતાના ધણી પાસેથી લાવેલી તીઆં વીસરી ગઈ હોએ, અને તે તેની ઉપર પાછી મોકલતી હોએ, તેમ પોતાના એક વીસવાસુ નોકરના હાથમાં આપી તેને અરનવાજની પુઠે મોકલીઓ. એ ઉપરથી જેહાનઆરાએ વીચાર કીધો કે, તે જુવાન ગરહસ સઘલી મતલબ સમજી જશે, અને હું તેને કેવી અને કેટલી ચાહુંછું તેનો એ ઉપરથી, અને તે સાથે છેલી વાત ચીતમાં જેવો મેં તેની સાથે દેખાવ કરીઓ છે તે ઉપરથી તે તરત પોતાની ખાતરી કરી લેશે; કેમકે તે ઘણો ચંચલ છે.

જેહાનઆરાના નોકરે તે વીટી જઈને અરનવાજના હાથમાં આપી, અને બોલીઓ "લેઓ સાહેબ, આ તમારા સાહેબની વીટી, જે તમો જેહાનઆરાના ઓરડામાં ભુલી આવીઆ હતા, તે તેઓએ તમારી ઉપર મોકલી છે." એ સાંભલી અરનવાજ પરથમમાંતો ગભરાટમાં પડી ગઈ અને બોલી, ભાઈ વીટી શું ને વાત શું; પણ તરતજ જેહાનઆરાએ જે ધપથી અને લાડથી તેની સાથ વાતચીત કીધી હતી, તે ઉપરથી તે વીટીની મતલબ સમજી ગઈ અને તે નોકરના હાથમાંથી લઈ તેને પાછો રવાને કીધો. એ પછે અરનવાજની ખાતરી થઈ કે જેહાનઆરા તેના ઉપર મોહીત થઈ પડી છે, તેથી મનમાં જરા હસવા અને ઘણીજ દલગીર થવા લાગી. તેને પેહેલાં જરા હસવું એટલા માટે આવીઉં કે, તે પોતેતો એક છોકરી હતી, અને દીલગીર એટલા માટે થઈ કે, તેના જેવી છોકરી ઉપર પીઆર બાંધી બીચારી જેહાનઆરા નકામી રાત દીન દુખી થશે. તે જેહાનઆરાની ઘણીજ દએઆ ખાઈ બોલી "અફશોશ, તે બીચારી એક સપના સરખી વસતુ ઉપર મોહીત પડી છે, જે તેને કદી મલનાર નથી. એ પરમાણે મેં મરદનો પોશાક લેવામાં એક ઘણુજ ઘાતકીપણું કીધું છે, કેમકે જેમ સાસાનના છુપા પીઆરમાં હું રાત દીવસ બલી, દુખી થઈ છુપાં દસકાં ભરૂંછું, તેમ તે બીચારી મારા પીઆરમાં પડી, રાત દાહાડો દુખી થઈ દસકાં ભરશે. ખરેખર જેમ માહારૂં દુખ નકામું જાએછે, તેમજ તેનું પણ જશે, અને જેમ મારી મતલબ પરમાણે મારૂં કશું બનવાનું નથી, તેમ તેની મતલબ પરમાણે તેનું કશું વલવાનું નથી: એટલે કે, જોકે તે પોતે સાસાનને ખરાં જીગરથી ચાહેછે પણ તે તેનો ભરથાર થનાર નથી, અને જેહાનઆરા તેને (અરનવાજને) ખરાં દીલથી ચાહેછે, પણ તે તેનો ભરથાર થઈ શકનારી નથી. એવા વીચારથી બીચારી અરનવાજ બેવડી દુખી થઈ, પણ તે શું કરે. તેમાં તેનો કશો ચારો ન હતો, અને તે વેલાએ તેનો ઉપાએ કરવાને મુદલ વખત ન હતો; તેથી તે અંતે નસીબને તાબે રહી, તેમાંથી શું પરીણામ નીપજે છે, તે ધીરજથી જોવાનો ઠડાવ કીધો.

## જીઓરજ બરૂસ—એક સેલર.

### નીઊજીલાંડના રાજાનો જમાઈ!

પાસીફીક મહાશાગરમાં, નીઊજીલાંડ નામનો એક મોટો બેટ છે, જીઆંનાં લોક સઘલા જંગલી છે, જેમાના ઘણાક માંણસ માંસહારી પણ છે. એ બેટનો એક ટીપાહી નામનો રાજા, થોડાંક વરસની વાત ઊપર, બરીટીશ અમલમાં પોરટ જેક્સન નામના કસબામાં આવીઓ હતો. કેટલોક વખત તીઆં રહેઆ બાદ, તે જંગલીઓનો રાજા પોતાને ઠેકાણે જવાને નીકલીઓ, જે વેલાએ તેની સાથે કેટલાક અંગરેજી અમલદારોને, તેના બચાવને માટે આપવામાં આવીઆ હતા. રસતામાં એ રાજા આજારી પડીઓ, જેથી જીઓરજ બરૂસ નામના એક સેલરને તેની આગલની આગલ રહી, તેની ચાકરી કરવાને, વડા અમલદારે રાખીઓ. જીઆવેર તે રાજા સાહાજો થએઓ તીઆંવેર જીઓરજે તેની એવીતો સરસ રીતે ચાકરી કરી કે, તેથી રાજા તેની ઊપર ઘણોજ ખુસી થઈ ગએઓ. જીઆરે ટીપાહી પોતાનાં દેશમાં પોંહોંચીઓ, તીઆરે જીઓરજ બુરૂસને પોતાની પાસે રાખવાને તેણે પોતાની મરજી જણાવી. બરૂસે તેની સાથે રેહેવાને ખુશીથી કબુલ કીધું, અને તેની મરજી જોઈ તેના કેપટને પણ કશો વાંધો લીધો નહીં, જેથી બરૂસ ટીપાહી રાજાની સાથે તીઆંજ રહેઓ.

બરૂસે, તીઆં રહેઆ પછે, કેટલાક મહીના તે આખો બેટ જોવામાં, તીઆના લોકોની બોલી અને

રીતભાત શીખવામાં, અને એવાંજ બીજામાં ગુજારી આ. એમાંથી તેને માલમ પડીઊં કે, નીઊજીલાંડનો બેટ ઘણાક દબદબા વાલા પાહાડો, ખીનો, અને સુંદર ઝાડ પાનો અને લીલોતરીથી ભરપુર છે. તીઆંનાં લોક, જોકે જાતે જંગલી છે, તોપણ તેઓ ઘણા ભલા અને પરમાણીક છે. એ પરમાંણે બરૂસના કેટલાક મહીના ગુજરવા બાદ, રાજાએ તેને તેનાં લશકરનો વડો સરદાર બનાવવાનો ચડાવ કીધો. પણ તેમ.કરવાની આગમચ એક જાતની કીરીઆ કરી તેની ચાંમડી ઊપર છુંદનાં પાડી કેટલીક ચોકસ જાતના ચીતારો પાડવાની જરૂર પડી, કેમકે તે લોકની રીત પરમાંણે, એવા ચીતાર વગરનો માણસ કદી સરદાર થઈ શકે નહીં, અને તેને કોઈ સરદાર ગણે નહીં. તેટલા માટે પરથમ બરૂસનાં શરીર ઊપર તે ભએંકર કીરીઆ કરી, જે તેણે મોટી હીમતથી ખમી, પછે તેને રાજાએ લશકરનો વડો સરદાર બનાવીઓ, અને તેને સઘલા લડવઈઆઓએ કબુલ રાખી માન આપીઊં. જેવો તે સરદાર થએઓ કે, રાજાએ તેને, પોતાની એક પંદર વરસની જુવાન, અને તેમના દેસ પરમાંણે ઘણી ખુબસુરત છોકરી સાથ પરણાવી, પોતાનો જમાઈ કરી, પોતાનાં કુટુંબમાં લીધો. એ પરમાંણે લગન થએઆ પછે બરૂસ, તે રાજાનાં કુટુંબમાં, અને દરબારમાં સઊથી વડો અને મોટો અખતીઆરવાલો ગણાવા લાગો. તીઆરપછે થોહુક રહીને, ટીપાહી રાજાએ પોતાનો સઘલો અમલ બરૂસને હાથ સાંપીઓ, જેથી તે રાજા થઈને બેઠો તેની સ્રી દનપરદન તેની સુચના પરમાંણે શુધરતી ગઈ, અને એક સઊથી સરસ સ્રીની માફક તેને સઘલી પરકારનું સુખ આપવા લાગી. બુરૂસ પોતાને ઘણોજ સુખી અને ભાએગસાલી સમજવા લાગો, અને હવે એ દેશ, જે તેનું વતન થઈ પડીઊં હતું, તે છોડી કોઈ દાહાડે પણ ઈઊરોપ જવાનો વીચાર તદન છોડી દીધો. એક સારી સ્રીથી તેણીનો ભરથાર પોતાને કેવો સુખી સમજે છે, તેનો આ એક ઘણો સરસ દાખલો છે. બરૂસને નીઊજીલાંડનું રાજ કાંઈ મોટું સુખ આપનારૂં ન હતું, કેમકે તેવા જંગલી દેશનું રાજ કંઈ ઈંગલંડ અને ફરાનસના સરખું નથી; તીઆં મોટા મોટા મેહેલો નથી, મોટાં ખાનાંઓ થતાં નથી, અને મોટી મોટી પાદશાહી રચણાઓ નથી. એક જુહુંપડું તે રાજાનો મેહેલ, અને દીલપર રંગીન પટા અને છાતી પર કાચના દાણાના હારડા, અને એકાદું કમરે કપડું એ તીઆંનો પાદશાહી દબદબો હોએ છે. બરૂસને જે મોટું સુખ મલીઊં હતું, તે તેની સારી અને સમજુ સ્રીથી. જોકે તે એક જંગલીની છોકરી હતી, અને પોતે પણ જંગલી હતી, તોપણ તે તીઆંની સ્રીઓમાં ખુબશુરત ગણાતી હતી, અને તે ખરેખર ખુબશુરતજ હતી. ખુબસુરતી કંઈ ફકત ગોરાપણામાંજ નથી હોતી, પણ કાલી હબશણમાંબી ખુબસુરતી હોએ છે, જે પીછાનનારાજ પીછાની લેછે. તે સાથે તે સાહાજાદી જંગલી અને ઘણુ સમજનારી ન હતી, તોપણ તે જાતે ડાહી, સમજુ, ધીરા સવભાવની, અને પોતાના ધણીના. હોકમ પરમાંણે ચાલનારી હતી. એટલા ગુણોને માટે તેનો બરથાર બરૂસ, પોતાને સુખી સમજે એમાં કશી નવાઈ નહી.


બુરૂસની એવી એવી હાલતની, અને તેની એ બેટ ઊપર એવી સતાની ખબર જીઆરે બીજાં દેશોમાં ફેલાઈ, તીઆરે ઘણાક અંગરેજી અથવા ઈઊરોપીઅન વાહાણ વાલાઓ, તીઆં ખોરાક, પાણી વગેરે અગતની વસતુઓને માટે આવી બંદર કરવા લાગા; જેમને બરૂસ ઘણી સારી મદદ કરતો હતો. એ પરમાણે, એક દાહાડે જેનરેલ વેલેસલી નામનું એક વાહાણ તીઆં આવીઊં, અને લંગર કરીને પડી[illegible]. તેનો કેપટન, જેનું નામ ડેલરીમપલ હતું, તે બરૂસ[illegible]સે આવીઓ, અને તેની પાસેથી તે દેશમાં થતી, [illegible]જા દેશોને ઊપીઓગી વસતુઓ માંગી. બરૂસે જાતે તે કામમાં ઘણીક મદદ કરી, અને તે કેપટનને કેટલોક[illegible]ટાં લાકડાં વગેરેનો માલ ભરીઓ. પછે તે કેપટને એક દાહાડે બરૂસને એવું જણાવીઊં કે, અહીંથી સોએક માઈલને અંતરે કેપ નોરથ નામની જગાએ સુનાની રેતી પુશકલ મલી આવે છે, એવું મારા સાંભલવામાં આવીઊં છે, માટે જો તે તેની સાથે આવેતો તે તે તરફ જાએ. બરૂસે એ વાતની પેહેલાંતો મોટી આનાકાની કીધી પણ કેપટન ડેલરીમપલે તેને ઘણુ સમજાવવાથી આખરે તેણે કબુલ કીધું, પણ એવી બોલીથી કે કેપટને તેને પાછો અહીં ઊતારીઆ વીના બીજે કેથે જવું નહી. કેપટન ડેલરીમપલે તે વીશેની ખાતરી ભરેલી કબુલાત આપી, જેથી બરૂસ પોતાની સ્રીને સાથે લઈ, તે વાહાણમાં બેઠો. વાહાણ પર બેઠા પ

છે પણ બરૂસે કેપટન ડેલરીમપલને જણાવીઊં કે, જો તે તેની કબુલાત પરમાણે તેને અને તેની સ્ત્રીને પાછાં અહીં પુગાડવામાં કશુર કરશે તો તે પોતે (કેપટન) મોટી આપદામાં આવી પડશે, કેમકે તેની સ્ત્રી રાજાની છોકરી છે. એ સઘલી વખતે કેપટને તેને મોટી ખાતરી આપી કે તે તેને સલાંમત અહીં ઊતારીઆ વીના કદી રેહેશે નહી.

કેટલેક દીવસે કેપ નારથમાં આવી પોંહાંચીઆ, અને કેટલાક દીવસવેર શોધ કરી પણ શુનાની રેતી કેથી મલી નહી. આખરે તેઓ નાસીપાસ થએઆ અને વાહાણમાં બેસી તેને નીઊજીલાંડ તરફ પાછું હંકારીઊં, પણ તેઓ તે બેટથી થોડાક દુર રહેઆ તેવામાં એક તોફાન એવું ઊઠીઊં કે, તે વાહાણ તે બેટથી કેટલાક દાહાડાના રસતા ઊપર આડું નીકલી ગઈઊં. તરીજે દાહાડે તોફાન નરમ પડીઊં, પણ હવે પેલા બે વચની કેપટને વાહાણને નીઊજીલાંડ તરફ પાછું ફેરવવાને સાફ ના પાડી, અને પાધરો હીંદુસથાન આવવાનો રસતો લીધો. વચમાં ફીજી નાંમનો બેટ આવીઓ તીઆં પેલા કેપટને બરૂસને ઊતરી જવાને જણાવીઊં, પણ તીઆંના લોકો ઘણાજ જંગલી અને ઘાતકી હોવાથી તેણે તીઆં ઊતરવાને ના પાડીઊં. કેપટન આગલ ચાલીઓ અને મલાકાતું બંદર કરીઊં. અહીઆં કેપટન વાહાણ પરથી ઊતરી કીનારે ગામમાં ગએઓ તેની પાછલ ઊતરીને બરૂસ પણ ગએઓ કે તીઆંની સરકારને પોતાની ફરીઆદ કહે, પણ તરત તીઆના ગવરનર સાથ મુલાકાત ન થવાથી તે બીચારાને રાતોરાત ગામમાંજ રેહેવું પડીઊં, જે તકનો લાભ લઈને પેલા કેપટન બરૂસની સ્ત્રી જેને તે વાહાણ પરજ મેલી ગએઓ હતો, તેને લઈને પીનાંગ તરફ વાંહાંણ હંકારી ગએઓ. આ ખબર જીઆરે બરૂસને પડી તીઆરે તે બીચારો ઘણોજ દલગીર અને દુખી થએઓ, અને કેટલાંક અઠવાડીઆંવેર, મેહેનત કરીને, એક વાંહાંણમાં બેસીને તે પીનાંગ તરફ ગએઓ. તીઆં તેને ખબર પડી કે, તેની સીને તે કેપટને એક બીજા અમલદારને આપી દીધી છે. બરૂસે તરત પોતાની ફરીઆદ તીઆનાં ગવરનરને કરી, જેણે સઘલું સાંભલી બરૂસને પુછીઊં કે, તું તે માંણસોને શું સજા કરાવવા માંગે છે? બરૂસે એટલુંજ કહીઊં કે, મને કશી સજા તેમને કરાવવી નથી, મને માતરે મારી સ્ત્રીને અપાવો એટલે બસ. ગવરનરે તરત તેની સ્ત્રીને તેનાં સવાધીનમાં આપી. જેથી તે બંને જન ઘણાજ ખુશી થએઆં. પછે તીઆંથીજ, તે ગવરનરની મેહેરબાંનીથી, તેને એક વાંહાંણમાં બંગાલ ખાતે મોકલવામાં આવીઓ, જીઆંથી તે એક બીજા વાંહાંણમાં બેસી, પોતાની સ્ત્રી સહીત, પાછો નીઊજીલાંડમાં પોંહાંચીઓ.

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૩૫ મો.



પીઆરાં બેન,

ગએઆં પત્રમાં મેં તમુને નીઊઈઆરક શેહેરનું ટુંક વરણન લખી જણાવીઊં હતું, જે વાંચી, હું ધારૂંછું કે, તમે ખુશી થએઆં હશો. હું એ શેહેર છોડી આગલ જનાર હતો, પણ કાંઈક સબબથી હાલમાં તેમ કરવાને ન બની શકવાથી અહીંજ રેહેવું પડીઊં છે. તેમજ હવે પછે આગલ કીઆં જવું તેનો ચોકસ ઠરાવ પણ કરીઓ નથી, તેથી તેમ થાએ તીઆંવેર તમોને ખોટી રાખી, મારાં પતરની રાહા જોવાડવાને દરૂસત ન દીસવાથી, અહીઆં મને એક અમેરીકન ગરહસથ સાથે મીતરાઈ પડી છે, અને જે એ દેશમાં ઘણો ફરેલો છે, તેણે દકશણ અમેરીકા બાબેની કેટલીક વાત મારી આગલ કરી છે, તે હું તમોને લખી જણાઊછું. તેણે મારી આગલ નીચે પરમાણે વાત કરી છે—

"એક વેલાએ હું વેસટ ઈનડીસ તરફ જવાને નીકલીઓ, જીઆં જતાં વચમાં ચારલસટન નામના એક કસબામાં ઊતરીઓ. એ કસબો, અમેરીકાનાં

જોડાએલાં સંસથાનો મધેનાં એક દકશણ કેરોલીના નામના સંસથાનમાં આવેલો છે. વેસટ ઈનડીસ, એ ઊતર અને દકશણ અમેરીકાની વચે ટાપુઓનો એક મોટો ઝુમખો છે. એ કસબામાં અમેરીકનો કરતાં સીધી ગુલામો ઘણા દીઠામાં આવે છે, જે જોતાં લગાર અચરતી ઊતપન થાએ છે. એ સઘલાં સીધીઓ ગુલામ દાખલ રહેલા હોએ છે, અને તેઓ રાત દાહાડો પોતાના ધણીનુ કામ કરે છે. ગુલામો વેચવાનાં અહીં મોટાં બજાર છે, જેમાં જેમ તમે તમારી તરફના બજારમાં મરઘાં ને બતકાં ઢગલાબંધ વેચતાં જોવ છે, તેમ અહીઆં માણસો—સ્ત્રી, પુરૂષ અને બચાંઓ વેચાએ છે. જે ગુલામો, સારાં ભાએગે સારા સવભાવના અને માએઆલુ ધણીના હાથમાં પડેલા હોએ છે, તેઓ લગાર શુખી, અને તેમની હાલત સારી છે, પણ જે બીચારા ઘાતકી ધણીઓને હાથ પડેલા હોએ છે તેઓ સદા દુખી અને કંગાલ હાલતમા હોએ છે.

"એ કસબામાં એક મહીનો રેહવા બાદ હું કીઊબા નામનો બેટ, જે વેસટ ઈનડીસનાં ટાપુઓમાં સઊથી મોટો છે, તીઆં આવી પોહોંચીઓ. એ વેસટ ઈનડીસનાં બેટો મધે શેરડીનો મોટો પાક થાએ છે, જેમાંથી તેઓ ખાંડ અને શાકર બનાવે છે. એ કામ ઊપર તીઆં પુષ્કલ ગોલામો કામે લાગેલા હોએ છે. એ ગુલામો જીઆરે ખુશીમાં હોએ છે, તીઆરે ખાઈ પી



ને નાચે છે." તેમનો નાચ કેવો હશે તે જોવાનું તમોને મન થસે માટે તે મારા મીતર, તીઆંથી ઘણાક ચીત્ર ઊતારી લાવીઓ છે, તેમાંથી તેનું એક લઈને તમારી ઊપર મોકલુછું. પછે તે આગલ બોલીઓ, "એક દાહાડે હું એ બેટનાં કીનારા ઊપર મારા એક મીતરની સાથે ફરતો હતો, તેવામાં એક સપેનીશ સોલજરે આવીને હમોને કેટલુંક અપમાન કીધું. તેનાં હમો અખાડા કરી ગએઆ, પણ તેથી તે વધારે છગી જઈ હમારી ઊપર હાથ ઊચકવા માંડીઓ, જેથી હમોને હમારો બચાવ કરવાની ફરજ પડી. પણ તેમ કરતાં તે સોલજરને કાંઈ એવે ઠેકાણે લાગું કે, જેથી તે થોડા વખતમાં મરણ પાંમીઓ. એ ઊપરથી હમોને પકડીને કેદ કીધા, અને કોરટમાં સપાસી, ગુનેગાર ઠેરવી, બે વરસની ટેપ મારી પીરૂ દેશમાં, તીઆંની સુનાં તથા રૂપાંની ખાનમાં મજુરી કરવાને મોકલી દીધા. એ પીરૂ દેશ દકશણ અમેરીકાનાં પસચીમ કાંઠા ઊપર આવેલું છે. અહીઆં હમોને એક વાંહાણમાં બેસાડીને લાવીઆ, અને એક ઘણીજ ઊંડી રૂપાંની ખાનમાં મજુરી કરવાને મેલીઆ. તીઆં હમારી ઊપર ભારે દુખ અને જુલમ ગુજરીઓ.

અંતે ઈશવર કરૂપાથી હમો તે બંધીખાનામાંથી છુટીઆ, અને પીરૂથી બરેઝીલ દેશમાં જવા નીકલીઆ. એ દેશ પીરૂથી ઊતરે પુરવ પસચીમ આડો આવેલો છે. એ દેશ તરફ જતાં, પીરૂથી કેટલાક માઈલ આવીઆ પછે, ઊંડાં જંગલમાં, એ દેશનાં અસલ વતની ઈનડીઅનો કેથે કેથે હમારી નજરે પડતા. (એ ઈનડીઅનોનું એક ચીત્ર તેણે મને આપીઊં છે,



જે મેં તમારી ઊપર મોકલીઊં છે.) એ ઈનડીઅનોને જોઈ હમોને ઘણી બીહીક લાગતી કે રખેને તેઓ હમોને જોએ, અને મારી નાખે; કેમકે તેઓ ગોરા લોકો ઊપર ઘણું વેર રાખે છે.

જેમ જેમ હમો આગલ રાહા મોપતા ગએઆ, તેમ તેમ મોટા બીઆબાન જંગલો અને રાંનો આવતાં ગએઆં; તેમાં એ લતા તરફ જે એનડીસ પરવતની હાર લાગેલી છે, તેનો દેખાવ ખરેજ દબદબા ભરેલો અને ભએંકર છે. એ પરવતો ઘણા ઊંચા છે, અને તેમનાં મથાલાં ઊપર સદા બરફ પડીઊં રહે છે. એ પાહાડોની જે સઊથી ઊંચી ટોચ છે, તેને

"ચીમબરાઝો" કરીને કહે છે. એ ટોચ, જમીનની સપાટીથી ૪ માઈલ ઊંચી છે, જેથી તે આખી દુની આનાં પાહાડોથી, હીમાલાચોઆ સીવાએ, સઊથી ઊંચી ગણાએ છે. એમાં કેટલાક બલતા પાહાડો પ ણ છે, જેમનાં મોઢામાંથી સદા બલતાં, ધુમાડા અને ઊની રાખ તથા પથરો નીકલે છે. એ જંગલમાં પણ કૈંઉ કૈંઉ ઈનડીઅનોની વસતી જણાએ છે જેઓ પીરૂનાં ઈનડીઅન કરતાં લગાર જુદી ધપ છપનાં લા ગે છે (તેનું એક ચીત્ર, તેનીથી મને મલેલું તમારી



ઊપર મોકલુંછું.) એ દકસણ અમેરીકામાં એક જાતનાં મોટા અજદાહ થાએ છે, જે આખા ઘોડાને અને બલદ ને તો શું, પણ ઘોડો અને તેની ઊપરનાં સવાર શુ ધાંને કચડી નાખી ગલી જાએ છે. એ નાપાક જ નાવર રસતાની બાજુએ ગુછળું વલીને બેસી રહે છે, અને જેવું એકુ જનાવર કે માણસ નજર પડીઉં કે ઊછલીને તેનાં આંગે લપેટાઈ જાએ છે, અને પછે એવો જોર કરે છે કે, તેનાં હાડકાં પાસલાં સઘલું કચડી નાખી, એક પલવારમાં મારી નાખે છે. પછે તે ને ગલી જાએ છે.

એવાં ભયંકર જંગલમાં કેટલાક દાહાડાવેર મુ સાફરી કરતા હમો બરેઝીલમાં આવી પોહોંચીઆ. એ દે શમાંથી હીરા, પાંનાં, વગેરે કીમતી પથરા ઘણા મલે છે, અને તે આખી દુનીઆપર ઘણા વખણાએ છે. એ હી રા પાહાડોપરથી વરસાદનાં પાણી સાથે ધોવાઈને ની ચે આવે છે, અને પછે તે પાહાડોની ખીન માહેલી રેતીને ધોતાં તેમાંથી મલી આવે છે. એ કામ પાછ લ પણ તીઆં ઘણાક ગોલાઓને લગાડવામાં આવે લા છે. હમો અહીં થોડાજ દાહડા રહેઆ, કેમકે તીઆંથી નીઊઈઆરક આવતું એક વાહાણ મલી આ વીઉં; જેમાં હમો મોટી ખુશીથી બેસી ગએઆ, અને સલાંમત અહીં આવી પોહોંચીઆ." વાહાલાં બેન હાલ તરતતો આ પત્ર આટલાંમાંજ સમાપત કરૂં છું:

હું છઉં તમારો,

વાહાલો ભાઈ.

---

## સ્ત્રી દરપણ.

### શેરની મોહોકાંણ!

જાઈજી—અરે ફીટ, મરેરે, ધનમાએ, હવે શું કરૂં? મરેરે મને કાંહા ધરાએ ઘેરી કે એવા ખારામાં હું પરી; હવે કાંહાં જાઉં ને શું કરૂં (ડુસકે રડી પડે છે.)

ધનમાએ—કાંએ માએ કાંએ જાઈ શું છે, શાનું રરેચ? બોલતો ખરી.

જા૦—ઓ ધનમાએ, હવે શું કરૂં?

ધ૦—પણ શું દીકરી શું બોલતો ખરી, તું મને હેતો હું તેનો ઉપાએ કેહુ કેની.

જા૦—મરેરે, ધનમાએ તમે શું ઉપાએ કરશો, હવે શું કરૂં; મરેરે, મને શું ભોગ લાગા, મારી શું કમબખતી લાગી (માથું કુટીને) કે મને એવું સુઝુજ પડીઉં.

ધ૦—અરે ફીટ પણ અલાગણી અમથી મદઈ રરેચ કાંએ, શું છે, બોલની?

જા૦—ધનમાએ શું બોલું, મને કંઈ થઈ આવેચ; એ શેરનાં કાહારતા મરેરે રે, મુઆઓએ મને મારી ના ખી, હવે શું કરૂં?

ધ૦—અરે તારૂં ભલું થાએરે તારૂં (હાથશે હાથ ઠોકીને) જાઈ, એ તેં શું કામ કીધું? મરેરે તુને કાહાંથી એ અવર શુઝુજ પડી, એ એમ શું કીધું!

જા૦—ઓ ધનમાએ, મને કંઈ દાહારાએ ઘેરીરે, મ ને કંઈ શુઝુજ નહીં પડીઉં. મુઆઓ તે કેહે કે ઘેર બેંઠાં, વગર મેહેનતે એકનાં દસ થઈ ઘેરમાં ચાલી આવ શે! તમે મરેરે ઠાગાનાં કરતા, તમે ઠાગાને મોહોતેજ મર જો. માએ કંઈક પેટ ભરીઓબી ઠાગો રમી; ઠાગો રમીરે માએ ઠાગો રમી, કેહે કે આજતાં વખતમાં હજાર કાહાર શું તો લાખ કમાશું! તમારા દીકરાં મરેરે પેટ ભરીઓ તાં, જો તે મુઆની શુઝુજે હું નહીં ચાલી હોતતો આજે બેવરા, ચોવરા મારામા નહી આવી પડતે: ધનમાએ. શું કરૂં, મારૂંતો ખાસરાં ખાતા ખાતાં માથું ઘરાઈ જશે: મને પુછશે તાહારે શું જવાબ દેશ! આજેતો મેરવાનજી બધી જનસ મારી પાસેથી લેવાના છે અને મારી પાસેથી વાલ ની વીટલીબી રહી નથી. અરે ફીટ, એ શું થઈઉં, હવે શું કરશ! મરેરે એવું થાએચ કે જાણે ઝેરનો ફાકો ભરી ને શુઈ રેહું, એ શું થઈઉં.

ધ૦—તારૂં ભલું થાએરે તારૂં. શું બધી જનસ વે ચી નાંખી કે?

જા૦—નહીં માએ બધી પેલા રસંતમદારૂને તાંહાં (દર મહીને દર રૂપીએ રૂપીએ બે દોહોરીએ વેઆજે ધરણે મે

લેલી છે. મારીતો બરી ગેઈ પણ સાથે મારી પીલીની જ નસખી બધી મેલી દીધીચ; તેનું શું કરશ.

ધ૦—તારૂં અતેઆપત થાએરે તારૂં; જાઈ, આતે શું કીધું, આતે બધું શું હોહોવી મુકીઉં ! મુરેરે તું ટપલા ખાતી થઈ તો થઈ પણ સાથે શુનાં જેવી છોકરીને પણ તેવી કીધી. અરે ફીટ, તેનો વર ને સસરો જાણશેતો કોણ જાણે શું કરશે ! વલી તેતો એવા છે, કે બારણે આવીને ફજેતી કરશે. મરેરે જાઈ, તું કોઈને પુછતો ખરી, કોઈને પરછતો ખરી, આ એખલી એખલીએ તે શું હોહોંવી મેલીઉં, હવે શું કરશે ? અરે ફીટ.

જા૦—ધનમાએ હવે શું કરૂં. ? મેંતો સાથે પીલીની ને મારી સારીઓબી મુકેલી છે; હવે કેમ કરૂં; મનેતો કંઈ ઉપાએ બતાવો નહીતો હુંતો ઝેરનો ફાંકો ભરીને મરી જાવશ.

ધ૦—અરે તારૂં ઉજર વરેરે તારૂં; આ બઈરીએ જો કાંમ કરી મેલીઉંચ તે પણ અભાગણી સાથે સુનાં જેવી પોરીનાં ધાનમાં કાંએ ધુર નાખવાનું કીધું.

ખરશેદજી—(બાહારથી આવતાંજ) શું છે માએ, જાઈજી રરેમ કાંએ ?

ધ૦—જાઈજી મુઈ દીકરા, જાઈજી કુવામાં પરીતો પરી પણ સાથે શુનાં જેવી છોકરીને પણ નાખી.

ખ૦—શું છે શું પણ માએ, બોલોની.

ધ૦—અરે દીકરા, એવણે કેથી પોતાની અને એવણુની પીરોજબાઈની જનસ, કપરાં બધું વેઆજે મેલીને કેથા શેર લીધા દેખું. શેર મરેરે.

ખ૦—જાઈજી તમે શેર લીધાચ ? અરે તમારૂં ભલું થાએરે તમારૂં; તમુને એ શું શુહુજ પરીઉંતું ? હમે જેવા ફશીઆતો ફશીઆ પણ તમે લોકબી બાકી નહી રહેઆં ! અરે ખોદાએ એ શું જુલમ થએઓ. કીઆ શેર તમારી પાસે છે ?

જા૦—કીઆ શુંબા ? શેર.

ખ૦—અહા, શેર તે કીઆ પણ; કોણના ?

જા૦—કોણના બા, શેર તો માહારા !

ખ૦—(જરા હશાઈ જઈને) તમારા તેતો ખરી વાત, પણ કહી બેંકના ?

જા૦—બેંક નહી રે બા, એતો શેર છે.

ખ૦—તમારૂં ભલું થાએ, તમે કંઈ સમજતાંબી નહી. શેર તો ખરા, પણ કહી બેંકના અથવા ફીનાનશીઅલના છે ?

જા૦—ફીનાશલ શું બા ? કઈ મને નહી સમજ પડતી. મેંતો કની બા, તે આએ મુઆઓએ ગામમાં શેર કારેઆચ કેની તે શેર લીધેલા છે.

ખ૦—ચ. તમે કંઈ સમજતાંજ નથી. તમે તે લીધા કોણ પાસથી ?

જા૦—આપતો મરેરે, ને આપતાના દીકરા દીકરી મરેરે. મુએ તારે તો કેહે કે, જો જાઈજી પેરા દારામાં, તમે કેવા એકના ચોંગણા કરોચ. તું મરેરે ચોગણાનો કરાવતો. જેવો તું મારી શાથે ઠાગો રમીઓચ કેની, તેવો જમ તારી સાથે રમે.

ખ૦—પણ તે કોણ, તેનું નામ દેશો ?

જા૦—અરે બા મારા ઘેરમાં પેલી પેટબરી જીવણાઈ આવેચકેની, તેના મુઆ વરે અપાવીઆ. તે કેહેચ કે મુઓ દલાલી કરેચ, તે આટલા હજાર કમાએઓ ને આટલા આજાર (!) કમાએઓ તે મુઆએ મને સમજાવી સમજાવીને કુવામાં ઉતારી. મરેરે, હુંતો નાજ કેહેતીતી જો, પણ કોણ જાણે કાંહાં ઘરાએ પેરી કે તે મુઆની સુહુજે આલી.

ખ૦—કેટલા શેર છે ?

જા૦—બલા જાણેકે કેટલા છે. બે લાંબખાં અને એક ટુકરૂં એવાં તન કાગલ તો છે, અને તેપર કંઈ મુઆ આએ છાંપેલું છે.

ખ૦—તમારૂં ભલું થાએ રે જાઈજી, તમે કંઈ સમજતાંજ નથી. તમે એ શું આટો બાફી મેલીઓ.

જા૦—હું શું જાણું બા, કે એમાંથી એમજ થવાનુ છે, ને મુંઆં બંધાં મારી સાથે ઠાગો રમેચ. મને ઘાએ પેરી તે કંઈ એવું સુહુજ પરીઉં. મરેરે જીવશે કુખવેઠી વેઠી પાંચશો રૂપડી એકઠી કીધી હતી તેબી જતી રહી.

ખ૦—તમે કેટલા રૂપીઆના લીધાચ ?

જા૦—અરે બા ચાર હજારની ધાર વારીચ. મુઓ મારી પાસે આવીને કંઈ તન ચાર વખતના રૂપીઆ લઈ ગએઓ. કેહું કે મુઆ ઢેરાજી હુમરાજી, આ તમે બધા રૂપીઆ લઈ જાઓચ, તે પાછા કાહારે ફરશે. તાહારે તો મુઆએ હઠેલીમા ચાન બતાવીને કહીઉં કે તમે જોવતો ખરાં, હમણા એના કેવા ભાવ ચહરે છે. ને મુઓ હવેતો કેહેકે, હું શું કરૂં તમારૂ નસીબ, આ હું ભીખારી હાલતમાં આવી ગીઓ તેનું શું કરૂં. મુઓ મને પરમ દાહારેતો તનાઈને કેહેકે, જાઓ ધોઈ પીઓ જોઈએતો, અહી આવીને શું માથુ ખાઓચ, મેં કંઈ તમારા ખાધાચ, બાધાચ ? મુઆએતો છેલે એવો જવાબ દીધો, હવે શું કરૂંબા ?

ખ૦—હા તેબી શું કરે; તે મરવા પરીઓ હોશે તેમાં તમારૂં શું કરે. પણ તમે એટલા બધા રૂપીઆ કાંહાંથી લાએઆ ?

જા૦—અરે બા મારી ને મારી પીલીની જનસ કપરાં બધું પેલા રસતમદારૂને તાંહાં વેઆજે મેલીને કહરાવીઆ કેહેવાત છે કે કાનમાંની કરી મેલે, તેમ છેલે કાનમાના ચોકરાં ને કરીબી મુકીને મુઆને રૂપીઆ આપેઆ. હું શું જાણુ કે એમાં એમ થવાનુ છે.

ખ૦—કેટલાક રૂપીઆ કહરાવીઆચ ?

જા૦—અરે બા તેબી મુઆએ બધો મલીને પાંચ હજારનો અવેજ રાખીઓ, અને જેમ તેમ સાહારાતન હજાર રૂપીઆ આપીઆ તેમાં પાંચશો તો મારા જેમ તેમ કરી કેટલાં વરસના એકડા કીધેલા હતા તે મલી ચાર હજાર રૂપીઆને પેર ગેઈચ બા, હવે શું કરૂં તે સુહુજતું નહી.

ખ૦—અને વેઆજ શું આપવા કહીઉંચ ?

જા૦—બા, રૂપીએ બે દોહોંરીઆં.

ખ૦—અરરરરરરર ! એ શું કરી મેલીઉંચ ! તાહારે મહીને દાહાડે એકસોને દશ રૂપીઆતો તમારે માથે વેઆજ ચહરેચ ! તમારૂં ભલું થાએરે તમારૂં. તમે બધી જનસ ને કપડાં વેઆજે મેલીઆં, તેને બદલે તમારા પે

ર કાંએ નહી વેઆને મુકીઆ ? તેને ઘરમાં દાખી શું કરવા રાખીઆ.

જા૦—તે બા એ કાગલનાં ચીથરાંનેબી કોઇ વેઆને રાખેકે ! મુએ એને કોણ વેઆને રાખે.

ખ૦—તમારૂં ભલું થાએ તમારૂં, તમેતો કંઇજ સમજતાં નહી દેખું, ને આટલું બધું હોહોવી કેમ મેલીઉં. ભલાં માંણસ જરા કોઇને કેહોતો ખરાં; કોઇને જરા પુછો તો ખરાં. તમે કેહોય કે પાંચ હજારનાં જનસ ને કપડાં મેલી તેનાં ઉપર સાહાડા તરણ હજાર લીધાય, તાહારે મહીને દાહારે તમારી પર લગભગ સવાસો રૂપીઆ વેઆજ આલે, તેમાંતો તે થોડા મહીનામાં બધું ખાઇ જશે; અરરર !

જા૦—અરે બા મુઓ ખાઇતો હમણાથીજ નવા માંગેથ. પરમ દાહારે એક પરભુ પાસે મારીપર કાગલ મોકલીઉંચ, તેમાં તે કેહેચ કે મારા રૂપીઆ, વીઆજ શુધાં ભરાને તમારી જનસ તથા કપડાં લઇ જાઓ, નહીતો થોરા દાહારામાં તે બધાં વેચી નાખશ. એમ મુઓ તેબી જુલમ કરવા નીકલીઓચ પણ જોઉંતો ખરી, મુઆની તાગાત શું કે એક વાલની વીટલીબી વેચે. મેં સાફ કેહેવારીઉંચ કે ખબરદાર મારી જનસ કપડાંને હાથ નહી લગાડે. મુઓ વરી ધુરપર તે અંગરેજીમાં લખી મુઓચ ! તે તમારા કાવસજી પાસેજ વંચાવીઉં. જીભરૂં તે કેહેકે, જાઇજી એતો તમારીપર નોટીસ કીધેલી છે. મેં કહીઉં કે બા નોટીસ હોએ કે કોટીસ હોએ, પણ ખબરદાર મારા જનસ કપરાંનું નામ નહી લે. મુઆ તારૂં ઘેર બાર છે તે વેચાએ, મારી જનસ પરથીતો ઓવારૂં.

ખ૦—જાઇજી ! જાઇજી ! (જરા હશીને) એ તમે શું બોલોચ, તમુને કોણ કમબખતે એવી બુધી આપી કે એવું કીધું ! ઓ તમારા વર આએઆ.

મેરવાંનજી—જાઇ, જલદી મારપર આવ; જલદી આલ.

જા૦—અરે ફીટ હવે શું કરૂં. કદાચ હમણાજ તે માંગશે તો કાંહાં મરસ ને શું કરશ.

મે૦—જાઇ, જલદી ચાલ; વેહેલી મારપર આવ.

જા૦—(આંખ સાફ કરી ગભરાએલે મોહે) કાંએ શું કેહોય, શું છે એટલું બધું ?

મે૦—એ બલી ગીઉં બધું; લાવ બધી જનસ કાંહાં છે ?

જા૦—કાંએ, કાંએ, જનસને શું કરોય ?

મે૦—લાવ હવે હમણાં, પુછનાં; હમણાં પુછવાનો વખત નથી; હમણાંતો આબરૂ સંભાલવાનો વખત છે. અરે ખોદા તું મદદગાર થજે. ઓ સાહેબ, તું મારી શરમ રાખજે.

જા૦—તે તમે જનસ શું કરવા માંગોચ, હું મારી જનસંતો નહી આપવાની.

મે૦—તાહારે શું કરવાની, તેની ઉપર આગ લગારવાની, આ જીવ જાએચ તાહારે નહી આપવાની તાહારે કાહારે આપવાની. લાવ જલદી કબટની કુંચી લાવ.

જા૦—(રડી પડીને) ઓ ! મેરવાંનજી એમ શું બોલોચ; મદદનો જીવ જાએચ એટલે શું !

મે૦—અરે હમણાંને હમણાં પાંચ હજાર રૂપીઆ ભરવા જોઇએમ, વાસતે તારી અને પીલીની હાલતો બધી જનસ આપ, પછે થોડા દાહાડામાં હું તુંને પાછી લાવી આપશ; અગર નહીતો હમણાં પકડાઇને જેલમાં જવું પડશે, અને બધા દાહારાની આબરૂ ધુલ મલી જશે.

જા૦—(વલગી પડીને) ઓ મારા મેરવાંનજી ! તમે જેલમાં કાંહાં જાઓચ; ઓ માએ હવે શું કરૂં. અરે ફીટ આએ શું આફત.

મે૦—(હાથ ખીસાડીને) જાઇ, હમણાં તું ગરબરનાં કર, નહીતો બધું ધેર જોણશે. લાવ પેહેલે જનસ લાવ, નહીતો હમણાં ફજેતી થશે.

જા૦—(રડી પડીને) ઓ માએ હવે શું કરૂં ! મેરવાંનજી, મને કેહોની હવે શું કરૂં. મને ધરોરે મને ફેર આવેચ, (પડી જાએ છે.)

મે૦—જાઇ, જાઇ, એમ શું કરેચ; ગભરાનાં, એતો જે નસીબમાં બનવાનું હશે તે બનશે ખોદા સારૂં કરશે, એમાં ગભરાવાનું કંઇ નથી. તું કાંએ એટલી બધી ગભરાએચ, હીમત રાખ. માએ પીરોજબાઇ (છાતીએ દાબીને) તું શું કરવા રરેચ ? તારી માએતો ઘેલી છે, તમુને રડવાનું ને ગભરાવાનું શું કારણ છે, તમે મારી કંઇ ફકર ના કરો. જે ગામનું થશે તે મારૂં થશે, કેમકે આજે બધાની હાલત તેહેવી છે. તું નાં રડ માએ.

પી૦—ઓ મારા બાવાજી.

મે૦—જાઇ

જા૦—(ધુજતી કોચપરથી ઉઠીને) મેરવાંનજી, મેરવાંનજી; હવે શું—(હોકું નાંખી દઇને.)

મે૦—શું, શું, પણ બોલની; તું એટલી કાંએ ગભરાએચ ? બલા લેતી એટલી જનસ જશેતો, આબરૂતો બનશે, તું મને જનસ આપની, પછી કંઇ બીહીવાનું નથી.

જા૦—(રડી પડીને) મેરવાંનજી શું કરૂં; જનશ કાંહાંથી આપું (ઝીણે સાદે.)

મે૦—શું, શું, જનસ કાંહાંથી આપું ? તારી જનસ છે કેની કાંહાં ગેઇ.

જા૦—(રડતી રડતી હાથ જોડીને) મેરવાંનજી, મેરવાંનજી, મને માફ કરોતો કેહું; હું શું કરૂં, મેંતો સારૂં જ ચાહીઉં, પણ આ કરમજ ફુટેલું તે સારૂં કાંહાંથી થાએ. હવે શું કરૂં.

મે૦—શું, શું, એ શું બોલેચ—શું માફ કરાવેચ, ને શું શારૂં ચાહીઉં; બોલની, બોલની, તારો ભરમ શું છે, કંઇ તેબી કારૂં ધોરૂં કીધુંચ કે સું ? અરે ખોદાએ, એ શું થાએચ. બોલની, મારી આગલ જે હોએ તે કેહી દેની.

જા૦—મેં જનસતો માહારી ને પીરોજબાઇની બધી ક્ષેઆજે મુકેલી છે.

મે૦—વેઆજે મુકેલી છે ! કાંએ, શાને વાસતે ?

જા૦—શેરનીજ મોહોકાણમાં, બીજા શામાં.

મે૦—અરે તારૂં નખોદ જાએરે તારૂં ! તેં શાના શેર લીધા; એ શું કીધું; તેં કીએ દાહારે શેર લીધા, કોણને પુછીને તેં લીધા ? એ શું કરી મેલીઉં ! બધી જનસ મેલીચ કે ?

જા૦—(માથું કુટીને) બધી મેલીચ. મારા કરમનાં ભોગ હોગે તે મેં બધી પાંતીએ પુરા કીધા.

મેં૦—અરે જાઈ, જાઈ, તું જરાતો મને પુછ; કંઈતો મને કેહે; આ તેં શું કરી મેલીઉં. અરે ખોદા, એ શું બરગસતે દાહારો બેહોય, કે બધી તરફથી માર ખાવો પરેચ. કંઈ કંઈ મેહેનતે મેલવેલું, અને શું શું કરીને જાલવી રાખેલું, તે બધું જતાં ઉપરથી જગનાં ચોર અને કરજદાર થવું પરેચ: અરે નસીબ (માથું કુટીને) ખેર, જેમ ખોદાની મરજી. જાઈ, આ વખતે તેં મંને ગરદન મારેઓ હું., આએ વખતે જનસો ઘેરમાં હતેતો કેવી કામ લાગતે, અને ધુલ નાખી બધું ખોહોતાં, આબરૂતો રેહેતે, પછે ખોદાએ હાથ પગ સલાંમત રાખતેતો મજુરી કરીને પેટ ભરતે. બધુંતો ગીઉં, પણ સાથે એટલુંબી ગીઉં, અને વલી પારકે હેકાંણેનુંબી ગીઉં, અને શુનાં જેવું એક પુરૂં બસું સદાનાં ટાંણા ટપલા ખાતું થઈઉં ! (આંખમાં આંસુ લાવીને) અફશોશ ! અફશોશ ! ઓ ખોદા, હવેતો મોહોત આપ, કે સઘલું ટંકાઈ જાએ. હવે જીવેલું શું કામનું; જીવણ ગાલો લીધો તો હવે જીવખી લે, તે-રાખીને શું કરેચ !

બેલીફ—(અનચીતો ઉપર આવીને) મેરવાનજી પેસતંનજી તમારૂં નામ ?

મેં૦—(ધાસતી ખાઈને) હા ભાઈ મારૂં નામ, કેમ શું કાંમ છે ? તમે કાંહાથી આએઆચ ?

બે૦—આ તમારી ઉપર, ધી "બોમબે લુચી ઠગારી એનડ જુગારી ફીનાનશીઅલ એસોસીએશનની (?) રૂ૧૦૦૦૦ ની ડીકરી હાઈ કોરટમાં પસાર થઈ હતી, તેનું આ તમોને પકડવાનું વારંટ કાહાડવામાં આવીઉં છે; માટે હમણા જોઈએતો રૂપીઆ આપો, અગર નહીતો હમણાં જેલમાં ચાલો (બાજુમાથી હાથ પકડે છે.)

મેં૦—(માથું કુટીને) હા ! આખર ફજેતી થઈ, આખર જેલમાં જવું પરેચ. અરે કસાઈઓ, મને જેલમાં મોકલવામાં તમારા હાથમાં શું આવવાનું. અરે જઓ એથી દશ ગણી મોટી રકમો માંગેચ તેઓ બીચારા હજુ કંઈ બોલીઆ નથી, અને તમારૂં કેમ નખોદ ગઈઉં, તમારૂં કેમ સતીઆનાશ ગઈઉં. ,કમબખતો, હુંતો આ જેલમાંજ જવસ, પણ તમારા કરતુકો એવાં છે કે તમે કાલાં પાંણી જશો. ખોદા તમારા પાપનો ઘડો થોડા વખતમાં ફોડશે, અને થોડા વખતમાં તમે મારા જેવાની દએઆ ખાવાને શીખશો (જાઈજી તરફ ફરીને) જાઈ, આ જો; આ સઘલાનું અરધું મુલ તું છે. જો તેં જનસોને હાય નહી લગાડીઓ હતેતો એ મુજી બચાઓનાં કપાલમાં હમણાં દસ હજાર ડાહામ રેતે, કેમકે પાંચ હજાર મેં એક હેકાંણેથી જેમ તેમ મેલવીઆ હતા, અને બાકીનો મને જનસપર ભરોંમો હતો. હવે આ જાઉંચ; પણ તું ગભરાતી ના; ખોદાનાં હોકમથી થોડા દાહાડામાં હું મારો છુટકારો કરથ; તું ઘેર સંભાલજે, અને પીરોજબાઈને દીલાશો દેજે, અને આ બે નાલાં બચાંની સંભાલ કરજે. એર આપણાં નસીબમાં એવુંજ લખેલું હશે, તેથી આજે આપણે બધી પાંતીએ દુખનાં દરીઆમાં બુડીઆં છઈએ. જોકે તેં ઘણુંજ અનઘટતું કામ કરીઉં છે, તોપણ મેં તારાથી કશું ઘટતું કરીઉં નથી, કે હું તુંને વધારે દોશ દેઉં. તારા કરતાં મને પોતાને વધારે ઠપકો ઘટે છે, કેમકે તેંતો વગર સમજાવે કીધું, પણ મેંતો સમજીને કીધું; એટલું હું જાણતો હતો કે, એમાં કંઈ શાર નથી, તોપણ મેં કીધું. તેથી તારા કરતાં હું વધારે લોભી થએઓ, અને તારા કરતાં, આપણી અને આપણા બચાંની ખરાબીનું મોટું મુલ હું થએઓ. જેટલો આપણે લોભ કીધો તેટલા આપણે ફસીઆંચ, પણ હવે ખોદા પાસ પસતાવો કરી માફ માંગીએ, કે તે હવે દએઆ કરે. તેની દએઆ વગર આજે બીજા કોઈની આસા રાખવી ફોકટછે * * * દેખાવ:—

એકગમથી જાઈજી મેરવાનજીની છાતી પર ડોકું નાખી રડે છે, બીજીગમ પીરોજબાઈ કંમરે વલગીને રડે છે, અને તરીજીગમ બે નાનાં છોકરાં ગુડણ પકડીને રડે છે. મેરવાંનજી ગમમાં ઘેલો થઈ થાંભલાની માફક ઉભો છે, અને તે સઘલું જોતાં બેલીફની આંખમાં પણ આંસુ આવે છે. અંતે જેમ તેમ સઘલા છુટાં પડી રડતાં ખુરશી અને કોચપર પડે છે, અને મેહેરવાંનજી, થોડા દાહાડામાં ઘેર આવવાનો ભરોસો દઈ બેલીફની સાથે જેલમાં જાએ છે !

## આઉદનો પદભરષટ રાજા.

પાસેનાં પાનાપર જે ચીત્ર આપવામાં આવેલું છે, તે આઊદના પદભરષટ રાજાનું છે. આઊદનો મુલક પુરવ હીંદુસથાનમાં, કલકતાની ઊતરે આવેલો છે. એ મુલકનો વીસતાર ૨૪૦૦૦ ચોરસ માઈલ છે, અને તે ઊપર ૫૦૦૦૦૦૦ માણસની વસતી છે એ મુલકને હીંદુસથાનના માજી ગવરનર જેનરલ લારડ ડેલહાઊસીએ ૧૮૫૬ નાં વરસમાં બરીટીશ સંતલત સાથે જોડી દીધો, તેની આગમચ તે ઊપર પાસેનાં ચીત્રમાં જણાવેલો રાજા રાજ કરતો હતો.

હીંદુસથાનમાં બરીટીશોનું રાજ થવાને કેટલાંક વરસ ગુજરવા બાદ, અઢારમી સદીની અધવચમાં, એ મુલકના એક સુબેદાર સુજાઊદ દઊલાએ બરીટીશો ઊપર ચઢાઈ કરી, બંગાલ ઊપર હુંમલો લઈ ગએઓ; પણ તેમાં તે બીજાઓની માફક મુદલ ફાવીઓ નહીં. અંતે તેમાંથી એવું પરીણામ નીપજીઊં કે, તે સુબેદારને બરીટીશોને તાબે થવું પડીઊં, અને કેટલીક બાબદમાં તેમના હાથ તલે રેહેવું પડીઊં. તોપણ દુશમનાઈનું ભડકું સલગેલુંજ ચાલતું રહીઊં, જે છેલે ૧૮૦૧ નાં વરસમાં કોલકરાર થએઆ, તીઆરે નરમ પડી ગઈઊં. તે કોલકરાર એવી પરકારના થએઆ હતા કે, આઊદના મુલકની પરજાને ફાએદો થાએ, એવી રીતે જો શુબેદાર રાજ ચલાવેતો, બ



આબુનો પરમાર રાજા.

મે૦—અરે જાઈ, જાઈ, તું જરાતો મને પુછ; કંઈતો મને કેહે, આ તેં શું કરી મેલીઉં. અરે ખોદા, એ શું બરગસતે દાહારો બેહોય, કે બધી તરફથી માર ખાવો પરેચ. કંઈ કંઈ મેહેનતે મેલવેલું, અને શું શું કરીને જાલવી રાખેલું, તે બધું જતાં ઉપરથી જગનાં ચોર અને કરજદાર થવું પરેચ; અરે નસીબ (માથું કુટીને) ખેર, જેમ ખોદાની મરજી. જાઈ, આ વખતે તેં મને ગરદન મારેઓ હું; આએ વખતે જનસો ઘેરમા હુતેતો કેવી કામ લાગતે, અને ધુલ નાખી બધું ખોહોતાં, આબરૂતો રેહેતે; પછે ખોદાએ હાથ પગ સલાંમત રાખતેતો મજુરો કરીને પેટ ભરતે. બધુંતો ગીઉં, પણ સાથે એટલુંબી ગીઉં, અને વલી પારકે ઠેકાંણેનુંબી ગીઉં, અને શુનાં જેવું એક પુરૂં બચું સદાનાં ટાંણા ટપલા ખાતું થઈઉં! (આંખમાં આંસુ લાવીને) અફશોશ! અફશોશ! ઓ ખોદા, હવેતો મોહોત આપ, કે સઘલું ટંકાઈ જાએ. હવે જીવેલું શું કામનું; જીવણુ ગાલો લીધો તો હવે જીવખી લે, તે રાખીને શું કરેચ!

બેલીફ—(અનચીતો ઉપર આવીને) મેરવાનજી પેસતંનજી તમારૂં નામ?

મે૦—(ધાસતી ખાઈને) હા ભાઈ મારૂં નામ, કેમ શું કાંમ છે? તમે કાંહાંથી આએઆય?

બે૦—આ તમારી ઉપર, ધી "બોમબે લુચી ઠગારી એનડ જુગારી ફીનાનશીઅલ એસોસીએશનની (!) રૂ૧૦૦૦૦ની ડીકરી હાઈ કોરટમાં પસાર થઈ હતી, તેનું આ તમોને પકડવાનું વારંટ કાહાડવામાં આવીઉં છે; માટે હમણા જોઈએતો રૂપીઆ આપો, અગર નહીતો હમણાં જેલમાં ચાલો (બાજુમાથી હાથ પકડે છે.)

મે૦—(માથું કુટીને) હા! આખર ફજેતી થઈ, આખર જેલમાં જવું પરેચ. અરે કસાઈઓ, મને જેલમાં મોકલવામાં તમારા હાથમાં શું આવવાનું. અરે જેઓ એથી દશ ગણી મોટી રકમો માંગેચ તેઓ બીચારા હજુ કંઈ બોલીઆ નથી, અને તમારૂં કેમ નખોદ ગઈઉં; તમારૂં કેમ સતીઆનાશ ગઈઉં. કમખખતો, હુંતો આ જેલમાંજ જવસ, પણ તમારા કરતુકો એવાં છે કે તમે કાલાં પાંણી જશો. ખોદા તમારા પાપનો ઘડો થોડા વખતમાં ફોડશે, અને થોડા વખતમાં તમે મારા જેવાની દએઆ ખાવાને શીખશો (જાઈજી તરફ ફરીને) જાઈ, આ જો; આ સઘલાનું અરધું મુલ તું છે. જો તેં જનસોને હાથ નહી લગાડીઓ હતેતો એ મજી બચાઓનાં ક્પા વગર સમજાવે કીધું, પણ મેંતો સમજીને કીધું; એટલું હું જાણતો હતો કે, એમાં કંઈ શાર નથી, તોપણ મેં કીધું. તેથી તારા કરતાં હું વધારે લોભી થએઓ, અને તારા કરતાં, આપણી અને આપણા બચાંની ખરાબીનું મોટું મુલ હું થએઓ. જેટલો આપણે લોભ કીધો તેટલા આપણે ફસીઆંચ, પણ હવે ખોદા પાસ પસતાવો કરી માફ માંગીએ, કે તે હવે દએઆ કરે. તેની દએઆ વગર આજે બીજા કોઈની આસા રાખવી ફોકટછે * * * દેખાવ:—

એકગમથી જાઈજી મેરવાંનજીની છાતી પર ડોકું નાખી રડે છે, બીજીગમ પીરોજબાઈ કંમરે વલગીને રડે છે, અને તરીજીગમ બે નાનાં છોકરાં ગુડણ પકડીને રડે છે. મેરવાનજી ગમમાં ઘેલો થઈ થાંભલાની માફક ઉભો છે, અને તે સઘલું જોતાં બેલીફની આખમાં પણ આંસુ આવે છે. અંતે જેમ તેમ સઘલા છુટાં પડી રડતાં ખુરશી અને કોચપર પડે છે, અને મેહેરવાંનજી, થોડા દાહાડામાં ઘેર આવવાનો ભરોસો દઈ બેલીફની સાથે જેલમાં જાએ છે!

## આઉદનો પદભરષ્ટ રાજા.

પાસેનાં પાનાપર જે ચીત્ર આપવામાં આવેલું છે, તે આઊદના પદભરષ્ટ રાજાનું છે. આઊદનો મુલક પુરવ હીંદુસથાનમાં, કલકતાની ઊતરે આવેલો છે. એ મુલકનો વીસતાર ૨૪૦૦૦ ચોરસ માઈલ છે, અને તે ઊપર ૫૦૦૦૦૦૦ માણસની વસતી છે એ મુલકને હીંદુસથાનના માજી ગવરનર જેનરલ લારડ ડેલહાઊસીએ ૧૮૫૬ નાં વરસમાં બરીટીશ સંતલ્તત સાથે જોડી દીધો, તેની આગમચ તે ઊપર પાસેનાં ચીત્રમાં જણાવેલો રાજા રાજ કરતો હતો.

હીંદુસથાનમાં બરીટીશોનું રાજ થવાને કેટલાંક વરસ ગુજરવા બાદ, અઢારમી સદીની અધવચમાં, એ મુલકના એક સુબેદાર સુજાઊદ દઊલાએ બરીટીશો ઊપર ચઢાઈ કરી, બંગાલ ઊપર હંમલો લઈ ગ.

રીટીશોએ તેને મદદ કરવી, અને તેનો હરેક હુમલામાંથી બચાવ કરવો. અતીઆર સુધી તે શુબેદારજ કેહેવાતો હતો, અને એ મુલકના આગલા બીજા રાજા પણ એજ અથવા નવાબને નામે ઓલખાતા હતા, પણ ૧૮૧૮ નાં વરસમાં તેણે પોતે પોતાની મેલે રાજાનો ખેતાબ ધારણ કીધો, જે કામ બરીટીશોને કશું વાંધા ભરેલું ન લાગવાથી, તેની વચે તેઓ કશું બોલીઆ નહીં.

એ પરમાંણેનો મામલો કેટલુંક વેર ચાલવા પછે. ૧૮૪૮ માં, લારડ હારડીનજની પછવાડે લારડ ડેલહાઊસી હીંદુસથાનનો ગવરનર જેનરલ થએઓ, જેણે આવતાં વાર, આગલ થએલા કોલકરારો પરમાણે જે જે રાજોને બરીટીશોથી મદદ અથવા આસરો મલતો હતો, તેમને એકદમ બરીટીશ રાજ સાથે જોડી દેવાનોજ ઠરાવ કીધો. તેના કારણમાં તેણે એવું જણાવીઊં કે, એવા રાજાઓને બરીટીશોની મદદ મલવાથી, તેમની કુમક પકડીને તેઓ પોતાની પરજા ઊપર ઘણોક જુલમ ગુજારેછે, અને જોઈએ તેવી રીતે રાજકારોબાર ચલાવતા નથી. તેટલા માટે તેણે વગર વારેસે મરણ પાંમતા રાજાની ગાદીઓ કોઈને ન આપતાં બરીટીશ સરકાર સાથ જોડી દેવા વગેરેના તરેહવાર હોકમ કાહાડીઆ, અને તે પરમાણે એક પછે એક પરાંતોને તે બરીટીશ રાજ સાથ જોડતો ગએઓ. જોકે લારડ ડેલહાઊસીની એવી રાજનીતી કોઈને પસંદ નહી હતી, અને તેને માટે ઈંગલંડની પારલામેંટમાં પણ શકત તકરારો ઊઠી હતી, પણ તે કસાંને પત ન કરતાં તે હાકેમ એક પછે એક સવતંતર રાજોને ઓહીઆં કરતો ગએઓ. તેણે થોડા વખતમાં પંજાબ, જાહાનસી, નાગપોર, બીરાર વગેરેના મોટાં અને સવતંત્ર મુલકો બરીટીશ રાજ સાથ જોડી દીધાં. અને છેલે [illegible]ના મુલકની વારો આવી.

[illegible] દેશમાં વશનારા કેટલાક ઝનુની મુસલમાનો [illegible]રીં ઊસકેરાઈ રહેલા હતા, તેઓએ એક [illegible] ના વરસમાં બલવો ઊઠાવીઓ, અને એ [illegible] હીંદુઓના હનુમાનનું અસલનું ઘણુંજ પુરાણું [illegible]ડેલું તેનો નાશ કરી નાખીઓ. એ બનાવ જો[illegible] તરફના સઘલા હીંદુઓ ઊઠીઆ અને પેલા ઝ[illegible] મુસલમાનોને મારમારી તથા કતલ ચલાવીને વી[illegible] નાખીઆ. મુસલમાનોને મારમારવાની ખબર આમાથીના એક અમીર અલી નામના મોલવીને પડવાથી તે ઝનુની મુસલમાનોની મોટી જમાબંધી કરીને આઊદ ઊપર ઊતરી પડીઓ. તેનો અટકાવ કરવાને આઊદના રાજાએ કરનલ બારલો નામનો જે અમલદાર તેની નોકરીમાં હતો, તેના સવાધીનમાં કેટલુક લશકર આંપી તે મોલવીની શામણે લડવાને મોકલીઓ. કરનલ બારલોની ફોજ સાથે બીજા ઘણાક હીંદુઓ મલી ગએઆ અને મુસલમાનો ઊપર એચોતો શકત હુમલો કીધો, કે તેમના હાથ પર મોલવી મારીઓ ગએઓ અને તેની સાથના સઘલા મુસલમાનો વીખરાઈ ગએઆ.

એ બનાવની ખબર જીઆરે લારડ ડેલહાઊસીને પડી, તીઆરે તે વાત તેને પસંદ આવી નહી અને તેનું બાંહાનું પકડી તે રાજને બરીટીશ રાજા સાથ જોડી દેવાનો ઠરાવ કરીઓ. તે ઠરાવ પરમાણે તેણે એક મોટા અમલદારના સવાધીનમાં એક ફોજને લખનો ખાતે મોકલી, જેઓએ તે શેહેરમાં પોહોંચતાંજ રાજાના મેહેલની આસપાસ ઘેરો નાખીઓ, અને તેને પોતાની ગાદી છોડવાને જણાવીઊં એ પરમાંણે કરવાને તેણે સાફ ના પાડી, પણ અંતે લારડ ડેલહાઊસીએ હોકમનામું કાહાડી, એ રાજાને તા૦ ૭ મી ફેબરવારી ૧૮૫૬ ને દીને પદભરષ્ટ કરીઓ, અને આઊદનું રાજ બરીટીશ સનતનત સાથ જોડી દીધું.

એ રાજની ગાદી પાછી મેલવવાને, એ પદભરષ્ટ રાજાની હીમતવાન માએ, છેક ઈંગલંડ શુધી ગઈ, પણ તે બીચારીનું કંઈ વલીઊં નહી. લારડ ડેલહાઊસીની આવી રાજનીતીથી હીંદુસથાનના ઘણાક રાજાઓ બરીટીશ સરકાર ઊપર નારાજી થઈ ગએઆ, અને આખરે, એ અને એવાં બીજાં કેટલાંક સબબોનાં બાંહાંનાં લઈ, ૧૮૫૭ માં તેઓએ મોટો બલવો ઊઠાવીઓ, જેમા સેંકડો અંગરેજો, તેમની નીરદોશ સ્ત્રીઓ અને બચાંઓ વહડાઈ ગએઆં. આખરે, ડેલહાઊસીની પછી થએલા માનવંતા ગવરનર જેનરલ લારડ કેનીંગે, પોતાની દએઆલુ 'ચાલ, અને બાહાદર તથા નેઆએ ભરેલી રાજનીતીથી તે ભઅંકર બલવો બેસાડી દીધો, અને પાછલથી, સઘલા દેશી રાજાઓને દતપુતર કરી લેવાનો હક આપીઓ, જેથી આજે બાકી રહેલા સઘલા દેશી રાજાઓ, બરીટીશો ઊપર ઘણા રાજી રહેઆ છે, અને નામદાર લારડ કે

નીંગની કીરતીનું ગાનું નીત ગાએ છે. એક ભલા હુકમથી, અને તેની ભલાઈ ભરેલી ચાલથી એક રાજને કેટલો ટેકો મલે છે, અને તે કેવા મુસ્તકીન પાએ આ ઊપર આવે છે, તે લારડ કેનીંગની કારકીરદી ઊપરથી સાફ માલમ પડી આવે છે. લારડ કેનીંગની રૂડી કારકીરદીએ, હીંદુસથાનમાં ભલાઈ અને મીતરાઈનાં એવાં બી રોપીઆં છે કે, હવે પછે ૧૮૫૭ ના સરખો બલવો હીંદુસથાનમાં ફરીને પોતાનું કાલું મોહું બતાવે એ વાત આજે સપના સરખી લાગે છે.

---

## જંગલી લોકોમાં બચ્ચાં ઉધારવાની રીત.

(સાધણ ગએઆ આકને પાને ૧૨૯ મેથી.)

હવે એ ભયંકર ફીજી લોકોને હાલ તરત અહીં જ મેલી આગલ ચાલીએ. એજ પેસીફીક મહાસાગરમાં સેમો નામનો એક બીજો બેટ છે, જીઆંની વલી બચ્ચાંઓને ઊધારવાની રીત તદન જુદીજછે. સેમોન સ્ત્રીને હમેલ રહેઆ પછે તે રાબેતા પરમાણે રાત દહાડો પોતાનું કામ કરી જાએ છે, પણ જેવી તેને જણવાની નીશાનીઓ થવા લાગી કે તે પોતાની જુહુપડીમાં એક બાજુ ઊપર સાદડી પાંથરીને તે ઊપર સુવે છે, અને તે જોઇ એટલે તેનો છુટવાનો વખત પાસે આવેલો જોઈ તેનો ભરથાર મોટા ગભરાટમાં પડે છે. તે પોતાની સ્ત્રીને સાદડી પર સુઈને કપટાતી જોઈ તેનો ખોદાએ, જે ઘરમાં એક જગાએ મટોડાંનો ઢગલો કરી રાખેલો હોએ છે, અને જેને એ લોકો "મોસો" કરીને કહે છે, તેની પાસે બેસી તેને કહે છે અથવા કાલાંવાલા કરે છે, "ઓ મોસો! મારી પર મેહેરબાન થા, અને મારા બચ્ચાંને સલાંમત બાહાર આવવા દે. તું હમારી પર દએઆ કર, અને હમારાં બચ્ચાંને જીવતું રેહવા દે; તેના બદલામાં તું જે માગશે તે હમે આપીશું." એમ કહી તેને એક સાદડી આપવાને, એક નાનો મછવો આપવાને, કે એવુંજ બીજું કાંઈ આપવાને માનતા લેછે!

આ ચોપાનીઆંની વાંચનાર બાંનુઓ, અહીંઆં જરા અચકવું જોઈએછે અને કાંઈ બીજો વીચાર કરવો ઘટે છે. અલબતે આટલુંતો તમો જાણશો કે એ ફીજીઅન તથા સેમોન લોક ઘણાંજ જંગલીછે અને તમેતો આજે સુધરેલીઓ કહેવાઓ છો, પણ તમારી રીત ભાતમાં અને તેમની રીત ભાતમાં કેટલો થોડો ફેર છે? જેમ ફીજીઅન લોકો છોકરીને લડાઇના કામથી નકામી સમજી જીવાડતા નથી, તેમ તમે તમારી છોકરીઓને દુનીઆંના કામથી નકામી સમજી કેલવણી આપતાં નથી. વલી જેમ સેમોન લોકો પોતાના મટોડાંના ખોદાએને સાદડી અને મછવા વગરેની માનતા કરેછે, તેમ તમે પણ દેવ દેહડાંની પથરની મુરતીઓ, સઈઅદ અને જીનની પથરની કબરો ઈતીઆદી વગેરેને મીઠાઈ, કપડાં, પકવાંન ઈતીઆદી વગેરેની નાની તથા મોટી માનતાઓ કરો છો. તીઆરે હવે અહીં જરા વીચાર કરો કે, તમે પોતે હજી કેટલાં જંગલીપણાની હાલતમાં દાહાડા કાહાડો છો.

જીઆરે તે પુરૂશનો ખોદાએ તેની ફરીઆદપર ખરેખર ધીઆન નથી આપતો, એટલે પેલી સ્ત્રીનો જલદી છુટકારો નહીં થતો, તીઆરે તે તેની સ્ત્રીનો ખોદાએ, જે ઘરની બીજી ગમ હોએ છે, તેની પાસે જઈને તેને કાલાવાલા કરે છે, અને કેટલીક માનતા માનેછે. એમ કરતાં જીઆરે કુદરતનો હોકમ થાએ છે તીઆરે તે સ્ત્રી છુટે છે, તીઆરે તે જંગલીઓ, તેમના પર તેમનાં મટોડાંનાં ખોદાએની મેહેરબાની થએલી સમજે છે, જેથી તરત પોતાના એક ધરમગુરૂને બોલાવે છે, અને જે જે વસતુઓ માનતામાં આપવા કહી હોએ, તે સઘલી તેને આપે છે, જે, અલબતે, પેલો મોસો ખોદાએને અનાંમત પોહાંચાડી આવે છે! (જેમ આપણી સ્ત્રીઓ માનતાની વસતુઓ બરાંમણોને આપે છે, અને તેઓ સઘલા દેવો તથા દેવીઓને બરાબર પોહાંચાડે છે તેમ!) જેવી સ્ત્રી છુટી કે, જુહુપડી માહેલી સઘલી ગડબડ નરમ પડી જાએ છે, અને એકવાર પાછું સઘલું ચુપ થઇ જાએ છે પેલી સ્ત્રી એક સાદડી ઊપર સુઈ રહે છે, અને માથા તલે એક પાટલો, તકીઆની જગાએ, મેલે છે. પછે જે સ્ત્રીને, જણતી સ્ત્રીની માહાવજત કરવાને બોલાવેલી હોએ છે, તે વેહલી વેહલી નાલીએર ગોડાંમાં ચાવી, તેને એક કપડાંનાં કકડામાં મુકી તેનું દુધ ગાલી કાહાડે છે, અને પેલાં બચ્ચાંને પાએ છે. (જેમ આપણ લોક ગોરવાણી પાએ છે તેમ) પણ જણતાં વાર બચ્ચાંને શું કરે છે, તેનો એહવાલ ખચીત વાંચનારને હગાર નવાઈ જેવો લાગશે. એ સેમોન લોકો, બચ્ચાં

નાં માથાંને કુદરતે જેવો ઘાટ આપીઓ હોએ તેવા ઊપર તેઓ સંતોષ પામીને બેસતા નથી, પણ તેને બદલી પોતાની મરજી અથવા રીત પરમાંણેનો કરે છે. તેમને જે માથાં, દાહાડીની થુંથડીથી તે ચાવણીઆં સુધી દબાએલાં, અને કપાલથી તે માથાંની ટાલકી સુધી ઢોલાવદાર હોએ, તે ઘણાજ ગમે છે, અને તેમાં મોટી શોભા સમજે છે. તેથી જેવું બચું પેટમાંથી બાહાર આવીઊં, કે તેને ચતું સુવાડે છે, અને તરણ પથરના સુમાડા કકડા, જે એ કામને માટે તઈઆર રાખેલા હોએ છે, તે લઈ, બે કકડા બે કાનની બાજુએથી મેલે છે, અને એક કપાલની ઊપરથી તાલવાંપર મેલે છે. અલબતે એ પથરા ઘણા વજનદાર નથી હોતા, તોપણ તેમનામાં એટલું વજન હોએ છે કે, જેથી તે બચાંનાં માથાંનાં તે તરફના ભાગ દબાઈને વધતાં અટકી જાએછે. એવી હાલતમાં તે બચાંને ઘણાક દાહાડા સુવાડી મેલે છે! એ વેલાએ તે બચાંનો દેખાવ ખરેજ નવાઈ જેવો અને ધાસતી ભરેલો લાગેછે: તેનું કાલું શરીર જમીનપર પડેલું અને બે નાના કાલા પગ એમથી તેમ ચવરતા નજર આવે છે પણ તેનું માથું જાણે પથરનાં ઢગલામાં છુંડાઈ ગએલું હોએ તેમ દેખાતુંજ નથી!

છોકરૂં જનમીઆ પછે, તેને ઊપલી હાલતમાં રાખી તરણ દાહાડા સુધી, માતરે, ઊપર લખીઆ પરમાંણે, નાલીએર ચાવી તેનું દુધ પાએ છે, પછે ચોથે દાહાડે એક ધરમગુરૂ સ્ત્રીને બોલાવે છે, જે આવી પેલી માએનું દુધ તપાસે છે. એક વાસણ લઈ તેમાં જરા પાંણી નાખે છે, અને તેમાં પેલી માએનું દુધ નમાવે છે; પછે બે પરથનાં કકડા ગરમ કરી તેમાં નાખે છે. એવામાં જો તે દુધ જરાબી બંધાએલું જણાઈઊં તો તરત તે સ્ત્રી કેહેશે કે, એ દુધ ઝેરી અને બચાંને નહી પાવા જોગછે. એ પરમાંણે તરણ ચાર દાહાડા વેર તપાસ કરીઆ પછે જીઆરે દુધ જરાએ બંધાએલું જણાતું નથી, તીઆરે પેલી પવીતર સ્ત્રી તે દુધ બચાંને પાવાને કહે છે. એમ કરતાં કેટલેક દાહાડે, જીઆરે તે બચાંનું માથું જેવું જોઈએ તેવું થાએ છે, તીઆરે તે બીચારાને તે પથરનાં ભાર તલેથી કાહાડી છુટું મેલે છે.

# આંખે પડતા ખોટા દેખાવ.

ઘણીખરી વાર, સ્ત્રીઓને, પુરૂષોને કે બચાંઓને માંદગીને વખતે કે, તેમાંથી મોકલાં થએઆં બાદ કે કાંઈ એવાજ બીજા વખતે આંખે ખોટા દેખાવો દેખાએ છેઃ એટલે વખતે તેમની આગલ કોઈ ન હોવા છતાં માણસો નજર પડે છે, વખતે સુંદર મકાન દેખાઈ આવે છે, અને એજ પરમાંણે કેટલીક વસતુઓ, જેઓ ખરેખર હસતીમાં ન હોવા છતાં તે તેમની આંખે આબેહુબ દેખાએ છે. કોઈવાર સારી વસતુઓ દેખાએ છે, અને કોઈવાર નરસી પણ દેખાએ છે. કોઈવાર કોઇ માણસ તેની પાસે મુંગો ઊભેલો જણાએ છે, અને કોઈવાર લાકડી લઈને મારવા આવતો, કે વીકરાલ સવરૂપ કરી બીહવાડવા આવતો જણાએ છે. અલબતે માણસને પોતાની રૂબરૂ આવો દેખાવ દેખાવાથી તેને તેને લગતું બોલવાની ફરજ પડે છે, અને તે બોલવું સાંભલી આસપાસનાં માંણસોને અચરતી તથા ભએ પેદા થાએ છે ઘણીવાર માણસ તથા બચાંઓ તાવના વખતમાં, તથા બચાંઓ સહીઅડનાં વખતમાં એવું ઘણું બોલે છે, તેમાં કોઈવાર તેની નજરે તેવા ખોટા દેખાવ આવીઆથી બોલે છે, અને કોઈવાર માતરે તેવો ખેઆલ મનમાં ઊતપન થવાથી પણ બોલે છે. એવી પરકારે બોલતાં અથવા બકતાં માણસ અથવા બચાંને માટે આપણા દેસની સ્ત્રીઓ અને ઘણાક પુરૂષો તરેહવાર વીચાર કરે છે, અને તેને ભુત, ડાકણ, જીન, ઇતીઆદી અપવીતર આતમાઓનો ચાલો, અથવા તેમનું તેનાં સરીરમાં પેવસ થવું સમજે છે. એ વીચાર કેટલો અને કેવો ભુલ ભરીઓ છે, તેતો ઘણીવાર લખાઈ ચુકું છે, માટે તે વીશે વધારે બોલવાનું મેલી દઈ, કાંઈ ઘટતી બાબદ ઊપર ધેઆન આપવું ઘટે છે.

એ ખોટા દેખાવો તરેહવાર જાતનાં દેખાએ છે, તેમાં કેટલાકતો ભારે અચરતી ઊપજાવનાર હોએ છે. આંખની આગલ કોઈવાર આતસનાં છટકલા ઊડતા દેખાએ છે, એને પણ ખોટા દેખાવમાં ગણવાં આવે છે. પણ એ સીવાએ બીજા ઘણા નવાઈ જેવા દાખલાઓ જણાએલા છે. ડાકટર ફેલકોનર એક ગરહસથ વીશે લખે છે કે, તેનાં મનની હાલત ફરવાનાં સબબથી તેની સપરશ ઇંદરીમાં એવો તો ફેર

નીંગની કીરતીનું ગાનું નીત ગાએ છે. એક ભલા હકમથી, અને તેની ભલાઈ ભરેલી ચાલથી એક રાજને કેટલો ટેકો મલે છે, અને તે કેવા ગુસતકીન પાએઆ ઊપર આવે છે, તે લારડ કેનીંગની કારકીરદી ઊપરથી સાફ માલમ પડી આવે છે. લારડ કેનીંગની રૂડી કારકીરદીએ, હીંદુસથાનમાં ભલાઈ અને મીતરાઈનાં એવાં બી રોપીઆં છે કે, હવે પછે ૧૮૫૭ ના સરખો બલવો હીંદુસથાનમાં ફરીને પોતાનું કાલું મોહું બતાવે એ વાત આજે સપના સરખી લાગે છે.

---

## જંગલી લોકોમાં બચ્ચાં ઉધારવાની રીત.

(આગલ ગએઆ આકને પાને ૧૨૪ મેથી)

હવે એ ભયંકર ફીજી લોકોને હાલ તરત અહીં જ મેલી આગલ ચાલીએ. એજ પેસીફીક મહાસાગરમાં સેમો નામનો એક બીજો બેટ છે, જીઆંની વલી બચાંઓને ઊધારવાની રીત તદન જુદીજછે. સેમોન સ્ત્રીને હમેલ રહેઆ પછે તે રાબેતા પરમાણે રાત દહાડો પોતાનું કામ કરી જાએછે, પણ જેવી તેને જણવાની નીશાનીઓ થવા લાગી કે તે પોતાની ઝુંપડીમાં એક બાજુ ઊપર સાદડી પાંથરીને તે ઊપર સુવે છે, અને તે જોઇ એટલે તેનો છુટવાનો વખત પાસે આવેલો જોઈ તેનો ભરથાર મોટા ગબરાટમાં પડે છે. તે પોતાની સ્ત્રીને સાદડી પર સુઈને કપટાતી જોઈ તેનો ખોદાએ, જે ઘરમાં એક જગાએ મરોડાંનો ઢગલો કરી રાખેલો હોએ છે, અને જેને એ લોકો "મોસો" કરીને કહે છે, તેની પાસે બેસી તેને કહે છે અથવા કાલાવાલા કરે છે, "ઓ મોસો! મારી પર મેહેરબાન થા, અને મારા બચાંને સલામત બાહાર આવવા દે. તું હમારી પર દએઆ કર, અને હમારાં બચાંને જીવતું રેહેવા દે; તેના બદલામાં તું જે માગશે તે હમે આપીશું." એમ કહી તેને એક સાદડી આપવાને, એક નાનો મછવા આપવાને, કે એવુંજ બીજું કાંઈ આપવાને માનતા લેછે!

આ ચોપાંનીઆંની વાંચનાર બાંનુઓ, અહીંઆં જરા અચકવું જોઈએછે અને કાંઈ બીજો વીચાર કરવો ઘટે છે. અલબતે આટલુંતો તમો જાણશો કે એ ફીજીઅન તથા સેમોન લોક ઘણાજ જંગલીછે અને તમેતો આજે સુધરેલીઓ કેહવાઓ છો, પણ તમારી રીત ભાતમાં અને તેમની રીત ભાતમાં કેટલો થોડો ફેર છે? જેમ ફીજીઅન લોકો છોકરીને લડાઇના કામથી નકામી સમજી જીવાડતા નથી, તેમ તમે તમારી છોકરીઓને દુનીઆંના કામથી નકામી સમજી કેલવણી આપતાં નથી. વલી જેમ સેમોન લોકો પોતાના મરોડાંના ખોદાએને સાદડી અને મછવા વગરેની માનતા કરેછે, તેમ તમે પણ દેવ દેહેડાંની પથરની મુરતીઓ, સઇએદ અને જીનની પથરની કબરો ઈતીઆદી વગેરેને મીઠાઈ, કપડાં, પકવાંન ઈતીઆદી વગેરેની નાની તથા મોટી માનતાઓ કરો છો. તીઆરે હવે અહીં જરા વીચાર કરો કે, તમે પોતે હજી કેટલાં જંગલીપણાની હાલતમાં દાહાડા કાહાડો છો.

જીઆરે તે પુરૂશનો ખોદાએ તેની ફરીઆદપર બરોબર ધીઆન નથી આપતો, એટલે પેલી સ્ત્રીનો જલદી છુટકારો નહીં થતો, તીઆરે તે તેની સ્ત્રીનો ખોદાએ, જે ઘરની બીજી ગમ હોએ છે, તેની પાસે જઈને તેને કાલાવાલા કરે છે, અને કેટલીક માનતા માનેછે. એમ કરતાં જીઆરે કુદરતનો હોકમ થાએ છે તીઆરે તે સ્ત્રી છુટે છે, તીઆરે તે જંગલીઓ, તેમના પર તેમનાં મરોડાંનાં ખોદાએની મેહેરબાની થએલી સમજે છે, જેથી તરત પોતાના એક ધરમગુરૂને બોલાવે છે, અને જે જે વસતુઓ માનતામાં આપવા કહી હોએ, તે સઘલી તેને આપે છે, જે, અલબતે, પેલો મોસો ખોદાએને અનાંમત પોહોંચાડી આવે છે! (જેમ આપણી સ્ત્રીઓ માનતાની વસતુઓ બરાંમણોને આપે છે, અને તેઓ સઘલા દેવો તથા દેવીઓને બરાબર પોહોંચાડે છે તેમ!) જેવી સ્ત્રી છુટી કે, ઝુંપડી માહેલી સઘલી ગડબડ નરમ પડી જાએ છે, અને એકવાર પાછું સઘલું ચુપ થઇ જાએ છે. પેલી સ્ત્રી એક સાદડી ઊપર સુઈ રહે છે, અને માથા તલે એક પાટલો, તકીઆની જગાએ, મેલે છે. પછે જે સ્ત્રીને, જણતી સ્ત્રીની માહાવજત કરવાને બોલાવેલી હોએ છે, તે વેહલી વેહલી નાલીએર મોડાંમાં માવી, તેને એક કપડાંનાં કકડામાં લુફી તેનું દુધ ગાલી કાહાડે છે, અને પેલાં બચાંને પાએ છે. (જેમ આપણા લોક ગોરવાણી પાએ છે તેમ) પણ જણતાં વાર બચાંને શું કરે છે, તેનો એહવાલ બચીત વાંચનારને લગાર નવાઈ જેવો લાગશે. એ સેમોન લોકો, બચાં

નાં માથાંને કુદરતે જેવો ઘાટ આપીઓ હોએ તેવા ઊપર તેઓ સંતોશ પામીને બેસતા નથી, પણ તેને બદલી પોતાની મરજી અથવા રીત પરમાંણેનો કરે છે. તેમને જે માથાં, દાહાડીની ધુંથડીથી તે ચાવણીઆં શુધી દબાએલાં, અને કપાલથી તે માથાંની ટાલકી શુધી ઢોલાવદાર હોએ, તે ઘણાજ ગમે છે, અને તેમાં મોટી શોભા સમજે છે. તેથી જેવું બચું પેટમાંથી બાહાર આવીઊં, કે તેને ચતું સુવાડે છે, અને તરણ પથરના સુમાલા કકડા, જે એ કામને માટે તઈઆર રાખેલા હોએ છે, તે લઈ, બે કકડા બે કાનની બાજુએથી મેલે છે, અને એક કપાલની ઊપરથી તાલવાપર મેલે છે. અલબતે એ પથરા ઘણા વજનદાર નથી હોતા, તોપણ તેમનામાં એટલું વજન હોએ છે કે, જેથી તે બચાંનાં માથાંનાં તે તરફના ભાગ દબાઇને વધતાં અટકી જાએછે. એવી હાલતમાં તે બચાંને ઘણાક દાહાડા સુવાડી મેલે છે। એ વેલાએ તે બચાંનો દેખાવ ખરેજ નવાઈ જેવો અને ધાસતી ભરેલો લાગેછે. તેનું કાલું શરીર જમીનપર પડેલું અને બે નાના કાલા પગ એમથી તેમ ચવરતા નજર આવે છે પણ તેનું માથું જાણે પથરનાં ઢગલામાં છુંડાઈ ગએલું હોએ તેમ દેખાતુંજ નથી!

છોકરૂં જનમીઆ પછે, તેને ઊપલી હાલતમાં રાખી તરણ દાહાડા શુધી, માતરે, ઊપર લખીઆ પરમાંણે, નાલીએર ચાવી તેનું દુધ પાએ છે, પછે ચોથે દાહાડે એક ધરમગુરૂ સ્ત્રીને બોલાવે છે, જે આવી પેલી માએનું દુધ તપાસે છે. એક વાસણ લઈ તેમાં જરા પાંણી નાખે છે, અને તેમાં પેલી માએનું દુધ નમાવે છે; પછે બે પથરનાં કકડા ગરમ કરી તેમાં નાખે છે. એવામાં જો ને દુધ જરાબી બંધાએલું જણાઇઊં તો તરત તે સ્ત્રી કેહેશે કે, એ દુધ ઝેરી અને બચાંને નહી પાવા જોગછે. એ પરમાંણે તરણ ચાર દાહાડા વેર તપાસ કરીઆ પછે જીઆરે દુધ જરાએ બંધાએલું જણાતું નથી, તીઆરે પેલી પવીતર સ્ત્રી તે દુધ બચાંને પાવાને કહે છે. એમ કરતાં કેટલેક દાહાડે, જીઆરે તે બચાંનું માથું જેવું જોઇએ તેવું થાએ છે, તીઆરે તે બીચારાને તે પથરનાં ભાર તલેથી કાહાડી છુટું મેલે છે.

---

## આંખે પડતા ખોટા દેખાવ.

ઘણીખરી વાર, સ્ત્રીઓને, પુરૂષોને કે બચાને માંદગીને વખતે કે, તેમાંથી મોકલાં થએઆં બાદ કે કાંઈ એવાજ બીજા વખતે આંખે ખોટા દેખાવો દેખાએ છેઃ એટલે વખતે તેમની આગલ કોઈ ન હોવા છતાં માણસો નજર પડે છે, વખતે સુંદર મકાન દેખાઈ આવે છે, અને એજ પરમાંણે કેટલીક વસતુઓ, જેઓ ખરેખર હસતીમાં ન હોવા છતાં તે તેમની આંખે આબેહુબ દેખાએ છે. કોઈવાર સારી વસતુઓ દેખાએ છે, અને કોઈવાર નરસી પણ દેખાએ છે. કોઈવાર કોઇ માણસ તેની પાસે મુગો ઊભેલો જણાએ છે, અને કોઈવાર લાકડી લઈને મારવા આવતો, કે વીકરાલ સવરૂપ કરી બીહવાડવા આવતો જણાએ છે. અલબતે માણસને પોતાની રૂબરૂ આવો દેખાવ દેખાવાથી તેને તેને લગતું બોલવાની ફરજ પડે છે, અને તે બોલવું સાંભલી આસપાસનાં માંણસોને અચરતી તથા ભએ પેદા થાએ છે. ઘણીવાર માણસ તથા બચાંઓ તાવના વખતમાં, તથા બચાંઓ ગ્રહીઅડનાં વખતમાં એવું ઘણું બોલે છે, તેમાં કોઈવાર તેની નજરે તેવા ખોટા દેખાવ આવીઆથી બોલે છે, અને કોઈવાર માતરે તેવો ખેઆલ મનમાં ઊતપન થવાથી પણ બોલે છે. એવી પરકારે બોલતાં અથવા બકતાં માણસ અથવા બચાંને માટે આપણા દેસની સ્ત્રીઓ અને ઘણાક પુરૂષો તરેહવાર વીચાર કરે છે, અને તેને ભુત, ડાકેણ, જીન, ઇતીઆદી અપવીતર આતમાઓનો ચાલો, અથવા તેમનું તેનાં સરીરમાં પેવસ થવું સમજે છે. એ વીચાર કેટલો અને કેવો ભુલ ભરીઓ છે, તેતો ઘણીવાર લખાઈ ચુકું છે, માટે તે વીશે વધારે બોલવાનું મેલી દઈ, કાંઈ ઘટતી બાબદ ઊપર ધેઆન આપવું ઘટે છે.

એ ખોટા દેખાવો તરેહવાર જાતનાં દેખાએ છે, તેમાં કેટલાકતો ભારે અચરતી ઊપજાવનાર હોએ છે. આંખની આગલ કોઈવાર આતસનાં છટકલા ઊડતા દેખાએ છે, એને પણ ખોટા દેખાવમાં ગણવા આવે છે. પણ એ સીવાએ બીજા ઘણા નવાઈ જેવા દાખલાઓ જણાએલા છે. ડાકટર ફેલકોનર એક ગરહસથ વીશે લખે છે કે, તેનાં મનની હાલત ફરવાનાં સબબથી તેની સપરશ ઇંદરીમાં એવો તો ફેર

ત મેલવી; પછે જરાક પોતાનું શરીર હીલવીઊં, એટલે તે આકાર ગુમ થઈ ગએઓ. જીઆરે એ સ્રીનો આકાર તેને દેખાતો હતો, તીઆરે તેમાં અચંરત સરીખું એ હતું કે, જાણે તેનું શરીર કાચનું હોએ તેમ તેની આરપાર, તેની પાછલનું બારણું તેની ફલ વગેરે સઘલું તેને દેખાતું હતું".

એ પરમાંણે મનની અસરથી ઘણીવાર તરેહવાર ખોટા આકારો, કોઈ ખુશી ઊપજાવનારા, કોઈવાર આશચરીઅ ઊતપન કરનારા અને કોઈવાર ભએ પેદા કરનાર, આંખની આગલ આવે છે. કેટલીકવાર આગલ લખીઆ પરમાંણે આસપાસની વસતુઓનાં કદ એકદમ વધી ગએલાં અથવા ઘટી ગએલાં દેખાએ છે, અને કોઈવાર એક વસતુ બે, તરણ કે ચારની સંખીઆમાં જણાએ છે. એવી જાતનાં દેખાવો આંખે પડતાંજ, જો મન સથીર અને ખાતરી ભરેલું રાખી, મનમાં વીચારવાથી તથા શરીર કે આંખ હીલવીઆથી કે કોઈ બીજી રીતે, મનમાં શક ન લાવતાં, તેની તપાસ કરવાથી તે દેખાવ ખોટો છે એ મંઝટ માલમ પડી આવે છે, એટલુંજ નહી પણ, તે તરંત પાછો જતો પણ રહે છે.

## એક જુવાન અમીરજાદી ઉપર ગુજરેલી આફત.

શનના ૧૭૧૯ નાં વરસમાં, ટારટન નાંમનું એક જીનોઇસ વાહાણ, મેડરીડ જતાં રસતામાં તુરક જાતનાં દરીઆઈ લુટારાઓને હાથ સપડાઈઊં. તે લુટારાઓએ તે વાહાણને પોતાના સવાધીનમાં લેવા પછે, પોતાનાં તરણ ચાર માણસોને તે ઊપર મેલી તેમને તેને પોતાનાં ગાંમ તરફ લઈ જવાનું કહી તે ચોરીઆઓ પાછા પોતાની બીજી લુટ શોધવાને ચાલતા થએઆ. જે માંણસો અંદર રહેઆં તેઓએ વાહાણને બારબેરીના કીસટા તરફ ચલાવીઊં, પણ માઠાં ભાએગે છેક તેની લગભગ જઇ પોંહાંચી કીનારા આગલના એક ખડકપર અઠડીને ભાગી ગઈઊં. એ વાહાણની અંદર તેનો કેપટન તથા ખલાસીઓ સીવાએ કેટલાક ઊતારૂઓ પણ હતા, તેમાં મુખીઅ બોરકની અમીરજાદી હતી, જે મેડરીડ તરફ, જીઆં તેનો ભરથાર ફરાંનસની સરકારની તરફથી એલચી થઇને ગએલો હતો, તેની પાસે જતી હતી. એ અમીરજાદીની સાથે તેનો એક છોકરો અને એક જવાન અને ઘણીજ ખુબસુરત છોકરી હતી. એ વાહાણને ખડકપર અહડી જંતાંજ શામણેના કીનારાપર, ડુંગરપરથી ઊતરી આવી ઘણાક જંગલી અને જહનુની આરબોનો ઢગલો થએઓ, અને સમજીઆ કે તેમની ઊપર કોઇ ચહડી આવીઊં છે. પણ તેવામાંજ તે વાહાણ મધેથી બે તુરક લુતારાઓ પાંણીમાં પડીઆ, અને તરતા કીનારે જઇ પેલાઓને જણાવીઊં કે, તેઓ એ વાહાણને કેટલાક ખરીસટી બંધવાઓ સાથ અહીં પકડી લાવીઆ છે, જેમાં એક મોટી ફરેંચ શાહાજાદી છે. આણીગમ પેલાં વાહાણને ખડકપરથી ખીસાડવાને તેના કેપટને ઘણીબી મેહેનત કરી પણ નીશફલ ગઈ; અને આખરે તેનો આગલો છેડો બધો પાણીમાં ઘુસી ગએઓ, અને તેથી આખા વાંહાંણમાં પાણી ભરાઇ ગઈઊં. બીચારી પેલી અમીરજાદી, જે બેવડી ભએભાત થઇને કેબીનમાં પોતાના છોકરા અને છોકરીને છાતી સાથ વલગાવી બેસી રહી હતી, તે કેબીનમાં એકદમ પાણી ભરાઈ જવાથી માંહે પોતાનાં વાહાલાં બચાં સહીત બુડી ગઈ. તેની સાથનાં બીજાઓ મધેથી બોરકનો પાદરી, મી૦ આરથર નામનો એક ગરહસથ, સટુઅરડ, એક દાસી અને એક નોકર એટલા જન વાંહાંણનો પાછલો ભાગ, જે ઊંચો થઈ પાંણીની ઊપર રહેઓ હતો તેને વલગી રેહેવાથી બુડી જતાં બચીઆં હતાં. થોડાકવારમાં ઊપલા મી૦ આરથરને કાને જાણે તેની પાસે કોઈ પાણીમાં તરફડીઆં મારતું હોએ એવો અવાજ આવવાથી તે પોતાની જગાએથી ખસી આસપાસ જોવા લાગો, તેવામાં પેલી અમીરજાદીની જુવાંન છોકરી પાણીમાં ડુબકાં ખાતી તેની નજરે પડી. મી૦ આરથરે મોટી હીમતથી તેની નજદીક જઇ તેને ઊંચકી લીધી; અને તેને અંત શુધી સભાલી રાખવાને પેલા સટુઅરડનાં સવાધીનમાં આપી; પોતે કીનારે તરી જવાની આસાથી પાણીમાં પડીઓ, પણ બુડી જઈ મરણ પાંમીઓ. તીઆર પછે પેલો પાદરી, જે પોતાની એક મોટી છરીને વાંહાંણની એક શટમાં ખોસી તેને પકડીને વલગી રહેઓ હતો, તે અંતે ભાંગી જવાથી, પાણીમાં પડી તરનો કીનારે ગએઓ, જીઆં તેને પોંહોંચતાંજ પેલા જ.

ગલી અરબોએ તેને પકડી લીધો, તેનાં કપડાં બધાં
કાહાડી લીધાં, અને તેની ઉપર ઘણુજ ઘાતકીપણું
ગુજારવા લાગા. વાંચનાર આ વાતથી કદાચ અ
જાણીઆ નહી હશે કે, એ અરબો જાતે મુસલમાંન હો
વાથી ખરીસતીઓને કાફર ગણે છે, તેથી તેમની સા
થ મોટી દુશમનાઈ રાખી, તેમને મારી નાખવામાં
મોટું પુનનું કામ સમજે છે! પછે એ સઘલા જંગલી
ઓ હથીઆરબંધ પાણીમાં પડી વાંહાંણપર જઈ
પોહોંચીઆ. જેમને નજદીક આવતાં જોઈ પેલા સટુ
અરડે પેહેલી તેનાં હાથમાંની જુવાંન અમીરજાદીને
તેમની તરફ ફેંકી, જેને તેઓમાનાં એક તેનો એક પગ
અને બીજાએ એક હાથ ધરી, બકરાંની માફક ઘસડતી
કીનારે લાવીને નાખી, અને તેને માકું લગાડવાની ની
શાંન દાખલ તેનાં એક પગમાનું મોજું અને બુટ કાહાડી
લીધાં. તેની પછવાડે પેલો નોકર અને દાસી એઓ પણ
પાણીમાં પડીઆં, અને અરબોને હાથે ઘસડાઈ કીના
રાપર આવીઆં. છેલે પેલો સટુઅરડ દોરડાંની મ
દદથી કેટલીક મેહેનતે કીનારે આવી લાગો. એ પ
રમાંણે જેટલાં બચીઆં હતાં તેટલાં કીનારે આવી પોં
હોંચીઆ પછે, પેલા જંગલીઓએ તેમનાં આંગમાંનાં
સઘલાં કપડાં કાહાડી લીધાં, અને પછે પાહાડી બીકટ
રસતા ઉપર થઈને, પછવાડેથી મારમારતા તેમને ડું
ગરપરનાં પોતાનાં ઝપડાંઓમાં લઈ ગએઆ.

જેવાં તેમને તે જંગલીઓ પોતાનાં ઝુ
પડાં આગલ લઈ ગએઆ તેવાંજ તેમને જુદા જુદા ધ
ણીઓએ વેંહેંચી લીધાં; તેમાં સારાં ભાએગે જુવાન અ
મીરજાદી ડી બોરક, તેનો કાકો અને પેલો સટુઅરડ
એ તરણે એક ધણીના અસતકમાં આવીઆં જે જાતે
ઘણોજ ઘાતકી અને કંગાલ હતો. તેણે તે બીચારાં દુ
ખીઓના ઉઘાડાં શરીર ઢાંકવાને કાંઈક ફાટાં ચીથડાં
આપીઆં, અને ભુખ મટાડવાને જાડી છાણા જેવી
અને તદન બેસવાદ રોટલી અને પાણી ખાવાને આ
પીઆં. તે બીચારાંઓએ તે ઉપર પણ સંતોષ કરી
ઓ, પણ તેમની ઉપર જે ઘાતકીપણું ગુજરતું તે ત
મનાથી ખમાતું ન હતું, પણ તે બીચારાં તીઆં લાઇ
લાજ થઇ પડેલાં હતાં. તે બાપડાંઓ ઉપર દુખના
ઢગલા પડીઆ હતા, અને જમાનો સઘલી તરફથી રૂઠે
લો હતો, તોપણ તે વખતે તે સઘલું ખમવા સીવાએ
જવાન અને સદા લાડમાં અને સુખમાં ઉછરેલી પરી
ચેહેર અમીરજાદીને અને તેના શોબતીઓને
શો ઉપાએ ન હતો. તે બાપડીને આવાં
ફસેલી છતાં પરીચેહેર કેહેવું તદન નાદરૂસત
કેમકે જે દુખના દરીઆમાં તે પડી હતી, તે
આફતકારી કુબકા ખાતાં તેનું તન તવાઇ ગઇ
અને મન દેવાનું બની ગઇઉં હતું. કરપીણ
બો તે બીચારાંઓને એટલાતો ધીકારતા હતા કે,
રજાદી ડી બોરકને આંગલે એક ઘણીજ કીમતી
હતી, તે સેહેલાઇથી ન નીકલવાથી એક પથર
તે બીચારીનું આંગલું છુંદી છુટું પાડી કાહાડી લી
આંગલી એટલા માટે છુંદી કે, એક ખરીસતી
પર પોતાની પવીતર છરી ફેરવવાને પણ તે
ગુનાહ ભરેલું સમજતા! તે કંગાલો, તે વાં
પરનાં બુડેલાં માણસનાં મુરડાં કીનારે ઘસડી લા
વતા, અને તેમનાં આંગપર જેબી બાકી રહેલો
વસતરનો ટુકડો હોએ તે કાહાડી લઈ તેમને ફે
કી દેતા હતા. આ દુખદાએક દેખાવ પેલા સટુઅર
ડથી ન દેખી સકાવાથી એક દીવસે તેણે હીમત પક
ડીને ઘણીજ નમનતાઈ ભરેલી રીતે તેમને જણાવી
ઉં કે, તેઓ મુરડાંને એ પરમાંણે ફેંકી દેવાથી ઘણું
જ અનઘટતું કરે છે. તેનો જવાબ તે ધરમનાં ઝનુ
નમાં બેવકુફ બનેલા જંગલી આરબોએ એટલોજ દી
ધો કે, "તેઓ કુતરાઓને કદી દાટતા નથી"! કેટલી
કવારતો તે બીચારાઓને ખાવાને માટે એક જાતનો
કાચો કંદ સીવાએ બીજું કશું મલતું ન હતું, તોપણ
જુવાંન અમીરજાદી ઉપર, ઘરમાનાં નાનાં છોકરા
નો પીઆર ઘણો દોડવાથી તેઓ તેને છુપીથી કો
ઈ કોઈવાર દુધ કે એવું બીજું કાંઈ લાવી આપ
તાં હતાં.

એવી હાલતમાં પડીઆ છતાં, અને એવા કં
ગાલ અને જંગલી અરબોની ગુલામગીરીમાંથી અ
ને તેમનાં શેહેતાનનાં સરખાં ઘાટકીપણામાંથી છુટવા
ની થોડીજ આસા હોવા છતાં, દુખી અમીરજાદીએ
પોતાનો અને પોતાનાં સોબતીઓનો, દોજખી દેવોન
હાથમાંથી છુટકારો કરવાને ભારે કોશેશ કરવા લાગી
તેણે આલજીરીઆરસનાં ફ્રેંચ એલચી ઉપર એ
પછે એક તરણ ચાર કાગલ લખીઆં, પણ જેમ તેમ
ને તે એલચીને પોહોંચવાની આસા થોડીજ હતી
તેમજ તેઓ બીલકુલ તેને પોહોંચીઆંજ નહી. પણ

જુવાંન અમીરજાદીએ તેથી હારી ન ખાતાં લખાએ તેટલાં પતરો લખવાનો ઠહાવ કરીઓ હતો; કેમકે તે સીવાએ તેમને છુટવાનો બીજો કશો ઉપાએ ન હતો. તેથી તેણે એક પાંચમો પતર લખીઓ, જે સારાં ભાએગે પેલા એલચીનાં હાથમાં ગએઓ. તેને તે પતર વાંચતાં દીલમાં તીરની માફક લાગી આવીઊં, અને તેથી તેણે એટલીતો દોડ કરી, અને તેમનાં છુટકારાનો હોકમ, આલજીઅરસનાં ડે (પ્રાદશાહા) પાસે એટલીતો ઊતાવલથી મેલવીઓ કે, તતકાલ તેણે એક ફ્રેંચ વાંહાંણને પુરતાં કપડાં તથા ખોરાક આપી તે તરફ રવાનાં કરી દીધું, જે જઈ પોંહાંચતાંજ તે દુખી બંધીવાનોનો ઘણેક મહીને જંગલી અરબોની ગુલામગીરીમાંથી છુટકો થએઓ, અને તેઓ સઘલા સહી સલાંમત, તા૦ ૨૯ મી મે ૧૭૨૦ ને દીને, મારસેલ ખાતે પોંહાંચીઆ.

અલબતે ઊપલા હેવાલ ઊપરથી વાંચનાર આટલો સારતો જરૂર કાહાડશે કે, જોકે અમીરજાદી ડીખોરક ઘણીજ જુવાન, લાડકી અને સદા સુખમાં ઊછરેલી હતી, તોપણ તેને દુનીઆમાં મારગ કેમ કાપવો, અને તેનાં કાંટા, ખાડા અને ખોહો કેમ પસાર કરવા, તેની તેને પુરતી કેલવણી મલેલી હોવાથી તેણે આવાં અતી ભઅંકર સંકટનાં વખતમાં પણ હીમત અને ધીરજ રાખી પોતાનો અને પોતાનાં સોબતીઓનો છુટક કરીઓ. હવે એ ઊપરથી આપણી દેશી સ્રીઓની હાલની હલત અને કેલવણી સંબંધી જે ટીકા ઊતપન થાએ છે, તે ન કરતાં હમો આ ચોપાંનીઆની વાંચનાર સઘલી દેશી બાનુઓને એટલો જ સવાલ કરીએ છે કે, "એવી હલતમાં જો તેઓ આવે, તો તેઓ શું કરે, અને તેમની હલત કવી થાએ"? હમો ખચીત આસા રાખીએ છે કે, એનો વીચાર જો તેઓ જરા સથીર મને કરશેતો, કોઈનાં પણ સમજાવીઆ વીનાજ, તેમની હાલની હાલત કવી છે, અને તેથી એવા સંકટનાં વખતમાં તેમનું સું થાએ, તે પોતાની મેલેજ માલમ પડી આવશે.

---

## આપઘાત,

તથા

### "સ્રી દરપણ" નો ખોલાસો.

હરેક માણસે પોતાને હાથે પોતાનો જીવ લેવો, તેને આપઘાત કહે છે. જીઆરે કોઈ માણસ ઊપર, નહી ખમાએ એવું દુખ અથવા આફત આવી પડે છે, તીઆરે ધીરજ અને ઘટતા ઊપાએઓ છોડી દઈ એકદમ આપઘાત કરી પોતાનો અંત લાવે છે. એવું કરવામાં તે માણસ ખોદાનો કેટલો તકશીરવાર થાએ છે, અને તે તે જેહાનમાં કવી સજાને લાએક થાએ છે, તેનો વીચાર કવચીતજ તેના મનમાં આવતો હશે, કેમકે જો તેમ હાએતો તે તેવું બુરું કરમ હરગેજ કરવા નહી જાએ. જેટલું એક પારકા માંણસને ઝેર ખવાડી, છરી મારી, કે પાણીમાં ફેંકી દઈ જીવ લેવામાં મોટી તકશીર અને મોટું પાપ કરેલું ગણાએ છે, તેટલુંજ પાપ અને તેટલીજ તકશીર હરેક માણસે પોતાને હાથે પોતાનો જીવ લેવામાં, એટલે આપઘાત કરવામાં ગણવામાં આવે છે. આપઘાતથી મરણ પામેલું માણસ, આ દુનીઆમાં કશી બીજી મોટી તકશીર કરવા સીવાએ, તેનાં પેદા કરનારની હજુરમાં તે ફીકે મોડે, અને ધ્રુજતે પગે જઇને ઊભું રહે છે, અને તે અજીમ કુદરતનાં સાહેબને, તેના હોકમથી ઊલટા ચાલવાને શો જવાબ દેવો, તેના અફસોસમાં મડે છે.

જોકે આપઘાત કરવો ઘણો બુરો છે, તોપણ તે ઘણાઓ કરે છે, અને નાહકને મારે પોતાનો પીઆરો જાન બરબાદ કરી, ઊપરથી ખોદાના ગુનેગાર થાએ છે. તેનો સબબ એટલોજ છે કે, એવાં માણસો પોતાપરનું દુખ તથા આફત જોઈ ભારે ગાભરા પડી જાએ છે, અને ઘટતા ઊપાએઓ કરવાને બદલે, એકદમ ધીરજ ખોહી દે છે, અને પોતે જાણે આ દુનીઆમાં તદન લાઈલાજ થઈ ગએલા સમજી એવું કામ કરે છે. પણ જો તેવામાં જરા પોતાનાં ગુસાને નરમ પાડી, ધીરજ ધરી ઈકિકતી થકી તેનો ઊપાએ કરેતો, દુનીઆમાં કોઈ જાતની એવી આફત નથી, જે ધીરજથી ઘટતા ઊપાએઓ કરતાં, તદન નહી મટે તો થોડી ઘણીબી દુર નહી થાએ. પણ જીઆં માણસનાં મગજપર નબલાઈ અને અધીરાઈજ આવીને બેસે છે, તીઆં કશો ચારો રેહેતો નથી.

પારસી સ્ત્રીઓમાં, કુવામાં પડી કે ઝેર ખાઈ આપઘાત કરવા ઘણાજ સાધરણ છે. તેનું મુલ બાલ લગન અને બીન કેલવણી છે. મા બાપો પોતાનાં બચાંઓને ખોલાપર કે કેડપર બેસાડીને પરણાવી મેલે છે, પછે મોટપણે સ્ત્રી ભરથારને ઊંદર' બીલાડાનાં સંબંધ પરમાણે વસવું પડે છે. તેની સાથે સ્ત્રીઓમાં કેલવણી નહી, જેથી તેઓ સેહેજ વાતમાં એકમેક સાથે મરાએ છે અને કજીઓ કરે છે. તેની માંહુથી જે સબલ હોએ છે તે અબલ ઊપર ફાવી જઈ તેને ગમે તેમ રંજાડે છે, પછે અબલ પોતાની ધીરજ ખોહી દઈ આપઘાત કરવા નીકલે છે. જો તે એવું કરમ કરીઆ વીના, પોતાનાં દુખનો એલાજ ઈનસાફ અને અકલની મારફતે કરવા માંગેતો ઘણી સેહેલાઈથી અને ઘણી સરસ રીતે કરી શકે; પણ તેઓ જાતે વગર કેલવણીનાં અને વગર અનુભવનાં હોવાથી, તેમને તેવું કરતાં આવડતું નથી. સારાં ભાએગે હવે પારસીઓને માટે ધારા બંધાએઆ છે, જેથી કરી, એવી દુખમાં અધીરી થઈ ગએલી સ્ત્રીઓને, સુખનો મારગ શોધી કાહાડવાને આગલનાં કરતાં વધારે સેહેલાઈ અને સગવડ થઈ પડશે, જેથી એવા કરપીણ બનાવો બનતા હવે આપણે કાને થોડાજ પડશે.

પારસીઓમાં બાલ લગનથી જુવાન અબલાઓ કેવા દુખમાં આવી પડે છે, અને તેઓ કેવી રીતે આપઘાત કરી પોતાનો અંત લાવે છે, તેનો એક આબેહુબ ચીતાર, કવીતા રૂપે, હમારા ગએઆ અપરેલનાં આંકમાં આપવામાં આવીઓ છે, જેની મતલબ કોઈક વાંચનાર ઊલટી સમજીઆ હોએ એવું હમને લાગે છે; કેમકે તેવી પરકારનું એક ચરચા પતર એક પારસીએ, પોતાને ખરે નાંમે સહી કરી હમારી પર મોકલીઊં છે, તેમાં જેવી રીતે તેણે લખીઊં છે, તે ઊપરથી જણાએ છે કે, તે ભોલો ચરચા પતરી તે કવીતાની મતલબ તદન ઊલટી સમજીઓ છે. તે ચરચા પતરી, તે કવીતા વાંચી એટલોતો અધીરો પડી ગએલો, અને ઝનુનમાં આવી ગએલો લાગે છે કે, તે ચરચા પતરનાં સરનામાં ઊપર હમારૂં નામ લખવા સીવાએ બીજું આ પરમાંણે લખેછે—"જે કોઈ ગરસથ આએ કાગજ અધીપતીને પુગારશે તે ધણીએ એમ સમજવું જે પુનનું કામ કીધું છે" (!!) એ વાકીઅ જોઈ હમોને હસવું આવીઆ વીનાં રેહતું નથી, અને તેમજ વાંચનારને પણ થશે, એવું લાગે છે. પણ તે ચરચા પતરને ખાલી હસવામાંજ કાહાડી નાખવાને બદલે તેનો ખોલાસો કરવા, અને હમારા અધીરા ચરચા પતરીના જીવને ધીરજ આપવા આએ બાબદ લખવાની જરૂર જોઇ છે.

એ ચરચા પતરીએ જો જરા લાંબો વીચાર કીધો હતે, તો બેશક તે કવીતાની ખરી મતલબ તેનાં સમજવામાં આવતે. જેમ તે ધારે છે તેમ તે કવીતામાં, જુવાન પારસણોને આપઘાત કરવાને ભલાંમણ કરવામાં કે ઊસકેરણી કરવામાં આવી નથી, કેમકે તેવું તો એક દેવાનો માણસ પણ કરી નહી શકે, પણ તેમાં પારસીઓમાં કેમ આપઘાત થાએ છે તેનો ભઅંકર અને ખરેખરો ચીતાર આપવામાં આવીઓ છે. એ ચીતાર આપવામાં, તેમની ખાંમી બતાવવા અને ભુલ ભાંજવા સીવાએ તેનાં કરનારની બીજી કસી મકશદ નથી. એવી જાતની કવીતાઓ ચાનકને માટે ઘણી થએલી છે, તેથી એમ નહી સમજવું કે તેમાં તેમ કરવાની ઊસકેરણી કરવામાં આવો છે. હીંદુ લોકોમાં પુનર વીવાહ ન કરવાથી, તેમની વીધવા સ્ત્રીઓ કેવી રીતે અનીતીમાં ફસે છે, અને કેવી રીતે ધરબપાટ તથા બાલ હતીઆનાં કરમો કરે છે, તે વીશે, એવીજ રીતે, આપણી વસતીમાં પંકાએલા કવી નરમદાશંકર લાલશંકરે, કેટલીક ઘણી અસરકારીક કવીતાઓ કરેલી છે; તે ઊપરથી કાંઈ એમ નથી સમજાતું કે તે તરૂણ કવી, હીંદુ વીધવાઓને અનીતી કરવાની તથા ધરબ પાટ કરવાની ઊસકેરણી કરે છે. એવી રીતનાં ઘણાં લખાણો મલી આવશે, જેમાં ઊસકેરણી નહી પણ ચાનક હોએ છે. વલી એ કવીતાને મથાલે જે "સ્ત્રી દરપણ" એવું મથાલું કરવામાં આવેલું છે, તેજ બતાવી આપેછે કે, આપણી સ્ત્રીઓ કેવી રીતે સંસારમાં દાહાડા કાહાડે છે, તેનો ખરેખરો ચીતાર તેમની શામણે આરસીમાં (દરપણ) ધરવામાં આવે છે, જેથી તેઓ તે જોએ અને જાંણે કે તેઓ શું કરે છે. એ મથાલાં હેઠલ જે બીજીબી, સ્ત્રીઓના કુઠલા કાંહાણીની, તેમની રીત પરમાંણે ગાલ બેલથી ભરેલી, બાબદો આવે છે, તેને માટે પણ કેટલાએકો એવો વીચાર રાખેછે કે, તેમાંથી સ્ત્રીઓ તેવા કુઠલા કરવાને શીખે છે, પણ તેમાંબી કેટલી ભુલ છે, તે સેહેજ વીચાર કરતાં જણાઇ આવે છે. અલબને આરસી વાતતો ખરી

છે કે, એક માણસ પોતાના હાથમાં મેસ લઈ પોતાને મોડે ચોપડતો હોએ, તે પોતે નહીં જાણવાનો કે તેની શુરત કેવી ભએ ભરેલી અથવા હશવા જોગ થઈ પડી છે, પણ બીજાઓ તે જોઇને બીહીવાનાં અને હસવા નાં. પણ તેમનાજ જેવો ભએ તે સખશને પોતાને કીઆરે લાગશે, તથા કીઆરે હસવું આવશે, કે જીઆરે કોઈ તેની શામણે આરસી ધરશે, અને તેમાં તે પોતાની સુરત જોશે તીઆરે. તેમજ જીઆરે પારસીની સ્રીઓ તરેહવાર ભએ ભરેલા તથા હસવા જોગ કુઠલાઓ કરે છે, તીઆરે તેમને કશું માલમ પડતું નથી, પણ જીઆરે તેનો આબેહુબ ચીતાર તેમની શામણે ધરવામાં આવે છે, તીઆરેજ તેઓ સમજે છે કે, તેઓ શું કરે છે. તેની સઉથી સેહેલી સાબેતી એજ છે કે, જે જે સ્રીઓ એવી બાબદો વાંચે છે, તેઓ અલબતે તેવા કુઠલામાંથી મોકલાં નહીં હશે, અને તેવુ તેઓએ એકથી વધારેવાર કરીઉં હશે, તોપણ તે વાંચતાં તેઓ પેટ ધરીને હશે છે. અલબતે જીઆરે તેઓએ તેવો કુઠલો કીધો હશે, તીઆરે તેમને એવું હસવું કદી આવીઉં નહી હશે. એ ઊપરથી ખોલી રીતે માલમ પડે છે કે, તેમની ખાંમી ભરેલી ચાલ તેમને શામણે આબેહુબ ધરીને પછે સમજાવતાં, તે ઝટ મનમાં ઊતરી જાએ છે, અને તેની અસર મજબુત થાએ છે.

---

# પરચુટણ.

---

## જાણવાજોગ બાબદો.

**પોપટની ચંચલાઈ**—૧. કરનલ ઓ કાએલીએ બરીસટલથી ૧૦૦) ગીનીએ એક પોપટ લીધો હતો તે માતરે બોલતો હતો એટલુંજ નહી પણ કેટલાએક શવાલનો જવાબબી આપી શકતો હતો અને તે શીવાએ ગીત ગાઈ જાંણતો હતો. અગરજો ગીત ગાતાં કાંઇ ભુલ માલંમ પડીતો તુરત તેને સુધારવા સારૂં ઘણી વખત તે અને તેજ શરોધ ગાએઆ કરે અને આખુ ગીત અજાએબ જેવી રીતે અને બરોબર પુરૂ કરતો. તેના મોત વીશે "મોરનીંગ પોશટ" નામનું નીઉશ પેપર નીચે પરમાણે લખેછે. "થોરા દીવશની વાત પર કરનલ ઓ કાએલીનો વખાણાએલો પોપટ મરી ગીઓછે. આએ અજાએબ જેહેવું જણાવર બરોબર રીતે ગીત ગાઈ જાણતું હતું. જે કાંઈ ચીજ તેને જોઇતી હતી તે માણસની માફક માગી શકે તથા જરાવાર લાગેતો માણસની માફક ગોશાથી અને દોકી નીચી કરી બુમ મારી પોતાની મરજી પાછી જણાવે. તેની ઉમર બરોબર જણાઈ નહી પણ આશરે ૩૦) વરસ ધારવામો આવેછે, કારણ કે તેના મોતની અગાઉ ૨૫) વરસે ૧૦૦) ગીનીએ વેચાતો લીધો હતો. ઘણાએક માણસોએ ઉપલા પોપટને તંમાશામો મુકવા સારૂં ૫૦૦) ગીની દર વરસે આપવા માંગીઆ પણ કરનલે સાફ ના કેહું. જારે આએ જનાવર મરણ પામીઉં તારે બે ડાક્ટરોએ ચીરી તેના શરવે શાંધા તપાશીઆ અને હેવું મત આપીઉં કે તેના બોલવાની રગો માણસ જાતના જેવી મજબુત હતી."

૨. **ડાકટર ગોલડ સંમીથ** કેહેચ કે ૭ માં હેનરી પાશે એક પોપટ હતો તેને વેસટ મીનીસટના મેહલમાં થેમસ નદીની પાસેના ઓરડામાં રાખેલો હતો. તાંહાં ખલાશીઓ તથા પાશેનજરો વારેઘડીએ જે કાંઈ બોલતા હતા તે ઘણુંજ ધેઆન દેઇ શાંભલતો હતો. એક દીવશે હેવું બનીઉં કે તે પોપટ નદીમો પડીઓ તેથી મોહોટેથી બુમ મારી કેવા લાગો કે મહને જે કોઇ કાહાડશે તેને ૨૦) પાઉનડનું ઇનામ મલશે. હવે તાંહા એક બોટવાલો હાજર હતો તેણે પેલા પોપટને કાહાડી પાદશાહા પાસે ઇનામની ઉમેદથી ગીઓ પણ પાદશાહે શાફ ના કેહેઉં અને પુછીઉં કે તુંને ૨૦ પાંઉડ આપવા કોણે કબુલ કીધા તારે પેલા ખલાશીએ કેહેઉં કે પોપટે કબુલાત આપીછે. જેવો પાદશાહા પોપટને પુછવા જાએચ તેની અગાઉ પોપટ ગોશાથી બોલીઓ કે—"આએ લુમાને ૮ ગરોટ (ઇઆને ૮ ફડીઆં) આપો." તુરત પેલા ખલાશીને ૮ ફડીઆં આપી કાહાડીઓ.

૩. **મીસટર લીક** કેહેચ કે જારે શાહાજાદો મોરીશ બરેઝીલમો ગવરનર હતો તારે તેણે એક બોલતા પોપટ વીશે શાંભલીઉં કે જે ઘણાએક શવાલનો જવાબ આપી શકતો હતો તેથી શાહાજાદાની ખાએશ તે પોપટ જોવાની થઈ. જેવો તે પોપટ ઓરડામો આવીઓ તેવોજ તે બરેઝીલ ભાશામો બોલીઓ કે "શું શપેદ માણસની મંડલી બેઠીછ" તે વખતે શાહાજાદો ઘણાએક ડચ (વલંડા) સાથે વાત કરતો હતો, તે લોકોએ શાહાજાદા તરફ આંગલી કરી પુછીઉં કે આ એ કોણછે. જવાબ દીધો કે "કોઇ ઉમરાવછે અથવા કોઈ મોટી પદવીનો માણસ દીશેછ" પછી શાહાજાદાને અને પોપટને ઇનટર પીનટરની મદદે નીચે પરમાણે વાત થઈ.

શાહાજાદો—તું કેહી જગા પરથી આવીઓ.

પોપટ—મેરીગનથી.

શાહાજાદો—તારો શેઠ કોણછે.

પોપટ—એક પોરટુગીજછે.

શાહાજાદો—તું શું કાંમ કરેચ ?

પોપટ—કાંએ ? હું મરઘીના પીલાંની ચોકી કરૂચ અને જો કોઈ છુટુ પડેતો મરઘીની માફક અવાજ કરૂં કે જેથી છેતરાઇને માહારી પાસે દોરી આવે.

---

આફ્રીકાની અંદર કેટલાએક કઠીઆરા જંગલમો લાકડાં કાપવા હમેશ જતા હતા, પણ એક દીવસ હેવું બનીઉં કે તેમોનો એક મીતર પછવાડે રેહી ગએઓ અને બીજાઓ મછવામો બેશી ગાંમ તરફ નીકલી ગીઆ તોએબી પેલા કઠીઆરાએ લાકડાં કાપવાનું કાંમ શહરૂજ રાખીઉં

તેવામો તેની નજર એક (શીંહીંઅણ) શીંહીં પર પડી, જોતાં નેવારમોજ તે બીચારાએ પોતાની આશા છોરી, પણ તેને ઘમાલંમ પડીઉં કે તે ણી નરમ તથા દલગીર દેખાતી હતી તેથી જરા તેહેને હીમત આવી. જેવી તે શીહીંઅણ નજદીક આવી તેવીજ તે કહીઆરાનું મોહોડું જોવા લાગી અને પછી પછવાડે જોઈ જાહાડ તરફ પોતાની નજર દેખાડી અને જે રેશતેથી આવી તે રસતે જઈ પાંછી ફરી, પણ પેલો કહીઆરો તેની મતલબ શમજ્યો નહી, પણ જે માફક કુતરો ધણીને આગલ ચલાવા નીશાંની કરે તે માફક કરવા લાગી. હવે પેલો કહીઆરો તેની પછવાડે ચાલીઓ અને પેલી જરા દુર જઈ એક જાહાડ તલે બેશી ઉપર જોઈ દલગીરીથી બુમ મારતી હતી. જારે પેલા કહીઆરાએ જાહાડ પર જોએઉં તારે પેલી શીંહીંની મતલબ જલદીથી શમજણ પડી. કારણ કે તેનું એક બચું એક વાનર રમતને શારૂં ચોરી લેઈ જાહાડ પર ચહડી બેઠો કે જાંહાં પેલીથી જઈ શકાતું નહી હતું.

કેટલાએક લોકો હેવું કેહેચ કે શહીંની જાત જાહાડ પર ચહડી શકેચ પણ તે ગલત છે. બીલારીની જાતનાં બીજાં કેટલાંએક જનાવરો ચહડી શકે તેને શહીં કરી બેસાડેચ. હવે પેલા કહીઆરાએ વીચાર કીધો જે અગરજો હું જાહાડપર ચહડી વાંનર પકડશતો તે ફોકટ, કારણ તે તાંહાંથી કુદી બીજાં જાહાડપર જાએ અને એમ કરતાં તે કેહે જંગલોમાં નીકલી જાએ, તેથી બેહેતર એજ છે કે પેલા જાહાડને થરમોથી કાપવું, હેવા વીચારથી તેણે જાહાડ કાપવાનુ શહરૂ કીધું, અને પેલીગમ શહીં તેની પાશે બેશી પુછરૂ હીલાવતી જાહાડ પડવાની રાહા જોતી હતી. પેલો વાંનરતો હજુર જાહાડપર બેશી પેલાં છોકરાં શાથે ચેરાં જ કાહાડતો હતો. જેવુ પેલું જાહાડ પડવાની તઈઆરીમો હતું, તેવીજ તે ઘણી હુશીઆરીથી ઉભી રેહી અને જેવું તે જાહાડ પડીઉં કે તેહેની શાથે પેલો વાંદરબી પડીઓ, તેવીજ પેલીએ હેવીતો જહડફથી વાનરને પકડીઓ, કે જે માફક બીલારી ઉંદરને પકડે તેમ તેને પકડી ચીરી નાખી પોતાનાં બચાંને પાછું પોતાનાં શવાધીનમો લીધું, અને પોતાનુ ભલુ કરનારનો ઉપકારનાં ચીનહ દેખાડી આગલ ચાલી.

---

**શાંચાથી ચાલતાં જનાંવરો**—વીકશ મીઉશમાં એક શરપ લોકોને જોવા શારૂ મુકીઓ હતો. આએ અજાએબ જેવું જનાંવર પોતાની મેલે દાબરામોથી નીકલી ટેબલપર આણીગમ પેલીગમ અને જીવતા શરપની માફક પોતાની ડોકી તથા પંનજાની ચપલા બતાવતું હતું. એ શાંચામો કાંઈ જાજુ અજાએબ જેવું નહી હતું પણ તેનાં બદંનમો ૧૫૦) શાચા ગોઠવેલા હતા, અને તે જુદા પડે એવા હતા. એ જનાંવરનુ દદ એટલુતો નાંહાંનું બનાવેલું હતું કે તેને નજરે જોએંઆ વગર કોઈ માનતું હતું નહી.

**શાંચાથી ગાડી ઘોડા**—ઉપર કેહા કરતાં વધારે અજાએબ જેવો શાંચો કે જે વીશે મોરીઉ કોમશ કેહેછે કે, જાહારે ૧૪ મો લીઈશ નાહાલો હતો, તેને રમવા શારૂ પોતે બનાવીઓ હતો. એક નાહાલી ગારી તેની અંદર બે ઘોડા અને અંદર એક લેડી બેહેલી અને એક આગલ અને પછવાડે ઘોરાવાલા એટલા આકાર હતા. પેહેલાં પેલી ગારી ટેબલનાં એક છેરાપરથી શહરૂ થઈ બીજે નાંકે આવી પાછી જમણા હાથપર ફરે, અને જાંહાં શાહાજાદો બેઠો હોએ તેની પાશે આવી ઉભી રેહ, તેવાંમો પેલો પછવારેનો ઘોરાવાલો ઉતરી ગાડી ઉઘાડે તેમોથી એક લેડી ઉતરીને શાહાજાદાને ઘણી નરમાશીથી એક અરજી આપે, જરાવાર ઉભી રેહી પેલી લેડી ગાડીમો બેઠા પછી ઘોરાવાલો દરવાજો બંધ કરે, પછી પોતાની જગાપર પાછો શવાર થઈ એક ચાબકાનો અવાજ કરી આગલ ચાલતો થાએ.

---

**શાંચાથી વાત**—આપણે ઘણી વખત શાંભલીઉં કે શાંચાથી નજદીક શરવે ચીજ બની શકેચ પણ વાત થઈ શકતી નથી, પણ હમણાં એક એવો શાંચો નીકલીઓછે કે જે શારી રીતે બોલી શકેચ. "કારલશરૂ ગેઝેટ" કેહેચ (૧૮૩૮) કે હાલ એક છોકરાને આકારનુ એક રમકડું બનાવેલું છે, કે જે છોકરાનાં જેવો નાહાલો અવાજ બરાબર અને જાંહાં ભાર મુકવા ઘટે તાંહાં મુકી બોલે છે. ઉપલું ગેઝેટ કેહેચ કે એ રમકડું ઘણી શેહેલાઈથી બનાવેલું છે અને તે શાંચાનો આકાર ઘણું કરી તમબુરાને મલતો આવેચ, જેમ તેની ઉપરની કુંચી ફેરવીઆથી રાગ બદલાઈ જાએ તેમ તેને ૧૬) કુંચી હતી કે જે ફેરવીઆથી જુદી જુદી તરેહનાં બોલતા અવાજે નીકલે.

---

**શાંચાથી હીશાબ**—મીલાંન શેહેરમો મીο લુઈશ, ટોરમી નાંમનાં કેબીનેટ મેકર (ઇઆને ખુરશી, કોચ, ટેબલ ઈતીઆદી વીગરે બનાવનાર) એક હેવો શાંચો બનાવીઓ હતો કે જેની ઉપર તરીરાશીનાં કોઈબી દાખલા શેહેલા ઈઆ અધરા નાહાની રકમનાં કે મોહોટી રકમનાં શેહેલાઈથી થઈ શકે. આએ શોધને શારૂ મીલાની મદરેશાએ તેહેને એક શુનાંનો ચાંદ ભેટ આપીઓ હતો.

---

**શાંચાથી બનાવેલું બતક**—મીο વાકેશને એક સાંચાનું બતક બનાવીઉં હતું. તે જીવતાં બતકની માફક શઘલું કાંમ કરતું હતું એટલુંજ નહી પણ તે ખાતું પીતું અને શારી રીતે જેરવતું હતું અને તેનો અવાજબી જીવતાં બતકનાં જેવોજ હતો.

એ શીવાએ શાંચાથી શેતરંજ રમનાર અને હેવા હેવા બીજા ઘણાં સાંચાછે. શο હο

---

## સમશીઆ.

(ચોપાઈ.)

શકત સરોવર સુકું ઠામ,
પાકું પણ કાચું છે નામ.

તનમાં કાંણા અપરંપાર,
તોએ નકી જડ અપાર.

કદ નાનું બહુ કાચું ધરી,
મૂરત જગની, રાખું ભરી.

ફણી ફણીનું બનીઉં તન,
તોએ નિર્મલ કહે સૌ જન.

દુર, દ્રષ્ટિની પાસે લાઉં,
બાલ બાંબુસમ કરી બતાઉં.

અજવાલાંનો સાચો મીત્ર,
વાયુ પાણીનો શત્રુ ચરીત્ર.

દિપક દોસ્ત મારો કહેવાય,
રક્ષણ તેનું હુંથી થાય.

શાય, સાય, અનુપ્રાસે હોય,
એનો મરમ બતાવો કોય.

## ખોલાશો.

(૧) ભમરો. (૨) તરવાર. (૩) પોપટ. (૪) વા અથવા પવન.

**એક હબસણની ઈમાનદારી**—અમેરીકાની અંદર એક બરેજીલના રેહેવાસી ઇઉરોપીઅન પાસે ગોલામ તરીકે હબસણ હતી. એક દીવસે તે હબસણને એક મોટો હીરો જડીઓ, જેની કીમત પાછલથી લાખો રૂપીઆની થઈ હતી. તે હબસણ સમજતી હતી કે તે હીરો છે, અને તે ઘણો કીમતી છે, અને જો તે તેની પાસેજ રહેતો તેમાથી તેને પુશકલ નાણા મલે, જેમાથી તે પોતાનું છુટાપણું વેચાતું લઈ શકે, તોપણ ભલી સ્ત્રીએ વીચાર કરીઓ કે તે પોતે એક ગોલામ હોવાથી પોતે તેનાં ધણીની મીલકત છે, તેથી તેને જે હીરો પાઅેઓ તે પણ તેનાં ધણીની મીલકત થઈ, તેથી તે તેનેજ આપવો જોઇએ. તે પરમાણે તેણે તે કીમતી હીરો તેના ધણીનાં હાથમાં લઈ જઈને આપીઓ, જે જોતાંજ તે અચરતીમાં પડી ગએઓ તેને બેવડી અચરતી પેદા થઈ, કેમકે એકતો તે હીરો ઘણો કીમતી હતો, અને બીજીતો તેને તેની ગુલામ સ્ત્રીએ લાવીને આપીઓ હતો. તે હીરો તેણે તરતજ તીઆના બજારમાં વેચીઓ જેમાંથી કેટલા લાખ રૂપીઆ મલીઆ જેથી તેનું જનમનું દલદર ફીટી ગઈઉં. અલબતે તે ઇઉરોપીઅન તેની નીમખહલાલ ગુલામડીને તેની એકીનદારીનો બદલો આપીઆ વગર રહેઓ નહી. જેવો તે હીરો બજારમા વેચાએઓ કે તરત જ તેને છુટાપણ, જે એવા લોકોને આખી દુનીઆનાં કરતાં વાહાલુ હોએ છે, તે બખશીઉં, જેથી તે ભારે ખુશાલીમાં આવી ગઈ, અને પોતાને પુરતો બદલો મલેલો સમજી.

## શીકશારૂપી વાકીઅ.

જેનાં મગજમાં મગરૂબીનો આતસ સલગે, તે કીઆરે હોલવાએ! જીઆરે તેની ઉપર ટકેલાનું પાંણી પડે તીઆરે.

તંદોરસતીનો નીમ, એજ મોટો હકીમ: જે ખાએ તેની ગોલી, તેની દેહ ન થાએ પોલી.

વગર પઈસાની સુવાની જગા, વગર પઈસે સીવવાની જગા, વગર પઈસે કુકલો સાંભલવાની જગા, વગર પઈસે જીવતાં પુતલાં જોવાની જગા, અને વગર પઈસે જીવતાં મુરદાં જોવાની જગા કહી? જીઆરે કોઈ દેશીનાં ઘરમાં કોઈ મરણ પામે તીઆરે તેની લાંએ આગલ માંડેલું બઈરાં બેસવાનું "પાંથરણુ."

શુનાંબાઈએ રૂપાંબાઈને પુછીઉં કે, મને મારી નણંડ રોજ કેહેય કે તું તો મને માન નહીં આપતી, તે મરે શું કરૂં? રૂપાબાઈએ સલાહ આપી કે, કોઈને ઘેરથી મજેની બાજ આવે, તેમાંથી એક માનની પોરી લઈને તેની આગલ મેલી એટલે બસ.

લોભીઓ લોભ કરે, તીઆરે સંતોશી ખુણે બેસી નરરે.

લુખીઓ ભુખે મરે, તીઆરે ધરાએઓ સાથી મરે? મોરચીથી.

જીઆરે ભરમનો પરદો ઉઘડી જાએ, તીઆરે શરમનો પરદો પડી જાએ.

પારસીનાં બઈરાં પપેતીને દાહાડે શું કરશે? માટીડાઓ વાડી વંતર જઈને ખાઈ પીને મોજ મજાહ કરશે, અને બઈરાઓ બીચારાં ચુલા ભારીને સુઈ જશે.

ઘોલાંપર કાલુ થાએ, તીઆરે જગમાં અજવાલુ થાએ.

## એક સુલક્ષણી નારના મરણ ઊપર તેના ભરથારે કરેલો વીલાપ.

(આવો હરી સીવસંકર ભોલા—એ રાગે.)

અરે ઓ કયાં ગઈ તું વ્હાલી,
રહયું કોણ મારૂં હવે વાલી—અરે ઓ૦—ટેક.

અરે મારી સુલક્ષણી નારી,
જુદાઈ કેમ ખમું તારી,
જખમ તેં કીધો છે કારી—અરે ઓ૦

ચતુરાઈ તુંમાં બહુ ભારી,
કદી ના થાતી અવિચારી,
નિતીને કો દી નવ હારી—અરે ઓ૦

સદા સૌ સંગે રેહતી સંપે,
રહીને રાખતી સૌ જંપે,
વિજોગે તારે તન કંપે—અરે ઓ૦

સદા રહી સ્વભાવે ધીરી,
દુઃખો ખમ્યાં થઇને વ્હીરી,
પ્રપંચો નાખ્યાં નીત ચીરી—અરે ઓ૦
સંકટ સમયે દઇ ધારી,
દિલાસા દેતી બહુ ભારી,
જુકિત દાખવતી સારી—અરે ઓ૦
શિખામણ દઇ નિતે સારી,
લીધાં છોરૂઓ ઉધારી,
હવે તે રૂવેછ પુકારી—અરે ઓ૦
માંદને વખ્તે તું પ્હેલી,
ઉપાયો કરતી બહુ વ્હેલી,
પિડાને કરી દેતી સ્હેલી—અરે ઓ૦
ઘરચીંતા અતિ મન ધરતી,
આલસ કરતાં નિત ડરતી,
ઉઠેથી સુતે તું ઠરતી—અરે ઓ૦
એવી તું સકલ સુગુણવાળી,
જગા તારી મેલી ને ખાલી,
રડાવી આખર ગઇ ચાલી—અરે ઓ૦
ખરે જેનાં ભાયગ હીણ હોશે,
એવી રૂડી નારી તે ખ્હોશે,
નાનાભાઈ નિત્ય તુને રોશે—અરે ઓ૦

---

## શેર બજાર.

(રાગ ઓખારણનું.)

(જાગી જાગીરે રાખા જોને રસની ભરીછે.)

ઉભો ઉભોરે જઈને શેર બજાર ઉભોરે. એ ટેકછે.
સોર કરે દલાલો દિસે દિસ, કાગલો કરે ધરીનેરે,
લઈએ લઈએ લખપતીઓ આતો, વખત ન આવે ફરીનેરે, ઉ૦
અકલબાજ થૈ અંગ્રીસ બેઠા, જુઠો એ વળ દેતારે,
નગદ નાણા આપી આ સમે, કરે કાગલો લેતારે, ઉભો૦
દીઠા તાંહા માહા મોટા વેપારી, ઘુને બેસી આવલરે,
તાડ જાડ સમ કોઈ તો લાંબા, કોઈ વ્રક્ષજ બાવલરે, ઉ૦
ઘો ઘો લપો લપો એ સમે, કપાલી સ્વરે બોલેરે,
પાસતણી પાકીટો કોઈતો, પઈસો દેવા ખોલેરે, ઉભો૦
બગીએ બેસી બહુ જન બેકલ, કોઈ સગરામે પેસીરે,
જમીપર કોઈ ભમતા દીઠા, કોઈ થાકી રહ્યા બેસીરે, ઉભો૦
બાવન હજારે બેંકબેનાં, લેવા કઈ લલચાતારે,
મજગામના બાર હજારે, અતિસેં અતુરથાતારે, ઉભો૦
આઠ હજારે ટાંકતણાને, રેચી ચાર હજારે રે,
નિકલના બમા ત્રીસસે પુરે, ભાવ બોલે બજારે રે, ઉભો૦
નવા બોજ જાનઈસ્ટાનું, ભાવ ભણુ રપા બોલીરે,
ઃઃપેલના અતી સરતા સેરો, લે ગાંચીને કોલીરે, ઉભો૦
નવા બોજ ચાલીસ ને આરે, સંત્રલ તે નવ વીસેરે,
ડાવરના કોઈ દેતાં દેખે, ટકે પુરે ત્રીસેંરે, ઉભો૦
લંડંના કોઈ લેવાઇછે નઈ, સુરતનાં સઉ લેછેરે,
વાડીઆજીની મેન વીસો, પ્રસીધ ભાવ એમ કેછેરે, ઉભો૦

## પોંહોંચ.

**એજહારે શીઆતે ઈરાન**—આ પુસતક તેના બનાવનાર મી૦ માંણેકજી લીમજી હોસંગ હાનડીઆની તરફથી મલીઊ છે, તેની પોહોચ માન સાથ કબુલ કરીએછે. એ પુસતક આજના વખતમાં ઘણુ ઊપીઓગી લાગે છે, કેમકે એમાથી આપણા અસલી જાતભાઇઓની સસારી તથા એવીજ બીજી કેટલીક નવી રીત ભાતો, જેથી આપણે આજવેર ઘણાખરા અણજાણીઆ હતા, તે મલે છે તેમની રીતો જેમ હાલની આપણી કરતાં કેટલીક વાતે તદન જુદી લાગે છે, તેમજ તે વધારે સારી અને ફાએદા ભરેલી પણ લાગેછે. એ પુસતકની ઘણીક નકલો છપાવી જરથોસતીઓમા વેહેચવામાં આવીછે, જેથી તે ઘણાઓના વાચવામાં આવી હશે, જે ઊપરથી, હમો આસા રાખીએ છઈએ કે, આપણા જરથોસતીઓ કેટલાક વીચારમાં પડશે, અને સીધો મારગ કીઓ છે તેની કેટલીક સમજ પડશે એ પુસતકમા જણાવેલી, ઇરાનીઓની લગન કરવાની રીત સઘળામા ધીઆન આપવા જોગ છે

**સટા પરીણામ દરશક**—આ કાવીઅરૂપી નાનુ પુસતક તેના બનાવનાર મી૦ રતનસી વીરીઅમાન સાહબજીની તરફથી મલીઊ છે, તેની પોંહોચ માન સાથ કબુલ કરીએ છે. એ નાનું પુસતક પચાવન સફાનુ છે, અને તેમા, ગએઆ તરણ વરસમા, મુબઈમા ચાલેલા શેરના સટાના દેવાનાપણાનો ચીતાર, બાપ દીકરાના સવાદમા આપીઓ છે. એ પુસતક મધની કવીતા પીંગલ પરમાણે કરવામા આવેલી છે, અને તેમાની મતલબ પણ, કોઇ ચોકસ ધણીઓ ઊપર હુમલો કરવા સીવાએની નીરઅપરાધી અને સારી છે આજવેર સટાની બાબદમા જે કવીતાનાં ચોપાનીઆં નીકલીઆં છે, તેમા એ પુસતક બધી રીતે સરસ છે. તે કવીતા હાસીઅરસ મીસરીતછે એવુ જણાવવામાં આવીઊછે, તોંપણ તેમા તે રસ ઘણોજ થોડો નજર આવે છે પણ એ કવીતાની મતલબ તરફ જોતાં તેમા એ રસની જરૂર નથી એમા શરૂઆતમાં વીરરસ અને પાછલથી કરૂણારસ જોઇએ, તેમ પાછલથી એક બે ઠેકાણે તે રસ ઠીક લેવામા આવીઓછે, પણ શરૂઆતમા જેટલો વીરરસ જોઇએ તેટલો નથી. તોપણ હમો એટલુતો કહી શકીએ છે કે, એ પુસતક એની જાતના બીજાઓ કરતા, કાવીઅરૂપનુ નામ ધારણ કરવાને વધારે લાએકછે.

---

## ચરચા પતરીઓને ખબર.

**ન. ફ.** તમારૂ પતર પોહોચીઊછે, તેનો ખોલાશો આએ આંકમા કરીએછે

**પાહુલણ**—તમારી કવીતાનું નામ તમે લલીત છંદ આપો છો, પણ તેમ જોતા તે તદન ખોટી છે લલીત છંદ એમ થાએજ નહી બરોબર બોલીએતો, તે કોઇબી રીતે કવીતા કેહેવાએ નહી, માટે હમારી સલાહ એ છે કે, જો કવીતા કરવાની ઊલટ હોએતો, પરથમ તે શું છે, અને કેમ થાએ છે, તે સમજો, અગર નહીતો તમારા વખતનો બીજો સારો ઊપીઓગ કરો

"**શ્રી બોધને વાસતે**" લખી મોકલનારની બાબદ દાખલ કરવા જોગ નથી

**શીઓને સુચના**—કોઇબી ઓની તરફથી એકે બાબદ આ ચોપાનીઆને માટે લખાઇ આવી નથી, તેથી ખરેજ હમો દલગીર છઈએ

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. આગસટ ૧૮૯૫ આંક ૮ મો.


## વધનમાં લગન.

એક વારતા.

### પરકરણ ૫ મું.

અરનવાજ મેહેલમાં પાછી આવી, અને જે દીવાનખાનાંમાં સાસાન વીમાર કરતો બેહો હતો તેમાં પેઠી. તેને જોતાંજ સાસાન ચોંકીઓ, અને જોરમાં દમ લેતો, ટકટકતી આંખે તેનાં હોઠ તરફ જોવા લાગો, કે તે શું ખુશ ખબર લાવીછે. અરનવાજ તેની નજદીકમાં જઈ પોંહોંચી મોડાંમાંથી શબદ કાહાડી બોલે, તેટલામાં સાસાનની છાતીમાં જોરમાં ધપકારો ચાલવા લાગો, તેનું સરીર લગાર કાંપવા લાગું અને આખે શરીરે પરસેવો છુટી આવીઓ; તોપણ ધ્રુજતા હોઠે, પોતાનાં ભવાં ઉંચાં ચહડાવી, અરનવાજને પાસે આવતાંજ બોલીઓ, "કેમ પીઆરા સાદાબ તું કેવી ખુસ ખબર લાવીઓછે" ! સાસાનનાં મોડાંમાંથી ખુસ ખબરનાં બોલ સાંભલતાંજ, અરનવાજના ચેહેરાનો રંગ બદલાએઓ, અને તે ઉપર ખોલી રીતે દીલગીરી પરકાશવા લાગી. સાસાને તરતજ તેનો ચેહેરો વાંચીઓ, અને ખુશ ખબરીની આસા છોડી, તોપણ અધીરો થઇને ફરીને બોલીઓ, "વાહાલા સાદાબ, મને ઝડપથી કેહે કે, જેહાનઆરા પાસેથી તું શું જવાબ લાવીઓછે ?" અરનવાજે પોતાનું મોડું કમલાવી જવાબ દીધો, "ઈનતેજાર સાહેબ, જે આસા તમોએ મારી પર બાંધી હતી તે ફોકટ ગઇ છે, અને મારી સઘલી કોશેશ વીઅરથ ગઇછેઃ પણ સાહેબ તેમાં મારી કશી કશુર નથી. મેં મારીથી બનીઉં તેટલું જેહાનઆરાને સમજાવીઉં, પણ નામદાર સાહેબ, તેના જેવી હઠીલી અને એકમતી સ્ત્રી મેં મારા જનમમાં જોઇ નથી. તેણે પોતાની હુજત કોઇબી રીતે છોડવાને ના પાડીઉં, અને સાફ જણાવીઉં કે, સાસાન નકામો મારે માટે મથેછે, પણ હવે તેને કેહેજે કે, તે મારો પીછો છોડી દીએ, કેમકે હું તેને મારો હાથ આપી શકનાર નથી." આવા સકુનો સાંભલી સાસાન ઘણો દુખી થએઓ, તોપણ જેટલો અરનવાજ ધારતી હતી તેટલો નહીં. તેની છાતીપર હજુ સંતોષ દેખાવા લાગો, અને તેનાં મોડાંપર હજુ આસા ચલકવા લાગી તે જોઇને અરનવાજને લગાર અચરત લાગીઉં, પણ થોડાજ વારમાં તેને માલમ પડીઉં કે તે સંતોષ અને આસાનું મુલ તે પોતેજ હતી. સાસાને કેટલોકવાર નીચાં નેણે વીચાર કરી, એક લાંબો દમ ભરી, પોતાનું માથું ઉંચકી, અરનવાજ તરફ જોઇ બોલીઓ, "કંઇ ફીકર નહી, બાહાદુર સાદાબ, હજુ મને આસાછે કે, એ હઠીલી સ્ત્રી તારી ચંમલાઈ અને હીમતથી ઠેકાણે આવીઆ વીના રેહેશે નહી એવું મને ખચીત લાગેછે, માટે તું કાલે ફરીને તેને ઘેર જજે, અને તારેથી બને તેટલી કોશેશ કરજે. અરનવાજે તે હોકમ મોટી ખુશીથી કબુલ રાખીઓ, કેમકે તે મનમાં સારીપેઠે સમજતી હતી કે, બીજીવાર જેહાનઆરા પાસે જતાં તેને કશું નુકશાન થવાનું નથી, કે અપમાન મલવાનું નથી, કેમકે તે તેને તેનાં ખરાં જીગરથી ચાહેછે, અને તેની જુદાઈના ગમમાં બેસીને ઝુરતી હશે, માટે તેની હાજરી તેને કોઇબી રીતે અનગમતી તથા પીડાકારી થઈ પડનાર નથી.

એ પછે બાકીનો વખત, જે ગુજારવો સાસાનને ઘણો ભારી લાગતો હતો, તે જલદીથી વહી જાએ માટે, એક ગીત, જે તે ઘણુજ ચાહાતો હતો, અને તે સાભલી પોતાનાં દુખી દીલમા ઘણોક દીલાસો લેતો હતો, તે ગાવાને તેણે હોકમ કીધો. પછે સાસાન સાદાબ તરફ ફરીને બોલીઓ, "પીઆરા સાદાબ, જીઆરે એ ગીત મેં ગઇ રાતરે સાંભલીઉં હતું, તીઆરે મને ઘણોક કરાર વલીઓ હતો, અને મારાં દીલનો ગમ કેટલોક વીસરીઓ હતો. જો સાંભલ સાદાબ, એ ગીત ઘણુ જુનું અને સાદુછે, તોપણ તેની અસર ઘણી મોટીછે. જીઆરે કાતનાર તથા ગુંથનાર છોકરીઓ ખુલા ચોકમાં બેસી, પોતાને લાબે હાથે તરાગ તાણેછે, તીઆરે તે એ ગીત ગાએછે. જોકે તેમાં કંઇ દમ જેવું નથી, તોપણ તે મને ઘણુંજ પસંદ આવેછે, કેમકે તેમાં આગલા વખતના નીરઅપરાધી, અને વગર રંગેલા પીઆરનો ચીતાર ઘણી સરસ રીતે આપવામાં આવેલોછે. જો, સાંભલ.

તે ગીત સાંભલતાંજ તેની જેવી અસર અરનવાજના દીલ પર થઇ તેવી સાસાનનાં દીલ પર કોઈવાર થઈ ન હતી. કેમકે તેમાં ખરાં દીલની ઉંડાઇથી નીકલતા પીઆરનો જુસો સાદી પણ અસરકારીક રીતે બતાવેલો હતો, અને તેવીજ જાતનો પીઆર રાખનાર અરનવાજ પોતે પણ

એક હતી. એ ગીત સાંભલતાંજ જે તેના પર અસર થઈ, અને તેનો ચેહેરો બદલાઇ ગએઓ, તે ઉપરથી સાસાન અચરત થઈ બોલીઓ, "હું ખચીત કેહુંછ, સાદાબ; કે જોકે તું હજુ ઘણો જવાનછે, તોપણ કોઈ પરીત ભરીઓ ચેહેરો તેં જોએઓછે, જેની ઉંડી અસર તારાપર રહેલીછે; નહી વારૂં?" "હા સાહેબ," અરનવાજે ઉતર વાલીઓ, "એવું કંઈ છે ખરૂં." તીઆરે, સાસાને પુછીઉં," તે કેવી સ્ત્રીછે, અને તેની ઉમર શું છે?" "સાહેબ," અરનવાજ બોલી "તે તમારાજ જેવા ચેહેરાની અને તમારાજ જેટલી ઉમરનીછે." એ સાંભલી સાસનને જરા હસવું આવીઉં કે, આ જુવાન છોકરો, મારા જેટલી ઉમરની, એટલે એનાથી કેટલેક વરસે મોટી, અને મારા મરદના સરખા ચેહેરાવાલી સ્ત્રી ઉપર મોહીત પડીઓછે! જોકે અહીઆંતો અરનવાજે પોતાના છુપા પીઆરનો એક બાણ ફેંકીઓ હતો, પણ તે સાસનના દીલમાં લાગો ન હતો. એટલે અરનવાજ સાસાન સીવાએ બીજાં કોઇને ખરાં દીલથી ચાહાતી ન હતી, તેથી તેણે તેની ઉપરના પીઆરને તદન જુદા, બલકે તદન ઉલટા આકારમાં કહી સંભલાવીઓ, પણ સાસાન તે કશું સમજીઓ નહી. એટલી વાતચીત થએઆ પછે, સાસાન પોતાને મકાને ભારી દીલથી જઈને સુતો, અને અરનવાજ ડસકાં ભરતી છાતીએ પોતાને મકાને જઈને સુતી. સાસાનના દીલમા જેહાનઆરાની જુદાઈની અગન બલતી હતી, અને અરનવાજના દીલમાં સાસાનની જુદાઈની ઝાલ ઉઠતી હતી. અરનવાજે પોતાના છુપા પીઆરના તરેહવાર એસારા કરીઆ હતા, પણ સાસાન તે કશું સમજીઓ ન હતો, અને અરનવાજ એવી હાલતમાં ન હતી કે તેનો તે પુરતો અથવા લગભગ પુરતો ખોલાશો કરી શકે તેમજ તેની હાલતમાં તે એવી સપડાઇ ગઈ હતી કે, શું કરવું તે તેને કશું સુજતું ન હતું, જેથી તે મનમાં ધીરજ રાખી, આવતા વખત ઉપર કાંઈ સારા ફેરફારની આસા બાંધી બેડી હતી.

---

### પરકરણ ૬ ઠું.

સહવાર પડતાંજ અરનવાજ ઉઠી અને પોતાના ધણીના હોકમ પરમાણે જેહાનઆરાના ઘેરનો રસતો લીધો. તે તેના દરવાજા આગલ જઈ લાગી, પણ હવે તેમાં દાખલ થવાને વચે એક ઘાસનું તનખું પણ આડું ન હતું. બારણા તેને મારે ઉઘાડાંજ હતાં, અને જેહાનઆરાના બે મલકતા હોલાની સાથે ગોએઆ તેઓ પણ તેની રાહા જોતાં ઉભાં હતાં. જેહાનઆરા પોતાના દીવાનખાંનામાં કોચપર પડીને અરનવાજનોજ વીચાર કરતી અને તેની છાતી ઉપર ઉંચકાતી ને નીચે બેસતી. અરતવાજના (છોકરા તરીકે) પીઆરથી તેનું દીલ જખમી થઇ દુખતું હતું અને તે નં ખમાવાથી તે ડસકાં ભરીને રડતી હતી જેથી તેની છાતી ઉંચકાતી ને બેસતી હતી. તેની ઝીણી પણ સુંની આંખ ચીમડાઇ ગઈ હતી અને તેમાંથી એક પછે એક મોતી ગબડી પડી તે હવામાં ગુમ થઈ જતાં હતાં.

એવામાં અરનવાજ તેની શામણે જઇને ઉભી અને તેને સલામ કરીને ઉભી રહી. જેહાનઆરા ગભરાઈને પોતાના સોફા ઉપરથી ઉઠી અને પોતાનો દેખાવ બદલી નાખવાની કોશેશ કરી, અરનવાજને મોટા પીઆર ભરી આંખથી જોઈને બેસવાને ફરમાવીઉં. આગલ જણાવીઆ પરમાણે એવી સ્ત્રીઓમાં હમેશ એ ચાલ હોએછે કે તેઓ હર કોઈને ગમે એવી ચાહતી હોએ અને તેની સાથે પરણવાને ગમે એવી રાજી હોએ, તો પણ તે ઘણીજ ભારી થઈ અને પોતાના જીગરના સાથીને કેટલોક અધીરો તથા ચીંતાતુર બનાવી ને, મોટી મેહેનતે તેને આધીન થાએ છે અને તેના મનમાં એવું ઠસાવાની કોસેસ કરેછે કે, તે તેના હાથમાં ઘણીજ મેહેનત અને મુશકેલીથી આવીછે. એવું દોલ ઘાલવાને જેહાનઆરાએ બે વેલા ઈઅતન કરીઓ, પણ બંને વાર તે તેમાં નીષ્ફલ થઈ, અને પોતાનાં મનની આરસીપરનો પરદો અધીરાઈના પવને ઉડી ગએઓ, જેહાનઆરા પોતાની આવી નબલાઈથી ઘડી ઘડી મનમાં પસતાતી હતી પણ ખરી, અને તેનો અટકાવ કરવાને ઘણીજ કોશેશ કરતી ખરી, તોપણ તે જાણતી ન હતી કે તેનાથી તે કેમ થઈ જાએ છે. અલબતે આએ વેલાએ જેહાનઆરા અરનવાજનાં પીઆરમાં એટલીતો દેવાની બની ગઈ હતી કે, પોતાનું ડોલ, દરજજો અને દમામ એ સઘલું ભુલી ગઈ હતી, અને તે સઘલાંનો ભોગ તે અરનવાજના બે મીઠા બોલોને મારે આપવાને તતપર હતી.

જેહાનઆરા જે પોતાનાં દીલમાં આવી લડાઇ કરતી હતી, તે અરનવાજ બારીકીથી જોતી હતી, અને તે તેનો સઘલો મરમ સમજી ગઈ હતી, પણ જાણે તે કંઈજ જાણતી નહીં હોએ તેમ અખાડામાં બેસી રહી હતી.

એ જુસાનો ઉભરો જરા નરમ પડવા બાદ એકવાર ઘાતકી અને હઠીલી, પણ હાલમાં દએઆલુ અને નરમ પડી ગએલી ખુબશુરતી, જેહાનઆરા, અરનવાજનાં મોડાં તરફ મોટી ગંભીરાઈ, જેમાથી પીઆરનાં કીરણો ખુલી રીતે પરકાશી નીકલતાં હતાં, તેથી જોઈને બોલી, "કેમ સાહેબ, તને કેમ છે?" અરનવાજે મોટા ટેકાવ અને ગંભીરાઈથી જવાબ દીધો, ખુબશુરત બાનું, હું એકવાર ફરીને મારા ધણી સાહાજાદા સાસાનનો પેગામ તમારીપર લાવીઓ છું." તે સાભલી જેહાનઆરા લગાર ગુસાથી બોલી, "સાહેબ હું તમોને કહું છું કે, હવે તમે ફરીથી મારી આગલ તેને વીશે એક બોલ પણ બોલશોના; પણ જો તેને બદલે તમે મને એક જુદોજ પેગામ કેહશોતો, તે હું એક સીતારનાં સુંદર ગાએન કરતા વધારે ઉલટથી સાંભલીશ." અલબતે આએ વાકીઅ તદન ખુલો હતો, અને તેની મતલબ અરનવાજ તરત સમજી પણ ગઈ. જેહાનઆરા બોલી કે, "તેતાં કરતાં કાંઇ બીજો પેગામ." એટલે કે અરનવાજનો પોતાનોજ પેગામ. એટલે જો સાસનને બદલે અરનવાજ પોતે તેની સાથ પરણવાની માગણી કરેતો, તે માંગણીના શબદો, જેહાનઆરા એક સીતારનાં સુંદર ગાએન કરતાં વધારે હોંસથી સાંભલે. પણ વલી જેહાનઆરા એટલો ભરમ ભરેલોજ વાકીઅ બોલીને બેસી નહીં રહી, પણ એકદમ પોતાનો ભરમ ખોલા શબદોમાં કેહેવા જાએછે, તેવામાં અરનવાજનાં ચેહેરામા થતો ફેરફાર તેની નજરે પડીઓ. અલબતે જેહાનઆરાએ પરથમ મનમાંતો એમજ ધારીઉં હતું કે, આ મારા વાકીઅથી અરનવાજ મારો ભરમ સમ

જતાંજ તે મારા પીઆરમાં ઘેલો (ઘેલી) થશે, પણ જીઆરે તેને બદલે તેનાં મોડાંનો દેખાવ લગાર નાપસંદ અને હઠીલો જેવો લાગો, તીઆરે તે લગાર ગભરાટમાં પડી, અને પોતાના મનની વાત ખુલી રીતે અને ખુલા શબદોમાં અરનવાનને સમજાવવાને બોલી, "ઓ, સાહબ, જોકે મારાં આવાં બોલવાથી તારાં મોડાં ઉપર ગુસો અને હઠીલાઈ ઝલકી આવેલાં લાગે છે, તોપણ તે મોડું, તેટલું છતાં, મને કેવું ખુબસુરત અને મનપસંદ લાગે છે ! પણ વાહાલા સાહબ, હું મારો જીવના, મારી જવાનીના, અને મારી નેકીના સોગન લઈનો તુને ખરેખરૂં કહું છું કે, હું તુંને એટલી બધી તો ચાહું છું કે, તારી આવી મગરૂબી અને હઠીલાઈ છતાં, હું મારો સઘલો ટેક છોડી દઈ, હું તારા ગોએઆ આંવા કાલાવાલા કરૂં છું." અલબતે આએ કંઈ થોડું નહીં થઈઉં, અને જેહાનઆરાએ થોડું નહીં કીધું. તેણે પોતાનો સઘલો ટેક અને મગરૂબી છોડી દઈ, પોતાનો ભરમ અરનવાનને કહી દીધો, એટલુંજ નહી પણ તેને માટે ગોએઆ તેને ફરજ પાડવાની તથા કાલાવાલા કરવાની કોશેશ કીધી. એ કઈ થોડું નહી થઈઉં, પણ એક ખરો પીઆર કેટલું કરી શકે તેટલું બધું થઈ ચુકું અને એક જુવાન છોકરી પોતાના પરીતમને સમજાવવાને જેટલું કરી શકે તેથી ઘણું વધારે જેહાનઆરા કરી ચુકી. વલી જેહાનઆરા કોઈબી રીતે દોલતમાં, દરજજામાં કે ખુબસુરતીમાં અરનવાન કરતાં ઉતરતી ન હતી, પણ તે વેલાએતો તે તેના કરતાં એ તરણ મધેના પેહેલાં બેમાંતો ઘણીજ ચહડતી હતી. જેહાનઆરા એક મોટા ઉમરાવની છોકરી હતી, અને તેના પીઆરમાં આખા જરનદાબના સઘલા અમીર ઉમરાવના છોકરાઓ તો શું પણ સાસાન સરખો શાહજાદો ગીરફતાર થઈ જેમ પાણી વીના માછલી તલપે તેમ તેની જુદાઈથી તલપતો હતો. એવી એક મગરૂબ સ્ત્રી સાહબ સરખા જુવાન અને ખુબસુરત છોકરાને પોતાનું સઘલું માન મેલી ગોએઆ કાલાવાલા કરે, તે છતા તે છોકરો મગરૂબ રહી તેનો જવાબ ના સીવાએ બીજો કશો નહી વાલે તે એટલુંતો નવાઈ ભરેલું લાગે અને તેમાંથી કોઈ એજ સાર કાહાડે કે તે છોકરો ઈઆતો તદન દેવાનો હોવો જોઈએ કે નહી તો તેનું પુરૂષપણું તદન શક ભરેલું હોવું જોઈએ. ખરેખર છેલી વાત ખરી હતી, પણ તે જેમ જેહાનઆરાને તેમજ કોઈને ખબર ન હતી. એ સઘલું થઈ રેહેવા બાદ જેહાનઆરા ઘણીજ આતુરતાઈ ભરેલા ચેહેરાથી સાહબના ચેહેરા તરફ જોવા લાગી કે જોઈએ હવે તે છેલો જવાબ શું દેછે. છેલો એટલા માટે કે, જેહાનઆરાએ પોતાના મનનો ખોલાશો જરાએ જરા તેની આગલ કરી દીધો હતો, જેથી હવે અરનવાનનાં મોડાંમાંથી જે જવાબ નીકલે, તે ખરેખર ખાતરી ભરેલો અને છેલોજ હોવો જોઈએ. પણ અફશોશ ! જેહાનઆરાની સઘલી ઝલકતી આસાને તદન ઝાંખી કરી, અરનવાન પોતાની જગાપરથી ઉઠીને ઉભી થઈ, અને હવે પછે તે કદી પણ સાસાનનો પેગામ લઈને તેની પાસે નહીં આવશે, એવું જેહાનઆરાને જણાવી, પોતે ચાલવા માંડીઉં. પણ તેવાંમાંજ જેહાનઆરાએ તેને પકડીને ઉભી રાખી, અને ઘણાજ પીઆર અને ઓજરખાઈ ભરેલા શબદોમાં તેનો જવાબ માંગીઓ. એ જોઈ અરનવાને છેલો જવાબ એજ વાલીઓ કે, "મેં એવો ઠડાવજ કરેલો છે કે, કોઈ પણ સ્ત્રી સાથ પરીતી બાંધવી નહી." અફશોશ ! આ જવાબ સાંભલી મગરૂબ જેહાનઆરા કેવી નાસીપાએશ થઈ ગઈ હશે, અને પોતે આટલું બધું કરવા છતાં, સાહબે અથવા અરનવાને તેને છેલે આવો બેપરવા જવાબ દીધાથી તેના મનમાં કેવો ગુસો ઉપજીઓ હશે, અને અરનવાનને કેવા ધીકારથી પોતાની આગલથી જતું રેહેવા કહીઉં હસે ? નહીં, નહીં; વાંચનાર એમ ના સમજશો. ખરો પીઆર જુદીજ રીતનો હોએ છે, અને તેનું જોર અજબ તરાંહનું હોએ છે. અરનવાનનો છેલો આવો જવાબ સાંભલી જેહાનઆરા ઘણીજ દલગીર થઈ ખરી, પણ તેથી જરાએ ગુસાની કે ધીકારની નજરથી અરનવાન તરફ જોઈઉં નહી. એટલું છતાં પણ તે પોતાનું ડોકું એકગમ નાખી, મોડું કમલાવી, ઘણીજ પીઆર ભરેલી આંખે, અરનવાનનાં મોડાં તરફ જોવા લાગી, અને હજુ તે વખત જ તે સમજશે, અને ઠેકાણે આવશે, એવી તે મનમાં આસા રાખવા લાગી. વલી એવો પણ તે વીચાર કરવા લાગી કે, તે મને દેખડાવાને ભારી થતો હશે, માટે તે થોડા દાહાડામાં મારી મોહોબતની મોહોર થઈ પડશે. એવા સપના સરીખા વીચારમાં રહી જેહાનઆરા હજુ ધીરજવંત થઈ, અને બીજે દાહાડે જલદીથી પાછી તેને મલવાને અરનવાનને અરજ કીધી. અરનવાને ઘણાં ભારી દીલથી તેની તે અરજ સાભલી, તેનું દીવાનખાનું છોડી, સાસાનના મેહેલ તરફનો રસતો લીધો અરનવાનનું દીલ ભારી થવાનો સબબ કાંઈ જેહાનઆરાનો પીઆર નહી હતો, કેમકે અરનવાન પણ જાતે એક છોકરી હોવાથી, તે જેહાનઆરાની મોહોબતમાં ગીરફતાર થઈ શકે નહીં, પણ બીચારી જેહાનઆરા, તેનાથી ઠગાઈ, તેનાપર મોહોબત બાંધી, નકામી હેરાન અને દુખી થતી હતી, અને તેમાંથી તેને નીશફલતા સીવાએ બીજું કશું મલનાર નથી, તે વીચારથી તેનું દીલ ભારી અને ઉદાસ થઈઉં હતું.

## એક ભરથારના બચાવને માટે તેની સ્ત્રીએ કરેલી કોશેશ.

ભલી અને કેલવણી પામેલી સ્ત્રી પોતાના ભરથારને કેવું સુખ આપે છે, એટલુંજ નહી, પણ સંકટની વેલાએ તેને કેવી મદદ કરે છે, તથા કામ લાગે છે તેના આગલા વખતમાં બનેલા બનાવનાં ઘણાક દાખલાઓ આ ચોપાનીઆંમાં આપવામાં આવીઆ છે; પણ આએ વેલાએ, હાલ થોડા દાહાડાની વાત ઊપર બનેલો એક તાજો બનાવ અતરે પરગટ કરીએ છઈએ.

જેમ આગલ દેશી રાજાઓના વખતમાં આપણા દેસમાં ભીલ લોકો વસતા હતા, અને તેઓ ગામો

અને શેહેરો ઊપર હુમલા કરી તેમને લુતા હતા, તથા માણસોને પકડી લઇ જતા હતા, તેમ ઈટાલી દેશમાં પણ એવી જાતના ભીલ એટલે લુટારાઓ વશે છે, જેમને “બરીગેનડસ” કરી કહે છે. એ બરીગેનડો જંગલમાં અને પાહાડોની ખીણમાં વશે છે, અને રાહદારીઓ ઊપર તથા છુટાં પડેલાં ગામડાંઓ ઊપર ચોરી લુટો ચલાવે છે. પણ તે સાથે એ ચોરીઆંઓનો ખીજો પેસો એવો હોએછે કે, તેઓ રસતે ચાલતા મુસાફરોને પકડી લઈ જાએ છે, અને પછે તેને છોડવાને મોટું દામ માંગે છે. જો ચોકસ વખતમાં, તે પકડાઈ ગએલાં સખશના મીતરો કે સગાં વાહલાં, તે લુટારાઓ માંગે તેટલી રકમ આપીને તેને છોડવી નહીં લઈ જાએતો વખતે તેને મારી નાખેછે, કે નહીતો તેનાપર જફા ગુજારે છે, તથા ભારે વહીતરૂં કરાવે છે.

મી૦ મોએન નામનો એક અંગરેજ, એ દેશમાં મુસાફરી કરતાં હાલ એ ચોરીઆઓને હાથ પકડાઇ ગએઓ છે, જેને છોડાવી લેવાને તેની ભલી સ્ત્રીએ ઘણીક કોશેશ કરવા છતાં, તેની કોઈ રીતે દાદ ન લાગવાથી, અને તેની ફરીઆદ ઊપર ઈટાલીની સરકારે બરાબર ધેઆન ન આપવાથી, તે હીમતવાન સ્ત્રીએ, લનડન મધે પરગટ થતાં “ટાઈમસ” નામનાં, પુરૂથવી ઊપર એક સઊથી મોટાં મોભાવાલાં વરતમાન પતરમાં એક ચરચા પતર લખી મોકલીને છપાવીઊં છે, જેમાં તેણે ઈટાલીઅન સરકારની ગેરઈનસાફી માટે શકત ફરીઆદ કરી છે. અલબતે એ વરતમાન પતરનો (ટાઇમસનો) બોહોલો ફેલાવો હોવાથી, તે ફરીઆદ લગભગ આખાં ઈંગલંડનાં લોકોના જાણવામાં આવશે, તેમજ અંગરેજી સતાવાલાઓના જાણવામાં પણ આવશે. તેમાંથી પરીનામ એ નીપજશે કે, ચોમેરથી દાદ પોંહાંચી તેનો વાહાલો ભરથાર તે ભયંકર લુટારાઓનાં કેદખાનાંમાંથી છુટો થશે. કેમકે તે જાતનો અંગરેજ છે, અને બરીટીશ પરજા છે, તેથી બરીટીશ સરકાર તેનો છુટકારો કરવાને બંધાએલી છે. ખચીત જો એ સ્ત્રી પોતાની કલમ કસીને એટલું બધું કરતે નહીતો, તેના ભરથારનાં કેદખાનાંની વાત કોઈ જાણતે નહી, અને તે બીચારો તે કરપીણ લોકોનાં કેદખાનાંમાં રીબીને મરણ પામને તોપણ તેનો છુટકારો થતે નહી. શીખેલી, અનુભવી અને હીમતવાન સ્ત્રી કેટલુ કરી શકે છે, અને સંકટની વેલાએ પોતાના ભરથારને, કે એજ પરમાણે પોતાના ભાઈબંધને, કે કોઇને, કેવી રીતે મદદ કરી શકે છે, તેનો એ સઊથી સંરસ અને જીવતો દાખલો છે જે મા બાપો પોતાની છોકરીને પુરતી કેલવણી આપવાને નકાંમુ સમજે છે, તેઓ કેવી ગફલતી કરે છે, તેનો વીચાર આ ઊપરથી તેમને સેહેજમાં આવશે. આજ કાલ પારસીની છોકરીઓ ઈસકોલમાં જઇ બે ચાર ચોપડી શીખે છે, અને તેટલાંમાંજ તેને બધું શીખી રહેલી (!) સમજી મા બાપો ઊઠાડી લઇ, જેમ ઢીંગલીને કપડુ હોડાડે તેમ સારીનો કટકો પેહેરાવી બઈરી કરી ઘેરમાં બેસાડે છે, તેથી તેઓ મોટપણે એવી હીમતવાન નીકલશે, એવી આસા રાખવી, એ જમીનમાં આંબાનું સુકું ડાંખલું ડાટી તે ઊપર કેરી આવવાની આસા રાખવા સરખું છે. તે ચંચલ સ્ત્રીએ, નીચે પરમાણે ફરીઆદ લનડન ટાઈમસમાં લખી મોકલી છે—

ટાઈમસના અધીપતી જોગ.

સાહેબ—મારો ભરથાર આજ બે માસ થએ આ બરીગેનડસના હાથમાં કેદ પડેલો છે, અને તેને છોડવવાની મારી સઘલી આસા ગુમ થતી માલમ પડે છે. પરથમમાં મેં એવો વીચાર કરીઓ હતો કે, એ ચોરીઆઓને માટે હાલમાં જે ૬૦૦૦ માણસોનું લશકર (ઈટાલીઅન સરકારની તરફથી) રાખવામાં આવીઊં છે, તેઓ તેને છોડવી લાવશે, અગર નહીતો તેમને નાણા આપીને છોડવી લાવશે, પણ એવડું મોટું લશકર છતાં તેઓ તેને છોડવી શકતા નથી અને તેના છુટકારાને માટે તે લુટારાઓના સરદાર ઊપર મારેથી એક પતર કે નાણાની રકમ મોકલી શકાતી નથી, કેમકે ઊપલાં લશકરના જેનરલના હોકમ વગર કોઈ માણસ તેમની તરફ જઈ શકે નહી અને તેમ કરવાને તે જેનરલને અરજ કરવા છતાં તે હોકમ આપતો નથી. એ પરમાણે આગલ જેઓ એ લુટારાઓને હાથ પકડાતા હતા, તેમના કરતાં મારા ભરથારની હાલત ઘણીજ ખરાબ થઈ છે, કેમકે આગલ તે પકડાએલા શખસોને તે લુટારાઓ સાથ કાગલ પતરનો વેહેવાર સતાવાલાઓ ચાલવા દેતા હતા. હું સારી પેઠે જાણું છું કે એવા ખુની લુટારાઓના કામ ઊપર સરકારે આંખ વીચામણા કરવાં, અને પકડાએલા માણસને તેના મીતરોથી નાણા

આપીને છોડવવા દેવો એ ઘણુંજ અનઘટતું અને ગેર
ઇનસાફી ભરેલું છે, તોપણ હાલમાં, જીઆરથી મારો
બરધાર તેમને હાથ પકડાએઓ છે તીઆરથી, દકશ
ણ ઇંગ્લીની સરકાર તેમ કરે છે. જો એ પરમાણે
એ સરકારથી તેમને એવું ઊતેજન નહી મલતું હનેતો
બેશક તેઓ આજના જેટલા ફાવતે નહી, અને મારો
બરધાર તેમને હાથ કેદ પકડાતે નહી. જોકે એવા લુ
ટારાઓની સામણે સરકારે આંખ વીચામણા કરવાં એ
ઘણુંજ ગેરઇનસાફી ભરેલું છે, પણ તેવું છતાં બેખ
બર મુસાફરોને વગર ચેતાવવે મુસાફરી કરવા દેવી,
અને તેમને ચોરીઆઓને હાથ પકડાએઆ જવા દે
વા, એ તેના કરતાંને વધારે અનઘટતું અને ગેરઈન
સાફી ભરેલું છે. જે રસ્તને હું અને મારો ભરથાર મુ
સાફરી કરતાં હતાં, તે રસ્તો ઈટાલીઅન સરકારનાં લ
શકરની નેઘેબાની હેઠે જાણી, તે ઊપર હમારી સલામ
તીનો પુર ભરોસો હમોએ રાખીઓ હતો, પ
ણ જીઆરે તે લશકર અશકત હતું, અને તેથી
સાલરનોના સતાવાલાઓ જાણતા હતા કે હાલમાં
એ રસ્તો ધાસતી ભરેલો થઈ પડેલોછે, અને તે લુટા
રાઓ પીસટમના મેદાન ઊપર ઊતરી આવેલા છે, તે
છતાં તેઓએ હમોને એવાં ભએની કશી ચેતવણી આ
પી નહી તથા પાછલથી કશો બચાવ કરીઓ નહી. જો
ઈટાલીઅન સરકાર એ લુટારાઓનો પુરતો અટકાવ ક
રવાને ચાહાતી હોએ તો તેઓએ તેમની નવી શકત
ઝોટવણ અમલમાં લાવવાની આગમચ મારા ભરથા
રનો છુટકારો થવા દેવો જોઈએ છે. આએ ઘણુંજ
ઘણુંજ ઘાતકીપણું છે કે, એ લુટારાઓને હાથ આગ
લ પકડાએલા ઈટાલીઅનો કરતાં એવા એક અંગરેજ
ઊપર વધારે જબર ગુજરેછે હાકીપતી સાહેબ, આ પ
તરને તમારાં બલવંત પતરમાં પરગટ કરશો તો મારી
ઊપર મોટો ઊપકાર થશે, અને મારી પર આવી પડે
લાં આવાં દુખની વાત મારા દેશી ભાઈબંધોના જા
ણવામાં આવશે.


હું છું થારેબ,
તમારી નમનતાઈ ભરેલી સેવક,
એની શેએન.

સાલરનોની તા૦ ૧૨ મી જુલાઈ

આ લખાણ ઊપરથી, વાંચનારી બાંનુઓ જો
શે કે, તે હીમતવાન સ્ત્રીએ. કેવી ચાલાકીથી ને સર
ચા પતર લખીગ઼ં છે, અને તેમાં કેવી હીમતથી ઈટાલી
અન સરકારની બેદાદી તથા ગેરઈનસાફીની ગફ્ત ફ
રીઆદ કરી છે, અને પોતાના પીઆરા ભરથારનો છુ
ટકારો ચાહેઓ છે. એ પરમાણે આપણી કઈ સ્ત્રી
ઓ, પોતાપરનાં દુખની ફરીઆદ વરતમાન પતરોમાં
કે ચોપાનીઆંઓમાં કરી જાણે છે? એવી રીતે કેટલી
એકોને કરતાં આવડતું નથી, અને જેમને આવડે છે
તેમને હીમત નથી. જો પારસી, હીંદુ વગેરે હરેક દે
શી સ્ત્રી, પોતાપરનાં હરેક દુખની ફરીઆદ લખી મોક
લે તો તેને માટે આ ચોપાનીઊં સદા ખોલું છે. તેઓ
એ ખચીત જાણવું કે એવી રીતે જાહેરમાં ફરીઆદ
કરવાથી તેમનાં હરેક દુખનો જેવો જલદીથી નીવેડો
આવશે, તેવો બીજા કોઈ ઊપાએથી આવવાનો નથી.

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૭૬ મો.



પીઆરાં બેન,

છેલ્લો પતર લખીઆ પછે, મેં અગસ્તપની સા
થે, થોડા દાહાડા સેંટ લુઈસ નામના ન્હાના ખાને જ
વાને હું નીકલીઓ, જીઆ થોડાક દાહાડાની મુસાફ
રી કરી આવી પોહોંચીઆ. અહીં માનરે હમે થો
ડા દાહાડા રહી પાછા નીઊઈઆરક તરફ જનાર હ
તા, પણ તેવામાં એક સજાગ નવાઈ સરખા બનાવથી,
આજે હું તે દેહેરને બદલે મેકસીકો નામનાં નવાઈ
જેવાં, અને જાણ્યા જોગ શેહેરમાં આવી લાગી છું
તે પર ... પોહોચી ... તરીકે ...
તરફ ... જેવો ... પીઠીને મા

રો મીતર જેની સાથે હું તીઆં ગએઓ હતો, તેને મળવાને આવીઆ. જોકે તેઓ જાતે ઈઊરોપીઅનો હતાં, તોપણ તેમના ચેહેરા, તેમનો પોશાક, અને તેમની ધપ કાંઈક નવાઈ જેવી લાગતી હતી. થોડોકવાર એકાંત જગાએ તેઓએ મારા મીતર સાથ. કાંઈક ખાનગી વાત કરવા બાદ તેઓ દીવાનખાનાંમાં, એક મોટી ગોલ ટેબલ મેલેલી હતી તીઆં આવીને બેઠા. મારો મીતર પણ તેમની સાથે બેઠો, અને મને બેસવાને પણ જણાવવાથી હું પણ તેમની સાથે બેઠો. બેસતાં વારજ મારા મીતરે મને તેમની સાથ મુલાકાત કરાવી, અને હું કોણ છું તે વીશે તેમને જણાવીઊં, જેથી તેઓ ઘણા ખુશી થએઆ, અને સારી પેઠે મને શેકહેનડ કીધી. તીઆર પછે તે તરણે શખસો કોણ હતા, તેનો ખોલાસો, મારા મીતરે, મારી આગલ કરીઓ. તે ઊપરથી જણાઈઊં કે, તેઓ પસચીમ અમેરીકાનાં મોટા "રણના વેપારીઓ" હતા. વાહાલાં બેન, "રણના વેપારી" તે શું તે કદાચ તમે સમજશો નહીં, તેથી તે વીશેનો તમોને ખોલાસો કરવો જોઈએ છે. પસચીમ અમેરીકામાં મોટાં રણો અને જંગલો છે, જેને કીનારે છુટાં છુટાં ઘણાક ગાંમો તથા શેહેરો વસે છે. એ ભાગને મેકસીકો દેશ કરી કહે છે. એવાં ગાંમો તથા શેહેરોમાં, ગાડાંઓ ભરી તેવા વેપારીઓ, મોટી મેહેનતે ઊપલાં રણ અને જંગલો પસાર કરી, અંગત જોગ માલ લઈ વેચેછે, એટલે તેનો વેપાર કરેછે. તે ઊપરથી તેવા વેપારીઓને "રણના વેપારી" કહેછે. તે તરણે વેપારીઓએ કેટલોકવાર બેસીને પોતાની મુસાફરીની તથા મેકસીકો શેહેરની તથા તેને લગતા બીજા કસબાઓની કેટલીક વાતો કીધી, જેથી મારા પર તેની એટલીતો અસર થઈ કે, જો બનેતો તેવી મુસાફરી કરી એક વાર તેવાં શેહેરો પણ જોવાં. અલબતે તીઆંના શેહેરો તથા કસબામાં મોટી ઇમારતો અને નવાઈ જેવા બાંધકાંમો તથા વસતુઓ જોવાના ન હતાં, પણ તીઆંના ભઅંકર અને દબદબા ભરેલા જંગલી દેખાવો, મોટાં રણો, મોટા પરવતો, જવાલામુખીઓ વગેરે ઘણા જોવા લાએક હતાં. સુધરેલાં અને રોનકદારો શેહેરો જોઈને તો હું ધરાએઓ હતો, જેથી કુદરતની બીજી જાતની મહાભારત રચણા જોવાને મારૂં મન થઈઊં. પેલા વેપારીઓ પોતાની મુસાફરીની અને તેમને નડેલાં સંકટોની એકેકી એવી વાતો કરવા લાગા કે, તે સાંભલી મારાં મનમાં મોટી બીહીક લાગવા છતાં, તેવી રચણા પણ જોવાને મારૂં ઘણુંજ મન થઈઊં. વલી તે વેપારીઓએ વાત કરતાં જણાવીઊં કે, તેમનો અને તેમના ભાઈબંધ વેપારીઓનો સઘલો માલ ભરાઈને તઈઆર થએઓછે, માટે તેઓ તરણ ચાર દાહાડામાં મેકસીકો તરફ ચીહાહા ખાતે કુચ કરી જશે. આએ શબદો સાંભલતાંજ મારા અંતકરણમાં લોહીનો મોટો ઊછાલો થઈ આવીઓ, અને એકદમ મારી છાતી ધડકવા લાગી. આવી સરસ તક હાથથી જતી ન મેલવાનો ઠરાવ કરી, મેં એકદમ તેમની સાથે મુસાફરીએ નીકલવાનો વીચાર કીધો, અને તરત તે મારા મીતરને તથા તે વેપારીઓને જણાવી દીધો. એ સાંભલી તેઓને હસવું આવીઊં, અને અચરત થએઆ કે, તેમની આવી ભઅંકર વાતો સાંભલવા છતાં મારૂં એકદમ કેમ મન થઈ આવીઊં. તે વેપારીઓએ તેમજ મારા મીતરે મને એ વીચાર ફેરવવાને ભલામણ કીધી, પણ તે સાંભલવાને મેં તદન ના પાડીઊં. એ પરમાણે મારો તદન ઠરાવ જોઈ મારા મીતરે વધારે ખોહોસ ન કરી, કેમકે તે જાતે ઘણો હીમતવાન પુરૂષ હતો, તેથી તેના મનમાં એવી મુસાફરીની ધાસતી થોડી હોવાથી મને ઝાઝો અટકાવ કરીઓ નહીં. તેમજ પેલા તરણે વેપારીઓએ પણ મને સાથે લઈ જવાની મોટી ખુશી બતાવી, જેથી મને પણ ઘણો હરખ ઊપજીઓ, અને બીજે દાહાડે મારી તઇઆરી કરવા મંડી ગએઓ. અલબતે મને કાંઈ વેચવાનો માલ મતા લેવાનું ન હતું, પણ તે મુસાફરીને-બરનો પોશાક, ઘોડો, અને પુરતાં હથીઆરો તઈઆર કરવાનાં હતાં. હથીઆરો એટલા માટે કે, તે જંગલોમાં ગોધા વગેરે તરેહવાર જંગલી જનાવરોનો ભએ ઘણો હોએ છે, તથા તીઆંનાં જંગલી ઈંડીઅનો વખતે માલ લુટવાને હથીઆરબંધી આવી તુટી પડે છે, તે વેલાએ તેમનો મોટો ઊપીઓગ પડે છે. તે સઘલું એક દાહાડામાં તઈઆર કીધું, અને તરીજે દાહાડે, મારા મીતરને છેલી સલામ કરી, પેલા તરણ વેપારીઓની સાથે મારી મુસાફરીએ નીકલીઓ.

ઘેરથી નીકલીઆ તેવા, ગામને પાદરે એક ખોલી જગામાં આવી પોહોંચીઆ, જીઆં બધો સંઘ એકઠો થઈને ઊભો હતો. તેમનો દેખાવ મોટો દબદબા ભરેલો, અને અસરકારીક લાગતો હતો. એ



આફ્રિકની પરમટ રાણી.

દેન ઊપર લાંબી ને લાંબી એક શે ગાડાં, જે આપણા દેશનાં ગાડાંઓ કરતાં ઘણાં પોહોલાં અને લાંબાં હતાં, તેની એક હાર થઈને ઊભી હતી. એકેક ગાડાંને બેથી ચાર ઘોડા જોડેલા હતા, અને તે દરેકની ઊપર હાંકનારો બેઠેલા હતા. તેમજ સઘલા વેપારીઓ, તેમજ નોકરો વગેરે લગભગ પચાશ માણસ ઘોડેશવાર થઈ હથીઆરબંધ ઊભેલા હતા. કેટલાકે અમેરીકન ઘોડાઓ ઊપર બેઠેલા હતા, અને કેટલાએક, તે તરફનાં જંગલમાં થતા મસતાંગ જાતના ઘોડાઓ ઊપર, અને કેટલાએક ખચરો ઊપર પણ સવાર થએલા હતા. તેમના પોશાક બનાવટમાં લગભગ એકસરખા, પણ રંગમાં જુદા જુદા હતા. તેમજ હથીઆર પણ બધાઓ પાસે પગથી તે માથાં વેર ખોસેલાં હતાં. મેં પણ તેમનાજ જેવો પોશાક પેહેરીઓ હતો, અને તેમનીજ માફક હથીઆર બાંધીઆં હતાં; અને એક સપેનીશ ચાલાક ઘોડા ઊપર સવાર થએલો હતો. અલબતે મેં કેવો પોશાક પેહેરીઓ હતો તે જાણવાને તમારૂં મન થશે, તેથી તેની વીગત તમોને લખી જણાઊં છું, જે વાંચતાં, હું ધારૂંછું કે, તમોને ઘણુ નવાઈ જેવું લાગશે, મેં પેહેલે નીચે એક સફેદ શરટ પેહેરી, તેની ઊપર હરણનાં સાફ કીધેલાં ચાંમડાંનો ડગલો પેહેરીઓ હતો. તેનો રંગ જરા પીલાશપર હતો, અને તેની કીનારીએ સુંદર ભરત ભરેલું હતુ. પગમાં લાલ રંગનું પાટલુન, અને મોટાં તથા જબરાં બુટ પેહેરીઆં હતાં. તે બુટની એડીએ પીતલના, ઘોડાને મારવાના, જબરા કાંટા જડેલા હતા. ગલાએ બલુ રંગનો ગલપટો બાંધીઓ હતો, અને માથાંપર એક જાતની શોભઈતી અને મજબુત બનાવટની ટોપી પેહેરી હતી. એક મોટો અને જાડો બહુજ ભારી પીઠ પછવાડે જીન ઊપર બાંધેલો હતો, જે રાતને સુવાને બીછાનાની જગાએ તેમજ સાથે ઓઢવાની જગાએ કાંમ લાગતો હતો. હથીઆરમાં—છ, છ, બારની બે રીવાલવરો મારી જીનના આગલા ભાગમાં ખોશેલી હતી, અને બીજી બે પાંચ, પાંચ, બારની મારી કમરમાં ખોશેલી હતી. તેની સાથે એક રાએફલની બંદુક હતી, જે ખાંધ ઊપર લટકાવી હતી. તે સઘલી પીસતોલો તથા બંદુક ભરીને તઈઆર રાખી ખોશેલીઓ હતી, કે અગત વખતે માતરે તેનો ઘોડો દાબી મેલી દેતાં વાર નહી લાગે. તે સીવાએ એક મોટી છરી જે લડાઈ કરવામાં તેમજ વાહાડવા કાપવામાં સઘલાં કામમાં વપરાતી હતી. એ સીવાએ થોડેક ખોરાક માએ એવી એક કોથલી, અને પાણીની છાગલ મારાં એક ખભાંએ ઓલવી હતી. એજ પરમાણે મારા બીજા સોબતીઓ પણ હથીઆરમાં અને પોશાકમાં ગોઅઆ ડટાઈ રહેલા હતા. એ પરમાણે સઘલાઓ એકઠા મલી રહેઆ, કે ઠેરવેલે વખતે હમોએ સેનટ લુઈસને છેલી સલાંમ કરી અને આગલ જંગલનો રસતો લીધો.

વાહાલાં બેન, આ પતર હાલ તરતતો આટલાંમાંજ બંધ કરૂંછું, અને મારી મુસાફરીનો હેવાલ જે તમોને ઘણો જાણવાલાએક થઈ પડશે, તે હું આવતા પતરમાં લખવાની આશા રાખી હાલ તરત તો રજા લઊં છું.

હું છઊં તમારો,
વાહાલો ભાઈ.

## આઉદની પદભરશટ રાણી.

પાછેના પાનાપર જે ચીત્ર આપીઊંછે, તે ગએઆ આંકમાં લખેલા આઊદના પદભરશટ રાજની રાણીનુંછે. એવી રાણીઓને અથવા મુસલમાનોની સ્ત્રીઓની ઘર માહેલી અલાહેદી જગાને જનાનો કરી કહેછે. વાંચનાર આટલી વાતથીતો અજાણીઆ નહી હશે કે મુસલમાનો પોતાની સ્ત્રીઓને ખુલે મોડે ફરવા દેતા નથી, એટલુંજ નહી પણ મોટે વાંધેની સ્ત્રીઓ તથા રાણી સરખીઓથીતો કવચીત પણ બાહાર નીકલાતું નથી. તે બીચારીઓથી પોતાના ભરથાર, બાઈ કે બાપ સીવાએ બીજા કોઈ સાથ વાત કરી શકાતી નથી અને દુનીઆં શું છે તેનો તેમને સપનામાં પણ વીચાર આવતો નથી. એક અંગરેજ સ્ત્રી એક મુસલમાનના જનાનામાં એક વેલાએ મલવાને ગઈ હતી તીઆરે તે માંની સ્ત્રી એક ફુલ જોઈ દલગીરીથી બોલી હતી કે, " અરે બેન, એ ફુલ તે કેવાં ઝાડ પર ઊગતું હશે, અને તે જગા તે કેવી રલીઆમણી હશે." એજ પરમાણે તે બાપડી સ્ત્રીઓ આ દુનીઆંમાં વગર તકશીરે એક બંધીવાનની જીંદગી ભોગવેછે.

વાંચનાર આટલી વાતથી પણ અજાણીઆ ન

હી હશે કે, મુસલમાનોમાં એકથી વધારે સ્ત્રીઓ પરણવાની છુટ હોવાથી તેઓ પોતાની ગુંજાશ માફક થાએ છે તેટલી બઈરીઓ કરેછે. તેમાં રાજાઓ અને પાદશાહઓતો નહી મનાએ એવી સેંકડોની સંખીઆ કરે છે. તે સઘલાંઓને એક મોટા મેહેલમાં જુદા જુદા ઓરડાઓમાં રાખે છે અને તેમની ઊપર એવાતો શકત ચોકી અને પેહેરા રાખવામાં આવે છે કે તેમાં રાજા સીવાએ એક ચલીઊં પણ દાખલ થઇ શકે નહી. તેમની ચાકરીમાં દાસીઓ અને ખોજાઓ હોએ છે જેઓ રાત દાહાડો પોતાની પાસે હથીઆર રાખે છે, તે રાણીઓની ખીદમત બજાવે છે તેમજ સંભાલ પણ કરે છે. જોકે તે સ્ત્રીઓને ખાવા પીવા સંબંધી, કે પેહેરવા ઓઢવા સંબંધી કશી પણ હાજત બાકી રેહેતી નથી, તોપણ છુટાપણુ, જે એક કીડી વરીકને પણ અતી વાહાલું હોએ છે, તે વીગર તે બાપડી ખુબસુરત અને જુવાન સ્ત્રીઓ રાત દીવસ ઝરે છે. જીઆરે તેઓ ઈઊરોપીઅન સ્ત્રીઓને જોએ છે, તથા તેમના છુટાંપણાની વાતો સાંભલે છે, તીઆરે તેમને ઘણુંજ અચરત લાગે છે અને પોતાની હાલત ઊપર ઘણીજ દલગીર થાએ છે.

એ રાણીઓનો સઘલો પોશાક ઘણુ કરીને કસબી હોએ છે. તેઓ પગમાં કસબી અથવા એવીજ બીજી ઊંચી જાતની સુરવાલ પેહેરે છે. તે સુરવાલ તેમની પગની ઘુંટી સુધી આવે છે, તેને બાંધવાને લેશમાં કસબી નારૂં રાખે છે અને તેને બંને છેડે મોટાં કસબી ખુમતાંઓ ઝુલતાં રાખેછે. તેઓ આંગમાં પણ તરેહવાર ઊંચાં રંગીન રેશમી કે કસબી કપડાંની બંડી પેહેરે છે, અને ઊપર કસબી ડોપટો નાખે છે. તેઓ જરીઆન પણ તેમજ ઘણું અને કીમતી પેહેરે છે. પાસેનાં ચીત્ર ઊપરથી જણાશે કે, તેનાં કાંનમાં અને ગલામાં મોતીની ગોએઆ લુંગરો લાગેલી છે. તે મોતીઓની વચે હીરા અને માણેક ચકચકી રહેઆંછે. હાથમાં સુનાની અને હીરા તથા મોતીમાં જડેલી પોંહાંચીઓ, અને સઘલાં આંગલાંમાં હીરા, માણેક, પાનાં વગેરેની વીટીઓ પેહેરેલીઓ છે તેની પાસે એક જડાવદાર હુકો છે, જેની કમાણદાર નલી પોતાનાં મોડાંમાં લઈ તેનો ધુમાડો લે છે. એવી સ્ત્રીઓ જાતે ઘણીજ ખુબસુરત અને મન લોભક હોએ છે પરીતી શું તે તેઓ સારી પેઠે સમજે છે, અને વાત ચીતમાં ઘણી ચંચલાઈ રાખે છે. એ રાણીની આગલ તેનું એક છોકરૂં બેઠેલું છે, જે શરીરે ઘણુ પુષ્ટ ઇઆને સુખીઆરૂં નજર આવે છે. તેમજ તેનાં મોડાં ઊપર ચંચલાઈની નીશાન ચલકી રહી છે. વાંચનાર બાનુંઓ, એ અને એવીજ બીજી રાણીઓને, તેમનાં આંગ માહેલું બેકીમતી જરીઆન અને ઊમદા પોશાક જોઈ કદાચ તેમને માટે એવો વીચાર કરશો કે, તેઓ કેવાં સુખમાં પડેલીઓ છે, તો તેમાં તેમની મોટી ભુલ છે. એ સ્ત્રીઓને સઘલી પરકારનું સુખ છે, પણ એક છુટાપણા વગર તેમને સઊથી દુખી જાણવાં. હમો નહીં ધારતા કે, પારસીની સ્ત્રીઓ, જેઓ આજે બીજી દેશી સ્ત્રીઓ કરતાં વધારે છુટાપણું ભોગવે છે, તેમાની કોઈ પણ, એવાં જરીઆન અને પોશાકમાં તેમનાં છુટાંપણાં કરતાં વધારે સુખ સમજશે.

---

## નીતીની કીમત.

### પરકરણ ૨ જું.

(સાધણ સફે ૧૨૦ થી)

મેહેરજીભાઈ પોતાના ઢોલીઆપર જઈને સુતો ખરો, પણ તેની આખમાંથી ઉંઘ અને શરીરમાંથી નીરાત એ બંને ઉડી ગએઆં. તેનાં મનમાં સેહેતાનીઅતે જબરૂં ઘર કીધું, અને તે સેહેતાનોની મદદ માગવા તથા સલાહ લેવા લાગો. કુંવરબાઈને પોતાનાં મનની છુપી પણ ભુંડી અને ભઅંકર વાત કેમ કેહેવી, તેને કેમ સમજાવવી, તે સમજશે કે નહી, તેના મનમાં વાત ઉતરશે કે નહી, ઈતીઆદી વગેરેના તે તરેહવાર વીચારમાં ગરકાવ થઈને પડીઓ. તે મનમાં પોતાને અને ધનજીભાઈને સરખાવવા લાગો, હાલત સરખાવવા લાગો, રૂપ સરખાવવા લાગો, અને દોલત સરખાવવા લાગો. સઘલાંમાં તેને ધનજીભાઈ ઉતરતો લાગો અને પોતાને સરસ સમજવા લાગો. તીઆરે વલી મનમા બોલવા લાગો કે, "શું તાહારે કુંવરબાઈ મારૂં કહી ઉં નહી માનશે ? શું તે ધનજીભાઈ ઉપર આવી ખુબસુરત થઈને રાજી હોશે ! શું તે મારામાં અને તેનામાં તફાવત જોઈ મને પસંદ નહી કરશે ? હું એને એકથી હજાર રૂપીઆ આપવા કેહેથ, અને તે આપસ. એને વામતે જે બી થશે તે કરસ. એક બારગી જીવબી ગએઓ તો તેની ફકર નથી." એવા એવા વીચાર કરતો તે જરા ઉંઘમાં પડીઓ, પણ વલી જરાવારમાં પાછો ચોકીને ઉઠીઓ અને મનમાં વીચાર કરવા લાગો કે "પણ એતું કરવું કેમ ? સહવાર પડતાંતો અહીંથી જવુછે, તીઆરે કુંવરબાઈ સાથે હું વાત કીઆરે કરીશ ને તેને કીઆરે સમજાવીશ ? ખરેખર હું કેવો બેવકુફ છું કે બનો વીચાર કીધો અને એ

વીચારતો કીધોજ નહી, પણ ખરાર, મારો હરીઓ કીઆ
ગીઓ અને મારો લાલો ભગત કીઆ ગએઓ ? એક લી
બુ જો તેઓ આપશે તો તેના જોરથી ધનજીભાઈ ઘેલો થઈ
જશે, અને કુવરબાઈ પોતાની મેલે મારી આગલ ચાલી
આવશે હા, હા, એનીતો મને તીઆરની ઇઆદજ નહી
અરરરર ! આએ વખતે હુ હરીઆને સાથે નહી લાવીઓ,
નહી તો કોઈનુ કામ નહી હતુ, કશો વીચાર કરવા
નો નહી હતો, પણ તોબી કઈ નહી, મને લાલા ભગતે
જે પેગ મતર શીખવેલો છે, તે આજે અજમાવી જોઉ
તેણે મારા ઘણા રૂપીઆ ખાધા છે, પણ જો આએ વેલા
એ તે મતરથી કામ પાર પડીઉ તો જાણે બધા તે વલી ચુ
કા કઈ નહી, તે પણ લીબુ મતરવાનોજ છે, અને જો
એક મતરીને તેના હાથમા આપીઉ તો ખચીત તેનુ મ
ન બધુ ફરી જશે હા, હા, એનીતો મને એઆદજ ન
હી બસ બસ, હવે જરા સુઈ જાઉ જો એની તીઆર
ની ઇઆદ આવી હતેતો, આટલો વાર ખાલી બલાપો ન
હી કરતે, અને ફોકટનો ઉજાગરો કોણ કરતે" એમ
બોલીને જેવો તે સુવા જાએ છે, અને આખમા જરા ઉઘ
આવે છે, તેવામા વલી તે ભડકીને ઉઠીઓ, અને બોલવા
લાગો, "પણ હુ શુ ઘેલો થઈ ગએઓ સહવારના પોહોર
મા તો ઉઠીને જાવુ છે, તેનો શો ઉપાએ કરવો, તેનો વીચા
રતો વલી કીધોજ નહી બધુ તો ખરૂ લીબુ મતરીને આ
પવુ તો ખરૂં, પણ તે બધુ કરવુ કીઆરે ? પાછલી રાતના
તો ગાટલી જોડવાની હવે, તેનુ કેમ કરવુ ? (કેટલોક વી
ચાર કરીને) હા, અમ કરૂ અમથો રહી પડીશ તો ધનજી
ને વખતે શક જશે, તો બધુ કામ બગડી જશે, વાસતે ક
ઈ બાહાનુ કરવુ જોઇએ, તેથી એવુ કરવુ કે પેગ બલદી
ઓ ઘણોજ લગડાઈ પડે એટલે રહી પડવાનુ ઠીક થાએ,
પણ તેને લગડતો કેમ કરવો ? ખરીમા છરી ભોકુ હ,
નહી, તેતો લોહી નીકશે અને ઘા જણાઇ આવશે તીઆ
રે ખરામા પથર ખોસુ ? પણ તેતો જણાઇ આવશે, અને વ
ખતે તે કાહાડી નાખીઓ કે નીકલી ગએઓ એટલે બલ
દીઓ ચાલતો થશે તીઆરે કરવુ કેમ ? (કેટલોકવાર વી
ચાર કરીને) હાઆઆ, હા ! હવે ઇઆદ આવી તે ઠી
ક પડશે એમજ કરવુ કે બલની ખરીમા એક લાબો કા
ટો ભોકીને બાહારથી ભાજી નાખવો એટલે તે આગલ ચા
લશેજ નહી, અને તે એકાએક માલમ પડશે પણ નહી વ
લી જીઆરે તેને ચાલતો કરવો પડશે, તીઆરે તે કાહાડી
નાખીઓ એટલે તેમબી થશે ઠીક, ઠીક, એ ઠીક પડશે
પણ એ બધુ કરવુ કીઆરે ? એવુ જાણતે તો તે રાતનુજ
કરી મેલતે, પણ કઈ નહી, જેવો પેહેલો મરઘો બોલીઓ
કે ઉઠીને તેમ કરૂ" એટલુ બોલીને તે નીરાત કરી શુઇ
ગએઓ તેની આખમા જરા ઉઘ આવી, અને એક સ
પનો આવવાને શરૂ થએઓ જેમા જાણે કુવરબાઈ તેના
ટોલીઆ આગલથી કચરો વાલતી હોએ એવુ તે જોએ છે
અને વેહેલો વેહેલો ઉઠીને તેને બોલાવા જાએ છે પણ તેવામા
તેના કાનમા મરઘાને વાસવાનો આવજ આવીઓ તેવોજ
તે ભડકીને જાગી ઉઠીઓ અને ઉઠીને ટોલીઆ પર બેઠો થ
એઓ બેઠો થએઓ તીઆવેર તેના મનમા એમજ હતુ
કે, કુંવરબાઈ તેના ટોલીઆ આગલનો કચરો વાલે છે, તેથી
તે મોકુ વીહીલુ મુકીને ટોલીઆની તને, આણીગમ, પેલી
ગમ જોવા લાગો, પણ તે તેને કેથે દેખાઈ નહી, પણ તેટ
લામા તે તેની હુશીઆરીમા આવીઓ, તેવુજ તેણે જાણી
ઉ કે એતો તેણે સપનો જોએઓ, પણ તીઆરે વલી તે વી
ચાર કરવા લાગો કે, તેણે જે મરઘો બોલવાનો સાદ સાભ
લીઓ તે પણ સપનામાજ કે ખરેખરો એના ગુચવારામા
પડી તે વીચાર કરે છે, તેવામા તેવો બીજો સાદ સભલાએ
ઓ, તીઆરે તેની ખાતરી થઈ કે તે સાદતો તેણે ખરેખ
રો સાભલીઓ તેથી તે વેહેલો વેહેલો ઉઠીઓ અને કોટમા
જીઆ તેના બલદોને બાધલા હતા તીઆ ગએઓ તેના બં
ને બલદો બેસીને વગોલ કરતા હતા, તેમાથી જે તેનો ચોનો
બલદ કમરીની ખાડી ઉપર જરા લગડાએઓ હતો, તેના
પગની તેજ ખડીના વચોવચના નરમ ભાગમા એક જાડો
અને લાબો કાટો, જે તે વાડમાથી ભાજી લાવીઓ હતો,
તે ભોકી ઘાલીઓ બલદે જોરમા પગ ખેચી લીધો, પણ
તેટલામા તો તે કાટો પોણો પેસી ગએઓ હતો અને માહે
થી જરા લોહી નીકલવા લાગુ હતુ પણ તેવાના હતુ રહી
ને બલદનો થાપો ઠોકી આસતે રહીને તેનો પગ પાછો હા
થમા લીધો, અને જાણે તે કાટો કાઢતો હોએ તેમ તે ભા
ગ પર જરા ધીમેથી આગળા ફેરવી એક જોર એવો કીધો કે
બાહાર રહેલો કાટો ભાજી નાખીઓ એથી કરીને બલદ
ને ઘણુ લાગીઉ, જેથી તે ભડકીને ઉઠીઓ તે જોઈને ચોકી
ને મેહેરજીભાઈ પણ ઉઠવા જાએ છે, તેવામા બલદની લાત
તેના ગુડઘામા એવી લાગી કે કેટલોવાર પાછો બેસી જઈને
તે દાબવા લાગો દાબતો દાબતો વીચાર કરવા લાગો કે
એના પગમાથી લોહી નીકલે છે તે બધ કરવુ જોઈએ, પણ
બલદતો ઉઠીને ઉભો થએઓ તીઆરે કરવુ કેમ ? એવામા
બલદનો પગ પાસે પહેલા એક છાણના પોદરામા પડીઓ, જે
જોઇ મેહેરજીભાઈ બોલીઓ "હવે ફકર નહી હવે મટોડું
છાટવાની જરૂર નહી" પછે તીઆથી ઉઠીઓ અને ગુઠ
ણમા વાગુ હતુ તેથી જરા લગડતો ઘરમા જઈને ઓગીને
પાછો પોતાના ટોલીઆપર સુઈ ગએઓ અને જાણે ઉઘા
ઈ ગએલો હોએ તેમ મોકુ ટાકીને સુઈ રહેઓ

---

### પરકરણ ૨ જુ.

સહવારનો પોરો ફાટતાજ ડીગત લીટીએ લાલ રંગ
નો પોશાક પેહેરીઓ, અને આસમાન આકાશમા પકશાઓ
શુદર સગેદ કાહાડવા લાગા ગાએ અને ભેસો ઉઠીને ઉ
ભા થએઆ અને નાખનાથી ફુફારા મારવા લાગા પશ
ચીમ તરફથી ઠડી લેહેરકી નીકલી ધીમેથી ફુકવા લાગી, અ
ને શામણેની ગમેરમાથી રાત વાસો પહેલા ગાડા, પાછી કુ
ચ કરી ચાલીઆ જતા હતા, તેના બલદના ગલા માહેલા
ઘાટનો શુદર શાદ અને પઈડાનો ખડખડતો આવાજ
સાથે મલી ગોએઆ રમતાને ગીત ગાવા લાગા ચદર એ
ક ગમથી તરતનો આખો પડીઓ હતો તેવામા બીજો ચદર
છાણથી લીપેલી કામદાની ભીતના ઓરડામા ઉગીઓ, એટ
લે કુવરબાઈ ટોલીઆપરથી ઉઠીને ઉભી થઈ, અને બાર
ણુ ઉઘાડી ઓટલાપર જે હારી રહેનો હતો તેને ઉઠાડીઓ
ઝડપથી તેને કચરો વાલવાને અને કોટ સાફ કરવાને કહી

વીચારતો કીધાન નહી; પણ ખરાર, મારો હરીઓ કીઆં
ગીઓ અને મારો લાલો ભગત કીઆ ગએઓ ! એક લી
ધુ જો તેઓ આપશે તો તેના જોરથી ધનજીભાઈ ઘેલો થઈ
જશે, અને કુંવરબાઈ પોતાંની મેલે મારી આગલ ચાલી
આવશે. હા, હા, એનીતો મને તીઆરની ઈઆદ ન
અરરરર ! આએ વખતે હું હરીઆને સાથે નહી લ તેનાં
નહી તો કોઇનું કામ નહી હતું, કશો વીચા નીચે
નો નહી હોત. પણ તોબી કંઈ નહી, મને
જે પેલો મંતર શીખવેલો છે, તે આજે ઠા આવેલા કે,
તેણે મારા ઘણા રૂપીઆ ખાધા છે, પરની ચીનધી ચી
એ તે મંતરથી કામ પાર પડીઉંતો નહી. એવી ભઅંકર
કો. કંઈ નહી, તે પણ લી નાકે વારને અંતરે આવેલા એ
એક મતરીને તેના હાથ
ન બધું ફરી જશે. લ ચહડી ગઇઉ, અને થોડવા
હી. બસ બસ, હુંકો થઇ ગઈશી. એ બનાવ જોતાં
ની ઈઆદ તાં માંણસો, જેમ જેને ગમે તેમ, પાણીમાં
હી કરને
બોળવી મેલી પેલા ભઅંકર ખડકપર ચહડવાની કો
આવકરવા લાગાં, પણ તેમાં ઘણાકો ફુટી પડી, પછ
લાગો, રણ પામીઆં. પણ એમ કરતાં આખરે બી
માં તો
રતો વ લમ અને બીજા સતાવીશ જન, તે ખડકને મ
પડું તપોંહોંચીઆ, અને તે વેલાએ રાતનો વખત થ
તો ગાલથી, તેઓ તેનેજ વલગી રહેઆ. એ વાં
આર કરી કેપટન પીઅરસ, જે કમનસીબ, એ વેલા
ને વખતે
ઈ બાંહાંનની બે મોટી છોકરીઓને સાથે લેઈ આ
ઓ ઘણોનો, તેમને પોતાની છાતીસે દાબી, લોહી બ
પણ તેને લી, તે પાંણીથી ભરાઈ ગએલાં વાંહાંણ
નહી; તેતો રહેઓ, અને સહવાર પડવાની વાત જો
રે ખરામાં
ખતે તે કા. જેઓ પેલા ખડકને મથાલે પોંહોંચી
દીઓ આ તેમને પણ કેપટનની બંને છોકરીઓને
આર કરીરે ચટપટ લાગી, પણ સહવાર પડતાં કંઈબી
કે પડશે.
ટો ભોકદરી તેમને તે ખડક ઊપર લાવવાને તેઓએ
લશેન કરીઓ. પણ તોફાન જરાએ નરમ ન પડવા
લી દર પલે મોટા ડુંગર જેવા મોજા તે વાંહાંણપર અ
ફેંડાવા લાગા, અને દર પલે તે વાંહાંણ અને તેમાંની
બે નીરદોશ અને નાજુક અબલાઓને તેમાં એકદમ
ગરક જવાની ધાસતી પડતી. પણ અફશોસ ! આખ
રે તેમજ બનીઊં. મધીઅમ રાતને સુમારે, પેલા
ખડકપર સહવારની વાટ જોતા બેઠેલાં માંણસોને વાંહાં
ણપરથી એક અતી કમકમાટ ભરેલી ચીચીઆરી સં
ભલાઈ, જેમાં પેલી બે અબલાઓનો છેલો આવાજ તે
ઓએ ઓલખીઓ, અને તેઓ આખરે મરણ પાંમે
છે એવું જાંણી તેમનાં હાડેહાડ ધ્રુજવા લાગાં. પ

તે મોટા તે ચીચીરીઆ ઊઠી, કે પલવારમાં પાછી બં
ધ થઈ ગઈ, અને સઘલું ચુપ થઈ ગઇઊં. વાંહાંણ
નું ખોખું, જે એક કાલાં ધાબાં સરખું દેખાતું હતું, તે
ગેપ થઈ ગઈઊં, અને તેની સાથે કેપટન પીઅરસ અ
ને તેની બે વાહાલી અને ખુબસુરત છોકરીઓ પણ સ
મુદરને તલીએ જઈ હમેશગીમાં શુતાં. અફશોશ !

એ બનાવ જોઇ, જેઓ જીવતા ખડકને વલગી રહેલા હતા, તેઓ જોકે સઘલા પોતાનાં મોહોતને પોતાનાં મોડાં સાંમે જોતા હતા, તોપણ, એવો ભઅ છતાં, તે બે જુવાન અબલાઓનાં મરણથી તેમની આંખમાં આંસું આવીઆં. પછે જેમ જેમ વખત જતો ગએઓ તેમ તેમ, તે બાપડાઓનાં શરીર છુંડાઇ માહેથી લોહી જતાં હતાં તેથી નબલા થવાથી, અને ઊપરથી પડતી કકડતી ઠંડીથી અકડી જવાથી, તદન અશકત થઈ જે ખડકને ચાંપી વલગી રહેલા હતા તે છોડતા ગએઆ, અને એક પછે એક અતી દએઆ ઊપજાવવા જોગ ચીચીઆરીઓ પાડતા નીચે પડી, અનીદાર ખડકોપર અફડાઈ ઝીકાઈ મરણ પાંમતા ગએઆ. એમ કરતાં તરણ કલાક ગએઆ પછે બામદાદનો વખત થએઆ, જે વેલાએ, જેઓ બાકી રહેલા હતા તેઓ પોતાની જગા જોઇ, દીસ પડતે જે બચવાની આંસા હતી તે છોડવા લાગા. તેઓએ જોઇઊં કે, તેઓ એક એવા ખડક ઊપરછે, કે જે ઊપરથી, બે વેંહેંત પોહોલી એક કોરપરથી ચાલી એક બાજુએ ફરી, એક તદન ઊભા અને ૨૦૦ ફીટ ઊંચા ખડકપર ચહડીઆ સીવાએ, તેમને કોઇબી રીતે બચવાને કશો ઊપાએ ન હતો. પણ હવે કરવું શું ? ઈઆતો તે એક વાર જીવ સટોસટની કોશેશ કરી તે ખડકને મથાલે પોંહોંચવું, કે નહીંતો તે જગામાં ભુખે મરી જવું. તેથી એ પરમાંણે બધી તરફથી મોહોતનો ઘેરો જોઇ, કેટલા એકોએ ઇઆહોમ જે બને તે ખરી, એમ વીચારીને ખડકપર ચહડવા માંડીઊં, પણ તેઓ બીહીકથી ધડોધડ નીચે પડી, ઝીકઈ મરણ પામવા લાગા. એમ કરતાં આખેરે બે જન ઊપર જઈ પોંહોંચીઆ, અને તીઆં જે એક ગામડું વસેલું હતું તીઆંના લોકોને એ આફતની ખબર કરી. તે સાંભલતાંજ તે સઘલાં લોકો તે ખડકનાં મથાલાંપર આવીઆ, અને જેઓ નીચે બાકી રહેલા હતા તેમને માટે મોટાં દોરડાંઓ નીચે મેલીઆં. એ દોરડાં પકડી તેઓ ઊપરં આવવાની

કોશેશ કરવા લાગા, પણ તેમાંબી કેટલાક થોડે થોડે ચહડી, ટુટી પડી મરણ પાંમીઆ, અને કેટલાકો સલામત ઊપર આવીઆ. તેમની તે ગામનાં લોકોએ ઘણી સારી બરદાસત કીધી, અને કેટલાક દીવસ પછે તેમને તેમના દેશ ભણી રવાના કીધા.

---

## લડાઈથી નીપજતી ખરાબી.

માણસ જાતે, પોતાનાજ ભાઈબંધ માણસ જાત ઊપર લડાઈની બાબદમાં જેવું કરપીણપણું વાપરીઊં છે, તેવું બીજાં કોઈ કાંમમાં વાપરીઊં નથી, અને જેવી એબ, એ કામથી તેઓએ પોતાનાં નામને લગાડી છે, તેવી બીજા કોઇ કામથી લગાડી નથી. માણસ જાત જોકે ખોદાનું ઘડેલું છે, અને તેની સઘલી નીશાનો તે પોતાનાં દરેક કામમાં બતાવે છે, પણ લડાઈની વખતે જે તેઓ દેખાવ કરે છે, તે ઊપરથી તેઓ તેટલીવાર ખોદાના નહી પણ સેહેતાનના બનાવેલા લાગે છે. ઈંગલંડ, ફરાનસ અને અમેરીકા આજે દુનીઆંપર સઊથી સુધરેલાં થવાનો શકો રાખે છે, પણ જીઆંવેર તેમનામાં લડાઈનું જંગલીપણુ અને સેહેતાનીઅતપણુ કાએમ છે, તીઆંવેર તેઓએ એવી મગરૂબી નહી લેવી, પણ પોતાના હાથ તરફ જોઈ પોતાને મોડે કબુલ કરવું કે તેઓ જંગલી અને માણસખાઊ છે; તે એવાકે, આજે જેવા જંગલી અને માણસ ખાઊ લોકો પાસીફીકના ટાપુઓમાં વસે છે તેમનાં કરતાં સો ઘણા માઠા.

ફરાનસની અંદર, ૧૫ મી સદીમાં, જે વેલાએ, તીઆંનો ચારલસ પાદશાહ, પોતાના મગજની માઠી હાલતનાં સબબથી અશક્ત થઈ પડીઓ હતો, અને તે વામાં રાજનો અખતીઆર લેવાને ડીઊક આફ બરગનડી અને ડીઊક આફ આરલીઅનસ નામના ઊમરાવો માહોમાહે ભગડી મરતા હતા, અને તે વેલાએ ઈંગલંડનો પાદશાહ ૫ મો હેનરી તે દેશ ઊપર ઊતરી પડી કેટલીક લડાઈઓ કરી તેનો કેટલોક ભાગ જીતીઓ હતો, અને આખરે પાદસાહ ચારલસની છોકરી કેથરાઈન સાથે પરણી ફરાનસનુ તાજ પોતાને માથે મેલીઊં હતું, તે વખતમાં રોએનના કસબામાં જે સેતમ ગુજરીઓ છે, તે અતી કનકમાટ ભરેલો અને જાણવા લાએક છે. સન ૧૪૧૫ ના જુન મહીનામાં, પાદશાહ હેનરીને, ઈંગલંડથી બીજી એક મોટી ફોજની મદદ મલવાથી, અને તે સાથે તોપ, દારૂગોલો વગરે લડાઈનો અસબાબ પણ પુષ્કલ આવી લાગવાથી, રોએનનો કસબો, જેમાં ફરેંચોની મોટી ફોજ હતી, અને તેઓએ કેટલાક માસનો તે કસબો મોટી બલતવારીથી જાલવી રાખેલો હતો, તે ઊપર હુમલો કરી તેને પોતાને સવાધીન કરી લેવાનો થડાવ કીધો. તે થડાવ પરમાંણે તેણે તે કસબાની આસપાસ મજબુત ઘેરો નાંખી તેને બંધ કરી મેલીઓ, અને એવી આસા રાખી કે, જીઆરે તેમના ઊપર ભુખમરો ગુજરશે, તીઆરે તેઓ પોતાની મેરે તાબે થશે. એ પરમાંણે તે કસબાપર ઘેરો પડવાથી, અને તેમાનાં લોકોએ બનતાં શુધી હેનરીને તાબે ન થવાના મજબુત થડાવથી, જેમ કહડાએ તેમ દાહાડા કાહાડીઆ, પણ આખરે અકટોબર મહીનાંમાં તેઓ ઘણાજ બતંગ આવી ગએઆ. તેમની પાસે કંઈ ખાવાનું નહી રહીઊં, તીઆરે તેઓએ ઘોડા, કુતરાં, બીલાડાં, ઊંદર વગેરે, માણસ જાતને ન ખાવા જોગ જનાવરો પણ પકડીને ખાધાં; પણ તેઓ હેનરીની ફોજને તાબે ન થએઆં, અને હેનરીએ તે ઊપરનો ઘેરો કાહાડીઓ પણ નહીં. અલબતે આવી આફત ગરીબો ઊપર ઘણીજ જોરમાં ગુજરતી હતી, પણ મોટા અમીર ઊમરાવોને સેહેજ સાહાજ સારો ખોરાક મલતો હતો. તે ખોરાક રખેને ખપી જાએ, અથવા લુટાઈ જાએ, તેથી તેઓએ અંતે, તે કસબામાંથી, ૧૨૦૦૦ ગરીબ પુરૂશો, સ્રીઓ અને બચાંઓને, જબરીથી ગામ બાહાર કાહાડી મેલીઆ, જેમાનાં ઘણાક બાહાર પાદસાહ હેનરીનાં લશકરની બીહીકે, તે કીલાની આસપાસની ખાઈમાં જઈને રહેઆં, અને તીઆં દર રોજ સેંકડો જનાં મરણ પાંમવા લાગાં. એ ખાહીમાં તે બાપડાંઓ એવીતો ભએંકર હાલતમાં પડીઆં હતાં કે, જેને જોતાં પથર સરખી છાતીનાં માંણસની આંખમાં પણ આંસુ આવીઆ વગર રેહે નહીં. બાકી જેઓ ગામમાં રહેઆં હતાં, તેઓ એવાંતો ભુખે મરતાં હતાં કે, કોઈ ઊમરાવને માટે ગોસ કે કાંઈ એવો બીજો ખોરાક જતો રસતામાંથી તેમની નજરે પડતો, તો સેંકડો લોકો, જેઓ ભુખમરાથી દેવાના અને બેદરકાર બની ગઆ હતા, તેઓ તેને લુટી લેવાને ટુટી પડ

તો, જેમાંથી તેમને પાછા રાખવાને, તે ખોરાકની સાથેના માણસ તેમને તરેતડ મારી નાંખતા. તેઓ એટલાતો અંતપર આવીઆ હતા કે, તે ખોરાકને હાથમાંથી જતો મેલવા કરતાં માર ખાઇને તીઆંજ મરી જવાને વધારે પસંદ કરતા; અને તે પરમાંણે રોજ સેંકડો માણસ મારીઆં જતાં. જોકે એ પરમાંણે કેટલાક મોટોઓને ચોરી છુપીથી અંતવેર ખોરાક મલતો રહીઓ, પણ બીજાઓને આખા તરણ મહીના શુધીતો કંઈજ નહી મલીઉં. તેથી અંતે એવું બનીઉં કે, જાનેવારી મહીનાંની શરૂઆત શુધીમાં, એવા ભુખમરાથી બધાં મલીને ૫૦૦૦૦ માંણસ ટવલીને અને તરફડીને મરી ગએઆં. જીઆરે પેલા હુજતી અને કરપીણ ઊમરાવોએ એ પરમાંણે હજારો માંણસોને મરી ગએલાં જોએઆં, અને તેમની કોઈબી પરકારે કોઈની મદદ મલી નહીં, તીઆરે થાકીને તા૦ ૧૬ મી જાનેવારીને દીને તેઓ પાસ્સાહા હેનરીને શરન થએઆ, અને રોએનનો કસબો તેને સવાધીન કીધો.

એ પરમાંણે ભુખમરાથી અને લડાઈથી જીઆરે, બંને બાજુનાં મલી લાખો માંણસો મારીઆં ગએઆં, તીઆરે એક માણસની ઊમેદ બર આવી, કે તેને ફરાનસનું તાજ અને છોકરી એ બે મલીઆં ॥ અફસોસછે માણસના એવા લોભ ઊપર.

---

## ચપટાં માથાંનો ચીનુક જંગલીઓ.

ગએઆ આંકમાં સેમાન જાતના જંગલીઓની બચાંને ઊધારવા તથા તેનાં માંથાંને ચોકસ આકારનું કરવા વીશે કેટલોક ખોલાશો લખવામાં આવીઓ હતો, પણ તે સીવાએ એક બીજી જાતના જંગલીઓ પણ માથાંની કુદરતી વલાણ બદલી પોતાને મનગમતો રાખે છે, તે વીશે થોડોક ખોલાશો અહીં કરીએ છઈએ.

કોલમબીઆ નંદી ઊપર એક જાતના જંગલીઓ વસે છે, જેઓ ચીનુક ટોલાના કેહેવાએ છે, પણ સાધારણ રીતે તેઓ "ચપટાં માંથાંના" ને નામે ઓલખાએ છે. સેમાન લોકોને જે જાતનાં માથાં પસંદ પડે છે, તેનાં કરતાં એ જંગલીઓને તદન જુદીજ રીતનાં પસંદ પડે છે. એ લોકોને જેમ માથું ચપટાં ઘાટનું તેમ વધારે ગમે છે, અને તેને વધારે શોભીતું તથા વધારે ચાલાક ગણે છે. તેઓ ગોલ માંથાંવાલા સઘલા જંગલીઓને ધીકારે છે એટલુંજ નહીં, પણ ગોરા લોકોને વટીક, એજ સબબથી ઘણુંજ ધીકારે છે. એ જંગલીઓ એવી જાતનાં માથાં કરવાને, પોતાનાં નાનાં બચાં ઊપર કેવી કીરીઆ કરે છે, તે ખરેખર ઘણીજ નવાઈ સરખી અને જાણવાજોગ છે. તે નીચે પરમાણે છે.

ચીનુક સ્રીને પેટે જેવું બચું અવતરીઉં, કે તેને ઊંચકીને, એક જાતનો સાંચો, જે તેનું માથું ચપટું કરવાને બનાવી રાખેલો હોએ છે, તે ઊપર તેને સુવાડે છે. તે સાંચો એવો હોએ છે કે, એક પાટીઆંનાં કટકાને એક છેડે એક પોહોલી ઠેસ કરે છે, અને બીજે છેડે, એક પાટીઆંનો કટકો, દોરીનાં મીજાગરાં કરીને જડે છે. પછે તે પાટીઆંની ઊપર ઘાસ કે સઞલાનું ચાગડું પાંથરી તેની ઊપર પેલાં બચાંને ચતું સુવાડે છે, અને પેલી ઠેસ સાથે તેના પગને અથડાવી માથાં ઊપર પેલો દોરીએ બાંધેલો પાટીઆંનો કટકો ઢાંકે છે. પછે તે પાટીઆંનાં કટકાને, આગલથી આંધરૂં પાડી એક દોરી પોએ છે, અને તે દોરી વડે ઢાંકણું ખેંચીને તેનો બીજો છેડો પગ આગલની ઠેસ સાથે બાંધી દે છે. તે દોરી લાંબીને લાંબી કપાલપરથી પગ સુધી જાએ છે. એથી કરીને છોકરાંનાં માંથાં ઊપર પેલું પાટીઆંનું ઢાંકણું ચપટ ઢંકાઈ રહે છે, અને તેથી માથાંના તે ભાગને વધતાં અટકાવ થાએ છે. તે બચું આડું સરી નહીં જાએ, તેજ તેની છાતીપરથી, પેટપરથી, અને પગપરથી, આડા બંધ નાખીને, પાટીઆં સાથે જકડી લે છે. એવી હાલતમાં તે બચાંને તેઓ સાતથી આઠ મહીના લગી રાખે છે (!) કેમકે તેટલા વખત પછે તેનું માંથું દબાઈને બરોબર ચપટું થાએ છે. એટલા મહીના સુધી તે બચું ચતુને ચતું, હીલીઆકે ચીલીઆ વગર પડી રહે છે, તોપણ તેથી તેને કસું નુકશાન કે દુખ થતું નથી ! તેની માં તેને ધવાડતી વખતે પણ એમનું એમ પાટીઆં શુધાં ઊંચકીને ખોલાપર લે છે, અને ધવાડીને પાછું જમીનપર મેલી છાંડે છે. જીઆરે માં બાહાર જાએ છે, તીઆરે તે પાટીઆંને બંને છેડે દોરી પોએલી હોએ છે, તે છાતીએ ઓલવી, પીઠપર બચાંને એમનું એમ મારી જીઆં જવું હોએ તીઆં જાએ છે.

એથી કરીને થોડેવેલી મુદત પછે તેનું માથું ટાલવાં ઊપરથી દબાઈને ચપટાં ઘાટનું, અને નવાઈ જેવા આકારનું થઈ જાએ છે, જે જોઈ તેની માં અને બાપ બંને ઘણાં મલકાએ છે! જોકે એવી રીતથી તેમનું માથું દબાતાં, તેમનું ભેજું પણ દબાએ છે, અને તેથી તેનો પણ કુદરતી આકાર બદલાએ છે, તોપણ તેમની મનશકતીમાં કશો ફેર પડતો નથી, એ ખરેખર તાજુબી ભરેલું છે. મી૦ પાલકેન નામનો નાંમીચો મુસાફ્ર કહે છે કે, તેમનાં ભેજાંની ઘણી વાર તપાસ કરવામાં આવી છે, જેમાં તેઓ બીજા ગોલ ઈઆને કુદરતી આકારનાંજ માંથાં વાલા જંગલીઓ કરતાં વધારે સારાં અને ચંચલ માલમ પડીઆંછે.

એ જંગલીઓની હાલત વીશે મી૦ પીલકેન એવું કહેછે કે, તેઓ બે ફુટ ઊંડા અને વીશેક ફુટ ચોરસ ખાડા ખોદી, તેની આસપાસ વાડ ભરી, માહે વસેછે. સ્ત્રીઓ ઝાડની છાલનું કાંઈ ચોલી સરખું પેહેરે છે, અને પુરૂશો તો તદન નાગાજ ફરે છે. એ લોકની ખાવાની એક રીત અતીઅંત કમકમાટ ભરેલી છે. જો કે તે આપણા સરખાંઓને ભારે કમકમાટ ભરેલી છે, તોપણ તેને તેઓ ઘણી પસંદ કરી, કોઈ કોઈવાર મોટી ઊકમાઈથી ખાએ છે. તે એછે કે—તેઓ પોતાનાં રેહેવાનાં ખાડાનાં મોડાં આગલ એક નાનો ખાડો ખોદે છે, અને તેમાં એક જાતનો અનાજ જે એક જાતનાં ઝાડ ઊપર થાએ છે, તે થોડોક નાખે છે. તેની ઊપર પાતલું જેવું ઘાસ પાંથરે છે, અને ઊપરથી અરધા ફુટને આસરે મટોડાંનું એક પડ કરે છે. પછે તે ખાડા ઊપર, આખાં ઘરનાં, બરોબર બોલીએ તો ખાડાનાં, રેહેનારાં રાત દાહાડો પીસાબ કરે છે, જે મેલા અનાજમાં પચે છે. એવી હાલતમાં તે અનાજને ચાર પાંચ મહીના રાખી તેને બાહેર કાહાડેછે, અને પછે તેને મોટા સવાદથી અને મોટી હોંસથી ખાએ છે !! એને તેઓ એક સઉથી સરસ પકવાન સમજે છે! તેઓ માંથાંમાં કદી કાંસકી સરખું કંઇ ઘાલતા નથી, પણ તેમનામાં માંથું જોવાની ઘણી ચાલ હોએ છે. તેમાં નવાઈ જેવું એછે કે, માથું જોતાં જે જુ તેમના હાથમાં આવે, તેને આપણી પેઠે મારી નાખવાને બદલે વાંદરાની પેઠે મોંમાં નાખી ખાઈ જાએ છે! મી૦ પાલકેન કહેછે કે, "એક દીવસ એક ઇનડીઅનને મેં તેનું કારણ પુછીઊં, તીઆરે તેણે એવો જવાબ દીધો કે—તેઓ અમુને કરડે છે, તેથી અમે તેને કરડીને ખાઇ જઈએ છઈએ!" એ જંગલીઓ બોલતી વખતે એવા કઢંગા ઊચાર કરે છે કે, જેને લખવા માંગીએતો, તેને કીઆ અકશરમાં લખવા તેનો મોટો ગુંચવારો પડે; કેમકે તેઓ બોલતી વેલાએ જીભનો ઘણો જ નવાઈ સરખી રીતે ઊપીઓગ કરેછે; પણ તે સાથે તેમની બોલી એવી અધુરી છે કે, કેટલીક મનની વાતોનો ખોલાશો તેઓ કરી શકતા નથી. તેઓ જીઆરે કોઈ ગોરા માણસને જોએ છે, તીઆરે તેઓ તેને પેહેલ વેહેલો આએ પરમાણે બોલાવે છે—"કલાક હોઆહ ઈઆહ." એ વાકીઅ તેઓએ અંગરેજોના "કલારક હાઊ આર ઈઊ," ઊપરથી લીધેલો હોએ એવું મી૦ કેન ધારે છે, કેમકે તે કહે છે કે, તેમની બોલીમાં એવી જાતનો વાકીઅ નથી.

## લખવાનો હુનર અને કાગલ.

કાગલના સરખી અતી ઊપીઓગી વસતુઓ આજે દુનીઆંમાં થોડીજ છે. લખવા અને વાંચવાનો હુનર આજના વખતમાં, માણસ જાતને માણસાઈના મુલકમાં લેઈ જનારૂં, અને તીઆં લેઈ જઈ તેને સુરૂપટીનો વઈભવ, અને કુદરતની કારીગીરી બતાવનારૂ વાંહાંણ થઇ પડીઊં છે, પણ તે વાંહાંણને તરવાનો સમુદર કાગલ થઇઊં છે. ઘણા અસલના વારામાં લખવાનો હુનર પોતાની હસતીમાં આવીઆ બાદ, તે વખતનાં લોકો, લખવાને માટે, કાગલને બદલે, ઝાડની છાલો, પાતરાં, ચાંમડાં, ધાતુનાં પતરાં અને પથરની લાદી વગેરે ઊપર લખતા તથા કોતરતા હતા. પથર અને ધાતુ ઊપર અકશરો કોતરવાનાં કરતાં ચાંમડાં તથા ઝાડનાં પાતરાં અથવા છાલપર લખવું વધારે સેહેલું પડતું હતું, તેથી તે જાતના લેખો પેહેલા કરતાં વધારે થએઆ હતા. આગલા વખતમાં રોમન લોકો પાટીઆંપર મીણ રેડી, તે ઊપર એક અણીદાર હથીઆર વતે અકશર પાડતા હતા. અસલનાં હીંદુઓ તાડનાં પાતરાં ઊપર લખતા હતા, જેમાના ઘણાક લેખો આજસુધી, ગુજરાતમાં આવેલાં પાટણ નામે નગરમાં, જઈન ધરમનાં એક પુસતકખાનામાં જાલવી રાખવામાં આવેલા છે.

જોકે ચીથડાંમાંથી કાગલ બનાવવાનો પેહેલ વેહેલો વીચાર ઈસવી સનની દશમી સદીમાં સુઝીઓ, તીઆંશુધી ઊપર લખેલી વસતુઓ લખવાના કામમાં વપરાતી હતી; તોપણુ તવારીખ ઊપરથી માલમ પડે છે કે, કાગલ સરખી કાંઈ વસતુ, ઈસવી સનની શરૂઆતની અગાઊ, મીસર દેશમાં શોધી કાહાડવામાં આવી હતી. તે કાગલ, નાઈલ નદીના કેટલાક છાલકા ભાગ ઊપર એક જાતનો બરૂના સરખો રોપો, જેને "પેપીરસ" કરી કેહતા હતા, તેમાંથી બનાવવામાં આવતાં હતાં. એ શોધ મીસરી લોકોએજ કરી હતી, અને તે પાછલથી એવીતો ઊપીઓગી થઈ પડી હતી કે, તેનો મીસરમાં મોટો વેપાર ચાલવા લાગો હતો, અને ગરીક તથા રોમન લોકો તેની મોટી ખરીદી કરતા હતા. પણ એ વેપાર કેટલાંક વરસવેર ચાલવાબાદ તદન બંધ પડી ગએઓ હતો, તેનું કારણ કેટલાકો એવું જણાવે છે કે, મીસરમાં "પેપીરસ" નો પાક ઓછો થઇ ગએઓ હતો; પણ કેટલાકો જણાવે છે, અને તે વધારે ખાતરી ભરેલું ગણાએ છે કે, મીસરના એક ટોલમી વંશના રાજાને, પરગામસના રાજા સાથે અદાવત હોવાથી, તે બીધે કે રખેને તે રાજાને તીઆં, અલેક જાનડરીઆ માંહેલું પુસતકખાનું, જે તે વખતે સઊથી મોટું ગણાતું હતું, તેના જેવું બીજું થાએ, તેથી તેણે "પેપીરસ" ને બાહાર દેશાવરો ખાતે મોકલવાને તદન બંધ કરી. જીઆરે એ વસતુની એ પરમાંણે બંધી થવાથી તેની તાણ પડવા લાગી, તીઆરે ઈસવી સનની ૨૦૦ વરસ અગાઊ, તેને બદલે જાનવરનાં ચાંમડાં વપરાવા લાગાં. તોપણ એ પેપીરસ કાગલ થોડાં ઘણાં છેક સાતમી સદી સુધી યુરોપમાં વાપરવાસમાં રહેઆં, પણ આખરે ઈસવી સન ૬૫૦ માં, ખરીસટી ધરમગુરૂઓ, જેઓએ તે વખતમાં લખવા તથા વાંચવાનો હુનર પોતાના ટોલાનાજ હાથમાં સાંતી રાખેલા હતો, તેઓએ તેને તદન રદ કરી તેને બદલે તદન ચાંમડાંજ વાપરવા માંડીઆં એ પેપીરસનો રોપો સતર અઢાર ફીટશુધી ઊંચો થતો હતો, અને તેનાં મથાલાં ઊપર પાતરાં તથા ફુલની એક ઘણીજ સુંદર ચમરી આવતી હતી. એ રોપાની અંદરના ભાગમાં એક જાતની પાતલી છાલ થતી હતી, તેને કેટલીક ઈઊકતીથી સરખીને સરખી કાહાડી લેતા, અને તેનાં કાગલ કરવામાં આવતાં. એ જાતનાં કાગલના તાવોની લંબાઈ પણ ઘણી રાખવામાં આવતી હતી. બેલઝોની નામનો એક મુસાફર કહી ગએઓ છે કે, તેના હાથમાં પેપીરસનાં બનાવેલાં કાગલનો એક તાવ આવીઓ હતો, જેની લંબાઇ ૨૩ ફીટ અને પોહોલાઈ ૧૮ ઈંચની હતી. ઇસવી સનની અગાઊ ૭૯ વરસ ઊપર, વીસુવીઅસ નામનાં જવાલા મુખી પરવતનાં ફાટવાથી જે હરકીઊલેનીઅમ અને પોમપી આઈએ બંને શેહેર ગરક ગએઆં હતાં, જેમને હાલમાં ખોદી કાહાડવામાં આવે છે, તેમાંનાં પેહેલાં, એટલે હરકીઊલેનીઅમમાંથી એવી જાતનાં કાગલોનો એક મોટો વીટો મલી આવીઓ છે. જોકે તે ઘણાક વરસ સુધી દટાએલો રેહેવાથી તે કોએલા સરખો થઈ ગએલો છે, તોપણુ તેને કેટલીક મેહેનતે છુટો પાડીઆથી, તે ઊપરનું લખેલું વાંચી શકાએ છે. એ પેપીરસનો રોપો, આખા યુરોપમાં માતરે સીસીલી બેટમાં આવેલાં સાઈરાકીઊસ શેહેરની પડોશમાં આનાપસ નામની નદીમાંજ ઊગતો હતો.

એ પરમાણે એવી એવી વસતુઓથી કામ લીધા બાદ, ઈસવી સનની દશમી સદીમાં, રૂમાંથી કાગલ બનાવવાની ઈઊકતી શોધી કાહાડવામાં આવી; પણ તે કાગલ ઝાઝાં સફેદ તથા ટકાઊ ન હોવાથી તેમાં સુધારો કરતાં કરતાં આખેરે સનનાં ચીથડાંમાંથી તે બનાવવાની રીત કાહાડી, જે આજવેર કાએમ રહી, અને તેમાંથી ઘણાજ સરસ કાગલો બને છે, પણ એ રીત એ વખતે તદન નવીજ જનમ પાંમી હોએ એવું લાગતું નથી, કેમ કે લીવી, પલીની, વગેરે ગરંથ કરતાઓના ગરંથોમાં "સનની ચોપડી" એવું લખવામાં આવીઊં છે; એટલે કે આગલા વખતમાં, સનનું મજબુત કપડું બનાવી તેની ઊપર પણ લખવામાં આવતું હતું.

ચીનાઓ પણ ઘણા અસલના વારાથી કાગલ બનાવી જાણતા હતા, એવું તવારીખ ઊપરથી જણાએ છે. તેઓ પરથમમાં બાંબુમાંથી કાગલ બનાવતા હતા. ચીનાઓની એ રીત તારતાર લોકોના હાથમાં ગઈ પણ તેમના દેશમાં બાંબુની અછત હોવાથી અને રૂ સારો પાકવાથી તેઓ રૂમાંથી કાગલ બનાવવા લાગા. તારતાર લોકોના હાથમાંથી એ ઈઊકતી આરબ લોકોનાં હાથમાં ગઈ પણ તેઓએ રૂને બદલે સણ વાપરીઓ, અને તીઆંથી એ રીત યુરો

પમાં દાખલ થઇ, પણ તે શી રીતે થઈ અથવા કોણે કીધી તેને માટે બે જાતનાં મત બાહેર પડેલાં છે. કેટલાકો કહેછે કે, ઇસવી સનની ૧૨ મી તથા તેરમી સદીમાં, જીઆરે ઇટાલીઅન લોકો, સીરીઆના લોકો સાથે વેપાર ચલાવતા હતા, તે વખતમાં એ રીત ઈઊરોપમાં આવી હતી, અને કેટલાકો કહેછે કે, આઠમી સદીની શરૂઆતમાં, જીઆરે અરબ લોકોએ સ્પેન દેશ પોતાને તાબે કરી લીધો હતો, તે વખતમાં તે દાખલ થઈ હતી. એ બેમાંથી ગમે તે મત ખરૂં હોએ, પણ આટલુંતો ચોકસ છે કે, સન તથા રૂમાંથી એ અતી ઊપીઓગી વસતુને બનાવવાની રીતને ઈઊરોપે જનમ આપીઓ ન હતો.

હાલમાં આપણે જે તરેવાર જાતના કાગલો વાપરીએ છઈએ ને ઘણું કરીને ઈંગલંડથી આવે છે, પણ આખા ઈઊરોપમાં એ દેશ, કાગલ બનાવવાનાં કામમાં સઉથી પાછલ બાહેર નીકલીઓ હતો. ઈંગલંડનાં લોકો છેક ચઊદમી સદીમાં લખવાને માટે કાગલ વાપરવા લાગા, અને સતરમી સદી સુધી તેઓ એ જીનસને ઈઊરોપનાં બીજાં દેશોથી મેલવતા હતા. તેમાં અગત કરીને ફરાનસ તેમને પુષકલ કાગલો પોહોતાં પાડતુ હતું. પણ ફરાનસ સાથ લડાઈ થવાથી, એ જીનસને ઈંગલંડમાં લાવતાં તેની ઊપર મોટી જગાત નાખવામાં આવી, જેથી ઈંગલંડમાં તેની ભારે તાન પડી ગઈ. એ મામલો જોઈને, અંગરેજોએ પોતાને હાથે બનાવવાનું, કામ આરંભીઊં, અને ફરેંચો મગરૂબી નહી લે તેને માટે ભારે મેહેનત અને ઊલટથી એ જીનસ બનાવવા પછવાડે લાગા; તે એટલે સુધી કે, ૧૭૨૦ માં, જેટલાં તેમને જોઈતાં હતાં, તેનો બે તરતીઆંશ ભાગ પોતેજ બનાવવા લાગા, અને છેલે થોડાંક વરસમાં તેઓ બીજા દેશથી સવતંતર થએઆ. આજે તેઓ મોટો જથો પોતાને પુરો પાડીઆ બાદ આખી દુનીઆંને એ જીનસ પોહોંતી પાડે છે.

થોડાંક વરસની વાત ઊપર, કાગલનો બોહોલો ફેલાવો જોઇ, એવી ધાસતી પડી હતી કે, જો જે વસતુઓમાંથી હાલ એ જીનસ બનાવવામાં આવે છે, તેનેજ વલગી રેહેવામાં આવશેતો એકવાર તેનો મોટો દુકાલ પડી જશે. તેટલા માટે ઘણાક ચંચલ પુરૂષો બીજી બીજી જાતનાં ઝાડની છાલ, પાતરાં, ફલ વગેરેમધેથી કાગલ બનાવવાની ઈકીકતીઓ સોધવા લાગાં, અને તેમાં ઘણાઓ પાર પડીઆ. મી૦ શાફર નામના એક કાબેલ પુરૂષને એ બાબેનો એવોતો લખ લાગો હતો કે, તેના હાથમાં જેબી વસતુ આવતી, તેમાંથી કાગલ બની શકે કે નહીં તેની તે તપાસ કરવા મંડી જતો, અને તેમાં ઘણોખરો પાર પડતો હતો. એવી એવી કોશેશોથી આજે ઊપલી ધાસતી તદન મટી ગઇ છે, અને એવી ખાતરી થઇ છે કે, થોડીજ વનસપતી એવી હશે, જેમાંથી કાગલ બની નહીં શકે. વલી વપરાએલાં તથા જુનાં કાગલોને, ગમે એટલી વાર, પાછાં નરમ કરી નાખી, તેમાંનો રંગ તથા મેલ, એક જાતની રસાએણ કીરીઆથી કાહાડી નાખી, તેમાંથી પાછાં નવાં અને સોજાં કાગલ પણ થઇ શકે છે, જેથી એ માહા ઊપીઓગી, અને વીદીઆ હુનરના મુખીઅ સાધનની વસતુનો કોઈ દાહાડે પણ દુકાલ પડે એવું લાગતું નથી. વલી હાલમાં, થોડાંક વરસ થએઆં, ઘાસનાં પૈંડામાંથી કાગલ બનાવવાની ઈકીકતી શોધી કાહાડી છે, જેથી એના વેપારને તેમજ એના વાપરનારાઓને મોટો ફાએદો થએઆ છે. એ કાગલ ઘણી હલકી જાતનાં અને ઝાંખા રંગના હોવાથી તે ઘણા સસતાં મલે છે, અને તેથી વરતમાન પતરો, પુસતકો વગેરે લખનારા તથા છાપનારાઓને હાથે લખવાને તથા તપાસને માટે છાપવાને, અને કાંઈક બીજાં બગાડવાનાં કામમાં વાપરવાંને ઘણું સેહેલું તથા કીફાએત ભરેલુ થઈ પડીઊં છે. એની આગાઊ, એવાં કામોને માટે પણ સોજાં કાગલો બગાડવામાં આવતાં હતાં, અને તેમ કરતાં મોટો ખરચ થતો હતો.

જેપાની લોકો હાલમાં એક જાતનાં સેંતુરનાં સરખાં ઝાડમાંથી કાગલ બનાવે છે. ટોનીકુઈની લોકો રેશમમાંથી બનાવે છે. અને ચીનાઓ પણ બીજી વસતુનાં બનાવવા છતાં રેશમનાં બનાવે છે. હજી શુધી ચીનની રાજધાની પીકીનમાં, એક વરતમાન પતર નીકલે છે, જે ઘણુજ પુરાણુ અને દુનીઆંપર પેહેલું ગણાએ છે, ને એક મોટાં, અને સાફ કુમાશનાં રેશમી કપડાં ઊપર છપાઇને નીકલે છે. ઇટાનીઓ રેશમ અને રૂ એ બંનેને સાથે મેલવી તેમાંથી કાગલ બનાવે છે, અને તેને તઈઆર કરવા પછે ખુશબુંદી ચલકતાં અને સુમારાં કરે છે. આપણાં દેશમાં પણ કેટલેક ઠેકાણે કાગલ બનાવવામાં આવે છે, પણ

તે ઘણા સાફ અને સરસ જાતનાં હોતાં નથી. અમદાવાદમાં, જુનાં કાગલોને પાણીમાં પલાલી, તેમાંથી ફરીને નવાં કાગલ બનાવે છે, અને તેમને ઘુટીને સુમારાં કરે છે તથા તેને ટંકાઊ કરવાને તેમાં સાણ વાપરે છે, પણ તે કશી રીતે સારાં કાગલમાં ગણાતાં નથી. એ કાગલો ઘણુ કરીને વેપારીઓનાં ખાતાંવહીના ચોપડાઓમાં વાપરવામાં આવે છે. આપણા દેશના લોકો પણ ચંચલાઈ પકડી, અને બાપદાદા કરતા આવી આ તેજ કરવુ, એવો બેવકુફાઈ ભરેલો વીચાર છોડી, એ કાંમમાં શુધારો કરેતો તેઓ પણ ઘણા સરસ કાગલ બનાવી શકે, અને પોતાના દેશને પારકાં દેશનાં ઊશીઆલામાંથી મોકલો કરે. આપણા લોકો, કાગલ તથા વસતર જેવી માહા ઊપીઓગી વસતુઓને માટે ઈગલંડ વગેરે ઈઊરોપનાં દેશો ઊપર આધાર રાખી આલસાઈમાં પડી રહેઆ છે, એ ઘણુંજ દલગીરી ભરેલું છે.

## દરીઆઈ ઘોડો.



એ જનાવર ઘણુ કરીને ગેનડાને મલતું આવે છે, પણ તેની માફક એના નાખપર શીંગડું હોતું નથી અને તેનું માથું જરા મોટુ હોએ છે એ જનાવર જાતે ચોપગું છે, તોપણ તે ઘણુ કરીને પાણીમાં વસે છે, તેથી એને દરીઆઈ ઘોડાને નામે ઓલખવામાં આવે છે. એ જનાવરો નાઈલ નદીમાં અને આફરીકાના બીજાં સરોવરોમાં ઘણા મલી આવે છે. એ જનાવર સતર ફીટ લાંબુ, અને સાત ફીટ ઊંચું હોએ છે. એના શરીરનો ઘેરાવો લગભગ તેની લંબાઈના જેટલોજ, એટલે સોલ ફીટ શુધીનો હોએ છે. એનાં માથાંની લંબાઈ લગભગ ચાર ફીટ, અને ઘેરાવો નવ ફીટનો હોએ છે. એનાં મોહાંની શાડ બે ફીટની હોએ છે, અને તેમાં આગલા ચાર દાંત એક એક ફુટની લંબાઈનાં હોએ છે. એનાં સરીરનો રગ ઝાંખો હોએ છે, અને તેના ઊપર આછા આછા બાલ હોએ છે. કાન ટુંકા અને અણીઆલા, અને માહે ઝીણા વાલ હોએછે.

એ જનાવર પાંણીમાં તેમજ જમીનપર, બને ઠેકાણે વસે છે, પણ ઘણુખરૂં પાંણીમાં રેહે છે. તે સરોવરને તલીએ, જેમ જમીનપર સેહેલાઈથી ચાલે, તેમ ચાલે છે, અને અરધા કલાક શુધી દમ લેવાને ઊપર આવીઆ વગર અંદર રહી શકે છે. પાંણીમાં તે માછલીઓનો ભખશ કરે છે. જીઆંવેર તેને પાણીમાંથી પુરતો ખોરાક મલે છે તીઆંવેર તે જમીનપર જતું નથી, પણ જીઆરે તે થઈ ચુકે છે તીઆરે સુકી જમીનપર આવી શેરડી તથા અનાજનાં ખેતરોમાં ભરાઈ મોટી ખરાબી કરે છે. એ જનાવર જાતે ઘણુ વીકરાલ હોવાથી તેને શામણે જઈ હાંકી કે મારી કહડાતું નથી, તેથી ખેતરમાં ખેડુનો મોટું બલતું કરી, જોરમાં ઢોલ વજાડે છે, અને મોડેથી ચીચીઆરીઓ પાડે છે, જેથી તે બીહીને નાહાસી જાએ છે. એના મારગમાં જો કોઈ જનાવર આવીઊં હોએતો તેને પણ તે મારી નાખે છે, પણ તેની ચાલ ઘણી ધીમી હોવાથી, તેના સપાટામાંથી છટકી જવાને પુરતી તક મલે છે. જમીન કરતાં પાંણીમાં એ ઘણું બલવંત રેહેછે, અને જો એને છેડીઊ કે જખમી કરીઊં હોએતો તે મછવા ઊપર અને તેમાનાં માણસો ઊપર પણ ઘણો શકત હુમલો કરે છે, જેને બચાવવો ઘણો મુશકેલ પડે છે.

એ જનાવર એક નર ને એક માદાનુ જોડું બનીને નથી રેહતુ, પણ એક નરની સાથે ઘણીક માદાઆ રહે છે. તે માદાનાં આખાં ટોલાંનો ધણી તથા સરદાર તે હોએ છે, અને તેમાં કોઈ બીજો આવેતો તેની શાથે શકત લડાઇ કરે છે. એની માદા જમીન ઊપર બચાં જણે છે, જે કોઈજવાર એક કરતાં વધારે હોએ છે. માદાનાં બે આંચલ હોએ છે, જેવડે તેનાં બચાંને તે ધવડાવે છે એ જનાવર ઘણી સેહેલાઈથી પાલી શકાએ છે, પણ તેને માટે તેને બચપણથી પકડવું જોઈએ, કેમકે તે મોટપણે એકાએક હાથમાં આવતું નથી. આફરીકન લોકોને એનું માસ ઘણુ ભાવે છે, તેથી તેઓ એને, હાથીની માફક, ખાડ ખોદી, માહે પડી જવા દઈ, પછે પકડે છે.

# કાડનો ભુશીર

## અને તીઆંનાં રેહેવાસીઓ.

જમીનની જે અણી લાંબી થઇને સમુદરમાં ગએલી છે, તેને ભુશીર કરીને કહે છે. એવાં ભુશરોનાં તરેહવાર નાંમ હોએ છે, તે ઊપરથી તેઓ એક બીજામાંથી ઓલખાઈ આવે છે. કાડનો ભુશીર અમેરીકાના એક કીનારાપર આવેલો છે, જીઆંનાં સઘલા રેહેવાસીઓનો, કેપટન, સેલર, માછી વગરે દરીઆનોજ ધંધો હોએ છે. તેટલા માટે તીઆં જે જોવ તે દરીઆનેજ મલતી વસતુઓનાં આકારનું દેખાશે, અને ચોમેર દરીઆની અને દરીઆ-ોજ વાત મલશે તથા દેખાશે. રેવરંડ કીમબાલ લખે છે કે, ધુમાડીઆંના ઊપલા ભાગ ઊપર જે મોહું રાખવામાં આવે છે, તે પણ મગરના કે એવાજ બીજાં દરીઆઇ જાનવરના આકારનું હોએ છે. તેમનાં બચાં ચાલવા નહીં શીખે નેટલાંમાં તેમના હાથમાં રમકડાં દાખલ નાની બોટો આપે છે, જે લઇને તેઓ ઘરમાં જીઆં પાંણી જોએછે તેમાં મેલે છે, અને તરાવે છે. એ પરમાંણે એ જગાની સ્રીઓ પોતાનાં બચાંઓને, જે વડેને રોટલી કમાઈ ખાવી છે, તે તેમને બચપણથીજ શીખવતાં આવે છે. એ હોડીની રમતથી બચાં ઊપર એટલી બધી અસર થાએ છે કે, તેઓ તે ચીજને સઊથી સાધારણ અને પોતાનું રાત દાહાડાનું, અને જનમથી પુઠે લાગેલું હથીઆર સમજે છે, જેથી તેઓ તેનો ધંધો કરવાને મોટપણે જરાએ બીહીતા નથી. હરેક છોકરાની ઊમર દશ કે બાર વરસની થઇ, કે તે કોઈ પણ વાંહાંણપર ચાકરી રહી સમુદરની ભંઅંકર મુસાફરીએ ગએલોજ છે. જેના કુટુંબમાં જે જાતનો ધંધો ચાલતો હોએ, તે જાતનાં વાંહાંણપર તેમનાં બચાં ઘણુ કરીને પોતાની નોકરી લીએછે. જેમકે કેટલાકો માતરે મગર પકડવાનોજ ધંધો કરે છે, કેટલાકો વેપારીનાં વાંહાંણોપર એક દેશથી બીજે દેશ મુસાફરી કરે છે, કેટલાક દરીઆઈ લશકરમાં સામેલ થાએ છે, અને કેટલાકો માછલી મારવાનું કાંમ કરે છે; તેથી જેના કુટુંબમાં મગર મારવા જવાની મુસાફરી ચાલતી હોએ તેના છોકરાઓ તેજ કાંમમાં રેહેતા જાએ છે, જેના કુટુંબમાં માછલી મારવાનું કાંમ ચાલતું હોએ તેનાં છોકરાં માછીનાંજ કામપર લાગે છે, અને એ પરમાંણે સઊ સઊ પોતાનાં કુટુંબમાં ચાલતો ધંધો પકડે છે. એ સઘલાં કાંમમાંથી જેઓ મગર પકડવાનાં કાંમપર જાએ છે, તેઓને પોતાનું ઘર છોડી નીકલી પાછું આવતાં તરણ ચાર કે તેથી પણ વધારે વરસ ગુજરી જાએ છે. જોકે એ કાંમમાં, એ પરમાંણે, ઘણાં વરસ દરીઆમાં ભટકવું પડે છે, અને સાથે જોખમ પણ ઘણું વેંચવું પડેછે, તોપણ તેમાં જવાને ઘણા જણા રાજી હોએ છે, કેમ કે તેમાંથી સારી કમાઈ થાએ છે; અને તે કાંમ કરનારા દરેકને એજ ઊમેદ હોએ છે કે, સારી પેઠે કમાઈ કરી એક વાંહાંણનાં ધણી થવું. એવી મોટી અને ઘણી દુરની આસાથી, એક છોકરો ચઊદ વરસનો થએઓ કે હુર કોઈ વાંહાંણપર ચાકરી લઈ દુર દરીઆમાં નીકલી જાએ છે, તે, જો સલાંમત રહોઓતો, તરણ ચાર વરશે પાછો આવી, પોતાનાં માબાપને મલે છે. વલી પાછો થોડાક દાહાડામાં જાએ છે, તે પાછો લાંબી મુદતે આવે છે, પણ એ વેલાએ આવીને એમનો એમ પાછો જતો નથી. અલબતે એ વેલાએ તેની પુરતી ઊમર પણ થએલી હોએ છે, અને વલી સાથે થોડાક પઇસા પણ કમાએલો હોએ છે, તેથી તે પોતાના ભવનો એક મનગમનો મીતર શોધી કાહાડી, એટલે એક સારી છોકરી શોધી કાહાડી તેની સાથ લગન કરે છે. લગન કરીને ભાએગે એક કે બે મહીના તે પોતાની મનમોહન સ્રી સાથ સુખમાં રેહેવા બાદ, તેને અને પોતાને બંનેને રડાવી, અને દીલગીરીમાં નાખી પાછો પોતાને ધંધે ચાલીઓ જાએ છે. પણ તેમ કરવાની આગમચ પોતાની સ્રીને રેહેવાનું જુદુ ઘર અને તેનાં પોષણની જોગવાઇ કરી આપે છે, જે ઊપર તે બીચારી જુવાન સ્રી પોતાનાં દાહાડા ગુજારી રાત દીવસ પોતાના દરીઆ ડોહોળવતા વાહાલાને ઈઆદ કરતી, તથા તેને જલદીથી પાછો આવી મલવાની રાહ જોતી રહે છે. અલબતે આ પરમાંણે વરસોનાં વરસોવેર એક બીજાને એક બીજાથી દુર રેહેનાં, બંનેને ઘણું લાગે છે, તોપણ તેમનાં મનમાં એક મોટી ચકચકતી આસા હોએ છે, તેથી તેમનાં વીજોગના દુખમાં મોટો ઘટાડો થાએ છે. તે આસાં તેઓ એટલીજ રાખે છે કે, થોડાં વરસ શકત મેહેનત કરી તથા શકત કષ્ટ વેઠી એટલા પઇસા પેદા કરવા કે,

પછે જીંદગીના છેડા સુધી બેસીને ખાવા કામ લાગે. અલબતે માણસ આસાતો ઘણીબી રાખે છે, પણ જીઆરે તે બર આવેછે તીઆરેજ તે ખરૂં સુખી થએલું કેહેવાએ છે; તેમ એ બાપડાં ગરીબ લોકો એવી મોટી આસા રાખી રાત દીવસ દુખ અને સંકટ ભોગવે છે, પછે તેમાંથી કોઈના ઊપર ખોદા મેહેરબાંન થાએ છે તો તેની ઊમેદ બર આવી જાએ છે, ને નહીં તો કોઈ બીચારો તેવી આસામાં ને આસામાં બુઢો થઈ એક દીવસે આંખ વીચી અનંત સુખની ભુમી ઊપર ચાલી જાએ છે.

એ પરમાંણે એ ગાંમનાં સઘલાં લોકોનો દરીઆનો અને ઘણા દીવસ બાહાર રેહેવાનો ધંધો હોવાથી તેમનાં દરેક ગાંમડાંમાં, જીઆં દાહાડઆ કે બશો પુરૂપો વસતા હોએ, તેમાં ભાગ્યેજ પચાસ પણ ગાંમમાં અને ઘરમાં રહેલા નજર આવે, તેમાં ઊનાલામાં તો આખાં ગામમાંથી પાંચ પુરૂપો પણ મલી નહીં આવે, કેમકે જેઓ માછલી પકડવાનો ધંધો કરેછે તેઓ પણ જીઆંવેર કકડતો શીઆલો ચાલતો હોએ તીઆંવેર થોડા દાહાડા ઘરમાં રહા પછે માછલી પકડવાને એટલા દુર જાએ છે કે, આખો ઊનાલો પુરો થતાં પણ તેઓથી પાછું ફરી શકાતું નથી. એવા વખતમાં જે ઘરમાં અને જે ગાંમમાં જોવ તીઆં સીજ સ્ત્રીઓ દેખાશે. ગોએઆ જાંણે તે ગાંમમાં બધી સ્ત્રીઓ શીવાએ બીજું કોઈ વસતું ન હોએ ! એવા વખતમાં જેબી થોડાઘણા પુરૂપો ગાંમમાં હોએ, તેઓ ઘણે વરસે આવવાથી કશો પણ કાંમ ધંધો ન કરતાં મોજ મજાહમાં અને આસાએસમાં દાહાડા ગુજારે છે. એથી કરી તે ગાંમોમાં કશો પણ કાંમ ધંધા સંબંધી ઘોંઘાર જણાતો નથી.

જોકે એ બુશીર ઊપર વસનારા લોકો એવા ગરીબ છે, તોપણ તેઓ ઘણાજ મેહેનતુ, બાહાદુર અને સવદેશાભીમાની હોએ છે. તેઓ ઠંડી અને ગરમી, સુખ અને દુખ એ સઘલું ખમવાને એવા રીઢા થઈ રહેલા હોએ છે કે, વરસના સઘલા દાહાડાઓમાં તેઓ ઘણા ઊપીઓગી થઈ પડે છે. તેનો સબબ એછે કે એ જગાની માતાઓ પોતાનાં બચાંને નાનપણથી જ તેવાં કરે છે. એ બુશીરના ઘણાક રેહેવાશીઓ, દરીઆઇ લશકરમાં રહી આગલ ચાલતાં મોહોટી બાહદુરીથી મોટી પદવીઓએ પોંહાંચી ઘણા વખણાઈ ગએઆ છે. તીઆંનાં લોકો જે માછલી પકડી લાવે છે, તેમાં મોટો ભાગ હેરીંગ જાતની માછલી, જેનો ઈઊરોપમાં મોટો ખપ થાએ છે, તેનો લાવે છે. જીઆરે પુરૂપો એ પરમાંણેનાં કાંમોમાં રોકાએ છે, તીઆરે તેમની સીઓ છેક આલસુ પડી રેહેતી નથી. તેઓ પોતાનાં ઘરને લગતાં કાંમકાજ સીવાએ, પોતાનાં ઘરની આસપાસની જમીનમાં કેટલીક જાતની વનસપતી ઊગાડે છે, અને તે પોતાના વાપરવામાં લે છે.

## પરચુટણ.

### જાણવાજોગ બાબદો.

ફ્રાનસની અંદર કોઇએ એક એવું ઇઅંતર શોધી કાહાડીઉં છેકે, તેની મારફતે જમીનની માંહે ધાતુ અથવા પાણીના જહરા હોએ તે માલમ પડી આવે છે.

**નવી રીતે ફોટોગરાફ**—હાલમા એવી ઇઉકતી શોધી કાહાડવામા આવી છે કે, તેની મારફતે લાકડાંની ઉપર ફોટોગરાફ લેવાઈ શકાએ છે. વલી તે ફોટોગરાફને બીજાં લાકડાં ઉપર પણ લેવાઈ શકાએ છે. એથી કરીને ઘર સીનગાર સામાનની શોભામાં ઘણો વધારો થઈ પડશે એવું ધારવામા આવે છે.

**ખાધાનો ખરચ**—પારીસ શેહેરમાં બધાં લોકોના ખાધા ખરચ ગણતાં એવું માલમ પડીઉં છે કે, તેમને દરરોજ એક વેરના ખાના ઉપર દારૂ શુધા ૮૦૦૦૦૦ રૂપીઆનો ખરચ થાએ છે.

**બારન મેઅર ડી રોથશ ચાઈલડ** નામના એક તવંગર ઇઆઉદીએ પોતાના ચાકરોના ઉપીઓગને સારૂં મેનટમોર આગલ એક દેવલ બંધાવીઉં છે. પઈસાને કરતે શું!

ઈઉઅર અને કંપની મોટી નમંનતાઈથી તેઓની લાઇબ્રેરી ઉપર લોકોનું ધેઆન ખેંચવા માંગે છે કે જાંહાં ૭૦૦૦૦) ચોપડીનો સંગરહ કરીઆમાં આવીઓછે !

જે શેહેરને બંદર લાગું હોએ તાંહાંની કુમારી સીઓને આએ બીના જાણવી જોઇએ છે કે ખેવરો હંમેશ વલગી રેહે એવી ચીજોથી ભરેલા રેહેય જેવોકે તાર, દાબર પણ તેથી એમ નહી સમજવું કે તેઓ પોતાના વચન ઈઆમેલને વલગી રેહેય તેથી છાંટાની બાહારમાં જો પરણવાની કબુલાત આપેતો તે માતર તેટલાજ વખતની સમજવી.

સ્કાટલંડમાં એક ઓરત પોતાના ધરમ ઉપર એવીતો ચુસટ હતી કે એક રવીવારે પોતાથી દેવલમાં હાજર નહીં

થવાએઉં સબબ કે પોતે ઘણી આજારી પડી હતી, તારે તે દીવશે તેણીએ પોતાના નામનો કારડ દેવલમાં મોકલીઓ હતો !

---

જારે એકુબી કામ કરવાને આપણ રાજી હોઇએ તા રે વખત ઇચ્છા ભરતીને વાસતે ખોટી થતા નો કેમકે તેઓ કંઇ આપણે વાસતે ખોટી થતા નથી.

---

જે શખસો દીલના મોજીલા હોએ છે તેઓ વારેઘડી એ લડાઇને લાએકના થઈ પડેચ કેમકે સપારટન લોકો હં મેશ જારે લડાઇમાં જતા તારે પોતા સાથે એકકી વાંસલી રાખતા.

---

અજાએબ જેવી શોધ—ઉતર અમેરીકાના સુપીરી અર નામના શરોવરની તરફ એક લોખંડનો પાહાડ હાથ લાગો છે ! .

---

નીઉઈઓરક સ્ટેટમાં લેડીઓને પેહેરવાની તોપીઓ બનાવવા ઉપર રોજ બાર હજાર કારીગરો ખપે છે કે જેઓ દર વરસે ૮૦૦૦૦૦૦ હેંશી લાખ ટોપીઓ બીજે દેશ મો કલેછે—પોશાક ઉપર કેટલો ખરચ કરીઆમાં આવે છે તેનો આએ એક નમુનો છે.

---

ડેનમારક દેશની રાજધાની "કોપેન હેગન" મા એ ક વખતે મોટું પાદશાહી ખાણું થએઉં હતું અને તે વ ખતે ચારસો વરસનો જુનો દારૂ મીજલશીઓને પાએઓ હતો ! પણ તે દારૂ એટલોતો ખરાબ થઈ ગીઓ હતો કે તેને સવાદદાર કરવાને ખાંડનો મોટો જથો વાપરીઆમાં આવીઓ હતો

---

અમેરીકાની લડાઇઆમો નામીચો જેનેરલ લી પોતા ની સાથે જહા જતો તાંહાં એક મોટું મરઘીખાનું રાખ તો અને તે ઉપરથી ધારવાને બની આવે છે કે તેને તાજાં ઇંડાંનો ઘણોજ શોખ હશે અને તે ટોલાંમા એક મરઘો હ તો તે જારથી લડાઈ શરૂ થઇ તારનો હતો અને તેની ઉપ ર એટલોતો પીઆર રાખતો કે તેને જરાવાર પણ વીલો મુ કતો ન હતો. બીજો એક જેનરલ નામે બીઉરીગારડ પોતાની સાથે જાંહાં જાતો તાહાં એક દુધારી ગાએ રાખતો, કેમકે તે પોતે એટલોતો નબળો હતો કે દુધ અને રોટલી વગર તે ને બીજો ખોરાક પચતોજ ન હતો !

---

સભા મલવાના ઘર—પાસીફીક માહાસાગરમાં સાં ડવીચ નામે એક બેટ છે. તીઆંના રેહેવાસીઓએ તીઆં સભા મલવાના ૧૦૦ ઘરો બાંધેલાં છે, જેમા એકતો તદન પરવાલાંના ખડકના કકડાથી બાંધેલુ છે, જે સેંકડો વરસવે ર ટકશે એવું માનવામાં આવેછે.

---

બાફથી ચાલતી આમનીબસ—નેનાસ અને ના એઓરાના કસબાઓ વચે એક બાફના સાંચાથી આમની બસ દોડે છે. તેનું એનજીન પાટા વગર ખાલી જમીન પ ર ચાલે છે, એટલુંજ નહી પણ ગમે એવી ખાડા ટેકડાની જગા હોએ. તીઆં પણ તે ચાલે છે. તે ઘણીજ સેહેલાઈ થી ચલાવી તથા ઉભું રાખી શકાએ છે, તેમજ જીઆં ગ મે તીઆં ફેરવી શકાએ છે. મુંબઈમાં એવી આમનીબસો કીઆરે થશે ?

---

ચીથડાંનો ખપ—ઈંગલંડમાં સઘલા કાગલ બનાવ નારાઓ વચે બધા મલીને ૧૧૨૦૦૦૦ મણ ચીથડાંનો ખ પ એક વરસમાં થએઓ હતો.

---

## સમશીઆ.

(દોહરા.)

(૧) આઠ કટકે નર નીપજે,<br>
તેમાં બે સી નર ચાર;<br>
નપુસકમાં બે છે,<br>
તે મેં તજીઓ છે રાય.

(૨) શુંદર સરોવર જલે ભરયું,<br>
જેમાં નવ બુડે કાંય,<br>
તેને પી કોઈ નવ શકે,<br>
તે તજ્યું મેં રાય.

(૩) સોલ સાહેલી સુરંગે રમે,<br>
બોલા બે કુંવાર;<br>
તે તજ્યું મેં આજથી,<br>
જે વાહલા અપરમપાર.

(૪) ચતુર નર ચીતે ધરે,<br>
દુર મેલાવો હોય<br>
વીજોગના સંજોગીઓ,<br>
અમ પાડવજો તેહ.

## ખોલાસો.

(૧) કાચ.

---

## એક રમુજી વારતા.

એક દાહાડે અકબર પાદશાહે બીરબલ વજીરને પુછી ઉં કે, પેલાંનો જવાબ શું ? વજીરે જવાબ દીધો, જેહાંપનાહ સો શીઆના એક મતજ હોએ. પાદશાહે કહીઉં, ખોટી વાત: મગજે મગજ જુદી જુદી અકલ ઇઆને મત હોએ. વજીરે કહીઉં, આપ ચાહેતો સાબેત કરી આપું. પાદશાહે હોકમ આપીઓ. વજીરે પાદશાહને અરજ કીધી કે, તારી દરબારના સો અકલમંદોને તું ફરમાવ, કે આ શામણે ખા લી હોજ છે, તેમાં કાલે સહવારના, બામદાદ વખત કોઈ નહી જાએ તેમ દરેક જને એકેકો દુધનો ઘડો નાખી જવો. પાદશાહે તેમ હોકમ કરીઓ. સહવાર પડતાં પાદશાહ અ

ને બીરબલ તીઆં ગએઆ અને જોએછેતો તે હોજ દુધને બદલે પાણીથી ભરાઈ રહેલો. પાદશાહે પુછીઉં એ શું ? વજીરે કહીઉં, તે બધાઓને એકઠા કરીને પુછી જો. પાદશાહે દરબાર ભરી પેલા સોએ જનને પોતાની હજુરમાં બોલાવી આ, અને તેમને મજબુત ધાસતી આપીને પુછીઉં કે, હ્વે હોએ તે તેઓએ સાચે સાચું કહી દેવું, કે મેં તમોને બધાને દુધનાં ઘડા નાખવા કહેલ્યા હતા, તેને બદલે હોજમાં બધું પાણી કીઆંથી આવીઉં. દરેક જને માફ માંગીને સાચું કહીઉં કે, તેણે એવો વીચાર કીધો, જીઆં નવાણું ઘડા દુધનાં પડશે, તેમાં એક ઘડો પાંણીનો સું જણાશે. એવો વીચાર દરેક જને કીધો, અને દરેક જન, બીજા બધા દુધ નાખી જશે, એવી ધારણાથી પાંણી નાખી આવીઆ. એ ઉપરથી પાદશાહાની ખાતરી થઈ, અને વજીરને સરો પાવ આપીઓ !

## શીકશારૂપી વાકીઅ.

એક બઈરી મારૂએ એક દાહાડે પોતાની બઈરીને કહીઉં કે, તું અને હું મલીને આપણે એકજ છઈએ. બઈરીએ પુછીઉં કે કેમ ? જવાબ દીધો કે જીઆરે હું તુને માર મારૂંછું તીઆરે અરધો તુને વાગે છે, અને અરધો મને વાગે છે, તેથી જાણે અરધી તું અને અરધો હું મલી આપણે એકજ છઈએ !

---

એક નાની છોકરીએ એક દીવસે ખુશીમાં આવીને પોતાની ડાહી માએને પુછીઉં કે, માએજી, તમે મને કેવો વર અપાવશો, માએ જવાબ દીધો, માએ, જેવી તું થશે તેવો તુને વર મલશે.

---

એક દાહાડે એક સીકશકે પોતાનાં વરગના નીશાલીઆઓને સવાલ કીધો કે, મગરમછ એટલું બધું પાણી પોતાનાં પેટમાં ભરીને તે શું કરતું હશે ? સઘલા છોકરા વીચાર કરે છે તેવામાં એક વીઆનખોરાનો છોકરો હતો તે ઝડપથી બોલી ઉઠીઓ, સાહેબ, તે થોડું વેઆને મેલતુ હશે !

---

રતનબાઈ, હવે ધારા પસાર થએઆ, હવેતો સાસરે જવું પડવાનું જો ? રતનબાઈ બોલી, ધારા બાંધાઆય મારે ખાસડે ! જવાબ—જાઓ જાઓ, અમથાં સદુનમા રેહેશોતો નકામાં ફજીઅત થશો.

## પકવાન વગેરે બનાવટ.

મુરબાનું પુડીંગ—ચાર આંઉસ માંઉની પોપડી લઈ તેમાં છ આંઉસ ઘી, ચાર આઉસ બુરા ખાંડ, બે ચારવેલાં ઈંડા અને પા પેંટ દુધ એ સઘલાને સારીપેઠે મેલવીને અરધો કલાક સુધી એકગમ મેલી રાખવું. પછે ફરીને તેને દશ મીનીટવેર મેલવવું અને પછે તંદુરની અંદર એક પડ તેનું અને એક પડ, હરેક જાતનાં મુરબાનું, એ પરમાંણે કેટલાક પડ કરીને તેને દેહાડથી પોણાબે કલાક સુધી ધીમી ભઠીમાં મેલવું, પછે સંભાલીને તંદુરમાંથી કાહાડી, રકાબીમાં ભેલી. કામમાં લેવું.

બીજી રીતે—ઉપર લખીઆ પરમાંણે પાંઉની પોપડી, ઘી, ખાંડ, ઈંડાં, દુધ એ સઘલું મેલવી, તેમાં હરેક જાતનો મુરબો પણ મેલવી નાખવો, અને પછે તેને તંદુરમાં નાખી, તેને ચપટ બંધ કરી. ઉકલતાં પાણીમાં મેલવું. તે પાણી તદુરનાં માથાંપર નહી આવે, અને બરોબર કકલતું રેહે તેની સંભાલ રાખવી.

## આનરએબલ એ. કે. ફાર્બસ્ સાહેબનો પરજીઓ.

ફરી હવે ફાર્બસ જેવો રે, અમલદાર ક્યાં મળે એવો—ટેક.

ઇસ્વી અટારસે વીશમે વર્ષે,
જન્મ્યો વિલાયત દેશ;
ઉત્તમ અંગ્રેજી અભ્યાસ કરિને,
વિદ્વાન બનિયો વિશેષ; ફરી હવે૦ ૧.
અલેકસાડર કિનલાક એવું,
નિર્મળ જેનૂ નામ;
સરદારિ કુળમાં સરસ ગણાયો,
તાલિમ પામ્યો તમામ; ફરી હવે૦ ૨.
ત્રેવિશ વર્ષનિ ઉમરે તેતો,
આવ્યો મુંબઈનેબાર;
જડજ કલેકટર પૂલેટિકાલનો,
પામ્યો ઉત્તમ અધિકાર; ફરી હવે૦ ૩.
ગુજરાતમાં ઘણા વર્ષ ગુજાર્યાં,
કીધા સારાં સારા કામ;
સૈકડો લોક સંભારતા રહેશે,
નહિ કદિ ભૂલે નામ; ફરી હવે૦ ૪.
સૂરત ને અમદાવાદ થાપી,
પુસ્તકશાળા વિશાળ;
ગુજરાતમાહિ સોસાઈટી થાપી,
સાદરામાહિ નિશાલ; ફરી હવે૦ ૫.
આંધળા લુલાને આપતો એતો,
દિન દિને પ્રતે દાન;
કવિ પડિત જનનૂ પણ કરતો,
સારિ રિતે સનમાન; ફરી હવે૦ ૬.
શુરા પુરાનું શુરાપણું દેખી,
દેતો સારો સિરપાવ;
કારિગરી કરિ લાવે કારીગર,
બાળવા રાખતો ભાવ; ફરી હવે ૭.
એવા એવા ગુણવંતોને એ થકી,
અંતર વધતી ઉમેદ;
તેઓતણો ગુણજાણ જવા થકી,
ખબ પામ્યા સઉ ખેદ; ફરી હવે૦ ૮.

વિદ્યાવંત ને પરો વિવેકી,
સર્વ કળાનો સુજાણ;
સદર અદાલતનો થઈ સુબો,
પામ્યો વિશેષ વખાણ; ફરી હવે૦ ૯.

મુંબઈમાંહિ સોસાઈટિ મોટી,
એણે કરી ઉતપંન;
ગુણવંતી ગુજરાતી ભાષાનું,
માન વધારવા મન; ફરી હવે૦ ૧૦.

ગરિબ તવંગર સરખાજ ગણતો,
સઉ સાથે કરતો સ્નેહ;
ગોરા કાળા પણ સરખાજ ગણતો,
અભિમાન ધરતો ન એહ, ફરી હવે૦ ૧૧.

દેશી રાજાઓના ઉપર દિલથી,
રાખતો ઘણી રેહેમ;
હક સાચવનાર ને હિતકારી,
કદિએ વિસરશે કેમ, ફરી હવે૦ ૧૨.

જીવન પ્રાણ જેવો તે જવાથી,
નર થયા કઈક નિરાશ;
મેળાપિ ને ફરિથી મળવાની,
અંતર રહિ ગઈ આશ, ફરી હવે૦ ૧૩.

દુર્ગુણ તો જેમ જરિએ ન દીઠો,
સદગુણનુંજ સુપાત્ર,
ઈશ્વરે એના અંત કરણમાં,
મેલેલા સદગુણ માત્ર, ફરી હવે૦ ૧૪.

સ્નેહનો સાગર શીળો સ્વભાવે,
મુખમાં ભરેલી મિઠાશ;
પરઉપકારી કામમાં પોતે,
કાંઈ ન રાખી કચાશ; ફરી હવે૦ ૧૫.

ડહાપણદાર ને દિલનો દયાળુ,
અદલ એનો ઈનસાફ,
આ દેશનું શુભ એ ઈછનારો,
ઉમદો અને અશરાફ, ફરી હવે૦ ૧૬.

આળસ તો એના અંગમાં ન હોતી,
કરતો અધિક ઉદ્યોગ,
મનનું ઘણું કર્યું તેથી મગજમાં,
રાજસી ઉપજ્યો રોગ, ફરી હવે૦ ૧૭.

પંદર દિવસનિ પીડા પામીને,
દીધો તેણે તજિ દેહ;
નામ જેનું નથિ નાશ થવાનું,
અજર અમર છે એહ; ફરી હવે૦ ૧૮.

સાલ પાસઠે આગસ્ટની આખર,
પૂનામાં પામ્યો મરણ,
દોસ્ત ઘણા દિલગીર થયા,
ઝરે આંખે આંસૂનાં ઝરણ; ફરી હવે૦ ૧૯.

કાવ્ય ઘણી કરશે કવિયોનો,
કોણ હવે રાતકાર;
ચારણ ભાટના ચોપડા જોઈ,
શોધિ લેશે કોણ સાર; ફરી હવે૦ ૨૦.

મુલક મુલકમાં મુસાફરી કરતાં,
કીધો હશે જ્યાં મુકામ,
સારો સારો કહિ સંભારતા હશે,
ત્યાંના મનુષ્ય તમામ; ફરી હવે૦ …૧.

ઓ પ્રભુ આપતો એવાજ આપજે;
શાણા રૂડા સરદાર;
એજ અમારી અરજ અંતરમાં,
ધારજે જગદાધાર; ફરી હવે૦ ૨૨.

પ્રભુને ગમ્યું તે ખરૂં પ્રભુ તેમાં,
નથી અમારો ઉપાય;
અતિ હિતકારી જવાથી અમારૂં,
અંતર અતિ અકળાય; ફરી હવે૦ …

બહુ ઉપયોગીને બોલાવી લીધો,
ધણિયે પોતાને ધામ;
લેખ એના ઈતિહાસનો લખવા,
રાખિયો દલપતરામ; ફરી…

---

## પોંહોંચ.

શેરનાં સ્વપનાની ગરબીઓ…

કવી દલપતરામ ડાહ્યાભાઈ, દફતર આશકારા પરેસની તરફથી અમોને મળીઉ છે, તેની પોહોચ માન સાથે કબુલ રાખીએ છે મુંબઈમા શેરનાં સટાથી નીપજેલી ખરાબીનો કેટલોક ચીતાર એ કવીતામા આપવામાં આવેલો છે એ ગરબીઓ નીઅમસર અને રસીલી બનાવવામા આવી છે. તે બધી મળીને આઠ, આઠ રાગમા છે, જેથી ગાનારાઓને તેમજ સાભળનારાઓને કંટાળાથી મોકલા કરશે એ ચોપાનીઆના દીબાચામા જણાવે છે કે, એવી જાતની કવીતાને માટે તા૦ ૩૦ મી જુલાઈના રાસત ગોફતારમા રૂ૫૦ નુ ઈનામ આપવાને જણાવવામા આવીઉ હતું, તે પરમાં છે એ બાબેની તરણ કવીતાઓ આવી હતી, જેમાથી મજકુર પસંદ પડવાથી બાહાલ રાખી છાપવામા આવી છે, અને તેને માટે નુ કબુલેલુ રૂ૫૦ નુ ઈનામ ગુજરાતનાં કવી દલપતરામ ડાહ્યાભાઈને આપવામાં આવીઉ છે. એ ચોપાનીઆની છપાઈ ઘણીજ સુંદર અને સરાઈ ભરેલી છે

---

બારથોલડ, એવે નામની એક અંગરેજી વારતાનાં ગુજરાતી તરજુમાની ચોપડી, બનાવનાર મી૦ રણછોડભાઈ ઊદેએરામની તરફથી હમોને મળી છે, તેની પોહોચ માન સાથ કબુલ કરીએ છે અગતજોગ અંગરેજી વારતાઓનો ગુજરાતીમાં તરજુમો થતો જોવાને હમો ઘણા ખુશી છઈએ એ ચોપડી અમદાવાદ મધ્યે યુનાઈટેડ પરીંટીંગ કંપનીના પરેસમા છપાએલી છે, અને તેની છપાઈ વખત પરમાણે સારી છે.

---

† વિચાર.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. સપટેમબર ૧૮૬૫ આંક ૯ મો.


## વધનમાં લગન.

એક વારતા.

---

### પરકરણ ૭ મું.

જરનદાબની અંદર એક જુવાંન અને ખુબસુરત ગરહસથ વસતો હતો, જે જેહાનઆરા ઉપર ઘણોજ મોહીત થઈ પહેલો હતો, અને તેનો પીઆર મેલવવાને તરેહવાર કોશેશ કરતો હતો, પણ તે મગરૂબ સ્ત્રી, સાસાનની માફક તેને પણ જરાએ કોહું આપતી ન હતી, જેથી તે રાત દાહાડો મોટા બલાપામા અને ગમમાં પડીઓ રેહેતો હતો. હવે જીઆરે એ ગરહસથને એવી ખબર મલી કે જેહાનઆરા સાદાબ (અરનવાજ) ની ઉપર ફીદા થઈ ગઈ છે, અને તેને તેની ઉપર પીઆર કરવાને તથા પરણવાને લગભગ કાલાવાલા કરે છે, એ સાંભલી તેની છાતીમાં બાણ વાગી આવીઉં, અને અદેખાઈની આગમાં તેનું આખું શરીર જલવા લાગુ. એ ખબર સાંભલતાંજ તેને એવો તો જુસો થઈ આવીઓ કે, તરત તેણે પોતાની તલવારને હાથમાં લીધી, અને એકદમ સાદાબની સાથે લડાઇ કરવાને નીકલી પડીઓ. તે જેવો જહનુન ભરીઓ ધસારા બંધ ચાલતો આવે છે, તેવામાંજ અરનવાજ તેને સામે થઇ ગઈ, જેને જોતાંજ તે એકદમ બુમ પાડી પોતાની તલવારને ઉઠાવી, અરનવાજને તેની સાથે લડાઈ કરવાને જણાવીઉં. અલબતે અરનવાજ મરદનો પોશાક લઈ ફરતી હતી, અને તેની કમરે પણ તલવાર બાંધેલી હતી, પણ તેનાં સ્ત્રીનાં દીલે મરદનો પોશાક લીધો ન હતો, જેથી તે જોરમાં ધડકવા લાગુ, અને અરનવાજનાં પગ ધ્રુજવા લાગા. પણ સામનાં હરીફને એકદમ તલવાર ખેંચી આંગપર આવતો જોઈ તેણે તેની આગલ પોતાનાં ભરમનો ખોલાશો કરી દેવાનો પોતાનાં મનમા ઠડાવ કીધો, પણ તે અમલમાં લાવવા જાએ છે, તેટલામાં તીઆં, એક બીજો ગરહસથ આવી લાગો, જે આવતાં વારજ પોતાની તલવાર ખેંચી, અરનવાજને એકગમ ખીસાડી નાખી, તેની જગાએ આવીને ઉભો, અને બોલીઓ, "સબુર કર! જો એણે તારો કંઈ ગુનાહ કરીઓ હોએ તો તે હું મારા સરપર લઉછું, અને એને બદલે હું તારી સાથે આ તલવારની લડાઈ લડુછું. પેલો સખશ, એકાએક પોતાની સાંમણે આવો જબરો હરીફ આવી ઉભેલો જોઈને તે લગાર અચરતીમાં પડીઓ, અને તે દુર કરી જેવો તેની શાંમણે ભીડવાને જાએ છે, અને જેવો તેનો હુમલો તપાસવાને પેલો અજાણીઓ ગરહસથ તઈઆર થાએ છે, તેવામા કેટલાક સરકારી માણસો તીઆં આવી લાગીઆં, અને પેલા અરનવાજનાં મદદગારને એકદમ પકડી લીધો.

અલબતે, એની પછી શું બનીઉં તેનું બએઆન કરવાની આગમચ, અરનવાજને મદદ કરનાર ગરહસથ કોણ હતો, અને તેને સરકારનાં માંણસોએ શાને માટે પકડી લીધો, તે વીશે કેટલોક ખોલાસો કરવો ઘટે છે. જે વેલાએ અરનવાજનું વાહાણ ભાગુ, અને તે તેમજ તેનો ભાઈ અને બીજા સરવે પાણીમા પડીઆં, તે વેલાએ, પાછલથી પેલા નાખોદાએ અરનવાજને જણાવીઆ પરમાંણે, તેનો ભાઈ એક મોટાં પાટીઆંને વલગી ગએઓ હતો, અને તેની મદદથી તે કેટલાક દીવસવેર સમુદરમાં તરતો સલાંમત રહેઓ હતો એવામાં તેની પાસે એક વાંહાંણ આવી લાગીઉં હતું, જેનાં નાખોદાએ તેને તરત ઉંચકી લીધો હતો અને મોટા પીઆરથી તેને પોતાનાં વાહાણમાં રાખીઓ હતો. થોડાક દાહાડા પછે તે નાખોદાનો પીઆર તેનાપર એટલોતો વધી ગએઓ, કે તેનાથી તે પલ બાર પણ વેગલો થતો ન હતો. એવા પીઆરમાં કેટલાક દાહાડા ગુજરવા પછે, એક દીવસે ખુશરૂહે જરનદાબનું શેહેર જોવાની પોતાની મરજી જણાવી, જેથી જોકે તે નાખોદાને તે શેહેરમા જવું ઘણુંજ ધાસતી ભરેલું, અને તેનાં જીવ સટોસટ હતું, તોપણ તેનો ખુશરૂહ ઉપર એટલોતો પીઆર હતો કે, તે સઘલું છતાં તે તે શેહરનું બંદર કરી તીઆં ઉતરીઓ. નાખોદાને એ શેહેરમાં ઉતરવાને ધાસતી ભરેલું એટલા માટે હતું કે, એક વેલાએ દરીઆની લડાઈમા, તેણે શાહાજાદા સાસાનના એક ભતરીજાને ઘણોજ શકત જખમી કરીઓ હતો. તેથી જે દાહાડેબી તે જરનદાબમાં જાએ, અને જો સતાવાલાઓને હાથ સપડાએતો, બેશક તેને મારીઆ જવા સીવા એ બીજું કશું ન હતું, એવું તે સારી પેઠે જાંણતો હતો. તે બંને જનોએ કીનારે આવી એક ધરમસાલામાં ઉતારો

લીધો, અને તે નાખોદાએ ખુશરૂહના હાથમાં એક પઈસાની કોઠલી આપી, અને તેને જણાવીઉં કે તેણે ગાંમમાં ફરવા જવું, અને તીઆં જે તેને ગમે તે તે પઈસામાંથી ખરીદ કરવું. તેની સાથે તે નાખોદા ગામમાં નહીં ગએઓ, હેનો સબબ ઉપર જણાવીઓ તેજ છે. હવે એ પરમાંણે ખુશરૂહ તે નાખોદા આગલથી ગએઓ, પણ ઘેડવેલા વખત ઉપરાંત ઘણોક વખત જવા છતાં તે પાછો ન ફરવાથી, તે નાખોદાને તેને માટે ધાસતી પેદા થઈ કે, કદાચને તે અજાણીઆં શેહેરમાં કંઈ સંકટમાં ફસી પડીઓ હોએ, તેથી ગમે તે થાએ પણ તેની શોધ કરવાને તેતી પાછલ નીકલીઓ. આગલ જણાવીઉં છે કે, અરનવાજ અને તેનો ભાઈ એ બંને એક જ સરખા ચેહેરાનાં અને એકજ સરખાં કદનાં હતાં, અને વલી જો બંને મરદનો પોશાક લેતો તેઓ એક બીજાથી ઓલખાવાં મુશકેલ પડે એવાં હતાં; તે પરમાણે અરનવાજ મરદના પોશાકમાં તેના ભાઈના સરખીજ જણાતી હતી, જેને પેલા ઝનુની ગરહસથનાં ઘેરામાં જોઈ, તે નાખોદા તેને પોતાનો ખુશરૂહ સમજી, જાણે તેનો બચાવ કરતો હોએ તેમ પોતાની તલવાર ખેંચી તેની શામણે ઉભો, અને તેવામા આગલ લખેલાં કારણને માટે તેને સરકારનાં માંણસો, જેમને તે નાખોદાને ગામમાં આવવાની અનચીતી ખબર પડી હતી, તેઓ તેને શોધતા તીઆ આવી લાગીઆં, અને તેને ઝટ પકડી બંદીખાંને લઈ ગએઆં.

હવે, એ પરમાણે પેલા નાખોદાને સરકારી માણસોએ એકાએક પકડી લેવાથી, અરનવાજ ઘણીજ ઘભરાટમાં પડી, અને જે તે તેનો ઉપકાર માનવા જતી હતી, તે એવો મામલો જોઈ ચુપ ઉભી રહી ટગર ટગર તેનું મોડું જોવા લાગી. જીઆરે તેને નાખોદાએ વીહીલે મોડે તેને તેની તરફ જોતી જોઈ, તીઆરે તે (તેને ખુશરૂહ સમજી) બોલીઓ, "તું ગભરાઈ ગએઓ છે, પણ કાંઈ ફીકર નાં કર; હાલ તરત તું મને પેલી નાણાની કોઠલી પાછી આપ, કેમ કે તેની મને ઘણીજ જરૂર પડશે. એ પરમાંણે તે પાછી માગતાં મને ઘણીજ દલગીરી પેદા થાએ છે, પણ હાલમા કસો મારો રહીઓ નથી. તું જાંણે છે, કે તારે લીવેને મારી ઉપર આટલું બધું આવી પડીઉં છે." એ બોલો સાંભલતાંજ અરનવાજ ઘણીજ અચરતીમાં પડી, અને ગાભરી પડીને બોલી, "સાહેબ, હું તમુને મુદલ ઓલખતો નથી, અને તમે મને પઈસાની કોથલી મુદલ આપી નથી. તે છતાંને તમોને પઈસાની જરૂર હોએતો, તમે જે હાલમાં મારી ઉપર આટલો બધો ઉપકાર કરીઓ છે, તેના બદલામાં, હાલ જે મારી પાસે થોડા ઘણા છે તે બેલાસક તમે લેઓ." અલબતે, અહીં અરનવાજને ખુશરૂહ જાણી પેલો નાખોદા એ સઘલું બોલતો હતો, અને અરનવાજ તેને મુદલ પીછાનતી ન હતી. તેથી અરનવાજને એ પરમાંણે પઈસાની કોઠલીથી, અને વલી વધારે અચરતી ભરેલું એ કે, તેને મુદલે પીછાનવાથી મુનકેર જતી જોઈ તે નાંખોદા ભારી અચરતીમાં પડીઓ, અને ખુશરૂહની એવી બેવફાઈ ઉપર ભારે ગુસે થઈ ગએઓ. તે એટલોતો તપી ગએઓ કે, ગુસા ભરેલી નજરે અરનવાજની શામે જોઈ, જુસાથી બોલીઓ, આ બેવફા જુવાન છોકરો, આ નીમખહરામ છોકરો, "જેને મેં દરીઆના લુખા મોજાનાં મોડાંમાંથી બચાવીઓ; જેને મેં મારાં વાહાલાં ફરજંદની માફક પીઆરથી અને લાડથી રાખીઓ; અને એજ કમબખતને લીધે આ શેહેરમાં આવી આવી બલાની જાલમાં ફસી પડીઓ, તે હવે, મારા આવા વખતમાં, મારા પઈસા નહી આપતોતો નહીં, મને કશો કામ લાગી શકતોતો નહી, પણ ઉપરથી કહે છે કે, હું તમને ઓલખતો પણ નથી! અરે ખોદા, માણસની બેવફાઈ અને નીમખહરામીનો અંત કીઆં લાગશે." પણ એવાં તેના બરાડવા ઉપર પેલા સરકારી માણસોએ મુદલ ધીઆંન આપીઉં નહી, અને તેને એકદમ આગલ ચાલવાને જણાવીઉં. તે બીચારો નાસીપાસ અને લાઈલાજ થઈને આગલ ચાલવા લાગો, પણ તે ચાલતાં ચાલતાં એકવાર ફરીને અરનવાજ તરફ જોઈ બોલીઓ, "ઓ ખુશરૂહ, ઓ નીમખહરામ ખુશરૂહ, તું મને હમણાં ઓલખવાને પણ ના પાડે છે! ઓ બેવફા છોકરા, ઓ બેવચની છોકરા, તું જરાતો મારો ઉપકાર ઈઆદ કર;" પણ એ બોલો પુરા નેહી થાએ તેટલામાં પેલા માંણસો તેને ઘસડીને આગલ ચલાવી લઈ ગએઆ.

જોકે આ સઘલો બનાવ અરનવાજ ઘણી અચરતીથી જોતી હતી, અને મનમાં ભારે અચંબો પામી વીચાર કરતી હતી કે, એ શું થાએ છે, તેવામાં તે નાખોદાને મોડેથી, તેને ખુશરૂહ કેહેતાં સાંભલી, એકદમ તેની છાતી ધડકી આવી, અને ચોંકીને વીચારવા લાગી કે, એ ગરહસથે મને ખુશરૂહને નામે બોલાવીઓ, તેથી કદાચ મારો ભાઈ, જેમ પેલા નાખોદાએ મને કહીઉં હતું કે તે વાંહાંણ ભાગતી વખતે એક લાકડાનાં કકડાને વલગી રહેઓ હતો, તે આજે સલાંમતતો નહી હોએ, અને તે એજ ગરહસથની સાથેતો નહી હોએ! ઓ! મારા પીઆરા ભાઈ. એવી રીતે તેની આંખ આસાથી ચકચકી આવી, અને તેનો ભરમ જાણવાને તેનાં દીલમાં ઘણી બેચેની ઉતપન થઈ, પણ પેલો ગરહસથ પકડાઈ જવાથી, તે તેનો ખોલાશો કોણ પાસેથી મેલવે, અને ચકા ખોલાશા વગર તે કેમ ખાતરી કરે કે, તે ખુશરૂહ તે તેનો ભાઈ હશે. તોપણ તે એટલું તો સારીપેઠે જાણતી હતી કે, તેનાં ભાઈની સુરત તેનાજ જેવી છે, અને તેણે જે મરદનો પોશાક લીધો છે તે સઘલી તેનાંજ જેવી દેખાવી જોઈએ, તેથી તેનાં મનમાં ઘણાક વીચારો ઉડવા લાગા, અને ઘડીમાં તેની આંખો ખુશાલીથી ચલકવા લાગી, અને વલી ઘડીમાં દલગીરીથી ઝાંખી પડવા લાગી. પણ એવામાં અરનવાજને ઈઆદ આવીઉં કે, તે અહીં એખલી ઉભી છે, તેવામાં કદાચને પેલો સખશ પાછો અહીં આવી લાગશે, અને તેની સાથે લડાઈ કરવાને માંગશે, તેથી ઝડપથી પોતાનાં પગ ઉઠાવી ઘેર તરફ ચાલી ગઈ.

એવામાં ખરેખરો ખુશરૂહ ફરતો ફરતો તે જગાએ આવી લાગો, જેને જોગ જોગે પેલો સખશ, જેણે અરનવાજની સાથે લડાઈ કરવાને માંગી હતી, તે શાંમણે મલીઓ, તે તેને જેહાનઆરનો પરીતમ, અરનવાજ, સમજી તે ઘસારા બંધ તેનાં આંગપર આવી, પોતાની તલવારને જોશબંધ મેઆંનમાંથી બાહાર ખેંચી કાહાડી બોલીઓ, "ઠીકછે, સાહેબ, તમે ફરીથી મલીઆ એટલે ઘણુંજ સારું થઈઉં, કેમકે હું તમોનેજ શોધતો ફરતો હતો; સંભાલો હં

સે," એટલું કહી એકદમ ખુશરૂહનાં સરીર ઉપર તલવારનો જખમ મારીઓ, પણ આએ વેલાએ તેની સાંમણે કાંઈ ધ્રુજતી અરનવાજ નહી પણ બાહાદુર ખુશરૂહ હતો, તેથી તેણે તરત તે જખમને છટકાવી નાખી, તરત પોતાની તલવાર ખેંચી એક જબરી જરબ તેની ઉપર ખેંચી કાહાડી. એ પરમાંણે તેઓ આમન શામન મારામારી કરે છે, તેવામાં તેની ગડબડથી જેહાનઆરા તેનાં મેહેલની બારીએ આવી, અને જોએછે તો તેનો વાહાલો સાદાબ અને તેનો એક નીરાસ થએલો આસક બંને જન શકત લડાઈ કરે છે; અને તે લડાઈનું કારણ પણ તરત સમજી ગઈ કે તે પેલા નાસીપાએસ થએલા આશકની અદેખાઈ વગર બીજું કંઈ નથી, તેથી તેણે તરત તે બંને જનને, તેમની ભએંકર લડાઈમાંથી છુટા કરાવીઆ, અને ખુશરૂહને સાદાબ જાણી પોતાના મેહેલમાં બોલાવી લીધો.

ખુશરૂહ જેવો તેના મેહેલમાં ગએઓ કે જેહાનઆરા તેને મોટા પીઆરથી પોતાનાં દીવાનખાનામાં લઈ ગઈ, અને તેઆં બેસારી પેલા કરપીણ સખશે જે તેને સતાવીઓ હતો તેને માટે પોતે ઘણી દલગીરી બતાવવા લાગી, અને તે સખશને ઘણાક કઠણ શબદો વાપરવા લાગી, તથા તેની સાથે પુરતા ખોલાશાથી વાત કરવા લાગી. એ મામલો જોઈ ખુસરૂહ વીચારમાં પડી ગએઓ, અને અચરતીથી જોવા લાગો કે, એ કોણનો મેહેલ, એ કોણ સ્રી, અને એને તથા મારે કીએ દાહાડેની પીછાન તથા મોહોબત, કે હાલમાં મારી સાથે આવા પીઆરથી ઈઆને જાણે મારી સાથે પુરતી પીછાન ધરાવતી હોએ તેવી ધપથી વાત કરે છે. ખુશરૂહ બેસીને એક ગમથી મનમાં એવો વીચાર કરતો હતો, અને બીજીગમથી, ઘણીજ નમનતાઈ અને પીઆરથી જેહાંનઆરા સાથ વાત કરતો જતો હતો. અલબતે, જીઆરે જેહાનઆરાની પાસેથી અરનવાજ છેલી ગઈ હતી, તીઆરે અંતવેર તે તેના મીજાજમાંજ હતી, અને તેની આગલ જેહાનઆરાએ પોતાના ખરા પીઆરનો સઘલો ખુલાશો કરી દેવા છતાં, તે મગરૂબ રહી, કોઈ પણ સ્રી સાથ પરીત બાંધવાને ના કહી ચાલી ગઈ હતી, તેને આએ વેલાએ ખુશરૂહની વાત કરવાની ધપ જોઈ—આટલી બધી ઠેકાંણે આવી ગએલી, અને પોતાની સઘલી હઠ અને મગરૂબી છોડી દઈ તેનાપર આવો પીઆર કરતી જોઈ તે પણ ભારે અચરતીમાં પડી, અને એકગમ તેનો વીચાર તે મનમાં કરવા લાગી, અને બીજીગમ ભારે હરખ પાંમતી ખુશરૂહ શાથ, તરેહવાર વાત કરવા લાગી. જેહાનઆરાએ સાદાબને (ખુશરૂહને) એકાએક આવી રીતે ફેરવાઈ ગએલો, અતચીતો તેના ઉપર આવો પીઆર કરતો જોઈ, મનમાં વીચારીઉં કે, વલી તે અહીંથી એમનો એમ પાછો જશેતો, મબાદા તેના વીચારમાં કાંઈ ફેર પડી જશે, અને તેનો મારી ઉપરનો પીઆર પાછો કમતી થઈ જશે, તેથી તે પાછો છટકી નહીં જાએ, માટે હમણાજ તેની સાથ લગન કરી લેવાં. વલી તેણે વીચારીઉં કે, હમણા એક ધરમગુરૂ પણ ઘરમાંજ છે, તેથી એ પરમાંણે લગન કરી દેતાં પણ કંઈ વીલમ લાગશે નહીં. એવો વીચાર કરી તેણે એકદમ ખુશરૂહ તરફ ધકધકની છાતીએ, અને પીઆર ભરેલી આંખે જોઈ, તેને પોતાના એ વીચારથી વાકેફ કીધો. એ બોલો સાંભલી ખુશરૂહ અચરતીમાં ગરકાવ થઈ ગએઓ, અને મનમાં વીચારવા લાગો કે, આ સીનું મગજ ઠેકાંણે છે કે નહીં; કેમકે એ બધી શું વાત કરે છે. પણ તે જોવા લાગો કે, તેની વાતચીત ઘણીજ ડાહાપણ ભરેલી છે, તે આ આખાં ઘરની ધણીઆંણી છે, અને પોતાનો કારોબાર ઘણી ચાલાકીથી ચલાવે છે, તેથી તેનાં મગજની ખાંમી વીશેનો શક તેનાં મનમાંથી એકદમ દુર થઈ ગએઓ. વલી તે વીચારવા લાગો કે, નહીંતો તે આ કાંઈ ઉંઘમાં પડીને સપનો જોએ છે, કે એ શું બનાવ બને છે. એ સ્રી અનચીતો મારી ઉપર એટલો બધો શાનો પીઆર કરે છે, અને વલી અજાએબી ભરેલું એ છે કે, એકદમ હમણાને હમણા તે પરણવા પણ શાનું માગે છે. પણ તેણે જોઉ કે, જેમ જેહાનઆરા કંઈ દેવાની પણ નથી, તેમજ તે પોતે કાંઈ સપનો જોતો નથી, તેણે મનમાં એવો તોલ કીધો કે, એવો અનચીતો પીઆર કરવાનું અને એકદમ પરણવા માંગવાનું ગમે તે કારણ હોએ, તોપણ આ સ્રી જાતે ઘણીજ ખુબશુરત, અકલવાલી, અને દોલતવાલી છે, તીઆશુધી તેને એકદમ હા કેહેવામાં કશી અડચણ દીસતી નથી, કેમકે તે કોઈબી રીતે મને ખરાબ કરવાને માંગતી હોએ એવું લાગતું નથી. તેને મને એવે બાંને, કે એવી રીતે પરણીને ખરાબ કરવામાં તેની મતલબ પણ શું હોએ, અને તેમાથી તેને ફાએદો પણ શું થાએ. એવો કેટલોક વીચાર કરી ખુશરૂહે તેની સાથ પરણવાને એકદમ હા કહી, જે સાંભલતાંજ, જેહાનઆરા, જે અતીઆર શુધી ડગડગાથી ફુલની કલી સરખી થઈ, બેસી ખુશરૂહનું મોડું જોએઆ કરતી હતી, તે એકદમ ફુલની માફક ખીલી ગઈ, તેનું હઈડું હરખથી ભરાઈ આવીઉં, અને તે લગનની તઈઆરી કરવાને હસતે મોડે ઉઠીને ઉભી થઈ. તેણે એક ધરમગુરૂ, જે તે વેલાએ તેના ઘરમાંજ હતો તેને તરત પોતાની પાસે બોલાવીઓ, અને તેને પોતાનો થડાવ જણાવીઓ. તે ધરમગુરૂએ તે મોટી ખુશીથી કરવાને કબુલ કીધું, જેથી થોડા વખતમાં અગતજોગ તઈઆરી કરી, દીવાનખાનાંની માહે અછો સીનગાર કરી પરણવા બેઠાં. ધરમગુરૂએ ધારા પરમાંણેની કીરીઆ કરી, તેમનાં લગન સારી આપીઆ, જેથી થોડા વખતમાં તેઓ બેનાં એક થઈ મોટા હરખથી ઉઠીને ઉભાં થએઆં. જેવાં તેઓ પરણીને ઉઠીઆં, કે થોડેકવારે, ખુશરૂહે પોતાની આવી ખુશાલીની ખબર, પેલા નાખોદાને કેપેથીબી શોધી કાહાડીને જલદીથી કેહેવાનો થડાવ કરી, તેણે જરાવાર બાહાર જઈ આવવાને જેહાનઆરા પાસે રજા માંગી, જે તેણે તેને, મોટા પીઆરથી જલદી પાછો આવવાને હસતે મોડે જણાવી આપી; તેથી ખુશરૂહ તેના વાહાલા વાલી નાખોદાને શોધવાને ગએઓ.

## તંદોરસતીના બીગાડથી તથા શરીરપર લાગનીથી ઉતપન થતા સપના.

માણસ ઊંઘમાં પડીઆ પછે તેને ઘણી વંખત તરેહેવાર સપનાઓ આવે છે. દીવસમાં આપણી શી


પર કાંઈ નવાઈ જેવો, પછે સારો ઈઆ માઠો બનાવ
બનીઆથી તથા દુરના સગાં કે મીતરની સારી અથ
વા માઠી ખબર સાંભલવાથી કે તેમને ઈઆદ કરવા
થી તથા હરેક બાબદની સારો દાહાડો ચીનતાં કરવાથી,
કે હરેક બાબદમાં મન લાગી રહીઆથી, તેને લગતા
સપનાઓ રાતરે સુતા પછી આવે છે. કેઈવારતો એ
વી જુની વાત અથવા બનાવ સપનામાં આવે છે, કે
જેને માટે લગાર અચરતી ઊતપન થાએ છે. જો
આખા દાહાડામાં બે તરણ બાબદ આપણા પર બની
હોએ અથવા બે તરણ બાબદનો વીચાર કીધો હોએ,
તો ઘણુકરીને તે સઘલી બાબદો એકઠી સપનામાં આ
વે છે. જેમકે એક દીવસમાં આપણા ઊપર કાંઈ ન
વાઈ જેવો બનાવ પણ બનીઓ, તેની પાછલ કોઈ દુ
રના મીતરની વાત સાંભલી, અને તેની પાછલ કોઈ સા
થે કાંઈ અગતનું કામકાજ કરીઊં, તો રાતના સપના
માં તે તરણે બાબદો એકઠીજ દેખાએ છે. જે તેના પ
ર દીસના બનાવ બનીઓ હોએ તે જાણે તેના પર બ
ને છે, તેનો મોતર તેની પાસે આવીને ઊભો છે, અને
તેજ વખત તે જાણે પેલા માણસ સાથ પોતાનું કામ પ
ણ બજાવે છે. કેટલીકવાર આગલ બની ગએલી વા
તના તથા એવીજ બીજી બાબદના સપના તેને કશી
પણ રીતે ઈઆદ કરીઆ વગર માતરે તંદોરસતીના
બીગાડથીજ આવે છે. ભારી ખાંનું ખાધાથી, પેટમાં
બદહજમા થવાથી, મગજમાં કાંઈ બીગાડ થવાથી કે
એવાજ બીજા સબબોથી સપનાઓ ઊતપન થાએ છે,
પણ તે કેટલીકવાર ઘણાજ બીક ભરીઆ હોએછે. એ
વી જાતના સપનાને માટે ડાકટર ડનકન લખે છે કે, એ
ક વેલાએ એડીનબરોની એક હાસપીટાલમાં એક અસ
તરી આવી હતી, જે રાતના ઊંઘમાં સપનો જોઈ તે
માં જે જોતી તે સઘલું મોટે સાદે બોલતી. તેમાં તે
કંઈજ નહી પણ કેટલાક દરદીઓના નામ લેઈ તેમને
શું દુખ હતું, તેથી તેમને શું શું થતું હતું અને તે ઊપર
તેમને શું શું દવા આપવામાં આવતી હતી, તેજ સઘ
લું બોલી જતી હતી. અલબતે તેવાં નામના અને તે
વાં દરદના દરદીઓ તે વેલાએ તે હાસપીટાલમાં ન
હોવાથી પરથમતો તે એવું સમજીઓ કે, એ બલતુંજ
બકતી હશે પણ પાછલથી તપાસ કરતાં માલમ પડીઊં
કે, બે વરસની વાત ઊપર તે સી એજ હાસપીટાલમાં
આવી હતી, તે વેલા એ નામના એજ દરદના દ
રદીઓ તીઆં હતાં. એ સીને બે વરસે તીઆં પાછું
આવવાથી આગલા વીચારો તેના મનમાં તાજા થએ
આ હતા અને તેથી તેને તેવા સપના આવતા હતા.
એજ તબીબ એક ગરહસથ વીશે એવું જણાવે છે કે,
તેને એક વેલાએ એક મસતાન ઘોધાએ ઘેરીઓ હતો,
અને તેથી તેને મારીઆ જવાની ઘણીજ ધાસતી પડી
હતી, તેને પીસતાલીસ વરસ ગુજરી ગએઆ છતાં જી
આરેબી તે ભારી ખાંનું ખાતો, તથાં કોઈબી બીજાં
કારણથી તેના પેટમાં બદહજમી થતી કે તેને તેજ સપ
નો આવતો હતો અને તેમાં તે તે વખતની માફકજ
બીહીતો હતો.

એ સીવાએ કેટલીકવાર કેટલાંક માણસોને ઊં
ઘમાં પડીઆ પછે શરીરની ઊપર અથવા અંદર કાંઈ
લાગવાથી અથવા લાગનીની અસર થવાથી તેજ બા
બદને મલતા સપના આવે છે. ડાકટર ગરેગરી ના
મનો એક વખાણાએલો તબીબ જેને હમેશાં એવી રી
તના સપનાઓ આવતા હતા તે પોતાને માટે લખે છે કે,
એક દાહાડે તેના પગની આગલ ગરમ પાણીનું વાસણ
હોવાથી અને તેને ઊંઘમાં પગ લાગવાથી તેને એવો
સપનો આવીઓ કે જાણે તે એતના નામના બલતા
પાહાડની ટોચ ઊપર, તેના ભયંકર મોડાંની આસપા
સ ફરેછે અને તેના પગને નીચેની જમીન ગરમ હો
વાથી ઘણુંજ ઊંનું લાગેછે. એ તબીબ કહે છે કે,
"મેં એતના પાહાડ કોઈ દાહાડે જોએઓ ન હતો, પ
ણ વીસુવીઅસ નામનો બલતો પાહાડ ઘણાક વરસની
વાત ઊપર જોએઓ હતો; પણ તેણે એ સપનાની અ
ગાઊ કેટલાક દાહાડાની વાત ઊપર એક ચોપડીમાં એ
તના વીશે વાંચીઊં હતું તેથી તે તરતની ઈઆદદાસત
મનમા તાજી હોવાથી સપનામાં વીસુવીઅસને બદલે તે
આવીઓ હતો." એક વેલાએ એજ તબીબ કહેછે કે
ઊંઘમાં તેના દીલપરથી બંહુશ નીકલી જવાથી તેના
શરીરને ઘણી ઠંડી લાગતી હતી, તેથી તેણે સપનામાં
એવું જોઈઊં કે તે જાણે ઊતર માહાસાગર માહેલા હ
ડસન આખાતમાં આવેલો છે અને તીઆં તેને ઘણીજ
ટાહાડ લાગે છે, પછે તેને જાગતાં વારજ જણાઈઊં કે
તેના દીલપર બંહુશ નથી તેથી તેને ઠંડી લાગતી હતી,
અને થોડાક દાહાડાની વાત ઊપર એ લતા તરફ રેહે
નારા લોકોની તથા એવીજ બીજી બાબદ વીશે એક
ચોપડીમાં વાંચીઊં હતું. એક વેલાએ ઊંઘમાં તેનો

દાંત ઘણોજ દુખતો હતો, તેથી તેણે એવો સપનો જોએઓ કે, જાણે એક ડાકટર તેનો જીવતો દાંત તોડી પાડેછે, અને તેથી તેને ઘણુંજ દુખ થાએ છે. પણ એ સીવાએ એજ તબીબ એક જાતનો સપના વીશે નવાઈ સરખી રીતે જણાવે છેકે, એકજ શપનો એકજ વેલાએ એક ગરહસથને અને તેની સ્ત્રીને બંનેને આવીઆ હતો. તે એવી રીતે કે—જે વેલાએ એડીનબરગ ઊપર ફરેંચ લોકોને ચહડી આવવાની ધાસતી ચાલતી હતી, તે વેલા તે શેહરના લગભગ સઘલા પુરૂશો હથીઆર બાંધી લડવાને નીકલીઆ હતા, તેમાં ઊપલો ગરહસથ પણ સામેલ હતો. તે વખતે એક દાહાડે ફરેંચોને જે વખત જાએ તેટલામાં શેહેરમાં આવી પોહોંચવાની વકી રાખવાથી શેહેરમાં દોડાદોડ ચાલી રહી હતી, અને કીલાપરથી તોપ પડતાંજ તથા તે સાથે ઠરેઠારની સીગનલો ચહડતાંજ શતરૂઓ આવી લાગીઆ એવું જાણે સરવેએ તઈઆર રેહેવાનો ઠહાવ કરીઓ હતો અને સઘલો વખત ગભરાટમાં ગુજરતો હતો. એ બનાવને કેટલાંક વરસ ગુજરી ગએઆ પછે એક દાહાડે તે ગરહસથને પાંચ હજાર માણસનાં લશકરની કવાએડ લેતાં જોવામાં આવી, જે જોઈ તે ઘર ગએઆ બાદ ખાઈને, સુતા પછે, રાતનાં બે અને તરણ વાગતાને સુમારે તેને સપનો આવીઓ, જેમાં પેલો આગલાં વરસોપર જોએલો ફરેંચોનાં હુમલાનો વખત સઘલો દેખાવા લાગો, અને જેમ તે વેલાએ તે ગરહસથ હથીઆર બાંધી દોડાદોડ કરતો હતો તેજ પરમાણે કરતો જણાએઓ. એ તેનો સપનો પુરો નહી થએઓ, તેટલામાં તેની સ્ત્રીએ તેને જગાડીઓ, અને ઘણીજ બીહીતી બીહીતી બોલી કે; ફરેંચો ગામમાં આવી લાગા, અને તેમની સાથે લડાઈ કરતાં તેનો એક વાહાલો મીતર મારીઓ ગએઓ. એ સ્ત્રીએ પણ જેવો તેણીનાં ભરથાર પેલા ગરહસથે સપનો જોએઓ હતો, તેવોજ આવીઓ હતો ! સહવારનાં તપાસ કરતાં તે સ્ત્રીને એવો સપનો આવવાનો સબબ એ જણાએઓ હતો કે, રાતરે માલપર કાંઈ વાસણ પડી જવાથી તેનો મોટો ગોંઘાટ થએઓ હતો, જે તેણીનાં કાનમાં જવાથી, તેને એવો સપનો આવી ગએઓ હતો. ડાકટર રસલસ નામનો એક તબીબ પોતાને વાસતે લખે છે કે, એક વેલાએ તેનાં માથાપર બીલીસટર મારી તેનો છાગલો શેડીઆ પછે તે ઊપર જે પટી મારેલી હતી, તે રાતરે ઊંઘમાં સરી જવાથી તે જગામાં ઘણું દરદ થવા લાગું, જેથી તેને એવો સપનો આવીઓ કે, તે જાણે જંગલી લોકોનાં હાથમાં સપડાઈ ગએઓ છે, અને તે લોકો, તેમનાં દુશમેનને મારવાની રીત પરમાણે તેનાં માથાપરનું ચામડું ઊખેડી કાહાડે છે; અને તેથી તેને ઘણુંજ દરદ થાએ છે. આખરે તે દરદ ન ખમાવાથી ગભરાઈને જાગી ઊઠીઓ, તીઆરે તેને માલમ પડીઊં કે બીલીસટરની જગાએની પટી નીકલી જવાથી તે છોલાઈ ગઈ હતી, અને તેમાં ઘણી અગન બલતી હતી.

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૩૭ મો.



પીઆરાં બેહેન,

ગએઆં પતરમાં મારી ભએંકર મુસાફરીઓની કલવાની કેમ શરૂઆત કીધી તે વીશેનો ખોલાશો કરીઓ હતો હાલ આ પતરમાં મને તે મોટાં જંગલમાં મુસાફરી કેવી રીતે કરવી પડીછે, તેનો થોડોક ખોલાશો કરૂં છું. ગએઆં પતરમાં લખીઆ પરમાણે હમો સઘલા તઈઆર થઈ એક જગાએ એકઠા થઈ આગલ ચાલવાનો રસતો લીધો. જેવા જંગલની માહે દાખલ થએઆ કે તેનો ઝાડ પાન અને ઢોલાવદાર ડુંગરોથી ભરેલો દેખાવ ઘણોજ રલીઆમણો દેખાવા લાગો, પણ એવાં ઝાડ પાનની ઘટા થોડાજ રસતાવેર આવી, પછે મોટું ખોલું મેદન હમારી આગલ બોહોલા વીસતારથી પડેલું જોઈશેં. આખો દાહાડો ચાલીઆ પછે, સાંજની વખત થઈ કે એક ઘણીજ રલીઆમણી જગાએ રાતવાસો કરવાને થોભીઆ. ઘોડાઓને છોડી તેમને છુટા ચરવા મેલીઆ અને સઘલાં ગાડાંઓને ગોલ કુંડલાનાં આકારમાં ગો

ઠવી, વચે હમારી બેસવાની તથા સુવાની જગા કરી. એવામાં હમારા મધેથી કેટલાકો ઘોડાને એડ મારીને જંગલમાં દોડીઆ, તે થોડાક વારમાં બે હરણનો શીકાર કરીને લાવીઆ, જેમને તરત વેતરી, ભુંજી તેની સાથે કેટલુંક ખાવાનું હમારી સાથે હતું તે લેઈને ખાઇને સુઈ ગએઆ. બામદાદનો વખત ફએઓ કે ઊઠીને પાછુ ચાલવા માંડીઊં.

એ પરમાણે આઠ દાહાડા શુધી મુસાફરી કીધી, જે કરતાં હમોને કેટલાક ડુંગર ચહડવા પડીઆ તથા કેટલીક નદીઓં ઊતરવી પડી, અને તરેહવાર નવા નવા મનોરંજક દેખાવો નજરે પડતા ગએઆ. એમ કરતાં નવમે દાહાડે એક ચોકસ મેદાનમાં આવી લાગીઆ જેને "ઘોધાઓનું મેદાન" બાવીશ કરી મારા શોબતીઓ બોલવા લાગા અલબતે હુંતો તેમની સાથે તદન નવોજ હનો, તેથી મને તેની મતલબ સમજ પડી નહી, જેથી મેં તેઓ મધેનાં એકને તેનો ખોલાશો પુછીઓ; જેણે મને એવું જણાવીઊં કે, આ જંગલમાં એક જાતનાં જંગલી ઘોધાઓ વસે છે, જેઓ ઘણા જબરા અને મસતાન હોએ છે, અને તેઓ હજારોનાં એકકાં ટોલાં થઇને ફરે છે. જો તે છુટા છવાએઆ નજર પડે છે તો તેનો ઘણીજ મેહનતે અને ઘણીક ધાસતીથી શીકાર કરાએ છે, કેમકે તેનું ગોસ આવા જંગલનાં મુસાફરોને, તથા જંગલી લોકોને ઘણું કાંમ લાગે છે. તે ઘોધાનુ એક ચીત્ર તમારી ઊપર મોકલીઊં છે. એમ કરતાં સાંજ પડી અને હમોએ એક પાણીના નાલાંના કાંઠા ઊપર ઊતારો કરીઓ. રોજની માફક ઘોડાઓને ચરવા મેલીઆ અને ગાડાંઓની ગોલ હાર કરી વચે હમો બેઠા અને શીકાર વગેરેનું ખાંનું લઈ સઘલા વાત કરવાને લાગા. એ વેલાએ પુર ચંદની પડતી હતી, જેથી જંગલનો દેખાવ ઘણોજ રલીઆમણો અને મનોરંજક લાગતો હતો. વાત કરતાં કરતાં કેટલાકો પોતાની ધાબલી પાંથરીને સુઈ ગએઆ, પણ હમો તરણ ચાર જનને, તે વેલાએ પડતી સરસ ચંદનીનો લાભ જનો મેલવાને ન ગમવાથી હમોએ ઘોડેસવાર થઈ જંગલમાં ફરવા નીકલવાનો ઠરાવ કીધો. હમુને જોઇને બીજાબી કેટલાએક જણ સાથે આવવા તઈઆર થએઆ, જેથી હમે બધા મલીને આઠ જણે હમારા ઘોડાઓ ઊપર જીન બાંધીઆં અને સવાર થઈ એકદમ કુદતા જંગલમાં નીકલીઆ. અલબતે હમો બધા સરખે સરખા હતા, જેથી હમોને ઘણીજ મજાહ પડી; અને એમ કરતાં કેટલાક ગાઊ આગલ નીકલી ગએઆ, અને છેલે એક ઘણીજ લીલોતરીદાર જગા જોઈ તે ઊપર આસાએસને માટે બેઠા. તીઆં બેસીને કેટલોકવાર તરેહવાર હસવાની વાતો કરી; અને પછે જેવા હમારા કાફલા તરફ જવાને ઊઠવા જઇએ છઈએ તેવામાંજ હમારામાનો એક જણ બોલીઓ કે, આપણે અહીં લગભગ આઠ માઈલવેર ચાલી આવીઆ છઈએ, અને પાછા જતાં બીજા તેટલા માઈલ ચાલવા પડશે, જેથી આપણા બીચારાં આખા દાહાડાના થાકેલાં જનાવરોને શોલ માઈલનો નકામો ફેરો પડશે. નકામો એટલા માટે કે જે જગાએ હાલ આપણે બેઠા છઈએ તે આપણો રસતોજ છે, અને સહવારે આપણને અહીં રહીનેજ જવું પડશે, માટે આપણે હાલ માંતો અહીંજ સુઈ રહીએ, પછે સહવારનાં બધાં ગાડાં અહીંજ આવશે તેની સાથે આપણે થઈ જઈશું. એ વાત બધાઓને ઠીક લાગી; અને રાત પણ અરધી ઊપર ગઈ હતી તેથી હમો હમારો બંડુશ પાંથરી સુઈ ગએઆ, પણ સુતાની આગમચ હમારા માંથી એક જનને ચોકી કરવાને પાસેની એક ટેકડી ઊપર ઊભો રાખીઓ, કેમકે, આગલ જણાવીઆ પરમાણે તે જંગલમાં ઘોધાઓની વસતી હોવાથી, જો તેમનું એકાદું ટોલું તીઆં આવી ચહડે, અને તેની તેમને કેટલોકવાર આગમચથી ખબર નહી પડેતો, સઘલા તેમનાં પગતલે કચડાઈ મરણ પામે. હું પણ મારો બંડુસ પાંથરીને સુનો, પણ મને તેનાં કરતાં થોડેક દુરની લીલોતરી, જે ઘણાજ નરમ ઘાસથી ભરેલી હતી, તે વધારે પસંદ લાગી, અને તીઆં જઈ સુવાનું મન થઇઊ, તેથી તીઆંથી ઊઠી તીઆં જઇને હું સુતો. સઘલાઓએ ઊંઘમાં પડવાની આગમચ પેલા ચોકી કરનારને મજબુત સાવચેત રેહવાને જણાવીઊ, અને પછે એક પછે એક ઊંઘાઈ ગએઆ. કેટલેક વારે મારી આંખમાં પણ ઊંઘ આવી, પણ તે હજુ પુરી આવી નહી તેટલાંમાં મારી જમીન જાણે ધુજતી હોએ એવું લાગું, અને જાણે દુરથી મોસા ગગડતના જેવો અથવા જાણે સેંકડો રેલવેની ટરેનો એકકી દોડી જતી હોએ તેવો આવાજ સંભલાવા લાગો. પણ થાકથી કરીને મારી આંખમાં એવીતો ઊંઘ જોર કરતી હતી કે, હું જરા મારૂ

માથું ઊંચકી, મારા મીતરોની તરફ જોઈ પાછો સુઈ ગએઓ. પણ જરાકજ વારમાં, જાણે મારી તલેની જમીન ફાટી જતી હોએ એવી ભઅંકર રીતે ગગડતી જણાઈ, અને તેમાં મારા કાનમાં મારા મીતરોનો મોટો પોકાર પણ આવીઓ, જેથી હું જબકીને જાગી ઊઠીઓ, અને ઊભો થઈને જોઊ છું તો, પેલા ભઅંકર ઘોધાઓનું એક મોટું ટોલું છેક મારી નજદીક આવી લાગેલું. એ જોઈને હું ઘણોજ ઘાભરો પડી ગએઓ અને મારી જીવવાની આસા મેલી; કેમકે તે ટોલું કાંઈ એટલું નાનુ ન હતું કે કોઈ બાજુપર નાહાસી જવાથી તેમાંથી બચી શકાએ. પુરવ અને પસચીમ, ઊતર અને દકશીણ, એ ચીઆરે દીસાએ, જીઆંવેર નજર પોંહાંચે તીઆંવેર એ જનાવર સીવાએ બીજુ કશું નજર પડતું ન હતું. એ હજારો હજાર જનાવરનું ટોલું જાણે જંગલમાં એક કાલો સમુદર થઈ ગએઓ હોએ એવું લાગતું હતું, અને તેમને ચાલતાં તેમના બરડા વાંકા ટીકા થવાથી જાણે તેમાં મોટા મોજા મારતા હોએ તેમ દેખાતું હતું પણ અફશોશ ! થોડીક મીનીટ ગઈ નહી તેટલામાંતો તે ટોલું છેક મારી નજદીક આવી પોંહાંચીઊં, જેને જોતાંજ મારાં હાડ એકવાર કડકડ કાંપીઆં અને મેં મારાં જીગરથી એક સરદ હાએ મારી, મારી જીંદગીની સઘલી આસા છોડી. જેવું તે ટોલું નજદીક આવીઊં, કે તેમની આગલ એક ઘણોજ મોટાં કદનો અને ઘણોજ મસતાન ઘોધો, જે તે આખાં ટોલાંનો સરદાર હતો, તે ગુસાબંધ બખારતો પોતાની ઊભી પુછડી અને વાંકી ડોકી કરી મારાં આંગ ઊપર આવીઓ, અને એક એવાતો જોરથી મને માથું મારીઊં કે હું કેટલાક ફુટ હવામાં ઊંચે ઊડીઓ અને પછે પેલા ઘોધાઓના ટોલાં ઊપર, બરોબર બોલીએ તો તે ઘોધાઓના જીવતા સમુદરમાં, પડીઓ. મારા મીતરો જેઓ દોડીને એક ઊંચા ટેકડા ઊપર ચહડી ગએઆ હતા તેઓએ મને હવામાં ઊછલતો અને તે ઘોધાઓના ટોલાંમાં પાછો પડતો જોએઓ, જેથી તેઓએ મારી જીંદગીથી તદન હાથ ધોએઆ, કેમકે તેઓ જાણતા હતા કે હું તેમની લાખો ખડી તલે કચડાઇને રજેરજ થઈ જવો જોઈએ. પણ વાહાલાં બેહેન, ખોદાની મેહેરબાંનીથી જેવો હું નીચે પડીઓ તેવોજ જમીનપર પડવાને બદલે એક ઘોધાના બરડા ઊપર પડીઓ, જેની ઊપર લાંબાં બાલ હોવાથી હું તેને મજબુત પકડી તે ઘોધાના બરડા પર વલગી રહેઓ. મને એ પરમાણે વલગેલો જોઈ તે ઘોધો ઘણોજ બીહીવા અને અફડાતફડી કરવા લાગો, કેમકે, તે જંગલમાં એક જાતનાં ફાડી ખાનારાં જનાવર થાએ છે, જેઓ એમજ કુદકો મારી એ ઘોધાઓના બરડાપર વલગી જાએ છે અને પછે તેને મારી નાખે છે; તેમ મને પણ તે એક એવું જનાવર સમજીઓ. આસપાસના ઘોધા પણ બીહીને ખીસતા થવા લાગા, અને મારા ઘોધાએ ટોલામાંથી બાહાર નાહાસવા માંડીઊં. એ વેલાએ તરતજ મારા મનમાં આવીઊં કે, જો એ ઘોધો એમજ દોડતો રેહેશે તો થોડા વખતમાં હું એ ભઅંકર ટોલાંથી ઘણોક દુર જઈ લાગસ, જેથી મારો મોહોતના ઘરમાંથી ખચીત બચાવ થશે. તેથી મારી કમરમાં જે છરી ખોશેલી હતી તે મેં આસતે રહીને ખેંચી કાહાડી, અને જેમ જેમ તેની અણીને ઘોધાની ગરદનમાં ભોકતો ગએઓ, તેમ તે ઊભી પુછડી કરીને દોડતો ગએઓ. એ પરમાણે કેટલાક વાર દોડવા પછે એક ઘણીજ ઊંચી ટેકડી નજર પડી, જેથી હું ઝટ કુદીને તે ઘોધા ઊપરથી ઊતરી પડીઓ, અને જોરમાં દોડીને તેનાં મથાલાં પર જઇને બેઠો. થોડાક વારમાં તે ઘોધાઓનું ટોલું તીઆં આવી લાગીઊં અને તે ટેકડી વચે આવવાથી બે ભાગ થઇ આજુ બાજુથી પસાર થવા લાગું. એ વેલાએ જીઆંવેર મારી નજર પોંહાંચી તીઆંવેર મેં જોઈઊં, પણ એ જાનવરો સીવાએ બીજું કશું નજર નહી પડીઊં. હું જાણે કે મોટા હીલતા સમુદરની વચેના બેટ ઊપર હોઊં એવું લાગુ, અને તેમની ગતી જોતાં જાણે મારી ટેકડી ચાલી જતી હોએ એવું મને લાગીઊં. એમ કરતાં કેટલેક કલાકે તે સઘલું ટોલું પસાર થઈ ગઈઊં, તેવોજ હું તીઆંથી નીકલીઓ, અને મારા મીતરોને સોધવાને ગએઓ. થોડાકવારમાં મેં તેમને જોએઆ, જેઓ મને મરેલો જાણી ઘણાજ ગમખાર થઇ મારાં હાડકાં શોધતા હતા કે, ને કાંઈબી હાથમાં આવેતો તેમને તીઆંજ દુમીદાહ કરે, પણ એવામાં હું તેમની સનમુખ જઈ લાગાથી તેઓ કેટલોકવાર તો અચરતીમાં ગોએઆ બેશુધ થઈને મારી તરફ જોએઆજ કરવા લાગા, અને તે હુંજ છું કે તે મારો આતમાં (ભુત થઈને) એવા આકારમાં આવીને ઊભો છે, તેનો વીચાર કરવા લાગા, પ

ણ તરતજ તેમની અચરતી નરમ પડી ગઈ અને તેઓ મને ગોરાં હેતથી ભેટીઆ, અને ઘણીજ અચરતીથી, હું સલામત કેમ રહેઓ, સે વીશે પુછ્વા લાગા. મેં તેમ ની આગલ સઘલો ખોલાશો કીધો, જેથી તેઓ ઘણાજ અજબ થએઆ, અને હસવા લાગા; પછે હમો તરત તીઆંથી નીકલીને હમારા કાફલામાં ગએઆ. વા હાલાં બેહેન, આ પત્ર હાલતો એટલાંમાંજ સમાપત ક રૂં છું, એજઅરજ.

હું છઉં તમારો,
**વાહાલો ભાઈ.**

---

# સ્ત્રી દરપણ.

---

### અરે ઊતરરે મુઆ ઊતરરે !

*જરી*—બપાઈજી હું મેજ સમારૂં ?

*બપાઇ*—ખીસતી રેહે, ખીસતી રેહે, તારા હા થ ધોવાના હોશે.

*જરી*—નહીરે બપાઈજી મારા હાથ તો સોજા છે, જોવની.

*બપાઈ*—અરે પેટ બરી, એ હાથ મેજને નહી લગરાએ. મારીજ નાખસ જો લગારેઆ તો. નહી તો જા, જઈને સોજાં પાણીએ હાથ ધોઈ આવ.

*ગુલબાઈ*—મરેરે મમાઈ, એ મેજતો હજુર હમણા બજારમાંથી આવીને હલકરીની પાંટીમાંથી કા હારીને ખુમચામા મેલીચ. તારે બજારમાંથી ચોખા હાથ લગારેલી આવીચ કે ? ને હલકરીની પાંટીનેબી ચોખાં પાણીએ ધોએલી હાશે કે ? ( હસીને )

*મમાઈ*—જી ભરૂં તું તો જારે હાએ તારે એમ જ બોલજે. જા, જા, જરા કંઇ દીન ધરમ સમજ, ચરેલાઓની સુને ચરી ના જા.

*ગુલબાઈ*—પણ શું મમાઈ, મેજવારા ઘાટીના અને હલકરીના હાથ કરતાં તો આપરી જરીના ને આ પરા હાથ સો ગણે સાફ છે. તેતો મુઆં બીજું તીજું તો નહી સંભાલે પણ વરી ઘરી ઘરીએ ગોનામાં હા થ ઘાલે; તેના કરતાં તો જરીના હાથ સારા કેની !

*મમાઈ*—જોની માએ, તું બોલી તેતો ખરૂં. તે મુઆં ગમે તેવાં હાએ. પારસીના ઘરમાં આઈછી, તે બધુ ચોખું; પછી ગમે તે હાએ:

*ગુલબાઈ*—તારે વારૂં મમાઈજી વીચાર કરો, કે જાહારે પારસીનું ઘેર એવું ચોખું કે, તેમાં જેબી વ ગર ચોખું આવે તે ચોખું થઈ જાએ, અને તે ઘેરને એવું ચોખું રાખનારાં તો આપરે; તારે આપરેતો તે ના કરતાં વધારે ચોખાં થએઆં; અને તારેતો આપરો હાથ લાગે એટલે ગમે તેવી અજીઠી મેજબી વગર ધો વે ચોખી થઈ જાએ; તારે વરી જરીના હાથ કાંએ ધો વારોચ ?

*મમાઈ*—જા; માએ જા; તું તો વરી ઈસકૂ લની લાહા લાવીને માથું ખાવા બેઠીચ, તે હું કામ મેલીને તુને કાંહાં જવાબ દેઆ કરૂં. જોની મુ આ અંધીઆરૂ પાછલી રાતનુ હજુ અસતમ ભણવા આવેચ તે, બારણે સાત વાગવા આએઆ તોબી મુઆ નુ ઠેકાણુ નહી મલે. મરેરે દુખના દેતા, એબી મુ આ એવે વખતે અમસા જીવને કકલાવેચ.

*રતન ડોસાં*—અરે માંએ તમે લુબાન મુકીરે, એ મુઆ પહરતા. મુઆઓ આવીને કું કું કું કું ક રી બે બોલ એમ, બે બોલ એમ, કરી ગાબરાં મારી ચા લી જાએચ. એ કંઈ મુઆ આએ દાહારા બરાબર ભણી મરેચ કે ? મુઆરે એએએ. હજુ મુગાં મુગાં ક સતી કરીને ચમટી ભરીને લુબાન મુકો કે તે કારગત લાગે. હવે તે આવી રહેઓ.

*પીરોજબાઈ*—અરે માએ હવે તે કામનુંબી શું ? તે વખત તો વીતી ગએઓ. પાછલી રાતનાં એ તો રૂવાન ખસબોઈ લેવાને ઊઠે, તેતો બીચારાં વાટ જો ઈ જોઇને બેઠાં હાશે. હવે મુઓ તે આવે તે શું કા મનો. મરેરે, મેં હારમજદારને કહીકેતું જો, કે ત મારીથી નહી બનેતો કોઇ તમારા જેવા ગોબેદને ગોક લજો હં, તારે મુઆ આવા કોઈ હેણને મોકલેઓ. આ એ ઘંમાર જેવા દાહારા ને વાએ પાછલી રાતનુ અસ તમ નહી ? તમે મરેરે પઈસાના ખાતા, મુઆઓ છતા પઇસા લઇને અમસી આઇ બાઇઓને એવું દુખ દે છે.

*જીવણાઈ*—(ગુલબાઈનાં મમાઈ) ચાલ માંએ ચાલ, નહીતો મુઆના નામપર ધુર નાખી, વેહેલી વે હેલી લુબાન મુકી લેશેં. અમથો વખત જાએચ. રતનાઈ, લુબાનનો દાબરો કાંહાં છે ?

*રતનબાઈ*—પણ તમે કસતી કીધી કે !

*જીવણાઈ*—હારે કસતીતો હમણાજ કીધેલી છે. આએ શું પેલો રહેઓ દાબરો. જરાક મને આપો

તો; મારા હાથ ચોખા છે તે પાટીઆં પરથી પરાસે નહી.

**રતનબાઈ**—લેઓ, ને હવે વેગો હાથ ચલાવો દરાનનો વખત થઈ જાએચ.

**જીવણબાઈ**—(ચમટીમાં ઘણું સરખું લુબાન લઈ જરા જરા મુકતાં જઈ) મીઠાં ચાપટ, બદામ, દરાખ ભરેલી ફેરવઈ, કનની ઘારી, ચણાની પુરી, ઘઉંની રોટલી, આખી દારનું ઈંડું, ઈંડાનો આખી દારનો પોરો, બીંગની તરેલી માછલી, બીંગનો તરેલો ઘરબ, તરેલો કવાબ અને દુધની ચાહ—મારા——જીની નઈએતે,——જીની નઈએતે,——બાઈની નઈએતે,——બાઈની નઈએતે,——બાઈની નઈએતે,——જીબાઈની નઈએતે, અશો ફ્રવરની નઈએતે, કુલ મુક્તાદની નઈએતે, સરોસ ઈજદની નઈએતે, તેતરીસે ફ્રેસતાઓની નઈએતે. ચાલો માએ પીરોજબાઈ, હવે બધું લુબાન બરી રેહને એટલું ઊંચકી લેઓ મરી જાંઊ, કંઈ બીજું સુજ પરે હવે.

**જરી**—એ ઘાટી, કાંહાં જાએચ.

**જીવ**—(ઘબરાઇને) ઓ માએ જોવતો, એ કોણ છે મુઓ.

**રત**—અરે ઊતરરે મુઆ, ઊતરરે, ઊતરરે, ખાલી ઊતર, તું મરી જાએ ઊપરનો આવતો.

**ઘાટી**—નશવાનજી શેઠ નશવા—

**જીવ**—અરરર, હં, હં, હં, ઊતર, ઊતર, ઊતર, ઊતર, તુ મરે ઊતર, અરે મુઆ જલદી ઊતર, તું ભસતે જાએ ઊતર.

**ઘાટી**—(સામબો આવીને) અરે બાઇ હે ચીઠી, ચીઠી—

**જીવ**—અરે હં, હં, હં, દુર જા, દુર જા, તું મરેરે ચીઠીનો લાવતો, તું મરેરે કોઈ મુઆને ઊતારોરે.

**ઘાટી**—અરે બાઈ ઈતકી ઘાબરતેસ કાં, મી ચોર નાહી—હે પાહા મીં ચીઠી ગેઊન આલો હએ (ચીઠી આગલ આપવા જાએછે.)

**જીવ**—અરે ખીસ, ખીસ, ખીસ, તુ મરેરે અરે કોઇ મુઆને કાહારોરે.

**પીરો**—(હાથમાં પારલો ઊચકી) તું મરી જાએ એમનો એમ (આગલ આવીને) ઊતર મેલા, ખાલી ઊતર, ભસને ગીઓ. અથાં ખાલી ઊતર, નહીતો મું આ તારાં માથાં ફેરી નાખેસ, ઊતર.

**ઘાટી**—અગે બાઈ અસે કાએ કરીતે ? વા, મલા મારતેસ, કસાલા, કાએ તુજી ચોરી બીરી કેલી ? કસાલા મારેંલ તું ?

**જીવ**—અરે ફીટ હવે શું કરૂં.

**ગુલ**—મરેરે પણ તેને કોઇ આસતે રહીને કેહોની, તે મુઆને બધાજન ગભરાવી નાખેચ તે શું કરે (આગલ આવીને આસતેથી ઘાટીને કેહેછે) અરે એ બાલા, અથાં ખાલી જા, આજ આમચા સણ હએ, તે આમચા ઘરમાચા કાંમ કરતે, તેઆસાઠી પહીલા ખાલી જા.

**ઘાટી**—બરે બાઈ બરે, તંવાં આસાસાંગાંનં, તું મી ચીવી દેને, મારાએલા એતે આની ઓમ મારતે તે મી કાએ જાણુ બરા ? બરા બાઈ મી ખાલી જાતુ. (ઘાટી તરત ઊતરી જાએ છે.)

**રત**—હત તું મરે એમનો એમ.

**પીરો**—અરે ચીઠીના મોકલતાં ને વાંચતાંબી મરેરે, મુઆ, સપરમો દાહારોબી આવો દેર કરેચ, ઓ ઓવારૂંરે એવાં ભારૂતને, મુઆં એવું હોએ તારે પોતાનુ આદમી કાંની હેઠે બેસારી મરતાં, મુઆં બીજાંને કાંએ દુખ દેય.

**જીવ**—લે પીરોજબાઈ હમણા દરાન પાણીને વખત મુગાં રેહો, પછે એ મુઆંની તો ધુર કાહારૂચ.

**ગુલ**—આવાએ પીરોજબાઈ, અમથાં કોઈ બીચારાં બીજાંને કાંએ વારૂ ગાર દેઓચ, ને અમથો ઘરમાં કજીઓ કાંએ ઘાલોચ ? તેઓએ કંઈ તેને એમ કહીઊતુ કે તું મારપર ચહરીનેજ આવજે ? અમથો કોઈ સાથ લુંઘસ કરચો.

**પીરો**—પણ તારે હેઠે આવીને લઈ મરે કેની ?

**ગુલ**—પણ વારૂ તે બીચારાં તીજે મારે, ને આપરે પેહલે મારે, તે બીચારાં શું જાંણે કે હમારા ઘેરમાં કોઇ ચીઠી લઇને આવે છે ? જેને વાસતે જાણતાં હોએચ તેને વાસતેનો તેઓ હેઠે આવેચ કેની ? જાઓ જાઓ, એ કંઈ તમારી રીત નહીં; અમથાં કોઈ સારાં માણસને ગાલ દેવી તેમાં શું ફાએદો ?

**જીવ**—લે માંએ ચાલો હવે માંડી વારો. જરા, તમે મેજ ઝમારવા બેસો, હું દરાન વણી નાખું. માંએ ગુલબાઈ, તુંબી જા હવે આગલા ઓરડામાંના માએ.

## ઈઊરોપ અને તેની જાહોજલાલી.

ઈઊરોપ એ પુરૂથવી ઊપરના પાંચ ખંડો મધેનો એક ખંડ છે. એ સરવેથી નાનો છે, અને તે એશીઆખંડના પશ્ચીમે આવેલો છે. અસલના વારામાં પસ્ચીમ એસીઆ માહેલા કાકેજીઅન લોકો તે ઊપર જઈને વસીઆ હતા, અને તેમનાથી એ ખંડ ઊપર વસતી થઈ હતી. તેઓ ધીમે ધીમે ચોમેર વેરાઈ ગએઆ, અને જુદા જુદા જથા બાંધીને રહેઆ. તીઆર પછે તેઓએ શેહેરો બાંધીઆં, અને ધીમે ધીમે તેમાના કેટલાકો ઊપર સુધારાનાં કીરણો પડવા લાગાં. અંતે સઊમાં પેહેલુ, ઈઊનાન અથવા ગરીસ દેસ એશીઆખંડનો, તેમાં અકશર કરી ઈરાન દેશનો સુધારો લઈને પરકાશી નીકલીઊં. તેમનામાં વીદીઆ અને હુનરનો બોહોલો ફેલાવો થઈ ગએઓ, જેની ઈઆદગારી અને નીશાનો આજવેર રહી ગએઆં છે. ઈઊરોપના સઘલા સુધારાનુ મુલ એ દેશ ગણાએ છે. પણ એ દેશ, સીકંદરના અમલની સમાપતી પછે, પાછો પડીઓ, અને તેની પાછલ રોમ દીપી નીકલીઊં. એ દેશ આખા ઈઊરોપના શુધારાનું, અને વીદીઆ હુનરનું સથલ થએઆ બાદ, તેણે પોતાના હથીઆરનાં બલે કરી, સપેન, પોરચુગલ, ફરાનસ, બેલજીઅમ, સુવીતઝરલાનડ, હંગરી, અને ઈંગલંડનાં કીનારા તરફનો ભાગ તથા જરમનીનો કેટલોક ભાગ પોતાને સવાધીન કરી, પોતાનો શુધારો તેમને આપીઓ, અને તેથી તેઓ થોડાંઘણાં અજવાલામાં આવીઆં. રોમનોએ તેમને ખેતીવાડીનું કાંમ શીખવીઊં, અને ભટકતી હાલત મેલાવી શેહેરો બંધાવીઆં. તે સાથે તેમનામાં ખરીસટી મહજબનો પણ બોહોલો ફેલાવો કીધો, જેની અસર તેમનાપર ઘણી થવાથી તેમને કેટલીક પરકારે શુધરવાને બની આવીઊં. પણ એ સુધારો તેમનામાં ઝાઝો વખત ટકીઓ નહીં. ગરીસની માફક રોમની ચહડતી કલા ભાગી પડી, અને તે પછે ઊતર તરફના જંગલી લોકો ઊતરી આવીઆ, જેથી ઈઊરોપનાં બંધણમાં મોટો ફેરફાર થઈ ગએઓ; અને સઊ સઊ પોત પોતાના હકને માટે લડવા અને મરાવા પડીઆ. એ વખતમાં જરમની, ફરાનસ, સપેન, પોરચુગલ, ઈંગલંડ, સકાટલંડ, સુવીતઝરલંડ, ઈટાલી, હંગરી, બોહીમીઆ, પોલંડ, ડેનમારક, સુવીડન, નોરવે અને રશીઆ સવતંતર થઈ પોતાની મરજી પરમાણે રાજ કરવા લાગાં. ઈસવી શન પછી ૧૪૫૩ માં તરક લોકોએ કાનસટેનટીનોપલ હાથ કરીઆ પછે, તે પણ એક ઈઊરોપનું સવતંતર રાજ ગણાવા લાગું. આસટરીઆ, હાલંડ, પરસીઆ અને સારડીનીઆ, એઓ પણ પાછલથી સવતંતર થએઆં, અને રશીઆ, જે એક એશીઆનુ રાજ ગણાતું હતું, તે પેહેલા પીટરના વખતથી ઈઊરોપનુ ગણાવા લાગું. એ પરમાણે, એ પછે પણ કેટલાક ફેરફારો થઈ, ઈઊરોપનાં દેશોનુ રાજઅ બંધારણ નક્કી થઈઊં.

એ સઘલો વખત ઈઊરોપનો શુધારો અટકી પડીઓ હતો, પણ તેમાં તેઓ આગલની માફક પાછા ભટકતા થઈ ગએઆ ન હતા. તેઓ પોત પોતાના હકો સંભાલવા, અને તેને માટે મારામારીઓ કરવા પડીઆ હતા; તથા ઊતરના જંગલી લોકો સાથે ભેલાએઆ હતા, જેથી જે થોડી ઘણી વીદીઆ તથા હુંનર તેઓ રોમનોથી શીખીઆ હતા, તે પાછું ભુલી ગએઆ હતા પણ જીઆરે મુર લોકોએ સપેન દેશ ફતેહ કરીઊ, તીઆરે તેઓ પુરવ તરફની વીદીઆ તથા હુનરો તીઆં દાખલ કીધા, જેથી સપેનીઅરડો, એ બાબદમાં પાછલથી વખણાવા લાગા. જોકે જે વેલાએ સપેનીઅરડો ઊપર વીદીઆનો પરકાશ પડીઓ હતો, તે વેલાએ ઈઊરોપના બીજા દેશો જંગલીપણાનાં અંધારામાં પડીઆં હતાં, તોપણ એ ખંડ માહેલા હાલના સુધારાનો પાએઓ નાખનાર ઈટાલીઅનો ગણાએ છે. પરથમમાં એ દેશમાં એટલો તો વેપાર, વીદીઆ અને હુનર ફેલાએઆં કે, એકવાર તેણે આગલાં ગરીસ અને રોમની બરોબરી કરી; અને પાછલથી તેનો પડછાએઓ બીજાં દેશોમાં પડીઓ. તેની પાછલ, છાપવાની કલા નીકલી, જેથી ઊપલા શુધારાને આગલ વધારવાને સવલ થઈ પડીઊ, અને તે ઝડપથી ચોમેર ફેલાવા લાગો. એમ કરતાં સોલમી સદી થઈ અને સપેન તથા ઈટલી, ગરીસ અને રોમની સોડમાં ગએઆં, ઈઆને પાછાં પડીઆં; અને તેમની પાછલ સતરમી સદીમાં ફરાનસ, ઈંગલંડ અને જરમની એઓ દીપી નીકલીઆં; જે તેમની દીપક આજવેર ટકી રહી છે, અને ઈઊરોપના સઘલા સુધારા મંડલનાં મધીઅ બીંદુમાં એ તરણ દેશો ગણાએ છે. પણ એમ ન ધારવું કે એ તરણે દેશો હવે એવી હાલતમાં કાએમ રેહેશે; કેમકે તેની



નીપાનની રાણી

સાબેતી આપણી નજર આગલજ છે. જે હાલ ગરીસ, રોમ, સપેન તથા ઇટલીનો થએઓ, તેજ હાલ ઈંગલંડ, ફરાનસ અને જરમનીનો, મોંડે ઈઆ વેહલે, થવો જોઇએ, અને વલી તેમને બદલે કોઈ બીજાં દેશો, જેઓ આજવેર દુનીઆંનાં ખુણામાં અંધારાંમાં પડીઆં છે, તેઓ તરી નીકલવાં જોઇએ. પણ વલી સાથે આટલુંબી, ધેઆનમાં રાખવું જોઈએ છે કે, એવો ફેરફાર કાંઈ સદા ઇઊરોપમાંજ થતો રેહેવાનો નથી, અને એજ ખંડ સદા સુધરેલો રેહેવાનો નથી. જેમ એક પછે એક દેશોની વારી આવે છે, તેમજ ખંડોની પણ આવે છે, પણ તેમની વારી દેશોના જેટલી ઉતાવળથી ફરતી નથી. દુનીઆંની શરૂઆત થએઆ પછે પરથમમાં એશીઆખંડ સુધારાની માતા થઈ, અને તેણે તે રૂપનાં અનેક બાલકોને જનમ આપીઓ. જે વેલાએ એ ખંડનાં ઈરાન વગેરે દેશોમાં વીદીઆ તથા હુનરો પુર જાહોજલાલી ભોગવતા હતા, અને વેપાર વણજ પોતાનાં પુરાં બલથી ચાલતો હતો, અને લોકો અનાજ પાકવીને તેનાં તરેહવાર પકવાન કરીને ખાતા હતા, તથા કપડાં બનાવીને તેના તરેહવાર પોશાકો પેહેરતા હતા, તે વેલાએ ઈઊરોપખંડ એક વેરાન જંગલ હતું, તેના રેહેવાશીઓ હેવાનરૂપે આણીગમથી પેલીગમ ભટકી, ફલ ફલાદી ખાઈ, તથા જાનવરોનો સીકાર કરી દાહાડા કાહાડતા હતા. તે વેલાએ કોઇએ સપનામાં પણ એવો વીચાર ન કરીઓ હશે કે, ઈરાનીઓ, અરબો, જંગલી કેહેવાશે, અને ઇઊરોપીઅનો દુનીઆંપર મોટી હુન્નર ઊપજાવનાર વીદવાન કેહેવાશે. તેમજ એકુ દાહાડે એ ખંડના શુધારાનો પણ અંત આવશે, એનાં ઇંગલંડ અને ફરાનસ દેશ પાછાં જંગલી નહીતો અરધ જંગલીઓનું રેહેઠાણ પણ થઈ પડશે, અને તેમની ઊપર કદાચ આફરીકાના સીધીઓ સાહેબી ભોગવતા થશે, અને જે ઈઊરોપીઅનોથી આજવેર થઈશે નથી, તે તેઓ કરીને દુનીઆંને હેરતમાં નાખશે. આફરીકાજ એટલા માટે ધારવામાં આવે છે કે, એક પછે એકની વારી આવતાં એશીઆખંડ તે સઘલું ભોગવી ચુકોછે અને ઈઊરોપ અને અમેરીકા હાલમાં ભોગવેછે, તેથી હવે વારી માતરે આફરીકાનીજ બાકી રહી છે, જે મોડે ઈઆ વેહલે પણ કોઇવાર તેનાપર જવીજ જોઇએ.

## નેપાલની રાણી.

નેપાલનો મુલક હીંદુસથાનની ઊતરે આવેલો છે. એ ઘણો પાહાડી મુલક છે, અને એની પુરવે બુતાનનો દેશ, જેની સાથ હમણા અંગરેજોને લડાઇ ચાલે છે, તે આવેલો છે. એ દેશની રાજધાનીનું શેહેર ખટમંડુ કેહેવાએ છે. કેટલાંક વરસની વાત ઊપર, માજી ઈસ્ટ ઈનડીઆ કમપનીની એક ફોજ એ દેશમાં દાખલ થઈ છેક ખટમંડુ શેહેરમાં પોંહોંચી હતી, અને નેપાલી સરકાર સાથ કોલ કરારો કરીઆ હતા. એ દેશમાં દાખલ થતાં લશકરને એ દેશના ધુરકા લોકો, જેઓ લડાઈમાં ઘણાજ બાહાદુર હોએ છે, તેમની સાથે શકત લડાઇઓ કરવી પડી હતી, અને તેનાં ડુંગરો પસાર કરતાં મહામહા કપટ વેઠવાં પડીઆં હતાં. તો પણ આખેરે બરીટીશ લશકર તેમની રાજધાનીમાં દાખલ થઈઊં, અને તીઆંની સરકાર પાસ એવા કોલ કરાર કરાવી લીધા કે, તેઓએ અંગરેજ સરકાર સાથ હમેશાં મીતરાચારીથી ચાલવું, અને સુલેહ સંપજ ભરેલી રીતે રેહેવું. જોકે અંગરેજો એટલા બધા ફાવીઆ ખરા, તોપણ ધુરખાઓનાં બલની તેમની પુરતી ખાતરી થઈ હતી, અને તેમની તરફ માનથી જોવાને તેઓ શીખીઆ હતા. જે ધુરકાઓએ એ લડાઈની વખતે અંગરેજો સાથ પુરતાં બલથી લડાઈ કરી હતી, અને તેમની સાથે શકત શતરૂતાઈ માંડી હતી, તેજ ધુરખાઓએ, ૧૮૫૭ નાં બલવાની વખતમાં અંગરેજો સાથે એવીતો મીતરાઈ બતાવી હતી, અને એવીતો નીમકહલાલીથી ચાલીઆ હતા કે, તેમની ખુબી હમેશ વેર ગવાતી રેહેવાની.

જે વંસના રાજા હાલમાં નેપાલ ઊપર રાજ કરે છે, તેમની ઊતપતી માતરે એકસદીની ગણાએ છે. ૧૭૬૮ નાં વરસમાં, પરીથીનારાએનસાહા નામના એક ધુરખાએ, લારડ કલાઈવનું જોઈ, તે પરમાણે કેલવણી આપી એક ફોજ ઊભી કરી, અને તેમની મદદથી નેપાલ જીતી લીધું, અને તે ઊપર જે બનસીવંસનો રાજા રાજ કરતો હતો તેને ગાદી ઊપરથી ઊઠાડી મેલી, તે વંસનો અંત આણીઓ, અને પોતે તેનો રાજા થએઓ. તેની પછીના એક રાજાએ, કુલની અસતરી પરણવા માટે એક ઊંચા કુલની બરામણની અસતરીને, જબરીથી પકડી મંગાવી, અ

ને તેની સાથ લગન કરીઆં, પણ તેને સીતલાનો મરજ થવાથી તે મરણ પામી. જીઆરે તે માંદી પડી તીઆરે રાજાએ બનારસ ખાતેથી કેટલાક ફાએલ વઈદોને બોલાવીઆ હતા, પણ તેમનાથી તે સાહાજી ન થતાં મરણ પામવાથી, તે રાજાએ તે વઈદોનાં નાખ અને જમણા કાન કાપી નખાવીઆ હતા !

જે રાણીનું ચીતર પાસેનાં પાનાપર આપેલું છે, તે નેપાલના હાલના રાજાની માએનું છે. હાલના રાજાનો બાપ પરથમ એક ગોરકપોરની છોકરી, જે ઘણાં હલકાં કુલમાંથી જનમેલી હતી, તેની સાથ પરણીઓ હતો, પણ તે જાતે ઘણીજ ચાલાક તેમજ કાવતરાંબાજ હોવાથી, અંતે વાંહાંજીઆપણાના આધાર ઊપરથી રાજાએ તેની સાથ છુટા છેડા કરીઆ, અને પાસેનાં ચીતરમાં જણાવેલી રાણી સાથ લગન કીધાં. એ રાણી દેખાવે ઘણી ખુબશુરત અને ચાલાક જણાએ છે. તે પણ બીજી રાણીઓની માફક હીરા અને મોતી વગેરેનાં ઝવેરાતમાં ગુંથાઇ રહી છે, અને તેનો પોશાક પણ ઘણોજ ઊમદા છે. તે શીઆલ સરીખાં કપડાંનો ઘણો ઊપીઓગ કરે છે, કેમકે તે દેશ ઘણો ઠંડો છે.

## પારસી સ્ત્રીઓની શલામ.

પારસીની સ્ત્રીઓ, સઘલી દેશી સ્ત્રીઓમાં વધારે શુધરેલીઓ, અને વધારે છુટાપણુ ભોગવતીઓ કેહવાએ છે. તેઓ ગુજરાતી શીખે છે, અને અંગરેજી શીખે છે. પગમાં મોજાં ને બુટ પેહરે છે, અને દીલમાં પોલકાનાં બનીઆંનો પેહરે છે. ગાડીનાં વીનીજનો ઊતારી ખુલાં બેસે છે, અને દીવાલી વગેરેના મોટા મેલા જોવા જાએ છે. એ સઘલુંનો ઠીક છે, અને તેમાં દીક શુધારો જણાએ છે, પણ તે સઘલો એક વીના નકામો થઈ પડે છે. જેમ એક ચીતારો એક સુંદર ચીતાર પાડી, તેનાં નાખનો વગ ખાલી રેહેવા દે, અને તેથી જેવું તે ચીત્ર, પોતાની સઘલી ખુબી છતાં, ઘણુજ બેડોલ દેખાએ, તેમ પારસીની સ્ત્રીઓ, પોતાના સઘલા શુધારા છતાં, એક સલામ કરવાની રીત વગર તદન બેડોલ લાગે છે. પારસીઓમાં, રસતામાં ઓલખાણવાલા બે પુરૂપો શામે થએઆ હોએતો એક બીજાને હાથ ઊચકીને, "સાહેબ મેહરબાન," બોલી સલામ કરે છે, પણ એક પુરૂપને એક સ્ત્રી મલીઆંતો, તેઓ પોતાની ગમે એવી પીછાન છતાં, જાણે તેઓ એક બીજાથી તદન અજાણ્યા હોએ તેમ ચાલી જાએછે એવી વેલાએ સલામ સરખી કશી પણ હીલચાલ, કે શુધારાની, પરીતની અને પીછાનની પેહલી નીશાની છે, તે કોઇબી રીતે સ્ત્રી પુરૂપને બતાવી શકતી નથી અને પુરૂપ સ્ત્રીને બતાવી શકતો નથી. એ ખામ પારસીઓની વગર ભણેલી અને અસુધરેલ સ્ત્રીઓમ જ જોવામાં આવે છે એમ નથી, પણ જેઓ ભણેલ ઓ અને શુધરેલીઓ કેહવાએ છે, અને જેઓ ઊ ર લખીઆ પરમાણે શુધારાને પોશાક ફરે છે, તેઓ માં પણ જોવામાં આવે છે. એ ખરેખર ઘણુંજ દ ગીરી ભરેલું છે. સલામ એ એક માનની અને ની નીશાની છે, જે કોઇબી સ્ત્રી પુરૂપ એક બી આપેતો તેમાં કશું નુકશાની ભરેલું નથી. તેમાં બી રીતે સ્ત્રીની નીતીને કે લાજને હરકત ન થી, અને જો સ્ત્રીઓ તેમ કરેતો હમારી ધા રમાંણે તેમને કોઈ અટકાવવાનું નથી.

લોકોની સ્ત્રીઓ, જેઓ આજે દેશી સ્ત્રીઓ કર લીક વાતે શુધરેલીઓ કેહવાએ છે, તેઓ પુરૂપો લામ કરે છે, અને પુરૂપો તેમને સલામ કરે છે રૂપ સ્ત્રીને ટોપી ઊતારીને સલામ કરે છે, અને સ્ત્રી તાની જાતી ગંભીરાઈથી, ડોકું નમાવીને સલામ છે. તેમજ પારસી પુરૂપો, અલબતે રસતામાં પા ઊતારી શકેજ નહીં, અને તેમ કરેતો તે મુલ્ક છા પણ નહી, પણ જો તેઓ પુરૂપનીજ માફક પોતાનો થ ઊંચકીને સલામ કરે, અને તેના ઊતરમાં સ્ત્રી તાનું ડોકું નમાવીને સલામ કરે, તો તે કોઈબી તે અનઘટતું કેહવાએ નહીં. એ રસમની ખાંમી ઘણીવાર એવું બને છે કે, કોઈ ઓલખીતી સ્ત્રીઓ પાસેથી પુરૂપને મુગે મોડે, ઘણુ થાએતો માતરે નજ નજર જોઈ, ચાલી જવું પડે છે; તેમજ પેલી સ્ત્રી પણ માતરે નજરે જોઈ મુગું ઊભું, કે ચાલી જવું ડે છે, તેથી ઘણીવાર તેઓને એક બીજાને માટે ટાઈ અને મગરૂબીનો વીચાર આવે છે. પણ એ ચારથી એક બીજાની ઊપર ગુસે થવાને બદલે બં પોતાના મનમાં બબડીઆ કરે છે, અને પરનાએ બંનેનાં મનમાં, એક બીજા વચેની પરીતી તથા છાંન વીશે શક પડી જાએ છે, અને તેમાંથી આખે

ટુંક મુદતમાં, જો એક બીજાને મુલાકાત થઈ ન હોએ તો, મીતરાઈનો ગાંઠ ઢીલો થઈ જાએ છે, ઈઆ છુટી જાએ છે.

વખતે કેટલીક સ્ત્રીઓ, પુરૂષને જોઈને ડાબી, કે જમણીગમ ડોકું હલાવે છે, પણ તેબી ઘણુ કરીને ઊમરે પોહાંચેલી સ્ત્રીઓ કરે છે, અને વલી જીઆરે તે એખલીજ હોએ તીઆરેજ કરે છે, બાકી જુવાન સ્ત્રીઓતો કોઈબી વેલાએ તેટલું પણ કરતીઓ નથી. પણ તેમની એટલીબી રીત ઘણીજ કઢંગી છે. ડાબી અથવા જમણીગમ ડોકું હીલવવું કોઈબી રીતે સારૂં દીસતું નથી. ડોકું હીલવવાની સારી અને સુધરેલી રીત એજ છે કે, તેને ગરદનમાંથી વાલી, શામણું છાતી તરફ વાંકું કરવું. એવી રીતે સલામ સઘલી સ્ત્રીઓએ, પોત પોતામાં તથા પુરૂષોમાં કરવી જોઈએ છે. કેટલીક હમારી પીછાનવાલી બાઈઓ, જેઓ પોતે સુધરેલી અને શુધરેલીઓ ગણાવાં માગેછે, તેમને, તપાસવા ખાતર, હમોએ કેટલીકવાર સલામ કરી જોઈ હતી; પણ તેનો કશો ઊતર તેમની તરફથી મલીઓ નહીં. કોઇને તે જોઈ હસવું આવીઊં હતું, અને કોઈએ અચરતીથી, પીછાન છતાં, જોએઆ કીધું હતું. એક બાઈએતો હમોને મોડેમોહું કહીઊં હતું કે, જો તમે ઘેરમાં આવો તીઆરે સલામ કરજો, પણ રસતામાં ના કરતા, કેમકે તેમાં ઘણુ નકારૂં લાગે છે. એથી કરી હમોને એટલીજ દલગીરી ઊપજી હતી કે, જે બીચારીઓ શુધરેલી થવા માગે છે, તેઓ સુધારાની પેહેલી નીશાણીને ધીકારે છે, અને રસતામાં નકારી લાગતી સમજે છે. હમોને અચરતી લાગે છે કે, કેટલાક સુધારાવાલાઓમાં ખપતા ભરથારો, જેઓપોતાની સ્ત્રીઓને બુટ, સટાકીંગસ વગેરે પેહેરાવીને ઊંઘાડી ગાડીમાં લઈને સાથે ફરે છે, તેઓએ પોતાની સ્ત્રીઓને આજ સુધીર સાદી સલામ કરવાને શીખવીઊં નથી. એ ગફલતથી કરીને તેમનો સઘલો શુધારો હસવા સરીખો થઈ પડીઓછે, કેમકે, જો કોઈ ઇઊરોપખંડનો શુધરેલો પુરૂષ અથવા સ્ત્રી એવું જાણેતો તે તેમને હસેઆ વગર રેહેજ નહીં.

ઈઊરોપીઅન સ્ત્રીઓ પીછાનવાલા પુરૂષોને સલામ કરે છે એટલુંજ નહીં, પણ એકઠાં થએઆં હોએ તો શેકહેનડ પણ કરે છે, પણ હમો પારસી સ્ત્રીઓને તરે સલામ કરવા શીખવાનેજ સુચના કરીએ છઇએ. હમો આસા રાખીએ છઇએ કે, આ હમારી સેહેલથી પાર પડે એવી સુચના, ખાલી ન જતાં, શુધરેલી બાનુઓ તથા તેવા સજનો પરથમમાં ધેઆન ઊપર લઈ તે પરમાંણે અમલ કરશે, અને પોતે કરી બીજાંને સમજાવશે અથવા શીખવશે. જેઓ શુધારાની ખુબીને સારી પેઠે સમજનારા છે, તેઓ સલામ સરખી મહા અગતની નીશાનીની ખુબી નહીં સમજતા હોએ એવું લાગતું નથી; તેથી તેઓએ ગફલતી લાંબો વખત ચાલુ રાખશે એવું માની શકાતું નથી.

---

## કમનશીબ વીદવાન ભરથારો.

અંગરેજોમાં જે મોટા નામીચા કવીઓ, ફીલસુફો અને વીદવાનો થઇ ગએઆ છે, તેમની જીંદગીનો હેવાલ વાંચતાં એક નવાઈ જેવો બનાવ એ નજરે પડે છે કે, તેઓ મધેના ઘણાખરાઓને સ્ત્રીનું સુખ મુદલ ન હતું! કેટલાકો પરણીઆ વગરજ જીંદગી ગુજારી મરણ પામીઆ છે, કેટલાક સંકટથી છુટા થએઆ છે, અને કેટલાકો કમનસીબે લગનની જાલમાં ફસી જઇ, હેરાન થઈ મારગ લાગીઆ છે. એવા વીદવાનો ઊપર, ગોએઆ સ્ત્રીનાં સુખને મારે જમાનોજ રૂઠીઓ હોએ એવું લાગે છે, અને તે ઊપરથી એક સ્ત્રીએ વીદવાન માણસને જનમ આપવો અથવા તેનો હાથ પકડવો, એ ગોએઆ એક દુખનુ મુલ થઇ પડેલુ લાગે છે. નામીચો કવી ડેનટ દેશનીકાલ થવાથી તેની વાહલી સ્ત્રીથી છુટો પડીઓ હતો, તે ફરીને કદી પાછો મલીઓ ન હતો. ટેસો, પેટ્રારક અને એરીઓસટો નામના કવીઓ તદન સ્ત્રી વનાના હતા. મીલટન નામના નામીચા કવીને તરણ સ્ત્રી થઈ હતી, તેમાંથી માતરે એકથીજ તેને થોડું સુખ મલીઊં હતું. ડરાઈડન અને એડીસન નામના કવીઓ પઇસા અને ખેતાબને ખાતર એવી સ્ત્રીઓ સાથ પરણીઆ હતા કે, તેમને તેમનાથી કદી સુખ મલીઊં ન હતું. ઈઅંગ નામનો કવી પચાશ વરસનો થએઓ તીઆંવેર એખલો રહેઓ હતો, અને સ્વીફ્ટ નામના કવીનાં લગન થવા છતાં તે કુમારા સરખો જ રહેઓ હતો. સટરન, ચરચીલ, બાએરણ, અને ફીલ

રીડજ, નામના કવીઓએ પરણીને છુટા છેડા કરી આ હતા, અને દુખી થએઆ હતા. હેરીક, કાઊલે, પોપ, થોમસન, પરાઅર, ગે, શેનસટોન, 'ગરે,' એકનસાઈડ, ગોલડસમીથ, કોલીનસ, અને એ વીગરે બીજા ઘણાક કવીઓ મુદલ પરણીઆજ ન હતા, અને સ્ત્રીનું સુખ કેવું થાએ છે તે તેઓએ જોઈઊં જ ન હતું. જોનસન નામનો નામીચો વીદવાન પોતાની સ્ત્રીને ઘણીજ ચાહાતો હતો, પણ પરણીઆ પછે થોડુંકમાં તે મરણ પામી હતી. બેકન અને કોક નામના જાણીતા ફીલસુફોઓ સ્ત્રીનું સુખ ઘણુજ થોડું ભોગવીઊં હતું. હાબસ, લોક, બેનથમ, બટલર, સપીનોસા અને કેનટ નામના પરખીઆત વીદવાનો મુદલ પરણીઆજ ન હતા. હુકર નામનો નામીચો ધરમઆચારી એક ઘણીજ હઠીલી અને ખરાબ સવભાવની સ્ત્રીને પરણીને દુખી થએઆ હતો. ચીલીંગવરથ, હેમોનડ, લેટન અને બારો નામના ધરમઆચારીઓ મુદલ પરણીઆ ન હતા.

એ પરમાંણે ઘણાજ બુધીમાન અને નામીચા, તથા આજવેર અમર રહી ગએલા ઇંગલંડના એવા મોટા માણસોએ સ્ત્રીનું સુખ જોઇઊં ન હતું, એ ખરેખર તાજુબી ભરેલું તેમજ દએઆ ઊપજવા જોગ છે. આ દુનીઆંમાં જે મોટાં સુખો કેહવાએ છે તે ચાર છે—પઈસાનુ, દેહનું, બચાંનું અને સ્ત્રીનું. પણ એ ચીઆરો સુખનો આધાર માતરે સ્ત્રી ઊપરજ ર
તેવ[illegible]છે, કેમકે તે વીનાં છોકરાંનું અને દેહનું શુખ મલતું
શુધારે: અને જેને એ તરણ સુખ ન હોએ, તેને જો
[illegible] થઈ પડે. [illegible]ુખ હોએ, એટલે જો પુશકલ પઈસો હોએ
[illegible]ર પાડી, તેના [illegible]ખ કેહવાએ નહીં, અને તેને લાગે પણ
તેથી જેવું તે ચીત્ર, [illegible]
[illegible]જ બેહેલ દેખાએ તો, સઘલાં સુખમાં સ્ત્રીનું સુખ ઊતમ
[illegible]લી, ઇઆ
[illegible] દુનીઆંમાં
[illegible]સઘલા દુખી.

## ગરમી થકી વસતુ ફુલતાં બનતા બનાવ.

વસતુઓ ઊપર ગરમીની ચાર જાતની અસર થાએ છે, તેમાંની એક ફુલવા સંબંધી છે. ઘણીક વસતુઓને ગરમી લાગતાં તે ફુલે છે, અને તેના કદમાં વધારો થાએ છે. હવાને ગરમી લાગતાં તે ફુલે છે, અને તેનું કદ વધેછે—એક ચાંમડાંનો ફુગ્ગે લઇ તેમાં થોડીક હવા ભરી તેને ગરમી આપીશું તો તે ફુગ્ગે સઘલો હવાથી ભરાઈ જશે, અથવા વધારે જોર થતાં ફાટી જશે. ગરમી લાગાથી હવાનાં રજકણો દુર ખસી જાએ છે તેથી તેનાં કદમાં વધારો થાએ છે, અને જીઆરે તે વધારાને મારે જગા થતી નથી તીઆરે જે તેને વચે નડતું હોએ તેને તે ભાંજી નાખે છે. ચાંપાના ગોટાને કાપા પાડીઆ વગર ચુલામાં ભુંજવા મેલીઓ હોએતો તે થોડેક વારે ફુટે છે અને તેમાંથી મોટો આવાજ નીકલે છે; સબબ કે તેની ચામડીની માહે જે હવા છે તેને ગરમી લાગાથી તે ફુલે છે, અને તેથી તે જોર કરી ઊપરની ચાંમડીને ફાડી નાખે છે. જો પરથમ તેનાપર કાપા પાડીઆ હોએતો તેમ બનતું નથી, કેમકે, તીઆરે તેમાંની હવા જેમ ફુલતી જાએ છે, તેમ તે કાપને મારગે બાહાર નીકલતી જાએ છે. એજ પરમાણે કેટલાંક રસીલાં ફલોને ચુલામાં મેલતાં પણ થોડેવારે તેમાંથી મોટો આવાજ નીકલે છે, તેનું કારણ એછે કે, તે માહેલો રસ. ગરમીથી ઊકલી તેનો બાફ થાએ છે, અને તેને સમાવાની જગા મલતી નથી તીઆરે તે ઊપરની છાલને ફાડીને બાહેર નીકલે છે: એ વખતે આવાજ થવાનો સબબ એછે કે, તે બાફનાં જોરથી છાલનું સનેહ આકરશણ તુટે છે, અને તેનાં રજકણો છુટાં પડે છે, તેથી હવાને આંચકો લાગતાં આવાજ ઊતપન થાએ છે. લાકડું સલગીઆ પછે તેમાંથી છટકલા ઊડે છે, અને સાથે આવાજ થાએ છે, તેનું કારણ પણ હવાનું ફુલવું છે. લાકડાંની અંદર ઘણાજ બારીક છેદ હોએ છે, જેમાં હવા ભરેલી હોએ છે; તેને ગરમી લાગતાં ફુલીને બાહાર નીકલી જાએ છે, તીઆરે પોતાની સાથે લાકડાંની બલતી કરચોને બાહાર ઊડાડી લાવે છે. એ બલતી કરચો લાકડાંથી છુટી થતી વખતે આવાજ કરે છે. કેટલીક જાતનાં લાકડાં ચુલામાં મેલતાં બીજાં કરતાં તેમાંથી વધારે છટકલા ઊડે છે, અને વધારે આવાજ થાએ છે, કે

મકે તેનાં છેદ બીજા કરતાં મોટાં હોએ છે, તેથી તેમાં ઘણી હવા ભરાઇ રહેલી હોએ છે, જે ફુલીને ઘણા જોરથી બાહાર આવે છે. લીલાં લાકડાંમાંથી એવા છટકલા ઊડતા નથી કે આવાંજ આવતો નથી, તેનું કારણ એકે તેનાં છેડોમાં પાંણીનો ભાગ ભરેલો હોએ છે; જે ધીમે ધીમે ઊકલીને બાહાર ઊડી જાએ છે. પથરને ગરમી લાગતાં તે ફુટેછે, પણ ફુટીને, કે વખતે ફુટવાની આગમચ તે જોરમાં ઊડે છે, અને ઊછલીને કેટલોક દુર જઈ પડે છે, તેનો સબબ એછે કે, તેની માહેની હવા ગરમીથી ફુલવાથી, તથા તેમાનાં અલોપાકાર પાણી (Water of crystallization) નો બાફ થવાથી તે બાહાર નીકલવાનું જોર કરેછે, પણ તેનું સનેહ આકરશણ ઘણું જોરાવર હોવાથી, એટલે તેનાં રજકણો ઘણા જોરથી એક બીજા સાથે વલગેલાં હોવાથી, તે એકાએક છુટાં પડતાં નથી, ઈઆને તે પથર જલદીથી ફાટતો નથી, તીઆરે અંદરના આંચકા સમેત તે ઊછલીને દુર જઈ પડે છે, અથવાતો તે આંચકા સમેત જોરમાં ફાટી તેના કકડા આસપાસ ઊડે છે. બીર અથવા પોરટરની બાટલીને જો ગરમી આગલ મેલી હોએતો તેનો બુચ એકદમ ઊડી જાએ છે, કારણકે તે દારૂ માહેલી કારબોનીક એસીડ ગેઆસ ગરમ થઈને ફુલે છે, તેથી તે બુચને કાહાડી નાખી બાહાર નીકલી જાએ છે. સઘલી જાતનાં દારૂમાં એ ગેઆસ ઓછી વતી હોએ છે, પણ ઊપલા દારૂમાં તે ઘણી હોએ છે. એ હવામાં કારબોન અને આકસીજનનો ભેલ હોએ છે.. એ દારૂ ટમબલરમાં નાખતાં ઘણું ફીણ ચહડે છે, તે પણ એજ ગેઆસથી છે: જેવો તેનો બુચ ઊઘાડીએ કે તેમાથી તે ગેઆસ બાહાર નીકલવા માંડે છે, તેવાંમાં ઊપરથી દારૂ પડવાથી તેનાં પરવાહી સાથ તે ભેલાઇ જઇ તેમાં પરપોટા ઊતપન કરે છે. જથાબંધ બારીક પરપોટા, તેનું નાંમ ફીણ. કેટલેકવારે ફીણ બેસી જાએ છે, એટલે એક પછે એક પરપોટા ફુટી જાએ છે, અને તેમાંથી હવા નીકલી જાએ છે, એટલે પછે કંઇ રેહતું નથી. પાણીને ચુલાપર મેલવા પછે થોડાકવારમાં તે આવાજ કરવા મંડી જાએ છે, તેનું કારણ પણ હવા છે. પાણી માહેલી હવા ફુલીને જોરથી ઊછલતી અને અફડતી બાહેર નીકલે છે, તેથી એક જાતનો છણછણતો આવાજ થાએ છે. ગરમ થએલાં પાંણીનું કદ વધે છે, કેમકે ગરમી તેનાં રજકણોને ખસેડી દુર કરે છે. પાણીને પુરતી ગરમી લાગીઆ પછે તેમાં કકરા આવવા માંડે છે, અને ઊભાઈ જાએ છે, કેમકે તેની નીચેના ભાગને ગરમી લાગાથી તેનો બાફ થઈ ઊપર ચહડી આવે છે, તેની સાથે પાણી, પરપોટાના આકારમાં ઊંચકાવી આવે છે, તેમાં તે પરપોટા ફુટેછે તો તેમાંથી કલકલતો આવાજ નીકલે છે, અને ફાટતાં વાર લાગે છે કે અટકાવ થાએ છે તીઆરે તે છેક ઊંચકાઈને બાહાર આવે છે. જો કોઈ રીતે બાહાર નહીં નીકલાએ તો તે વાસણને ફાડી નાખે છે, જેથી આસપાસ મોટી ખરાબી થાએ છે.

ગરમીથી કરીને હવા સીવાએ બીજી ઘણીક વસતુઓ ફુલેછે. લોહોડું, તરાંબું વગેરેની ધાતુ તથાં પારો, કાચ, ચીની, ઇતીઆદી. ગાડીનાં પઈડાંપર વલું ચહડાવવાની આગમચ તેને ગરમ કરે છે તેથી તે ફુલીને મોટું થાએ છે અને પઈડાંપર સેહલાઈથી પોવાઈ જાએ છે, પણ પછે ઠંડુ પડતાં પાછું સંકડાઈ જઈ તેપર ચપટ થઈ બેસે છે. કાચનાં કે ચીનીનાં વાસણમાં ઘણુ ગરમ પાણી કે ચાહ રેડીએ છઈએ તીઆરે તેઓ ફાટી જાએ છે, તેનું કારણ એકે, તેમને અંદરથી ગરમી લાગાથી, અંદરનું પડ ફુલે છે, અને બાહારનું તેમજ રહી જાએ છે જેથી એક બીજાથી ઊલટો જોર થઈ તે ઝટ ફાટી જાએ છે.

## ખીસકોલી.



ખીસકોલી એ એક જાતનું ચોપગું જનાવર છે. અને ખલેરી કરીને પણ કહે છે. એ જનાવર નાનુ સસલાં જેટલું હોએ છે. અને આખે સરીરે લાંબા, સુવાલા અને નરમ રાતાશપરના રંગના વાલ હોએ છે; પણ છાતી અને પેટ ઊપરના સફેદ હોએ છે. એની પુછડી ઘણાજ નરમ અને ચલકતા બાલથી ભ

રેલી હોએ છે, જેને તે ઊભી કરીને રાખે છે. એની બે આંખો ઘણી ઝાણી અને ચલકતી હોએ છે, જે ઘણીજ ચંચલાઈથી ચોમેર ફરતી રહે છે. એને ચાર પગ હોએ છે, પણ પાછલા બે પગપર તે બેસી આગલા બેને હાથને બદલે, ખોરાક ખાવાને કામે લગાડે છે.

ખીસકોલી એ ઘણુ શોભીતું, સાફ અને ચપલ જાનવર હોએ છે. તે કોઈ જાતના જાનવરનો ભક્ષ કરતું નથી, તેમજ તે કોઈને જરાએ દુખ દેતું નથી. તે માતરે ઝાડોનાં ફલ ખાઈને એકાંતપણે ઘણીજ નીરઅપંરાધી જીનદગી ગુજારે છે. એ બીજાં કેટલાંક જાનવરોની માફક ચોમાસાંની મોહોસમને માટે ઝાડના પોકલ ભાગમાં પુરતો ખોરાક ભરી રાખે છે. ઝાડની ડાંખલી અને પાતરાંના મજબુત માંલા બાંધી તે ઊડાં જંગલમા ઘણાંજ ઊંચા ઝાડો ઊપર વસે છે. એ જીઆરે ઝાડપર દોડતું હોએ તીઆરે તેની આમથી તેમ કુદવાની ઝડપ અને ચપલાઈ જોઈ આપણને અજબ લાગે છે, તથા ઘણી ગમત મલે છે. તે એક ઝાડ ઊપરથી બીજાં ઝાડ ઊપર ચાલીસથી પચાશ ફીટના અંતર શુધી કુદી શકે છે. કાંઈ ભએની વખતે એથી પણ મોટા કુદકા મારે છે. એ જનાવરને પાલીઊં હોએ તો તે ઘણુ જલદીથી માણસ સાથે હલી જાએ છે; અને તેનાં હાથમાંથી ખાએ છે, તેનાં આંગપર ચોમેર દોડે છે, અને તેનાં ગજવાંમાં તથા એવીજ જગાએ કપડાંમાં ભરાએ છે તથા બાહાર નીકલે છે; જેથી ઘણી રમુજ મલે છે. એની માદા ઘરવાર થએઆ પછે, છ અથવાડીઆંમાં ચારથી પાંચ બચાં જણે છે.

એ જનાવર દુનીઆંના સઘલા ભાગ ઊપર મલી આવે છે. એની પુછડી એને ઘણી રીતે કામ લાગે છે. ગરમ દેશમાં સુરજનાં તપતાં કીરણમાં તે છાંએઓ આપે છે, અને ઠંડા દેશમાં શરીરને લાગતી ઠંડીનો અટકાવ કરે છે. અમેરીકાનાં જંગલોમાં એ જનાવરો જથાબંધ વસે છે, અને જીઆરે એક જગાએથી ખોરાક ખુટે છે તીઆરે તરણથી ચાર હજારનું મોટું ટોલું થઈ, લાંબી મુસાફરી કરી, બીજી જગાએ જાએ છે. મુસાફરી કરતાં વચે નદી નાલું, કે મોટું સરોવર આવે છે, તો તેઓ ઝાડોની છાલો કાહાડી, તેને પાણીમાં નાખી તે ઊપર બેસે છે, અને સઢની જગાએ પોતાની પુછડીને ઊભી કરે છે, જેથી તેઓ થોડાવારમાં બીજે કીનારે પોહોચે છે. હજારો હજાર ખીસકોલીઓ, પોતાની પુછડીઓ ઊભી કરી, પોતાના છાલનાં વાહાણપર બેસીને ઝડપથી તરી જતી જોઈ, જોનાર હેરતમંદ થાએ છે, તથા તેનો દેખાવ ઘણોજ રલીઆમણો લાગે છે. પણ એવાંમાં જો કોઈવાર જબરો પવન નીકલી આવે છે
તે બીચારાં હજારો જાનવરો પાંણીમાં ડુબી મ[illegible] થોડી
મે છે, કેમકે તેમનાથી પાંણીમાં તરી શકાતું કે સઘલો
શટી જ
બી જાએ

## કીંગસટનની અમીરજાદી.

આરે ત
તેને વચે

**એક નવાઈ સરખી પરોણાગત.** ના ગોરાને

કીંગસટનની અમીરજાદી જે વેલાએ [illegible] હોએનો
થી રશીઆ જવાને ખુસકીની મુસાફરીએ આવાજ ની
તે વેલાએ તેને પોલંડને રસતે જતાં, તે જે હવા છે તેને
ડજીવીલ નામના શાહાજાદા સાથે તેને તે જોર કરો ઊ
હોવાથી, અને તે શાહાજાદો તેનો ઘણો જો પરથમ તે
વાથી, તેને થોડાક દાહાડા તેણે પોતાને તનુ નથી, કે
મોટી જીઆફતો આપી હતી. જીઆરેલી જાએ છે,
દી બરજ નામની થેડવેલી જગાએ પેલી જાએ છે.
સહીત આવી લાગી, તીઆરે તેને સા હુલામાં મેલતી
વીલના એક અમલદારે મોટાં માનથી મ નીકલે છે, તેનું
ઊં કે, તેનો શાહાજાદો તેને આવતી કા ઊકલી તેનો
માંન સાથ લેવા આવશે, માટે આજની મલતી નથી
એજ જગાએ વાસો કરવો. અમીરજાદી નીકલે છે.
લ કરીઊં અને રાતોરાત તીઆંજ વાસો તે બાફનાં
બીજે દાહાડે શાહાજાદો તેને મલવાને અને તેનો
આવીઓ, જે વેલાએ તે પોતાની સાથે એકો લાગતાં
દબદબા ભરેલો તેમજ નવાઈ સરખો રીસાલો લેતો

આવીઓ. તે રીશાલામાં ચાલીશ ગાંડીઓ હતી, જેમાં દરેકમાં છ છ ઘોડા જોડેલા હતા. તે દરેક ગાડીમાં તેની ભતરીજીઓ તથા તેઓ વીગરે કેટલીક ઊંચા કુલની સીઓ બેઠેલી હતી. તે શીવાએ તેમાં છશો ઘોડા એક હારબંધ ચાલતા હતા; તેની પાછલ એક હજાર કુતરા અને ઘણાંક રીંછ (?) ચાલતાં હતાં; અને તેની પાછલ એક મોટુ ઘોડસવાર લશકર ચાલતું હતું. આવી નવાઈ સરખી સવારી લઈને શાહાજાદો રાડજીવીલ કીંગસટનની અમીરજાદીને મલીઓ, અને

તેને તે જગાએથી દશ માઈલને અંતરે આવેલાં એક મોટાં હોટેલમાં, જીઆં તેને માટે તેને લાએકની સઘલી તઇઆરીઓ આગમચથી કરાવી મેલેલી હતી; તીઆં ભારી દબદબાથી લઇ ગએઓ: તીઆં લઈ જઈ તેને તથા તેના રીસાલાને ઊતારીઆ બાદ, એક ઘણી સરખી રીતે તેને ખાનું આપીઊં. પરથમમાં પથરને જાદાએ જંગલની અંદર એક ગામડું ઊભું ક ફુટવાની. તેમાં બધાં મલીને ચાલીસ ઘણાંજ સુંદર દેટથોર્ક દર કદાર જુહુપડાં, ગોલ આકારમાં બંધાવીઆં, હેની હવાં, એક અમીરજાદીને માટે, એક તેના રીસા કાર પાર અને એક ખાનાંને માટે એવાં તરણ ઘણાં ૫ થવાથી મકાનો બનાવીઆં! રાતનો વખત થતે, સનેહ આક રાડજીવીલ અમીરજાદીને મોટા દબદબા રજકણો ઘણ બનાવી ઊભાં કરેલાં ગાંમડાંમાં લઈ ગ વાથી, તે એક એ તે મધેનાં ચાલીસ ઘરોનાં બારણાં ર જલદીથી શટજાણે માહેનાં સઘલાં રેહેવાસીઓ સુ સમેત તે ઊછલી! એવું લાગતું હતું. પરથમમાં, એ આંચકા સમેત મા આગલ આતશબાજીનો સરનજામ ડે છે. બીર તે સલગાવીને મોટી ધુમ મચાવી અ આગલ મેલી સેત આપી; અને પછે ખાનાંના મકાન છે, કારણકે તે ઊપર બેઠાં, જીઆં ભાત ભાતનાં પક ગરમ થઇને ફુ વગેરેનો ભારે રંગ ઊડી રહેઓ હતો. હાર નીકલી એઆ બાદ શાહજાદો તે અમીરજાદીને આસ ઓછી બંધ ઘેરોનાં ગામડાંમાં ફરવાને લઈ ગ ણી હાએ છે. જઈ પોંહોચતાંજ બંધ જુહુપડાંઓ એ નનો ભેલ હેસ મોટી દુકાનોનાં રૂપમાં આવી ગએઆં, ણું શીણ ચ બંધ બારણાને બદલે તેમાં ભાંત ભાંતની તેનો બુચકુંઓ, જેવીકે સુંદર વીંટીઓ, બાકસો, રમ નીકલવા રે, સુંદર રચણામાં શોભી રેહેતાં જણા નાંઆં. તેની માહેથી કેટલીક ઊમદા ચીજો શાહ જાદાએ લઈને અમીરજાદીને ભેટ આપી, જે તેણીએ મોટી ખુશીથી કબુલ રાખી. તે થએઆ બાદ રાડ જીવીલ તેને એક બીજાં ઘણાંજ શુંદર અને સીનગાર થી ભરેલા મકાનમાં લઈ ગએઓ, અને તીઆં નાચ શરૂ કરીઓ, જેમાં ઘણીક સ્રીઓએ ભાગ લઈ તેને મો ટી ખુશી અને ગમત ભરીઆં સેવટે પોંહોંચાડીઓં. નાચ પુરો થએઓ કે સઘલાં જનને રાડજીવીલ તે મ કાનમાંથી બાહેર લાવીઓ; અને જેવાં સઘલાં બાહાર આવીઆં કે, તે મકાન એકદમ ચોમેરથી સલગી ઊઠી બલવા લાગું ! તે મકાનને બલતું જોઈ તીઆંની સ્રી ઓને મોટી ગમત મલી, અને તેની ખુશાલીમાં તે બલતાંની આસપાસ તેઓ નાંચવા લાગીઓ. તેનું બલતું હોલવાંઈઊં કે ગમતનો અંત આવીઓ, અને કીંગસટનની અમીરજાદી તથા સઘલાં લોકો ઘણાંજ ખુ શી ભરીઆં દીલથી આરામગાહની જગાએ જઈ આ રામ કીધો.

પણ કીંગસટનની અમીરજાદીની ગમત અને મઘારતનો અંત કંઈ એટલાંમાંજ આવીઓ ન હતો; બીજે દાહાડે, શાહાજાદા રાડજીવીલે, એક બીજાં મકાં ન ઊપર ખાનાની તઈઆરી કરાવી, અને તીઆં મો ટી ધુમથી સંઘલાંઓ ખાનું લીધાબાદ રીંછનો શીકાર રમવાની તઈઆરી થઈ. એ કારણને માટે આગમચ થી કેટલાંક રીંછો જંગલમાંથી રાડજીવીલે પકડાવી મં ગાવેલાં હતાં, તેમને મેદાનમાં કાહાડીઆં, અને તેમ ની આસપાસ ઘોડસવાર લશકરને હાથમાં બલતી મં સાલો આપી ફરતું ઊભું રાખીઊં. પછે તેમની માહે શીકારીઓ દાખલ થએઆ, અને જેવાં પેલાં રીંછ પોતાની આસપાસ ચોમેર બલતાંનો ઘેરો જોઈ એમથી તેમ ગભરાઇને દોડવા લાગાં, તેની પાછલ શીકારીઓ પણ દોડવા લાગા, અને તેમને તરોતડ ગોલીઓ મા રી જમીનદોસત કરવા લાગા. એ રમત પુરી થઈ, કે સઊ સઊ પોતાને મકાને જઈને શુતાં.

એ પરમાંણે કીંગસટનની અમીરજાદીને શાહા જાદા રાડજીવીલે પોતાને તીઆં ચઊદ દાહાડાવેર મે હેમાન રાખી, જે સઘલા દાહાડા તેને રોજ જુદી જુદી જગાએ ખાનું આપીઊં, અને રોજ નવી નવી ગમે તોથી તેનું દીલ ખુશી કરીઊં. પંદરમે દાહાડે શાહ જાદીએ તીઆંથી રખશુદ લીધી, અને રૂસીઆનો રસ તો પકડીઓ. એટલા દાહાડામાં તે શાંહાજાદાને હજા રો રૂપીઆનો ખરચ થએઓ હતો.

## પારસી સ્રીઓને બે સુખન.

પારસીઓનાં લગન તથા તલાક બાબેનાં ધા રા પસાર થએઆ છે, અને અમલમાં પણ આવી ચુ કા છે! જીઆંરથી એ ધારાઓ અમલમાં આવીઆં છે, તીઆરથી ચોમેર લોકો એવું બોલેછે કે, હવે બી ચારી અબલા ઊપર પડતાં દુખોનો અંત આવશે. અ

ને તેમનાં બેરડ ભરથારોને સજા થવાને શરૂ થશે.
અલબત્તે એ ખરૂં છે, અને એમ થશે ખરૂં, તોપણ ઊ
પલા લોકોનાં બોલોને હમો એકદમ મંલતાં આવતા
નથી. ઘણાકોનું આજે એવું બોલવું છે કે, જાણે પા
રસીઓમાં સ્ત્રીઓ સઘલી ભલીજ અને દુખ વેઠના
રીઓજ હોએ, અને પુરૂશો માતરે ખરાબ અને તેમને
દુખ દેનારા હોએ; પણ જો તેવાં બોલનારને એ બાબે
નો ઊઘાડો સવાલ કરીઓ હોએતો હમો હીમતથી ક
હીએ છે કે, તેઓ જરા વીચારમાં પડશે, અને પોતા
ની ભુલને તરત જોશે. જો એ સવાલ મરદોને તો
શું, પણ સ્ત્રીઓનેબી હમો કરશું તો બેશક તેમ
નાંથી પણ એમ કેહવાશે નહી કે, સ્ત્રીઓ સઘલીજ ભ
લી છે, અને પુરૂશો સઘલાજ ભુંડા છે. કેટલીક સ્ત્રીઓ
એવીનો કલાંટ આવે છે, કે જેમનાં ભરથારો પોતાને
અતીઅંત દુખી સમજે છે, એટલુંજ નહી, પણ કેટ
લાકો તેમને બસથી પોતાનું મોહોત માંગે છે. કેટ
લીકો એવી બેવફા થએલીઓ છે કે, પોતાનાં ભરથા
રોને મેલી ચાલી ગએલીઓ છે, અને કેટલીકો એવી
કરપીણ થએલીઓ છે કે, તેઓએ પોતાનાં ભરથારનાં
પરાણનો અંત ઝેર સરખી ભએંકર વસતુથી આણી
ઓ છે. કેટલીએકોએ સદાનો કંકાસ ઘરમાં ઘાલી સ
ઘલો સંસાર ધુલ મેલવીઓ છે, અને કેટલીએકોએ
પોતાની નીતી વેચી કુલને દાઘ લગાડીઓ છે. કેટલી
એકોએ ધંતર મંતર કરી પોતાનાં ધણીની દોલત ધુલ
મેલવી છે, અને કેટલીએકોએ, માતરે ખાલી મો
ટાઈ અને ડોલ બતાવવાને પોતાનાં ભરથારોને ભીખા
રી બનાવીઆ છે. કેટલીએકોએ પોતાની નઠારી ચા
લથી, અને પોતાનાં ધણી ઊપરનાં વધતા અખતીઆ
રથી તેને તેનાં વાહોલાં અને અશકત મા બાપો સાથ
વીનોદ પડાવીઓ છે, અને તેમને મરતી વેલાએ ની
રાસ અને તુટેલાં દીલનાં કરી ટવલતાં નખાવીઆં
છે. એ વીગરે સ્ત્રીઓએ પણ પોતાની માંડી ચાલો
ચલાવવાને આજવેરમાં કશું બાકી રાખેલું નથી, તે
મ પુરૂશોએ પણ તેમની સાથ બેવફાઈ કરવામાં અને
તેમને રંજાડવામાં કશું જોઈશે નથી. એટલું બધું
હોવા છતાં, જો ફકત મરદોનેજ તેવા ગણી સ્ત્રીઓને
સદાની નીરદોશ ગણીએતો, તેમાં પુરશનાં હકમાં મો
ટી બેઈનસાફી ગુજારેલી કેહવાએ, એટલુંજ નહી, પ
ણ એવું કરવાથી તેવી સ્ત્રીઓને ઊતેજન આપેલું કે
હેવાએ, જેની અસરથી તેઓ જે આએ દુનીઆમાં
એક ફુલની ફરજ બજાવવાને આવીઆં છે, તેને બદ
લે કાંટાનો ઓપો બજાવનારા થઈ પડે.

આજવેર પારસીની સ્ત્રીઓ પોતાનાં ભરથારો
તલે ઘણી રીતે દબાએલીઓ હતી, જેમાંથી મજકુર
ધારાએ તેમનો છુટકો કરીઓ છે. જે સ્ત્રીઓને દરેક
બાબદમાં "મારૂં ધાન ભાગશે," એવો બોલ બોલવો
પડતો હતો, તે હવે તેમનાં મોડામાંથી નાબુદ થશે, અ
ને તેમની આજવેર ઘણીક બીકોમાં મોટો ઘટાડો થ
શે. કેટલાક બેસમજ ભરથારો તેમને સેહેજ વાતસર
તજી મેલતા હતા, સેહેજ બાનાં સારૂ ઘરમાંથી કા
હાડી મેલતા કે માર મારતા હતા, તેનો હવે અંત
આવશે. એ સઘલું જોઈ, હમો પારસી સ્ત્રીઓને એ ભ
લામણ કરીએ છે કે, તેથી તેઓએ કોઈબી રીતે છલકા
ઈ જવું નહી, અને તેનો લાભ લઇને પોતે બેરડ ચાલ
પકડવી નહી, અને હોએ તેમાં વધારો કરવો નહી.
આજે ઘણી જગાએ સ્ત્રીઓનાં એવા શબદો કાને પડે
છે કે, "હવે મુઓ જોશું, શું કરેચ; હવે જોશું, એ
પેટ બરી કેટલો દોર કરેચ," ઈતીઆદી. પણ એવી
રીતે છલકાઇને બોલનારી સ્ત્રીઓને હમો, તેમનાં અને
તેમનાં ભરથારનાં સુખને ખાતર જણાવીએ છઈએ કે,
તેમનાંપર જો કોઈ જાતનું ભરથારનું, કે સાસુ તથા ન
ણદનું ખરેખરૂં દુખ પડતું હોએતો તેને માટે એ પરમાણે
નીરભએ થઈને ખુશીથી બોલવું લગાર છાજતું છે, તોપ
ણ તે એવા શબદોમાં તેમને બોલવું ઘટતું નથી. એ
થી કરીને તેમનાં મગજમાં માઠી અસર ઊતપન થશે,
અને તેથી, તેમની હાલની હાલત પરમાણે થોડી સમ
જથી, તેમાંથી માઠાં પરીણામો નીપજશે. જે કોઈ ખરેખ
ર દુખી એ કાએદાથી પોતાને સુખી થએલી સમજતી હો
એ, તેની ફરજ એ છે કે, તેણે મુગે મોડે ખોદાનો પાડ મા
નવો, અને તેનો બંદગી કરી તેને મલેલું સુખ સદા
કાએમ રેહે, અને તેને દુખનાં દેનારાઓને હવે રૂડી
બુધી સુઝે, એવું તેની પાસે માંગી, તેમનાં સાથ મલી
ભલીને નમનતાઈથી ચાલવું. પારસી સ્ત્રીઓ પોતેજ
એક કેહવાત બોલે છે કે, "જાત નમાવી પાંશે પડે,
અને કમજાત નમાવી સર ચહડે;" તેમ જીઆરે હવે
તેમને મનાવવામાં આવીશે છે, એટલે તેમની ઊપર
પડતા કેટલીક જાતના જુલમોનું નીવારણ કરવામાં
આવીશે છે, તીઆરે તેઓએ માથે ચહડી જઈ કમ

જાતમાં ખપવાને બદલે નમનતાઈ પકડીને સન્જાતનાં કે હેવાંવું. જે સ્રીઓ, ઊપર લખીઆ પરમાંણે ઘણી જ કલાંટ, કજીઆખોર અને સરવે પાંતીએ દુખકાર ક છે, તેઓએ એમ ન સમજવું કે, તેમને માથે કંઈજ સજા નથી. એવી સ્રીઓને માટે, ફજેતી સાથે કેવી શકત સજાઓ એ ધારામાં ઘેડવવામાં આવેલી છે, તે તેમને તે વાંચવાથી માલમ પડીશે હશે. જે કેટલા ક ભરથારો, તેમને જરા જરામાં દુખ દેવા નીકલતા હ તા તેમ હવે નહી બનશે, તેમજ જે તેઓ (સ્રીઓ) ન હીં ઘટે એવી તકશીરો કરશે, તેમને પણ કદી જતીઓ મેલવામાં આવશે નહી. જે સ્રી પોતાના ધણીને ઘેરમાં ઘણુ દુખ દેસે, અથવા તેની મીલકતને કે શરીરને કોઈ રીતે ખોટુ નુકશાન કરશે, કે કરવાનો ઇઅતન કરશે, તો તેને માટે તેના ધણીએ તેને કાહાડી મેલવાથી તેને ધારો અટ કાવી શકશે નહીં. જે અસતરી અનીતીનાં કાંમો કરશે, તે ને ઈનસાફની દરબારમાં, સાબીત થતે, રૂશવા થવું પડશે, અને ફજીએતી સાથે પોતાના ભરથારથી પોતાનો સં બંધ છોડી, એટલે છુટાછેડા કરી, રખડતું થવું પડશે. જે અસતરી પોતાના ભરથારને જીવતો મેલી એકદમ બીજા સાથ પરણી જશે, તેને સાત વરસ દેશનીકાલની સજા કરવામાં આવશે, એટલે સાત વરસ શુધી તેમને મુંબઇથી સેંકડો ગાઊને છેટે આવેલાં એક ઊજડ અ ને ભયંકર બેટ ઊપર સેંકડો ખુની અને ચોર બંધવા ઓની સંઘમાં મજુરી કરતાં રાખવામાં આવશે. એ વી જાતની તરેહવાર સજાઓ જેમ તેવી ગુનેગાર અ સતરીઓને થશે, તેમજ તેવા ગુનેગાર પુરૂશોને પણ થશે, માટે જે સ્રીઓ, હવે પોતાને તદન છુટી અને બે અખતીઆર થએલી સમજતીઓ હોએ, તેઓએ તે પોતાની ભયંકર ચુક જોઈ એકદમ તેથી પાછાં ફરવું, અને સઘલા દુરગુણી વીચારો તજી દુનીઆંમાં શુખી થઇ, અને બીજાંને કરી નીરભએપણે અને હસતે મો ડે તે સાહેબની દરઘામાં જવું.

---

## ધરંમપર મુશતાક કોણછે!

ઊપલા શવાલનો જવાબ આપતાં લગાર શખ ત થવાની ફરજ પડા છે, તોએ પણ તે ઊપર કરોધ ન કરતાં સવભાવીક રીતે ગૌર કરવાનો હમારી પાર શી બેહનપણીઓને અરજ કરીએચ.

આએ શેહરનો શું પણ કદાચ આખી દુની આમાં વશતો દરએક ટોલો પોતાનાં ધરમ ઊપર કેટ લો ચુશતછે તેની તપાસ કરતાં જરતોશતી શરખા ના મીયા ટોલાએ અને ચાકશર તેમની અબલાઓએ ફ કત કાંઈજ નહી પણ માંઢે દેખાવ કરેઓછે.

ખરીસટી—મુશલમીન—ઈહાદીઓ અને હીંદુ ઓ પોતાનાં દેવલ—દેહરાં તથા ઘેરમાં પોત પોતા નાં એકીન મુજબ ધરમ પાલે છે. એ શંનથી કોમ માંહેલી એકબી કોમ ઈઆ એવોનાં પંથ માહેલું એક બી મનુસ પોતાનાં પંથથી પલાતો ધરમ બેશક બેગુ માંન જાણેઆ છતાં એક બીજાનાં ધરમની કીરીઆ માંનત કરે છે, હેવો શખુન તેમની ઊપર લેઈ જવાને, કોઈ શકતીવાન નથી.

બાઈઓ, કોઈબી ખીરસટી કોઈબી મુશલમીન, કોઈબી હીઆદીઓ અને કોઈબી હીંદુ પોતાપર હર ત હરાંનો હાદેશો અથવા હેવાજ કાંઈ શખબ આવી પડ વે તેનો નીવેડો લાવવા, અશ્તંન ઈઅઝત પહડાવાનો ઈઆ તમારા આતશબેહરાંમ શાહેબમાં સુખડની મારી ચહડાવાનો કવચીતબી ખેઆલ કરેચ? જો તમો હા કેવા માંગતા હોચોતો તે શરીઆંમ ખોટું છે એટલુંજ નહી પણ તેવો અમશચો ખીઆલબી કરવો અતીશે નઠારૂં છે.

ઊપલાં શંનધાંથી ઊલટું પારશી ટોલો સરવે ગનેઆતનો ધરમ અને તે માંહેલી ઘણીએક કીરી આ પાલે છે અને કરે છે એટલુંજ નહી, પણ તેમની શતા પંથે તેમાં ઘણેજ ભગે ભરેલો ભાગ લીધો છે. ઘણાખરાં કુટંબોના દાશીઓ પોતાનાં ઘેર માંહેલું માંણસ લગાર વધું માંદુ પડતાંજ, કોઈ બાઇને છોકરાં ની બખશેશ થતાં વાર લાગાથી, કોઇને તીઆં ઘણેજ વરશે બાલક અવતરેઆથી તથા હેવાજ બીજા શબબો બનતાંજ, તેવો રખડતા બહરાંમણોએ હીંદુ ધરમનાં કાંનુનબી શીતારાની વરતણુંક, જે તપકા ઈઆ જનંમપતરી નામનાં લાંમબાં શ રીખાં ટીપનાંમાં તથા તેમની ઢગ પોથીમાં લ ખી કારેલી હોએ છે, તે ઊપરથી ઊપલી શરવે હર ખતેનો ઈલાજ, અને ખુશાલીની માંનત કરવા જોશી (કેટલાએક જરથોશતી ધરંમનાં ઊપાધીઆ એ નીચ ધંનધો કરે છે) ને તીઆં નીકલી પરે છે. તેની શા

બેતીમાં ઘણીખરી બાઇઓએ ગરે ઓલવેલાં, જુજે મરદો અને છોકરાવોની બાજુએ બાંધેલાં તાવીજો, રશતે રશતે કુંદારાંમાં મેલેલા ઊતારો, ભુલેશવરમાં આવતા બકરાવો, માંમાંઅરજાંનીમાં આવતાં જોહારા પરણાંઓ; મેહેમની દરગામાં ચહડતી મીઠાઈઓ, અને મોતમાવરીનાં દેવલમાં જલતી મીનબતીઓ આપણે જોઇએચ.

બાઈઓ આટલાંમાંજ તંમારાં મંનનુ દાંમાંદોલપણું અટકતુ નથી; તંમો હીંદુ લોકોનાં માંનવા મુજબ ભુત, દાકંન, ખવીશ, જીંન, અને ભેંશાશુરની હશતીને કબુલ કરો છો, એથીબી વધુ તંમો પાખ મુકતાદનાં દીવશમાં તથા તેને નાંમે; હીંદુની છતી અને ગનપતીનાં જેવાજ માંચરા તંમારા ઘેરમાં ઊભા કરો છો.

બેહનો ઊપર વરણેલી તંમારી માંઠી ચાલથી દીનદુશમેનો તંમારા પવીતર ધરંમ ઊપર કેવા શખત હોમલા કરે છે, તંમારા શીરપર પાપનો કેટલો બોજ થાએ છે અને છેહલુ તંમારા ચેલાનો બાહેરનો દેખાવ નીરમલ હોવા છતાં ઘેરમાંહેલો દેખાવ કેટલો બમો ગદલો છે તે ઊપર ગોર કરવાને, તંમારાંજ મંનની મદદ લેવા કરતાં; શુધરેલા ભરથાર, બાપ અને, ભાઇઓની મશલત મુજબ ચાલવાની તંમને મજબુત શીશંરશ કરીએચ.

આ શંનધા ખોલાશાથી માહીત થતાંજ, શાધારંન શમજના એક જુવાંનથી તે બુજરોગીથી વાંકા વરેલા એક જઇફને મોહોડે હમોએ મથારે નાંખેલા શવાલનો જવાબ એજ મલવાનો કે-"જરથોશતી અને અકશર તેમની સીઓ શીવાએ દરએક મજહબવાલો પોત પોતીકા ધરંમ ઊપર મુશતાક છે."

હવી બદનાંમીમાંથી મોકલાં થવાને ઇશવર આપણને રૂડી બુધી બખશે. ચાલો આપણે તેની પરારથનાં કરીએ.

(લખાઈ આવેલું.)

---

## પરચુરણ.

---

### જાણવાજોગ બાબદો.

આજ લગી આપણ એવું સમજીએ છઇએ કે એકજ કદના રંગનાં અને ઘાટ ઘટનના બે શખશો મલવા કઠણ છે પણ હાલમાં કાલેશ શેહેરમાં એક કુલવંતી સીને તાંહાં જોડવા છોકરાઓ અવતરીઆછે અને તેઓને એક શરખો પોશાગ આપી તેઓનુ નામ દેવલમાં જઇ જીઓરજ અને જાકશ રાખીઉં પણ એક બીજામાંથી તેઓને ઓલખવા શારૂ તાંહાંજ એકને ગલે બલુ ફીતનો કડકો બાંધીઓ હતો. હવે શેઠ શેઠાણી ઘરમાં આવે તેની અગાઉ ચાકરડીએ બેવકુફાઈથી પેલાને ગલેની ફીટ છોડી નાખી તેથી જારે શેઠ શેઠાણી ઘર આવીઆં તારે જીઓરજ કીઓ અને જાકશન કીઓ તે ઓલખાઈ સકાતા નથી !!

---

કેહેવતછે કે જાંહાં આફતો આવેચ તાંહાં એક પછી એક વધતો જાએછે. પેરી ગોકશ શેહેરમાં એક માતબર રાજ અધીકારી નામે મી૦ ડોશેલ પોતાની દીકરીના લગંન એક બીજા માતબર સાથે કરવાની ગોઠવણમાં હતો તેવામાં તેના જમાઈને એકાએક કોઈ જેહેરી શાંપે દંખીઓ તે દંખનો ઉપાએ કરૂવામાં વર રાજાનો બાપ રોતાએલો હતો તેવામાં એકાએક તેને લકવો થઈ આવીઆથી તરત મરણ પાંમીઓ. હવે તેની ખબર પેલા રાજ અધીકારીને કરવામાં કોઇએ એવી ભુલ કીધી કે પેલી કનીઆ એવું સમજી કે તેનો હવે પછીનો થનારો દુખ શુખનો ભાગીઓ મરણ પાંમીઓચ તેથી તેનાં ગમમાં પેલી કનીઆ તરણ દીવશમાં મરણ પાંમી !

---

એક મશાફેરો લખેછે કે હાલ એક વીદવાને એવું પારણું શોધી કાહાડીઉં છે કે તેને પોતાની મેલે હીંચ આવેચ અને તે સાથે તેમાં શુતેલાં બચાંને પોતાની મેલે પંખો થાએ છે અને વલી માંખોને પણ ઉરાડે છે !!

---

શું કીરતારની આએ થોડી ખુબી છે કે એક મછર ઉડતી વખતે પોતાની પાંખો એક શેકંડમાં કઇ શેકડો વખતઃ હલાવે છે !

---

એક અમેરીકન લખનાર કેહેચ કે "નમનતાઈ ઓરતોને ઘણી શોભેછે પણ મરદોને નુકસાન કરેચ" કદાચ ખરૂબી હોએ. એક જણ કેહેછે કે "મુરદાંની પેટી બનાવનારને જે માંગે તે આપવું જોઈએચ કેમકે રેહેવાનુ છેલુ મકાન તે તેજ છે અને શુથારો જે ઠગાઈ કરશે તે પણ છેલીજ છે."

---

લાકડાંનુ ટકાઉપણું—લાકડાંને ઘણી લાંબી મુદત શુધી સડી જતા બચાવી તેમને ઘણાજ ટકાઉ કરવાને હાલમાં એક જાતનો ઉપાએ શોધી કાહાડવામાં આવીઓ છે, તે ઉપાએ જીઆરે ઝાડને કાપે છે તીઆરે તેની આગમગથી કરી મેલે છે, જેથી તે કપાતાં વારજ તેનુ લાકડું ઘણુંજ શકત થઈ જાએ છે.

---

ઈંડાનો બચાવ—બરનુફ નામનો વીદવાન એક ફરેંચ પતરમા એવું જણાવે છે કે, જો તરણ ભાગ સાલીડનુ તેલ ગરમ કરી તેમાં એક ભાગ મીણ નાખી તેને ઈંડાંની ઉપર ચોપડીઉં હોએતો, તે ઈંડું લાંબી મુદત વેર કોહી ન

તું નથી. તે કહેછે કે, તેણે એવી રીતે રાખેલું ઈંડું બે વરસે ખાધું છે જે જેવુંને તેવુંજ હતું.

---

**મોટો હથોડો**—ઈંગલંડનાં લોહોડાનાં કારખાનામાં ઘણાંક મોટા હથોડા હોએ છે, પણ હાલમાં જેવો બોલટનનાં લોહોડાનાં કારખાનામાં એક બનાવીઆમાં આવીઓ છે, તેનાં જેવો બીજો આનવેર કોયે નથી. તેનો એક ફટકો ૭૫ ટનનાં વજનનો લાગે છે, અને તેની નીચે જે તેને લાએકની એક એરણ મેલવામાં આવેલી છે, તેનું વજન ૨૦૦ ટણનું છે. એ એરણને ઓતવાને માટે લોહોડું તાવવાની ભઠી ૭ ફુટ પોહોલી અને ૨૪ ફુટ ઉંચી હતી, અને તેની માંહેથી નલની મારફતે લોહોડાના રસને ઓતકામની જગાએ પોંહોંચાડવામાં આવીઓ હતો, જે કામ પુરૂં કરતાં ૧૦. કલાક લાગા હતા.

---

**રેલવેમાં ગોઠવણ**—ચેલસીની રેલવેમાં, પાસીનજર અને ગારડ તથા એનજીન ડરાઈવર વચે સંદેશો રાખવાને એક ઘણીજ સેહેલી અને સસતી ઇઉકતી કરવામાં આવી છે. તે એવી કે, દરેક ગાડીનાં ટાપની નીચેથી એક હાથો કરવામાં આવીઓછે, અને તેની સાથે ગાડીનાં ટાપ ઉપર દીવસે એક ગોલ પાટીઉં, તથા રાતરે એક દીવાનું ફાનસ જડવામાં આવે છે, જે ગાડીની અંદર બેઠેલાં માણસે પેલો હાથો દાબતાં ઉંચકાઈને ઉંચાં થાએ, જેથી તે ગારડની તેમજ ડરાઈવરની નજરે પડેછે. હમેશાં ડરાઈવર બધી ગાડીઓ તરફ પોતાની પીઠ ફેરવીને ઉભો રેહે છે, તેથી તેને ઉપલી સીગનેલ જોવાને હરકત નહી પડે માટે તેની શામણે એક મોટુ જોવાનો કાચ જડવામાં આવીઓ છે, જેમાં તેની પાછલની સઘલી ગાડી વગેરેનો ઓલો પડવાથી તેને તે દેખાએ છે.

---

**ઘોરની સંખીઆ**—અમેરીકા મધેના માતરે એક રીચમંદ શેહેરમાં હાલ ૬૦૦૦૦ નવી ઘોરો બાંધવામાં આવી છે ! એ સઘલું લડાઈનું પરીણામ.

---

**પોંહોંચખાંનાં અને પીઠાં**—પોરટસમાઉથ નામના આખાં શેહેરની વસતી ૧૦૦૦૦૦ માણસની છે, તેમાં બધાં મલીને ૨૦૭ પોંહોંચખાનાં, અને ૫૪૫ પીઠાં છે !

---

**તુરકસતાનનાં વરતમાન પતર**—ઈઉરોપમાં આવેલાં તુરકસતાન દેશની રાજધાની કાનસટાનટીનોપલ શેહેરમાં બધાં મલીને ૩૩ વરતમાન પતરો નીકલે છે, તેમાં ૮ તુરકી ભાશામાં, ૩ ફરેંચ ભાશામાં, ૧ ઈંગરેજી ભાશામાં, ૫. ગરીક ભાશામાં, ૯ અરમીનીઅન ભાશામા, ૪ બલગરેઅન ભાશામાં, ૧ હીબરૂ ભાશામાં, ૧ અરબીમાં, ૧ ફારસીમાં, અને ૧ જરમન ભાશામાં.

---

**હાથીની જીંદગી**—અમેરીકા મધે એક સખશ એક જબરો હાથી લઈને લોકોને દેખડાવવાને ફરતો હતો, તે હાલમાં મરણ પાંમીઓછે. તે લગભગ ૧૨ ફુટ ઉંચો હતો. તેનું વજન ૧૫૦૦૦ રતલનું હતું અને તેની ઉમર ૬૬ વરસની હતી. તે દર રોજ ૩૦૦ રતલ ઘાસ, અને ૩ બુશલ બાજરી ખાતો હતો, તથા ૪૬ ગેઆલણ પાંણી પીતો હતો. તેણે દર વરસે ૩૦૦૦ માઈલને હીસાબે ૩૬ વરસમો ૧૦૮૦૦૦ માઈલની મુસાફરી કીધી હતી.

---

**લડાઈથી ખરાબી**—અમેરીકામાં જે છેલી લડાઈ થઈ, તેમાં માતરે દકશણ વાલાઓની તરફનાં બધાં મલીને ૩૫૦૦૦૦ માણસો મારીઆં ગએઆં હતાં; અને હાલમાં માતરે ૨૫૦૦૦૦ માણશો, લડાઈ કરવાને લાએક સલાંમત રહેઆં છે.

---

**સુંનાનો પાક**—અમેરીકામાં આવેલાં સેન ફ્રાનસીસકો નામના શેહેર ખાતેના બરીટીશ એલચીએ પોતાના રીપોરટમાં જણાવીઉંછે કે, તે તરફ આવેલી કેલીફોરનીઆં નામની જગાની સુનાની ખાણમાંથી ૧૮૬૪ નાં વરસમાં ૯૦૯૦૨૧૦૦ રૂપીઆની કીમતનું સુનું સરકારને હીસાબે નીકલીઉં હતું. તે સીવાએ ખાનગી લોકોએ કાહાડેલું તે જુદું !

---

**સસતી આમનીબસ**—ફલારનસ શેહેરમાં હાલ ચોમેર અને જીઆં જોઈએ તીઆં આમનીબસો ફરતી કરવામાં આવીછે, જેનું ભાડું આખાં શેહેરમાં જીઆં ગમે તીઆં જવાતું, માણસ દીઠ એક પેની એટલે બે ફડીઆં લેવામાં આવે છે!

---

**કુતરાંનો ભએ**—ઈંગલંડ દેશમાં દનપરદન કુતરાં વીશે ભએ વધતો જાએ છે. તીઆંની એક હાસપીટાલનાં રીપોરટ ઉપરથી જણાએ છે કે, ૨૩ વરસમાં ૨૦૦૦ કુતરાનાં કરડેલાં માણસો તેમાં લાવી નાખવામાં આવીઆં હતાં.

---

**બીરનો ખપ**—ઈંગલંડ દેશની અંદર બીર જાતના દારૂનો ઘણોજ મોટો ખપ માલમ પડે છે. ગણતરી ઉપરથી એવું માલમ પડીઉં છે કે, આખાં ઈંગલંડમાં ફકટ બીર વેચવાનાં ૪૧૫૨૨ પીઠાં છે.

---

## પકવાન વગેરે બનાવટ.

**ફ્રુલનું પુડીંગ**—એક નાનું ડીસ લઈ, તેમાં ઉપર વેરમાએ તેમ પાંઉની બારીક કાતરી કરીને ભરવી. પછે તેની ઉપર પુરતું ગરમ દુધ નામવું. પછે થોડીક કાલી અથવા રાતી દરાખને ગરમ પાંણીમા ઉકાલવી, અને તેમાં તેને અરધે ભાગે બુરા ખાંડ નાખી, તે બરોબર ઉકલી રેહે ને પેલાં પાંઉ ઉપર, ગરમ ગરમ રેડી દેવું, પછે જોઈએતો તેની ઉપર બીજી રકાબી દાબી માંહેથી પરવાહી નીમવી કાહાડવું, અને માંહે જરાક લીબુનો રસ નાખવો. મરજી પડેતો ઉપરથી કસટર કરીને રેડવું, પછે કામમાં લેવું.

---

**લેમોનેડ**—એક રતલ બુરા ખાંડ, એક આંઉસ ટારટરીક એસીડ, અને તરણ લીંબુની બારીક કાપેલી છાલ, એ

સઘલાને એક વાસણમાં ભરી ઉપરથી એક ગેઆલણ ગરમ પાંણી રેડવું, અને ઉપરથી ખુબ ડોહોવવું. ઠંડુ પડે એ ફરીથી ડોહોવવું, પછે ગાલીને પીવામાં લેવું.

## સમશીઆ.

(દોહરા.)

(૧) પુરૂષને પાંચ પપા વાહાલા હોએ છે તે કીઆ?
(૨) સ્રીને પાંચ કકા વાહાલા હોએ છે તે કીઆ?
(૩) સ્રીમાં પાંચ કકાપરનાં દુરગુણ કીઆ?
(૪) મોહ કોણે તજીઓ?
(૫) ફીકર કોણે તજી?

## ખોલાસો.

(૧) હોલીઓ—(૨) આરસી—(૩) પાસા—(૪) કાગલ.

## સુખ દુખ ન આણવા વિષે.

(રાગ વેગાવળ.)

સુખ દુઃખ મનમાં ન લાવિયે, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયા, ટેક.

નળ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અરધે વસ્તરે વનમાં ભમ્યાં, ન મળે અન્નને પાંણી, સુખ૦

પાંચ પાંડવ સરખા બંધવા, જેની દરૂપદી રાણી;
બાર વરષ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી, સુખ૦

સીતા સરખી સતી નહી, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહા દુખ પામી, સુખ૦

રાવણ સરિખો રાજીયો, મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લુટાણી, સુખ૦

હરિચંદ રાય સતવાદિયો, તારાલોચની રાણી;
તેને વિપતિ બહુ પડી, ભર્યાં નિચ ઘેર પાણી; સુખ૦

શિવજી સરીખા સતા નહીં, જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી; સુખ૦

સર્વ દેવને જ્યારે ભિડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભૂધરે, મેહેતા નરસઈને સ્વામી; સુખ દુઃખ૦

## શિખામણ વિષે.

(રાગ મેવાડો)

સમજણ વિના રે સુખ નહીં તનને રે,
વસ્તુ ગતિ કેમ કરી ઓળખાય;
આપમાં દિશેછે રે આપણો આતમા રે,
તેણે કાંઈ જીવપણું નવ જાય; સમજણ૦

રવિ રવિ કરતાં રે રજની નહિ મટે રે,
અંધારૂ તો ઉગ્યા પુંઠે જાય;
રૂદે રવિ ઉગે રે નિજ ગુરૂ જ્ઞાનનો રે,
થનાર જે હોય તે સહેજે થાય; સમજણ૦

જળ જળ કરતાં રે તૃષ્ણા નવ ટળે રે,
ભોજન કહેતાં ન ભાંગે ભૂખ,
પ્રેમ રસ પીતાં રે તૃષ્ણા તુરત ટળે રે,
એમ મહા જ્ઞાનિયો બોલે છે મૂખ; સમજણ૦

પારસ મણિ વિના રે જે પથરા મળે રે,
તેણે કાંઈ કાચન તે નવ થાયે;
સમજણ વિના રે જે સાધન કરે રે,
તેણે કાંઈ જીવ પણું નવ જાય; સમજણ૦

દશ મણ અગ્નિ રે લખિયે કાગળે રે
એ લેઈ રૂમાં જો અલપાય;
એની ઉષ્ણતાયે રે રૂ નથી દાઝતું રે,
રતિ એક સાચે પ્રલયજ થાય; સમજણ૦

જીવપણું મટે રે અનહદ ચિતવે રે,
એતો વાણી રહિત છે રે વિચાર;
જેજે નર સમજ્યા રે તે તેતો ત્યાં સમ્યા રે,
કહે અખો ઉતર્યા પેલે પાર; સમજણ૦

## શરીરરૂપી અંગરખા વીષે.

(રાગ કાફી.)

અંગરખું એક તારૂં રે, બનાવ્યું બહુ જુગતિ કરી;
શિવનારો દરજી ડાહ્યોરે, કિધોછે મહા કારીગરી. ટેક.

કારીગરી માંહિ કેવીરે કીધી તેનો, કહેતાં નાવે પાર;
બારીક કામ બહુ કીધું ઝિણું તેના, ઉપર તાણ્યા છે તાર;
ટાંકો તો નજરે નાવેરે, દેખોને સર્વે સુરત ધરી; અંગરખું૦

લાજ બનાવી દોરી ચાલિરે નાંખી તેમાં, બખિયા મુકયા બહુ સાર
વાગ્યું વજેછે અખંડ નથિ એતો તેમાં, તાણા નથી એકે તાર
સાર શિવું સંગેરે, આવ્યુછે અંગે બરાબરી; અંગરખું૦

કમરપટો કોહોને કણી, પુરેપિ પાનિ પ્રમાણ;
તેમાં કસોપડી કયાંઈ નથી વલિ, શિવનારો મતુરસુજાણ;
પ્રમાણ કેવું કીધુંરે, બેસતું છે બરાબરી, અંગરખું૦

અંગરખું બહુ રંગી બનાવ્યું, પૂરણ પ્રેમ પ્રકાશ;
કોપ દેખોને દરજીની કેવી, શિવતાં કર્યા નવ માસ;
દાસ રણછોડનેરે, પહેરાવ્યું પ્રભુ ખરાખરી; અંગરખું૦

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. ઓકટોબર ૧૮૬૫ આંક ૧૦ મો.

## વધનમાં લગન.

એક વારતા.

### પરકરણ ૮ મું.

આખરે સાસાને જોઈઉં કે, હઠીલી અને મગરૂબ જેહાનઆરા, સાદાબ (અરનવાજ) ની આટલી ચાલાકી અને કોશેશથીબી કશી રીતે ઠેકાણે આવતી નથી, તેથી તેણે એકવાર પોતે જઈને તેને મલવાનો થડાવ કીધો. તેણે અરનવાજને પોતાની સાથે લીધી, અને સાથે કેટલાક ખાશ નોકરોને લઈને જેહાંનઆરાના મેહેલ તરફ ચાલીઓ.

સાસાન જેવો જેહાનઆરાના મેહેલ આગલ આવી પોંહોંચીઓ, તેવાજ પેલા અમલદારો પેલા નાખોદાને પકડી લાવતા દેખાએઆ. તેને દુરથી જોતાંજ અરનવાજે સાસાનને કહીઉં, હા, સાહેબ, જે સખશે મને મદદ કરી હતી, અને પેલા સખશના ખુની હુમલામાંથી મારો બચાવ કરીઓ હતો, તે સખશ એજ છે." એ સાંભલી સાસાન બોલીઓ, "એ સખશનો ચેહેરો મને ઓલખીતો લાગે છે. મને એઆદછે કે, એ સખસ એકવાર એક મોટાં લડાઈનાં બારકસનો નાખોદા હતો, અને તેણે આપણી સાથ શકત લડાઈ કરી હતી, પણ એને પકડી શા માટે લાવે છે ?" સાસાન એમ બોલેછે, તેટલાંમાંતો પેલા અમલદારો તેની નજદીક આવીને ઉભા, અને નાખોદાને તેની આગલ કરીને બોલીઆ, "સાહેબ આએ પેલો શેહેમરદ, જેણે આપણી સાથ શકત (દરીઆની) લડાઈ કીધી હતી, અને તમારા ભતરીજાને મારી નાખીઓ હતો; તે આજે આવી શરમ ભરેલી અને પરેસાન હાલતમાં આએ મોહોલામાં થઈને તમારી હજુર આવીઓ છે. એ એક બીજા સખશ સાથ લડાઈ કરવા જતો હતો, તેવામાં હમોએ એને પકડીઓછે, અને તુ નામદાર શાહાજાદાની હજુરમાં લાવીઆછે." એ સાંભલી અરનવાજ બોલી, સાહેબ એજ સખશ, જેણે મને મદદ કરી હતી, અને 'પોતાની તલવાર ખેંચીને મારી બોરકુએ આવીને ઉભો હતો. પણ જીઆરે તેને આએ અમલદારોએ પકડીઓ, તીઆરે તે બે ચાર બોલ એવા બોલીઓ હતો કે, જેથી મને ભારી ગુંચવારો પેદા થએઓછે."

પણ અરનવાજના એ બોલો ઉપર લક્શ ન આપતાં સાસાન તે નાખોદાની તરફ ફરીને બોલીઓ, "ઓ પરખીઆત લુટારા, અને દરીઆઈ ચોર, તુને એ શું શુહુજ પડીઉં, અને તુને એટલી બધી હીમત કાંહાંથી આવી, કે જેમની સાથે તું એક ખુનખાર લડાઈ લડીઓ હતો, તેમના દેશમાં આવી તેમને હાથ સપડાઈ ગએઓ ? " એ સાંભલી તે નાખોદા બોલીઓ, "નામદાર સાસાન, તું મેહેરબાંની કરી મને એવા બોલ ના વાપર. જોકે હું આએ જગાએ ખોલી રીતે કબુલ કરૂંછું કે, હું તારો એક શતરૂ હતો, તોપણ હું કંઈ દરીઆઈ ચોર કે લુટારો ન હતો. હું ગોએબા જાદુઈના જોરથી આએ તારા શેહેરમાં ખેંચાઈ આવીઓછું, જે જાદુઈ કરનાર આ બેવફા છોકરો, જે તારી સોડમા ઉભો છે તે છે ખાતરે તેના પીઆરનેજ માટે, અને તેની મરજી રાખવાનેજ માટે જાણી જોઈને હું આ શેહેરમાં આવીઓ છું. એ બેવફા છોકરાને મેં ભર દરીઆના ડુંગર સરખા મોજામાંથી કાહાડી, મોતનાં ઘરમાંથી ઉંચકી મારાં વાંહાંણપર લીધો હતો, અને આજ તરણ મહીના થએઆ હું એને મારાં પેટના ફરજંદના કરતાં વધારે પીઆરથી પાલુંછું; અને ખાતરે એનીજ હોંસને ખાતર હું આજેજ સહવારે આએ શેહેરમાં આવીઓ, અને એના હાથમાં એક પઈસાની કોથલી આપી શેહેર જોવા અને મનગમે તે ખરીદવાને મોકલીઓ. એનેજ બાહેર ઘણો વખત લાગવાથી હું શોધવાને આવીઓ, પણ એણે પોતાની બેવકુફાઈથી કોઈ જબરા પુરૂશનું વેર ખેંચી લેવાથી તે તેની સાથ લડાઈ કરવાને ઉભો હતો જેમાં હું તરત વચે પડીઓ, અને તેમ કરતાં હું તારા અમલદારોને હાથ પકડાઈ ગએઓ. એ વેલાએ એ નીમખહરામ છોકરાએ મને મારી કોથલી, જેની મને એવી વેલાએ ઘણી જરૂર હતી, તે પાછી આપવાને ના પાડીતો પાડી પણ તે ખોલી બેવફાઈ કરી મારી પીછાન પણ મુનકેર ગએઓ." એ બોલો સાંભલી અરનવાજ ફરીને ઘણીજ અચરતીમાં પડી, અને ગભરાઈને બોલી, "એ સખશ હજુ એમનું એમ શું બોલે છે, અને એને કોણ ઓલખેછે તથા કોણે એની પઈસાની કોથલી લીધી છે ? હું તો કાંઈ જાણતોબી નથી." પણ તેવામાં સાસાન નાખોદા તરફ ફરીને બોલીઓ, તારી વાત મને તદન ખોટી લાગે છે. તું કહે છે કે, તું આએ છોકરાની સાથ આજે સહવારેજ આએ શેહેરમાં આવીઓ અને એ છોકરોતો આજે તરણ માસ થએઆં મારી સાથે છે, અ

ફ્રેદુન—અરે પેલા શાહાજાદાનાં નોકરે, પેલો સાદાબ કેહેવાએ છે તેણે. તેનેતો હું આજવેર ઘણો બીકણો છોકરો જાણતો હતો, પણ તેતો કેથો સેકસતે હારેમનં નજર આવીઓ !

સાસાન—શું મારા નોકરે, સાદાબે તમુને મારીઆ ?

ફ્રે૦—હા સાહેબ, તમારા સાદાબે—આએ રહેઓ તે ખંધો તમારી સોડમાં ઉભો છે. નાપાક, તેં મારૂં "આ મુ' નાહેકને માટે ફોડી નાખીઉં છે.

સાદાબ—(ગભરાઈને બોલીઓ) અરે ખોદા ! તમે મને શાને માટે ગલે પરોછ ? મેં તમુને કંઈ કરીઉં નથી. મેં તમોને મારીઆબી નથી, ને છેડીઆબી નથી, અને મને શું કેહોછ ?

ફ્રે૦—તેંજ, તેંજ, એ લુચા, પોસાગીર, તેંજ મને મારીઓ છે, બીજા કોઈએ મારીઓ નથી.

એ પરમાંણે તકરાર થાએ છે, તેવામાં ખુશરૂહ તીઆં આવી પોહોંચીઓ, અને આવતાં વાર જેહાનઆરાને કેહેવા લાગો, "વાહાલી જેહાનઆરા, હું ઘણો દલગીર છું, કે મેં તમારા એક સગાને શકત માર મારીઓ છે, પણ મેં તેને અમથો નથી મારીઓ—તેણે મારી સાથ એવી ચાલ ચલાવી છે કે, એને ઠેકાંણે જો મારો માએ જણીઓ ભાઈ હતે, તો તેને પણ કદી છોડતે નહી. પણ એ તમારો સગો થાએ છે, તેથી તમોને કદાચ મનમાં લાગશે, તેથી હું તમારી પાસે માફ માંગુછું.

ખુશરૂહને તીઆં ઉભેલો તથા એ પરમાણે બોલતો જોઈ, સઘલા અચરતીમાં ગરકાવ થઈ ગએઆ, કેમકે તેમની નજર આગલ એક મોજીજો બનતો હતો, અને સઘલાનો પોતાની આંખ ઉપરનો વીસવાસ ઉડી ગએઓ હતો. ખુશરૂહ અને અરનવાજ એ બંને ચેહેરામાં, રૂપમાં અને કદમાં એવાતો એક બીજાને મલતા દેખાવા લાગા કે, તે બેમાંથી ખરો ખુશરૂહ અથવા ખરી અરનવાજ કોણ તે ઓલખવું મુશકેલ થઈ પડીઉં. સઘલા અચરતીથી દંગ થઈ બંનેનાં મોડાં જોવા લાગા, અને સાસાન ખોખરે આવાજે બોલીઓ, "આ શું ! એકજ ચેહેરો, એકજ આવાજ, એકજ કદ, અને બેમાણસ" ! સાસાન એમ અચરતીથી બોલે છે, તેવામાં ખુશરૂહની નજર, તેનું રકશણ કરનાર નાખોદા, જે સાહાજાદાનો બંધવો થઈને દુર ઉભેલો હતો તેની ઉપર પડી, જેને જોતાંજ તે હરખ પાંમીને બોલીઓ, "ઓ મારા પીઆર શેહેમરદ, જીઆરથી તું મારીથી દુર થએઓ છે, તીઆરથી તારી જુદાઈનાં સબબે મારૂં દીલ બલી ગઈઉં છે."

શેહેમરદ—શું, ખુશરૂહ, તું છે ?

ખુશરૂહ—શું તારે તમો કાંઈ શક રાખો છો કે હું ખુશરૂહ નથી.

શેહેમરદ—અરે ! પણ તીઆરે આ તારા બે ભાગ કેમ થઈ ગએઆ ? એક નારંગીની બે ચીર કરી હોએ, તે પણ એવી એક બીજાને બરોબર મલતી નહી દેખાએ ! તીઆરે બેમાંથી ખુશરૂહ કોણ ?

જેહાનઆરા—ખરેખર આ એક ભારે અચરતી છે !

એવામાં ખુશરૂહ અરનવાજનાં મોડાં તરફ જોઈ બોલીઓ, "હું આ શું જોઉંછું ! દુનીઆમાં મારો ભાઈતો મુદલ છેજ નહી, અને આ મારા સરખો બીજો છોકરો તે કોણ હશે ! ખચીત મારો ભાઈતો નહી પણ એક બેન હતી, જેને, અફશોશ ! દરીઆનાં ભુખા મોજા ગલી ગએઆ છે. પણ ભાઈ તું મને કેહે કે, તું મારો કોણ સગો થાએ છે ? તું કીઆ દેશનો રેહેનારો છે, તારૂં નામ શું છે, અને તારાં મા બાપ કોણ છે ?

અરનવાજ—હું સેનાહ શેહેરનો રેહેવાસી છું, અને મારા બાપનું નામ જમશેદ હતું. મારો એક ખુશરૂહ કરીને ભાઈ પણ હતો, જે આજ કેટલુંક થઈઉં, સમુદરનાં તલીઆમાં પોતાની ઘોરમાં વાસો કરીને પડીઓ છે. પણ જો ભુત અને જીન ખરેખર મુએલાં માણસોનાં આકારમાં આવતા હોએતો, ખચીત તમે તેનાં ભુત છો, અને હમોને બીહીવાડવાને આવીઆ છો.

ખુશરૂહ—ખરેખર હું ભુત છું ! ભાઈ, અગરજો તમે સ્ત્રી હોવતો, ખચીત હું આએ મારી આંખ માંહેલા આંસુ આ તમારા ગાલ ઉપર રેડું. શું તમે, મારી બેન અરનવાજ, જે આજ કેટલુંક થઈઉં સમુદરમાં બુડી મરણ પામી છે, તેતો નથી ?

અરનવાજ—મારા બાપનાં કપાલ ઉપર એક લાંછણ હતી, અને જીઆરે તે મરણ પાંમીઓ તીઆરે મારી ઉમર માતરે તેર વરસની હતી

ખુશરૂહ—હા, જોવ, મારા કપાલ ઉપર પણ એક લાંછણ છે, અને હું જાણુછું કે, જીઆરે મારો બાપ મરણ પાંમીઓ તીઆરે મારી પીઆરી બેન અરનવાજની ઉમર તેર વરસનીજ હતી.

ખુશરૂહને મોહેથી એવા બોલો સાંભલતાંજ અરનવાજે ખાતરી કરી લીધી કે, તે તેનો ભાઈ સીવાએ બીજો કોઈજ નથી, તેથી તેણે તરત પોતાનો સઘલો ભરમ ખોલી દીધો, અને ઘણાજ હરખથી આંસુ ભરી આંખે ખુશરૂહને ભેટી પડી. ખુશરૂહ પણ પોતાની અતીઅંત વાહાલી બેનને એકવાર પાછી સલામત જોઈને ઘણોજ હરખમાં આવી ગએઓ, અને ઘણાજ પીઆરથી તેને ભેટીઓ. એ મામલો જોતાંજ જેહાનઆરાએ પોતાની ચુક ભારે અચરતીથી જોઈ, અને અરનવાજે (સાદાબે) જે તેની સાથ અંત શુધી પરણવાને અખાડા કરીઆ હતા, અને તેથી તે તેને ઘણોજ મગરૂબ, હઠીલો સમજતી હતી, તેનો સઘલો ખોલાશો થઈ ગએઓ તેમજ સાસાન શાહાજાદી જે અરનવાજ ઉપર ઘણોજ ખફા થઈ ગએઓ હતો, અને તે જે તેની આગલ નીરઅપરાધીપણું બતાવતી હતી તે તે નહી માનતો હતો, તે હવે તેણે માનીઉં, અને સાદાબને એક નીમખહરામ, અને જુઠા નોકરને બદલે એક તેને ખરેજ સાહાનારી અતી ખુબશુરત સ્ત્રી માની; અને જે તે વારે વાર તેને કેહેતી હતી કે તે તેને તેનાં ખરાં જીગરથી ચાહે છે, તે તેનાં વગર આ પુરૂથવીપર બીજા કોઈનેજ ચાહાતી નથી, ઈતીઆદી; જે તેણે પરથમમાં પોતાનાં છુપા તીરનાં બાણો જે ફેંકીઆ હતા, અને તે સઘલા આજવેર રદ ગએઆ હતા; તે સઘલાની મતલબ હવે તે સમજી ગએઓ: પણ આ નવાઈ સરખા ખોલાસાથી કોઈ દલગીર કે નાસીપાસ થઈઉં નહી. જેહાનઆરા ખુશરૂહ સાથે ખુશીમાં પરણી ખરી, પણ તેનામાં અને અરનવાજમાં કાંઈ એવો

તફાવત ન હતો કે, જેથી તેનો આગલો પીઆર એક રતીભાર પણ કમતી થાએ. તેમજ સાસાનને અરનવાજની છોકરા રૂપે, દરેક ચાલ ચલણ એવીતો તેને પસંદ હતી, અને તેનાં ઉપર તેનો કુદરતીજ એવોતો પીઆર દોડતો હતો કે, જીઆરે તે તેને સ્ત્રી માલમ પડે, અને તેની સાથ પરણવાને માંગેતો તે કવચીત પણ ના પાડી શકે નહી. એથી કરીને જેહાનઆરાએ મોટી ખુશીથી ખુશરૂહને, પોતાનાં હકદાર ભરથાર તરીકે હાથ પકડીઓ, અને સાસાને મોટી ખુશી અને અથાગ પીઆરથી અરનવાજ સાથ લગન કરી તેને પોતાની મોહોરદાર બનાવી. એ પરમાંણે ખુશરૂહ અને અરનવાજ ઉપર પડેલાં વધનમાં તેમનાં લગન થએઆં, અને વલી તે એવાં સરસ કે તેમની સઘલી મુરાદ બર આવતાં માહાબારત સુખમાં પડીઆં. ખોદા સરવેની એ પરમાંણે મુરાદ બર લાવે, અને સરવેને એ પરમાંણે ખુશી કરે, એવી હમારી છેલી દુવા છે

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૩૮ મો.

પીઆરાં બેહેન,

તમોને છેલો પતર મેં શાનટાફી ખાતેથી લખીઓ હતો, અને તેમાં મારી ભએ ભરેલી મુસાફરીનું કેટલુંક વરણન કરીઉં હતું જે વાંચી તમોને ભારે અજાએબી લાગી હશે, પણ અજાએબ થવાની આગમચ, વાહાલાં બેન, હું ખચીત ધારૂં છુ કે, મારો જીવ અરોસટનો બચાવ વાંચી તમારી આંખમાં થોડાંક આંસુ આવીઆં હશે, અને પછે ઈશ્વરનો પાડ માનીઓ હશે. પણ બેન એમાં તમારે જરાનું અચરત થવું નહી, કેમકે મુસાફરી સદા એવીજ ભએ ભરેલી હોએ છે, અને સંકટ તેમાં ડગલે ડગલે નડે છે. પણ બેન, હાલમાં આ એ પતર વાંચતાં તમોને બીજી અજાએબી એ લાગશે કે, એ મેં ઊપલી જગાએથી નહી પણ પાછા નીઊઈઆરક શેહેરમાંથી લખીઉં છે હું ધારૂં છું કે તેથી જેમ તમોને અચરતી ઊપજશે, તેમ ખુશાલી પણ ઊપજશે, કેમકે હું એટલાર પાછો સહીસલામત એક મોટાં અને સુખ ભરેલાં શેહેરમાં આવીઓ છું મને એક અનચીતીઆ સબબથી એકદમ નીઊઈઆરક ખાતે આવવું પડીઉં છે, જે તમોને આગલ વાંચવામાં આવશે. પણ હાલમાં મારી બાકી રહેલી મુસાફરી તથા શાનટાફી મધે થોડા દહાડા રેહેવાથી નજરે પડેલી તથા સાંભલેલી બાબદોની થોડીક હકીકત તમારી ઊપર લખવાની રજા લઊં છું.

જેવી મારા મીતરોની, મારી સલાંમતીથી, અચરતી અને ખુશાલી નરમ પડી, કે હમોએ એકદમ હમારા ઘોડાઓ ઊપર જીન બાંધીઆં, જીઆં સઘલો કાફલો પડેલો હતો તીઆંનો એકદમ રસતો લીધો. થોડાકવારમાં સહવાર પડી, અને સઘલાઓએ પોતપોતાનાં ગાડાં જોડી તથા ઘોડાઓપર સવાર થઈ આગલ રસતો લીધો. થોડેક રસતે ચાલીઆં પછે હમો કેટલાક જને શીકાર કરવાની મરજી કીધી પણ, એક તેવું જનાવર નજરે ન પડવાથી, ચોમેર નજર રાખતાં આગલ ચાલીઆ જતા હતા; તેવામાં એક નાની નદી આવી જે ઊતરીને તેની કોરપરના કોરપર કેટલોક વખત શુધી ચાલીઆ. એવામાં બે તરણ હરણો નદીની બીજી બોરદુએ ચરતાં મારી નજરે પડીઆં, જેમને જોતાંજ મેં મારો ઘોડો ડપટાવીઓ, અને ધીમે રહી એક અજાણે ઓવારેથી ઊતરી બીજી બીજુના કીનારા પર ગએઓ. તીઆં એક જાતની ગીચ ઝાડી ઊગેલી હતી, જેની ઓથમાં ભરાઈને મેં બંદુક મારવાનો વીચાર કીધો, પણ તપાસી જોતાં માલમ પડીઉં કે, તે હરણો તેની બંદુકની હદની બાહેર હતાં, જેથી તેઓ ચરતાં ચરતાં નજદીક આવે, તેવી આસાથી મને કેટલોક વાર તીઆં થોભવું પડીઉં, હું મારી નજર તે હરણો ઊપર થંભ રાખીને રેતીમાં ઊભો રહેઓ, અને તેમની હીલચાલ બારીકીથી જોવા લાગો, કે રખેને તેઓ નજદીક આવવાને બદલે દુર જતાં જાએ. પણ નહી, તેઓ શુંદર લીલાં ઘાસ ઊપર રમતાં ને કુદતાં મારી ગોલીનીજ ભેટ લેવાને આવતાં દેખાવા લાગીઆં. એમ કરતાં કેટલેક વારે તેમને પુરતાં નજદીક જોઈ મેં મારી ઘાતકી બંદુક તેમનાપર છોડી, જેથી એક તરત જમીન દોસત થઈઉં. તેવાંમાં બીજી નલી માહલી ગોલી ફેંકી અને બીજું બીચારૂં લોહી ગગલતું થઈને જમીનપર પડીઉં. એ જોઈને મને સજાર ખુશાલી ઊપજી, અને મેં ઝટ તીઆં જઈ તેમને મારા ઘોડાપર નાખી મારા મીતરોને જલદીથી જઈ મલવાનો એરાદો કીધો. પણ પીઆરાં બેન, તમે વાંચીને ગભરાશો ના ! હું જેવો ચાલવા ગએઓ તેવોજ મેં કમરમાંથી એક આંચકો ખાધો, અને જોઊં છું તો મારા પગ તે રેતીમાં ટપાઈ ગએલા, અને એવાતો મજબુત બેઠેલા કે, જરાએ હીલે પણ નહી. મેં તેમને ખેંચી કાહાડ

વાને ઘણીખી કોશેશ કીધી, પણ મારૂં કશું ન વલતાં, મારી કમબખતી મને એકદમ નજર પડી આવી. જેમ જેમ વખત જતો ગએઓ, તેમતેમ મારા પગ અંદર વધારે ગરતા ગએઆ, અને વધારે મજબુત બેસતા ગએઆ. એ જોઈ મારાં દીલમાં એક શકત દેસત પડી અને આખાં શરીરમાં ગણગણાત થઈ, અને મારી જીંદગીથી મેં હાથ ધોએઆ ! કેમકે મને માલમ પડીઊં કે જે રેતીમાં મારા પગ ડરાએઆ છે, તે એક જાતની એવી રેતી (Quick sand) છે, કે જેમાં આખું માણસ ને માણસ થોડા વખતમાં ગલી જાએ, અને તેમાં ગુંગલાઈ અથવા ડરાઈ મરણ પામે. એ વીચાર આવતાં જ મારી આંખમાં તમર આવીઆં, અને મને આપણ સઘલાં પોતાનાં ઈઆદ આવવા લાગાં. મારી હુલરાઈને માટે મેં ઘણો પસતાવો કીધો, પણ અફશોશ ! તે હવે કશા કાંમનો ન હતો. આખરે હું લગભગ કમર શુધી રેતીમાં ગલીઓ, જેથી થોડા વખતમાં મોત આવતું જોઇ, મારાં દીલથી એક સરદ હાએ મારી, અને પછે પુરાં ધેઆંનથી ખોદાની બંદગી કરી તેને આધીન થએઓ. પણ વાહાલાં બેન, તે કીરતાર સરવેનો નેઘેબાન છે, અને સરવેનાં દુખનો ટાલનાર છે. જે માણસ ખરાં મનથી તેની ભકતી કરે, તેની અરજ તે કીરતારની બખશેશની કદાચજ બાહાર જાએ. જેવો હું બંદગી કરીને ફારેગ થએઓ, કે એકાએક મને મારો ઘોડો ઈઆદ આવીઓ, અને તે ઈઆદ આવતાંજ એકદમ મારા મનમાં વીચાર ઊતપન થએઓ કે, જો આએ વેલાએ એ મુગું જાનવર મને ઈઆરી દે, અને મારી પાસે આવીને મને ઘસડી કાહાડે તો બેશક આ મોતના ઘરમાંથી મારો છુટક થાએ. એકદમ ખોદાનુ નામ લઈ હીમત ધરી મેં મારા ઘોડાને, જે નાંમે હું તેને હાંક મારતો હતો તે નામે તેને જોરથી બુમ પાડીને બોલાવીઓ, જે સાંભલતાંજ તે ભલું જાનવર ફું શારા મારતું, પોતાનો બંધ તોડી મારી પાસે આવીને ઊભું. તેણે આવતાં વારજ, જાણે તે મારૂં સંકટ અને મારી મતલબ એકદમ સમજી ગએઓ હોએ તેમ, તરત તેની જુલતી લગામવાલું મોડું મારી આગલ કરીઊં, જેથી મેં તરત લગામને હાથમાં મજબુત પકડી લીધી; અને પછે તે ઘોડો જોર કરી આગલ ચાલવા લાગો. સંતોષ અને સુકર ખોદાના ! પીઆરાં બેન, મારા પગ રેતીમાંથી ધીમે ધીમે બાહેર નીકલીઆ, અને તેમ થતાં હું તરતજ મારો પરાણ રકશક ઘોડો લઈ તીઆંથી નીકલી ચાલીઓ, કેમકે, જો તે જગામાં જરાવાર એકગમ સથીર ઊભું રેહેવાએ તો, પગ પાછા ગલી જાએ. હું પેલા હરણ અને સરવેને નાખી દઈ એકદમ મારા ભલા ઘોડાપર સવાર થઈ આગલ ચાલીઓ, અને મારા મીતરોની સંફમાં જઈ મલીઓ. તેમને આ મારી બીજી જીવ સરોસટની આફતની વાત કહી, જેથી તેઓએ, અચરત તેમજ ખુશી થઇ મારૂં નામ "રણનો પેહેલવાન" કરી આપીઊં. તીઆર પછે આગલ ચાલતાં, કેટલાક દાહાડામાં હમો સાનટા ફી ખાતે જઈ પોંહાંચીઆ અને એક સારાં મકાનમાં ઊતારો લીધો.

સાનટા ફી એ એક નાનુ શેહેર અથવા એક કસબો છે, પણ તે આ મોટાં રણની કોરપર આવવાથી તેમાં વેપાર સારો ચાલે છે. તીઆં અંગરેજ, ફરેંચ, સપેનીઅરડ વગેરે ઘણાક ઈઊરોપખંડના લોકો તથા અમેરીકનો વસેછે. તીઆંની ઈમારતો કે રસતા કંઈ ઘણા મોટા નથી, તેમજ ગલીચી અને ગરીબી પણ ઘણી છે. એ શેહેર મુકી આગલ જતાં ઘણાક નાના નાના કસબાઓ અથવા ગાંમડાંઓ આવે છે, જીઆં ઊપર જણાવેલી કીસમના લોકો તરેહવાર જાતનો ઊદીઓગ કરી પોતાનુ ગુજરાણ ચલાવી પડી રેહે છે. પીઆરાં બેન, એ લતા તરફ કેટલાક, તીઆંના અસલ વતની જંગલીઓ નજરે પડે છે, જેમને ઈંડીઅન કરી કહે છે; તેમને માટે મેં તીઆં ઘણીજ અજબ જેવી અને કમકમાટ ભરેલી બીના સાંભલી છે. એ જંગલીઓ એવા કસબાઓથી ઘણાક ગાઊને છેટે જંગલોમાં વસે છે, અને તેઓ વારેવાર ટોલાંબંધ થઈ એકાદા કશબા ઊપર ઊતરી પડે છે, અને તીઆંથી માલ મતા, ઢોર અને માણસ વગેરેને ઊંચકી જાએ છે તેઓમાં બે ટોલાંછે, તેમાંથી એક "નાવાજો" અને બીજા "આપાચી" ને નામે ઓલખાએ છે. એ બેમાં "નાવાજો" ઈંડીઅનો ઘણા ઘાતકી અને માણસ માંઊસ હારી કેહેવાએ છે, તેઓ જે માંણસોને પકડી લઈ જાએ છે, તેમાંથી કોઈને ખાઈ જાએ છે, કોઈને કાંઇ કામપર રાખે છે, અને સ્ત્રીઓને પોતાની ઓરત કરી રાખે છે. તેમના ડરથી સાનટા ફીની સરકાર એવીતો કંટાલી ગએલી છે, કે તેઓએ એવો હોકમ કાહાડેલો છે કે, જે કોઈ, એ ઈંડીઅનોને મારી તેમનાં માથાંની ટા

લાવપર તેમને લઈ ચહડીઆં જતાં હતાં. તેમની સાથે એક ભોમીઓ હતો, તે ખોરાક લઈ તેમની પાછલ આવતો હતો, અને એ પરમાંણે તેઓ નીકોલોસી નાંમની એક ઊતારાની જગાએ આવી પોહોચીઆ, જીઆં થોડોવાર આરામેસ લઈ રાતના દશ વાંગતે પાછું ઊપર ચહડવાનુ શરૂં કીધું. કાલી અંધારી રાતના વખતમાં, સાથે બે ભોમીઆઓની મદદ લઈ, ઘણા બીકટ રસતા ઊપર ચાલતાં, આખરે એટલા ઊંચા આવીઆ કે, તીઆં ચોમેર બરફ પડેલો નજર આવીઓ, એ જગાએ આવી પોંહાંચતાંજ આકાશમાં કાલાં વાદલ ચહડી આવેલાં નજર આવીઆં, અને તેથી તોફાનની બીહીકે, ઝડપથી ચાલતાં એક મકાન કરવાની જગાએ જઇ પોંહાંચીઆ. એ જગાએ બેસીને પેટ ભરીને નાસતો લીધો, અને આગલ ચાલવાને શરૂ કીધું. અહીથી તે પાહાડનાં જવાલા મુખપર પોંહાંચવાનો બે કલાકનો રસતો હતો. થોડાક ચાલીઆ એવાંમાં, આખેરે કાલાં વાદલાંમાંથી શુરજની રોશણીનો પરકાશ નીકલીઓ, અને તેની મારફતે તેમની આસપાસ એવી બીઆબાન બીહામણી જગા માલમ પડી કે જેવી તેઓએ કોઈ કાલે જોએલી ન હતી. જેમ જેમ આગલ ચાલતા ગએઆ, તેમ તેમ વખતે આઈસનાં પાધર મેદાનો, અને વખતે રાખથી ભરાએલી બોહોલા વીસતારની જગાઓ આવવા લાગી, અને ચાલતાં પચાસવારની ઊચાઈએ શું છે તે જોવાની હીમત ચાલતી ન હતી. એમ કરતાં આગલ ચાલતા ગએઆ, અને એક પછે રાખ તથા પીઘલેલા પથરના રસનાં મોટાં મેદાનો મેલતા ગએઆ. એમ કરતાં જવાલામુખની એટલે નજદીક આવીઆ કે, પગ તલે નરદમ ગંધકની જમીન આવી ? અને તે ગરમ લાગવા લાગી, તથા જગે જગેથી ધુમાડા નીકલતા દેખાએઆ. પાહાડનું ખુદ જવાલામુખ, જે જોવાને ખાતર તેઓએ પોતાના જીવપર એટલી બધી કપટી ખેંચી હતી, તે તેમના માથાપર દેખાવા લાગું, જેની આસપાસ કોઈવાર એવાં વાદલાં વીટલાતાં હતાં કે તેને તદન ઢાંકી નાંખતાં હતાં, અને કોઈવાર તે તદન ખોલું દેખાતું હતું. એમ કરતાં થોડાક આગલ ચાલીઆ, એવામાં તેમના ભોમીઆએ બુમ મારીને તેમને જણાવીઊં કે, જોવ હવે આ જવાલામુખ આવીઊં. એ બોલ સાંભલતાંજ તેઓ ઘણા ઊલટમાં આવીને ચાલીઆ, તે થોડીક મીનીટમાં તે ભએંકર કુદરતની ભઠીની કોરપર જઈને ઊભા. તેની માહે ડોકાવીને જોઇઊંતો ખરેખર તેનો દેખાવ ભારી ભએંકર હતો. તેની માહેથી થોડો થોડો ધુમાડો બાહેર નીકલતો હતો, અને માહે ચોમેર રાખના ઢગલા જણાતા હતા. તે મુસાફરોએ તેની માહે ઊતરવાની મરજી કીધી, અને તે બાબે તેમના સંચલ ભોમીઆની સલાહ પુછી, જેણે તેમ કરવાની હા કહી, કેમકે તેને ખાતરી હતી કે એટલાંમાં કાંઈ બનાવ બની તેમાંથી એકદમ અગની બાહાર નીકલનાર નથી. તે પરમાંણે પરથમમાં તે અંદર ઊતરીઓ, અને તેની પાછલ તે મુસાફરો ઊતરીઆ, પણ માહેથી ગંધકનો ધુમાડો એટલોતો નીકલતો હતો કે, તેમની નજર આગલ રાતના સરખું અંધારૂં થઇ ગઇઊં, અને તેમનાં ફેફસાં ગોએઆ ફાટી જવા લાગાં. કેટલીક જગાએ ગરમ ગંધક માલમ પડી અને કેટલીક જગાએ ગરમ આતસ સરખી રાખ પડેલી જણાઇ. જરાક આગલ ચાલતાં, તેમાં મોટા આવાજ સંભલાવા લાગા, અને ગરમી એટલી લાગવા લાગી, તથા પગ તલેની જમીન એવી ધ્રુજતી જણાવા લાગી કે તરત તે ભએંકર ભોંએરાંમાંથી બાહેર નીકલી આવીઆ, પણ તેમ કરતાં તેમને ભારે અડચણ નડી. જેટલોવાર તેઓ અંદર રહેઆ તેટલોવાર તેઓ આએ દુનીઆંને ભુલી ગએઆ, અને ગોએઆ કોઈ મોટા હપતખાનમાં આવી પડીઆ હોએ એવું લાગવા લાગું. બાહાર નીકલીઆ પછે તે જવાલામુખની આસપાસ ફરીઆ, અને તેમ કરતાં તેમની કેટલીક એવી ઊંડી અને આઈસથી ભરેલી ખીનો દેખાઈ કે જેનો દેખાવ જોતાંજ તેમનાં તનમાં કંપારી છુટટી હતી. આકાસમાં એક ઊપર એક વાદલાંચહડી આવતાં હતાં, અને ઝપાટાબંધ દોડતાં જતાં હતાં. કોઈવાર તેઓ તે જવાલા મુખની આગલ રહીને જતાં, અને કોઈવાર તેના માંથાપર રહીને પસાર થતાં હતાં. જે જગા ઊપર આવીને તેઓ ઊભા હતા, તે જગામાં ગંધક અને રાખ શીવાએ બીજુ કઈ નહી હતું, અને તે જવાલામુખમાં તે બાજુથી જે ઝપાટાબંધ ધુમાડો નીકલતો હતો તે જોઇ, તથા તેમ થતાં તેમાંથી જે તરેહવાર આવાજો નીકલતા હતા તેનો આવાજ સાંભલી ભારે તાજુબ થતા હતા. એ જગામાંથી નીકલતા ગંધકના બાફ તથા ધુમાડામાં સુરજનાં તડ

કાંનો રંગ પણ એવો બદલાઈ ગએઓ હતો; અને આ સપાસ પણ સઘલે એવો દેખાવ લાગતો હતો કે, તેઓ જાણે ખરેખર પેલી દુનીઆંની કેહવાતી ભએંકર જ ગામાંજ આવીને ઊભા છે, એવું તેમને લાગતું હતું. ચો મેર, જીઆંવેર નજર પોંહાંચે તીઆંવેર, ઊજડ અને વેરાન દેખાતું હતું. જીઆં જોઈએ તીઆં, આગ અને રાખ સીવાએ એક ઝાડનુ પાતરૂં કે એકે મનુશ જાતનો આલો દેખાતો ન હતો. એ વેલાએ તેમનાં મનમાં એ વીચાર આવીઓ કે, આજે એ આફત વરસાવનારો પાહાડ ચુપ થઇને પડેલો છે, તેવા વખતમાં તેનો દેખાવ આવો ભએભીત કરનારો છે, તીઆરે જીઆરે તે ફાટીઓ હશે, અથવા તેનું બલવાનુ કામ પુર જોરમાં ચાલતુ હશે, તીઆરે તેનો દેખાવ કેવો થએઓ હશે! ખરેખર એવા દેખાવનો માતરે ઠાલો આકાર લાવવાનેબી માણસનું મગજ અશકતીવાન છે. જીઆરે તેઓએ તેની આસપાસ નજર કીધી, તીઆરે તેમને તેથી થોડી તાજુબીનો દેખાવ દેખાએઓ નહી. એક તરફથી તે જવાલામુખીનાં પેટમાંથી નીકલેલા લાવાથી તેની આસપાસ બનેલા અનેક નાના મોટા પાહાડો, કાલા અને બીહામણા રંગના ઊભેલા હતા; અને નીચે જોતાં સેંકડો ગાઊ સુધી જમીન અને સમુદર નજર આવતાં. ટુકાંમાં કહીએતો તેઓ ગોએઆ જાણે કોઇ નવીજ દુનીઆમાં આવીઆ હોએ, તેમ ભારે તાજુબી પામી તીઆંથી પાછા ફરીઆ.

---

## પારસી સ્ત્રીઓનો શુધારો.

હરેક દેશની અથવા હરેક ટોલાની સ્ત્રીઓ શુધરેલીઓ હોએતો, આખો દેશ અને આખો ટોલો શુધરેલો થાએ અને કેહવાએ, એવું ઘણાક પારસીઓ માને છે, અને તેમ થવાથી એક માહાભારત ફાએદો થાએ એવું તેઓ જાણે છે; તે મારે તેઓ પોતાની સ્ત્રીઓને શુધારવાની ઘણીક કોશેશ કરે છે. કેટલાએકો દર વાતમાં અને દર કામમાં સ્ત્રી શુધારા વીશે બોલવા મંડી જાએ છે, અને ભારે ઈનતેજારીથી, કે વખતે એક હુએ મારી બોલે છે કે, "અપાણી સ્ત્રીઓ કીએ દાહાડે શુધરશે." અલબતે એ તેમની ઈનતેજારી થોડી નથી, અને જો એવીજ ઈનતેજારી સદા જીબ વડેજ બતાવીઆ કીધી હોએ તો, આવતા જમાનામાં પારસી સ્ત્રીઓ શુધરી સંસારમાં અતીઅંત શુખ આપનારીઓ થાએ ખરી! પારસીની સ્ત્રીઓ હજુ જોઈએ તેવી શુધરેલ થઈઓ નથી એમ જેઓ બોલે છે તે ખરૂં બોલે છે, પણ તેમાં વાંક કોણનો છે, તેનો વીચાર કોણના મગજમાં ઊતપન થાએછે? આજ કાલ જે શબદો કાંને પડેછે, તે ઊપરથીતો સ્ત્રીઓનોજ વાંક માલમ પડેછે, કેમકે જીઆં જોઈએ તીઆં એમજ બોલાએછે કે, "આપણી સ્ત્રીઓ હજુ શુધરતીઓ નથી." પણ એવું બોલનારાઓ કદાંચ જાણતા હશો ખરા, કે શુધારો કેમ થાએ છે, અને સ્ત્રીઓ કીઆરે અને કેમ શુધરેછે. કોઈબી જાતનો શુધારો પોતાની મેલે થતો નથી, કે ફકત મોડે બોલીઆથી થતો નથી; તેમજ જે હોકમ કરનારાછે તેનાં કરતાં હોકમ માનનારાઓથી પેહેલો શુધારો થતો નથી: તીઆરે હવે જોવું જોઈએ છે કે, જે પારસીઓ પોતાની સ્ત્રીઓને શુધારવાને એટલી બધી ઈનતેજારી બતાવેછે, તેઓએ તેને માટે શું શું ઊપાઓ કરીઆ છે. આખી મુંબઈને ખુણે ખુણે ખોલો, તો માતરે એકજ ઊપાએ કરેલો નજર આવશે, જે મુરદાલ થઈ અલાસીઆંની માફક જમીન પર ધીમે રહી અલાંઠીઆં ખાતો હશે. પારસીઓએ સઊમાં પેહેલી એક છોકરીઓની નીશાલો કાહાડીછે, અને તે સીવાએ બીજું જોઈએતો કંઈએ નજર આવતું નથી. અલબતે કેલવણી એ શુધારાનું મુખીઅ મુલ છે, એ હમો કબુલ કરીએ છે, પણ તીઆં છોકરીઓ આગલ ચાલતાં મોટપણે જેવી આપણે ધારીએ છઈએ એવી થાએ, એવી શું કેલવણી લીએ છે, એ પેહેલું વીચારવાનું છે. ખરેખર જોતાંતો આજ કાલ જે છોકરીઓની ઈશકોલો છે, તેમાં છોકરીઓ અગીઆરમે કે ઘણુંતો બારમે વરસે એટલી માહાભારત કેલવણી લઈને ઊઠી જાએ છે કે, તેઓ ગુજરાતી મુલાઅકશરો સઘલા બરોબર કાગલ પર લખતાં, અને લખેલા હોએ તેને ફકત ઊકલાવતાં શીખે છે! એ સીવાએ કોઈબી જાતની કેલવણી તીઆં તેમને મલતી નથી. તીઆરે હવે બીજો કીઓ ઊપાએ પારસીઓએ કરેલો છે, જેની ઊપર આપણે આપણી સ્ત્રીઓને શુધરેલીઓ થવાની આસા બાંધીએ? ખરોખર જોતાં કંઈજ નથી, અને બરોબર બોલતાં પારસીઓએ આજવેર તેવો કંઈજ ઊપાએ કરીઓ નથી. કેલવણી; જે સરવે શુધારાનું મુલ છે, તેને બચગીથી મોટી કરવાની આજે કોઈ કોશેશ કર

વું નથી, અને ઘણાક મા.બાપો પોતાની છોકરીઓને હાલમાં જેટલી કેલવણી, જો તેને કેલવણી કહીએતો, મલી શકેછે તેટલીબી આપી શકતા નથી. છોકરીઓની ઈસકોલો માતરે ઓટાં અને છોકરીઓના પરેવારતા વખતનો ઊપીઓગ કરવાનાં ખાલી ખોખાંછે. અલબતે આજે આપણે છાતી ઠોકીને બોલીએ છઈએ કે, આપણામાં લગભગ બે હજાર છોકરીઓ નીશાલોમાં લખવા વાંચવા શીખેછે, પણ એ લપકો કેટલો પોકલ છે તેનો થોડાજ વીચાર કરે છે. બે હજાર છોકરીઓના સઘલાં મા બાપોમાંથી એવાં કેટલાંને શોધી કાહાડીએ, કે જેઓ ખરેખર કેલવણી આપવાનીજ મતલબથી, સઘલી ઈનતેજારી સાથે પોતાની છોકરીઓને ઈસકોલોમાં મોકલે છે. હમો બીહીતા બીહીતા કહી શકીએ છે કે, તેવા બાએગેજ સો નીકલશે. બાકી બીજા સઘલા, જીઆરે પોતાના ઘરમાં તે છોકરીનો કંઈજ ઊપીઓગ નથી, અને જીઆરે નાહાનામાં નાહાનું કામ પણ પુરું થઈ રેહછે, તીઆરે "બે ઘડી બે બોલ કે બે ટાંકા" શીખવાને મોકલે છે. જીઆરે એવુંજ છે, તીઆરે પારસીઓ તે ઊપરથી પોતાની સ્ત્રીઓને શુધરેલીઓ થએલી જોવાને કેટલી આસા રાખે છે? જેબી તેઓ રાખતા હોએ, તે સઘલી ફોકટ છે.

એ મુકીને આગલ જઈએ, અને એ સીવાએ બીજી બાબદ ઊપર ધેઆન આપીએ. આજે પારસી પુરૂશો શુધારામાં ઘણાજ આગલ પડેલા ગણાએ છે, અને શુધારાની નીશાનો સાથે રસતે રસતે ફરતા સેંકડો નજર આવેછે. તેઓ સદા એવું બતાવેછે કે તેઓ શુધરેલા છે, અને શુધારાને ઘણાજ ચાહનાર છે. એવા સેંકડો જનમાંથી કેટલાઓએ પોતાની સ્ત્રીઓને શુધારી છે, અને શુધારવાની છુટ આપી છે, એ સવાલ ઘણો અગતનો છે. કેટલા પારસીઓએ પોતાની સ્ત્રીઓને ઘટતી કેલવણી અને ઘટતું છુટાપણું આપીશું છે? કેટલા પારસીઓ પોતાની સ્ત્રીઓને જીઆં જાએ તીઆં સાથે લઈ જઈ જગતની રચનાથી અનુભવી કરે છે? કેટલા પારસીઓએ પોતાની સ્ત્રીઓને પીછાન વાલા પુરૂશોને સલામ કે શેકહેનડ કરવાને શીખવીશુંછે, અથવા બેરોબર બોલીએનો તેવું કરવાની છુટ આપી છે? હમોએ ગએઆ આંકમાંજ લખીશું છે કે, આજે કેટલાક પુરૂશો શુધરેલા કેહેવાડવાનો અને શુધારો કરનારાઓનો શકો રાખી પોતાની સ્ત્રીઓને બુટ, સટાકીંગસ અને પોલકાના બદી આંન પેહેરાવી ઊઘાડી ગાડીમાં લઇને ફેરેછે, તેમને ફકત પુતલાંની માફક પોતાની સોડમાં બેસાડી રાખે છે, અને જીઆરે કોઈબી તેમની પીછાનવાલા તેમની પાસે રહીને ચાલી જાએ છે, અથવા તેમની સોડમાં બેઠેલા તેમના ભરથારનો કે વખતે બનેનો પીછાનવાલો કોઈ પુરૂશ આંવી તેના (ભરથારની) સાથે વાત કરવા ઊભો રેહે છે, તીઆરે પેલી શુધરેલી 'સ્ત્રી જંગલી રેજની' માફક મુંગે મોડે, વખતે આગલ વેર સોડ તાણી બેઠી રેહેછે, અંને બંને જન મનમાં ઈછે છે કે એ પીડા કીઆરે અહીંથી જાએ! જીઆરે પારસીઓ એટલુંબી આજવેર કરી શકીઆ નથી, તીઆરે તેઓ સ્ત્રીઓમાં શુધારો પએસે જોવાને કીઆ આધાર ઊપરથી આસા રાખે છે તે સમજ પડતી નથી. એવી જાતના બીકણ પુરૂશો કરતાં ઘણીક સ્ત્રીઓની હમો વખાણ કરીએ છઈએ, કે જેમને જો તેમના ભરથારો, બાપ, કે ભાઈઓ તરફથી ઘટતી છુટ અને ઊતેજન મલેતો, તેઓ શુધરેલીઓ થવાને જરાએ વીલમ લગાડે નહી. આજે એવી ઘણી સ્ત્રીઓ મલી આવશે, જેઓ સઘલી પરકારનું ઘટતું છુટાપણું લેવાને અને તે પરમાણે દાહાપણથી ચાલવાને ઈનતેજારી રાખેછે, પણ તેમાં કોઈના ભરથાર, કોઈના બાપ અને કોઈના ભાઈ એવા ડોલ-ઘાલુ અશુધરેલ નીકલી આવે છે, કે જેઓ માતરે મોહોડેથીજ શુધારાની વાતો બોલી તેમને તેવી બાબદમાં દર ડગલે જબરો અટકાવ કરે છે. તેનો સબબ એટલોજ છે કે, તેઓ જાતે શુધરેલા નથી, અને શુધારાની ખુબીને તેઓ મુદલ પીછાનતા નથી, માટે જીઆંવેર પરથમમાં તેઓ પુરા શુધરે નહી તીઆંવેર સ્ત્રીઓ કદી શુધરી શકવાની નથી. માટે જેઓ સ્ત્રી શુધારાના ખરા સાથીઓ છે, અને જેઓ તેને માટે પોતાનું તન, મન અને ધન અરપણ કરવાને તઈઆર છે, તેમને હમો એટલીજ ભલામણ કરીએ છે કે, પરથમમાં પુરૂશો શુધરે, અને શુધારાની ખુબી પીછાનવા શીખે એવા તેઓએ ઊપાએઓ લેવા. આજ કાલ આપણી સ્ત્રીઓ જેવી પુરૂશને તાબે પડેલીઓ છે, તેવી રીતે જોતાં જીઆરે તેઓ (પુરૂશો) શુધરશે તીઆરે તેઓ સ્ત્રીઓને શુધારશે, અને સ્ત્રીઓ શુધરી પોતાના બચાંઓને શુધારશે, એટલે પારસીનો આખો ટોલો શુધરેલો થઈ જશે.

# ગરમીથી ઉતપન થતો બાફ.

## વાદલાં.

પાંણીને જીઆરે પુરતી ગરમી લાગે છે, તીઆરે તેનો બાફ થઇ જાએ છે. એ બાફ હવા કરતાંને હલકો હોવાથી, ઈઆને એનાં રજકણો ગોલ પરપોટા સરખાં (Vesicles) હવા કરતાંને હલકાં હોવાથી, તે ઊપર ઊડી જાએ છે, અને પછે તેનો એકઠો જમાવ થઈ, હવામાં પવનના આંચકાથી તરતો ફરે છે તેને વાદલ કરી કહેછે. મહાશાગર, દરીઆ, તલાવ, કુવા, ઈતીઆદી વગેરેનાં પાંણીને સુરજની ગરમી લાગાથી તેનો બાફ થઈ ઊપર જાએ છે, અને તે વાદલાંનો આકાર પકડે છે. જમીનપર ઢોલાએલું પાંણી તથા લીનાં કપડાં સુકાઈ જાએ છે, એટલે તેમાનાં પાણીનો બાફ થઈ ઊપર જતો રહેછે. એ પરમાંણે દરેક જગાએથી પરવાહી વસતુ સુકાઈ જાએ છે, એટલે સુરજની ગરમીથી તેનો બાફ થઈ ઊપર જતો રહે છે.

એ વાદલાંની માહે પુશકલ ગરમી, છુપા આકારમાં સમાએલી હોએ છે, જેથી તે ઘણાક દાહાડાવેર પોતાનો તેવો આકાર જાલવી રાખે છે, પણ જીઆરે તેને ઠંડો પવન લાગે છે, તીઆરે તેમાંની છુપી ગરમી તેમાં સોસાઇ જાએ છે, તીઆરે તરત તેનું પાછું પાણી થઈ જાએ છે, અને તે પાણી હવા કરતાં ભારી હોવાથી જમીન ઊપર ટુટી પડે છે; તેને આપણે વરસાદ કહીએ છઈએ. અહીં વાંચનારનાં મનમાં, તે જગત કરતાંનાં અદભુત ડાહાપણનાં એક નવાઈ જેવા નમુનાનો વીચાર ઊતપન થશે. તે એક, જે પાણી એક વરસે જમીનપર વરસે છે, તથા જે પાણી આપણે એક વરસમાં તરેહવાર રીતે વાપરીને, સારી ઈઆ નરસી હાલતમાં, આખેરે જમીનપર ઢોલીએ છઈએ, તે સઘલું આકાશમાં જઈ, પોતાની સઘલી ગલીચીથી સાફ થઈ પાછું બીજે વરસે નવાં રૂપમાં આપણને મલે છે. એ પરમાંણે જીઆરથી આ જગતની ઊતપંતી થઈ છે, તીઆરથી તે આજ શુધી આપણે એકનું એકજ પાણી વાપરીએ છઈએ, અને અનંત વખત શુધી તેનું તેજ વાપરવામાં આવવાંનું; એ વીચાર કાંઈ માણશ જાતને ઓછી અચરતીમાં નાખનાર નથી, અને તેથી તેની પાપી જબાન ઊપર તે અચલ શકતીના સાહેબની વખાણના ઓછા શબદ આવનાર, નથી.

કેટલીકવાર જમીનપર ધુમસ વરસે છે, તે અને વાદલાં એ એકજ વસતુ છે. તે બંને પાણીના બાફથી જ બનેલાં છે. જીઆરે કોઈવાર એવું બને છે કે, છેક સાંજ પડતાં અથવા સહવાર પડતાં જમીનની સપાટી નીચલી હવા કરતાં ગરમ હોએ છે, તીઆરે જમીનપરથી નીકલતો બાફ ઊપર જઈ શકતો નથી, તેથી તે પાછો જમીનપરજ પડે છે, તેને આપણ ધુમસ કહીએ છઇએ. જીઆરે જમીનની સુપાટીનાં કરતાં નીચલી હવા ગરમ હોએ છે, તીઆરે જમીનપરનો બાફ ઊપર ઊડી જાએ છે, અને તેનાં વાદલાં બને છે.

સઘલાં વાદલાંઓ એક સરખાં હોતાં નથી. કેટલાંક ઘણાં જાડાં હોએ છે, કેટલાંક ઘણાં ઊંચાં હોએ છે, અને તેમનાં રંગમાં ફેરફાર હોએ છે. વાદલાંનાં બંધારણનો આધાર પવનપર રેહે છે. જમીનપરથી પાણીનો બાફ થઇને ઊપર જાએ છે, પણ તે પોતાની મેલે વાદલના આકારમાં આવતો નથી. તે હવામાં અનદીઠ રૂપે ભેલાઈ રેહે છે, પણ જીઆરે તેને જરાક ઠંડો પવન લાગે છે, તીઆરે તે તેના આંચકાથી એકઠો થઇ જાએ છે, તીઆરે વાદલ બને છે. પણ જો એ વાદલાંને પાછો ગરમ પવન લાગેછે તો, તે પાછાં છુટાં થઇ જાએ છે, ઈઆને બાફ છુટો પડી પાછો હવામાં ભેલાઇ જાએ છે, અને વાદલનો આકાર જતો રેહે છે. તેટલા માટે જે દેશમાં પવન વારેવાર બદલાતો રેહે છે, (જેમકે ગરેટ બરીટનમાં) તોઆં વારેવાર આકાશમાં વાદલાં થએલાં નજર આવે છે, અને જે દેશમાં તેમ થતું નથી, (જેવોકે મીસર દેશ) તીઆં આકાશ ઘણુ કરીને ખોલુંજ દેખાતું રહે છે. એક જગાએ બંધાએલાં વાદલ પવનના જોરથી પણ બીજી જગાએ ખેંચાઇ આવે છે. વાદલાં, જમીનથી ઘણુ કરીને એકથી બે માઈલ ઊંચાં હોએ છે; પણ તેમાં જે ભારી હોએ છે તે તે કરતાં નીચાં હોએ છે. જે વાદલાં ઘણાંજ વીજલીથી ભરેલાં હોએ છે, તેતો જમીનથી માતરે છશો કે શાતશો વારને અંતરે ઊંચાં રેહે છે, અને તેઓ કેટલીકવારતો એટલાં નીચે આવે છે કે, તેની એક કોર જમીનને વડીક લાગે છે. જીઆરે આપણે કોઈ ઊંચાં પાહાડ ઊપર હોઇએ છઈએ, તીઆરે ઘણીવાર વાદલાં આપણા દીલશે અથડીને જાએ છે, અથવા આપણી

નીચે નજર આવે છે. જેમ એ વાદલાંઓની ઊંચાઈમાં ફેર છે, તેમ કદમાં પણ છે. કેટલાક વીસ ને પચીશ માઇલ ચોરસ અને એક કે બે માઈલ જાડાં હોએ છે, અને કેટલાંક ઊતરતાં ઊતરતાં છેક કેટલાક વારનાં લાંબાં, પોહોળાં તથા જાડાં હોએ છે. તેમજ તેના આકાર પણ તરેહવાર હોએ છે, જે તરણ કારણથી બને છે—એકતો તેનો પોતાની મેલે એક ચોકસ જાતનો આકાર થાએ છે; બીજું જીઆરે તેને ગરમ પવન લાગે છે તીઆરે તેનાં કદમાં વધારો થઇ જઇ, તથાં જીઆરે ઠંડો પવન લાગે છે, તીઆરે તેનાં કદમાં ઘટાડો થઈ જઈ તેનો આકાર બદલાઈ જાએ છે; અને તરીજું જીઆરે એક વીજલીથી ભરેલું અને બીજું તે વગરનું એવાં બે વાદલો એક બીજાની સામાં આવે છે, તીઆરે તેઓ એક બીજાની તરફ જોરથી ખેંચાઈને અથડાએ છે, જેથી તેમના આકારમાં ફેર પડી જાએ છે. જે વાદલાંઓમાં વીજલી ઘણી હોએ છે, તે વાદલાંનો આકાર ઘણો વીચીતર દેખાએ છે. વાદલાંનો રંગ, જીઆરે સુરજ દીગંત લીટીની ઊપર હોએ છે તીઆરે, સફેદ તથા ભુરો હોએ છે; પણ સુરજની ઊગતી તથા આથમતી વખતે તેનો રંગ લાલ, નારંગીઓ, પીલો વગેરે દેખાએછે. એ રંગનો ફેરફાર સુરજનાં કીરણથી થાએ છે. સુરજનાં કીરણમાં લાલ, બલુ અને પીલો એવા તરણ મુલ રંગો હોએ છે, અને તે તરણે રંગનાં કીરણો વાટાવરણમાંથી પસાર થતાં જુદા પડે છે. જેમાંથી બલુ સઊથી પેહેલો નીચે આવે છે, પછે પીલો આવે છે, અને સઊથી છેલે લાલ આવે છે, જેથી તે વાદલાં એવા રંગોનાં દેખાએ છે. પણ તેમાં જેમ સાંજે તેમજ સહવારે લાલ રંગ વધારે ટકી રહે છે, તથા દેખાએ છે, તેનો સબબ એ કે એ રંગ બીજા બે કરતાં થોડોજ પરાવતન (Refrangible) પામનારો હોવાથી તે નજરમાં જલદી આવે છે, અને વધારેવાર રહે છે. જો કે પવન હોએ છે તીઆરે વાદલાં આપણને ચાલી જતાં નજર આવે છે, પણ વખતે તેમ ન હોવા છતાં પણ તે કોઈવાર આપણને ઝડપથી ચાલી જતાં નજર પડે છે, તે વીજલીથી બને છે. પણ એથી કરીને ગતીમાં આવેલાં વાદલાં આમણ સામણ ઘસે છે, અને એક બીજામાં પોતાની વીજલી ફેંકે છે. કેટલાંક વાદલાં સાકાદાર અથવા બાલનાં ગુંછલાં સરખાં દેખાએ છે. તેને અંગરેજીમાં અથવા લેટીનમાં "સરસ" ઇઆને બાલનુ ગુછલું કરી કહે છે. એ વાદલાં, જમીનપરનો બીનાસ, ગરમ હવાની સાથે ઊપર જઇ ચોકસ જગાએ ઠરી રેહેવાથી બને છે. એ વાદલાં સવચછ અને ખોલી હવાની નીશાણી બતાવે છે. કેટલાંક વાદલાં ઢગલાના, અથવા ઊપર ચંહડતા ધુમાડાના આકારમાં, અથવા જાણે પાહાડની ઊપર પાહાડ ઊગેલા હોએ તેવા આકારમાં દેખાએ છે, જેને અંગરેજીમાં અથવા લેટીનમાં "કમીઊલસ" ઇઆને ઢગલો, કેહે છે. એ વાદલાં જીઆરે ઊનના સરીખા આકારના, અને પવનની શામે દોડતાં દેખાએ છે, તીઆરે એમ જણાએ છે કે થોડો વરસાદ વરસશે; પણ જીઆરે તેઓ પવનની સાથે ચાલતાં દેખાએ છે, તીઆરે હવા ખોલી છે, એવું સમજાએ છે. કેટલાંક વાદલાં ધુમસના ઢગલા સરખાં હોએ છે, અને તે ઊનાલામાં સાંજની વખતે, ભીની જમીનની છેક નજદીકમાં માલમ પડે છે, તેમને "સટરેટસ," ઈઆને નીચે પડેલાં, કહે છે. એ વાદલાં બધાં કરતાં ઘણાં [illegible]ચે હોએ છે. કેટલાંક વાદલાં આકાશમાં ઘણાજ [illegible] અને મોટા કીલા, પાહાડ, ઊઠ, હાથી વગેરે, [illegible] વીચીતર આકારનાં દેખાએ છે, તેમને "[illegible] રેટસ" કરી કહે છે. એ વાદલાં ઘણાં [illegible] અ[illegible] ને ભએ ભરેલાં હોએ છે. જીઆરે મોહોટાં [illegible] વાદલાં દેખાએ છે, તીઆરે જો ખોલું [illegible]દમાં દર [illegible] આવશે, અથવા વરસાદ હોએ તો હ[illegible] એટલોજ [illegible] એવું સમજાએ છે. જે વાદલાં વરસ[illegible]ની [illegible] મને "નીમબસ" કરી કહે છે. એ વાદ[illegible]ર પરથ[illegible] રથમ ભુરા રંગથી ઊતરતી ઊતરતી છે[illegible] શુધરી [illegible] હોએ છે. વાદલાંમાંથી જેમ વરસાદ વરસે[illegible] સા[illegible] લી તે બીજુ કામ એ કરે છે કે, જમીનપરન[illegible] ને ઊપર નીકલી જતાં અટકાવે છે. તેટલાજ મોટ[illegible] ણીકવાર આકાશમાં વાદલનો ઘેરો હોવાથી આપણે ને ઘણી ગરમી પડે છે. જેમ એ નીચેની ગરમીને ઊપર જતાં અટકાવે છે, તેમજ તે ઊપરથી આવતી સુરજની ગરમીને પણ અટકાવે છે.

## દુનીઆમાં સુખી બઈરી કોણ કેહવાએ?

એ શવાલનો જવાબ આપનારી બાંનુઓને નીચે વ એલી બીનાં ખુબ ધેઆંન દઇને વાંચવાની ભલાંમણ કરી

એ છઇએ. આએ દુનીઆમાં હરેક જાતની બઈરીઓ છે, કેટલીએક શારી છે, કેટલીએક માઠી છે, કેટલીએક મેહેનતુ છે, કેટલીએક આલશુ છે, કેટલીએક શારા શવભાવની છે, કેટલીએક ખીજાળ છે, કેટલીએક સુખી છે, કેટલીએક દુખી છે, દુનીઆમાં ઓરત જાતને શુખી થવાને માટે દોલતનીજ કંઇ જરૂર નથી, સુખ કંઇ કોઇથી દુર નથી, રોશની અને હવાની મીશાલે શુખ શશતું, મફત, અને સેહેલથી મલી શકેછે. જે બાંનુંઓ પોત પોતાને શારૂં શદાનું સુખ ઇછતીઓ હોએતો તેઓએ આએ કેટલીએક નીચે લખેલી વાતોને શારીપઠે વાંચીને મજબુત રીતે પોતાનાં મનમાં વશાવી તે ઉપર અમલ કરવો જોઇએ, તે શીવાએ બીજી વાતોમાં ગમે એટલો પઇશો હશે અથવા ભીલકતો હશે અથવા પોતાનાં ધણીનો પેઆર હશે તોએપણ તેઓ આએ દુનીઆમાં ખરી શુખ ભોગવનાર કદી પણ કેહવાશે નહી.

આએ દુનીઆમાં માંણશજાતની જીંદગીને હરેક હાલતમાં શુખ અથવા દુખ વધારવાનાં જરૂરીઆત શાધનો રહેલાંછે, કોઇ પણ ઓરત જાતને સુખી થવામાં ઘણીએક વાતની જરૂર છે, તેહેમાં શઉથી પેહેલો દરજો ધીરા અને ખુશ મીજાજનોછે; બીજો પોતાનાં ભરથારની મરજી મુજબની તાબેદારી અને તેહેનાં ઉપર તથા બીજાં કુટંબનાં લોકો ઉપર પેઆર અથવા મમતાનો છે; અને તરીજો હરેક વાતમાં શોકર તથા શબુરીનો, અને દવેશ તથા અદેખાઇ નહી કરવાનો છે, એટલી ચીજો શીવાએ બીજું ગમે તે રીતનું તે શુખ ભોગવશે પણ દુનીઆમાં લોકો તેને ખરૂં શુખ કહી કંઇ તેની વખાંણ કરવાનાં નથી, તેમજ ઉપર કહેલા શદગુણો શીવાએ બીજાં સુખમાંથી જીંદગી શુધીનો લાભ તેને મલવાનો નથી તથા તે શુખ ઘણા દીવશ શુધી તેની પાશે ટકી શકવાનું નથી પણ તેથી ઉલટું પેલા શદગુણોનું શુખ હમેશાં તેની જીંદગી સુધી નીભશે અને કોઇવાર પણ તેને પડતી હાલતમાં આડે આવશે.

મીજાજને પોતાની લગાંમમાં કેમ રાખવો તથા તેમાં રાખવાથી કેહેવા ફાએદા નીપજેછે એ વાત જે બાંનુંઓ ખરી શુખીછે તેઓજ શારીપઠે જાંણી શકે છે. શવભાવ શારો નહી હોએતો ઘરમાં શલાહ અને શુખ વશી શકેજ નહી, શારા, અને ઠંડા મીજાજનો, ફીરશતો જે બઈરીનાં દીલમાં હમેશાં રેહે છે તે બઈરી દુનીઆમા શદા શુખી રેહે છે અને ગરંમ તથા જાહેલ મીજાજનો હેરેમન જેહેનાં દીલમાં રેહે છે તે બઈરી દુનીઆમાં શદાની શુખ ભોગવનાર કેહેવાશેજ નહી. ગરંમ અને આકલા શવભાવવાલાં માંણશનાં દીલમાં ચીનતા હમેશાં રેહેછે જેથી તેની ચતુરાઇ તથા શરીરમાં નાતવાંની થતી જાએછે અને હર કોઇ જાતના દુખો તેહેને ભીતરથી લાગુ રેહે છે. બઈરીને શારૂં શારાંમો શારૂં જરીઆંન, હીરા, માંણેક, અને મોતી કરતાં પણ વધારે મુલદાર, શોભા આપનાર અને શઉથી શરશ પુંજી નરંમ અને ખુશ મીજાજ છે.

દુનીઆમાં શારા શવભાવથી લોકો શુખી થાએછે તથા શનતોશી મન શદા પેહોંચે હેવું ધન છે, અને એ ધંન ઇશવરે જે બઈરીને બખશેલું છે તે બઈરી ખરેખરી શુખી છે. એ ઉપરથી કેહેવત કહીછે, કે "શનતોશી જીવડો શદા સુખી." જે સુખી બઈરી છે તે જેજ ખુશ મીજાજી હોએ છે તેમજ તે પોતાનો શવભાવ ઠેકાંણે રાખવાને હમેશાં કોશેશો કરે છે અને કંઇ પણ તેહેવી હલકી અથવા નજીવી વાતોથી તેના દીલ ઉપર કંઇ માઠી અશર થઈ શકતી નથી. અને કંઇ પણ ગુશશા ભરેલી વાત તેનાં અગાડી કોઇ ઢપટ અથવા કીમાથી બોલે છે તો તેનાં ઉપર પોતાનો મીજાજ ગરમ કરી નાખવાને બદલે તે વાતને હશી કાઢે છે અને પાછલથી શાંભાં માણશને પોતાનાં અમીરી શવભાવથી શીખામણું આપે છે જેથી કરી તે પોતાનાં માનમાં વધારો કરી શકે છે. જે બઈરી પોતાના શારા શવભાવથી પોતાના શગાં વાહાલાઓનો પેઆર મેલવી લીએ છે અને તેઓથી બહુ મલીને ચાલે છે તેહેનાં જેવી પણ બીજી શુખી બઈરી કોઇ કેહેવાતી નથી, કોઇ પણ વાતમાં ખુબી મેલવવી હોએતો તેને શારૂં કોશીશ કરવી પડે છે. કોશીશ વીનાં કંઇ પણ કાંમની વશતુ બની આવતી નથી. માણશને ઇશવરે તરેહ તરેહની શકતી આપેલી છે, પણ જાંહાંશુધી કોશીશ કરીને તે શકતીને માંણશ શુધારીને બરાબર ખપમા લાવે નહી તાંહાંશુધી તે શખતી પોતાનું કાંમ બરાબર બજાવી શકે નહી. જેમકે માંણશને ખુદરતે ગાએણ શખતી આપેલી છે પણ તેને જાંહાંશુધી તે કોઇ શારા ઉશતાદથી તાલીમ લઇને સુધારે નહી તાંહાંશુધી તે શારૂં ગાઇ શકે નહી. તેજ મીશાલે શવભાવની પણ વાત છે કે જે માંણશ અશલથી અથવા પાછલથી પોતાનો શવભાવ શારો રાખવાને જો દીલ ઉપર લઇ કોશેશ કરશેતો તે મુજબ કરવાને તેની શકતીથી કંઇ દુર નથી. જાંહાંશુધી મીજાજને પોતાના અખતેઆરમાં રાખવાની મેહેનત કરે નહી તાંહાંશુધી મીજાજ અખતેઆરમાં રહી શકે નહી. કેટલાંએકોનો હેવો વીચાર હોએ છે કે માણશ જાતની શઘલી આદતો કદાચ શુધરી શકે છે પણ તેનો ખુદરતી શવભાવ ફેરવાઇ શકતો નથી. એ કેહેવું આપણે જો બરોબર વીચારીએતો જરા ભુલ ભરેલું લાગશે. માંણશ પોતાની મતલબની વાતમાં ચાહે છે તો હર કંઇ ચીજ ગમે તેવી મુશકેલ હોએ તેહને પોતાની બનતી કોશેશથી શેહેલી કરી શકે છે, તેમજ જોએપણુ એક પોતાની તેવીજ રીતની મતલબ શમજીને તેહેને સુધારવાની વારેઘડીએ કોશેશ કરેતો શેહેજ દીવશમાં તેનો લાભ લઈ શકે. કોઇબી વખતે કંઇ તેહેવી, નજીવી અથવા ભારે ગુશશા ભરેલી વાતોમાં તમારૂં માથું તપી જાએ તેવારે ગુશશો કરી ઉઠવાનાં કરતાંને ઘણી બેહેતર રીત એછેકે તુરત ખાંમોશી પકડીને, ઉપલી વાતોનો વીચાર કરવો અને તમારા તપેલા મીજાજને દબાવી દેવો. અને તે મુજબ આદત પાડવાને આએ એક શીખાંમણ હમેશાં તમારા ધેઆન ઉપર રાખવી: તે એકે, "જેવારે તમારા દીલમાં, કંઇ વાતથી ગુશશો ઉતપંત થાએ તેવારે તમે કંઇ પણ બોલવાની આગમજ તમારા મનમાં ૧૦ આંક શુધી ગણજો, અને જો ઘણોજ ગુશશો ઉતપંત થાએતો બોલવાની આગમજ ૧૦૦ શુધી ગણજો." એ પરમાંણે હવે વીચારો કે તમારા મનમાં ગુશશો આવેઆ પછી તે જણાવવા અથવા તે વખતે કંઇ પણ બોલવાની આગમજ આટલો વખત મુપકીદાં રેહેશોતો તેટલામાં તમારા દીલ ઉપરનો જુશશો કેટલો નરંમ પડી જશે ? અને ઓર પશતાવાને ઠેકાંણે તમારા દીલમાં કંઇ શારા વીચારો આવશે, જેથી તે વખતે હવે


બીલકુલ નરંમ મીજાજ કરી દેવાનું તમુને સુજશે. એ મુજબ વારેઘડીએ કરતાં તમુને ટેવ પડી જશે અને પાછલથી તમારા શવભાવમાં રફતે રફતે શુધારો થશે. પછી કોઈની પણ શાથે મીજાજ કરી બીગાડ કરવાની તમારી મરજી થશે નહી તેમજ કોઈબી વખતે તમારા મીજાજને બદનાંમી પણ મલશે નહી. એ વાતનો દાખલો આએ નીચલી એક વારતા ઉપરથી મલશે.

"એક મરદ તથા તેની બઈરી બંધે ઘણાં ગરંમ મીજાજનાં હતાં અને તેથી તેઓમાં દર રોજ કંકાશ થતો જેથી એક બીજાંને ઘણું દુખ વેઠવું પડતું અને ઘણું કરીને એક દાહાડો પણ તેઓમાં કજીઆ વગર નહી જતો હતો, એક દાહાડે હેંવો ટંનટો થએઓ કે પેલી બઈરીએ પોતાના ધણીના હાથનો ઘણો માર ખાધો, તેવારે ધણી નાચાર થઈને તે બઈરી પોતાની પડોગમાંની એક અકલમંદ ડોશીની શલાહ લેવાને ગઈ અને તેહેને પોતાનાં શઘલાં દુખની વાત જણાવી અને શેવટે બોલી કે "માગેથી હવે એ દુખ ખમાતું નથી વાશતે જો મારા ઘરમાથી એ દર રોજની લડાઈ દુર થાએ હેવો ઉપાએ તમો મને નહી બતાવશોતો મારે હવે પીઅરમાં રહીને એ ધણીને શદાકાલ તજી દેવાની જરૂર પડશે" ડોશી ઘણી બુધીવાન હતી અને તે બંધે માટી બઈએરની બોહને તથા તેઓના કજીઆના મુલ કારણોને શારીપઠે જાંણતી હતી, તેણે પેલી બઈરીને દીલાશો આપીને કહેઉં કે "હેનો ઉપાએ મને શારીપઠે આવડે છે. હું તમુને કેહું તે મુજબ કરો, આએ પાંણીનો કુંજો છે તે લેઈને પેલા કુવા ઉપર જાઓ અને તેમાંથી એ કુજામાં બે વારનું પાણી ભરીને ટોલી નાખો અને તીજીવારે ભરીને મારી પાશે લાવો." પેલી બઈરી તે મુજબ પાંણી ભરીને લાવી તેવારે પેલી ડોશીએ તે પાંણીમા કંઈ ભુકી નાંખીને મનતર જેવું બબડી પછી પેલી બઈરીને તે કુંજો આપીને કહેઉં કે "જારે તમારો ધણી તમારા ઉપર કંઈ ગુશશામા આવે તેવારે તુરત કંઈ પણ બોલેઆ શીવાએ આએ કુજામાંથી થોડું પાણી તમારા મોહોડામાં લઈ તરણ મીનીટ શુધી રેહેવા દેજો, તેવારપછી કંઈ મીઠી વાતો બોલજો જેથી તમુને તમારો ધણી છેડશે અથવા કંઈ ગુશશો કરશે નહી અને તે તમુને વશ થશે."

એ મુજબ પેલી બઈરીએ થોડા દીવશ શુધી કરેઉં અને તેથી પેલા ધણીનો ગુશશો પણ દીનપર દીન નરમ પડતો ગએઓ, પછી તે બઈરી ઘણે દીવશે પાછી પેલી ડોશીની પાશે ગેઈ અને તેહેનો ઘણોએક ઉપકાર માંનીને કહેઉં કે, "માંજી તમારા મંતરેલાં પાંણીથી મારા ધણીમાં કંઈ અચરત શરખો ગુણ નજર આવે છે, તે ઘણો સુધરી ગએઓ છે અને હજુર કોઈ કોઈવાર ચેહેજ ચીડકણો થાએ છે ખરો પણ પેહેલાંનાં જેટલું નહી, વાશતે મારી ઉપર મેરબાંની કરીને બીજીવાર આએ કુજામાં પેલાં વશીકરણ શાને પાંણી મેલી આપો." તેવારે ડોશી બોલી કે "માહરે કુજામાં પાણું વશીકરણ કરવાની કશી જરૂર નથી હું તમુને શું કહુંછું તે તમે શારીપઠે ધ્યાંનમાં રાખીને તે મુજબ કરજો કેમ કે તે કંઈ ઘણું મુશકેલ નથી. તે એજે કે જાહારે તમારો ધણી તમારા ઉપર કરોધ ચડાવે તેઆરે તુરત તમો, જાંણે મોડામાં પાંણી લીધું હોએ તેમ મુગાંજ રેહેજો અને તેનાં દીલમાંનો કોપ મીટેઆ પછી ધીમે રહીને મીઠી વાત કરજો જેથી તમારા ઉપર તે ઘણો કરોધ ચડાવશે નહી અને તમુને વશ થશે. પેલા પાંણીનો એટલોજ ગુણ હતો કે તે થોડોવાર તમારા મોડામાં રાખેઆથી તમારે ચુપ રેહેવું પડેઉં અને તેથી કરી ધણીને વધારે ગુશશો આવે તેવું કંઈ તમારેથી બોલાએઉં નહી, એજ મીશાલે શરવે જણાએ હરેક વાતમાં ગુશશાની વખતે ચુપકીદી પકડવાથી અથવા ઠંડે મીજાજે મોઠા શુખનો બોલવાથી ટંટો કદીબી થતો નથી અને એટલીજ મારી તદબીર શીવાએ તે પાંણીમાં મેં કશું જાદુ કે મંતર કરેઉજ નથી." તેવાર પછી હમેશાં તે બઈરી પેલી ડોશીની શલાહા મુજબ ચાલી અને આગલા દીવશો કરતાને તેનાં ધણીનો પેઆર તેનાં ઉપર વધતો ગએઓ અને પાછલથી તે બંધે જણાએ ઘણાં સુખમાં દીવશ કાડેઆ."

એજ વાતનો એક દાખલો લઈ તે મુજમ આપણે ટેવ પાડશુંતો તે કંઈ મુશકેલ પડશે નહી. જો તમારી શાંબેવાલાં માંણુગનો મીજાજ કંઈ તમારી શાથે વાત કરતાંમાં ગરંમ થઈ જાએતો તેને પણ તમારેથી જેમ બને તેમ તદબીર કરી તુરત પેહેલાં નરંમ પાડવો જોઈએ કે જેથી કંઈ પણ તેનું શેવટ સારૂં નીપજશે, અને તેમાં તમારી વધારે ખુમી જણાશે પણ જો તેથી ઉલટાં ચાલી શાંબેવાલાના ગરંમ અને જાહેલ મીજાજની બરોબરી કરશોનો તેહેમાં ખશુશ બીગાડો થઈ પડશે અને આખરે તેનું ફલ ખરાબ નીપજશે અને તેવા માણુસોને દુનીઆમાં કોઈ સુખી કેહેશે નહી. ઘણીવાર આપણા જોવામાં તથા શાંભલવામાં આવેલુંછે કે સારા અને ઠનડા મીજાજથી માણુસોના કાંમ ઘણા શેહેલથી અને ખુશી ભરેલી રીતે પાર પડેલાંછે, અને તેથી ઉલટું ગરંમ અને જાહેલ મીજાજ રાખવાથી માણુસોના કાંમ શદા અથડતાં રહેલાંછે.

તમોએ ડાપણ અને શુખને ખાતર તમારા મીજાજને ખરા કાએદાશર રાખવો જોઈએ એટલુંજ નહી પણ કોઈ કોઈ વાર કંઈ બોલવામાં તથા વાતો કરવામાં પણ ઘણો શંભાલ રાખવો જોઈએ. તમારે કોઈબી માણુસોમાં કંઈ પણ બોલવાની આગમજ સારીપઠે મનમાં વીચાર કરવા જોઈએ. પેહેલું, એમ વીચારવું કે તમો પોતે શાંને વીશે વાત બોલવા ધારોછે; બીજું, તે કેહેવા માણુસો અગાડી બોલશો, તરીજું, તે કેહેવી રીતથી બોલશો; ચોથું, તે કેહેવે વખતે બોલશો; પાંચમું, તે જે કંઈ બોલવાના છેઓ તે ખરૂંછે કે ખોટુંનું છડું, તે ડાહાપણ ભરેલુંછે કે મુરખાઈ ભરેલું અને શાતમું, તેથી શરવેને ગમતું થશે કે અનગમતું એ વીગરે બીજા શરવે વીચારો તમારા બોલો બાહેર પાડે આની આગમજથી કરવા જોઈએ કેમકે કેહેવત છે કે, "મુરખ માણુસનું અંતકરણ તે તેની જીભને ઠેકાંણે હોએ છે પણ ડાહેઆ માણુમની જીભ તેના અંતકરણની સાથે રેહે છે" એટવે જે ડાહેઆં માણુસો જે કંઈ બોલેછે તેને અગાડીથી સારીપઠે અંતકરણ સાથે વીચારીને બોલેછે અને મુરખ માણુમો વગર વીચારે એકદંમ ગમે તે બોલી દીએ છે જેથી કરી તે નાધવી જેવી લુવોની લપકે કોઈવાર મોટી મુશીબતમાં ફશી પડેછે. એજ મીશાલે શેઆંણી વાંચનારીઓએ બીજું પણ ઈઆદ રાખવું કે કોઈવાર મુરખાઈ તથા



વાહાણમાથી હાથીને ઊતારવાની રીત.

ગુસશા ભરેલા બોલનુંતો થોડી મુશ્કેલીથીબી નીવારણ થઈ શકેછે પણ મુરખાઈ તથા ગુશા ભરેલાં લખાંણનું નીવારણ કોઈવાર ઘણી મુશકેલીએ પણ થઈ શકતું નથી માટે તે મુજમ કરવામાં ઘણીજ શાહુચેતીની જરૂરછે, અને તેને સારૂં આએ એક,બીજી શીખાંમણ તમારે અખતેઆર કરવી જોઈએ કે જેવારે તમો કોઈના ઉપર કંઈ ગરંમ મીજાજની વખતે ચીઠી અથવા કાગલ કંઈ પણ લખો અને તેહેમાં ઘણા કડવા બોલો વાપરો તેવારે તે લખવાની આગમજ ઘણોવાર શુધી વીચાર કરતા જઓ. બીજું તેને લખી રેહેવા બાદ અથવા તે શખસના ઉપર મોકલવાની આગમજ ૨૪ કલાક શુધી તમારા પાસે રેહેવા દેઓ અને પછી તેના ઉપર પાછો વીચાર કરીને તે શખસ ઉપર મોકલજો કેમકે તેટલોવાર થોબવાથી તે લખાણ તમારી પાસે રેહેશે તેટલામાંજ તમારા ખરાબ વીચારનો તમુને પસતાવો આવશે અને પછી કંઈ સારી વાત શુજ પડશે.

શેઆણી બાનુંઓને ઈઆદ છે કે તેઓએ કહેઆ શવાલનો જવાબ આપવાનો છે અને તેનો જવાબ એજછે કે જે બઈરો દુનીઆંમાં સઘલી મુરખાઈ અને વેહેમ ભરેલી બાબતોને મેલી દેઈ આંગલ જણાવેઆ મુજબની સઘલી ડાપણ ભરેલી વાતોને અખતેઆર કરેછે તેજ બઈરી દુનીઆંમાં હમેશાં શુખી કેહેવાએછે.

(લખાઈ આવેલું.)

## વાહાણમાંથી હાથીને ઉતારવાની રીત.

હાથી સરખું મહા કદાવરં પરાણી પણ માણસનાં બુધીબલની આગલ એક મગતરાં શરેખુ અશકત થઈ પડે છે. જેમ હાથીને જંગલમાંથી પકડવો મુસકેલ છે, તેમજ તેને પકડીને વાહાણ વગેરેમાં ચહડાવી એક જગાએથી લાવી બીજી જગાએ ઊતારવો પણ મહા કઠણ છે. પાસેનાં પાંનાંપર જે ચીતર આપેલું છે, તે ૧૮૫૮ નાં વરસમાં, કલકતાની ગોદીમાં, વાહાણ બાલગરેવીઆ અને ટ્રુબલકેન ઊપરથી હાથીઓ ઊતારતી વેલાનું છે. એ વાંહાંણોમાં હાથીઓને બરહમ દેશ તરફ આવેલાં મોલમેન નાંમનાં શેહેર તરફથી લાવવામાં આવીઆ હતા. પેહેલાં વાંહાંણમાં વીશ ભરવામાં આવીઆ હતા, અને બીજાંની અદર પચાસ હતા. અલબતે એવાં જબરાં પરાણીઓની પચાસવેરની સંખીઆ રાખવાને તે વાંહાંણનું કદ ઘણું મોટું જોઈએ, અને બાલગરેવીઆ વાંહાંણ તેવુંજ હતું. જેમ તબેલામાં ઘોડાના થાનો કરીને ઘોડાઓને બાંધે છે, તેમજ એમાં પણ થાનો કરી, આસપાસ મજબુત લાકડાંઓ બાંધી તેમાં એ રાખશી કદનાં પરાણીઓને રાખવામાં આવીઆં હતાં. દરેક હાથી દીઠ એક તેનો માવત, તેની સંભાલ રાખવાને અને એક તેનો નોકર તેની આગલ ચાકરી કરવાને હતા. એ વાંહાંણો કલકતામાં આવી પોંહોચીઆ પછે, જે દીને તે માહેલા જીવતા ડુંગરો ખાલી કરવાના હતા, તે દાહાડે તેનો તમાશો જોવાને, સરકારી ગોદી, જીઆં તેમને ઊતારવામાં આવીઆ હતા, તીઆં લોકોની ભારે ઠઠ મલી હતી; જેમાં, તે વખતનો, અને હીંદુસતાંનમાં અચલ કીરતી પાંમી ગએલો ગવરનર જેનરલ લારડ કેનીંગ, તેની નામદાર બાંનું, અને તે વીગરે ઘણાક લસકરી તથા સનદી અમલદારો પણ હતા. જે પરમાંણે વાંહાંણમાંથી ઘોડાઓને કીનારે ઊતારવામાં આવે છે; તેમજ એ જનાવરોને પણ ઊતારવામાં આવે છે, તે પાસેનાં પાંનાપર આપેલાં ચીતરમાં એક હાથીને હવામાં અધર ટંગાતો જોતાં સારીપેઠે સમજાશે. પરથમમાં તે હાથીઓ મધેથી દરેકને વાંહાંણનાં ઊપલાં તુતકનાં શલકાં આગલ લાવતા હતા, અને પછે, એક મજબુત કંનતાંનની ઝોલી, જેની બંને કોરે મજબુત દોરડાં સીવી તેમને બંને છેડે મોટા લોઢાંના હુકો જડેલા હતા, તે તેના પેટપરથી નાખી, બંને છેડા પીઠપર લાવી, તેમાં ઈઆરીનું દોરડું ભેરવી, ઘણાંક માણસો દોરડાં વતે તેને ઊપર ખેંચી લેતા હતા. જે વેલા એ રાખશી જનાવર હવામાં ઊંચું ટંગાતું હતું, તે વેલાએ તેનો દેખાવ ખરેજ નવાઈ જેવો, અને ભારે દબદબા ભરેલો લાગતો હતો. તે તેના પગ તથા સુંઢને સથીર રાખતો, અને પોતાની ટીણી આંખને બાહેર ખેંચી કાહાડી પોતાનો આસપાસ શું બને છે, તે જોતો રેહેતો. જેવો વાંહાંણની કોરથી ઊંચો ચહડતો, કે તેને ખેંચવાની ઈઆરીને બારદુએ ફેરવીને, વાહાણથી કેટલાક વારને છેટે, ઈઆરીની લંબાઈ પરમાંણે, પાંણીમાં મેલી દેતા, જીઆંથી તે ચાલીને કીનારે જતો. એ પરમાંણે પેહેલાં વાંહાંણ ટ્રુબલકેન મધેના સઘલા હાથીઓ ઊતારીઆ, પણ બાલગરેવીઆમાંથી ઊતારતાં એ રીતમાં ફેરફાર કરવો પડીઓ. ઊપલા હાથીઓને જે પાંણીમાં ઊતારી મેલતા, તેઓને ઘણે દાહાડે પુરતું પાંણી મલી આવીઆથી, ખુશીમાં આવી જઈ તેમાં પોતાની શુંઢ વડે નાહાવા અને એવીજ બીજી મસતી કરવા મંડી જતા, અને જલદીથી કીનારે જતા ન હતા, તેથી વ

ખત ઘણેક નકામો જતો રેહતો હતો. તેટલા માટે બાલગરેવીઆ મધેથી ઊતારતી વખતે એક મોટી બો ટને ખોરદુમાં, અને તેમાં એકેએક હાથીને, ઇઆરી એ કરી ઊતારવામાં આવીઆ, અને તે એટકને લાવીને કીનારે મેલી જતી. એ પરમાણે કરવાથી આગલ કરતાં વધારે ઝડપથી સઘલા હાથીઓને કીનારે ઊતારવામાં આવીઆ. નવાઈ જેવું એછે કે, આવાં જબરાં પરાણીઓની એક મોટી સંખીઆ અથાક મેહનતે, કીનારે ઊતારતાં કશો અકસમાત બનીઓ ન હતો. જોકે ઊતારતી વખતે તેમ ન થઈઊં, તોપણ તેમને મોલમેનનાં બંદરમાં ચહડાવતી વેલાએ તેઓ મધેથી બે પાંણીમાં પડી ગએઆ હતા, અને બુડી મરણ પાંમીઆ હતા. એ સઘલા હાથીઓને સરકારની તરફથી, લશકરી અસબાબને ઊંચકી એક જગાએથી બીજી જગાએ ઝડપ અને સેહેલાઈથી લઈ જવાને માટે મંગાવીઆમાં આવીઆ હતા; તેથી જેવા તે સઘલા કીનારે ઊતરી રહેઆ કે, તેમને તરત બરાબપોર, જીઆં તેમને માટે જગા તઈઆર કરવામાં આવેલી હતી, અને જીઆં તેમના કેટલાક શોબતીઓ પણ વસતા હતા, તીઆં લઈ જવામાં આવીઆ. દરેક હાથીનું વજન લગભગ તરણ ટન એટલે ૨૪૦ મણ ગણવામાં આવીઊં હતું. જોકે એ પરાણીઓ આવાં કદાવર અને બલવંત હતાં, તોપણ તેઓએ એવી વેલાએ જે શાંતપણ બતાવીઊં હતું, તે ખરેખર નવાઈ જેવું અને વખાણવા જોગ હતું.

---

## ગાયન, તેની ઉતપંતી અને ખુબી.

ગાયન, એ જગતમાં માણસ જાત ઊપર તે કીરતારથી ઊતરેલી એક મોટી બખશેશ છે; અને તેની ઊતપંતી માણસની શરૂઆતની સાથે તાલુકો ધરાવનારી માલમ પડી છે. ખરીસતીઓ ગાયનની ઊતપંતી આદમના દીકરા કેનના વખતથી ગણે છે, અને હીંદુઓ તેને બરહમાના વખતની ગણે છે; પણ જો બરોબર ખોલીએતો એ વખતથી ગાયન માણસ જાતના મોડાંમાં આવીઊંછે, મગર તેની ઊતપંતી તો જગતની ઊતપંતી સાથેજ થએલી છે. લુકરેશીઅસ અને એવાજ બીજા પુરાણા લખનારાઓ ખોલી રીતે બતાવી જાઓ છે કે, માણસ જે ગાયન શીખીઊં છે તે પવનના આવાજ ઊપરથી, ઝરા અને ધોતના વેહેતા સાદ ઊપરથી, આકાશમાં થતા ગંગડાટ ઊપરથી, પંકશીઓના ગાયન ઊપરથી, અને એ વીગેરે અનેક તરેહની કુદરતની રચણા ઊપરથી શીખીઊં છે. એ સઘલા આવાજો તેના બરાબર વખતે એવાતો રલીઆમણા અને મનોરંજક લાગે છે કે, જેની આગલ હજુ માણસનું ગાયન ફીકું લાગે છે. બુલબુલ પકશી, જે આજવેર કવેસરોની કલમોમાં અમર રહી ગઈઊં છે, તેના ગાયનની કીઆં માણસે, અથવા માણસના કીઆં ગાયને બરોબરી કરી છે! એવી જાતનું કુદરતી ગાયન સાંભલી વાલટન નામનો નામીચો અને પુરાણો કવી એવોતો મઘન થઈ ગએઓ હતો કે, તેનાં મોડાંમાંથી તે વેલાએ એકદમ એવા શબદો નીકલીઆ હતા કે "ઓ ખોદા! તે આકાશમાના ફરેસતાઓને માટે આ કેવું શુંદર ગાયન બનાવીઊં છે; અને આ માણસોને કેવુ કઠેર સરખું આપીઊં છે." નામીચો કવી ગોલડસમીથ, એ કુદરતી ગાએનથી ઘણોજ ખુશી થઈ લખી ગએઓ છે કે, "જીઆરે સમી સાંજનો વખત થાએછે, અને લોકોની ગડબડ કમ થાએ છે, તીઆરે શામણી ડુંગરીઓ ઊપરથી કેવાં મધુર (કુદરતી) ગાયનનો આવાજ આવેછે." એવી જાતના ગાયનો ઊપરથી માણસ ગાયન શીખીઊં, અને જેમ જેમ તે સુધરતું ગઈઊં તેમ તેમ તેમાં સુધારો કરતું ગઈઊં. એવા સુધારામાં ભાગ લેનાર આગલના વખતના ફીનીશીઅનસ, ઈજીપશીઅનસ, એસીરીઅનસ અને હીબરૂ વગેરે ટોલાના લોકો ગણાએછે. જોકે એ ટોલાઓ મધે ઈઊરોપીઅન લોકો હીંદુઓનું નામ જણાવતા નથી, તોપણ તેઓ કોઈબી રીતે તેમનાથી પાછલ ગણાતા નથી. હીંદુસથાન દેશમાં અસલના વારાથી જેવો ઊમદા હુનર ખેડાતો આવીઓ છે તેવો બીજા થોડાજ દેશોમાં હશે.

ગાયન, જગતમાં સઘલી વસતુને માટે ઊતપંત થએલું લાગે છે. તે માણસને માટે છે, તે પશુ, પકશી અને જંતુઓને માટે છે, તે ઝાડ, પાહાડ અને પાણીને માટે હોએ એવું પણ માલમ પડે છે. જીઆરે એમજ છે, તીઆરે જે માણસ અથવા જે ટોલો કુદરતની એક એવી ઊમદા બખશેશથી બેનસીબ રહે, એ ખરેજ તેમના કમ ભાએગ જાણવાં. ગાયનની અસર માણસતો

શું પણ બીજાં પરાણીઓ ઊપર પણ અજાએબ રીત બી થાએ છે. જે માણસને ગાયનનો શોક નથી હોતો, અથવા જેના ઊપર ગાયનની અસર નથી થતી, તેને ઘણો ઘાતકી અને શકત દીલનો માણસ ગણવામાં આવે છે. દુનીઆંમાં દરેક વરગના મોટા માણસો, જેવા કે પાદશાહાઓ, કવીઓ, ફીલસુફો, અને ધરમગુરૂઓ, એ સરવે એક આવાજે ગાયનને વખાણી ગએઆ છે, અને ગોએઆ તેની આગલ નમન કરીએ છે. એપીમીનોનદાસ સરખો બાહાદુર ગાયનની ઊપર એટલોતો મોહીત રેહેતો કે, કેટલીવાર તે ગમે એવી શકત લડાઈની વાત કે ભએ વીસરી જતો હતો. સોકરેટીસ સરખો નામીચો ફીલસુફ ગાયનની ખુબી જોઈ એટલોતો અજબ થએઓ હતો કે, તે ખુબીને કેમ વરણવી તેથી તે અશકત થઈ ગએઓ હતો, અને પોતે પોતાને તે બાબદમાં તદન અંધારામાં પડેલો સમજીઓ હતો. એરીસટોટલ સરખો ઊંડા મગજનો ફીલસુફ કહી ગએઓછે કે, "ગાયન એ કુદરતની એક ઊમદા બખશેશ, અને માણસ જાતની એક માહાભારત શોધ છે. જેમ ફીલસુફી માણસને નેકી શીખવે છે, તેમ ગાયન માણસને મોજ આપેછે, અને એ બંનેના મેલાપથી માણસને ખરૂં સુખ મલે છે." કુઈનટીલીઅન કહી ગએઓ છે કે, "ગાયન એ એક હુનર છે કે જે માણસમાં ઘણાક સદગુણો પેદા કરે છે, માટે તેને દરેક માણસે શીખવું જોઈએ." પલેટો કહેછે કે ગાયન માણસને માણસાઈપણું શીખવે છે. અસલના વારાના આરકીડીઅનસ લોકોને માટે એવું કહેવાએ છે કે, તેઓ ગાયનના ભારે શોકી હતા, તેથી તેઓ એવાતો દએઆલુ અને ખુલાં દીલના થએઆ હતા કે તેમની ચોમેર વખાણ ચાલતી હતી. તેમજ સીનથીઅન લોકો જેઓ ઘણાજ ઘાતકીપણાને માટે ધીકાર પામી ગએઆ છે, તેઓને માટે એવું માલમ પડીઊં હતું કે તેમને ગાયનનો સુદલ શોક ન હતો, અને તેથી તેઓ તેને ધીકારતા હતા એ પરમાણે અસલના વારાના મોટાં માણસો મેલી હાલના વારામાં જોઈશુંતો તેમાં પણ થોડા નહી મલશે. પોપ ગરેગરીને માટે એવું કહેવાએ છે કે, તે ગાયનને ભારે ઊતમ ગણી સદા તેની વખાણ કરતો. આઠમો હેનરી પાદશાહ ગાયન સાંભલી વખતે એવાતો શોકમાં આવી જતો કે તે તેને પોતાની માશુક કરી કહેતો હતો. તેણે એ શોખના મારીઆએ કેટલીક શુંદર કવીતાઓ કરી હતી, અને પેહલાના મરણ પછે પોતાની ઘોર ઊપર રણશીંગડાં વજડાવવાનો હોકમ કીઓ હતો. એજ પાદશાહાના ચેનસેલર સર થોમસ મુરે પોતાની સ્ત્રીને ગાયનમાં ખુબ ખબરદાર કરી હતી, તે એટલીજ મતલબથી કે, તે આ દુનીઆંની ઠાલી માએઆ અને દમામને ભુલી જાએ.

ગાયનની અસર માણસ જાતના દીલ ઊપર અજાએબ રીતની થાએછે. ચોકસ બોલોના ઝુમખાને ગાયનનું રૂપ આપતાં; વખતે ખુશીથી જીગરને તે ફુલવી શકી નાખેછે, અને વખતે ગમીથી તેના તણાઈને ટુકડા થઈ જાએ છે. હીચકારો હોએ છે તે હીમતવાન બની હાથમાં શમશેહેર પકડે છે, અને મરવા પડેલો તે ઊઠી મારવાને તઈઆર થાએ છે. કેટલાક નામીચા ગાયન જોડનારાઓએ એવાં ગાયનો જોડેલાં છે, જેમની ખુબીનું વરણન કોઈ માણસ પુરેપુરૂં કરી શકીઊં નથી: કેટલાંક ગાયનોએ પરજાના દીલ ઊપર દલગીરીની એટલીતો અસર કરી છે કે; તેમને સરકારની તરફથી કેબી ગાતાં અટકાવામાં આવીઆં છે. આલહામાની લડાઈની ફતેહ બાબદ એક મુર કવીએ એવું ગાયન જોડીઊં હતું કે, તેને જાહેરમાં ગાવાને સરકારની તરફથી એકદમ બંધી કરવામાં આવી હતી; કેમકે જીઆરે તે લોકો સાંભલતા તીઆરે તેમની આંખમાંથી નવધાર આંસુઓ ચાલતાં, અને તેમના દીલ એવાંતો ગમખાર થઈ જતાં કે ગોએઆ તે આફતકારી બનાવ તેમની નજર આગલજ બનતો હતો. એજ પરમાણે સુવીસ લોકોનું ઘરના સુખ બાબેનું એક એવું ગાયન છે, કે તે જો કોઈબી દેશમાં અથવા શેહેરમાં સુઈસ સોલજરના શાંભલવામાં આવેતો તે એકદમ એવોતો પોતાને ઘેર જવાને બાહાવરો બનીજાએ કે, આખેરે તેને તેમજ કરવું પડે. એક જુવાન હાઈલેનડર ઊપર ગાયનની એવી અસર થતી હતી કે, તે તે સાંભલતાં વારજ બચાંની માફક રડવા મંડી જતો હતો. જો તે ઊંઘમાં પડેલો હોએ અને તેના કાન આગલ આસતેથી કાંઈ ગાયન કરીઊં હોએતો, તે તીઆંથી જરાએ હીલીઆ વગર દસકાં ભરી રડવા મંડી જતો હતો. એક શખસ પેહેલવેહેલો ફરાનસમાં આવી પેહેલોજ એક આપેરા જોવાને ગએઓ હતો, જીઆં તે બધું તો જોઈને હસીઆ કીધાં; પણ જીઆરે ગાયન ચાલીઊં તીઆરે તેના ઊપર તેની એવીતો અસર થઈ કે, કેટલોકવાર સંધર્યો

તમાશગીરોનું ધેઆન તેના ઊપરજ ખેંચાએલું રહીઊં. એક વખણાએલો કવી એવું કહેતો હતો કે, ગાયનથી જો તે ચાહેતો આખી પરજાને ઊસકેરી શકે, અને તેમની પાસે બને એટલું ભઅંકર કામ કરાવી શકે. ગાયનની કેટલાંક મગજ વગેરેના દરદો ઊપર એવી અસર થાએ છે કે, તેઓ કોઈબી દવાથી ન જતાં, તેથી એકદમ નાબુદ થાએ છે; જેથી ઘણાક વઈદો તેવા દરદીઓને ગાયનનું ઓસડ આપે છે. સીઊદાસ નામનો એક પુરાણો લખનાર લખી જાએ છે કે, ટરપેનડરસ નામના સરદારે ગાયનથી કરીને લેસીડીમોનના આખા ટોલાને પોતાના તાબામાં રાખીઓ હતો. પીથાગોરસને માટે એવું કહેવાએ છે કે, એક વેલાએ તેને એવી ખબર પડી કે, કેટલાક ઝનુની જુવાનીઆઓ એક ઘર ઊપર હુમલો કરી ભારે નોશાન કરવાને આવીઆ છે, તીઆરે તેણે તેમની આગલ એક એવું ગાયન કરીઊં કે, તેઓ સઘલા ચુપ થઈ પોતાને મારગે પાછા ચાલી ગએઆ. ગાયનેથી કરીને લશકર લડાઈમાં પુર શુરથી દોડે છે, અને મહસત વાઘની મીસાલે ઊછાલા મારે છે. ગાયન વગર લશકર હીચકારૂં અને બેદીલ બની જાએ છે, એવું આજવેર માની આજવેર તેની સાથ ગાયન તથા વજંતર રાખવામાં આવે છે.

એ પરમાણે ગાયનની ખુબીઓ અનેક છે, પણ તે સઘલાંનું પુરેપુરૂં વરણન કરતાં અતરે ભારે લંબાણ થવાથી તે એટલાંમાંજ પુરી કરી, દલગીરી સાથ જોઈએ છેકે એવા ઊમદા હુનરમાં પારસીઓનો ટોલો આજ છેક પછાટ પડેલો છે.

## સાહુડી અથવા સીસોલીઊ.



સાહુડી એ એક જાતનું ચોપગું જનાવર છે. એને સીસોલીઊં કરીને પણ કહે છે. એ જનાવર આપણા દેશમાં ગુજરાત તરફ તથા દકશણમાં ઘણા થાએ છે; તેમજ યુરોપ, આફરીકા અને અમેરીકામાંબી થાએ છે. એની લંબાઈ ઘણું કરીને, બે ફીટ અને પોહોલાઈ પંદર ઈંચની હોએ છે. એનાં માથાં ઊપર એક નાની ટોપ હોએ છે, અને તેને બે માણસનાં સરીખા કાન તથા મોડાંપર મુછ સરખા બાલ હોએ છે. તેને ચાર પગ હોએ છે, તેમાનાં બે આગલા ને ચાર અને પાછલા બેને પાંચ આંગલાં હોએ છે. એ જનાવરનાં દીલ ઊપર એકુ જાતનાં કાંટા સરખાં પીછાં થાએ છે, જેને સીસોલીઆં કરી કહે છે. એ સીસોલીઆં બારથી પંદર ઈંચ શુધી લાંબાં, અને વચમાંથી જાડાં હોએ છે; પણ ઊપલો છેડો ઘણોજ અણીદારં હોએ છે. તેની ઊપર કાલા અને સફેદ ગોલ પટા પડેલા હોએ છે. એવાં સીસોલીઆં તેને આખે દીલે હોએ છે, જે ભએની વખતે, તે પોતાનાં બચાવને માટે ઊભાં કરી એક ભઅંકર દેખાવનું થઈ ઊભું રહે છે. ઘણાકો એવું માનેછે કે, એ જનાવરમાં એવી શકતી હોએ છે કે, જીઆરે તેની ઊપર કોઇ હુમલો કરે છે, તીઆરે તે પોતાનાં એ અણીદાર પીછાં શતરૂનાં આંગ ઊપર ફેંક છે, જે તેને તીરની મીસાલે ભોકાઈ જાએ છે; પણ એ વાત તદન ખોટી છે. એ પીછાં તેનાં શરીરમાં મજબુત બેઠેલાં હોએ છે, તે કોઈબી વખતે તેમાંથી નીકલી સકતાં નથી. પણ ભએને અથવા બચાવને વખતે તે સઘલાં ઊભાં થાએ છે, અને તેવા વખતમાં વખતે તે જનાવર શતરૂનાં આંગ ઊપર ઝપાટો મારે છે તો તેથી તેનું બદન જખમી થાએ છે. પણ એ જનાવર જાતે એવું રાંક છે કે, કદી કોઈ ઊપર પોતાની મેળે તો હુમલો કરતુંજ નથી, પણ જો તેની ઊપર થએઓ હોએતો, તે કરનાર ઊપર શાંમણો કરવાને બદલે, પોતાનો બચાવ કરવાનીજ કોશેશ કરે છે. એ જનાવર ઘણું કરીને ઝાડનાં ફલ, મુલીઆં, પાતરાં વગેરે ખાઈને જીવે છે; પણ કેટલાક કહે છે કે તે કોઈ કોઈવાર સાપ તથા એવાંજ બીજાં પેટે ચાલનારાં પરાણીઓનો ભકશ કરે છે. એ ઝાડ વગેરે ઊપર ઘણી સેહેલાઈ અને ઝડપથી ચહડી શકે છે, અને કોઈ ભએને વખતે તે ઘણું કરીને ઊંચાં ઝાડો ઊપર ચહડી જાએ છે, તે ભએ વીતી જવા પછે નીચે આવે છે. એ જમીનમાં ખાડો કોતરી માંહે વસે છે. એની માદા સાત મહીના વેર ઘરવાર રહી બચાંને જનમ આપે છે. તે એક વેલાએ એકજ બચાંને જનમ આપે છે. એ વખત જેઠ તથા અષાઢ મહીનામાં આવે છે, જે વખતે તેમનાં નરો એવાતો ઘાતકી થઈ જાએ છે કે, તેમને છેડી શકતા નથી. એ જનાવરનાં આવરદા વીશ એવું જણા

એલું છે કે તે બારથી પંદર વરસવેર જીવે છે. એનાં પીછાં—સીસોલીઆં—બારણે જે ઝોલી વાલાઓ, જેમને "નાક કાનનાં વઈદ" કરી કહે છે, તેઓ ઘણાં લાવે છે. એ સીસોલીઆમાં સટીલપેન ખોસી લખવામાં તથા બીજી ઘણીક સોબાની વસતુઓ બનાવવાનાં કામમાં આવે છે.

એ જનાવરો અમેરીકાનાં જંગલમાં પણ પુશકલ થાએ છે, જીઆં મારટન નામનું એક વરૂનાં સરખું એક જનાવર થાએ છે, તે તેનો મોટો શતરૂ ગણાએ છે. એ જનાવર માતરે સીસોલીઆંને મારી શકે છે, અને તે માતરે તેનાથીજ ડરતું રહે છે; બાકી બીજાં કોઈ જનાવર, તેને તેનાં કાટાંદાર પીછાંની બીકે મારી શકતું નથી. મારટન સીસોલીઆંને કેમ મારે છે, તે વીશે એક લખનાર એવું જણાવે છે કે—એક વેલાએ તેણે એક મારટનને એક ઝાડની ઊપર ઘણીજ આતુરતાથી એમથી તેમ દોડતું જોઈઊં, જેની પરથમ સમજ પડી નહી, પણ તેવામાં તેની નજરે એક સીસોલીઊં આવીઊં, જેથી તેની મતલબ પાંમી ગએઓ, અને તે તમાશો જોવાને એકગમ એક ઝાડની પછવાડે છુપાઈને ઊભો. પેલાં સીસોલીઆંની નજર જેવી તે મારટન ઊપર પડી કે તે ભએબીત થઈ ગઈઊં, અને એકદમ ઝાડપરથી કુદકો મારીને જમીનપર પડીઊં; અને પડતાં વારજ પોતાની ગરદન તથા માથું કાચબાની મીસાલે પેટમાં ખોસી દઈ, આસપાસ બધાં પોતાંનાં અણીવાલાં પીછાં ઊભાં કરી એક ગોલાનાં આકારનું થઈને સથીર પડીઊં. એમ કરવાનો સબબ એ, કે તેનાં આખાં શરીરમાં માતરે ગરદનનો અને પેટનોજ ભાગ એવો હોએ છે કે, તેમાં મારટનનાં દાંત તથા પંજા પેસી શકે છે. તેની પુછડીને તેનાંથી માથાંની માફક સાંતી શકાતી નથી, અને તેની ઊપર મોટાં સીસોલીઆં હોતાં નથી, તેથી તેને તે એવી વખતે એવા તે જોરથી હીલવીઆ કરે છે કે, તે તેવી હાલતમાં મારટનનાં મોડામાં આવી શકતી નથી. મારટન સીસોલીઆંને એ પરમાંણે પડેલું જોઈ ફુંશરા મારતું તથા દાંત કકડાવતું તેની આસપાસ ફરવા લાગું, અને ચોમેરથી તરાપ મારવાનો લાગ જોવા લાગું પણ કોઈ જગો તેને તેનાં કાંટા વગરની એવી નહી લાગતી હતી કે જીઆં તે ઝડપ મારે. અંતે થાકીને તે તેની પુછડી તરફ આવીઊં, અને તીઆં વાંકું મુડું કરીને ચુપ ઊભું રહીઊં. તેની મતલબ એ, કે થોડેક વારે તે સીસોલીઊં એવું જાણે કે તે જતું રહીઊં હશે, તેથી તે પોતાની પુછડીને હીલવતી નરમ કરેતો તે ઝટ તેને તીઆંથી પકડી લે. અંતે તેમજ થઈઊં, કેમકે એવી વેલાએ સીસોલીઆંથી આસપાસ જોવાઈ શકાતું નથી, તેથી મારટનને જતું રહેલું જાણી પોતાની પુછડીને જરા જરા હીલતી નરમ પાડી, ને આખરે ઊભી રાખી. એ લાગ આવતાંજ મારટને ઝડપથી તેને પોતાનાં મોડામાં પકડી લીધી, અને ઘસડતું એક ઝાડ તરફ લઈ ચાલીઊં. એ વેલા એ બીચારૂં સીસોલીઊં, દએઆ ઊપજાવવા જોગ રીતે ઘસડાતું ચાલીઊં. મારટન તેને એક ઝાડની ડાલી ઊપર ઘસડી લઈ ગઈઊં, અને ઇકીકતી થકી એક એવો આંચકો મારીઓ કે તેને ફેરવીને ચતું કરી નાખીઊં. ચતું થતાંજ તેનાં પેટનો નરમ ભાગ ઊપર આવીઓ, જેમાં મારટને પોતાનાં દાંત પેસાડી દઈ બાપડાં સીસોલીઆંને ઠાર કરી નાખીઊં.

---

## મુએલાં માણસ જીવતાં થાએ !!!

ઈઊરોપ ખંડના લોકોએ આજવેર જે માહાભારત શોધો કીધી છે, તે ઊપરથી ઘણાકો એવું કહે છે કે, તેઓએ એક મુએલાં માણસને જીવતો કરવાનો ઊપાએ કાહાડીઓ નથી, એજ તેઓએ બાકી રાખીઓ છે. અલબતે એવું બોલતાં આજવેર કોઇ એવોતો વીચાર રાખતું નહી હશે કે, તેમાં પણ તેઓ, અથવા કોઈબી માણસ જાત કોઇબી દાહાડે ફતેહ પામશે; પણ હાલમાં એવોબી ઊપાએ કરવામાં આવે છે અને તેમાં પણ કોઈવાર ફતેહ પામવાની આસા રાખવામાં આવે છે, એવું જીઆરે હમો કહીશું તીઆરે બેશક વાંચનારને ભારે તાજુબી ઊતપન થશે, એટલુંજ નહી, પણ કદાચ હમારી લખતી વખતની શુધ ઊપર પણ શક લાવશે: પણ તેમ કરવાની આગમચ એટલું ખચીત જાણવું કે, જો ઈશવરની મરજી તેવી હશે તો કોઈવાર તેવુંબી બનશે તેમાં કંઈજ શક નથી. જોકે એ શોધની આગલ બાફના સાંચાની કે એવીજ બીજી શોધો, જે આજે દુનીઆં પર મોટી માહાભારત ગણાએ છે, અને તેઓ વહેને દુનીઆંનો પોણો કારોબાર સેહેલાઈ અને

સપાઈ ઊપર આવી ગએઆ છે, તેવી શોધો કશી બીસાદમાં નથી, તો પણ જીઆરે તે ન હતાં, તીઆરે તેને મારે બોલનાર દીવાના થડતા હતા, અને તેજ માતરે સેહેજ રમત કે તપાસમાંથી હસતીમાં આવીઆ હતા, જેની હાલની હાલતની કોઈને રતીભાર આસાળી નહી હતી, તો પછે એકવાર એવોબી હુનર પરથમ રમત કે તપાસમાંથી જનમ પામી લે તેમાં નવાઈ કેટલી રહે. માણસનું મગજ જોકે માતરે ચાર આંગલના કદનું છે, તો પણ તેના બલનો વીસતાર કેટલો છે અને તેમાં હજુ બીજું શું શું, જે હજુ આપણા જોવામાં આવાઊં નથી, તે ભરેલું છે, તે આજવેર કોઈથી કેહવાઈ શકાતું નથી. મુએલાં માણસને પાછું જીવતું કરવું એ વાત જોકે ભારે અચરતી અને વીચાર ઊતપન કરનારી છે, તો પણ તે વગર આધારની ગપના પેટમાંથી નીકલેલી નથી. આજ ઈંગલંડની અંદર ડાકટર રીચરડસન નામનો એક તબીબ રહેછે, જે મુએલાં માણસ અથવા હરેક પરાણીને મુવાબાદ જીવતું કરવાની ઈકીકતી શોધવા પાછલ આજ કેટલુંક થઇઊં લાગો છે. તે માણસના શરીરને એક બતીની જોતની મીશાલે ગણે છે, અને હેવું કેહેછે કે, જેમ એક જોત બુજાઈ ગઇ તેને પાછી સલગાવીએ અને તેલ પુરીએતો તે ખચીત પાછી બલે, તેમજ માણસના શરીરમાંથી જે ગએઆથી તે મુરત બને છે, તે તેમાં પાછું લાવવાથી તે પણ પાછું જીવતું થવું જોઇએ. એવી ધારના એટલાંમાંજ નહી પાર પડેલી જાણે છે કે, જેને કાંઈ અવઇઅવને નુકસાન થઇઊં હોએ; કેમકે તે નવો કરી શકાતો નથી. ડાકટર રીચરડસન આજ કેટલીક મુદત થઇ એ બાબેની તપાસ બીજાં જાનવરો ઊપર કરે છે, અને તેમાં તે કેટલીક વેલાએ ફતેહ પામેલો જણાવે છે, તે કેહેછે કે, તેણે એક બીલાડીના બચાંને પાણીમાં દુબાડી મારી નાખી બે કલાક વેર માહે રાખી મેલી, પછે તેને બાહેર કાહાડી પાછું જીવતું કરીઊં હતું, તે તીઆર પછે તેવીજ ઇઆને જીવતી હાલતમાં રહીઊં હતું !! એ તબીબે એ પરમાંણે મુએલાં પરાણીને જીવતાં કરવાને એવી ઇકીકતી કામે લગાડી છે કે, તેમની રગમાં બીજાં જાનવરનું તાજું અને ગરમ, લોહી રેડી, એકગમથી બાહેરથી તેનાં શરીરને ગરમી આપવી, અને બીજીગમથી હાથે કરીને દમ ચાલતો કરવો. એવી રીતે કરતાં કેટલાંક પરાણીઓનાં સનાંઈઊ—ડાકટર રીચરડસન કહે છે કે—કેટલાંક વખતવેર ગતીમાં આવીઆ હતા, અને એક ઊપર સખેલું બીલાડીનું બચું જીવતું રહીઊં હતું.

એવી રીતે એ તબીબ આજતો અખતરા ઊપર અખતરા કરીઓ જાએ છે, અને તેનું મરીનાંમ કેવું નીપજે છે તે વીદવાન લોકો બેસીને જુએ છે, પણ છે જોઇએ કે માણસ કુદરતને કેટલે દરજજે હાથમાં લઈ શકે છે. કદાચને આજે આપણ અનાડીનાં સરખો પણ વીચાર કરીએ કે, જો એ કાંમથી ડાકટર રીચરડસન ફતેહ પાંમીઓ તો, તે આએ દુનીઆપર કોણ કેહવાવો જોઇએ ? માણસ જાત કેટલું કરી શકે છે, તેની હદ કીઆં રહી ? આજ કાલ કોઈ એવી વાત બોલે છે તો તરત શાંમણો ધણી બોલે છે કે, "પછી બાકી શું રહીઊં," તેમજ આપણબી બોલીએ કે તીઆરે બાકી શું રહીઊં ? ખરેખર તીઆરે તો આ દુનીઆં તદન બદલાઈ જાએ, અને તદન જુદોજ દેખાવ તથા નેહારોજ આકાર પકડે. જીઆરે સઘલાં માંણસો એમ જાણે કે, આપણ મરી જશુંતો પાછાં તરત જીવતાં થશું, તો પછે આ દુનીઆં કેવો રંગ પકડે. તેનો વીચાર ખરેખર કોણ કરી શકસે !!

---

## પરચુટણ.

### જાણવાજોગ બાબદો.

**બકરાંના બાલનો ઊપીઓગ**—માથાના બાલની, દાહાડીની, મુછની ઈતીઆદીની જગાએ જે ખોટા બાલ વપરાએ છે, તેઆં આજવેર ઘણું કરીને માણસના બાલ, જે ગરીબ સીઓ કાતરી આપીને વેચેછે, તેનાં બનાવવામાં આવેછે, પણ હાલમા એક શખસે તેને બદલે બકરાના બાલ વાપરવાની ઇઊકતી શોધી કાહાડી છે. જો તે બરોબર ચાલશેતો તેથી એવી કીસમના બાલની વસતુઓ ઘણી સસતી થઈ પડશે.

---

**ઘોડાની નાલમાં સુધારો**—અતીઆર શુધી ઘોડાઓંને પગે લોહોડાંની નાલો, ખીલા મારીને જડવામાં આવેછે, પણ વરસેલસ ખાતેના એક લોહારે એક જાતની એવી મેલવણી શોધી કાહાડી છે, જે ઘોડાના પગે ખીલા જડીઆ વગર તથા તેને કસીબી ઈજા પમાડીઆ વગર જડી શકાએ, અને તે લોહોડાંની માફક શકત રહી બરોબર ચાલે.

---

**સણના કારખાંના**—બેલફાસટ નામના શેહેરમાં તરીશ વાસની આગમચ એકે સણનું કારખાંનું ન હતું, પણ

હાલમાં તીઆં એટલાં વધી ગએઆં છે કે તેમાં ૫૦૦૦૦ માણસ કામે લાગેછે.

**મોટુ કરજ**—અમેરીકાની સરકારને માથે ચાલતાં વરસના મે મહીનાની આખેરી શુધીમાં ૨૬૩૫૨૦૫૭૫૩ ડાલરનું હતું. તેને માથે એ સરકારને દર વરસે ૬૪૬૩૮૮૭૩ ડાલરનું વીઆજ આપવું પડેછે.

**શેહેરમાં રેલવે**—લંડન શેહેરની વસતી આજે ૩૦૦૦૦૦૦ માણસની ગણાએ છે. તે સઘલાને શેહેરના એક ભાગ પરથી બીજા ભાગ પર આવવા જવાને જ સેહેરમાં રેલવે બાધવામાં આવેલો છે, તેની કુલે લંબાઈ ૧૨૦ માંઈલની છે, અને તે બાંધવા પાછલ ૩૦૦૦૦૦૦૦૦ રૂપીઆનો ખરચ લાગો હતો.

**ચાહેનો ખપ**—આખાં ગરેટ બરીટનમાં, ગએઆ જુન મહીનાની પેહેલી તારીખે ચાહ ઉપર લેતી કરેલી જગાતમાં ઘટાડો થવાથી બધી મલીને ૧૦૨૯૬૮૫૭ રતલ ચાહે બંદરમાંથી પસાર થઈ હતી તેની કુલે આએપત ૨૫૦૪૨૩૦ રૂપીઆની થઈ હતી.

**રેલવેમાં મુસાફરી**—ગણતરી ઉપરથી એવું માલમ પડીઉં છે કે, વીહીટસનની રેલવેની મારફતે ગએઆં વરસમાં કુલે ૩૭૦૮૪૩ માણસોએ મુસાફરી કરી હતી.

**હીંદુસથાનની આએપત**—તા૦ ૩૦ મી એપરલે પુરાં થતા વરસમાં હીંદુસથાન ખાતેની કુલે આએપત ૪૪૨૭૯૪૬૭૦ રૂપીઆની થઈ હતી. તે મધેથી કુલે ખરચ બાદ કરતાં ૨૬૩૩૭૭૦ રૂપીઆ બાકી રહેઆ હતા.

**રાજપુતર**—હાલમાં આપણી આનવંતી મહારાણી વીકટોરીઆના છોકરા તથા છોકરીના મલી આઠ રોહીતર છે, તેમાં છ છોકરા અને ૨ છોકરી છે. કેવી બાગેગસાલી!

**પુરાણી સીપાઈગીરી**—ચાથામની બરાપમાં એક સોલજરનું કુટુંબ રેહેછે, જેની એક પછે એક ઓલાદ આજ ૧૬૫ વરસ થએઆં લશકરી ચાકરી કરતી આવીછે! તે પણ એવી રીતે કે વચે એકુનોબી ખાચો ન પડતા દરેક જને લશકરી પોશાક પેહેરી પોતાનો જનમ કાહાડીઓ હતો.

**એક મોટું પોહોચખાનું**—લાંગહાંમ પલેસ નામની જગામા હાલમા એક પોહોંચખાનુ બાંધવામાં આવીઉં છે, જે આખી દુનીઆમાં સઉથી સરસ ગણાએ છે. તેમા બધા મલીને ૭૦૦ ઓરડાછે. તેની પાછલ ૩૦૦૦૦૦૦ રૂપીઆનો ખરચ થએઓ હતો.

**સીઓનો સોખ**—ઇઉરોપ તથા અમેરીકા ખંડની સીઓમાં તરેહવાર પોશાક સંબંધી ઘણો શોક હોએ છે. હાલમાં જે તેઓ કરીનોલીન નામનુ અતી મોટું ગવન પેહેરે છે, તે જોકે ભારે કંટાલા ભરેલુ એટલુંજ નહી પણ મહા ઘાસતી ભરેલુછે, અને તે તજી દેવાડવાને ઘણાક સમજુ પુરૂશો અતીઆર લગી કોશેશ કરે છે, તોપણ તે હઠીલી છોકરીઓ તે છોડતીઓ નથી. પણ હાલમા, કહેછે કે, નીઉઈઆરકની સીઓમાં, પોતાનાં કપડાં ઉપર પુશકલ બટન જડવાનો શોક એટલોતો વધી ગએઓ છે કે, તેઓ પોતાના ભદ્દ્ન આહેલા પોશાક ઉપર હારોહાર હાથી દાંત કે સીપનાં બટન લગાડે છે.

**સીને ખેતાબ**—મેડીમોએસેલી રોજા બોનહર નામની એક ફરેંચ ઉતમ કારીગર સીને, તેની ચંચલાઈને માટે, ફરાનસની સરકારે "લીજીઅન આફ આનર"નો ખીતાબ આપીઓ છે. જીઆરે એ સ્રી હરેક રસતેથી જાએ છે, તીઆરે જીઆં લશકરી સીપાઈ પેહેરો ભરતો હોએ તે તેને ઉભો રહી, પોતાની બંદુક ઉંચી કરી, માન આપેછે. ફરાનસ દેશમાં એવી જાતની સીને આ સઉથી પેહેલોજ ખેતાબ મલેલો કેહેવાએ છે.

**ગલીચો કેમ પખોડવો**—ઈંગલંડ દેસના લોકો કોઈ દાહાડે છીંકવાનો અને હસવાનો સાંચો શોધી કાહાડશે, તેમાં નવાઈ લાગતી નથી. હાલમાં એક જને એવો બાફથી ચાલતો સાંચો શોધી કાહાડીઓછ કે, તેની મારફતે મોટા ગલીચાઓ પખોડાઈ સાફ થાએ છે!

**આખી દુનીઆં એક**—વીજલીના તારથી કરીને શેહેર પછે શેહેર અને દેસ પછે દેસ જોડાતાં હવે ખંડ પછે ખંડો જોડાવા લાગાછે, જેથી થોડા વખતમાં સઘલા ખંડો એકઠા જોડાઈ જઈ આખી દુનીઆં એક થઈ જવાની! ઈઉરોપ ને એસીઆની વચે તાર નાખવામા આવેલોછે, તેમ ઇઉરોપ ને આફરીકાની વચે પણ નાખવામાં આવેલો છે; અને થોડા વખતમાં ઇઉરોપ ને અમેરીકા વચે પણ નોખવામાં આવશે, જીઆરે આખી દુનીઆં એક થઈ દરેક ખંડના માણસો એક બીજા સાથે સંદેશા ચલાવી શકશે.

**દારૂની દવા!** પલીમાઉથ ખાતે રેહેનારા એક મી૦ ગોલ નામના શખસે, એક એવી ઇઉકતી શોધી કાહાડી છે કે, જેથી બંદુક, તોપ વગેરેમાં ભરવાનો દારૂ જોઈએ તે વખતે, તે નહી ફુટી શકે એવો કરી શકાએ, અને પાછો જોઈએ તીઆરે તેને તેની આગલી હાલતમાં લાવી શકાએ. કહેછે કે, તે ઇઉકતીથી એક દારૂગોલાનું ભરેલું આખું પીપ થોડા વખતમાં નહી ફુટે એવું તે કરી નાખે છે, અને પાછું પાંચ મીનીટમાં ફુટે એવું કરી મેલે છે. એ શોધ જો અમલમાં આવીતો એક મહાભારત ફાએદો થવાનો.

**રશીઆ દેસમાં એક પારસણ!!** પારસીની સ્રીઓ, જેઓ સેલરને જોઈને ઘરમાં ભરાઈ જઈ બારણા ટાંકે, અને ઘેરે દીવસે એક મોહોલામાંથી બીજા મોહોલામાં જતાં બીહે, તેમની સંઘ માહેલી એક સી રૂશીઆ સરખા હજારો કોશ અતી દુરના દેશમાં જાએ, એ ખરેખર તાજુબી ભરેલું અને વખાણવા જોગ છે. અતરેની સમાલકાજ કોરટના જડજ મી૦ માણેકજી ખરશેદજી હાલમાં ઈંગલંડ થઈને ર

શીઆ ગએઆ છે, તેમની સાથે તેમની એક છોકરી બાઈ શીરીનબાઈ પણ ગઈ છે અને તેમની મુલાકાત તીઆંના મોટા દબદબાવાલા શાહાનશાહા તથા શાહાનશાહાજાદીએ લીધીછે. એ દેશમાં જો કોઈબી પારસણ ગઈ હોએતો તે પેહેલી એ નામીચી શીરીન છે. એથી કરીને પારસીઓના માનમાં મોટો વધારો થએઓ છે.

**ફોટોગરાફીમાં સુધારો**—ફોટોગરાફીના હુનરમાં, ઇઉરોપના લોકો દનપર દન સુધારો કરતા જાએ છે. હાલમાં એક મી૦ જોન પાઉનસી નામના-ડારએસટરના રેહેવાસીએ એવી શોધ કાહાડી છે કે, તેની મદદથી હરેક ફોટોગરાફ શાહીથી કરીને કાગલ પર છાપી શકાએ છે.

**બીડીનો ખપ**—એખલાં એક નીઉઈઆરક શેહેરમાં બીડી બનાવવાના કામ પાછલ ૧૦૦૦૦ માણસો લાગેલાં છે. એ બીડી નરી તમાકુનીજ બનાવેલી હોએ છે, જેને સીગાર કરી કહે છે.

**એક મોઘું ઘર**—ઈંગલંડની પારલામેનટને માટે એક નવું ઘર બાંધવામાં આવે છે, જેની ઉપર બધો મલીને ૩૦૦૦૦૦૦૦ રૂપીઆનો ખરચ લાગશે.

**પાંણીનો મોટો ખપ**—ગણતરી ઉપરથી એવુ માલમ પડીઉં છે કે, માતરે એખલાં મેલબોરન શેહેરમાં ચોવીસ કલાકમાં બધુ મલીને ૯૭૫૦૦૦૦ ગેઆલણ પાંણી ખપે છે.

**સસતી ગાએ**—બીનોસ નામના શેહેરમાં આજે ગાએઓ એટલીતો સસતી થઈ ગઈઓ છે કે, દરેક હડી કે તરણ રૂપીએ વેચાએ છે, તોપણ તેમને ખરીદદાર પુરતા નીકલતા નથી!

**એક મોટો તવંગર**—દખશણ અમેરીકામાં એક ડોન પેદરો કેનડેઓ નામનો મોટો તવંગર સખશ મરણ પામીઓ છે, તે પોતાની પાંછલ ૧૬૦૦૦૦૦૦ રૂપીઆની દોલત મેલી ગએઓ છે, એને સરવે લોકો, સાવકારનો બાપ કરી કેહેતા હતા.

## સમશીઆ.

(દોહરા.)

(૧) જે મધે ગંગા વસે,
જટા બીરાજે સીસ;
નેત્ર ત્રણને કહે મુને,
નહી ઉ માપતી ઈશ.

(૨) એક નરે નારા ગલો,
સરવને ચોભાવંત;
તે અધીપતી તમો અંગે અડી,
કહો મીત વીચારી કંઠ.

(૩) એક પંખો ઉડે જીવ વીના,
તે બેસે જેને ઠાર;
તે મૃત્યુ પામે દેખતાં,
તે કહો મુજને ભુપાળ.

(૪) એક નર અકશર તરણનો,
અણીઆળું અતી રૂપ;
પણ દુશમન જેથી ગાજીઓ,
બામણી કહે શુન ભુપ.

ક૦ શાં૦

## ખોલાસો ગઈ વેલાનો.

(૧) પાન, પાઘ, પદમની, પરેમલ અને પોશાક. (૨) કંકુ, કાજલ, કચુંકી, કસુંબો અને કંથા. (૩) કુડ, કપટ, કુલકરાંણ, કજાત અને કકલાટ.

## ઊપદેશ વિશે.—પદ ૧.

દેહ મનુષ્ય ધરી, હરિ ના જાણ્યા તેણે સરવશ ખોયું;
મારા વાલાજી, મહામણી મુકીને પાથર ચિત્ત પ્રોયું; ટેક.
તેં અમૃત ઢોળી વિષ પીધું, તે હાથે કામ કુડું કીધું;
તેં મિથ્યા માતને દુઃખ દીધું, દેહ મનુષ્ય ધરી. ૧
તને જાળવિયો જઠરામાંહી, તારૂં રક્ષણ કર્યું પ્રભુયે ત્યાંહી;
તેને સંભાર્યા સુપને નાંહી, દેહ મનુષ્ય ધરી. ૨
તેં જગતપતી ને નવ જોયો, કલ્પવૃક્ષ તજી બાવળ બોયો;
તેં ઉત્તમ જન્મ એળે ખોયો, દેહ મનુષ્ય ધરી. ૩
એની દેહ અશુધ્ધ અશુધ્ધ વાણી, જેણે પ્રીત પ્રભુશું નવ આણી;
એ અધમ જાત પામર પ્રાણી, દેહ મનુષ્ય ધરી. ૪
એને કૃતઘની સરખા કહિયે, તેના સંગે તે સરખા થૈયે;
કહે પ્રીતમ એથિ અળગા રહિયે, દેહ મનુષ્ય ધરી. ૫

## પદ ૨.

હરિ ભજન વિના, દુઃખ દરિયા સંસારનો પાર ન આવે;
જડબુધ્ધી જીવ, સંતવિના શુધ્ધ મારગ કોણ બતાવે; ટેક.
તેં અનેક વાર અવતાર ધર્યા, કે કર્મ તણા કોઠાર ભર્યા;
અઘ ઓઘતણા અંબાર કર્યા, હરિ ભજન વિના. ૧
ફર્યો ચાર ખાણ લખચોરાશી, થયો જળચર સ્થળચર ગર્ભવાસી,
માયા બંધનથકી ન શકયો નાશી, હરિ ભજન વિના. ૨
પામ્યો મનુષ્ય દેહમાં નહીં રે મણા, ધન ધામ પુત્ર પરિવાર ઘણા;
હવે ગાઈ લે ગુણ ગોવિંદ તણા, હરિ ભજન વિના. ૩
તું ઝાડ પહાડનું રૂપ થયો, તે શીત વૃષાસુર તાપ સહ્યો;
તારાં કષ્ટનો પાર નવ જાય કહ્યો, હરિ ભજન વિના. ૪
દુખ જન્મ મરણ એવું જાણી, શું બેઠોછે આળસ આણી;
કહે પ્રીતમ ચેતી લે પ્રાણી, હરિ ભજન વિના. ૫

કા૦ દો૦

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મુ. | નવેમબર ૧૮૬૫ | આંક ૧૧ મો.

## જુલમી થાએ જબે,

અથવા

## † પીઝારોના પરાક્રમ.

### પરકરણ ૧ લું.


(સપાનીઅરડો)

સ્પેન દેશનો સરદાર પીઝારો જેનુ નામ,
અમેરીકામા હતુ અમર તેનુ કામ
પીરૂ નામના દેશને કરવા જતા હાત,
હજારો જીવડાઓનો કીધોતો તેણે ઘાત
એલવાઈરા નામે હતી બાનુ તેની નેક,
હજારોમા મલે કદાચ તેની એક
વાલવરટ નામે હતો સપેસાલાર તેનો સુરો,
પીઝારોના પરાકરમથી વાકેફગાર પુરો
જાહેરમા પોતે ગણતોતો નમાવી નીચુ સર,
દીનમા તેને જાણતોતો ખસનતે એક ખર

(પીરૂવીઅનો)

એલાનઝો નામે હતો પીરૂ દેશનો સરદાર,
કોરા નામે હતી તેની બાનુ વફાદાર
રોલા નામે હતો એનાનઝોનો સાથી,
સુલેહમા ગેટુ પણ હીમતમા હાથી
આટીલીબા નામે હતો પીરૂ દેશનો શાહ,
સાતકી પીઝારોએ કીધોતો તેને ઘાહ
તખ્તનો દેખાવ દાસેઠે પેહલ,
કાગજના તખતા પર ટવડેઠે એન

† આ ખેલ નામીચા ગરંથકાર શેરીડનની પીઝારો નામની પરે ઊપરથી ગોઠવેઓછે દખણ અમેરીકા ખંડનુ પીરૂ નામનુ દેશ તેની ઊતપતી તથા પરજાના ઊદાઓગ તથા હોનરને લીધે નામીચુ ગણાતુ હતુ, જે જીતી લેવાને સ્પેન દેશનો પીઝારો નામે એક પીકારો સરદાર ઇસવી સને ૧૫૨૦ મા એક મોટુ લશકર લઇ ગએઓ હતો આ બીના તવારીખના પાના ઊપર સાબેતી આપેછે



પીરૂ દેશના કોસતા ઉપર એક તખુ જે મધે બાનુ એલવાઇરા બેઠેલીછે

(તેવામા વાલવરટ અચીંતો ધુસી તેણીને અચરત કરેછે)

એલવાઈરા—(ગુસ્સામા ઉઠીને) કમબખત ! મારા થાકેલા અને બેચેન બદનને આશાએશ આપવાને હુ આ તખુમા બેઠેલી છુ તેમા તું ને અચીંતો આવતા આચકો નથી આવતો ? આ વખત તારા સરદાર પીઝારોને ફરીઆદ કરતો તારો કેવો હાલ થાએ હે !

વાલવરટ—તુ જાણેછ હું તો તેનો ખીદમતગાર છુ, તેને હુ માથાથી પગવેર પીછાણુછુ—તેના મન માહેલી સઘલી વાત મારા હઇડામા હુ રાખુ છુ, માટેજ હું તુને પુછવા માગુ છુ કે પીઝારોમા એવો કીઓ ગુણછે—તેનામા એવુ કીઉ છુપુ તતરછે કે તુ સરખી મોટા કુલ અને માએઆલુ દીલની ઓરત તેના હાતમા સપડાઈ ગઇછે

એલવાઈરા—અરે જરા સભાલી બોલ, તારી જબાનો કાએદો તાણી ધર, તુ એક વીસવાસુ કારબારી થઈ તારા સરદારની પીઠ પાછલ એવુ બોલેછે ?

વાલવરટ—મારો સગાગતો ખરો, પણ પુરો ઠે ચોર
દગનબાજ બેરેહેમ, ને દીનનો કોર
હીમતવાનતો ખરો, પણ દએઆનો નગુન
એની ગરદન ઉપર રહેઠે નએ આદમીના ખુન
પઇસાના લોભમા પકડે પાપી કરમ
પઇસાની લાલચમા ધીગરે ધરમ

લગાર તેનો ગોખ, લુટ તેની ગમત,
જુલમ તેનો જોડીઓ, કતલ તેની રમત.

એવાં આદમી ગાર તેં તજીડે ઘરદાર!
તજીડેં તારૂં વતન, તજીઓ માબાપનો પ્યાર!

તારાં નામીચાં ખાનદાનને તેં મુકીડે એક કોર!
આ નાલાએક માત આથી, હીઆ થઈછે કેમજોગ!

એલવાઈરા—વાલવરટ વા! જાતે તું ખોટો થઈ બી જાની ખોડખાપણ ઉપર નશીએત કરેછે? જે આદમીનું તું બેઆન કરેછે તેતો તારો શેઠ—તારો સરદાર—તારો વાલી—તારો સાહેબ પણ તું પોતે કેવો આદમીછે! પઈસા સરખી નીચ પદારથના લોભને લીધે તેના મોહ ઉપર મીઠું પરીસી પીઠ પાછલ તેનીજ નીંદા કરેછે અને તેની બદીનું બાંકુ કુ કેછે તેથી તારે મોહડેજ તું પોતે ઠગારો ઠરેછે.

વાલવરટ—અરે પણ ભોલી બાનુ તું નથી જાણતી કે,

તેની ગેર મેગવાની ફરે તુંને પ ત્વારમા દાગ;
તેનો કાંટો તુને કાહાડે તતકાલ તડીપાર.

હવે વાંચનાર બાનુઓ જેમ એક ઠગારો કરાડીઓ ક નવુંબ ઉદીઓગી માંખને પોતાના શુંદર દેખાવના કાં ૩૦૦૦૦૦૦૦ વી... તેની ઉપર તરાપ મારી ... ઘરમાં ફ

---

**પાંણીનો મોટો ખપ**—ગણતરી ઉપરથી એવું જ માલમ પડીઉં છે કે, માતરે એખલાં મેલબોરન શેહેરમાં ચોવીસ કલાકમાં બધુ મલીને ૯૭૫૦૦૦૦ ગેઆલણ પાંણી ખપે છે.

---

**સસતી ગાએ**—બીનોસ નામના શેહેરમાં આજે ગાએઓ એટલીતો સસતી થઈ ગઈઓ છે કે, દરેક હડી કે તરણ રૂપીએ વેચાએ છે, તોપણ તેમને ખરીદદાર પુરતા નીકલતા નથી!

---

**એક મોટો તવંગર**—દખશણ અમેરીકામાં એક ડોન પેદરો કેનડેઓ નામનો મોટો તવંગર સખશ મરણ પામીઓ છે, તે પોતાની પાંછલ ૧૬૦૦૦૦૦૦ રૂપીઆની દોલત મેલી ગએઓ છે, એને સરવે લોકો, સાવકારનો બાપ કરી કેહેતા હતા.

---

## સમશીઆ.

(દોહરા.)

(૧) જે મધે ગંગા વસે,
જટા બીરાજે સીસ;
નેત્ર ત્રણને કહે મુને,
નહી ઉ માપતી ઇશ.

(૨) એક નરે નારા ગલે,
સરવને શોભાવંત;
તે અંધીપતી તમો અંગે ખડી,
કહો મીત વીચારી કંઠ.

તી કે પીઝારોની સંફ્વાલો અને તેનાજ હાથ તલે ઉછરેલો એલાનઝો નામે એક જુવાન સરદાર તેને છોડી દઈ તેના પીરૂવીઅન દુશમનો તરફ જતો રહેઓ હતો. પીઝારોના સઘલાં પરાકરમોથી તે ખુબ વાકેફ હતો માંટે દુશમનોને સલાહ આપેઆથી સપાનીઅરડોને તે ઘણો ભારી પડશે એવી પીઝારોની ખાતરી થઈ, માંટે નીચે પરમાંણે ઠેરાવ કીધો.

પીઝારો—હવે હું કીનો લેઉં! પેલા તુછકાર છોકરા એલાનઝોને દેખડાવી આપું—કે તે મારા કેટલાબધા આભારનાં કરજ તલેછે. માટે થએઉં તે થએઉં. કાલરોજે સહવારના પોહરમાં સઘલા પીરૂવીઅન સરદારો પોતાનાં દેખી દેહડાંઓમાં બંદગી કરી લડાઈમાં ફતેહ ચાહવાને ભોગ આપવા આવનારછે, તેટલામાંજ તેઓ ઉપર અચંબીતા તુટી પડી તેઓ સઘલાઓને એકદમ કતલ કરી નાંખવા. માટે વાલવરટ આ બીના ગુપચુપ રેહેવી જોઈએ, તું બારે સંભાલ રાખજે.

એલવાઈરા—અફસોસ! કમબખત પશુઓ—અફસોસ! નીરપરાધી જીવડાઓ! અરે શું તેઓને બંદગી કરતાંજ કતલ કરશો? જેઓ ભોગ આપવા આવસે તેઓને જ ભોગ કરી નાંખશો! એટલુ બધું શું થએઉં?

પીઝારો—અલબત—એમજ થવું જોઈએ. (બાહરથી રણશીંગડાનો અવાજ સંભલાએઓ) વારૂ એલવાઈરા જરા તું બાહર જા.

એલવાઈરા—કેમ એટલું, શું છે? બાહાર હું શા માં
તને જાણે
તેને સંભા... રો—જરરો—અંતરે મરદાનગીનાં કામસર બે
તેં જગત માંટે તુંને બાહર જવું જોઈએ.
તેં ઉત્તમ
એની દેહ ... રા—મરદો! મરદો! શે મરદો કમજાત!
એ અધમ ... કીનો, કપટ, ને કતલ, એજ વાત!
એને ફતા ... નેકી, બદી, પર, મરજી એક બાત!
કહે પ્રીતમ ... જુલમ, સીતમ, એજ દીન અને રાત!
લોભ, લાલચની જાલ, તમ, ગાત!
નાજુક નારો ગાતેથી ફુટફાત!

... ઇરા અંતે બાહર ગેઇ નહી. પીઝારોએ ફરી
હરિ ભજ તેણીને રેહેવા દીધી. (મનમાં તે બોલેઓ)
જડબુદ્ધી ... દીવસ થએઓમાં એની ખ્યાલમાં મોટો ફેરફાર
તેં અનેક ... જેનું કારણ મને સમજણ પડતું નથી.
... રનાં સરદારો તથા બીજા અમલદારો આવે
અઘ ઓઘ પોતાની ઈઉકતી સંભળાવેછે.
ફર્યો માર ...
માયા બંધ ... રો—દાસતો, અને સુરા સાથીઓ! પીઝારોની
પાપ્યો મનુ ... તથા રંજનો પુરો બદલો મલવાનો દીવસ પાસે આવેલોછે. કાલરોજે બડી બાંમદાદમાં આ
હવે ગાઈ લે લડાઈમાં ફતેહ ચાહવાને પોતાનાં દેહડાંમાં
તું આડ પહાડ ... આ કરવા ભેગા થનારછે, માંટે તેઓ ઉપ
તારાં કષ્ટનો પાડી કતલ કરી નાંખશુંતો આપણ ફતેહ
દુખ જનમ મરણ ... શક નહી, અને ફતેહ જો મલીતો
કહે પ્રીતમ ચેતા આપણે માંટે ખોલ્લાછે.

—(ઉટમાં) અને એમ થએઉંજો પીઝારો
... થશે!
—નહી બાઈ, એટલો જલદી નહી. લોભની

આગમજ વીચાર વધારે રાંડવો જોઈએ. જ્યાંહસુધી પીત્રારો સપેન દેશ ઉપર આધાર રાખે, તાંહાંશુધી તેનાંથી સવતંતર બાદશાહ થવાએ નહીં. હાલતો રાજની લગામ આરીલીબાનાંજ હાતમાં રેહેશે, પણ પાછલથી કાંઈક શગાઈની ઈઉકતી કરશું તો તાજ આપણાંજ માથાં ઉપર પોતાની મેલે પડશે.

આ બીના સાંભલી એલવાઈરા બબરતી ઉઠી ગઈ. તે જોઈને પીઝારો પુછવા લાગો "કેમ આ મારી તદબીર તુંને કેવી લાગેછે?"

એલવાઈરા—ઘણીજ નેક! ઘણીજ વાજબી!!

(બબરીને)

અગર રાસતીનો રાહ, જે કરે અદા,
અમર કીરતીનાં કીરણ, તે પાંમે મુદા.

પીઝારો—કેમ વલી તારો મીજાજ કેમ ગએઓછે? તું શું બબરેછે?

એલવાઈરા—કઈ નહી—અમસતી બાઇરાંઓની સાધારણ બકબક—કાંટો—મીજાજ, બીજું શું! (રણસીંગડાંનો અવાજ સંભલાએઓ) જાઓ તમો બાહદુર સરદારો અને સુરા સીપાઈઓ તમારી કીરતી લુટવા તમારા સરદારની પછવાડે ધસડાઓ, તમારાં નાંમ તવારીખનાં કાલા પાનાં ઉપર કાએમ રેહેશે.

---

પરકરણ ૬ જું.

આ સપાનીશ સરદારો તથા સીપાઈઓ, જોકે જાતે ખરીસતી હતા તોબી ઘણાજ ચંડાલ તથા ખુની હતા. તેઓની રગોમાં તેઓનાં સુબાના ઘાતકીપણા સીવાએ દએઆનુ એક ટીપુબી હતું નહી. તેઓ મતલબીઆ હતા અને લડાઈમાંથી લુટ મેલવવી એ તેઓની મોટી નેમ હતી. તેઓ પોતાના સુબાના હુકમને તાબે હતા પણ તેઓની ખરી વફાદારી વાં ઉપર સોંપેલી હતી. સઘલાઓ બાહર પડે આ બાદ બે સપાનીસ સીપાઈઓએ એક બુઢા પીરૂવીઅનને દુરથી એક જાહડનાં છાંએઆ તલે બેઠેલો દીઠો. જાંણે તેઓ એક મોટા વાઘનો શેકાર કરતા હોએ તેમ તેનો શેકાર કરી પીઝારોની આગલ પકડી લાવેઆ. આ બુઢો કોઈ બરો મસકેરો અને તાંણુવાલો હતો. જોકે તેનુ શરીર બુઢાપાનાં બોજાથી નાતવાન થઈ ગએલું હતું તોબી પોતાનાં દેશ તથા દેશી ભાઈઓ વીશે ખરી પ્રીતી રાખતો હતો.

પીઝારો—બુઢા તું આ મુલકમાં કોણછે અને તારો સરદાર કોણછે?

બુઢા—(તાંણથી) અરે પેહેલે તુંજ મને કેહેની, આ લુટારા ઉઠાઉગીરો મને સરદાર કોણછે?

એક સીપાઈ—(ગુસામા) આ ખંજરનુ એની છાતીમાં મેઆન કરૂં?

બુઢા—(ધીકારથી હસીને) હા! હા! વા! તમારા લશકરમાં સઘલા તારાજ જેવા કીરી મકોડીના પેહેલવાન છે કે? શું જબરી બાહુરી કરેછ! એક પેરના કીનારા ઉપર ઉગેલા ગરીબ બુઢાને મારી નાખવામાં બાહુરી સમજોછ! કદાચ મારા ગામના ઉંદરડાં મારે તોબી કાંઈક વધારે બાહુરી ગણાએ.

પીઝારો—પણ એ બેવકુફ બુઢા, તું આ દેશ વીશે શું જાંણેછે તે હમને કેહે.

બુઢો—ભાઈ હું તો હાલ એટલુંજ જાંણું કે તું મને મારી નાખનાર છે.

પીઝારો—તેઆરે તારૂં મોહ સંભાલીએની. મોહડાંમાંથી આવું બોલતે નહીતો કદાચ તું બનશતે.

બુઢો—(ધીકારથી) અરે જા, હું મરવાની કાંહીં પરવા રાખું છું. હતું શું અને ગએઉં શું. મારૂં તન તથા મન એક સુકાં જાહાડની મીસાલે થએલું છે, તેમાં વલી તારા જેવા પીંડારાની રેહેમ શા માટે માંગું.

પીઝારો—(બુઢાને કંહે પાડીને) પણ જો મારી વાત સાંભલ—તારૂં જરા તાંણ નરંમ પાડ. હમો થોડાવારમાં તમારાં લશકર ઉપર હુમલો કરનાર છઈએ. હમે સાંભલીઉંછે કે અતરે કેએ એક છુપી સાંકડી ખીણછે, જે મધેથી તમારા કીલ્લા ઉપર શેહેલાઈથી ઉતરી પડાએ, માટે અગર તુ તે છુપો વાટ હમોને દેખાડી આપેતો તું જેટલી દોલત માગે તેટલી આપું.

બુઢો—હા! હા! હા!

પીઝારો—કેમ શું આ હમારી માગણીનો તું ધીકાર કરેછે!

બુઢો—ધીકાર કરૂંછ તારો—ધીકાર તારી વાતનો,
ધીકાર તારી દોલતનો—ધીકાર તારી જાતનો.
મે બાધુ પુતરનુ ગમ્યુછ હું ધન,
છે દોલતમન તેથી મારૂં તન અને મન.
વલી છાતી મારી રાખેછે છુપું એવું નંગ,
ન થાએ જેની કીમત—ન જાએ જેનો રંગ.

પીઝારો—હં હં! એવું અમુલીખ જવેર તારી પાસે કાંહાંથી? તે શું છે તે મને કેહે. (લુટવાના વીચારથી)

બુઢો—મારૂં હઈડું—મારૂં અંતઃકરણ—હઈડાંના જેવું બીજું શુખ કાંહ છે? તમો ગમે તેવા જરીના પોશાક પેહેરો, પણ અંદરખાનેથી તમારૂં હઈડું સડી ગએલું હશે એમાં શક નહી.

પીઝારો—(મસકેરીમાં) હું ધારૂંછ પીરૂવીઅન લોકો મધે તારા જેવો ધુતારા બીજો કોઈજ નહી હશે.

બુઢો—હુંબી ધારૂંછ સપાનીઆરડ લોકો મધે તારા જેવો લુટારો બીજો કોઈજ નહી હશે.

પીઝારો—બેરડા બુઢા કેહ, તમારાં લશકરની શંખીઆ કેટલીછે, અને તમારી છાવણીનો કીઓ ભાગ નબલોછે?

બુઢો—લશકરની સંખીઆ? પેલાં જાહડનાં પાતરાં ગણ. હમારી છાવણીનો કોઈબી ભાગ નબલો નથી પણ સઘલી તરફથી ઈનસાફ અને પ્રીતીનાં પુશ્તાથી મજબુત કીધેલોછે.

પીઝારો—તમો લોકોએ તમારી ઓરત તથા બચાંઓને કેહાં સંતાહેલાંછે?

બુઢો—તેઓના ભરથાર તથા બાપની છાતીમાં છુપાવેલાંછે.

## સાસરીઆંનું સંકટ કેમ ટલે?

વાહાલાં બેહન,

તમારો કાગલ ટાવો મલીઓ છે. તમારાં મરનાર માતાજીએ પોતાની છેલ્લી ઘડીએ જે વચન તમારી હજુર મને સંભલાવીઆ હતા તે હું કવચીત વીસરનાર નથી, અને તે વચનની રૂહેજ આ તમારાં કાગલનો જવાબ લખુંછું.

વાહાલાં બેહની હું અસલથીજ તમને બેહન કરી કેહતો આઓછ અને હાલબી તમુને બેહન તરીકે લેખુંછું. તમારાં સુખને ચારથે જેબી કાંઈ મેં કીધુંછે અને કરશ તે કરવામાં હું મારી ફરજ અદા કરૂંછ અને કરશ એવુંજ સમજુંછ. તમારાં માનાજીનો ઊપકાર હમારી ઊપર કાંઈ ઠોડો નથી.

પીઆરી બેહન તમારો કાગલ મેં ધીઆન દેઈ વાંચીઓ છે અને તે વાંચતાં મને ઘણોજ ખેદ થાઓ છે, કેમકે તમારા સંસારની દોરીએ એટલોતો વલ ખાધો છે કે તે જલદીથી તુટી જવાની ધાસ્તી લાગેછે. તમને સાસરીએ ગોઠવાએલાં જોઈ મને ઘણોજ સંતોશ ઊપજતો હતો, પણ તેજ સાસરીઆંમાં આવો કંકાસ ઊઠેલો જોઈ ખરેજ મારો જીવ બલેછે.

હવે બેહન તમોએ એ કંકાસનું વીસતારીને જે દાસતાન લખેઊંછે તે સંધું પેહલાંતો હું ખરૂંજ માનુંછ અને તે ખરૂંજ છે એવું વીચારી તે ઊપરથી બે સલાહના સખુનો જે માંગીઆ છે તે લખવાની રજા લેઊંછ.

પેહલાંતો તમો તમારાં મરનાર સાસુમો સોગ અને ગંમ કરોછ અને તેવનની ખુબી લખોછ તેમાં હું બોલેબોલ સાંમેલ થાઊંછ. તમારાં મરનાર સાથે હાલના સાવકાં સાસુનો મુકાબલો કરોછ, પણ બેહન મરનારતો તમારા ધણીના પોતીકાં માએ હતાં. પોતીકી માએનો પીઆર જેણે તે બચાંઓને શકતી ખેંચી, પોતાનું લોહી પાઇ ગરભમાં રાખી ઊધારેલાં, તેવી માએ સાથે એક તરાહેત ઓરત જેહને તે બચાંઓ વીશે કાંઈજ દાહાજ નહી તેનો મુકાબલો કરવો વાજબી નથી. તારે હવે વાચારો કે, પોતીકી સાસુથી જેટલું સુખ મેલવવાની આશા તે સાવકાંથી કેમ પુરી પડે! હા બેહન હું કબુલ કરૂંછ કે તેઓ તમને મેણા તાંણા મારતાં હશે—તમારી ઊપર ખોટો જુલમ ગુજારતાં હશે—તમને તેથી રાત દહાડે જપ તથા ભુખ નહી હશે—અને સદા એવા અંદેસામાં તમો ગરક થાતાં હશો—પણ તેને વાસતે તમને એકજ ઊપાએછે તે એક સબુરી એખતીઆર કરવી. બેહન આપણામાં કેહની છે તેમ "જાલમ બેત ખરાબછે"—જુહાકની જાલમી શદા કાએમ રહી નથી. જુલમગારો કદી પણ સાબુત અથવા સલામત નથી, કેમકે જે જમીન ઊપર તેઓ ચાલેછે તે નીચેથી પોલી અને પોકલ થાતી જાએછે. જેબી ચીજ દુનીઆમાં એકદંમ ઘણીજ ચહડેછે તે જલદીથી જમીનદોસત થાએછે.

હવે તમારા ખાવંદ પેસતનજીની તમો ફરીઆદ લખોછો તેમાં હું બીલકુલ સાંમેલ થાઇ શકતો નથી, કેમકે તેની કેટલીક હાલતથી આગલ હું તમારેથીજ વાકેબગાર થાએલો છેઊ અને તેના કારણો હું નીચે ટુકમાં જણાઊંછ, તે ઊપર વીલંબ લેઇ દરીઆફત કરજો.

પેહલુંતો એક બીચારા પેસતનજીના દીલમાંથી હજુરતો પોતાની મા મરવાનો ગંમ દરે થાઓ નથી, અને તે ગંમ તમારા વરને કાંઇ થોડો ના સમજતાં. બીચારો મુંગે મોહડેનોછે તે સંધું ગલીઆ કરે છે અને વલી ઊપરથી મીહનડામાં ખપવું પડેછે.

બીજું એક તે બલેલો જલેલોબી તમને દીલાશો આપે તેથી તમો ધરાતાં નથી, અને ઊલટો ઠપકો દેવો છો કે પેસતનજી તમારી ઊપરનો જુલમ તાલતા નથી.

તરીજું એક પેસતનજીની ગુંજાસ કાંઈ નહી, અને તેમાં તમો એરીન, વારા, સારી તથા એવીજ બીજી ચીજોની હર વખત ઊઘરાંણી ચલાવોંછો, અને બીજી બાએડીઓને તેવોના ભરથારો કેવી મોજ જોક અને આપ લે કરે છે, અને તમારાજ નશીબે એવો ભરથાર મલીઓછે કરી તેના મોહડાં ઊપર બોલી તેના દુખની ચેહમાં ઓર પાંણીને બદલે તેલ રેડોછો એ શું! વાજબી છે?

ચોથું એક, એવી એવી રીતના રોજીનદા કંયલાથી તે બીચારો કંટાલી તમારી હજુરમાં ઊભો રેહતો નથી, અને જેમ બને તેમ તમારેથી દુર રેહછે તેથી તે, મોજ મજાહમાં પડીઓછે અને તમારી દરવાસ કરતો નથી કરી તેને તમો સતાવોછો. એ વગેરે બીજાં કેટલાંક કારણો છે તે હાલ નજીવાં સમજી મુકી દેઊછું.

બેહન જો તમારો વર તમને આગલ ચાહતો હતો, અને હાલ નથી ચાહતો, તો તે વાંક હું કેહુછ કે તમારોજછે—કેમકે જો તેની તરફ તમો મમ

તા અને માઓઆ ભરેલાં હોવ, તો તેનેથી તમુને ચાહે આ વગર રેહવાએજ નહી. જો તમારામાં મમતાનો ગુણ હોએ, અને આપ મનલબને વાહાલી નહી ગણો, અને તમારા ખાવંદનુ સુખ વધારવા માટે તમો પોતે અડચણ વેહલા ભોગવોતો, પછે તે ખાવંદ તમારો થાઇ ને નહી રેહશે એ માંનવું વીચારથી દુરછે. જો તમને તે નહી ચાહતો હોએતો, તે તમારાં કંમનશીબને નાં લાગુ પાડતાં,પણ તમારોજ કાંઈ વાંકછે એવુ વીચારી તે સોહથી કાહાડી સુધારો નહી તાંહાંસુધી આરાંમમાં બેસતાંનાં.

બેહન તમો તમારા ભરથારને કંમસમજથી કેટલું દુખ કરોછો તેનો વીચાર કરો. તેની તબીએત તમારાજ બોલોમાં લપુનો લકરતી ચાલેછે અને ગંમ અને સોગમાંજ બલ્યા બલીને (ખોદા ન કરેને) એનાં જીવને કાંઈ હાંની થાએનો પછે તમારો શો હાલ ! શું તમને તરણશે ચારસો રૂપીઆનું એરીન, વારા, ઝાંકરી અને તીલીની સારીઓ કાંમ આવવાનીછે ? નહી બેહન નહી લાંબો વીચાર રાખો—તમારૂં પાંઠરણ જોઈને પગ લંબાઓ અને ખરૂ સુખ જહવેરાત અને મોતીમાં નથી,પણ તમારા ભરથારને સુખી રાખવામાંછે એવું સત કરી માંનો.

ખરેજ બેહન હું દલગીર છેશી કે એવી કમસમજ ઓરતો આજ ઘણી મલી આવશે જેઓથી ખાવંદનું ખરૂ સુખ લુટાઈ જાએછે, જેવોને સુખ મેલવવાં સારૂ લાવે તેવોજ તે લુટે પછે બાકી સું ! રહેશે.

જો તમો પેસતનજીનો પીઆર મેલવવા જીગરથી ચાહતાં હતેતો સારાં સારાં વસતરનો અભકડો છોડી દેઈ તેની ગુંજાસ ઊપર વીચાર કરતે. પણ તમે તેમ નથી કીધું. જો તેવનનાં દુખની તમને ખરેજ દાહજ હતેતો તેની ગંમગીનીમાં તમો ભાગ લેતે, અને તેને ઘટનો દીલાશો આપી ચાલુ હાલતમાં સખુરીથી રેહવા કેહતે, તેમ તમે નથી કીધું. પેસતનજીનાં દુખનેતો તમોએ સદાખરૂ વીસારીજ મુકીશે; અને તમારાંજ દુખનું (જો દુખ કહીએતો) નીવારણ ઈછોછો, તે કેમ બને !

બેહન મારાં ઊપલાં લખવાથી પેહલાંતો જરા તમને માઠું લાગસે ખરૂં, પણ તે સરવે તમારા ફાએદાને સર છે કે નહી, અને તે કીઆ દીલમાંથી નીકલેલુંછે તે ઊપર જેવારે વીચાર કરશો ત્યારે તમોને આપોઆપ માલમ પડશે કે એ લખાંણ કેવા નીરમલ જહરામાંથી નીકલેલુંછે.

હવે બેહન તમને સાસરાંમાં હાવી વખતે કેમ ચાલવું તે વીશે નીચે લખી તે ઊપર તમારૂં ધીઆંન દોહવા માંગુંછ.

જો પીઆર અને મોહબત મેલવવી હોએતો સવભાવીક રીતે ચાલજો; અને તમારાં કાંમકાજમાં સરવદા હેસાંનમંદ રેહેજો. વલી આ કાએદો પણ ધીઆંનમાં રાખજો કે તમારા ભરથારનું સુખ સોધવામાં તમારૂં સુખ વધશે. તમારા ભરથારને સાથી સુખ મલશે એ જો જાંણવું હોએતો આ નીચલી નીતી ઊપર સદા અમલ કરજો.

પેહેલું એક તમારા મીજાજને દાબતાં રેહજો. બીજું એક એકલપેટાપણાને અને આપ સવારથને હરી ઈઆને જીતી લેવા શીકજો. તીજું એક સાંભળાંને વાતચીતમાં ખીજવતાં નાં, અને તમે પોતે પણ ચીડશી સવભાવ રાખતાં નાં. ચોથું એક કોઈનાંભી મનને માઠું લાગે એવું બોલવાથી બનતાં સુધી પહરેજ રેહજો. પાંચમું અને છેલુ એક જેઓને આપણે પીઆર અને મોહબતથી ચાહતાં હોઈએ તેઓનુ સુખ વધારવાને હરપલ ખંતી રેહવું જોઇએ—અને સદા નમનતાઈ તથા ગરીબાઈ—ખાંમોસી તથા બરદાસત કરવાની રીત—જલદીથી માંફી બખશવી તથા વાંકો ભુલી જાવા—હરએક કાંમસર તતપર તથા તઈઆર અને હસતો મુખરો રાખતાં શીખવું જોઈએ.

વાહાલી બેહન ઊપર લખેલા પાંચ કાએદા જો બરાબર ધીઆનમાં ઊતારી ચાલશોતો, ફરી કદી પણ તમને ફરીઆદ કરવાને કારણ રેહશેજ નહી એવી મારી પકી ખાતરીછે. જો ઊપલા ગુણો તમે પોતે મેલવશોતો તમારાં સાસરાંમાંનું સરવે અવર તલી જાશે, અને તમારા ભરથારનું મનમાંનતું સુખ ભોગવી શકશો.

હાલ લંબાંણ થાવાને લીધે ખતંમ કરૂં છ અને વલી કોઈ બીજી જોગવાઇએ તમારી શેવા બજાવીશ.

વાહાલાં બેહન,

હું છેઉં

તમોને સદા સુખી જોવાને ઈનતેજાર બાઈ.

## આવાજ.

સવાલ—જરા મેહેરબાની કરીને સમજાવશો કે આપણ આવાજ સાંભલીએછ તે શી ચીજ છે ?

જવાબ—દરીઆના પાંણીમાં મોજા થાએછે તે તમે જોએલા છે; તેમજ હવામાં પણ મોજા થાએછે. તે મોજા આપણી નજરે પડતા નથી, પણ તે આપણા કાંન ઊપર આવીને વાગે છે તારે આવાજ માલમ પડેછે.

સ૦—પણ હવામાં મોજા કેમ પેદા થાએ છે ?

જ૦—એક દાખલો લેઓ, જો ખાંનાની ટેબલ ઊપરનો એક કાંટો લેઇને કાંણ આગલ પકડીએતો કાંઈ આવાજ નીકલતો નથી. જો તે હવામાં જોરથી હીલવીએ તોપણ આવાજ થતો નથી; પણ જો તેને એક ટેબલ ઊપર ઠોકીએ તો જલદીથી આવાજ નીકલશે. આવાજ નીકલતી વખતે કાંટાના દાંતા હીલતા માલમ પડશે અને આપણા હાથને પણ લાગશે. જેવા દાંતા હીલતા બંધ પડીઆ કે આવાજ પણ બંધ થઈ જશે. હવે કાંટો ઠોકીઆથી તરત આવાજ પેદા થાએછે, તેના જોરથી આસપાસની હવા દબાએછે. એ હવાના દબાનના ઝોંકથી તેની પાસેની હવા ઊપર દબાન આવે છે એમ કરતા સઘલી હવાને એક એક પછી ઝોંકો લાગીને દબાન થાએછે, તેથી હવામાં જાંણે કે એક જાતના મોજા પેદા થાએછે. હવાનું દબાન આસતે આસતે કમતી થાએ છે અને છેલે તદન નરમ પડી જાએછે. જો આવાજ ઝીણો હોએતો આસપાસની થોડીજ હવા ઊપર અસર કરે છે અને નજદીકના આદમી તે સાંભલી સકેછે. જો આવાજ મોહોટો હોએ છે તો ઘણું દુર લગી હવાનું દબાન થાએ છે અને તેટલા માટે ઘણા દુર લગીના આદમીઓ તે આવાજ સાંભલી સકેછે.

સ૦—તારે શું આવાજ પેદા કરવાને માટે હવાની જરૂર છે ?

જ૦—હા, એક કાચના વાશનમાંથી ભુમખાની મદદથી હવા કાહાડી નાખો, અને પછી અંદર એક ઘાંટ વજાડો, જોકે ઘાંટની જીભ હીલતી માલમ પડશે પણ આવાજ કાંઈ પણ સંભલાશે નહી.

સ૦—વારૂં જારે ઘાંટ વાગતો હોએછ તેવો જો આપણે તેને હાથ લગાડીએછ તો આવાજ બંધ કેમ થઈ જાએછ ?

જ૦—હાથ લગાડીઆથી ઘાંટની જીભની કણીનુ હીલવું બંધ થાએછે, તેથી હવામાં ઝોક લાગતો નથી તેટલા માટે આવાજ પણ બંધ થાએછે.

સ૦—જારે બંદુક અથવા તોપ દુરથી ફોડેછે તારે પેહેલાં ચમકાટ અને પછી તેનો આવાજ માલમ પડેછે તેનુ કારણ શું ?

જ૦—તમારે ધેઆનમાં રાખવું કે હવામાં રોશની આવાજનાં કરતાં ઘણીજ જહદપથી પસાર થાઈ શકેછે. એવું માલમ પડીઊંછે કે રોશનીના કીરણ એક શેકંનડમાં ૧૯૨,૦૦૦ માઈલ રસનો કાપેછે પણ આવાજ એક શેકંનડમાં માતરે ૦। માઈલ જાએ છે, તારે અલબતે પેહેલાં ચમકાટ એટલેકે રોશની માલમ પડેછે અને પછી કેટલીએક વારે આવાજ સંભલાએછે.

સ૦—વારૂ બે વાહાણ દુર હોએછે તારે વાત કરવાને માટે રંશીગડું કાંમે લગાડેછે તેનુ કારણ શું ! શું આવાજ એથી કરી વધારે દુર જાઈ સકેછે ?

જ૦—જારે આપણે ખોલી હવામાં બોલીએછે તારે આસપાસની સઘલી હવાને ઝોંક મલેછે અને આવાજ પંથરાઈ જાએછે, પણ જારે રંશીગડાં માહથી બોલીએ તારે માતર તે નલી માહલી હવાનેજ ઝોંક મલેછે, આસપાસની હવા તે ઝોંકને અલવલ પોહોચાડતી નથી અને થોડી હવાને જોરથી ઝોંક મલીઆથી મોજા દુર લગી જાઈ સકેછે અને તેટલા કારણને માટે દુર શુધી આવાજ મોકલવાને માટે રંશીગડું કાંમે લગાડેછે.

સ૦—જમીન ઊપરનાં કરતાં દરીઆમાં માંણસનો આવાજ ઘણો દુર લગી જાએછે તેનુ કારણ શું ?

જ૦—પાંણીનો સપાટો જમીનના કરતાં શુમારી હોઆથી આવાજને જલદીથી દુર લગી લેઈ જાઈ સકેછે, વલી જમીન ઊપર ઈમારતો, પાહાડો, છતી આદી હોવાથી, હવાના ઝોંકને વારેઘડીએ અટકાવ થાએછે, તેમ દરીઆમાં ઝોંકને અલવલ થતી નથી.

સ૦—એમ કેહે છે કે ઊતર દરૂ તરફ માણસો એક માઈલને છેટે વાત કરે છે તે કેમ બની સકે ?

જ૦—ઊતર દરૂ તરફ હવા ઠંડી અને જાડી હોવાના સબબથી, આવાજને જલદીથી ઘણું દુર લગી ઘસડી લેઈ જાએ છે અને વલી બરફની સાફ સપાટીને લીધે આવાજને જતાં અલવલ પોહોચતી નથી.

સ૦—એમ કેહે છે કે જંગલી લોકો જમીન ઊ

પર માથું મુકીને દુરથી આવતાં માણસ અથવા જાણવરના પગલાંનો આવાજ સાંભલી સકેછે તે કેમ ?

જ૦—હવાના કરતાં પાંણીમાંથી આવાજ ઘણો દુરવેર જાએ છે અને પાંણીના કરતાં જમીન વધારે ખટ હોવાના સબબથી આવાજ વધારે જલદીથી ઘસડી લેઈ જાએછે. રેલવેના પાટા ઊપર કાન મુકીઆથી ઘણી દુરથી આવતી ગારીનો આવાજ એજ કારણને લીધે સંભલાઈ સકાએછે.

સ૦—કોઇ વખતે દેવલના ઘડીઆલનો આવાજ ઘણોજ પરગરો માલમ પડે છે તેનું કારણ શું ?

જ૦—પવનને જે તરફનો હોએ છે તે પરમાણે સાધને ઘસડી લેઈ જાએછે, વલી હવા જારે શુકી હોએછે તારે સાધ વધારે જલદીથી પસાર થાએછે.

સ૦—બેહેરાં માંણસ સાંભલતી વખતે કાન આગલ નલી મુકેછે તેનું કારણ શું ?

જ૦—હવાના મોજા સઘલા નલીમાં આવીને એકઠા થાએછે તેથી આવાજ પરગરો સંભલાએછે.

સ૦—એક લાંબી લાકડીને એક છેડે તાંચણીથી ઘસીએતો બીજે છેડે પરગરો ઘસારો કેમ માલમ પડેછે ?

જ૦—લાકડું આવાજને ઘણીજ જલદીથી અને સેહેલથી લેઈ જાઈ સકેછે. વલી લાકડાંની કણોમાં હીલચાલ વધારે જોરથી થાએ છે. એજ કારણને માટે કેટલાંએક વજનતરોમાં લાકડું વાપડવામાં આવે છે તેથી સાધ વધારે પરગરો માલમ પડેછે, જારે વજનતર વાગતું હોએ તારે જો એક બેહેરૂ આદમી લાકડાંને પોતાનો હાથ લગાડે તો તેને પોતાના મગજમાં આવાજ માલમ પડશે અને તેથી તેને ખુશી ઊપજશે.

સ૦—આપણે જોરથી બોલીએછ તારે દુરથી થોડીવાર રહીને આવાજ પાછો આવે છે તેનું કારણ શું?

જ૦—જો આવાજ જઈને હરેક ચીજ ઊપર (જેમકે ઘેર, પાહાડ, ઈતીઆદી) ઠોકાએ છે તો પાછો તેજ આવાજ હવાના મોજાની મીસાલે બોલનારના કાન ઊપર આવીને પડેછે. આપણો આવાજ આપણી આસપાસની દેવાલ અને સીલીંગ ઊપર પડીને પાછો મારેછે, પણ બેવરો સાધ સંભલાતો નથી કાંએકે તે નજદીક હોઆના સબબથી બેઊ સાધમાં અંતર રેહેતો નથી. ઊંચી ઈમારતોમાં જેમકે આપણી ટાઊનહાલમાં બેવરો સાધ સંભલાએ છે પણ જે આવાજ નીકલીઓ તે ઊપર તરતજ તેવોજ આવાજ પાછો આવે છે તેથી બોલનારનું બરાબર બોલું સંભલાઈ સકાતું નથી. ખોલા મેદાનમાં જારે મોટેથી આવાજ કાહાડીએછ તારે તે થોડોવાર રહીને પાછો મારે છે કાંએકે જે ચીજ ઊપર જઈને પડેછે તે દુર હોઆથી આવાજને જતાં અને પાછો આવતાં વાર લાગે છે. કોઈ વખતે આવાજ આસપાસની ઘણી ચીજો ઊપર જઈને વાગાથી પુશકલ આવાજો પાછા કાંને પડે છે. ઈંગલંડ દેશમાં ગલાસટર નામના પરગણામાં ઊડસતાક નાંમની જગા આગલ એમ કેહે છે કે આવાજ પચાસ ગમથી પાછો વાગેછે.

સ૦—જારે તનેલ અથવા બુગદાની હેઠેથી આવાજ કાહાડીએછ તારે તે મોટો કેમ માલમ પડેછે.

જ૦—કાંએકે આપણો આવાજ તરતજ પાછો વાગેછે અને જેમ રોશનીની પછવાડે ચલકતી ધાતુના પતરાં મુકીઆથી તે વધારે દીપી નીકલે છે, તેમજ બોલનારની પછવાડે અથવા ઊપર જાંણે કે પાછો આવાજ લાવનાર હોએતો, આવાજ વધારે જોર પકડેછે. ટાઊનહાલમાં જો બોલનારની પછવાડે અને ઊપર ગુંબજની મીસાલે પાટીઆં ગોઠવીઆં હોએતો આવાજ મોટો અને પરગરો નીકલે.

## સ્ત્રી દરપણ.

### નાલીબાઈ શતાક.

બાહેરકોટ નાલીબાઇ નાંમની એક નીંદાખોર બાએડી રેહતી હતી. એને લોકોની તાતવાત કરવાનો અને બીજાંઓને હલકાં પાડવાનો એવોતો હબકડો હતો કે, કોઈને વીશેની કાંઇ કેથે હલકું બોલાએ ચલાએ તે, ખરૂ હોએ તેમ ઊચકી લાએ. એ તેની સાંભલેલી વાતો આસપાસનાં પાડોસીઓ અને પોતાના સહી મીતામાં કરે નહી તાંહાંસુધી તેનો ધરવ પુરો પડે નહી. એવી ચાલને લીધે એને કેટલાંકોતો નાલીબાઇ સતાકને નાંમે ઓલખતાં હતાં. જો કોઈને જોવા અથવા કેથે બેસવા જાવાનુ હોએ અને કોઇ સાથે થાએઊનો સતાકબાઈ તઈઆરજ—કેમકે પછે તાંહાં લોકોની તાતવાત કરવાની તેમજ નવી સાંભલવાની તેને જોગવાઇ બને.

એક દાહાડે નાલીબાઈ, પોતાની શહીનાં સગાં સોલુભામાની સુનાબાઈને ખહી થએલો અને તાંહાં અવાર નવાર જવાનો માવેરો હનો, તેથી જોવા ગીઆં હતાં. તાંહાં બીજાં આડોસી પાડોસીનાં બઇરાંઓ જોવા આવીઆં હતાં. આવો, બેસોની, સાહેબ તવાજં થાવા બાદ નાલીબાઈ પુછવા લાગાં "માંએ દવાદારૂ કીનની કરોછ" ઘરનાં ધણીઆની ગુલબાઇ બોલીઆં માએ દવાઈતો ફરતા ફરતાઓની કીધી, પેલા ઇસપીટાલવાલા મોહટા ડાકટરનીબી કીધી પણ કાંઈ ફેર પરતો નથી. જે આવેછ તે નેહ પાએછ માએ બીજો કાંઈ ઈલાજ કરતા નથી.

**નાલીબાઈ**—માએ એ દરદ પરોણિ ખરાબ; જોવોની મારા પેસતનજીની વહુને એ નાંપાક થઓતો, તે બીચારી રીબી રીબીને મારગ લાગી—તેનેબી માંએ ફરતા ફરતાઓની દવાઈ કીધી પણ કાંઈ થાગ નહી લાગો. પણ માંએ પેલો વોહોરો હમણાં નીકલીઓછ તેની સઉ તારીફ કરેછ, બે દારા જરા તેનો હાથ ધરોતો સારૂં; એમતો વરી આટલા મુઆઓની દવાઈથી સું ફેર પડીઓ તે વોહોરો કાંઈ પાખ આપેછ તેથી ઘણાઓને સારૂ થાએઊછ. પણ તેનો ભુક મરે બહુ ભારીછે.

**ગુલબાઈ**—(બીચારી હવે ડુબતી ફીણને વલગે તેમ) હા માએ આટલા રૂપીઆની ધુર થાઈ, તે વલી એટલા પુરા; જાંહાં તાંહાંથી મારી છોકરીને ફેર પરવા સાથે દરકાર.

આવી રીતની વાતચીત સાંભલી બીચારી શુનાબાઈ ખહીનાં રોગથી ખવાઈ ગએલી, તેમાં વલી તેને ધાસતી પેઠી અને પોતાનુ દરદ સારૂ થાનાર નથી એવી રીતે દીલમાં આશા મુકવા લાગી. એ વખતે શુનાબાઇનો ભાઈ નાદરશા તેજ ઓરડામાં બેઠેલો હનો તેનેનો ચવરાઇ આવીઊ કે વલી આ નાંપાકી કાંહાંથી આવી કે પેલી બીચારીનાં મનમાં ધાસતી પેદા થાઇ અને તેનું મોહડું ફગ જેવુ થાએઊ.

તે દીવસે નાલીબાઇ સતાકનાં દીલમાં પોતાની વીધવા પરોસનની વાત હતી જે આગલ બીજે ઠેકાણે કરી આવેલી તોબી તે હર બાંહાંને કાહાડવા જાએ પણ કાંઇને કાંઈ વચમાં અડચણ નરીઆ કરે. થોડેવારે જારે નાલીબાઇને જોગવાઇ મલી તેવીજ તે વાત કાહાડી અને સંધાં બઇરાંઓએ તે સાંભલવા ઊપર ધેઆંન આપીઊં.

માએ પેલી મારી પરોસન હીરાં રંડાએલીછે તેને આપરેતો આજ સુધી ઘણું સારૂં માણસ જાણતાં હતાં, પણ માએ બારોબારથી સાંભલીએછતો જાંણે આપરૂં દીલબી કંમકમેછ. અતીઆર સુધીતો હુંબી મારી છોકરીને એને તાંહાં સીવવા સીખવા મોકલતી હતી ને જેબી સીવવા સાંધવાનું હોએ તે મોકલી આપીએ કે એ મસે ગરીબ બીચારીનું ભલું થાએ. એકતો માએ આપરાં બચાં નાદાંન પરીઆં ને એવાં નઠારી લત વાલાંની સંગતમાં બેસે તે આપરો જીવતો નહી માંને. તમારી છોકરીનેંબી મોકલવાનું બંધ કરો આગુને સારાં માણસને એ નહી પરવરે.

એ બાઈ આદમી, ઘેરમાં એખલી ને કોઈ કરતાં કોઈ ઘેરમો માંટીડો નહી અને તાંહાં પેલો **સોરાબજી** રોજ રોજ આવે, તે પછે બીજું શું લોકો વીચારે! વલી એની છોકરીને તરેહવાર ઓધાવે, પેહરાવે ને એના ગરીબ ઘેરમાં કોઈ વખતે ગીઆં હોઈએતો બધું સુશીઆની ને જાંણે આપરે તાંહાં નહી મલી આવે તે તાંહાં નજરે પડે. થોડાજ દાહાડાની વાત ઊપર હું એને તાંહાં ગેઈતી; તે એની પાસે ચીનાઈ બે તરણ જગજગ કરતી સારીઓ ને તેવીજ ફરમાસુ કોચો પડેલી ને સોરાબજી તાંહાં આવેલો તે હુંતો મનમાંજ સમજીને મુંગી બેઠી:

માએ આપરેતો એની દઆ ખાતાંથાં કે બીચારી ઊપર તરેહવાર ગુજરી ગીઊં ને વરી છેલે વરંબી મરી ગીઆ ને બીચારી લાચાર બેચાર થાઇ પરી ઓહાભણીબી તેવીજ ને કોઈ વખતે જાઇએતો ભણતી ને બંદગી કરતી માલમ પડે, પણ જેદારથી આવો મામલો જોએઆ તેદારથી આપરેતો ચોકીઆં ને શીવવા વેતરવાનું કાંઈબી હોએ તે દરજીને તેરાવી કરાવીએછ.

**બીજી જોવા આવનારી બઈરી**—હા, માએ મેંબી એવુંજ સાંભલીઊંછે. સોરાબજીને ને તેને એટલું બધું શું, કે તાંહાં રોજ એક ફેરો મારીઆ વગર ચાલેજ નહી, એમતો બીજાબી વરોના દોસદારો હોએછે કેની—પણ આવું આપરે નહી દીઠેલું. એવાં મુઆંને હુંતો ઓસરીએબી ચહરાંઊં નહી.

એ વાતને વલી બીજાંઓએ ટેકો આપીઓ અને ઘણાં ખરાંનીતો જાંણે ખાતરી થાઈ હોએ તેમ ઊંડું હીલવવા લાગાં. એ વાત બંધ પડી એટલામાં.

નાદરશા બીચારો ઓરડામાં બેસી સંધું સાંભલીઆ ક
રતો હતો તેનું ઊભાઇ આવીઊ અને તે કેટલીએ
ક બીનાં જાંણતો હતો તે ઊપરથી બોલી ઊઠીઓ.
નાંલીબાઈ, હીરાંબાઈને વાસતે તમો આટલું બધું બો
લીઆં અને તેને ગુનેહગાર ઠેડવી તેમાંની એક ચી
જ તમોએ પોતે નજરે જોએલી માલમ પડતી નથી.
તમો કેટલીએક બાબદ ઊપરથી શક નાખોછ તે બાબ
દોનો કોઈબી બીજી રીતે ખોલાશો કરી શકો. પેહલાં
તો જે બાબદ ઊપરથી કોઈબી માંણસને ગુનેહગાર ઠે
ડવવો હોએ તે બાબદની બંધે બાજુ તપાસવી જોઈ
એ અને તાંહાં સુધી તેને વીશે કાંઇબી માઠુ બોલવું તે
મોહ ગુનાહનુ કાંમ છે.

એ બાઈનાં ઘરમાં બીજો માંટીડો નહી એટલા
વાસતે શોરાબજીબી તાંહાં નહી જાએ અને પોતાનાં
મરનાર દોસતની બાએડીની ખબર અંતર નહી લી
એ તો પછે એ બાઇનો હાલ શો ! તે કરતાં શોરાબજી
એક ભણેલો અને આબરૂદાર વેપારી કેહવાએછે.
બીજુ એકે હીરાબાઈનાં મરનાર વરનો શોરાબજી ઊ
પર હેવો ઊપકાર કાંએ નહી હોએ કે જેથી તે જનમ
તેમાં ડુબેલો રેહે ! અને તેનાં બદલામાં તેનાં બચાં છો
કરાંની માવજત અને જતન કરે ? હીરાંબાઇ પોતે સુ
ફીઆની હોએતો પછે ગરીબ હોવા છતાં તે પોતાનું ઘે
ર સુફીઆની કાંએ નહી રાખે ? તમો ચીનાઇ સારી
અને કોરોની વાત કરોછ તે લોકોની કાંએ નહી હોએ?

જોવો હું જાણુંછ તે ખોલાશો સાંભલો. હી
રાંબાઈનાં વરે, સોરાબજી એકવાર વચગાલે, વેપાર ધં
ધામાં છેકજ બેસી ગીઆતા તારે, અહીંથી તહીંથી મે
હનત કરી નાંણાંની મદદ કીધી હતી. તેમાં મરના
રનાં પોતીકાંબી થોડાં નાંણાં હતાં. બંધે વચે દોસ
તી અને ભાઈચારો એટલો હતો કે, ચીઠી પતરી કાંઇ એ
કેમેકને આપેલી નહી. હવે તારબાદ થોડુંએ મરના
ર, વેપાર ધંધામાં, લાંબાં કરજમાં આવી ગીઓ અને
શોરાબજીથી કાંઇ મદદ કરી શકાઈ નહી. તેટલામાં
તો તે બીચારો આજારી પડીઓ ને મરવા સુતો તા
રે એક દારે હીરાંને સોરાબજીની હજુરમાં બોલાવી
કહેઊં કે, સોરાબજી મારો દોસતછે ને તુંને જોઈતી ક
રતી મદદ કરશે, બાકી મારી પાસે કાંઇ રહેઊ નથી.
હવે શોરાબજી મરનારનાં બચાં છોકરાંઓની પરવર
સી કરે તેમાં નવાઈ શી ? તમો પેલી ચીનાઇ સારી
અને કોરોની વાત બોલીઆં તે આ મારાં માએ બે
છ તેવનને પુછી જોવો કે તે હમારે તાંહાંની હતી
નહી. એ બાપડીનો ગરીબરો સંસાર જોઈ જેમ લો
કો દઓ ખાંઈ શીવવા વેતરવાનું આપે તેમ હમારે ઘે
રથીબી જાએછે. હવે સોરાબજીની બઈરીને આ લેન
દેન વીશે ખબરછે અને તેથી પોતે પણ તે બાઈ આગ
લ આવન જાવન રાખેછે—એટલુંજ નહી પણ જો કો
ઈ દીવસ સોરાબજીથી જવાતું નથી તો ઊલટો તેને ઘો
ક ઘોક કરેછે. હવે જારે આ પાક દાંમાંનની વીશવા
વીશે તમો આવી વાતો કરવા લાગાં તારેજ એ લેન
દેનની ખાંનગી વાત મને જાહેર કરવાની ફરજ થા
ઈ પડી.

ગરીબ બીચારી હીરાંબાઈ હજુરતો તે પોતા
નાં પરશેવથી રોટલી પેદા કરેછ અને આલસુ રેહવા
ચાહતી નથી, એટલામાં તેને વીશે હાવી અફવા ફેલાએ
આથી તેનાં દુખમાં કેટલો વધારો, અને તે ગરીબનાં હ
કમાં કેટલું નુકશાંન ? તેમજ શોરાબજીની આબરૂને કે
ટલો ધોકો ? વાસતે સદા કોઈનીબી અફવા તમારાં કાંન
ઊપર આવેતો તેની બેઊ બાજુ તપાસીઆ વગર એક
હરફબી તે વીશે બાહાર કાહાડતાં નાં.

નાંલીબાઈ સતાકને તેમજ પેલી બીજી બાઈને
એથી ઘણુંજ ખસીઆનું લાગું અને શરમીનદાં થાઈ
હોશેબા આપરેતો શાંભલેલી વાત બોલીઆં, કરી પો
તાનો લુલો બંચાવ કરી રખસદ લીધી.

વાંચનારી બાંનુઓ, તમારાંમા નાંલીબાઇ સતાક
જેવી કેટલી મલી આવવાની. હવે આ વાત ઊપ
રથી તમો નીંદા અને તાતવાત તથા બંધે બાજુ ત
પાસીઆ વગર હુલડાઈથી વાચાર આપવાને વાસતે શું
વીચારશો ? એવી રીતે તમારે પોતાથી કોઈવાર થાએ
ઊંછ ? ઇઆદ રાખજો કે એકવાર તમારે મોહડેથી એ
વી વાત થાઈતો તેથી સાંબા માંણસની નાહેકમાં કેટ
લી ખરાબી, અને કેટલું દુખ, અને તેનાં ગરીબ કુટંબ
નું કેવું ફનાસુકાંમ. વાસતે સદા આ બોલો તમારાં હઈ
દામાં કોતરી રાખજો કે " હરેક બાબદની બંધે બા
જુ તપાસીઆ વગર કાંઇબી માંઠો વીચાર આપવો અ
ને બોલવું, એ ગુનાહ ભરેલુંછે."

## સમુદરની સ્તુતી.

સમુદરને શાદી નજરે જોવા કે ફીલસુફની નજરે જોવા તોબી આપણા કીરતારની કીરતીની તે ગોએઆ એક આરસીછે. તે આરસીને જુદે જુદે વખતે જોસોતો તેમાંથી એટલીતો જુદી જુદી અજાએબી નજરે પડસે કે તેનો કાંઈબી અંત આવવાનો નહી. ઓ ઈસવર ! તારાં આએ બુલંદ પાંણી ચોવીસ કલાકનાં અરસામાં બેવાર ઓટેછે અને વધેછે તે કેમ ? દરીઆનાં દરામનાં મોજા ! કેવા તેઓનાં ઊછાલા ! કેવું જોર અને જહપ ! કેવી એકની ઊપર એકની ધસતી હાર અપાર ! કોણ તેઓને હીલવનાર, અને કોણનો તેમને આધાર ! આંખોમાં ટાઢક પડે તેવો, તે પાણીનો આકાસી રંગ, એકાએક બદલાઇને બનેછે સીહાઈ કરતાંબી સીહા કાલો; અથવાતો વાદળાં છાંએઆની અસરથી લીલો, પીલો, અને રાતો ફેરવાલો; તમો કહેસો કે સમુદરનાં એવા સું ધંગે ? આંણી મેરે લીલો, કંમપીલો, ને પેલી મેરે સુરંગ !

સમુદર તારાં પાંણી છે ખારાં તેતો સરવેએ જાણીઆં; પણ એટલા બધા ખાર તુંમાં કોણે આંણીઆ ? જોકે ગંગા અને જમુનાં અને સીંધુ સરીખી સેંકડો નદી રાંણી, તુંમાં ખાલી કરેછે, પોતાનાં મસક મીઠાં પાંણી, તોપણ તુંતો જાતે જોતાં ખારનું ભંડાર, કે જેઓનાં રસાએણી ગુણોછે અપાર.

જેઓએ તારી ઊંડાઈનું માપ કરવાની કીધીછે તજવીજ તેઓનું મતછે કે એકબારગી હીમાલીઆ જેવા પરવત, કે જેઓ ખરેખરાછે આકાસનાં ઠામ, તેઓબી તાહરા પાયલ પેટમાં કરી સકે મુકાંમ. વલી તુંમાંછે ખીણો, ખાઇઓ, અને ખડકો તમોમ, જગોજગોએ ભાતભાતની માછલીનાં મુકાંમ.

કહુવો કે જીવજંતોની વશતી સુકી જમીન ઊપર વધારેછે કે સમુદરમાંછે ? એક જીંગની ઘરબનાં બે પાટ, અને તે બે પાટમાં જેટલાં ઈડાં તેટલા જીંગ તે એક ઘરબમાંથી પેદા થવા જોઇએ. હવે જો તેવાક રોડબંન કરોડ જીંગ દરીઆમાં હોએતો તેઓનાં બચાં કયાં અને કુટુંબ પરીવારની વસતીનો સું અડસટો ધારીએ ! પણ વલી હઈઆંજ તે જગતનાં બાપનું દાહાપણ જોવો. જોવો કબીજી માંછલીઓ અગનીત બચાં જણેછે તોપણ મગરમછ એક વેતે એકજ પેદા કરેછે, અગર તેમ ન હોતતો આપણનું સું થાત તે તમો પોતેજ વીચારી લેવો.

વલી શું આએ થોડીછે અજાએબીની વાત કે જોકે માછલી માછલીનીબી કરોડો નીઆત અને જાત—એક એકથી જુદીજ તેઓની રીત અને જુદી ભાત; તોપણ દરેક સેલો પેત પોતાનું રાજ, અને સંનસારનાં સઘલાં કાજ, પુરૂથવીની સરૂઆતથી તે આજ દંન તુલીક મેલસંપથી ચલાવેછે, અને લોભી લડાક ઈનસાંનને લજવાવેછે.

કાલાં પાંણીનાં સમુદર ! ઓ તારી પાટાલ પેટીઓમાં કેટલા કોહેનુર પડેલા હશે ! ઈનસાંનનો ખજાણો તારા દરવીઅ આગલ સું બીસાદ ધરાવે છે ! મોતીનોતો તું ચાહેતો વરસાદ વરસાવે, અને પરવાલાનાં ડુંગર ઊઠાવે.

વલી વેપાર અને રોજગારનો તું ધોરી રસતો છે, અને તારી બરકતથીજ આએ જીંદગીનો અસબાબ સસતોછે. ઊદીઓગનો હાથ અને એલમની આંખ; ડુંગર જેવી કીસતીઓને ગોએઆ આપેછે પાંખ. લાવેછે તેઓ દેસે દેસની ઊકમાઈ, તે વીસે નથી જોઈતી આંહી જગોએ ગુવાઈ.

સમુદર ! ઓ બાહોલા સમુદર ! તોફાનનાં વખતમાં દીસેછે તું જુદોજ દેખાવ. જે પાંણીની સપાટી ઊપર એકવીસરા ઘાસનું એક તનખુબી ન હાલે, તે જ પાંણી બીજીવાર લંગરની સાંકલને કાચાં સુતર સમાંન તોડે ! જેવારે વીજલીનાં ચમકાર અને ગગડાટનાં કડાકા—જેવારે મોજાઓ વાગે ગોએઆ તોપનાં ધડાકા; તેવી વખતે ઈનસાંન કરે સું ઊપાએ, કુદરતની સાંમણે કોણથી લડાએ ? તોપણ તેવે બારીક સમે જે મેલછે તેર કીરતાર ઊપર ઈતબાર, તેનો બેરો તે સાહેબ ઊતારેછે પાર.

# ઓરતોની મજલસ.

## ભાશાણ ૧ લુ.

---

### ઓરતોને જ્ઞાન મેલવવાની જરૂર—ઓરતોનો મરતબો.

પેઆરી બેહેનપણીઓ,

આજ દીને તમો બેહેનપણીઓને તમારા ધણીઓ સાથે ભેગા થએલાં જોઇને મને ઘણો આનંદ ઉપજેછે. એવો મેલાવરો કદાચજ બનેલો જોવામાં આવેછે. તમારાં બચાંની જતન કેમ કરવી, તથા તમારી પોતાની તંદરોસતી શી રીતે જાલવવી તેનુ ગનેઆન મેલવવાને તમોએ વારેઘડીએ મને એલતેમાસ કીધી હતી, તે આજ દીને બજા લાવવાને મારેથી બની આવીઉછે. તમારા માહેના કેટલાંક જણે પેહેલાં એ પરમાણે સાથે મલવાને ઘણી અડચણ લીધી હતી અને એવો પણ શક ઉઠાવીઓ હતો જે ઓરતોને ગનેઆન સા માટે જોઈએ ! પણ એ અડચણ દુર થાએલી જોઇને હું ઘણો ખુશી થાઓછું. ફરશુદને વખતે તમોએ સાથે ભેગાં થઇને ઘેરબારના કુઠલાઓ, રાજાની કાહાણીઓ, મસકરી ઠઠા અને ગીબતો કરવાને બદલે ફાએદાકારક ગનેઆન મેલવવાની જે કોશેશ કીધીછે, તેટલા માટે હું તમુને ઘણીજ સાબાશી આપુછું.

પણ હું તમુને કેટલીએક બાબદોનુ ગનેઆન આપું તેની આગમજ મારી ફરજછે કે તમુને પુરતી ખાતરીથી સમજાઉ કે ઓરતોને ગનેઆન મેલવવાની અગતજછે. જારે તમારી એ વીશે પુરતી ખાતરી થાશે તારે જે બાબદ વીશે હું તમુને ગનેઆન આપશ તે ઉપર તમે વધારે ધેઆન આપશો, અને બીજી તરેહવાર બાબદો જાંણુવાને ખંતી રેહેશો.

હવે જે બાબદ વીશે તમારી આગલ ખોલાસો કરવા ચાહુંછું તે તમારે પોતાનેજ લગતીછે. પેહેલાં આએ દુનીઆમાં તમારો મરતબો શુંછે તે વીશે તમુને સમજણું આપવા માંગુછું. તમારા માહેથી કેટલાક જણ પુછશે કે ઓરતોને વલી મરતબો સા માટે જોઇએ ? હું દલગીરીથી કેહુછું કે એવું બોલનારી ઓરતો આએ દુનીઆમાં પોતાની ફરજ શુંછે તેથી તદન અંજાણીછે. જો હું તમુને એ પરમાંણે કેહું કે દુનીઆની હાલત સુધારવાનો આધાર સઘલો તમારી ઉપરજ રેહેછે તો તે સાંભલીને તમો અચરત થાશો.

ફીલસુફો અસલથીજ કેહેતા આવેલાછે કે દુનીઆમાં જે જે મોહોટા અને કાબેલ શખસો થાઇ ગઆછે, જેઓએ મોહોટી શોધો કીધીછે, અને જેથી જંગલીપણાની અવસથામાંથી સુધરેલી અવસથા થાઇછે, તેઓની મોહોટાઇ અને કાબેલીઅત, તેઓની માતાઓ હુશીઆર અને ચંચલ હોવાથીજ બનીછે. શેહનશાહ નેપોલીઅન બોનાપારટ પોતે કહી ગઓછે જે "આગલ ચાલતાં બચુ કેવું નીવડશે તે તેની માએનાં હાથમાંજ વાતછે" વલી એમ પણ કહુંછે કે "દેશની હાલત સુધારવાની સઉથી સરસ રીત એછેજે માતાઓને જ્ઞાની કરવાં". હવે જારે ફીલસુફો અને શેહનશાહો વટીક ઓરતોને આવો મરતબો આપેછે તારે તમુને પોતાને શા માટે પછાત રેહેવુ જોઇએ. શા માટે તમારા પોતાના વાજબી હકો અને મરતબો જાલવવાને માટે ઉપાએ શોધતાં નથી.

આએ દુનીઆમાં જેટલું કાંમ અને જરૂર મરદની છે તેટલુજ કાંમ અને જરૂરીઆત ઓરતની પણછે. ખોદાતાલાએ કેટલાએક કારણુસર મરદને આંગમાં જોરાવર બનાવેલોછે. તેમજ તમો ઓરતોને કેટલાએક કારણુસર રાંક બનાવીછે. એટલા ઉપરથી તમુને માલમ પડશે કે જારે મરદ બાહેર મેહેનત અને રંજ ખેંચીને પોતાનુ અને તમારૂ ગુજરાન પેદા કરવા જાએછે તારે તમો ઘેરમા રહીને સંસારી કારભાર ધીરજથી બજાવોછો.

દુનીઆની શરૂઆતથી તે આજ શુધી મરદ લોકો તમો ઓરતો ઉપર તરેહવાર જાતની હકુમત ચલાવતા આવેલાછે અને તમે જાતે રાંક અને નબલી હોવાથી તેઓએ પોતાના બલે કરી તમારી ઉપર તરેહવાર જુલમ ગુજારીએછે અને તમુને ગોલાંમગીરીની જુસડીમાં નાંખી મુકીઆંછો

જે વખતે ઇરાંન જમીન ઉપર આપણા પાદશાહો રાજ ચલાવતા હતા તે વખત કાઇ જંગલી હતો નહી. તારે ઓરતોને કઇબી જાતનો મરતબો મરદો આપતા હતા. તેઓને પોતાની શંફમાં લેતા હતા અને તેઓના વીચાર પણ લેવામાં આવતા હતા. તે વખતે ઓરતો એટલો મરતબો ધરાવતાં હતાં તેથી ઘણાં હુશીઆર અને ચંચલ હતાં. તેઓના ફરજંદોની જારે આપણે તવારીખ વાંચીએછે તારે માલમ પડેછે કે તેઓ ઘણાં જોરાવર, અકલમંદ, અને નેકીવાલાં હતાં.

જારે હીંદુસથાનમાં આપણ આવેઆ તારે મરદ અને ઓરત થોડાં જણ હતાં અને જંગલી હીંદુઓ સાથે વશીઆથી સઘલી તેઓની રસમ, રીતભાંત આપણા લોકોએ પકડી, તારથી ઓરતનો મરતબો ઘણે દરજજે કમતી થઓ. જેમ હીંદુ લોકો પોતાની ઓરતોને ગુલામની મીસાલે હાલ પણ ગણેછે અને વાપડેછે તેમ આપણા મરદો દેખાદેખીથી ઓરતોને ગણવા લાગા. એવા જુલમાતમા તમે ઓરત લોકોએ આસરે બાહરસો વરસ કાહાડીઆં. ખરી વાતછે કે થોડાએક દાખલા શીવાએ હાલ ઓરત કાંઈ મરદનો ગોલામ સરખો નથી પણ હજીુર શુધી મરદ ઓરતને પોતાનો બરોબરીઓ ગણતો નથી જોકે ગોલામગીરીની મેહેનતમાંથી ઓરતો છુટીછે તોબી હજુર શુધી મરદો ઓરતોને માતરે પોતાના શુખ અને ગમતને વાસતેજ બનાવી હોએ એવું સમજેછે અને તેથીજ તમારા વાજબી હકો આપવાને ના પાડેછે.

જરતોસતી ધરમ જેટલો મરતબો મરદને આપેછે તેટલોજ ઓરતને પણ આપેછે. જરતોસતી ધરમ મરદ અને ઓરતને બેઉ જેહાંનનુ સુખ અને દુખ સરખી રીતે બતલાવેછે તારે મરદ અને ઓરતની હાલત અને હકો આએ દુનીઆમાં શા માટે જુદા હોવા જોઇએ !

હાલમાં ઓરત જાત પોતે પોતાની હાલતથી ધરાએલી

રેહેછે કાએકે તેઓને વધારે-સારી હાલતનાં ફલ કેવાં નીપજેછે તેનો પુરતો વીચાર નથી. કેટલીએક ઓરતો અનધડપણાથી અને બેપરવાઈથી પોતાની જે હાલત હોએછે તે ઉપર સંતોસ રાખીને બેસેછે. વલી કેટલીએક ઓરતો વીચાર કરેઆ વગર મરદો તેઓ વીશે જે વીચાર રાખેછે તે માંથે ચહુડાવેછે. તેઓને પોતાની હલકી પદવી માલમ પડતી નથી અને ઘણી વખતે તેઓ ગોલામી હાલતને લાએકી અને ખુબી ગણેછે. હાલના વખતમાં તમારામાં એવાં પણ છે કે પોતાનો મરતબો શું જોઈએ તે થોડુંઘણું સમજી શકેછે અને કાંઈ પણ રીતે પોતાની હાલત સુધરે એવાં ખંતીછે. માંણસને પોતાનો મરતબો સમજવાને માટે કેલવણીની જરૂરજછે. હવે હાલ જે કેલવણી છોકરીઓને અપાએછે તેને કેલવણીનું નાંમ છાજતું નથી. લખવું, વાંમવું, જરા હીસાબ ગણવા, ભરવા શીખવું અને પંદર સોલ વરસની ઉમર થાઈ એટલે સઘલું પાછું વીસરી જવું એને કેલવણી કદી પણ કેહેવાએ નહી. છોકરાઓને એવી કેલવણી આપવામાં આવેછે કે તેથી તેઓના મન કઉઅત પકડેછે, વીચાર સકતી વધેછે, અને નીતીના કાએદા પરમાંણે ચાલવાને બની આવેછે. મા બાપો છોકરીઓને જુજ કેલવણી આપેઆથી ઉલટાં તેઓનાં મંન છાલકા અને બેઢંગાં કરેછે. તેઓ એટલુંજ સમજેછે કે પોતાની છોકરીઓનાં બદનને સોભાવતાં કરે. આપણા લોકોની જુવાન છોકરીઓમાં "હીસટીરીઆ" મરજ વધારે ફેલાએલોછે તેનુ મુલ કારણ એજછે કે માબાપો તેઓને મનની પુરતી કેલવણી આપતાં નથી અને સોભાઈતાં થાઈને ફરવું એટલુંજ શીખવેછે. હું કાંઇ એમ કેહેવા નથી માંગતો કે બદનને સોભઈતું કરવું નહી પણ મારી મુલ મતલબ એછે કે તે સાથે મનની કેલવણી પણ આપવી જોઈએ.

વલી જે માએ સીખેલી અને ભણેલી નથી તેનુ બચું મોહોટું થાઆ પછી કદી પણ તેને માન નથી આપવાનું અને જે વખતે માએની સીખામણની જરૂરછે તે વખતે બચું ઉલટું તેની હકુમતને તુછ કરીને ગણેછે. માંએનાં હાથમાં બચું આપેલુંછે, તે એવા વીચારથી કે તેનુ મન સુધારે, તેને ખુબી આપે, તેનાંમાંથી ખરાબ ઈલતો કાહાડી નાંખે, તેને કેલવણી આપે, સારો મારગ બતલાવે અને શીખામણ દે. એટલા માટે તેને પોતાની અકલ અને અજમાએસ પુરતી હોવી જોઈએ. બચાંમાં શું શું સારા ગુણ છે તેને સમજવાને અને તેને વધારવાને સમજુ માંએ હમેસાં કોસેસ કરેછે, પણ અનઘડ માએ તે સારા ગુણ નહી સમજીઆથી તેને ગુમ થવા દેછે.

આ ઉપલા વીચારો ઉપરથી તમુને જલદીથી માલમ પડશે કે તમારી ઉપર મોહોટી ફરજ આવીને પડીછે. તમુને સારી રીતે ધેઆંનમાં રાખવું જે જેવી હાલત તમારા તન, મન, અને નીતીની હોએ તેવીજ હાલત તમારાં બચાંની થાવાની. તમારા હાથમાંજછે કે તમારાં બચાં જોરાવર અથવા નબલાં નીકલે, તમારાજ હાથમાંછે કે તમારૂ બચું હુશીઆર અથવા બુબક રેહે, તમારાજ હાથમાંછે કે તે બદ અથવા નેક નીકલે. જારે એવુંજ ખચીતછે કે તમારા બચાંનુ અને આગલ ચાલતાં મરદોનુ તન, મન, અને નીતી તમારી ઉપર આધાર રાખેછે, જારે જોરાવર, હોશીઆર અને નેક બચું અને મરદ તમુનેજ જેબ આપેછે તારે તમુને સા માટે હરખ ઉપજવો નહી જોઈએ અને ઉંચે દરજજેની કેલવણી તમોને નહી છાજે એવું શા માટે વીચારવું જોઈએ.

તમારી મનસકતીમાં શુધારો અને વધારો કરવાની તમારી પોતાની અને તેમજ મરદોની પણ ફરજછે. દરોજના વરતમાન પતરો વાંચવાં જોઈએ તેમાંથી દુનીઆમાં શું બનેછે તે માલમ પડશે અને તેમાંથી ફહો મેલવી સકસો. ચોપાંનીઆં વાંચવાં કે તે માહેથી દુનીઆમાં શું શુધારો થાએછે તે માલમ પડે અને તમારાં બચાંને તે શીખવવાને કામલાગે. હાલ મંડલીમાં તમે ભાશણ સાંભેલવા આવેઆંછો તેવીજ મંડલી કરીને ભાશાંણો સાંભલવાં કે તેથી જુદી જુદી બાબદોનું ગનાન મલે.

મનને કેલવવા ઉપરાંત તમારાં તંનની જાલવણી કરવાની વધારે જરૂરછે કેમકે જો તંન ઈઆને તમારો બાંધો મજબુત હશેતો તમારૂં મંન સેહલાઈથી હરએક જાતની કેલવણી ઉપર વલાણ લેઈ શકશે—પણ જો તમારો બાંધો નબલો હશેતો પછે તમારૂં મન જાહાજી ઈઆરી આપી શકશે નહી. તનની જાલવણી કેંમ કરવી તે વીશે તમે તદન અંજાંણાંછો. તમુને તથા તમારાં બચાંને દુખ થાએછે અથવા તમો નબલાં અને દુબલાં રહી જાંઓછો તેનું કારણ તમે સમજી શકતાં નથી. જો તનને તંદરોસત કેમ રાખવું એવી સમજણ તમુને બરાબર હોએતો કદાચજ તમે આજારી પડો. તમારાં બચાં તંદરોસત અને જોરાવર પેદા થાએ. ખરી દલગીરીછે કે તમારૂ તન શુધારવાને તમારા માંબાપોએ થોડીજ સમજણ રાખીછે. તમો બચપણમાંથીજ નબલાં હોઓછો. તમો જવાનીમાંથીજ, અંજાણપણાને અને કેટલાએક વેહેમ અને છીતને લીધે તમારાં બદનનો નાંશ કરોછો અને પાછલી જીંદગી દુખ અને દરદમાં ગુજારોછો. હાલના વખતમાં બીહીકની, ધ્રુજતી, ફીકા ચેહેરાની, કમર માહેથી વાંકી વલી ગએલી જુવાન છોકરીઓ આપણા દીઠામાં આવેછે તેનું કારણ શું ? અલબતે અગનેઆનપણાથી અને વેહેમને લીધે તેઓનાં માંબાપોએ તેઓને એવાં કરી મેલીઆંછે.

એટલા માટે ઘણીજ જરૂરછે જે તંદરોસતી જાલવવાનાં કાએદા બરાબર સમજવા અને તે પરમાંણે ચાલવું જોઈએ. તંનદરોસતી જાલવવાનાં કેટલાક કાએદાઓ વીશે તમો જુઠી છીત રાખોછો અને તેથી તમારાં તંન ઉપર નકાંમું દુખ લાવી નાંખોછો. કેટલીકવાર તમો પોતે છીતને ધીકારોછો પણ અણઘડ માંણસોનો ડર રાખી તે નઠારી છીતને તાબે થાઈ દુખી થાઓછો. બેહેનો હવે તમો જ વીચારો કે એમ ચાલવામાં તમો તમારી ખરી ફરજ અદા કરોછો ? નાં નહી ઉલટો ગુનાહ કરોછો, અને દુનીઆંને નુકશાંન કરોછો.

હવે મારી ડાકટર તરીકેની ફરજ એછે જે તમારી તંદરોસતી કેમ જાલવવી તે વીસે તમુને ગનેઆન આપું. તમારા બચાંની જનમથીજ તંદરોસતી કેમ જાલવવી તે વીશે પેહેલાં હું સમજ આપવા માગુંછું. આસતે આસતે જેમ બચું મોહટું થતું જાએ તેમ તેણે પોતે પોતાની તબીએત કેમ સંભાલવી તે વીશે હું પછી સમજાવશ.



આવતી મંડલીમાં બચું જણુમીઉ તેવી તરતજ શી માવજત કરવી તે વીશે હું ભાશાણ કરવા ચાહુંછું.

આજ દીને મેં જે બાબદસર ભાશાણ કીધુંછે તે ત સુને પસંદ પડશે અને તે પરમાણે તમે ચાલવાને તજવી જ કરશો એવી પુર આશા રાખીને હું ખતમ કરવાની ર જા લેઉંછું.

## રેલ.

રેલ એટલે શું અને તેથી કેહેવી ખરાબીઓ થાએછે તે વીશે અલબત્તાં વાંચનારી બાઈઓમાંથી ઘણાં જણને ખબર હશે, તોપણ રેલ વીશે અતરે થોડો એક હેવાલ આપવાની રજા લેઈએ છે. જે ગાંમમાંથી-નદી પસાર થઇ જતી હોએ તે ગાંમમાં રેલ આવવાની વકી રાખવામાં આવે છે. જારે ગાંમમાં અથવા તેની આસપાસ વરસાદઘણો થાએ છે તારે નદીમાં હમેસ કરતાંને પાંણી ઘણુ વધી પડે છે જેથી તે નદી ઊભાઈ જાએ છે અને તે માંહેલાં પાંણી ગાંમમાં ફેલાઈ જાએ છે અને તે વેલા જાહાડ પાંન, બાગ બગીચા અને લોકોના જાંન માલની અતીશે ખરાબી કરી નાખે છે. જારે વસતીવાલા મોહોલાઓ પાંણીથી ભરાઈ જાએ છે તારે તાંહાંના નાબલાં અથવા કાચી બાંધનીના ઘેરો ટુરી પડી ઘણાએક જીવડાઓનો નાશ કરી નેલેછે, અને-જેઓના ઘેર મજબુત બાંધણીના હોએ છે તેઓ તે ઘેરના ઊંચા ભાગ ઊપર ભરાઈ બેશે છે અને તે વેલા તેઓને ખાધા પીધાની તથા બીજી હાજતોની કેહેવી વેહેલા પડે છે તેનો ખેઆલ આફત ખમનાર શેવાએ બીજાઓના મનમાં બરોબર ઊતરી શકતો નથી. જારે આગ લાગે છે તારે લોકો એકબીજાને મદદ થાઈ તે બુજાવી નાખવાની તજવીજો કરે છે પણ આ કુદરતી આફતનો ઈલાજ કાંઈજ નહી થાઈ સકતો પણ તે ચહડેલાં પાંણી પોતાની મેલે ઊતરી જાએ તાંહાં શુધી હાત બાંધીને બેશી રેહેવું પડે છે. આ પણી મુંબઈની ટાપુની આસપાસ સમુદર આવેલો છે અને હઇઆં એકે નદી પસાર થઇ જતી નથી માટે એ ટાપુ ઊપર કોઇબીવાર રેલના પાંણી ચહડી આવે હેવું કાંઈજ નથી પણ સુરત, ભરૂચ વગેરેની જગો ઊપર કેટલીએકવાર રેલ ચહડી આવીછે અને સુરત શેહેરની ખરાબી કરવાનું રેલ એક મુખીઅ કારણ જાંણવામાં આવેઊંછે.

ઈસવી સને ૧૮૫૬ ના વરસમાં બેંગાલ પરાંતમાં ગેનજીસ નદીમાં પુર આવેઆથી રાજમાહાલની ટેકડી આંગલ ૧૨૦ માઈલની પોહોલાઈની જગો ગોએઆ સમુદર બની ગએઓ હતો. તેમજ પરનાની શાંમબી-બાજુએ ગંદક નદીથી તે સીલહેટ શુધી નજદીક ૪૦૦) માઈલની જમીન ઊપર પાંણી ફરી વલેઆં હતાં ગેનજીસ નદીની હાવી રીતની હાલતને લીધે લાંમબે છીરે શુધી કાંઇ નહી, પણ નાલીએરી અને પાંણી શીવાએ કોઈબી વસતી માલુંમ પડીં નહી હતી. કેટલીએક જગો ઊપર ૫૦) ફીટ પાંણી ઊંડાં ગએઆં હતાં જેથી આખાં ગાંમો પાંણીમાં ગરક થએઆં હતાં અને ઘણાએક જીવડાઓની ખોવારી થાઈ અને મોટી કીમતની મીલકતોનો નાશ થાઈ ગએઓ હતો. કેટલાંએક અનાજનાં ખેતરો જે આગલા વરશાદથી ઘણી શારી હાલતમાં આવેલાં હતાં તે શરવે આ રેલથી ઘશડઈ ગઆં હતાં. પણ શુકર તે કીરતારનાં કે તે હાવી આફતની વેલા પણ પોતાના બંદાઓને કેહેવી રીતની મદદ કરેછે ? કેટલીએક પડત જમીન જે ઊપર પુરૂથવીની ઊતપંતી પછે કોઇ દીવશેબી ખાતર નાંખવામાં આવેલું નહી તેહેવી જમીન ઊપર આ રેલના જપારાથી ઠેકાંણે ઠેકાંણેનુ ખાતર આવી પડેઆથી, રેલ ઊતરી જઆ પછે તુરત તેહેવી જગો ઊપર પણ અનાજ વીગેરે વાવેઆથી ઘણો સારી રીતે ઊગી નીકલેઓ હતો. જો ખુદરત હાવી રીતે પુરૂ ન પાડેતો પછે માણશોનો હાવા હાદેશા પછે કેહેવો હાલ થાએ વારૂ, માટે આપણી ઊપર કોઈ રીતનું દુખ આવી પડેતો તે ધીરજથી શેહેવું અને પરવરદેગારની ઊપર આધાર રાખીને બેશવું જેથી તે દાતાર તે દુખનો નીવેડો કોઇ અજાએબ રીતે લાવી મેલશે.

શરવે પરાંણીઓને પોતાના જાંનનો શંભાલ કરવો એ વીશેનુ ગનેઆંન પરમેશવરે તેમનાંમાં મેલેઊછે અને કેટલીએક વેલા માણશ શેવાએ બીજા જીવજંતોને હેવી જાતની અકલ બખશવામાં આવીછે કે જેથી કોઇ ખુદરતી આફત આવી-પડે તેની થોડોક વખત આગમચથી તે જાંણી શકે છે. તેજ પરમાંણે જારે રેલ જેહેવી આફત થાએછે તારે ચોપગાં અને પેટે ચાલનારાં જાંનવરો તથા મોહોટાં પખશીઓ

જેઓથી ઘણીવાર હવામાં ઊડાઈ શકાતું નથી તેહવાં આ કોઈ ઊનચાં જાહાજોનો આશરો લેઈ બેશેછે. તેહવીજ રીતે, આ બેંગાલ પરાંતમાં થાએલી રેલની વેલા એક જાહાડ ઊપર મોહોટા ગીદો, શરપો અને ચીતો ચહડી બેઠો હતો જેમનુ ચીત્ર આ પાશેનાં પાંનાંમાં તમારા જોવામાં આવશે.

જેહવી રેલ ગેનજીશ નદીમાંથી આવી હતી તેટલી મોહોટી નહી તોપણ એક રેલ પંજાબમાં આવી હતી જેથી દેહેરા ગાજીખાંન નાંમનાં શેહેરનો નાશ થાઈ ગએઓ હતો. એ'લટા તરફ શીઆલાની રૂતુમાં ઠંડી ઘણી પડવાને લીધે પાહાડો ઊપર બરફ બંધાઇ રેહેછે અને જારે ગરમીની રૂતુ શહરૂ થાએછે તારે પાહાડ ઊપરનો બરફ પીગલીને તેનું પાંણી એકદમ ઊતરેછે જે વેલા નીચેનાં ગાંમોમાં રેલ આવેછે. હવી રેલ તાંહાં દર વરશ થાએ છે પણ ૧૮૫૬ નાં શાલમાં તેથી મોહોટી રેલ આવી હતી અને તેનું કારણ એમ જાંણવામાં આવેઊછે કે એ વેલા પાહાડ ઊપરથી પીગલેલુ પાંણી ઊતરેઆ શાથે વરશાદ પુશકલ થઆથી નદી પણ ઊભાઈ ગેઈ હતી—જેથી દેહેરા ગાજીખાંનમાં અતીશે ખરાબી થાઈ ગેઈ હતી. કહેછે કે વરસાદના જોશથી એક મોટો બંદ ફુટી ગએઓ હતો જેથીબી રેલના પાંણીમાં વધારો થાએઓ હતો. આ રેલથી દેહેરા ગાંજીખાંનમાં પડેલાં ઇંગરેજી લશકરની બરાખો પાએઆમાલ થાઈ ગેઈ હતી જેથી શોલજરોને ઘણી ઈજા પોંહોંચી હતી.

હવી હેવી રેલો દુનીઆંના બીજા ઘણા ભાગો ઊપર આવી હતી પણ તે શરવેનો [illegible] હેવાલ આ ચાપાનીઆંમાં અપાઇ શકાતો [illegible]દો, માટે આટલાજ હેવાલ ઊપરથી વાંચ[illegible]નારી બાઈઓના ધેઆનમાં આવશે કે [illegible] રેલ [illegible]જછે અને તેથી લોકોને કેહવી ખરાબી થતી હશે.

---

## જીંદગીના પ્રતીસબદ.

### નીતીનો એક ધડો.

એક ખાલી પડેલા મોટા હાલમાં અથવા એક ટેકડીની કઢણે અથવા ગોરામાં જાઈને આપણે જે સબદો મોટે આવાજે બોલીએ છઇએ અને તેજ સબદો પાછા અઠડી આપણા કાંન ઊપર આવે છે તેને પ્રતીસબદ કેહે છે.

એક દીવસે એક બચું પાહડની કઢણે નાખલું નાલું વેહતું હતું તાંહાં રમતું રમતું એખલું ગએઊં. આગલ વધતાં એખલું હોવાથી તેના દીલમાં ધાસતી પેદા થાઇ, તે મટાડવાને વાસતે મોટે આવાજે બોલવા લાગું. તેજ રીતે તેના કાંન ઊપર પ્રતીસબદો આવીઆ. તેણે ફરી પોકાર મારીઓ અને કોઈ મશકરી કરતું હોએ તેમ તે પોકાર પાછો સંભલાઓ તે ઊપરથી તે બચું ગોસામાં આવી તેને ધુંડવા લાગું, પણ કોઇ હાથમાં નહી આવવાથી ગોસામાં ને ગોસામાં ગાલ ગલોચ કરવા માંડી જે આબાદ તેના કાંન ઊપર પાછી આવી. આવો મામલો જોઈ તે પોતાની મા પાસે દોડી ગએઊં અને ફરીઆદ કરવા લાગું કે જંગલમાં એક છોકરાએ તેને ઘણીક ગાલગલોચ કીધી અને તેને અપમાન આપીઊં. માં તે બચાંનાં બેઊ હાથ હાથમાં જાલી બોલી, "બચાં એગાલો તારા આવાજનાં પ્રતીસબદો હતા. જે કાંઈ તું બોલીઓ તે ટેકડીની કઢણેથી તારી ઊપર પાછુ આવીઊ. જો તેં સારા સબદો ઓચરીઆં હતેતો સારાજ સબદો પાછા ફરને. એ ઊપરથી તારી જીંદગીમાં તું એક ધડો લે. આ દુનીઆ તારી રીતભાંતનો પ્રતીસબદ થાશે. તારા ભાઈબંધુઓ તરફ ગેરમેરબાંની બતલાવ અને તેનાં બદલામાં તને તેજ મલશે. પીઆર બટલાવ અને પીઆર મલશે. તારી તરફથી પરકાશ આપ તો પછે તને કદી તેનાં બદલામાં અંધારૂં અથવા સીહા મલનાર નથી. તારાં દીલમાં મેલ અથવા કપટ રાખી ફર અને પછે બાગમાંનાં ફુલો પણ તને મેલો અને ગંધાતો વાશ આપસે અને તેમાંથી હજારો કદુવાઓ તારી ઊપર પડશે. ટુંકમાં જેવુ તું આપશે તેવુજ મલશે અને વાવશે તેવુ ચાખશે."

જેમ ઊપલાં બચાંએ પાહાડની કઢણે ચાલી પ્રતીસબદો સાંભલીઆ તેમજ આ જીંદગીની કઢણેથી બચાં, ઓરત અને મરદ સરવેને ચાલી જાવુંછે તેથી ઊપલી વાતનો ધડો સરવે વાંચનારી બાઈઓએ તેમજ સરવે કોઇએ પોતાના મનમાં ગોખી રાખવો જોઇએછે.

## પીથાગરસ.

### પેહલો ઈઊનાની ફીલસુફ.



વાંચનાર ભાંનુઓ તમારી સાંમને આ ચીત્ર કોણનું છે તે તમો જાંણો છો ? પુરાતમ જમાંનામાં જેવારે પુરૂથવીના સઘલા ભાગો જંગલી હાલતમાં હતા તે વેલાએ ગરીસ એટલે ઈઊનાન દેશ સુધરાઈમાં આગલ વધેલું હતું. આ પેહલાં સુધરાઈવાલાં દેશ મધે પેહલો દાનાવ પંડીત પીથાગરસ નામે હતો, જેણે પેહલવેહલું ફીલસુફનું નામ ધારણ કીધું હતું, તેનું આ ચીત્ર છે. તમોએ વારંવાર ફીલસુફ સબદ બોલવા અથવા લખવામાં વાપરેઓ હશે, પણ તે સબદના ખરા અરથ અથવા ઊતપંતી વીશે વીચાર કરવા કદી બેઠાંછો ? વીદીઆ અથવા હોનરના અભેઆશમાં આપણો વખત કાહાડવો, એ મનુશ જાતના સગલા ધંધા વેપાર મધે સરવેથી ઊમદા, ઊતમ અને ખરો સુખી ધંધો ગણાએ છે. એવા ધંધામાં ગુંદાએલા માણસને એક ફીલસુફનું નામ આપીઆમાં આવે છે, પણ આ લખેઆ ઊપરથી એમ નહી સમજવુ કે આ જાતની એક ફીલસુફની જીંદગી કાહડનાર ધણીએ હાત પગ ધોઇ, દુનીઆંનાં અથવા ઘર સંસારનાં કાંમકાજ ઊપર બીલકુલ ધેઆન આપેઆ વીનાં, સઘલો વખત અભેઆશમાંજ કાહડવો જોઈએ. દુનીઆનાં ઘણાંક ભાગો માહેલા કેટલાક મોટા મોટા ફીલશુફે વીદેઆ અથવા હુનરનાં શોધમાં ભારે અભેઆશ કરતાં છતાં પણ ખાંનગી અથવા ઘરસંસારનાં કારભાર ઊપર પુરતું ધેઆન આપતા હતા.. માંટે કોઈબી માંણસ સારૂ સારૂ ખાવા પીવાનાં અથવા પેહેરવા ઓઢવાનાં નીચ શોખનાં કરતાં જાંણીતા હોનર અથવા વીદેઆના શોખથી અભેઆસ કરી મનશકતી ભરપુર કરે, અને નવી સચાઇઓ શોધી કાહડવા પછવાડે મંડે, તેજ માણસ ફીલસુફનાં માનવંતા એલકાબને લાએકનો થાએછે. હવે આ ફીલસુફ શબદની ઊતપંતી કેમ થઇ તે જુઓ. પીથાગરસ એટલોતો વીદેઆભેઆશી, પરમાંણીક અને નેક હતો કે તેનાં દેશીઓએ તેને "સોફીસટ" એટલે ખરો દાહપણવાલો એવું નામ આપીઊં હતું. આ નામ પીથાગરસને ગરૂરી ભરેલું લાગાથી તેણે નાપસંદ કીધું હતું; માટે તે પોતાને દાહેઓ નહી, પણ "ફીલાસોફર" એટલે દાહપણને ચાહનારો, એવું ગણવા લાગો હતો. એક વેલા એવું બનીઊં કે એક ઇઊનાની સેનશાહની દરબારમાં પીથાગરસ મુલાકાત લેવાને ગએઓ હતો. પીથાગરસની ચંચલાઈ તથા દાહપણ જોઈ સેનશાહ તેને પુછવા લાગો કે તું કેઈ બાબદમાં માહીતગારી ધરાવેછે અથવા તારો મુખીઅ ધંધો કીઓ છે. આ ઊપરથી પીથાગરસે જવાબ દીધો કે હું કંઈબી એક ચોકશ ધંધામાં માહીતગાર નથી, પણ હું માતર એક "ફીલાસોફર" છું. આ શબદ નવાઈ જેવો લાગાથી બાદશાહ પુછવા લાગો કે ફીલાસોફર એટલે શું, અને તે કીઆ ધંધા વાલાનું નામછે. પીથાગરસે જવાબ દીધો કે આપણાં શેહરો માહેલા ચોધાણો મધે જાહેર તમાશાઓ અથવા ખેલો થાએછે તે વેલાએ તરણ વરગનાં માંણસો ભેગાં થાએ છે—કેટલાંક હરીફાઈ અથવા બાહધુરી મેલવવાનાં શોખથી—કેટલાંક વેચી શાટી પઈશો મેલવવાના શોખથી અને કેટલાંક કીરતી અથવા બાહધુરીને જોવા અથવા વખાંણવાનાં શોખથી આવેછે. તેજ પરમાંણે આ દુનીઆંનાં ચોઘાંણ મધે તરેવાર તમાશા અથવા કુદરતી ખેલો થાએછે, જેઓની ખુબીનો અભેઆશ અથવા વખાંણ કરનારા પણ આવેછે, અને એવા વંરગનાં માંણસો મધે હું મને પણ ગણું છું. એ પરમાંણે આ શબદ કેમ અને કોણથી ઊતપન થએલોછે તે તમો શમજેઆ હશો.

આ નાંમીચો ફીલસુફ સેમાસ નાંમનાં એક ઈઊનાની ટાપુ મધે જનમેઓ હતો. તેનાં જનમનાં

ચોકસ વખત વીશે તવારીખ લખનારાઓનાં જુદાં જુદાં મતછે, પણ કરાઇસટનાં જનમની અગાઊ આસરે ૫૦૦ વરશની વાત ઊપર તે થઈ ગએઓ હતો; જે બીનાં બનેઆને આજ નજદીક હડી હજાર વરશો થએલાં ગણાએછે. તેનાં માંબાપની નજર આગલ તેને મન અને તંનની કેલવણી મોટી સંભાલથી આપવામાં આવી હતી. કવીતા અને ગાએણમાં તેને નાંહની વએથી માહાતગાર કીધો હતો. જીઓતીશ સાહસતર ને પોતાનાં ખાંનગી અભેઆશથી શીખેઓ હતો. ઈઊનાંન દેશની રીત પરમાંણે શરીરની કસરત અને દાવપેજની તાલીમમાં પણ ચપલ થએઓ હતો અને જાહેર કુસતીની લડતમાં ફતે પાંમી ઈનાંમો મેલવતો હતો. તેની ૧૮ વરશની વએમાં "ઓલીમપીકગેમસ" નામનાં જાહેર તમાશામાં પેહલ વેહલું ઈનાંમ મેલવેઊં હતું, જેથી તે પેહલ વેહલો જાણીતો થવા માંડેઓ હતો. પણ પાછલથી તેનાં શરીરની ખુબસુરતી તથા મજબુતાઇ સાથ તેનું મન એટલુંતો ચાલાક સાબેત થએઊં હતું કે સરવેનાં મોહમાંથી પીથાગરસની હુશીઆરી નીકલતી હતી. એટલામાં તે મીશર દેશમાં ગએઓ, જેહાં તે ઘણાંક વરશો સુધી રહી તેહાનાં ધરમ ગુરૂઓનાં છુપાં તંતર, તેઓની પવીતર છુપી ભાશા, તેઆનાં ધરમ શાહસતરની કીરીઆ, તેઓની અસલી દંત કથા, ઈતીઆદી, વીશે પકી માહીતગારી મેલવી પાછો તે પોતાને વતન આવેઓ હતો. મીસર દેશનાં ધરમ ગુરૂઓ પાસેથી તેણે જે સઘલું ગનેઆન મેલવીઊં હતું તે મધે એક બાબદ વીશે તેનો વીશવાસ મજબુત બેઠો હતો. આ વીસવાસ પુંનર જંન્મ વીશે હતો. જેમ હીંદુ લોકો માંનેછે કે માંણસ જાતનો જીવ તરેવાર અવતાર લેતો આવેઓછે અને હવે પછી પણ લેશે તેજ પરમાંણે પીથાગરસ પણ માંનતો હનો. સરવે કોઈ જાણેછે કે આ બાબદ વીશે હીંદુ લોકોનો એટલોતો વીસવાસ બેઠેછે કે તેઓ સરવ જાતનાં જનાવરો ઊપર રેહેમ બતાવેછે અને કીરી, મકોરી જેવાં નજીવાં જનાવરોનાં દર શોધી તેઓ મધે ખાંણ ભનરાવેછે. આ બાબદ વીશે પીથાગરસનો પણ વીસવાસ એટલોતો મજબુત હનો કે તે વારંવાર જાહેરમાં જણાવતો હનો કે "હું પોતે આગલ તરણ ચાર અવતારમાં અવતરેઓ હનો અને તે અવતાર મને હજુર સારીપઠે ઈઆદ પણછે. પેહલાં હું મરકીઊરી નામનાં પેહલવાનનો ઈથાલીડીઝ નાંમનો છોકરો જનમેઓ હનો, અને "ટરોજન વાર" નામની લડાઈમાં પણ ગએઓ હતો—પછી હું હરમીટીઅસ નામનાં માણસનાં અવતારમાં જનમેઓ હતો—તેઆર બાદ હું એક માંછીમાર જનમેઓ હનો અને હાલ હું : પીથાગરસ છું." કેટલાક તવારીખ લખનાર કેહેછે કે પીથાગરસ હીંદુસથાંન મધે પણ આવેઓ હનો અને તેહાંથી પુનર જનમ વીશે બરાંહમણોએ તેને સમજણ આપી હતી. આ પુનર જનમની રીતથી તે પોતાનાં ચેલાઓને શીખવી માહીતગાર કરતો હતો. મીશર દેશ મધેથી પીથાગરસ પાછો આવેઆ પછી ઈઊનાંન દેશનાં જે શેહરમાં તેણે મુકાંમ કીધું હતું, તે મધેનાં રેહવાશીઓ, તેની ગાએઅણ, વઈદક, ગણીત, અને કુદરતી વીદેઆની માહીતગારી ઊપર મોહ પડી શેંકડો જણ તેનાં હાથ તલે કેલવણી લેવા ભેગા થએઆ હતા. એ પરમાંણે પીથાગરસે પોતાનાં ચેલાઓની એક જુદી ટોલી અથવા પંથ ઊભી કીધી હતી, જે માંહેલા સરવે જણ બદીને ધીકારી નેકીની રાહે ચાલવા લાગા હતા. આ બુજરોગ ફીલસુફની તાલીમ લેવાને મરદોજ નહી, પણ ઓરતો પણ ભેગી મલતી હતી; અને તેઓ પણ ભલમણસાઈ, નેકી, અને કરકસર વીશે પીથાગરસનાં ધડા મેલવી તેની રીત પરમાંણે ચાલવા લાગી હતી. તેઓ કીમતી પોશાગ અને ઊંડા સંણગાર ઊપર પઈસાની મોટી રકમો ખરચવાની બેવકુફાઇ સારીપેઠે જાંણતી હતી. ખોદા, માંબાપ, ભરથાર તથા પાર પડોશી તરફ તેઓની કેહવી અને કેટલી ફરજોછે તે સારી રીતે સમજતી હતી. એવા જંગલી જમાનામાં ઓરત જાત પણ આ પરમાંણે દાહપણ ધરાવતી હતી, તેઆરે હાલનાં સુધરેલા જમાંનાંની સ્રીઓએ દાહપણુનાં રસતામાં કેટલાં લાંબાં પગલાં ભરવાં જોઇએ, અને તેમાં કેટલાં ભરેલાં દીસેછે, એ બંને સરખાવતાં ખરેખર દએઆ ઊપજાવવા જોગ પરીણાંમ નીકલેછે.

ટુંકમાં કહીએતો મરદ, ઓરત, તથા બચાંઓને સમારગે ચલાવવાને આકાશ માંહેથી એક ફરેસતો નીચે ઊતરેઓ હોએ, તેમ પીથાગરસ ગણાતો હનો. જેમ તન અને મનની કેલવણીમાં તે ખંતી હનો, તેમજ ઇશવર ભકતીમાં પણ પુરો અને પેહલ હનો. તે

દર રોજ ખડી બાંમદાદમાં ઊઠી પાહડનાં એક છુપા ગોપેમાં જઈ બંદગી કરી આવતો હતો. પીથાગરસ ખરેખર એક ભગત હતો. તેનો ખોરાક ભાજી તરકારી તથા બીજી વનસપતી સીવાએ બીજો કાંઈ જ ન હતો. ગોસ અથવા કાંઈબી જીવજંતોના ખોરાકને તે ભારે ધીકારતો હતો અને તેજ પરમાંણે તેનાં ચેલાઓનેબી ખાવાને મનાં કરતો હતો.

"થીઆલોજી" અથવા ઈશવર ગનેઆન વીશે પણ પીથાગરસનાં વીચાર તે જમાંનાં સાથ સરખાવતાં ખરા અને વાજબી હતા. જગત માંહેલા સઘલા ગોલા ઈઆને દુનીઆ સરવ સકતીવાન કીરતારનાં હાતથી એક પલવારમાં ગુચવન અને અંધારા ગાર માહેથી ઊતપન થએલાછે, એમ તે માંનતો હતો. વલી સુરીઅ મંડલ વીશે પણ તેનુ મત ખરૂં હતું. સુરજ વચમાંછે અને સઘલા ધરેઓ તેની આસપાસ ખેદાનાં આકારનાં રસતામાં ફરેછે, એમ કબુલ કરનારો પેહલ વેહલો ધણી પીથાગરસ હતો. "જીઆંમેટરી" અથવા ઈઊકલીડનાં સીધાંતોને નાંમે જે હાલ લુમીતી વીદઆ કેલવણી ખાતાંઓમાં શીખવવામાં આવેછે, તે મધેનુ એક નાંમીચું ૪૭ મું સીધાંત પીથાગરસે પોતે શોધી કાહાડેઊં હતું. † આ નાંમીચા ફીલસુરનાં મરણ વીશે પણ ચોકસ વખત જણાંએલો નથી પણ ઈઊનાની લોકો જેમ પોતાનાં ખોદા અથવા દેવોને આખરૂથી માનતા હતા તેમજ પીથાગરસનાં મરણ પછી એક દેવ તરીકે તેનાં નામને માન આપતા હતા. તેનાં જાતભાઈઓએ તેની ઈઆદદાસત કાએમ કરવાને એક મોટુ બાવલું ઊભું કીધું હતું.

---

## એક સ્રીનો જાણવાજોગ હેવાલ.

હમણાં વેલાતની ઘણીએક મંડલીઓમાં એક અજાએબ જેવી વારતા ચાલી રહીછે અને લશકરી સરદારોમાં અને રીજમીટોમાં એની ચકચાર ચાલેછે. એક લશકરી ડાકટર કે જે ઘણો વખણાએલો અમલદાર જણાતો હતો તેનાં મરણ પછી માલમ પડીઊંછે કે તે સ્રી હતી. એ વાતની સચાઈ વીશે કંઈ શક નથી. એ બીનાનો હેવાલ આએરલંડનાં વરતમાન પતરમાં જાહેર થએઓછે.

પંદર કે વીશ વરસની વાત ઊપર આપણાં જે લશકરી અમલદારોએ કેપમાં છાવણી કરી હતી તેઓને ડાકટર બેરી નાંમનો શખસ ઈઆદ હશે. એ શખસ પોતાનાં ધંધામાં ઘણો વખણાએલો હતો તેમાં ઘણું કરીને અઘરાં વાઢ કાપનાં કાંમોમાં તેની ધીરજ, હોશીઆરી અને ચંચલાઈ જાણીતી હતી. એ ગરહસથ ઈ૦ સ૦ ૧૮૧૫ માં લશકરી ચાકરીમાં રહીઓ હતો અને ડાકટરની જુદી જુદી પદવીમાં અલબતાં તેને પસાર થવું પડીઊં હતું અને દુનીઆનાં જુદા જુદા ભાગમાં ચાકરી પણ કરવી પડી હતી. પોતાનાં ધંધામાં હોશીઆરીને લીધે એને કેપમાં સારો હોદો મલીઓ હતો. એ ચંચલ અને મીલનસાર હતો પણ જરા જરામાં તકરારમાં ઊતરી પડતો અને મીજાજ ખોઈ દેતો હતો. એ અતીશે સારો ફરતો હતો, એનું શરીર નબલું હતું. એનાં અવાજમાં ખામી હતી અને તે બચાંનાં અવાજને મલતો હતો. એવી ખાંમીઓ વીશે જો કોઈ પણ તેની મસકરી કરતું તો તે અતીશે ગુસે થતો હતો, અને એક શખસ એની પુઠે લાગી ઘણોજ ચીડવતો હતો. તેને પોતાની સાંમે બંદુકની મારામારીમાં બોલાવી તેનાં ફેફસામાં ગોલી મારી મારી નાખીઓ. ઈ૦ શ૦ ૧૮૪૦ માં ઈસપીટાલનો ઊપરી બનાવી એની માલટે બદલી કરી હતી તાંહાં પણ પોતાની હોશીઆરીને વાસતે તેમજ પોતાનાં ગુસાવાલા મીજાજને વાસતે જાણીતો હતો. એનાં મતને કોઈ મલતું નહી થતું તો એટલો તો ચીરડાઈ જતો હતો કે છેલે એનાં મીજાજ આગલ કોઈનું ચાલતું નહી હતું. માલટેથી એ કારફુ ગએઓ અને તાંહાં કેટલાક વરશ સુધી રહીઓ હતો તાંહાં પણ એનાં જાતી ગુણો જાણીતા હતા. જારે ઈંગરેજ શરકારે અયોનીયનનાં ટાપુઓ ગરીસ દેશને સવાધીન કીધાં તે વખતે ઈંગરેજી લશકરે એ ટાપુઓ છોડીઆં પણ ડાકટર બેરીએ લશકરી ચાકરી છોડી કોરફુમાજ પોતાનો જનમારો કાહાડવાને પસંદ કીધું.

---

† આ શોધથી તે એટલોતો ખુશી થએઓ હતો કે દેવલમાં જઈ તેણે એકશો ટોરોનો ભોગ આપેઓ હતો. વાંચનારાઓને આ બીના ઊપરથી ખરેખર કમકમાટ ઊતજેઆ વીના રેહેશે નહી, કારણ તેઓને આ ફીલસુરની રીત બેઊધી લાગશે, કે જે ધણી જાનવરોનુ માશ ખાવાને ધીકારે તેજ ધણી આગલ રહી સજીવાજંધ પરાણીઓનો ઘાટ કરે એ કેવુ લાહપણ. પણ તવારીખ લખનારાઓ આપણી ખાતરી કરી આપેછે કે આ ભોગ જે તેણે આપેઓ હતો તે ખાતર ખીણના જનાવરો બનાવી આપેઓ હતો.

બે તરણ મહીનાની લાંતપર તાંહાં એ મરણ પાંમીઓ અને એ સ્ત્રી હતી એવું માલમ પડીઊં. એને ડાટવાની તઈઆરી કરતાં એ માલમ પડીઊં હશે, પણ કેટલાકનો એવો વીચારછે કે એ જારે ઘણો આજારી હતો તારે એવું કહી અથવા લખી ગએઓ હતો કે મારા મરણ પછી મારા શરીરની કંઈપણ તપાસ કરી આ વગર મને ડાટવો. એથી એની બે ચાકરડી હતી તેઓને શક ગએઓ અને તેઓની ખાતરી થએઆથી આ વાત જાહેર પાડી.

એવા હેવાલ પરથી એ ખીનાં એટલીતો જાણવાજોગ થઈ પડી કે એની તપાસ કરી એની સચાઈ નોધવાને ડાકટરોને બોલાવીઆ હતા. એથી જે પેલી ચાકરડીઓએ જણાવીઊં તે ખરૂં હતું એવું માલમ પડીઊં, એટલુંજ નહી પણ કોઈ વખતે એ સ્ત્રીએ છોકરાંને જનમ આપીઓ હતો એવું પણ સાબેત થઈઊં. આએ અજાએબ જેવી વાત વીશે હાલ તરત એટલુંજ જણાઈઊં છે. મરદનાં લેબાસમાં રહીને ઠગાઈ કરવાની મતલબ સું, તથા એ લેબાસ કેહારથી ધારણ કીધો તે વીશે કાંઈ ચોકસ માલમ પડતું નથી. પણ આટલુંતો ખરૂંછે કે એ સ્ત્રીએ ૪૦ વરસ સુધી અમલદાર તરીકે ઈંગરેજી લશકરમાં ચાકરી કીધી હતી. એક પીસટોલની લડાઈ મારી, એવીજ બીજી લડાઈઓમાં પડવાને તઈઆર હતી. ખરા ડાકટરનો ધંધો શીખી, તેમાં પસાર થઈ, સનદ મેલવી હતી અને વાઢ કાપનાં ડાકટરનાં ધંધામાં પોતાની ચંચલાઈ દેખાડી હતી. આ વાતનાં ખરાંપણા વીશે કાંઈજ શક રહેઓ નથી પણ જો કોઈબી ઘણી એવી બાબદની કાંહાની લખવા બેસતેતો તે એક સ્ત્રીને છેક આવી હાલતમાં દેખાડી નહી શકતે."

---

## એક ગરીબને તાંહાં ધનનો ચરૂ.

ઈંગલંડનાં કેમબરીજ શાએર અને સફોક પરાંતોમાં એક ગરીબ શખસ ચોપડી વેચવાને આ દેશનાં બેમાનોની માફક ફેરી ફરતો હતો, તેને તાંહાં ખોદાએજીએ અજાએબ રીતે ધન દેઈઊંછે. આપણા લોકમાં બચાંને શમજાવાની તરેવાર વાતોમાં ગરીબ લોકને કેમ ધનનાં ચરૂનાં ચરૂ મલેછે તે દેહવામાં આવેછે. કોઈને ખોદાએજી સપનામાં આવી કહી જાએછે. કોઈને ખેતી ખોડતાં અથવા કુવો ખણતાં પઈસા મલેછે અને એવી એવી તરેહવાર રીતની જુદી જુદી ધપમાં વાતો કેહવામાં આવેછે. પણ હમે કોઈ એવી વાત નથી સાંભલી કે જેમાં વગર સપને, વગર મેહનતે, વગર આશાએ, અને વગર ધારવે ઘણીજ અચબુચ અને અજાએબ રીતે કોઈ શખસને પઈસો મલીઓ હોએ. એવું કેહવામાં આવેછે કે બનાવટની વારતા કરતાં ખરી બીનાં વધારે અજાએબ જેવી હોએછે અને એવી કેહવત, ઊપર કહેલા ગરીબ ચોપડી વેચનારનાં દાખલાથી વધારે સાબેત થાએછે.

ઈ૦ સ૦ ૧૭૯૯ માં સેરીનગાપટમની લડાઈમાં જારે ટીપુ સાહેબ હારીઓ ગએઓ તે વખતે ઈંગરેજી લશકરમાંથી એક "સોલજર" નો કંઈ પણ પતો નહી લાગતો હતો તેથી એવું ધારવામાં આવતું હતું કે એ બીજા સીપાઈઓની સાથે મારીઓ ગએઓ હશે. એજ વખતે એ "સોલજરે" ટીપુ સાહેબની એક રાંણીનો બંચાવ ઘણી બાહાદુરીથી કરી તેને તેનાં બાપને ઘેર લઈ નાહાસી ગએઓ હતો. તે રાણીનાં આવી રીતનાં બંચાવથી તેનો બાપ એ સોલજરનો ઘણો ઊપકારી થએઓ હતો, વાશતે એને પોતાનો ધરમ કબુલ કરવા કહીઊં અને તે કીધા બાદ તે પોતાની છોકરીના તેની સાથે નેકા કરવાને કબુલ થઓ. રાણીનું કુટુંબ પઈસાવાલું હોવાથી અને રાણી પર પોતાનો પીઆર હોવાથી એ સોલજરે મુસલમાંની ધરમ કબુલ રાખીઓ અને રાણીની સાથે પરણીઓ. એવી હાલતમા તેઓએ ખુસી ખુસાલી સાથે કેટલાંક વરસ કાહાડીઆં. ઈંગલંડમા એ સોલજરના સગાં વાહાલાંએ ઘણીવાર એની પુછ પરછ કીધી પણ એનો પતો કંઈ રીતે લાગો નહી તેથી તેઓએ એની આશા મુકી દીધી હતી.

પેહલે રાણીનો બાપ મરી ગઓ તેથી બધી તેની દોલત રાણીને મલી. તીઆર પછી રાણીનું મરણ થઈઊં તારે બધી દોલત એ સોલજરને મલી હતી. એ પણ થોડાંક વરસ જીવીને મરણ પામીઓ છે અને પોતાનો કોઈ વારસ નહી હોવાથી પોતાની બેહનના પુરૂશ વારસોને બધી દોલત મલે એવું "વીલ" કરી ગઓ છે. લંડનની એક વખાણએલી વેપારીની પેહડીએ એખચુ, વારસની શોધ કરવાને જાહેર ખબર નાખી.

આથી ઊપર જણાવેલો ગરીબ ચોપડી વેચનાર એ વારંસાનો દાવો કરે છે, અને એવું કેહવામાં આવે છે કે એનો દાવો સાબેત કરવાને એને હીંદુસથાનમાં આવવું પડસે. એક વેપારી એનો દાવો સાબેત કરવામાં જે ખરચ થાએ તે બધો આપવાને કબુલ થાએ છે, તે એવી બોલીથી કે જે કંઈ વારશો એ શખસને મલે તેનો પા હીસો તે વેપારીને આપે. હાલ તરત કંઈ ખાનગી કારણોને લીધે એ નશીબવાન શખસનું નામ જાહેર પડીઊં નથી તોપણ એ વાત ખરી છે એમાં કંઈ શક નથી.

---

## પરચુરણ બાબદો.

**આટો ગુંદવાનો સાંચો**—કોઇ લેતુર નામના ફરેંચે આટો ગુંદવાને વાસતે નાંધલું બાફતું ઈઅનતર સોધી કાહાડીઉંછે એથી કરી સેહલ વખતમા અને થોડી મેહનતે આટો ગુંદાઈ નીકલેછે. એ ઈઅનતર કામે લગાડવાથી આટો ગુંદતી વખતે હાથનો મેલ તથા સરીરના પસીનાથી જે ગલીચી ઉપજતી હતી તે દુર થાઈ છે.

---

**ઈડાં ઘણું સુધી તાજાં રાખવાની રીત**—બે ભાગ સાલીડના તેલમાં એક ભાગ મીન તાવવું અને તે દરએક ઈડાંને હાથની આંગલી વતે સઘલી બાજુએ લગાડવું જેથી આસતે આસતે તે તેલ પીઈ જાશે અને અંદર પેસીને કોટલાંના સઘલાં ઝીનાં આંધરાં બંધ કરી નાખશે તેથી અંદરની સફેદી અને દાર કદી પણ બગડસે નહી. બે વરસ પછી એ ઈડાં વાપરસો તોબી તાજાંજ માલમ પડશે.

---

**રેસમી કપડું સાફ કરવાની રીત**—પા રતલ નરમ સાબુ; એક ચમચી બરાંનડી અને એક પેંટ જીન દારૂ ખુબ સાથે ભેલવો પછી એક વાદલાં અથવા ફલાનીલના કટકાએ કરી કપડાંની બેઉ બાજુએ લગાડવું અને કરચલી વરવા નહી દેવી—પછે ઠાંડા પાંણીમાં બે તરણ વાર તેને ખુબ ધોવું અને સુકવી જરા ભીનું રેહે તેવું કપડાંની અવરી બાજુથી અસતરી કરવી એટલે જેવી જોઇએ તેવી સફાઈ નીકલશે.

---

**એક છાકટ ઉમરાવ કેમ સુધરીઓ**—લારડ સટેર પોતાની ઓરતને ઘણીજ ચાહાતો હતો પણ જારે રાતે બાહેર ખાંના ઉપર દારૂ ઘણોજ પીઈને છાકટ થાઈ આવે તારે અનીતથી પોતાની બાએડી સાથે મરાતો અને કેટલીક વખત મારતો પણ હતો. એક દીવસે છાકટપણાંની જુંમમાં બીચારી બાએડીને એવીતો મોહોડાં ઉપર મારી કે લોહી નીકલવા લાગું. એ બનાવ પછે લારડ સટેર જાંણે કાંઈ બનીઉં નહી હોએ તેમ મજાહથી ઉંઘાઇ ગીઓ. પેલી બાએડીને એથી એવીતો ચીડ ચહડી કે તેણે પોતાનો ઘાહ બંધ કરવાને કાંઈ પણ ઉપાએ લીધો નહી અને એક કોચ ઉપર પોતાના ધણીની નજદીક બેસી સારી રાત રડીઆ કીધી, અને સહવાર પડે તાંહાં શુધી લોહી નીકલવા દીધું. જારે સહવારના લારડ સટેર ઉઠીઓ તારે પોતાની બાએડીની આવી હાલત જોઈ ખુબ ગભરાઓ અને પુછીઉં કે એ શું બનાવ બનીઓછે. તેણીએ તેની આગલ માંડીને ખરતી હાલતમાં સરવે વાત કહી જેથી પેલા લારડના દીલમાં એવોતો ચટકો લાગો અને તેની સનમુખ એટલોતો પસેમાન થાઓ કે લાગલા સોગણ લીધા કે "તારા હાથમાથી જેટલો દારૂ મને મલે તેથી એક ટીપું પણ મારે વધારે કદી પીવું નહી!" લારડ સટેર મરણ પાંમીઓ તાંહાં સુધી એ વચન પાલીઓ અને જે મંડલીમા તેની બાએડીથી જવાએ નહી તાંહાં પોતે કદી પણ ખાંનામાં સામેલ થાઓ નહી—અને જાંહાંબી તે જાતો તાંહાં પોતાની બાએડીને પાસે બેસાડતો હતો અને તે જેટલો દારૂ નામે એટલોજ પીતો હતો.

---

જે લોકો બેઆબરૂ બોલે તેઓ ઉપર સાવાસતે ભરૂશો નહી રખાએ ? કાંએકે તેઓ હમેશ પોતાના બોલો (વચન) રોહેછે !!!

---

એક સાગીરદે ખેલાડીને પુછીઉં જે "આપણા બચાવને મારે કેવી રીતે ઉભુ રેહેવું." જવાબ દીધો જે "મોહોડામાં જીભ હમેશાં અસરાફ રાખવી" એટલે કોઈ કજીઓ નહી કરે અને બચાવ પણ નહી કરવો પડે.

---

એક ઉમરે પુગેલો શખસ રેલવેની ગાડીમાં બેહેલો હતો તાંહાં બે ઓરતો બકબક અને એકએક સાથે વઢતી હતી. કોઇએ પુછીઉં જે "તમારૂં માથું દુખી નહી આવતું કે તમે તાંહાં બેશી રહોછો" જવાબ દીધો જે "નહી સાહેબ, કાંએકે આજ ૨૮ વરસ થયાં હું પરણેલોછું" !!!

---

હમણા ફરાનસના ચેરબુરગ બંદરમાં એક વાહાણને વીજલીથી ચલાવામાં આવીઉંછે તેથી લોકો હેરત પાંમી રહીઆંછે. એ વાહાણ બનાવનાર એક ફરેંચ ઇનજનેર છે અને તેણે પોતાની શોધ ફરેંચના દરીઆ વરધી પરધાનને જાહેર કરીછે. એજ વખતે દરીઆમાં પાંણીની નીચે વાહાણો ચલાવાના તરેવાર ઉપાએ થાએ છે. એક ઇટાલીઅન ઇનજનેરે પાંણીની તરે ફરનાર વાહાણનો એક નમુનો ફરેંચ સરકાર ઉપર મોકલીઓ છે અને તેની તપાસને વાસતે એ સરકારે એક "કમીટી" ઠેરવીછે.

---

**દસ મહીનામાં પાંચ છોકરાંને જનમ આપનારી મા**—જરમની દેશના એલબરફીલડ નામના શેહેરમાંના એક વરતમાન પતરમાં નીચે પરમાણે જાહેર ખબર છપાઈછે.

"આજ રોજે દીસના એક કલાકને સુમારે મારી વાહાલી ધણીઆંનીએ બે છોકરી તથા એક છોકરાને જનમ આપીઓછે. દશ મહીનાની વાત પર એણીએ જોરવાં છોકરાંને જનમ આપીઓ હતો. એક વરસની અંદર એ રીતે મારે તાંહાં પાંચ છોકરાં આવીઆંછે. એલબરફીલડની તારીખ ૧૧ મી આગસટ ૧૮૬૫

## રમુજે ફુરસત.

૧ લું. મારો આંકાર બેડોલ છે. નીચેથી લાંબો અને ઉપરથી ટુંકો છે. મારો ધંધો નીસ છે. વરસાદના દીવસમાં કેટલાંકો મને માંથે ચહડાવેછે. જે કાંમને માટે મને બનાવેલી છે તે કાંમ મારેથી બનતું નથી. મારા ધણીને હું વારેઘડીએ એબ લગાડું છ. મને હાલ જમાંણેના જુવાંનો કાહાડી મુકવાની ઘણી વેતરણ કરે છે પણ જાહેલ બાઇઓ મને છોડનાર નથી..

૨ જું. રસતામાં બે મરદોની પછવાડે બે ઓરતો ચાલતી હતીઓ તેઓને કોઇએ પુછીઉં કે આ બે મરદો તમારા કોણ થાંએ. તેઓએ જવાબ દીધો કે,

"એજ હમારા દીકરા
એજ હમારા માટી
વચમાં આવી આંટી

અને એવોનાં બાપ પણ હમારા માંટી." હવે તમે કેહો કે એ સગાઈ કેમ થાઈ ?

૩ જું. હું એક ખાવાની ચીજ છું. હું મા વીનાં બાપને પેટે જનમી છું. મારૂં તથા મારા બાપનું નામ બે અખસરથી બનેછે. પણ હમારૂં બેઉનું નામ એકજ નથી. મારી ઉત્પંતી આ દેશમાં તથા એની આસપાસના ટાપુઓમા છે. તોપણ મારી વખાણ દુનીઆના ચારે ભાગમાં થાએ છે. કુવીન વીકટોરીઆ પણ મને ભેટ દાખલ ઘણી ખુશીથી કબુલ રાખે છે. નાહનપણથી મોટી થાઉં તાંહાંસુધી મારામા સવાદ એકેકથી ઉલટા હોએ છે. તોપણ મારો ઉપીઓગ તમો મારી ઉમરની બધી વખતે કરો છો; એટલુંજ નહી પણ તમે ઘાટકી રીતે મારી છોકરીને પણ ખાઈ જાઓ છો. જો મારી છોકરીની કોઇ સંભાલ લઈ ઉધારેતો તે મારા બાપને જનમ આપે છે. તમે મને એવીતો સારી રીતે ઓલખો છો કે મારા ગુણ વીશે હું વધારે બોલવાની ગરજ જોતી નથી. પણ એટલામાંજ તમે મારૂ તથા મારા બાપનુ તથા મારી છોકરીનુ નામ કહી દેશો એવી મારી ખાતરીછે.

---

એક વીસ ફુટ ઉંચી દેવાલછે, એક ગોકલ ગાએનો વીચારછે કે તેને મથાલે જાઈ બેસવું, હવે તે સવારથી સાંહાંજ પડેછે તાંહાંસુધી પાંચ ફુટ ઉંચે ચહડેછે પણ રાતરે પાછી ચાર ફુટ નીચે સરી પડેછે, હવે કેહો કે તેને મથાલે જાઈ પોંહાંચવાને કેટલા દાહાડા જોઈશે ?

---

## ખોલાસો ગઈ વેલાનો.

(૧) નાલીએર. (૨) જામો. (૩) તીર. (૪) કટાર.

---

## ધીરો ભકત.

રાગ કાફી—પદ ૩.

અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલી રે, મુરખ જ્યારે સુનો મરવા; ટેક.
નાનપણે ઘર ધંધામાં ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યો રે, પથ્થરને નાવે બેઠો તરવા; અંતે૦
અંત સમે છાપ તિલક બનાવે, ભુલી ગયો જ્યારે ભાન,
એરણની ચોરી સોયનું દાન એમ, કેમ આવે વેમાન;
ગુરૂ ગ્યાન નાખ્યું રે, બુદ્ધિં તારી ગઈ ચરવા; અંતે૦
જુવતિ નારિને જેવી પુત્રની આશા, એમ હરિ ભજે ફલ થાય;
વૃધ નારીને નહી પુત્રની આશા, એના એળે જનમ વહીજાય,
હરિને બેઠો ઠગવા રે, એશી વર્ષે વર વરવાં; અંતે૦
વિશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભય જાય;
હરિશું ધાયા તે બહુ કમાયા તેને, મળિયા નિરંજન રાય;
દાસ ધીરો કહેછે રે, મટ્યા ચોરાશી ફરવા; અંતે૦

---

## ચેતવણી.

આ ચોપાનીઆંને માટે જેઓને કાઇબી લખી મોકલવાની મકસદ હોએતો જે તરીકા ઉપર એ ચાલેછે તે પરમાંણે અને સ્ત્રીઓને છાજતી બાબદો લખી મોકલવી, જે ખુશી સાથે લીધામાં આવશે અકસર કરીને કોઇબી સ્ત્રીને હાથે બરાબર લખાએલી બીના હશેતો તે મોહટા હરખથી લેવામા આવશે સદા લખતી વખતે સાફ અને છુટા હરફે લખવું અને જે પાનાંપર લખેલું હોએ તેની બીજી ઇઆને પછવારેની બાજુ ઉપર લખવુ નહી; અને જેમ બને તેમ લબાવી લખવાથી પહરેજ રેહવું. લાંબી બીનાઓ લેવામા આવશે નહી.

કોઇબી બાબદ એકવાર લખી મોકલવા પછે તે પરગટ કરવી ઇઆ નહી અને તેમાં કાંઇબી સુધારો અથવા ઘટારો કરવો તે હમારી ખુશી ઉપર રેહેશે અને તેનાં લખનારને કવચીતબી પાછી મોકલવામાં આવશે નહી. જો તે બાબદ કોઇબી ચોપડી ઇઆ ચોપાનીઆમાથી લીધી હોએતો તેની નીચે તે ચોપડીનું નાંમ હમારી ખાતરીને સારૂં લખી જણાવવું.

કોઇબી સ્ત્રીને કાઇબી બાબદનો ખોલાસો ચાહવો હોએ ઇઆ સ્ત્રીઓના ફાએદા સરખી કાંઇબી બાબદ ઉપર લખી મોકલવા ચાહતા હોએતો તેઓએ સુખેથી નીચે લખેલાં હમારા સરનામે લખી મોકલવુ જે આ ચોપાંનીઆમા લેવામાં આવશે અને તેનો ઘટતો ખોલાસો પણ કીધામા આવશે.

લખી મોકલેલી બાબદમાં કોઇબી બાઇ પોતાનુ ખરૂં નાંમ આપવા નહી ચાહેતો તેણે સુખેથી બીજી કાંઇ નીશાન અથવા સુટકોજ માતર નીચે લખવો

હમારૂં સરનામુ નીચે પરમાંણે કરવું.

સ્ત્રીબોધના અધીપતી જોગ—

મુકાંમ મુબઇ,

દફતર આશકારા છાપખાનાં મધે પોહોંચે.

---

## હમારા લખનારાઓને ખબર.

"એક વીરીઆરથી"—તમારી બે બાબદો મલીછ તે ઉપર જોગવાઇએ ધીઆંન પોહોચાડશું તમોએ લખવાનો માહવેરો ચાલુ રાખવો અને જેમ બને તેમ ટુંકમાં લખતા રેહવું.

S. F. તથા શા. હો તમારી બીના જોગવાઇએ પરગટ કરીશું. આજની હમારી ચેતવણી તમોએ ધ્યાંન દેઇ વાંચવી.

"વાહાલણ બ"—"અતઈ બોહાબખત"—S. S પોહતીછ.

"એક દુખીઆરી જરતોસતી બેન"—હમારા આ ચોપાંનીઆમાં આવેલી "સાસરીઆનાં સંકટ કેમ ટલે" એ બીના તમોએ ધ્યાન દેઇ વાંચવી અને આશા રાખીએછ કે એમાંથી તમોને બરાબર સાર મળશે.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૯ મું. ડીશેમબર ૧૮૯૫ આંક ૧૨ મો.


## જુલમી થાએ જબ,

અથવા

## પીઝારોનાં પરાકરમ.

### પરકરણ ૪ થું.

દુખીઆરી બાનું બીચારી કોરા તેણીનાં ભરથારથી છુટી પડી એટલે સઘલા પીરૂવીઅન સરદારો, સીપાઈઓ તથા બાદશાહ પોતે લડાઈનાં મેદાનમાં દુશમનોની સાંથે થવાને બાહેર પરેઆ. થોડાવારમાં દુશમનોની એક ટુકડી આડે મારગેથી અચીંતી આવી પીરૂવીઅનો ઉપર હુમલો કીધો જે મધે બાદશાહ આટીલીબાને એક જખમ લાગો હતો. લોહી ઘણું ગએઆથી તે બેચેન થવા લાગો માટે થોડાએક સીપાઈઓ તેને એક ટેકડી ઉપર આરામ આપવાને તથા તેનાં જખમની બરદાસત કરવાને મુકી આવેઆ. આ ઠેકાંણે લાંબો વખત ગએઓ નહી એટલામાં સપાનીઅરડો તેહાં આવી લાગા તથા બાદશાહને પકડી લઈ ગએઆ. આ પરમાંણે સપાનીઅરડોનો દાવ સારી રીતે ફાવેઆથી પીરૂવીઅન સરદાર રોલાની છાતીમાં ભારે જખમો લાગેઆ માટે, તેણે પોતાનાં લશકરને નાંમોશી લગાડી હીમતથી લડવાને એવીતો નશીએત કીધી કે તેઓ સરમીંદગીનાં દરીઆવમાં ડુબી જતા માલુમ પરેઆ, અને તેથી તેઓનાં દીલ દલગીરી અને ગુસ્સાથી ધપકવા લાગાં અમે અંતે તેઓને શુર છુટું માટે દુશમનોની સાથ બાથ લઈ પોતાનાં શાહને છોડવવાને રોલાની પછવાડે મેદાંન પરેઆ.

વાંચનાર બાનુઓ, તમો જાણોછો કે આ દુનીઆનાં ઘણુંખરા કારબારમાં વારંવાર બદી, ખંદાઈ, તથા જુલમ થોડોવાર ફતેહ મેલવેછે, પણ પેલો સદા અદલ નેઆએઆધીશ આ દુનીઆનાં દરમેઆનમાં એવો બેઉંધો બનાવ ધીકારી શેવટે નેકી, વફાદારી, તથા સચાઈને સાહે થઈ, ફતેહ પમાંડેછે. એજ પરમાંણે ખંધા સપાનીઅરડોએ જોકે પેહલ વેહલાં ફતેહમંદ થઈ પીરૂ દેશના શાહને બંદવા તરીકે પકડેઓ હતો તોબી પાછલથી પીરૂવીઅન લશકરમાં શુર છુટેઆથી દુશમનોની હરોલમાં પેશી બાદશાહને પાછો સહી સલાંમત ખેંચી લાવેઆ હતા. પીરૂની સઘલી વફાદાર રઈએત આ વાત સાંભલી ખુશાલીથી એટલીતો ભરાઈ ગઈ કે હરખથી તેઓનાં દીલ ધુજવા લાગાં હતાં. રોલાની બાધુરીનો ઉપકાર માંનવાને બાદશાહ તેને કેટલાંક કીમતી જવેરાતની બખ્શીસ કરેછે એટલામાં જલદીથી એક હલકારો આવી લાગો જેણે એલાનઝો વીશેનાં માઠાં સમાચાર કહી સંભલાવેઆ.

**હલકારો**—સાહેબ, બાહાદુર એલાનઝો લડાઈમાં વીખડાઈ ગએલી ટુકડીને એકઠી કરવામાં ગુંથાએલો હતો તેવામાં દુશમનો અચીંતા તુટી પડી તેને પકડી લઈ ગએઆછે, અને હાલ તેની કેવી હાલત હશે અથવા તેનું પાછલથી શું થએઉં હશે તે સમજ પડતું નથી. માટે હવે એલાનઝોને પાછો જીવતો જોવાની આશા ઘણીજ થોડીછે.

**આટીલીબા**—અરે, શું તેઓનાં હાતમાં તે મારેઓ ગએઓ હશે કે!

અરે ફતેહ! તારી પડી કીમત હમને મોટી!
એલાનઝોના જીવતર વીનાં તુ હમને ખોટી!!

**રોલા**—અરે કોરા! આ બનાવ વીશે લાગશે તુને કેવું!
તારી દલગીરીનુ રેહશે આ દીલપર સદા દેવુ"

**આટીલીબા**—ભાઈ રોલા, આપણાં દેશનો બચાવ જેવો થવો જોઈએ તેવો ખોદાની મદદથી થએલો દીસેછે, પણ તેમ કરતાં આપણ એક કીમતી ગોહેર ખોઈ બેઠા છઈએ—એ ખોટ કાંઈ નાંની જેવી નથી. ફતેહતો આપણને મલી પણ તેને લગતી ખાશ ફરજો આપણને પેહલ વેહલાં બજાવવી જોઈએ, તે એકે જે દેશહીતકારી મરદ લડાઈનો ભોગ થએઓ તેની બાએડી અને બચાંનાં માંથાં ઉપર હાત ફેરવી તેઓને દીલાશો આપવા આપણને જવું જોઈએ.

બાદશાહ, રોલા, તથા બીજા સરદારો, શેહરની સઘલી ઓરત તથા બચાંને સલાંમત રેહવાની જગો તરફ આવેઆ. આ ઠેકાંણે કોરા પોતાના બાલકને રમાડતી મોટા અફસોસમાં બેઠેલી હતી અને મનમાં કેહતી હતી કે—

અરે વખત બેચેન, વખત થીમા બેરેહેમ!
લઈ જત આ છાતીના, છુપા સરવ વેહેમ!
હવાઈ તારી પાંખપર, રમતો તારો કાપ!
પેઆગ ભરથારનુ, ભલીશ લાવી આપ!
લડાઈમાં સરવેનુ, થએઉં હશે શું!
મારા બચાનાં બાપ, હમણાં કેમ હશે તું!

એવામાં તેઓની ફોજ દુરથી આવતાં જોઈ કોરા એ કદમ ઉઠી આતુરતાથી તેઓની રાહ જોવા ઉભી અને કેહવા લાગી—

ચુપ થાઓ ખાઈઓ, ચુપ બેહેનો ચીંતાતુર,
છે, ઉમેદ અને આશા, હવે થોડા કદમ દુર.
ઓમા પેલા આવેછે, સુરા આપણા નર,
મુબારકબાદી આપી, તેડી લઇએ આપણુ ઘર.

થોડાવારમાં સઘલું લશકર સરદારો તથા બાદશાહ સુધાં આવી પુગું. કોરા આતુરતાથી એલાનઝોને જોવા ડોકાં કરીઆ કરેછે પણ તે કાંઈ નજર પડતો નથી, એવું જોઈ તે રોલાને શોધી કાહડી પુછવાંની કોશેસ કરેછે (પણ રોલા તેણીથી ભરાતો ફરેછે કારણ એલાનઝોની ગેરહાજરી નો જવાબ શો આપવો તે વીશે વીચારમાં પડેઓ હતો.) તેવામાં તેણીએ પુછીઉ ભાઈ એલાનઝો કાંહાંછે (રોલા અખાડા કરી ચાલી જાએછે.)

કોરા—(બાદશાહનાં પગપર માંથુ મુકી.)

પરજાના પીતા—બખ્તાવર બાપ,
બાવાદ મારો મને તું આપ.
કાંહ ગોહેઓછે મારો વાહાલો ભરથાર,
કાહ રહેઓછે મારો હઇડાનો હાર.

બાદશાહ—હું દલગીર છું, એલાનઝો અતરે નથી.

કોરા—અરે! તે મારેઓ તો નથી ગએઓની.

બાદશાહ—નહી, ઈશવર આપણી વીનંતી સાંભલે આ વીના રેહેશે નહી.

કોરા—અરે, પણ તે જીવતોછે કે મરણ પાંમેઓ.

બાદશાહ—તે જીવતોછે—આ દીલમાં.

કોરા—દએઆનો દોમત, સખાવતના શાહ,
કાં રીબાવી દેછે, આ દીલને તું ઘાહ.
સોનાની કટારથી કરેછે કાં કતલ,
કર એકદમ તુ ઠાર, હું ગણુ અદલ.

બાદશાહ—કોરા તારાં મનમાંહેથી નાસીપાએસી કાહડી નાંખ—એકીન તારાં દીલમાં ધર. તારા ભરથારની હઈઆતીની થોડીબી જે આશા રહીછે. તે તોડી નાં નાંખ.

કોરા—થોડી આશા! અરે હવે વલી આશા કેઇ રહી (રોલા તરફ ફરીને) રોલા બોલ તું સચાઈનો સાથી છે તુને કંઈબી ખબર હોએ તે મને કેહે.

રોલા—લડાઈનાં ગુચવારામાંથી છુટા પડેઆ પછી એલાનઝો મને મલેઓજ નથી.

કોરા—મલેઓજ નથી! હો, આ કેહેવી વાત! અરે તમો મરદો કેવા ભેદ ભરેલા છો! કોઈ માંણસ બીચારો રીબી છેલો દમ લેતો હોએ તેને વીશે તમો કેહચો કે "સવરગનાં સલાંમત રસતા ઉપર સવારી કરવાની તે તઈઆરી કરે છે" અગર કોઈ બીચારો આશાનો ભરપુર દરીઓ ડોહવતાં વાંહાણ ભાગાથી ડુબી જાએતો તમો તેને મુએલો નહી કેહેશો પણ એમ બોલશો કે "તે પોતાની બાહાદુરીથી થાકી જઈ સમુદરનાં બીલોરી બીછાંણાં ઉપર ઉંઘ કાહડેછે." એજ પરમાંણે તમો પણ મને ભેદથી સતાવોછો. કાં નહી ખોલા શંખુનોમાં કેહતા કે—એલાનઝો મારેઓ ગએઓ.

રોલા—તેઆરે હું એમ કહી ખોટુ બોલું?

કોરા—ખોટું કે ખરૂં મારો સંદેહ કાહાડી નાંખ.

રોલા—એલાનઝો દુશમનોનાં હાતમાં બંદવો પકડાએઓછે.

કોરા—અરે વરૂ જેવો લોહીનો પેઆશો—જે આપણો દુશમન પીઝારો તેનાં હાતમાં પકડાએઓ! તો હવે તેની આશા ખોટી. ખરેખર તે મુવા જેવો નહીતો શું.

બાદશાહ—પણ બાઈ ઈશવરપર એકીન રાખ. આ સપાનીઅરડો પઈસાનાં ભારે લોભીછે—પઈસાનું મોહ જોઈ તેઓ કંઈ પણ કરે; માટે પીરૂ-દેશનાં પેટામાં જેટલી દોલત હશે તે એકવાર આપી એલાનઝોનું છુટાપણું ખરીદવાને હું કાંઈબી કસુર કરનાર નથી—એમ સત કરી જાણજે. આ કારણુસર મારો હલકારો કાલ રોજે મોકલનાર છું.

કોરા—વારૂં હેતવંતા શાહ—તારો ઉપકાર હું કી આ શબ્દમાં માનશ! પણ તારી પાસ હું હાલ એટલુંજ માંગી લેઉછું કે તારા હલકારાની સાથ મને પણ જવા દેએ.

બાદશાહ—કોરા તુજમાં કંઈ લાંબી સમજણ છે! તારી હુરમત તથા તારાં બચાંની સલાંમતી ખોહેઆ વીનાં રેહેશે નહી, કારણ તારો જોબન તથા ખુબસુરતીને લીધે તેઓ ઉલટા એલાનઝો ઉપર વધારે જફા પાડેઆ વીનાં રેહેશે નહી માંટે થોભ ઉતાવલ ના કર, આ હલકારાનાં જઈ આવેઆ પછી આપણુ વીચાર કરશું.

હવે બાદશાહ, રોલા, તથા બીજાઓ લડાઈમાં મલેલી ફતેહને વાસતે તથા એલાનઝોની સલાંમતી ઈછવાને દેવલમાં બંદગી કરવા ગએઆ.

---

## પરકરણ ૫ મું.

## કોરા તથા તેનું બચું.

ગએઆ આંકમાં તમોએ વાંચીઉં હશે કે એલાનઝો તથા રોલા પેહલ વેહલાં લડાઈમાં સામેલ થએઆ તેની આગમજ એલાનઝોએ રોલાને એક અગતનો હવાલો આપીઓ હતો—તેણે રોલા પાસ કબુલ કરાવીઉં હતું કે "અગર હું માઠાં બાએગે લડાઈમાં મારેઓ જાઉંતો મારી ઓરત તથા બચાંને તું સાચવી લેજે—મારી વફાદાર કોરાનો ભરથાર તું થજે તથા મારાં પશુ બચાંનો પીતા તથા વાલી પણ તુંજ રેહજે". આ વાત રોલાએ જાંહાંસુધી કબુલ કીધી નહી તેહાંસુધી તે હટ લઈ ઉભો રહેઓ હતો માટે રોલાએ નેક મતલબથી વચન આપેઓ હતો કે "કોરાની મરજી હશેતો હું તેમ કરવાને રાજી છું". હવે કમનશીબથી એલાનઝો દુશમનોનાં હાતમાં પકડાએઆથી કોરાને તેણીનાં ભરથારનાં છેલા સખુનો કેહવાને રોલા જાએછે.

(કોરા પોતાનાં બચાંને લેઈ ગંમમાં બેઠેલીછે.)

રોલા—કેમ કોરા તારી તથા બાલકની કેહવી ખબર! હું અતરે તુને તારા એલાનઝોનાં કેટલાક છેલાં પણ ભારે અગતનાં સખુનો કેહેવાને આવેલો છું.

કોરા—બાઈ રોલા હાલતો હમારી ખબર એટલીજ કે જેમ આ બાલક બાપ વીનાનું થઈ ગએઉંછે તેમજ તે થોડાકવારમાં મા વીનાનું પણ થશે. પણ અરે—તું શું મારા ભરથારનાં છેલા સખુનો લાવેઓછે! (મનમાં) અરે

રખેને વલી દુખપર ડાંમ દેતો હોએ. હા બાઈ—તાકીદ કરી મને તે કેહે.

શેલા—લડાઈમાં હમો સાંમેલ થએઆ તેની આગમજ તેણે મને હુજત કરી બે બાબદનો હવાલો આપેઓ હતો જે હું મારી ખાસ ફરજ તરીકે ગણી એકીનથી બજાવશ—એકતો એકે તેની કજા રજાની વેલાએ તેનાં બચાંનાં માથાં ઉપર પીતા અથવા વાલી તરીકે હાત ધરવાને— અને બીજે એકે તેની વફાદાર ઓરતને સાચવી તેણીનો ભરથાર તરીકે રેહવાને મારી કબુલત લીધીછે. જેહાસુધી આ બાબદ વીશે મેં કબુલત આપવાની આનાંકાની કીધી તેહાંસુધી તે મને પકડી રહી લોખંડનાં થાંબાની માંફક મજબુત ઉભો રહી એક ડગલું ખીસીઓ ન હતો.

કોરા—(સંતાપથી) હા! હા! હવે મને સમજણ પડી—તેનાં છેલા હવાલાથી શું શું કાલું પોલું થએઉં હશે તે હવે મને આબેહુબ નજર પડેછે. હો એલાનઝો! એવો હવાલો તેં બીજાને આપેઓ તેથીજ તારી ખરાબી તારે હાથેજ કીધીછે એમાં શક નહી.

શેલા—અરે કોરા! તું શું મને બદનામ કરવા માંગેછે? એક દોસત તરીકે મેં મારી ફરજ બજાવી તેમાં શું તું મને સંતાપેછે!

કોરા—અરે હા. મતલબસર તેં તેને દુશમનોનાં જુખંદામાં દોડાવેઓ હશે. તેણે મદદનો પોકાર કીધો હશે પણ તે વેલા તેં કાંન ઉપર ઢાંકણું દીધું હશે અને કોરાને મેલવવાનાં ઈરાદાથી તેં તેને ઠાર કરાવીઓ હશે.

શેલા—(કપાલ કુટી) અરે ઈશવર! દએઆ અને દોસતીનો શેવટ આ બદલો! અરે કીરતાર! મારી મતલબ નેક કે બદછે તે તું શીવાએ બીજું કોણ જાણેછ? કોરા આ વખત હું ઈછુછ કે આ તલવાર મારી છાતીમાં બોકી દેઉં.

કોરા—નહી બાઈ નહી શા માંટે. મોહબતની મુરાદથી જેવો ભરપુર થઈ આવેઓછે તેવોજ સલાંમત રેહે. મારા ભરથારનાં છેલા સખુનો તું મારી આગલ લાવેઓછે તેનો ઉપકાર માનુછ. પણ મારાબી છેલા સખુનો તું સાંભલી લેએ. આ બધું તુંને બાપ કરી કેહે, અને હું તુને ભરથાર કરી કેહેઉં તેની આગમજ આ દીલનુ રેહેઠાણ એલાનઝોની સાથ પુરૂથવીનાં પેટાં મધે થશે. હવે મારૂં બાલક લઈ જે લડાઈનાં મેદાનમાં ખુનરેજી ચાલી હતી તેહાં જઈ સરવે મુરડાંઓને તપાશી જોઉં; અગર એલાનઝોનુ શરીર મને હાત લાગશે અને તે મધે જીંદગાંણીની છેલી જાંહુખી ચીંગારી બાકી હશેતો તે કોરાનો અવાજ સાંભલી એકવાર પોતાની આંખો ઉંઘાડશે અને હમને છેલા આસીરવાદ દેશે. પણ અગર તે તેહાં મારે હાત ન લાગેતો હું લાગલી સપાનીઅરડોની છાવણીમાં બેધડક જવશ; તેહાં હજારો તલવારો વચેથી હમને રસતો મલશે કારણ તેઓનાં દીલ સંગ જેહવાં હશે તોબી મારો અને બચાંનો દુખીઆરો દેખાવ જોઈ બરફની મીશાલે પીગલી જવા વીનાં રેહેશે નહી.

---

પરકરણ ૧ લું.

## પીઝારોણી છાવણી.

હવે પીઝારોનાં લશકરને લડાઈમાં ફતેહ ન મલેઆ થી તે ભારે બેચેન થતો ગએઓ તેટલાંમાં બાનું એલવાઈરાએ આવાને ખબર કીધી કે એલાનઝોને પકડી લાવી બંદીખાનામાં નાંખેઓછેં. આ વાત સાંભલી પીઝારોએ જાંણે સીકંદરની માફક આખી પુરૂથવી જીતી હોએ તેટલોકેહરખમાં આવી ગએઓ માટે એલવાઈરાએ તેને પુછીઉં તે તારો બંદવો થએઓછે હવે તુને એટલી ખુશાલી શાની ઉપજેછે.

પીઝારો—હા! હવે મારી મુરાદ બર આવી, હવે હું આ તુછકાર છોકરાને બતાવી આપું! હવે તેને ચાંમરની મીસાલે ચોરી નાંખુ.

એલવાઈરા—તે તારો બંદવોતો છેજ, અને હવે એથી વધારે તેને શું કરશે!

પીઝારો—હાત પગ કાપી, કાપું નાંખ કાન;
રીબાવી રીબાવી, એમ લેઉ તેનો જાન.

એલવાઈરા—(ગુસ્સામા) શરમ છે તારી ઉપર. એક મુએલાં માંણુસને મારવું એમાં શું બાહદુરી! બેડી સાત બંધવો થઈ પકડાએલો માંણુસ મુરડાંની માફક અશકત થાએછે તેને તું એવું દુખ દઈ મારેતો તારા જેવો હીચકારો મરદ દુનીઆમાં કોણ હશે! ખરી બાહદુરી જો તારે બતાવવી હોએતો તેને માફ કરી છોડી ઘર જતો મેલ—જે પોતાનાં કીનાને જીતે તે ખરો પેહલવાન જાંણવો—જે મોટું મન રાખે તેનેજ મોટો માંણુસ ગણવો.

આ નશીઅત ઉપરથી પીઝારોનુ મજક ઘણુજ તાપી ગએઉ. પારકા માણુસ વીશે એલવાઈરાએ જે રેહેમ તથા તરફેણુ બતાવી હતી તે પીઝારોથી સોખી શકાએઉંનહી. થોડાવારમાં એલાનઝોના મુશકાટાટ કરી પોતાની હજુરમાં બોલાવી મંગાવેઓ. એલાનઝોએતો પોતાની જીંદગીની આશા છોડી હતી. તેથી પીઝારોને રોકડો જવાબ આપવાને દરતો હતો નહી. પીઝારોએ તેને સખત ઠપકો તથા નામોશી આપી પાછો બંદીખાને મોકલેઓ અને હુકમ કીધો કે કાલ રોજે બડી બાંમદાદનાં એને ગરદન મારવો.

(એલાનઝો બંદીખાનાંમાં છેલી ભકતી કરી દુખીઆરાં દીલને છેલી આશા આપેછે.)

ગાઉછું છેલીવાર દીલ તારૂં દુખ;
જોઉછું છેલીવાર માહતાબ તારૂ મુંખ;
નમુછુ છેલીવાર પુરૂથવી મારી માતા;
ભજુછું છેલીવાર ઈશવર મારો દાતા;
કાલે આવશે મોહત! તીર તંગ તાંણી;
જખમ જેનો જેહરી ન રૂજે જગત પરાંણી;
બદન મારૂં ખાકી ખાક મંમ મલે;
પરાંણ મારો પાકી આકાશ જઈ ફલે;
ઈશવર મારા કુટંબપર ધર તારો હાત;
મલશુ હમો કેઆમતમાં સરવ સંગાત;.

એલાનઝોએ આ પરમાંણે બાહદુરીથી મોહતને તાબે થવાને તઈઆરી કરી મુકી હતી; પણ ઈશવરની તેને રાખવાની મરજીતો પીઝારો જેવા હજારો ખુનીઓનું શું ચાલે. જે સવારમાં તેને ઠાર કરવાનો ઠેરાવ હતો તેની આગલી રાત

નાં એક ફરેસતાની માફક તેનો દોસત રોલા તેને છોડવવા ગએઓ. રોલાએ એક બુઢા દરવેશનો વેશ પેહરી એલાનઝોને બંદીખાનામાં મલવા જવાની કોશેસ કીધી પણ માંઠાં ભાએગે તેહાં ચોકી કરનારો પોહોરેગીર ઘણો જલદ, ખરો અને પોતાનાં કાંમપર ચોકસ હતો તેથી રોલાને અંદર જવા દીધો નહી. રોલાએ તેની ભારે વીનંતી કીધી પણ તેણે સાંભલી નહી. અગર ઘણું થતું તો તે મારડાઈને ભાલો બતાવતો હતો. રોલાએ જોએઉ કે બોલોથી કાંઈ વલતું નથી તેથી બીજી હીકમત કીધી. પોતાની સાથ તે કાંઈક જવેરાત લઈ આવેઓ હતો તે તેને આપવા કહેઉં પણ તે કાંઈ પીગલતો નથી. અંતે રોલાએ એક બીજી ઈઉક્તી કીધી.

રોલા—ભાઈ હું જરા જાંણવા માગુંછું કે તુંને કાંઈ બાએડી છોકરાંછે ?

સીપાઈ—હા, મારાં ચાર છોકરાંછે જેઓને હું મારે ગાંમ મુકી આવેલો છું.

રોલા—ઠીક ભાઈ, ખોદા તેઓને સલાંમત રાખે. પણ ભાઈ (પટાવીને) હવે જરા તું મારી બુઢાની વાત શાંભલ. તુંતો આ પારકા દેશમાં પેટને વાસતે નોકરી કરેછે, પણ ખોદા ન કરેને કદાચ કાંઈ તારી ઉપર આફત આવી પડે, તારો જાન બેજાન કરવાનો હુકમ મલેતો તારાં બચાં છોકરાઓની છેલી ભેટ લઈઆ છેલા સખુનો મેલવેઆ વગર મરેતો તુને કેટલું દુખ ઉપજે વારૂં ?

સીપાઈ—ખરી વાત બુઢા એવાં દુખ વીશે મને વીચાર પણ થઈ શકતો નથી. ખોદા કદી કોઈને એમ ન કરે.

રોલા—તો ભાઈ અતરે કેદ થએલા એલાનઝોની એવીજ હાલતછે. સવારનાં પોહરમાંતો એને ગરદન મારવાનોછે માટે એની છેલી ભેટ લઈ એનાં છેલા સખુનો એની બાએડી તથા છોકરાંઓ ઉપર લઈ જવાને હું અતરે આવેલોછું માટે તું જરા મેહરબાની કરી એક પલવાર તેની મુલાકાત લેવા જવાની મને રજા આપેતો કેહવા તુને આશીરવાદ લાગે !

જે ધણીનાં સખત હઇડાં ઉપર પઇસા અથવા કાકલુદીથી અસર થઈ ન હતી તે ધણી આ વાતથી પીગલી ગએઓ અને રોલાને જવા દીધો. રોલા બંદીખાનાંમાં ગએઓ તે વેલા એલાનઝો ઉંઘાએલો હતો તેવામાં રોલાએ તેને હાક મારેઓ. (એલાનઝો સમજેઓ કે તઈઆરી કરવાને જલાદ હાક મારેછે.)

એલાનઝો—કેમ એટલા વારમાં વખત થએઓ ! હજુરતો મધરાત લાગેછે. ભલા માંણુસ જરા બાંમદાદતો થવા દેએ.

રોલાએ તેને ખોલા અવાજે પોકારી ઉઠાડેઓ જે સાંભલી એલાનઝો ચોંકી ઉભો થએઓ અને પોતાનાં જાની દોસતને વલગી ખુબ કોટી કીધી અને રડવા લાગો. રોલાએ તેને ઉતાવલથી સમજાવેઓ કે આ મારો વેશ પેહરી અતરેથી જલદી તું જતો રેહે તારે બદલે હું અતરે રેહુંછું તારૂં મોહડું તું ઢાંકશે એટલે કોઈ તુને અટકાવશે નહી હું પાછો જતો હોય એમ જાણશે. એલાનઝોએ આ વાત કબુલ કરવાને નાં પાડી. રોલાએ ભારે હુજતથી તેને અંતે નશાડીઓ અને પોતે તેની જગોએ બેઠો. રાત ઘણી અંધારી હતી તેથી તે પસાર થઈ પોતાને ઘર જઈ પુગો અને આશા છોડીને બેહેલી બાએડીને અંચીતો મલેઓ. તેણીની ખુશાલીનું કીઆ શબદોમાં બેઆન થાએ !

રોલાને લાંબો વખત થએઓ નહી એટલામાં બાનું એલવાઈરા એલાનઝોને છેલી મુલાકાત આપવાની મતલબથી બંદીખાનામાં આવી અને જોએછેતો એલાનઝોને બદલે કોઈ બીજોજ શખશ નજર પડેઓ. આ ઉપરથી તેણીને ભારે અચરતી ઉતપન થઇ, અને પુછીઉં કે એલાનઝો કાંહાંછે ! રોલાએ ધીરજથી જવાબ દીધો કે "તેને મેં નસાડી દીધો; હાલ તે રસતામાં હશે, તેને બદલે હું આવેઓછું."

હવે વાંચનાર બાઈઓ તમો ધારશો કે એક જણ નાંશી જઈ બીજો પકડાએઓ તે એકનુ એકજ થએઉ, પણ એમ નથી. પીઝારોનુ વેર એલાનઝો ઉપર ભારે હતું તેથી તે તેનેજ કતલ કરવા ચાહતો હતો માંટે રોલા ઉપર તે કાંઈ એટલું વેર લેનાર હતો નહી.

એલવાઈરાએ જોએઉ કે એલાનઝો નાંઠો એટલે ઘણુ જ નેક થએઉં—પીઝારોની બુરી મતલબ નીશફલ થશે એટલુંજ નહી પણ તે ઠાર થશે. તેણીએ રાતોરાત રોલાને ફુસલાવીને પીઝારોનાં તંબુમાં લઇ ગઈ અને ઉંઘમાંજ તેની ગરદન કાપી નખાવવાની વેતરણ કીધી કારણ પીઝારોનાં ઘાતકી કરમથી તે ભારે બીધી હતી. રોલાનાં હાતમાં એક વેહતું ખંજર આપીઉ અને પોતે દુર ભરાઇ ઉભી રહી. રોલા જોકે જાતે ઘણોજ બાહદુર હતો તોપણ ઘાતકી કરમ કરવાને તે ભારે દર રાખતો હતો, માંટે ખાખસુસ આંનાંકાંની કરી તેને જગાડવાનાં વીચારથી ઉભો થાઇ રહેઓ. અંતે પીઝારો જાગી ઉઠીઓ તેથી રોલાને નાગું ખંજર લઈ ઉભેલો જોઈ ભારે અચરત થએઓ. રોલાએ તેને સઘલી ખરી વાતથી વાકેફ કીધો અને કહેઉ કે "આ વખતે હું ચાહતેતો તુને ઉંઘમાં ઠાર કરી નાંખતે પણ મારૂં દીલ તારા જેવું ઘાતકી નથી. એક ઉંઘેલાં માણસને મારવું એ એક મુરદાંને મારેઆ બરોબરછે અને એનાં જેવું હીચકારાપણુ બીજું એકુ નથી." એલવાઇરા એવું ચાહતી હતી કે પીઝારોને ઠાર કરી નાંખેતો તેણીનો છુટકારો થાએ, માંટે રોલાને પેહલેથી ભારે ઉલટ આપી ઉસકેરીઓ હતો. પણ પીઝારો જાગી ઉઠીઓ અને તેને સલાંમત જોઈ એલવાઈરા ભારે નાશીપાએશ થઇ ગઈ તેથી હીમતથી બાહર આવી રોલાને ઠપકો દેછે.

એલવાઈરા—કેમ અરે એવી સારી તક ખોઈ! એટલું કાંમ તુંજથી બનીઉ નહી! પીરૂવીઅન લોકોનાં જીવનો જમ હજુર જીવતો રાખેઓ; અફશોસ! રોલા તુને શું કહું હીચકારો કે ઠગારો.

પીઝારો—(ખુનપર આવી) ચોકીબાન ! જલદી આવ ! આ કમજાત ચેલીનાં મુશકા ટાટ કર.

એલવાઈરા—ગોલીબાનથી તાગ ઢોણુ કરેછે પરવા !
આચા છોડી તઈઆર, છુ પોતે હું મરવા.
મહીના પણુ હાતમાથી છુટે ઓકાર એકાર,
પણ હરાંમ તાગ હાતથી ન ખગે નર નારે.
ઓ આદમી રૂપી હેવાન ! મનુશ જાતના ઓ જમ!
થશે તારો જુલમ પખવારમા ખતંમ.
સીકંદર જેવા ચેહકડા ન રહેઆ હાલ કોઈ,
પડેઆ અંતે ખાકમા દોર દમામ ખોઈ.

અરે ઇશ્વરનો ઉતરે તું જુલમીપર કેહેર,
થજો દોજખ તારૂં ઠાર, થજો લશકર તારૂં જેર.
જોઈ તારાં કરતુક, ધીરજ રાખી આજવેર,
મગજ મારૂં ખીસી, આવેછ મુજને ફેર.
(એલવાઈરા બેહોશ થઈ પડી જાએછે.)

થોડાવારમાં પીઝારોએ તેણીને રોલાની આજીજી અને વીનંનતી છતાં ફાસી દેવાની જગોએ મોકલાવીને મારી નાખી. તેણીએ છેલી ઘડી સુધા હીંમત બતાવી હતી અને એક આંસુભી પાડેઆ વીના પોતાનાં કીરતારને પોતાનો પરાણ હવાલે કીધો.

હવે પીઝારો તથા રોલા વાંતચીત કરેછે, એવામાં બે સપાનીશ સીપાઈઓ પોતાના સરદારને ખુશી કરવાને એક પીરૂવીઅન બચું ચોરી લાવેઆ હતા. આ બચું જો તાનેવાર તે એલાનઝોનું છે એવું રોલાથી બોલાઈ ગઈઉં, તેથી તે પાછું તેની ઘભરાતી માતાને સવાધીન કરવાને રોલાએ માંગીઉં પણ પીઝારોએ આપવા ના કહેઉં. પીઝારોની મતલબ એ હતી કે એલાનઝો તેનાં હાતમાંથી નાંઠો તેથી આ નાંનો એલાનઝો પકડાએઆથી તેનું વેર જરા નરંમ પડે. રોલાએ પીઝારોને ઘણીભી રીતે સમજાવેઓ પણ કાંઈ વલીઉં નહી તેથી અંતે તલવાર ખેંચી કાહાડી બચાને છીણવી લઈ નાશી ગએઓ. પીઝારોએ તેની પછવાડે સીપાઈઓ દોડાવેઆ, કે તેનાં જાનને નુકશાંન કીધા વીનાં જીવતો પકડી લાવવો. પણ તે પકડાએઓ નહી માટે એક શીપાઈએ તેને ગોલી મારી, જેનાં વેહતા જખમથી તે રસતામાં અધમુઓ થએઓ. તોભી બચાને સહી સલાંમત તેની માનાં હાથમાં આપી મરણ પાંમેઓ. તેણે મરતી વખત એટલુંજ કહેઉં કે "એલાનઝો તારી અને કોરાની ખાતર મારો પરાંણ ખોઉંછું". અરે આ શખુનો તેઓનાં દીલમાં કેહવા લાગા હશે! અરે એવો ખરો મીતર કોણનો હશે! તેણે એલાનઝોની જીંદગી બંચાવી એટલુંજ નહી પણ તેનાં બચાંને વાસતે પરાંણ આપેઓ જેથી વેહમી કોરાની ખાતરી થઈ કે એલાનઝોની ગેર હાજરીને માટે રોલાને જે સખત ઠપકો આપેઓ હતો તે કેહવો ગેરવાજબી અને અવીચારનો હતો. હવે તે રોલાની લાએકી તથા નેકી ઉપર વીચાર કરવા લાગી અને ભારે પસતાવો કીધો. આ ઉપરથી ઓરત જાતની ખાશીઅતનો એક દાખલો મલેછે કે અવીચારપણે તેઓ બીજાં ઉપર તોહમત મુકવાને કાંઈ જોતાં નથી પણ પાછલથી ભુલ જોઈ પસતાવો કરેછે.

બાહદુર રોલાની લાસને ડફણાંવેઆ આગમજ પીરૂવીઅન લશકરને પીઝારોનાં લશકરની સાંમે છેલીવાર લડાઈ કરવી પડી હતી જેમાં ઇશવરની મેહેરબાંનીથી પીરૂવીઅનો ફતેહ પાંમેઆ અને પીઝારો મારેઓ ગએઓ. આ બનાવ જોઈ સઘલા સપાનીઅરડો પીરૂવીંઅનોને તાબે થએઆ અને અંતે અફડાઇ જીકાઇને વાંહાણોમાં પાછા પોતાને દેશ ગએઆ. જુવો દોસતીનો દાખલો, જુલમીના ફેલ. સાર એવો સાચો, ખોલેછે આ ખેલ. જાઈબંધીનું ભલું. મોહબત અને પીઆર, ઇનસાનને દીધાંછે ઇશવરે ઇઆર!

---

# ઓરતોની મજલસ.

## ભાશાણ ૨ જું.

---

### બચું જણમીઆ પછી તરત શી માવજત કરવી તે વીશે.

આજ દીને તમુને ફરીથી ભેગાં થએલાં જોઈને હું ઘણો ખુશી થઓછું. જારે તમે શાન મેલવવાને એટલી ઉલટ બતલાવોછો તારે મને તમુને શાન આપવાને માટે વધારે ઉતેજણ મલેછે. ગઆ ભાશાણમાં મેં કબુલાત આપી હતી કે બચાંની તંદરોશતી કેમ જાલવવી અને તેને કેમ ઉધારવું તે વીસે હવે પછી હું ગ્યાન આપશ. આજના ભાશાણમાં બચું જણમીઆ પછી તરત શો માવજત કરવી તે વીસે જણાવવા માગુંછું.

૧. પેહેલી બાબદ જાણવાની અગત એછે કે જેવું બચું જણમીઉં તેવું તેની આગલ એક હુશીઆર દાઈ રાખવાની જરૂરછે. તમુને ઇઆદ રાખવું કે ઘણી વખતે બચાંની જીંદગી દાઈની હુશીઆરી ઉપરજ આધાર રાખેછે. અનઘડ દાઈઓથી વારેઘડીએ બચાં કમોહોતથી મરેછે. ઘણાંખરાં બચાં જણમીઆં એટલે જોરથી રડવા મંડી જાએછે તેથી તેવોની છાતી ખોલી થાએછે, દમ લેઈ સકેછે, અને લોહીનું ફરવું બરાબર ચાલેછે. એવું બચું તંદરોશાત અને જોરાવર નીકલશે અને જીવી સકશે એવી પુરતી આશા મલેછે. પણ કેટલાએક બચાં નબલાં હોઆથી જણમતી વખતે રડી સકતાં નથી તેથી દમ લેવાઈ સકાતો નથી અને જો બરાબર માવજત નહી કીધીતો બચું મરી જાએછે. એ વખતે હુશીઆર દાઈની અથવા હરકોઈ પણ ચાલાક ઓરતની ઘણી જરૂરછે.

૨. જો બચું રડે નહીતો તરત બચાંનાં નાંખ અને મોહોડાં માંહેથી આંગલી વતે બલગમ કાહાડવો અને પછી તેનાં મોહોડાં અને છાતી ઉપર થંડું પાંણી છાંટવું અને પવન ઘાલવો.

એ કીધાથી તરત જેમ બેસુધ માણસ પાંણી છાંટીઆથી હુશીઆર થાએછે તેમ બચું પણ દમ લેઈને રડવા મંડી જાએછે. જો એ કીધા પછી પણ બચું રડે નહીતો તરત ડાકટરને બોલાવવો. આપણા લોકો છાતીએ કોલોન વાટર ભરેછે અને નાંખમાં શુઘારેછે એ રીત નુકસાનકારકછે, થંડું પાંણી છાંટવાનો જેટલો ગુણછે તેટલો બીજી કસી ચીજમાં નથી.

હું દલગીરીથી આએ બાબદ કેહુંછું કે આપણી કેટલીએક ઓરતો બેવકુફીથી બચાંને જીવરાવવાની કાંઈ પણ કોશેશ કરતાં નથી અને બચાંનો જીવ ઘણો ઉંચો પણ ગણતાં નથી. તરતનું બચું મરેછે તે તેવોને મનસે કાંઈ મોહોટા જીવ જેવું નથી એ સઘલું વગર કેલવણીના સબબથી બનેછે.

૩. જેવું બચું જનમીઉં એટલે બચાંનો નારીઓ ડુંટીથી ૩—૪ ઇંચ લાંબો રાખીને જાડા દોરાથી બાંધવો.

જો તપાશીને જોશોતો તમુને માલમ પડશે કે નારી

કાલી અને ધોલી નેસો વીટલાઈને બનેલોછે. એક છેડો બચાંની દુટી આગલથી અંદર નેશો સાથે જોડાએલોછે અને બીજો છેડો ઓરની સાથે વલગેલોછે. હવે બચું ધરબમાં હોએછે તારે ઓર ધરબની એક બાજુએ મજબુતીથી વલગેલી હોએછે અને એવી જોડની હોવાથી માંએનું લોહી બચાંમાં ફરી વલેછે. જારે બચું જનમેછે અને દમ લેછે તારે માંએનાં લોહીની તેને ગરજ પડતી નથી તેટલા માટે નારીઓ બાંધીને કાપવાની જરૂરછે. એ વખતે ઓર પણ ધરબમાંથી છુટી પડીને નીકલી જાએછે.

જારો દોરો ચોવરો પાંચવરો વણીને તઈઆર રાખવો જોઈએ. મેં ઘણી વખતે જોએલુંછે કે જારે દોરાની ગરજ પડેછે તારે તે મેલવવાને માટે ઓરતો દોરાદોર કરવા મંડી જાએછે અને જો હાજર હોએછે તો આપણા હાથમાં કાંઈ ચીંથરું અથવા જાડું વગર વણેલું શુંતર આપી દેછે પણ જે મતલબથી નારીઓ બાંધવામાં આવેછે તે મતલબ એ ચીજોથી પુરી પડતી નથી. નારીઓ બાંધવાનું કારણ એ કે બચાંનું લોહી તે રસતે નીકલે નહી. હવે જો નારીઓ મજબુત બાંધેલી નહી હોએતો લોહી નીકલવાના ધાસતી રેહેછે અને એ બાબદ ધેઆનમાં નહી રાખેઆથી કેટલાં બચાં મરી પણ જાએછે, એટલા માટે જરૂરછે કે દોરો મજબુત હોવો જોઈએ.

વલી મેં કેટલીએક દાઈઓને જોએલીછે કે તેઓ જાંહાંશુધી ઓર બાહેર નીકલતી નથી તાંહાંશુધી નારીઆને બાંધતા નથી, પણ તેથી ઘણી નુકશાંની થાએછે. નારીઆને તરત બાંધવાની જરૂરછે.

૪. જો ઓર માંએનાં પેટમાંજ રહી હોએતો નારીઆને એક ઈંચ દુરથી બીજો દોરાનો ગાંઠ મારવો જોઈએ અને પછી બેઉ ગાંઠની વચેથી કાપવો.

કેટલીએક વખતે ઓર નીકલતાં વખત ઘણો લાગેછે અને જો બીજો ગાંઠ મારીઆ વગર નારીઓ કાપી નાખી હોતો ઉઘાડા છેડા માંહેથી લોહી વેહેછે અને કેટલી વખતે ઓરત ધાસતીમાં આવી પડેછે તેથી જરૂરછે કે નારીઆને બે ગાંઠ મજબુતીથી મારવા. જો ઓર બચાંની સાથેજ નીકલેતો બીજો ગાંઠ મારવાની જરૂર નથી.

નારીઓ કાપવાને માટે આપણા લોકો કોણ જાણે કાંહાંથી બુઠી છરા લાવેછે. એવી બુઠી છરી વાપડીઆથી કાપતાં જોર કરવું પડેછે અને ધાસતી રાખવામાં આવેછે કે વખતસર નારીઓ દુટી માંહેથી દુટી પણ જાએ. સારા ભાએગથી એવો બનાવ હજુર સાંભલવામાં નથી આવીઓ પણ ચાલતું હથીઆર રાખવું સારૂંછે. છરીનાં કરતાં પણું કાતર વાપડવી સારીછે કાએકે તેથી કાંઈ પણ જોર કરવું પડતું નથી.

## હવે બચું માએથી જુદું પડીઆ પછે શી માવજત કરવી તે જણાવાની રજા લેઉછું.

૫. જો ઠંડીની રૂતુ હોએતો તરત બચાંને ફલાનેલનાં કપડાંમાં વીટાલવું.

ધરબસથાનમાં બચું માંએની ગરમીમાં રેહેછે અને જારે જનમેછે તારે બચાંને ઠંડી હવા લાગાથી પીડા થાએછે તેટલા માટે ગરમ કપડામાં વીટાલવાની જરૂરછે.

૬. એ પછી બચાંને ૩—૪ મીનીટ લગી ફુકાં પાંણીમાં બેસાડવું અને સઘલી ચીકણી લાહી જેવી વસતુ ધોઈ નાખવી.

બચાંને જનમવાનો વખત ઘણો એટલે જરૂરછે કે બે કુંડીમાં ઠંડુ અને ગરમ પાંણી તઈઆર રાખવું. કેટલીએક વખતે બચાંને જારે બરાબર દમ ચાલતો નથી તારે ગરમ પાંણીમાં બેસાડવાની જરૂર પડેછે અને જારે જરૂર પડે તારે દોરધાંમ કરવી જાહેલીઅતછે.

બચું જનમીઉં તેવું તેને ધોવાનું કારણ એછે કે તેનાં બદન ઉપરની સઘલી ચીકણી વસતુ ધોવાઈને બદન સાફ થાએ. જો બચાંને સાફ કરેઆ વગર રેહેવા દીધું હોએતો ચાંમડીને નુકસાંન થાએછે, ચીરા પડેછે, ફુલા ફુટી આવેછે અને વાસ મારેછે. તેટલા માટે સારી રીતે સાફ કરવાની જરૂરછે. ચાંમડીને ઘણા જોરથી ઘસવી નહી તેમ સાબુ અને તેલ પણ ચોપડવાની જરૂર નથી. એક મોહોટાં વાદલાંનાં કટકા વડે હલવેથી પુશકલ પાંણી લેઈને સાફ કરવું. જો એમ કીધાથી ચીકણી વસતુ કાહાડવાને અડચણ પડેતો મીઠું તેલ અથવા માખન લગાડીને ફલાનેલના કટકાથી થોડોવાર ચોલવું પછી વાદલું લેઈ સાબુ અને ફુકાં પાંણીથી ધોવું અને પછી ૩,૪ મીનીટ લગી ટબમાં બેસાડીને સઘલું સાફ કરવું, અને સંભાલ રાખવી કે આંગ સાફ કરતી વખતે બદન ઉપર ઠંડો પવન ફુંકે નહી.

પાંણી ૯૬ "દીગરી" ની ગરમીનું લેવું. એ જાણવાને માટે સઘલાં લોકોની ફરજછે કે પોતાના ઘરમાં એક ગરમી માપવાની સીસી રાખે, તેથી અતીશએ ફાએદા થાએછે અને વલી તે સસતી મલેછે.

૭. આંગ ધોતી વખતે ઈઆદ રાખવું કે તેજ પાંણીએ તથા તેજ વાદલાએ આંખ સાફ કરવી નહી

આંખ સાફ કરવાને માટે બીજું સોજું પાણી તથા નવું વાદલું લેવું. આંખ જેવા નાજુક ભાગને ધોવાને માટે ઘણી સંભાલ લેવાની જરૂરછે. તમુને ખબર હશે કે ઘણાં બચાંઓને જણમીઆ પછી બીજે અથવા તરીજે દાહાડે આંખો શુજી આવેછે, પરૂ પેદા થાએછે અને કેટલીએક વખતે જો સંભાલ લીધી નહીતો આંખ તદન રદ થઈ જાએછે. એનું મુલ કારણ તપાશશોતો માલમ પડશે કે જે પાંણીએ બદન ધોઈઉં તેજ પાંણી આંખો પણ ધોવાને કાંમે લગાડેલું હોએછે.

૮. બચાંનું આંગ ધોઈને સાફ કરી રહા પછી પાંણી માંહેથી કાહાડીને તરત ગરમ અને નરમ કપડામાં વીટાલી લેવું.

એક મોહોટી નરમ ગોદરીની ઉપર ૨,૩ મોહોટા નરમ તુવાલો પાંથરીને બચાંને વીટાલી લેવું તેથી સઘલું પાંણી ચુસાઈને આંગ કોરડું થશે. આંગને તુવાલથી જોરમાં લુછવું નહી તેથી ચામડી ઘસાએછે,

૯. એ પછી જાંહાં ચામડી ઘસાઈ હોએ તાંહાંજ જરા શુકો "પાઉડર" છાંટવો જરૂરછે.

"પાઉડર" ઘણોજ બારીક આટાનો અથવા "માગનીસીઆ" નાં લકાનો બનેછે તે વાપડવો.

સઘલા બદન ઉપર "પાઉડર" છાંટવાની જરૂર નથી તેથી ચાંમરીનાં સઘલાં શુરાખો બંધ થઈને ઉલટી નુકશાંની કરેછે: ઘણુંખરૂં હાથ અને પગનાં કાતરાઓમા અને ગરદન આગલ છાંટવાની જરૂર પડેછે.

૧૦. એટલી માવજત કીધા પછી નારીઆને એક જીનાં કપડામાં વીટાલીને તેનો છેડો ઉપર રાખવો.

નરમ મલમલનાં કપડાનો કટકો ૪ ઈંચ લાંબો અને ૩ ઈંચ પોહોલો લેઈને નારીઆની આસપાસ વીટાલીને તે ઉપર એક દોરો વીંટાલવો. એ છેડો ઉંચો રાખવો જરૂરછે કે તેથી લોહી નીકલવાની ધાસતી થોડી રેહેછે. એ છેડો ઉપર રાખવાને માટે આપણા લોકો એક લાંબા શુતરનાં દોરા વતે બાંધીને બચાંનાં ગલામાં ઓરવી રાખેછે. એમ કરવાને બદલે નીચલી રીત વાપડવી.

૧૧. 'નારીઆનાં છેડાને ઉપરે રાખીને' એક જીનો ફલાનેલનો ૭ ઈંચ પોહોલો કટકો બેવરો પેટની આસપાસ વીટાલવો એથી કરીને નારીઆનો છેડો પોતાની જગા ઉપર સલાંમત રેહેછે.

વલી પેટ ઉપર પાટો બાંધવાનાં બીજા-ઘણા ગુણછે. ફલાનેલથી પેટની ગરમી રહી સકેછે અને દુટીની જગા ઉપરથી ગોરો (ઈઆને આંતરડું) બાહેર નીકલવાની ધાસતી રેહેતી નથી. જે બચાંને આપણે મોહોટી દુટી સાથે અથવા દુટી આગલ ગોરા સાથે જોઈએછ તેનું મુલ કારણ એજ માલમ પડશે કે પેટ ઉપર પાટો નહી બાધવાથી એ બનીઉંછે. ગરમીની રૂતુમાં ફલાનેલનાં કટકાને બદલે મલમલનું કપડું વાપડવું. પાટો ઘણો જોરથી બાંધવો નહી કાંએકે પેટ ઉપર દબાન આવીઆથી બચાથી દમ લેવાઈ સકાનો નથી અને ઉલટું આતરડું કોઈ પણ પેટની નબલી જગા ઉપરથી બાહેર નીકલી આવવાની ધાસતી રેહેછે.

૧૨. એ પછી બચાંને શીઆલ અથવા ફલાનેલની બનુસમાં વીટાલીને પાલણામાં સુવાડવું.

બચું નહવડાવીઆ ધોઆથી અને પાટો બાંધીઆથી ઠાકી જાએછે તેટલા માંટે તેને ઠાક આપવાની જરૂર છે. પોસાક પેહેરાવવાની, ધવાડવાની અથવા ગોર પાણી પાંવાની તજવીજ અને ગરબર કરવી નહી.

તરણ ચાર કલાક શુઈ રહા પછી જે બીજું કરવાનું હોએ તે કરવું.

આએ બચાંની માવજત વીશે જે મેં કહી સંભલાવીઉં તે ઉપર તમુને ખુબ ધેઆંન આપવું જોઈએ કાંએકે તે ઉપર આગલ ચાલતાં તમારાં બચાંની તંદરોશતી આધાર રાખેછે.

પણ એ સીવાએ આપણા લોકો અંજાણ અને અનઘડપણાથી બીજી ખોટી રસમો પરમાણે ચાલેછે તેથી બચાંને ઉલટું નુકસાન થાએછે. એ રસમો જેમ જલદીથી દુર થાએ તેમ સારૂં.

૧. તમારાં બચાંનું માથું દાઈ પાસે કદી પણ દબાવવા દેશો નહી.

દાઈઓ માથું એટલા માટે દાબેછે કે તે કીધાથી તેનો આકાર બરાબર ગોલ અને દોલદાર રેહે પણ એ ઘણો જ ભુલ ભરેલો વીચારછે. તમે ખચીતથી જાણજો કે જે બચાંનું માથું દાબવામાં આવીઉં તેને ઘણુંકરી થોડી મુદતમાં ભેજાંનું દરદ ઉતપન થવાનું.

૨. બચાંનાં માથાંને કપડાથી બાંધવા દેશો નાં.

એ કીધેલું નકામુંછે અને કોઈ વખતે નુકસાન પણ થાએ, તેથી માથું ખોલું રાખવુંજ બેહેતરછે.

૩. બચાંનાં શકરામાં તથા ગલામાં અંદર લગી આંગલી ખોશવી તથા પીશાબની જગા ઉપર થંડકને માંટે ઘીઈ લગાંડવું તથા દુટીમાં અલપ દાબવી એ સઘલું તદન નકામુંછે. એમ કીધાથી કાંઈ પણ ફાએદો થતો નથી, એવી ખોટી નકામી રશમો દુર કરવી જરૂરછે, કેમકે એથી કેટલી એકવાર ફાએદાને બદલે પીડા થાએછે.

આજનું ભાશાંન અહીઆંજ ખતમ કરૂછ અને આવતામાં બચાંને દરરોજ નવાડવા ધોવાની માવજત વીશે ભાશાંણ કરી શંભલાવશ.

—///—

## એક ડાહી માએ પોતાના બાલકને કીધેલી સીખાંમણ—સાંઢી તથા ઉંદરની વારતા.

એક સાંજે આંવાંબાઈ નામની એક ભલી સ્રી પોતાના ઓરડામા બેસીને ચીકન ભરતી હતી. આસરે સાડા ચારનો અંમલ થાએઓ કે તેવણનો છોકરો પીરોજસાહ નીસાલેથી આવીઓ, અને મેજ ઉપર ચોપડી મેલતાંવારજ પોતાની માએ આગલ નીચે લખીઆ મુજબ ફરીઆદ કરવા લાગીઓ.

**પીરોજસાહ**—જોવોની આપરાં માંસીના દોસુએ મને તમાચો મારીઓ, મારો કાંન ચીંમટીઓ, અવે તેને હું શું કરૂ ? તમારો હોકમ હોએતો એક લાત મારીને ઘુંમરી ખવારૂં, પણ કોઈનેબી તેમ કરવાને તમે મને મના કીધીછે તેથી મેં લાત નહી મારી નહીતર એને દેખાડતે.

**માએ**—દીકરા તાહરો કાંઈ વાંક હશે.

**પીરોજસાહ**—વાંક કાંઈજ નહી, ઈસકોલેથી છુટીઆ પછે હું માસીજીના ઘેરપરથી થાઈને રસતેથી ચાલીઓ આવતો હતો તેવાંમાં માસીજી બારીએ હતાં તેવણની મારી ઊપર નજર પડી ને મને ઊપર બોલાવીઓ, અને હું ઊપર જાંઊછું તેવાંમાં દોસુ ઓટલા ઊપર ઊભો હતો તે મારા આંગ ઊપર ધસી આવીને મને તમાછો મારીને મારો કાંન ચીંમટીને ચાલી ગએઓ, જોવોની આએ કાંન કેવો લાલ લાલ થાએઓછે. હું પછે મુગો મુગો ઘેરે આવીઓ, માસીજી સોડે ગીઓજ નહી.

માએ—જો, એ વાત સઘલી ખરી હોએતો દોસ્તુનો તકસીરછે, પણ દીકરા તુંએ તેને પાછો મારીઓ નહી તેમાં ઘણું દહાપણ ખરચીઊંછે. પેહલુંતો એક દોસ્તુ તાહરીથી નાહાનોછે, અને જે આપણાથી કમજોર હોએ તેને મારવું તે ઘણું કરીને હીચકારાપણુંછે, જેમકે એક સીંહીને એક ઊંદરે ઈજા કીધી હતી તોપણ તેને તે ઊંદરને મારીઓ ન હતો પણ વલી બીજો હાથ ઊપરથી તે સીંહી પોતે એક આફતમા આવી પડીઓ હતો તે વેલાએ પેલા ઊંદરે તેનો જાન બચાવીઓ હતો. બીજુ એજે દોસ્તુ નાહાનોછે માટે તેની બુધીપણ તાહરા કરતાં ઓછી છે, અને વલી તેને તારી સંગાથે આવી ચાલ ચલાવી તે ઊપરથીજ તે કળુથીઓ દીસેછે, તેની સાથે લડવામા તુને સોભા મલતે નહી, તોપણ તેની તકસીર વીશે તેની માને વાકેફ કરવાની જરૂર હતી અને એકેદમ ચીરડાઈને તું અતરે આવીઓ તેને ઠેકાંણે મારી સોડે જાઈને તારી ઊપર નીપજેલી બીના તુંએ જાહેર કીધી હતેતો અલબતાં તેવણ તેને ઘટતી સીખઆ કરતે.

પોરોજસાહ—માએ તે સીંહી અને ઊંદરની વારતા મને કેહી સંભલાવશો ?


માએ—એક સીંહી એક જાહાડના છાંએઆ તલે સુતેઓ હતો. તેવાંમાં એક ઊંદર એકેદમ તેના સરીર ઊપર ચડીઓ કે જેથી તે સીંહી પોતાની મીઠી નીંદમાથી જાગી ઊઠીઓ. સીંહીએ પેલા ઊંદરને તુરત પંજામા જાહલી લીધો અને તેની મુરખાઈ વીશે તેને ઠપકો આપવા લાગો. ઊંદરે આજેજીથી માફ માગી. તે સાંભલીને સીંહી કે જે નીચ ખાસીએતનું જનાવર નથી તેને આવો હલકાં પરાણીને મારવું પોતાના દરજાથી ઊતરતું ધારીને તેને છોડી દીધો. ઊંદર બીચારો તેના હકમા હજારો હજાર દુવા દેઈને ચાલતો થાએઓ.

થોડાક દીવસ ગુજરીઆ નહી તેટલાંમી સીંહી જેવો દોડતો દોડતો આવતો હતો તેવોજ એક જાલ પાંથરેલી હતી તેમા સપડાએઓ, અને તેમાથી છુટો થવાને જેમ વધારે અછાડ પછાડ કરવા લાગો તેમ વધારે ગુંચવાએઓ. તેના પોકાર અને સોહારથી તે જંગલ ગાજી રહયું, અને તે આવાજ સાંભલીને ઊંદર તેની આગલ દોડી ગએઓ. દુરથી જોએછે તો પેલોજ સીંહી કે જેણે તેની જીંદગી બખસી હતી તે મુશકેલમા આવેલોછે તેથી પોતાની નીમખહલાલી બતાવીને પેલી જાલની દોરી કરડીને સીંહી રાજને છુટો કીધો. દીકરા મારા ! આએ વાત ઊપરથી નસીએત એટલીજ નીકલેછે કે કોઈએ આપણને વગર વાજબી ઈજા કીધી હોએ અને તેને સજા કરવાને ખોદાએ આપણને સકતી પણ આપી હોએ તે છતાંબી તેને માફ કીધામા આપણને વધારે હોરમતછે, અને તે માફી બખસેલી આપણને કોઈ દીવસે કાંમનીબીછે.

## ઈસતખર અથવા તખતે જમશેદ.

આજ છ હજાર વરસના દરમેઆંનમાં ઈરાન દેશ દુનીઆંનાં સરવે દેશો ઉપર બુજરગી અને મોટાઈ ભોગવતો હતો અને તેમાં પારસીઓની પાદશાહત ભારે દમામ અને દબદબાથી ચાલતી હતી, તેવા વખતમાં તાંહાંનાં પાદશાહો ઈરાન અને તેહેની આસપાસના દેસોમાં ઘણાએક માહાભારત કારીગરીનાં કાંમો કરાવીને પાછલા જમાનાને વાસતે પોતાની ઈઆદદાસત મુકી ગએઆછે. તેહમાના કેટલાંએક કાંમો હેવાંછે કે તેવાં દુનીઆના કોઈબી ભાગ ઉપર હાલ સુધી જણાએઆં નથી. એ કાંમો માહેલાં કેટલાંએક અતી કારીગીરીના મેહેલો તથા અજાએબી ભરેલા ગોફાઓ અને ઘણાએક ચીતારો, કોતરકાંમો તથા બેહદ લેખોછે કે જે ઘણી લાંબી મુદત થાઈ તોપણ આએ જમાનાની મગરૂરી તોડવાને માટે આજ શુધી ઈરાનની શરજમીન ઉપર બુલંદ દેખાવ દીએછે. તે સઘલાઓમાં ઈસતખર અથવા તખતે જમશેદ સરવેથી પુરાંતું અને સરવેથી સરસ બાંધકાંમછે. એ માહાભારત કામને સેંકડો મુસાફરો જોઈ આવીને તેનો ઘણોએક હેવાલ અને બેહદ તારીફ લખી ગએઆછે, તે ઉપરથી એક જાંણવાજોગ અને લાંબો એહવાલ "જગત પરેમી" નામનાં ચોપાંનીઆંમાં છપાએલો જોવામાં આવીઓછે, તે લાંબા હેવાલમાંથી થોડોએક ભાગ નીચે ઉતારી લીધોછે. એ તખતે જમશેદનાં સુનદર બાંધકાંમમાં પરખીઆત "ચેહેલ મીનાર" નો દેખાવ હાલમાં પડેલી હાલતમાં જેવો દીસેછે તેના દેખાવતુ એક ચીતર પાસેના પાનાં ઉપર આપીઉંછે.

" ઈરાનની સઘલી પુરાતમ બાંધણીમાં તથા ઉમદા ઈમારતોમાં તથા નકસીદાર ચીતારોની કારીગીરીમાં ઈસતખર અથવા તખતે જમશેદ પેહેલો દરજો ધરાવેછે. એ તખત અથવા પુરાતમ શેહેરના બાંધકામની કારીગીરી ઉમદા છે અને તેહેની સાથે આગલા અથવા હવેનાં જમાનાનું કોઈબી બાંધકામ બરોબરી કરી શકીઉં નથી, એટલુંજ નહી પણ તે આજ પુરથવીમાં સઉથી કદીમ ગણાએછે. એ તખતને ગરંથકારો ઈસતખર—ચેહેલ મીનાર—હજારસતુન—ખાનેદારા તથા પરસી પોલીસને નામે ઓલખી ગએઆછે અને આ છેલું જણાવેલું નામ ઈઉનાની ગરંથકારોનું આપેલુંછે; તેનો અરથ ઈરાન અથવા ઈરાનનાં લોકો



ઇસ્તખર અથવા તખતે જમશીદ.

તું શેહેર કરીને થાએછે. એ મુકાંમ આજ ૪૦૦૦ થી
૫૦૦૦ વરશનું પુરાનું છે; તે ભુલની ધાસતી વગર સુખેથી
કેહેવાઈ સકાએછે. શેકંદર રૂમીએ જેવારે આજ આસરે
૨૧૯૩ વરશની વાતપર ઈરાનનો મુલક ફતેહ કીધો તેવારે
પરસીપોલીસ અથવા ઈસતખર પોતાની પુર આબાદાંની
પર હતું તેથી અલબત તેની ઘણાં વરશ આગમચ એ શે
હેર ઉભુ થયું જોઈએ.

"ઈરાની અને તેઓ સાથે મળતા થાએલા કેટલાએ
ક ઈઉરોપીઆંન ગ્રંથકારોનાં એતેફાકી કોલથી ઈસતખર
પાદશાહ જમશેદનાં વખતમા બંધાઈઉં હતું અને તેઆર
પછી દારાંની પાદશાહી સુધી એ શેહેર મજબુતીથી કાએ
મ રહેઉં હતું તથા તેમાં દરએક પાદશાહો વધારો કરતા
આવીઆ હતા. દારાંની પાદશાહી તારાજ થાએઆ પછે
સેકંદરનાં સરદારોએ ઈસતખર પોતાનાં અસતેકમાં રાખીઉં
હતું, તેહાર પછી અરદેશર બાબકાને અસકાનીઆંન ટોલા
નાં પાદશાહો પાસેથી એ શેહેર છીનવી લીધું અ
ને તેહાર પછી આજ આશરે ૧૨૦૦ વરશની વા
તપર સાસાની તોખમનાં છેલા પાદશાહા ઈઅજદજ
રદની પાદશાહી ઈરાનના મુલકપરથી આખર થાઈ તાંહા
સુધી ઈસતખર જરતોસતીઓના હાથમાં હતું. ઈઅજદજ
રદ શેહેરીઆર વીસે કેટલાએક ગરંથકારો હેવું કેહેચ કે
એ માઠા ભાએગનો પાદશાહ મરવમાં મારીઓ ગએઓ તે
હાર પછી તેહને ઈસતખરના પાહાડ આગલ દોખમે ચડા
વીઓ હતો. મુસલમાન લોકોનો ઈરાનમાં દોર વધીઆ
પછી ઈસતખરના પાદશાહી મેહલને તેઓએ મસજીદ બ
નાવી હતી, તેહાર પછી ઈરાનમા ઘણીએક પાદશાહીઓ બદ
લાઈ ગઈ તેમાં ઈસતખરનો દમામ ઘટતો ગએઓ અને પછ
વાડેના મુસલેમાન પાદશાહોએ એ કદીમ જાગાને એક બં
દીખાના દાખલ કામમાં લગાડી હતી પણ તે પછી આજ
આસરે ૮૦૦ વરસમાં એ જાગા તદંન ભાગી પડવા માંડી
તે હવડે વેરાન હાલતમાં આવી પડીછે.

"પરસીપોલીસ અથવા ઈસતખર અથવા તખતે જ
મશેદ એ શેહેર મરદસતના મેદાનમાં આવેલુંછે અને તે હ
વડેના શીરાજં શેહેરથી ૩૫ માઈલની વેગલાઈએ છે. એ
પુરાતમ શેહેર ઘણી મજબુત અને જોગવાઈની જગાપર બા
ધેલુંછે અને તેની તરફ આવતાં સઘલી બાજુએ પાહાડો ન
રેછે પણ માતરે બે મારગો ખોલલા મુકેલા છે. એ મારગો
એટલાતો સાંકડા છેકે તરણ ચેઆર કરતાં વધારે આદમી
ઓથી એકદંમ દાખલ થવાઈ સકાતું નથી તેથી એ જગો
મોટી ચોકશાઈથી સુંદી કાડેલી જોવામાં આવેછે. જેવારે
સેકંદરે ઈસતખર ઉપર હોમલો કીવો તેવારે ઈરાનીઓનું
લશકર પાહાડનો મારગ સંભાલવાને મથાલાં ઉપર રાખી
આમાં આવીઉં હતું પણ માઠાં ભાગ્એગથી ઈઉનાનીઓ તે
ઓપર ફાવી નીકલીઆ અને તેવોની પાદશાહી પેહેલીવાર
પડતી વખતે એ એમુલા મારગોથી કશો બચાવ થઈ સકીઓ
નહી. ઈસતખરની બાજુ ઉપરથી નીતરાં અને લેહેજતદા
ર પાણીની એક નદી વેહે છે તેને "ખુર" કરીને નામ આ
પીઆમાં આવીઉંછે અને એ નાંમ ઘણું પુરાતમ
માલમ પડેછે. ઈસતખર તરફ જાતો રસતો ઘણો
માહાભારત દેખાવનો માલમ પડેછે તે વીશે એક ચ
લ મુસાફર લખેછે કે 'બાંમદાદની નીશાન માલ
મ પડી એટલે હમો તરત ઘોડાઓ ઉપર જીન નાખીને
નીકલી પડીઆ, તે વેલાએ બામદાદંનાં સુરજની રજાલો ત
ખને જમશેદનાં મીનારાઓ ઉપર પડતી હતી અને તે મી
નારાં એક વેરાંન પાહાડની હેઠવાઈમાં આવીઆ હતા તે
થી તેઓનો દેખાવ નવાઈ સરખો દીશતો હતો. મેં તાંહાં
આગલા જમાનાંની સઘલી મગરૂરી જોઈ કે જે મગરૂરી
એ જાગાથી વેગલા પડીઆનાં સબબથી આપણે ખોટી ધા
રતા હતા. નુહનાં વખત પછી પાંચમી સદીમાં જે દમદ
મામ ભરેલી શેહેનશાહી ચાલતી હતી તેહની મોતેબરીની
આ મોહોટી શાખશીછે અને એ શાખશી બીજું હેવું બ
તાવેછે કે દુનીઆંની સઉથી સરસ કારીગીરીમાં આપણી
(એટલેજે ઈઉરોપીઅન લોકોની) મગરૂરી ભરેલી સુધરાઈ
ફોકટ ફુકરાજીછે. તેઓના હુનરની આપણે ચોકસાઈ નહી
કરતેતો આજ સુધરાઈમાં વધીઆના કરતાં આપણે ખરેખ
ર પાછા હટતે. એ અગતનુ અને થઈ ગએલું શેહેર તદ
ન ભાગી પડેલુ છે પણ તેહની બરોબરની મોતેબરીનું આ
જમાનામાં બીજું શેહેર કાહાંછે ?'

"ઈસતખર અથવા તખતે જમશેદ જે કોઈ મુસાફરો
જોઈ આવીઆછે તેઓમાથી સર પોરટર તથા સર ઉલીઅ
મ આઉસલી એ બંધે જણાનો લખેલો એહવાલ ઘણો પ
કો અને બીજાઓના કરતાં વધારે ચોકસાઈ ભરેલો જોવા
માં આવેછે એટલા ઉપરથી એ પુરાંનાં અને વીદીઆવાંન
લોકોને અભીઆસ આપનાર શેહેરની ઈમારતો તથા કારી
ગીરી સુંદી કાડતાં આ એહવાલ લખનારે એ બંધે ગરંથ
કારોને વધારે પસંદ કીધાછે અને હેઠલ જે કાંઈ બએઆ
ન કરેઆમા આવીઉંછે તે એ બંધે ગરંથકારોની નજરે
જોએલી હકીકતછે.

"તખતે જમશેદ એક પાહાડની હેઠવાઈમા આવીઉં
છે તાંહાં દાખલ થતાં દેખાવ ઘણો બુલંદ દીશેછે અને
તેહના ઓટલા અથવા તખતનો પાએઓ જમીનથી
આસરે ૪૫ ફીટ ઉંચોછે. તે આસપાસથી સઘલો સં
ગેમરમરથી બાંધી લીધેલોછે અને તે ઉપર ચઢવાની બે
માહાભારત સીહીડીઓ મુકેલીછે, તે દરએક સીહીડી પણ
એજ પથરથી બાંધેલીછે તે આશરે ૨૨ ફીટ પોહોલીઓછે
અને તે ચડવાની એટલીતો સેહેલીછે કે મુસાફરો પોતાનાં
ઘોડાઓ સાથે સીહીડી ઉપરથી ઉપર જણાવેલા ઓટલા અ
થવા તખતનાં પાએઆ ઉપર જાઈ સકેછે. એ ઓટલો મુ
કી આગલ ચાલતાં બીજું એક ઉંચું તખત અથવા ઓટ
લો નજર આવેછે તેહને પણ સીહોડીઓ મુકેલીછે અને
એજ પરમાંણે એક પછી બીજા ઉંચા પાંચ તબકા આવેછે
ઈઆને એ તખત પાંચ તબકાનુ બાંધેલુછે અને જે પરમાં
ણે પેહેલો તબકો જમીનથી આમરે ૪૫ ફીટ ઉંચોછે તેજ
પરમાણે ગણતાં પાંચ તબકાનો હીસાબ કાડીએતો છેલો ત
બકો જમીનથી મીનારા વગર આસરે ૨૨૫ ફીટ ઉચો મા
લમ પડશે. એ ઉપરથી "કુરટીઅસ" નામનો એક ગરં
થકાર સચાઈથી લખેછે કે "પરસીપોલીસ ઉગમણ પરાંતની
મોહોટાઈની એક તેજ ભરેલી નીસાંનછે અને હવડેના જ
માનાનું કોઈબી શેહેર તેની બરોબરીનું સરખાઈ સકાતું ન
થી." એ તખતના પેહેલા તબકા ઉપર સીહોડીપરથી દા

ખલ થાતાં એક ચોક આવેછે અને તાંહાંથી આગલ જાતાં એક પછી એક ચેઆર દરવાજા આવેછે તે દરવાજા હવડે ભાગી પડીઆછે" પણ તેઓનું બાંધકામ ઘણુ માહાલારત દેખાએછે અને તખ્તે જમશેદની બીજી સંઘલી ચીજોની માફક એ પણ ચલકતા સંગેમરમરથી બાંધેલાછે." એ દરવાજાઓની બાજુઓ ઉપર ગોએઆ ચોકીદારો દાખલ યોધાના મોહોટા ચીતારો કોતરી કાહાડેલાછે અને તેઓનો બાજુમાં મોટી પાંખો આપેલીછે. એ પુતલાંઓ તમામ કાલા પથરનાછે, તેઓના બાલ તથા બીજી નીસાંનો ઘણી બારીકીથી કોતરી કાહેલીછે અને તે યોધાઓ હવડેના જમાનાના એ જાતનાં ચોપગાંઓ કરતાં વધારે કદનાછે. એ યોધાઓને પથરના પાંચ ફીટ ઉંચા એક ચોરા ઉપર ગોઠવેલાછે અને તેઓનાં ગલાંમાં ગોલાબનાં ફુલનાં હાર તથા બીજી ચીજોનો સંગાર આપેલોછે અને તેઓનાં માથાંપર ખીલારોકા હરફોથી તખતીઓ કોતરેલીછે."

"એ દરવાજા પસાર કીધા પછી અંદર જાતાં ચેઆર મીનારાનો એક ચોક આવેછે તેમાના બે મીનારા કાએમછે. એ મીનારા સુમારે ૪૫ ફીટ ઉંચાછે, તેઓના મથાલા ઉપર હવડે કાંઈ દીસતું નથી પણ સર પોરટરના ધારીઆ પરમાંણે તે ઉપર કાંઈ ધરમની નીશાનની ચીજ હોવી જોઈએ. એ ચોક પછી પથરમાં કોતરી કાહેલાં બાજુઓપર તરેહવાર પુતલાંઓ જોવામાં આવેછે, તેમાં ઘણાંએક જાંનવરોછે પણ તે સુરતીઓ કઢંગીછે ઈઆને વાઘ અથવા સીંહના બદનની સુરતીને ગીદની સીકલ આપીછે અને એજ પરમાંણે યોધાના બદનને વાઘનુ અને કોઈવાર આદમીનુ મોહોડું આપેલુંછે. હેવી બેસુમાર તખતીઓ હારબંદ તખતે જમશેદમાં જોવામાં આવેછે. એ નકસો મુકી આગલ ચાલતાં એક માહાબારત તખત અથવા મેહેલની બેઠક નજર આવેછે કે જેહેના ઉમદા મીનારાથી એ મુકામનુ ચેહેલ મીનાર કરીને હવડે નામ પડીઉંછ અને તખતે જમશેદના પાંચ તબકા માહેલો એ બીજો તબકોછે. સર પોરટર બોલેછે કે 'એ તબકા આગલ આવતાં તેહેની ઉમદા સીહીડી જે ૨૧૨ ફીટ લાંબીછે તેની કારીગીરી જોઈને આદમીની આંખ આનંદ પાંમેછે. એ સીહીડીનો આગલો ભાગ સંગેમરમરમાં કોતરી કાડેલાં પુતલાઓથી ભરાઈ ગએલોછે, તે જોઈને આપણી નજર અવચરી જાએછે. આગલા વખતનાં ઈરાંનીઓ જંગલના ફાડી ખાનારાં જાંનવરોનો શેકાર કરવાને ઘણો શોક રાખતા હતા તેની નીસાંન દાખલ આ જગાપર તરેહવાર નકસાઓ કોતરેલાછે.' એ સીહીડીની બોરકુમાંથી ઘણી વેગલાઈ સુધી હારબંધ સુરતીઓ કોતરેલીઓછે, તેમાં આદમીઓ બાંત બાંતની ચીજો પોતાના હાથોમાં પકડી લઈ જતા જોવામાં આવેછે તે ઉપરથી હેવું ધારીઆમાં આવેછે કે ઈરાની લોકોના આગલા કાએદા પરમાંણે નોરોજને દીને જુદાં જુદાં પરગણાઓના સરદારો પાદશાહની હજુર નજરો લઈ આવતા હતા, તે બતલાવવાને આ ચીતાર આપીઆમાં આવીઓછે.

"આગલ જાંહાં ચેઆલીસ મીનારાનો મેહેલ હતો તે જગા ઉપર જાઈ ઉભાં રેહતાં, સર પોરટર બોલેછે કે—'જે દેખાવ આપણી નજર સામણે આવેછે તેવાં માહાબારત, મોતેબરી ભરેલા, ચુપ અને પડી બાગેલા દેખાવ કધી આપણાં જોવામો આવે હેવું નથી! સેકંદરે જે તખતપર ફતેહ મેલવી અને જાંહાં તેણે પોતાના દમદમામનો ઝુનંડો ઉરાડીઓ તે, મીનારા તથા સુરતીઓ તથા ઈમારતોના તરેહેવાર કટકાઓથી પંથરાઈ ગએલુંછે, કે જેહની કોતરી કાડેલી નકસી ઘણીજ તારીફ લાએક કારીગીરીનીછે અને તાંહાં ઘણાએક મીનારાઓ પડી ભાગેલાછે પણ એક મીનારો ઉભોછે તે આસરે ૬૦ ફીટ ઉંચોછે. એ તખતની સાંમણી બાજુપર પાદશાહ તથા તેની દરબારનાં આદમીઓને સુરજની રજાલથી બચાવ કરવાનો એક પરદો બનાવેલોછે, એ પરદો બીજા તબકાપરછે. ઉપર બે તબકા વીસે જણાવેલુંછે તેમાં પેહેલા તબકામાં દાખલ થવાના દરવાજા તથા ચોકછે તથા બીજા તબકાપર ચેઆલીસ મીનારાનો મેહેલછે. તરીજા તબકાપર એક ઈમારત બાંધેલીછે અને વલી તેનીથી દુર ઉંચા ચોથા તબકાપર ભાગી પડેલી ઈમારતોનાં ઘણાએક મીનારાઓછે. એ ચેઆર તબકા મુકીઆ પછી બીજો ઘણો ઉંચો પણ આગલના કરતાં નાધલો પાંચમો તબકો નજર આવેછે, તે વાસેં સર પોરટર હેવું ધારેછે કે પાદશાહને રેહવાનો એ મુકાંમ હશે. તરીજા તબકાપર ચીતારના કેટલાએક ચોરા હાથ લાગાછે તે ઉપર પાદશાહ તથા તેની પછવાડે ચમરીબરદાર તથા બે છતરબરદારોની સુરતીઓ માલમ પડેછે. એજ તખ્તની વચમાંથી એક ભોંએરૂંછે તે મારગે પાંણીના એક ચશમા તરફ જવાનો જમીનની હેઠલથી રસતોછે. એ સવાએ તરીજા તબકાપર ચેહેલમીનારના મેહેલ જેવી એક બીજી ઈમારતછે પણ તે તદન ભાગી પડેલી માલમ પડેછે, અને તેના દરવાજાઓની બાજુપર પણ આગલ જણાવીઆ માફક યોધાઓની ચોકીની સુરતીઓછે. એ ઈમારતનાં એક દરવાજામાંથી પસાર થાઈ આગલ ચાલતાં એક તખતી નજર આવેછે તે તખતીમાં એક પાદશાહની સુરતી કોતરી કાડેલીછે. એ પાદશાહ એક ઉંચી ખુરશી જેહવાં તખત ઉપર બેઠેલોછે અને તેના માથા ઉપર ચંદરવો બાંધેલોછે. તેની આસપાસ નાજુક ઠાંમોછે અને તે ખુરશી ઝાલર તથા પરદા તથા બીજા નકસી કાંમથી સીનગારેલીછે અને તેની બાજુઓપર યોધા તથા શીંહઓની સુરતીઓ (અને એ સીવાએ બીજું ઘણુ એક) છે. એજ ઈમારતોમાથી બીજા કોતરી કાડેલા ચીતારોછે તેમાં આદમીઓ અને હેવાન અથવા દેવો વચેની લડાઈના નમુનાછે.

"એ તખ્તમાં બીજા તરેહવાર ચીતારો તથા સુરતીઓછે કે જેહેનું જો સંઘલું બએઆન કરવા માંડીઉં હોએનો એક મોટું દફતર થાએ. માંડલીસો નામનો એક ઈઉરોપીઅન ઈસવી સન ૧૬૩૮ ના વરશામાં ઈસફાંહાંનથી હીનદુસથાન ખાતે મુસાફરીને કીજે નીકલીઓ હતો તે મારગમાં પરસીપોલીસ અથવા તખ્તે જમશેદ જોઈ આવીઓ હતો તે ઘણો કાંઈએક રમુજ ભરેલો હેવાલ લખી ગએઓછે તેમાં એ લખનાર બોલેછે કે 'પરસીપોલીસમાં ચેહેલમીનાર નાંમનો એક મેહેલછે તેને ચેઆલીસ મીનારા ઉપરથી નામ આપવામાં આવીઉંછે; તે ઈરાની લોકોની મસજીદના ઘાંલા જેહવું લાગેછે પણ તાંહાં કાંઈ ચંગો અથવા આવાજ ઝારવાની જગા નથી. ખરેખર આ દુનીઆંમાં કધી બીજો થાઈ ગીઓ નહી હોએ હુવા કોઈ મેહેલની એ ભા

ગી પડેલી નીસાંનોછે; અને ઇરાનીઓ કેહેછેકે તેઓના
આગલા પાદશાહ જમશેદે એ જાગા બાંધી હતી અને કેટ
લાએક પાદશાહ દારાબનુ પણ નામ દીએછે. શીરાજના કે
ટલાએક બોજોરગ આદમીઓએ મહને કહીઉં કે કએખશ
રૂનો મેહેલ એંજ જાગાપર હતો' એંજ ગરંથકાર આગલ
ચાલતાં બીજું હેવું જણાવેછે કે—ચેહેલમીનાર મેહેલના હ
વડાં (સને ૧૬૩૮ ના વરસમાં) ૧૯ થાંમો કાએમછે. તે
થાંમોનો સંગેમરમર એંટલોતો સફાઈદાર અને ઝલકતોછે
કે તે મોડું જોવાની આરસીની માફક કાંમ આવી શકેછે.
તાંહાં કોઠડીઓમાં તખતીઓપર કેટલાએક અંજાંણી જાત
નાં (ખીલારોકા) હરૂફોછે કે જે હીબરૂ, ઇઉનાની, અરબી
અથવા હરકોઈ બીજી ભાશાને કસી રીતે મલતા આવતા
નથી. તે હરૂફો હેવીનો રીતે કોતરેલાછે કે જે શખસ તે
કાંમ ઉપર લાગો હશે તે કદી ગાંફેલ કેહવાઈ સખાએ ન
હી અને તે વીસે કેટલાએકો હેવું ધારેછે કે તે છુપા તલે
સંમના હરૂફોછે, તે વખત જાસે તેમ નજર આવસે. એ
જાગાપર એટલાતો નકસાછે કે એક ચંચલ ચીતારાને તે
ઉતારતાં ૭-મહીના જોઈએ. એ મુકામની પહોશના અં
નઘડ લોકો પોતાના બાંધકાંમને કીજે જે ઉમદા પથરો લઈ
જાએછે તથા ભાંનફોડ કરેછે તે વીશે અફસોસછે કે કોઈ
અટકાવ કરી સકતું નથી.'

"ઇરાનના હવહેના અંનઘડ લોકો એ કીમતી નીશાં
નોની જાલવણી કરતા નથી તે વીશે માંડલીસોની ફેરીઆં
દ ખરીછે કાંએકે તેની પછી જે મુશાફરો ફરી આવીઆછે
તેઓ આગલાં દફતરો તપાસીને હેવોજ ઠપકો દીએછે. તો
પણ આજ ચેઆર હજાર વરસ થાએઆ એ મુકાંમ પોતા
ની માહાભારત બાંધણીથી જબરજસતી સાથે કાએમ રહેઓ
છ તો બીજાં ઘણાંએક વરસ તે કાએમ રેહે હેમાં કસો સં
ષે નથી પણ તેની મોતેબરી પીછાંનવાની નીસાનો દર રો
જ કમતી થતી જાએછે.

(ઈસતખર અથવા તખતે જમશેદ એક પાહાડની હેડ
વાઈમા બાંધેલુંછે તેની કારીગરીનું થોડુંએક દાસતાંન ઉપર
બએઆન કરીઉંછે પણ એ મેહેલનાં મથાલાં ઉપરનાં પાહા
ડ ઉપર જે કેટલાએક ચીતારો તથા નકસો અને આજાએ
બ જેહવાં દખમાઓછે તેનુ બએઆન લંબાણ થવાને લી
ધે અતરે પડતું મુકવું પડીઉંછે.)

"તખતે જમશેદની ઇમારતો તમામ કારા સંગેમરમ
રની બાંધેલીછે તે માહેલા કેટલાએક પથરા એ તખતની આ
સપાસ નજદીક મલી આવતા નથી પણ ધારીઆમેસે કોઈ
દુર દેશથી આવવા જોઈએ. એ દેશના રસતાઓ તથા મારગો
માં મોહોટા પાહાડો તથા નદીઓની હાલતપર નેધાહ પોહોચા
ડતાં ઘણુ અચરત સરીખું લાગેછે કે તખતે જમશેદના બાં
ધકામને વાસતે હેવા મોહોટા પથરાઓ દુરના મુલકોમાંથી
કેમ આવી પોહોચીઆ હશે? કાએકે એ ઇમારતોમા સં
ગેમરમરના જે ચોરાઓ અથવા થાંમો લગાડીઆછે તે અ
તીસે મોહોટા કદનાછે, તેહનો એક દાખલો અતરે જણાવી
એછે કે ચેઆલીસ મીનારાના મેહેલના જે નજદીક ૧॥
તારપુર ઉંચા મીનારાઓછે તેઓ વીશે તપાસ કરતાં હેવું
માલુંમ પડીઉંછે કે તે દરએક મીનારો માતરે તરણ પથર
નાં કટકાથી ઉભો કીધેલોછે અને તે દરએક કટકા હેવીતો
કારીગરીથી વલગાવીઆછે કે નજદીકની ચોકસ તપાસ વ
ગરે સાંધા માલંમ પડી આવતા નથી. એ ઉપરથી નેબો
ર નામનો એક જરમન લખનાર પોતાનો વીચાર આપી
ગએઓછે કે, તે જમાનાના ઇરાંની 'ઇનજીનીઅરો' અલ
બતે હાલના વખતનાં ઇનજીનીઅરો કરતાં સરસ હોવા
જોઇએ!

"ઇઉનાનમાં તથા મીસરમાં તથા સાંમનાં મુલકમાં ત
થા બીજાં ઠેકાંણાઓપર જાંહાં કદીમ ઇમારતો આવેલીછે
તાંહાં આજસુધી બાંધકાંમમાં લાકડાં તથા ઇતરડીઓ મલી
આવીઓછે પણ તખતે જમશેદમાં હેવું કાંઇ મલી આવીઉં
નથી. તેનું સંઘલું બાંધકાંમ સંગેમરમરનુંછે અને જો ક
દાચ લાકડા કામમાં આવીઆં હોએ પણ આજ તેની ક
સી નીસાંન માલમ પડતી નથી. એ તખતના ચીતારની
કોતરની હેવીતો ઉમદાછે કે જે નકસો ઇસતખર મધે સંગે
મરમરેપર બારીકીથી કોતરીઆછે તેહેવા મીનપર આજ બ
નાવવા મુશકેલ પડેછે.

"તખતે જમશેદનુ ઉપલું બેઆંન જેમ બની શકે તે
મ ટુકામા જણાવીઉછે પણ એ માહાભારત કારીગરીના અ
ને દુનીઆંના કાબેલ મુસાફરોને હેરતમા નાખનાર મુકામ
ની પુરતી હકીકત થોડાએક સફાઓમાં વાજબી રીતે દાખ
લ થાઈ સકતી નથી. જે જે મુસાફરો એ કદીમ જગા જો
ઈ આવીઆછે તેઓ જેવા અજાએબ તથા હેરતમંદ થાએ
આછે તેવા તેઓના આફરીનના આવાજને હમોએ ટેકો
આપીઓછે. સર આર કે પોરટર તથા સર ઉલીઅમ આ
ઉસલીના ગરંથો માહેથી ઉપલા હેવાલનો જે મોહોટો ભા
ગ ચુંટી કાડીઓછે તેઓ માહેલો છેહેલો જણાવેલો ગરંથ
કાર ઈસતખર અથવા તખતે જમશેદનુ બેઆંન કરી રેહા
પછી હેઠલ જણાવેલી રીતે બોલેછે—

"પાદશાહા જમશેદના તખતની મોહોટાઇ મેં ખોટી
રીતે વધારી નથી. જુવાંન મુંસાફરો પોતાનાં મગજમાં ઉછ
લતા વીચારો લઈને આવેછે તેઓ નહી પણ શેઆંનાં અ
ને ઘણા વરસની માહીતગારીવાલા મુસાફરો જેવારે આ
બોજોરગ જાગાની નજદીક આવેછે તેવારે તેઓનો જીવ ઉગ
મણુ પરાંતના કીસાઓની અસરથી ભરપુર થાએછે અને
આ માહાભારત કાંમ જોઈને તેઓ હેવાતો અચરતીમાં પ
ડેછે કે તેની તારીફ જણાવવાને તેઓને સબદો મલી આ
વતા નથી.'

"સર ટામસ હરબટ નાંમનો એક બીજો મુસાફર બો
લેછે કે—'એ મેહેલની રેવાલે સમપુરણ હાલતમાં બોલી ન
હી સકાએ હેવી મોટાઇ અને એકકાપણુ સક વગર બત
લાવીઉંછે.' એંજ લખનાર ઇસપેન દેસની તરફથી ઇરાનના
શાહ અબાસની દરબાર ખાતે ઇસવી સને ૧૬૧૯ નાં વર
સમાં સીનોર ફીગોરા નામનો એક ઘરહસથ એલચી દાખ
લ ગએઓ હતો તેના ઇસતખરની મોહોટાઈ વીશે બોલો
ટાંકી બતાવેછે—એ એલચી પોતાના પાદશાહને હેવું લખે
છે કે—"રોમમાં મેં જે કાંઈ જોઈઉંછે તે કરતાં આ મુકા
મ અતીઘણો માહાભારતછે. દુનીઆમાં આગલા જમા
નાની મોટાઈની આ એક ખરેખરી નીસાંન રહી ગઈછે
અને પ્રુરૂથવીમાં આપણે જે કાઈ મોજેજા આજ દીને સાં
ભલીએ અથવા જોઈએ તેહના કરતાં એ તખતની મોતેબ

રી મોહોટીછે. તેહની બનાવટની ચીજો કીમતીછે અને તે કરતાં કારીગીરી વધારે કીમતીછે. કુદરત અને આદમીના હુનરે જીગરની અમરતી" અને મોજને વાસતે આ મુકામ બનાવીઓછે.'

"ફાધર આંનજીલો બોલેછે કે—'બેનોરગ રોમ તખ તે જમશેદની આગલ જમીનદોસત જેહેવુંછે.'

"ટવનાટ નામનો એક ફરેંચ ગરંથ કરતા લખેછે કે—'એથીનથી ઈરાનમાં આ જાગા (એટલેજે ઈસતખર) આજ દીને મીસરની ઉમદા ઈમારતો કરતાં ઘણીં ખુબસુરત અને ઉમદાછે.'

"શારડીન નામનો બીજો નાંમીચો ફરેંચમેન બેહદ તારીફથી લખી જાએછે. કે—'મેં આ દુનીઆંમાં હેવું મોહોટું અને માહાભારત કાંમ કાંઈબી જોઈઉં નથી.'

"સર આર કે પોરટર પોતાનો વીચાર આપેછે કે—"ખુબસુરતી અને મોતેબરી જોતાં મનની લેહેજત એ જાગાપરથી જલદીથી સંતોશ પાંમી પાછી હટતી નથી."

## ખાઓ છોકરાં "ધુમ કટીલા."

આપણા દેશની માતાઓ છોકરાંઓને નાહનપણમા ધુમ કટીલાનો સવાદ સારો ચખાડેછે. એ સવાદ જોકે છોકરાંઓને મનગમતો નથી તોપણ તેની પછી મોહડું સમારવાને સારૂં સારૂં ખાવાનુ મલેછે તેથી તેઓ તેની જોગવાઈ સાંધતાંજ રેહેછે પણ તેના ફલ કેવાં નીપજેછે તે નીચેની વાત ઊપરથી જુઓ. નાહાનીબાઈ ૨૫) વરશની જુવાન સ્ત્રી હતી તેણીને ૬ છોકરાં હતાં—સઊથી મોટું છોકરૂં ૯ વરશની ઊમરનુ હતું. બીજાં છોકરાં એકેકથી ઊતરતી વએનાં હતાં. પોતાનો ધણી ગરીબ હાલતમા હતો તેથી નાહાનીબાઈને ઘરનું સઘલું કામ એખલે હાથે કરવું પડતું હતું અને સાથે લાગી છએ છોકરાંની જંજાલ ખમવી પડતી હતી. એ બીચારી નાહનપણમા પરણેલી અને તીઆરથીજ સાસરેનુ ગધેડાં વહીતરૂ કરતી આવેલી તેથી કેલવણી એટલે શું તે સમજતી નહી હતી. વાસતે એક પછી એક છોકરાં થતાં ગઆં, તેમ તેઓને કેમ ઊધારવાં તેનું એ બીચારીમાં કઈ ગનીઆન નહી હતું. તમે કોઈબી વખત તેણીના ઘર તરફ જતાં હોવતો કોઈ છોકરૂં તદન નાગું; કોઈ ધુરમાં ખરડાઈ ગએલું; કોઈના બાલ બાલાબીછની માફક વીખરાઈ ગએલા; કોઈ રડતું; કોઈ લોકોના બચાં સાથે મરાતું અને કોઈ "ધુમ કટીલા" ખાતું જોએઆ વીના રેહેજ નહી. નાહાનીબાઈ બચાંની જંજાલથી હવેરી બાહવરી, ગાલો દેતી કામ કરે; તેવામા કોઈવાર હાથમાથી રકાબી પડી ભાગીને કટકા થાએ, તેથી ચીરડાઈ જઈને રકાબીના કટકા ઊચકવા જાએ, તેવામા પાંસે જો પાણીનું વાસણ હોએનો તેને આંચકો લાગાથી તે ઊધું વલે; પાણીની ઘરમાં રેલારેલ ચાલે તેથી ફફરી ચટકીને પાસે જો એકુ છોકરૂં ઊભું હોએતો તેને હેવોતો હાથનો "ધુમેલો" મારે કે જેથી બધું ચીચીઆરી પાડી ગોધીઆરૂ કરી મુકે, એવા ગોધીઆરાંથી સઊથી નાહાનું છોકરૂં જો સુતું હોએતો બુમો મારતું રડતું ઊઠે, તેથી બીચારી નાહાનીબાઈ ઘભરાઈ જાએ અને પેહલાં નાહલાં છોકરાંને લેવું કે પાણીની રેલ સાફ કરવી તેની તેણીને કંઈ ગમજ પડે નહી, તેવામા વગર વીચારે એમથી તેમ ચાલવા જાએતો પાસે શાખની તપીલી કઇ હોએનો તેને પગ લાગાથી તે અબરૂવલી તેમાનુ શાખ તથા બીજું કઈ ખાવાનું રાધેલું હોએ તે બધું વેરાઈ જાએ, હેવું થવાથી પેલી અણસમજુ પણ ગરીબડી નાહાનીબાઈ નાશીપાસ થઇ પરનાવતાં અદરાવતાંને તરેવારનદારા શખુનો ઓચરી શેકેશેક રડવા મંડી જઈ ભોંએપર ફસરાઈને બેશી પડે. એવામાં જો પોતાનો ધણી આવી લાગેતો પછી દેખાવ જોઈજ લેવો. એક બે ખરડાએલા લચરાએલાં છોકરાં આગલ, એક બે રડતાં પડતાં પછવાડે કરી બાવાજીનુ સરગસ, ઘરમા પેસતાંનેવાર બાવાજીની નજરે પાણીની રેલ, રકાબીના કટકા, તપેલીમાનુ બાહેર પડેલું સાખ, ભુચી જોરીમાં રડતી, બીજું છોકરૂં ઢોલીઆ તલે ભરાઈને ધુરમાં રમતું, અને માએજી ભોંએપર ફસરાઇને શેક મુકતાં, માલમ પડેછે.

એવીજ રચના એક દાહાડે નાહાનીબાઈના ઘરમાં બની રહી હતી અને મોહોટાજી જે તેણીના ધણી થાએ તે તરતજ સાંજની વખતે ઘરમાં પોતાંના સરઘસ સાથે પેસતાં એ દેખાવ જોઇને મોહોટેથી બુમ પાડી ઊઠીઆ.

મોહોટાજી—આ ઘરમાં સું પેસતો! અરે આએ ઘેર કે આંગણું? ઓ કમબખતની—

(બાવાજી બોલવાનુ પુરૂ કરી રહા નથી તેટલામાં એક પાસે છોકરૂ ઊભું હતું તે) બાવા જોવની આએ જમસુ મને ગાલ દેછે ને તમાચો મારેછે.

બાવા (ગુસે થઈને જારે તારા જમસુને ને તુનેભી સું કેહું એમ બોલી એ છોકરાંની પીઠપર એવોતો "ધુમ કટીલો" ચોડેછે કે તે મોટે મોટે રડતું એક બુ

ણામા ભરાએછે અને પોતાનુ રડવાનું પીજણ જા રીજ રાખેછે. એવું જોઈને બાવાજીએ જમસુને એ કબીજો હાથનો સપારો સજર લગાવીઓ જેથી તેણે એ વીતો કીકીઆરી પાડીને રડવાનુ શરૂ કીધું કે આખાં ઘરમાં મોટો ઘોંઘાટ થઈ રહેઓ અને જે બાકીના છોકરાં મુગાં હતાં તેઓ પણ પોતાના ભાઇ બેન અને માએને રડતાં જોઈ પોતે પણ રડવા લાગાં. બાવાજીનો મીજાજ એકદંમ ગીઓ અને ઘરમાં મોટું રમખાણ કરવા જાએછે એટલામાં આસપાસના બાહુત દોડી આવીઆં અને ઘરમાં મોટેથી તથા ઘણુ બોલનાર સી જે હમેશ એવી વખતે ડાહાપણ ખરચ્વાને તઇઆર હતી તે આવીને તરતજ મદદ કરવાને બદલે તરેહવાર બોલવા લાગી જેથી મોહોટાજીનો ગુશો ઘરવાને બદલે ઊલટો વધતો ગઓ.

નાહાનીબાઈ—બરીઊં મારૂં જીવતર! હું નાહસેથીજ કાએની ઘસરાઇ ગેઇ કે આવો જુલમ નહી ખમતે. ઓ માએ આવો જુલમતો કોઇએ નહી જોએઓ હાસેજો માએ!

મોહોટાજી—(ઘણાજ ફફરી ચટકીને) ઓ અભાગણી? ઊઠ રાત ને દાહાડે તમારા હોજરાં ભરવાના વીચારથી હું ઊગાઇ સુકાઈ જાઊછું ને વરી આએ બીજી તમારાં લોકની પીરા કેમ સેહવું!!

ટાવકાંબાઈ—ઓવારૂંરે આવું બઈરૂં દુનીઆમાં કોઈએ જોઈઊંતું!! સુના જેવા માટીડાનું લોહી પાંણી બારીને રાખ કરેછે. તેવામાં બીજી પાસે બઈરી ઊભી હતી તે, ઊઠ બેન બુચીને લે ને ઘવાર—સું કરીએ આપરાંને'આપરે નહી વેઠીએતો કોણ વેઠે.

બાવાજી જરા નરમ પડીને બીજાં છોકરાં રડતાં હતાં તેઓને પાસે લઈને કંઈ ખાણીનું પડીકું લાવીઆ હતા તેમાંથી જરા જરા બધાંને વેંહચી આપેછે તેથી તેઓનું પીજણ બંધ પડેછે. નાહાનીબાઈ પોતાનાં નાહાનાં બાલકને લઇને ધવાડેછે એથી જે મોટો ઘોંઘાટ થએઓ હતો તે નરમ પડીઓ. ટાવકાંબાઈ અને બીજી બાઇઓએ નાહાનીબાઇને શીખાંમણ દીધા પછી આસતે આસતે ચાલતી પકડી. આ બધી બાઈઓથી નાહાનીબાઇને ગુણને બદલે અવગુણ થાએ તેવું થઈઊં હતું.

તેઓનું બોલવાનું એક તરફી અને ઘણી ઘણી આંની વચે વધારે શટ પડે તેવું હતું, અને બીચારી નાહાનીબાઈના ઘરમાં જે પાંણીની રેલ ચાલી રહી હતી તથા તપીલી ઊંધી વલી હતી તથા રકાબીનાં કટકા પડીઆ હતા તે બધું પાછું ઠર ઠેકાંણે લાવવામાં કંઈ પણ મદદ કરીઆ વગર તેઓ ચાલતાં થએઆં તેથી બીચારી નાહાનીબાઈ છોકરાંને ધવારીઊં નહી ધવારીઊં મુકી દઈને પાછી કામમાં ગુંથાઈ. અરધેક કલાક નહી થએઓ તેટલામાં બાવાજીએ ભોણું માંગીઊં તેથી એક છોકરૂં દોડતું જઈને માને કેહવા લાગું. નાહાનીબાઈ કામમાં હતી તેથી જવાબ દીધો નહી વાસતે પેલાં છોકરાએ દર ઘડીએ કહેઆ કીધું કે "માએ બાવા ભોણું માંગેછે,". માએ પેલાં છોકરાનાં ઘડી ઘડી બોલીઆ કીધાથી ખીજવાઈ ગઈ અને તેને એક સજર "ધુમ કટીલો" લીધો. પેલાં છોકરાંને પણ તેવું જોઈતું હતું, તેણે જાણીઊં કે હવે કંઈ ખાવાનું મલશે ખરૂં તેથી તે ઘણુંજ રડવા લાગું. એ વખતે બાવાએ જમસુને ભોણાને વાસતે ફરીથી મોકલીઓ તેથી નાહાનીબાઈ બીચારીએ કંટાલી જઈને જે કંઈ ખાવાનું હતું તે કાહાડી બચાંઓનું તથા બાવાજીનું ભોણું કરી આપીઊં. પોતે ભુખીજ રહી, કારણ કે કેટલુંક ખાવાનું તો રદ થઈઊં હતું. એવુ થએઆ પછી સુતાં તાંહાંસુધી કોઇને કોઈ છોકરૂં બાપને કે માએને હાથે ધુમ કટીલા ખાતુંજ રહીઊં. એવી રીતે છોકરાંઓ દરરોજ માર ખાધાથી હધ સુઆં થઈ સુતાં અને રાતનાં સુએ નહી તારે "ધીના ઘડની", "મકોરાની કોડીની", "બાઊની" તથા એવીજ અનેક પરકારની ખોટી ધાસતી આપવામાં આવતી.

એવી રીતના ધુમ કટીલા ખાધાથી તથા ધાસતીથી છોકરાંઓ વારેઘડીએ તાપથી તથા તરેવાર બીજા રોગથી હેરાન રેહતાં હતાં, અને તેઓમાંથી એક વરશની અંદર તરણ છોકરાં મરણ પાંમોઆં. એવો સીતમ ગુજરીઆથી અને દર રોજની જંજાલથી નાહાનીબાઈ પણ આજારી પડી અને પચીસ વરશની જુવાન સ્રીને બદલે પોણોસો વરસની ડોસીના જેવી થઈ ગઈ. રવાનની પાછલ કીરીઆ કરવાના મોટા ખરચથી તથા નાહાનીબાઇને લીધે ડાકટરની "ફી" થી ગરીબ બાપડા મોહોટાજીની ટાલકી ઘસાઈ ગઈ. તેને કરજ કરવું પડીઊં. રાત દાહાડો તે ફીટાડવાનો તથા નાહાનીબાઈની ધાસતીથી તેને કાંમ કરવું સુજ પડે નહી અને આગલ જે સઊથી સરસ કામદાર ગણા

તો હતો તે બીચારો લથરી પડીઓ. એક વખત કં ગાલીઅતે પોતાનું કાલું મોહું ઘરમાં દેખડાવીઊં તો પછી તે ઘરનું સતીઆનાસ વાલીઆ વગર રેહેતું નથી. સગાં વાહલાં ભુલી જાએછે, દોસતો દુશમન થાએ છે, આડોસી પાડોસી અખાડા કરેછે, અને જાંણે જંગલમાં એક તે એખલુંજ ઘર હોએ અને તે પણ દુખ ખમવાનેજ સરજીઊં હોએ તેવું થઈ પડેછે. એવી કંગાલ હાલતમાં નાહાનીબાઈ અને મોહોટાજીને પોતાનો જનુમારો કાહડવો પડીઓ. બાકીના છોકરાંઓ માર મારથી નાંતવાન હોવાથી તથા બાપ પાસ પઇસો નહી હોવાથી કેલવણી લેવાને પામીઆં નહી અને હમેસની દરદસરીમાં પડીઆં.

વાંચનારી બાનુઓ એવી હાલત તમે કોઈ ઘરની જોઇછે? આપણા પારસી ટોલામા એવાં કેટલાંક ઘર મલી આવશે.

અણસમજુ ગરીબ હીંદુઓમા એવાં ઘણાં ઘરો દેખાએછે. પણ પારસીનો ટોલો સુધરેલો ગણાએ અને તે છતાં આવી કંગાલીઅત જોવામાં આવે એ કેવું સરમ ભરેલુંછે. જો સ્ત્રી જાત પોતાનાં છોકરાં તરફની ફરજ પુરતી રીતે સમજેતો એમાં કેટલો ઘણો ફાયદો થાએ? હવે નાહાનીબાઇએ તથા મોટાજીએ છોકરાંઓને મારવાને બદલે તેઓને પીઆરથી ઊધારવાની કોસેસ કરીં હતે તો કેટલો ફાએદો થતે? નાહાનીબાઈ તથા મોહોટાજી પોતાના બચાંને ચાહતાં હતાં એમાંતો કંઇજ શક નહી પણ છોકરાંઓનો ચાહ પોતાપર કેમ ખેંચી લેવો તેની સમજ તેઓને નહી હતી. તેઓ છોકરાંઓને સીધે મારગે ચલાવવાને મારની ધાસતી એ ખરો ઊપાએ સમજતાં હતાં. જાંહાંસુધી આપણામા એવો વીચાર જારી રેહેશે તાંહાંસુધી માબાપ છોકરાંઓ તરફની ફરજ બજાવાને અશકત રેહેશે અને સુધરેલી કોમની નજરમા ઘણા નીચાં દેખાશે, એટલુંજ નહી પણ એવા વીચારથી ઊપર જણાવીઆ મુજબ તેઓને તેના ઘણાંજ કડવાં ફલ ચાખવાં પડશે. વાસતે વાંચનારી બાનુઓ, તમારી ફરજછે કે ખરા પીઆર તથા પાક મોહબતનો ફેલાવો કરવો જેથી લોકોના સુખમાં વધારો થશે અને તમને આ જીહાનમા નહીતો પેલી જીહાનમા તેનો અગણીત બદલો મલશે.

## ફુલ! કોમલ ફુલ!



માહાબલ ઈશવરની શકતી તેનાં કેટલાંક ગુણે કાંમો જોએઆ ઊપરથી આપણને અચરતીમાં નાંખેછે, તેમજ તેની અપાર મેહેરબાંની અને બારીક સંભાલ અને તેની અનંત બખશેશ સુંદર ફુલોમાં દીઠથી આપણો જીવ બાગબાગ થાએછે. જેમ રેતીનાં બીઆબાંન જંગલમાં પાંણીની સોસથી બતંગ આવી ગએલા મુસાફરને એક નીરમલ જહરો તાજગી આપેછે—તેમ આ સુખ સુંદર ફુલ એક નીરાશ અને દુખથી કંટાલી ગએલા જીવને પાછુ તાજું કરેછે. મંગો પારક નામનાં નાંમીચા મુસાફર વીશે એવું કેહવાલુંછે કે જંગલની અંદર મુસાફરી કરતાં એકવાર ગરમી અને થાકથી તે છેક મરેતોલ જેવો બની લાંબો થાઈ સુઈ જવા માંગતો હતો તેવામાં તેની નજર એક ફુલ ઊપર પડી, જે જોતાંજ ખોદાની અચરત સરખી સંભાલનો તેનાં દીલમાં વીચાર આવીઓ, જેથી તેણે તાબરતોબ હીમત ધરી પોતાની મુસાફરી જારી કીધી.

જો ફુલને તેને વીશે પોતાનેજ બોલવા દઇએતો તે કેહશે કે, સુરજે પોતાની ગરમીથી તેને કેમ ઊધારીઊં. વરસાદ અને ધીમાં દવે કેવું તેનું પોશણ કીધું—ચઈતર અને વઈશાખ માસનાં ફુકતા પવને તેનાં ગુલીઆંને કેવાં મજબુત કીધાં, અને પછે આસતે રહીને તે બોલશે કે "જો ઈશવર ખેતરમાનાં ઘાંસ અને ફુલો જે આજેછે અને એક, કાલે અગનીમાં નખાશે, અને બીજું કરમાઇને ખરી જાશે, તેને આવાં સાફ અને સુંદર વસતર પેહરાવેછે તો પછે ઓ! બેવીસવાશી અને નગુનાં માંણસ તું બોલ કે તે તને નહી સંભાલશે અને વસતર આપશે."

ઓ ફુલો! જેમ હવાની લેહરી ઊપર લ

પંટ આપતી તમારી ખુશબોદાર સુધંધ આસમાંનની તરફ તે કીરતારની ખુબી ગાતી ચહડેછે—તેમ હમો માંણવીઓ તે કીરતારની અપરંમપાર બખશેશને માટે ખુબી અને વખાંણનાં આવાજની લપટ તમારી સાથે શું કાંમ નહી કાહાડીએ !

આ એક અચરજત સરીખી વાતછે કે ઘણાખરાં ફુલ અને મેવા આપનારાં જાહાડો ઊપર પેહેલાં મોહર થાએછે અને જે ચલકતી પાંખડીઓ દેખાએછે તે કાંઈ ફ્લ આપતી નથી કાંએક વસંત રૂતુના જોરે પવનથી, અથવાતો ફ્લ પોતાનો આકાર પકડેછે એટલાંમાં, તે સરવે કરમાઈને ખરી જાએછે. એ પરમાંણે જેમ ચોમાસું પોતાનાં ફ્લ અને મેવા લાવી ઊપઓગી થાએછે તેમજ વસંત રૂતુ મોહર અને લીલાં પાતરાં જાહાડ ઊપર લાવી આપણી નજરને ઠંડી કરેછે..

રાજ દરબારી મોટા અને ખુશાલી ભરેલા બનાવોની વખતે મોહોલાઓને અને ઘરોને સુધરેલા તેમજ બીજાં ઘણાંખરાં લોકો ફુલથી સીંગારેછે અને રાજા રાંણીને ગાડીમાં તેવે પરસંગે પસાર થાતાં ફુલથી વધાવેછે.

આગલા વખતમાં એવો રેવાજ ચાલુ હતો કે બાહાદુર સરદારો જેવો લડાઈ મારી આવતા, અને હીમતવાંન માંણસો બાદશાહી રમતનાં ચોગાંનમાં જીહીત મેલવતા તેઓને ફુલનાં હારો પેહેરાવતા અને તેથીજ તેનાં બખ્તને સંગારતાં હતાં.

હાલ પણ લગણનાં તેમજ ખુશાલીનાં તેહવાર ઊપર ફુલનો સીંગાર કીધામાં આવેછે, બાએડીઓ અને છોકરીઓ કેટલાક તેહવાર ઊપર માંથે ફુલની વારી ભરાવેછે, અને મરદ મેજબાંનો પોતાનાં મેહમાંનોને ફુલનાં તોરા આપી તેઓને ખુશાલીમાં સાંમેલ કરેછે. વલી ફુલ કાંઈ માતંર ખેમખુશાલીમાંજ વપડાએછે એમ નથી, પણ ગમીને વખતે પણ તેનો ઊપીઓગ કીધામાં આવેછે. કેટલાંએક લોકો મુરદાંનાં બદન ઊપર ફુલ નાંખેછે, કેટલાંકો તેઓની ઘોર અને કબર ઊપર મેલેછે અને વલી કેટલાંકો મરનારનાં દીવશની કીરીઆ મારગમાં ફુલને ઊપીઓગી કરેછે.

ફુલ, શાદી અને ગમીમાં વાપરવામાં આવેછે એટલુંજ નહી પણ દરદી અને નાતવાંન માંણસનાં બીછાનાંની આગલ તેની જરૂરછે. લાંબી મુદતનાં ખાટલે પડેલા દરદીની આગલ તમે સુનાં જેવી સુધંધી વસતુ ખાવાને લેઇ જાઓ પણ તે તેને ફીકી અને નાંખુશ માલમ પડશે, પણ તાંજાં ફુલો તેની આગલ લેઈ જાઈ મુકશોતો બે ઘડી તેના જીવમે તાજગી અને મનને આરાસતગી મલશે. અરે ! ફુલ તુંતો નજીવું અને નાંજુકછે અને તોબી દુનીઆની અંદર તારાં કાંમ વીશેશ અને મીઠાંછે, તારે હું આદમજાત આટલી બધી શકતી ધરાવનાર તેને દુનીઆમાં કેટલું ઊપઓગી થાવું જોઈએ તેનો ઢબ આજથી તુને જોઇ લેશું છું.

તવારીખમાં પણ ફુલની નોધછે. એક મોટી લડાઇ ગોલાબનાં ફુલને નાંમે ઓલખાએછે. ઇંગલંડની અંદર બે મોટા ઊમરાવો એક મોટી જાહેર વાડીમાં ફરતા હતા અને તાંહાં તેવો વચે કજીઓ થાએઓ. તેવામાં એકે પોતાની નીશાંની દાખલ રાતું ગોલાબનું ફુલ તોડીઉં અને બીજાએ સફેદ ગુલાબનું તોડીઉં અને એ ઊપરથી ઇઆર્ક અને લાંકેસ્ટરનાં વંશમાં જે લડાઈ ચાલી હતી તેને "ગોલાબની લડાઇ" ને નાંમે ઓલખેછે.

કોઇ કેહેશે કે ફુલ તે સું મોહટી ઊકમાઇછે. અરે ! માંણવી જા, ચોખંડ પુરથવીમાં ફરી બાદશાહો અને શેહનશાહનો કીમતી ખજાંનો તપાસ અને પછે કેહ કે તેઓનાં ખજાંનામાં ફુલ જેવી કાંઈ નાદર વસતુછે. જા, તારા ઓલમાઓ અને હાકેમોને જાઇ કેહ કે જંગલમાંનું એક નજીવું ફુલ બનાવી તેની તેવી ઘટા—અને એક મેરથી ખુલો—બીજી મેરે ઘેહરો રંગ—તેની તરેહવાર ખુશબો અને તેનાં ભાગોની નાજુક બાંધણી કરી તેમાં સરવે એવા ગુણો મુકી આપશો ? જો એટલું તેઓથી નહી બનેતો પછે કેહવું કે ઓ આદમ જાતનાં ફરજંદ તાહારી શેખીઆરી અને દમાંમ છોડી દે અને તે ખાલેશ કીરતારની એક નજીવામાં નજીવી બખશેશ જોઇ શરમાઇ અને લજવાઈ જા—અને સમજ કે તેહની આગલ તારી કીમતી બખશેશો અને ખજાંનો કીશ ગીનતીમાંછે.

ફુલની બાંધણી તપાસતાં માલમ પડેછે કે ઇશવરે તેની સંભાલ સારૂ કેવા કેવા ઊપાએ લીધાછે. તેની દાંડી કેવી ટકાઊ—તેની કલીનાં પરદા કેવા એક નાંજુક બાલક ફુલનો સંભાલ કરેછે—તેનાં બારીક પાતરાં એકમેકની ઊપર કેવી સોલાવંતી અને સારી રીતે ગોઠવેલાં—તેની કલગીર ઊપર બીઈ બનાવ

નારી લુકી કેવી રીતે પંથરાએલી; તથા તેની હેટલનાં ભાગમાં બીઈ કેવી ભજણુતાઈથી બંધાએલું !

ફુલ વગર કોઈબી રૂત ખાલી નથી, સરવે રૂત પોતાનાં જુદાં જુદાં ફુલો લાવેછે, અને તેથી માંણસ જાત પોતાનાં સરવે ખુશી અને ખુરમીનાં વખતને ર લીઆંમનો કરવાને ફુલનો સીંગાર વાપરેછે.

ફુલનાં ગુણોને આદમીનાં કેટલાએક ગુણો સા થે સરખાવામાં આવેછે અને ઇરાંન જમીન જેહાં અ તીસઅ અને તરેહવાર ફુલો મૂલેછે તેહાંની ભાશામાં એ ઊપરથી રંગીન ઇબારત દાખેલ થાઈછે. બોલ વા ચાલવામાં તેમજ લખવામાં તેહાં ફુલની એટલીતો મીસાલો વપરાએછે કે આખી ભાશા શીરીન અને મધુર થાઇ પડીછે.

આપણામાં પણ એવી કેટલીએક મીસાલોછે જેમકે—"ફુલ જેવું નેક", "ફુલ જેવું નીરદોશ", "ફુલ જેવું નાંજુક." બચું સુઇ જાએછે તો કેહેછે કે "ફુલનો ઢગ થાઈ ગએઊંછે". મરી જાએછે તો બો લેછે કે "ફુલની વારીમાં ગીઊંછે" ઈતીઆદી.

ફુલ કેટલાએક દેશની નીશાંન તરીકે બતલા વામાં આવેછે. જેમકે ઈંગલંડે ગુલાબને—ઈસકાટ લંડે કાંટાનાં જાહાડને—અને ફરાંનસે ગુલછરીને પ સંદ કીધુંછે.

ફુલ ઊપરથી એક નાંદર નસીએત મલેછે. જે મ જાહાડ એક નાંજુક કલીને પોખીને મોટી કરેછે તેજ જાહાડને તે કલી ખીલીને સોભા આપેછે—અને તેનાં પેદા કરનાર તરફ હર બામદાદનાં પોતાની મધુ ર લપટ મોકલેછે તેમજ જે માં બાપે આપણને ઊ ધારી મોટાં કીધાં તેઓનાં પાછલા વખતની સોભા આ પણથી વધવી જોઇએ અને તેમજ જે માએઆલુ બાપે આપણને જનમ આપીઓ તેની કીરતી ગાઈ, તેની વખાંણનાં સબદો અને બંદગી હર સહવારનાં કરવી જોઈએ, નહીતર માંણસીનું નાંમ ફેકટ ધારણ કી પેલું કહેવાએ.

—॥—

## ગોવરૂં.

આએ રોગનું નાંમ સાંભલતાંજ આપણને કેટ લો દર પેદા થાએછે. જોકે સહીઅડના રોગ જેટલું એ દરામણ નથી તોપણ પુશકલ બચાં એ રોગથી દ ર વરસે મરણ પાંમેછે. ગએઆ નવેમબર મહીનાથી એ રોગ આપણી ટાપુમાં બચાંઓમાં પુશકલ ફેલાઓ છે અને એથી પુશકલ મરણ પણ થઓંછે.

ગોવરાંનો રોગ દર માણસને તેની જીંદગીમાં એક વખત પણ થાએછે કોઈ વખતે એકજ બચાંને બે તરણ વાર આવી જાએછે પણ પાછલનું ગોવરૂં ઘ ણું હલકું હોએછે.

ગોવરાંનાં રોગની થોડીજ ધાસતી રાખવાનીછે પણ તેની સાથે જે ઠાંસો હંમેશાં પેદા થાએછે તે વા રેઘડીએ બીકટ હોએછે અને તે ઠાંશાના મરજથીજ પુશકલ ગોવરાંના બચાં મરણ પામેછે. વલી જારે ગોવરૂં આવીને એકદમ ઊડી જાએછે તારે પણ ઘણી ધાસતી રાખવામાં આવેછે.

જારે એ રોગ એવો બીકટ અને દર ઊપજા વે એવોછે તારે તે રોગમાં બચાંની શી માવજત કર વી તે દરએક માએને જાંણવાની ફરજછે. આપણી ઓરતો એ રોગથી ઘણા નબરવસ રેહેછે અને બચાં ની પુરતી માવજત કરતાં નથી અને જારે બચું ઘ ણું હેરાન થઈ પડેછે તારે બેસમજ અને વેહમથી મા ણતાઓ કરવા મંદી જાએછે. તેઓ એ રોગમાં દ વા આપવી અડચણ ભરેલી ગણેછે અને એ વેહમને લીધેજ ઘણાં બચાં ભોગ થઈ પડેછે, જો પેહેલેથીજ દ વાઓ બરાબર લાગુ પાડેતો ઘણાં બચાંઓનો જાંન બંચી સકે.

એ રોગ ઘણોખરો શીઆલાના દીવસ ઊપર ફેલાએછે.

જારે એ રોગ થવાનો હોએછે તારે બચાંને પેહેલાં તાવ આવેછે, આંખ અને નાખ માંહથી પાંણી ગલેછે, પુશકલ છીક આવેછે, આંખો લાલ થાએછે અ ને જરા સરકી ઠાંસો માલમ પડેછે. એવી હાલતમાં બચું તરણ દીવસ સુધી બેકરારીમાં રેહેછે અને ચોથે દીવસે આંગ ઊપર લાલ છાંટ માલમ પડેછે, પેહેલાં મોહાડુ અને ગરદન ભરાઈ જાએછે, પછી છાતી અને હાથ અને છેલે પગ ઊપર માલમ પડેછે. જો એ છાંટને બરાબર તપાશીને જોશુતો માલમ પડશે કે તે અરધા ચાંદની મીશાલે ભરાએછે. એ છાંટ માહેથી કાંઈ ર સી પેદા થતી નથી. જારે એવી નીશાનીઓ માલમ પ ડે તારે સમજવું કે ગોવરાંનો મરજછે. ગોવરાંની છાં ટ આસરે ચાર દાહાડા લગી રેહેછે પછી સુકાવા માંડે

છે, અને પેહેલાં મોહોડાં અને છાતી ઊપર સુકાં છોલ તાં માલમ પડેછે.

એ રોગની સાથે હમેશાં થોડો ઇઆ વધારે ઠાં, સો રેહેછે. એ ઠાંસો વધીને કેટલીએક વખતે ફેફશાં નુ દરદ પેદા કરેછે અને તેથી બચું મરણ પામેછે.

એ રોગમાં બચાંની માવજત આએ નીચે કહે આ પરમાંણે કરવી.

૧ લું—બચાંને ઘેરમાં, બીછાના ઊપરજ રા ખવું, ઘણું ફરવા હરવા દેવું નહી.

૨ જું—ઓરડો જરા ગરમ રાખવો, આંગ ઊપર ઠંડો પવન ફુકવા દેવો નહી, તથા આંગને ઘણાં ગરમ કપડાંથી ઢાંકવું નહી પણ વલી ગરમી લાવવાને માટે સઘલાં બારણાં બારી બંધ રાખવાં નહી—ઓ રડા માંહે ખોલી હવા આવવા દેવી જરૂરછે.

૩ જું—સઘલો વખત છાતીને ફલાનેલનાં કપ ડાંથી ઢાંકી રાખવું જરૂરનુંછે.

૪ થું—પેહેલાં ૭—૮ દાહાડા બચાંને દુધ, આરારૂટની કાંજી, પાંશી, એવા હલકા ખોરાક ઊપર જ રાખવું. જારે ગોવરાંનું જોર નરમ પડવા આવે અને છોલતાં નીકલવા માંડે એટલે મુરગીનો સેરવો, "હાફબાઈલ્ડ" ઈંડાં, ભુજેલું ગોશ, ઈતીઆદી આપવું.

૫ મું—પંદર દાહાડા લગી કદી પણ બચાંને ઘેરની બાહેર ખોલી હવામાં લેઈ જવું નહી.

૬ ઠું—ઠાંસાને માટે ડાકટરની દવા કરવી જ રૂરનીછે કાંએકે ઘણી વખતે ઠાંસો ખરાબ હોએછે અ ને દવા નહી અપાએ એવા વેહેમને લીધે બચું વારે ઘડીએ ભોગ થઇ પડેછે. વલી એ ઠાંસો જલદીથી ની કલી પણ જતો નથી. એ સારો થવાને માટે વખતસ ર એક બે મહીના પણ લાગેછે તેથી સબુરીથી દવા ક રવી જોઇએ. ઘણી વખતે હવા ફેરબદલ કરવાની જરૂરછે.

૭ મું—એકજ કુટુંબમાં જો એકથી વધારે બ ચાંને ગોવરૂ આવીઊં હોએતો તેઓને જુદાં રાખવા ની જરૂરછે કાંએકે સઘલાને સાથે રાખીઆથી દરદનુ જોર વધેછે.

૮ મું—જાંહાંશુધી પેટ ઘણુ કબજ હોએ તાંહાં શુધી જોલાબ આપવો નહી. કારણ જોલાબથી ઘણી વખતે ગોવરૂ ઊડી જાએછે અને બચાંને ઊલટી ઇજા પોહોચેછે.

૯ મું—ઓરડો અંધારો રાખવો કે તેથી આં ખને નુકશાન નહી થાએ. ઓરડા માહે ઘોઘાટ પણ નહી કરવો ઘોઘાટથી બચું ચોકીને ઊઠેછે.

૧૦ મું—જો ઠાંસો ઘણો દુખ દે તો ગરમ પાણીનો બાફ આપવો. એ બાફથીવલી સુજેલી આં ખને પણ ફાએદો થાશે.

૧૧ મું—જો આંખો ઘણી સુજે અને ગલેતો ગરમ દુધથી વારેઘડીએ ધોવી.


૧૨ મું—જો ચાંમડી સુકાતી વખતે ઘણી ખુજા વેતો અને સુકી માલમ પડેતો એક ભાગ સરકો અને તરણ ભાગ ગરમ પાણી મેલવીને એક વાદલાંથી લ ગાડવું.

૧૩ મું—જો ગોવરૂ ઊડી જાએતો બચાંને ગર મ પાંણીમાં બેશાડવું, હાથ પગે રાઈ મારવી અને ડાક ટરને બોલાવવો. એ ઊપર કદી પણ ગરમ ચાહ દારૂ અથવા ગરમ દવાઓ આપવી નહી તેથી ગુણ થવાને બદલે ઊલટો અવગુણ થાએછે.

કમનશીબથી સહીઅડની માફક ગોવરાને આગ લથી અટકાવવાનો ઊપાએ હજુર સુધી સોધી કાહાડી ઓ નથી. ખોદા કરેને તે દાહાડો નજદીક આવે!

---

## વંજાર.



જે દેશમાં રસતા સફાઈદાર નહી અને વચે પા હાડો અને નાલાંઓની અડચણ, તાંહાં વેપારનાં કાંમ ને ઘણી અરખત પડેછે. તેહેવીજ હાલતમાં આજશો વ રશની વાત ઊપર હીંદુસથાંનનો મુલખ હતો. જે દે શમાં વેપાર થોડો તે દેશના હાકેમને આએપત પણ કમ થાએછે માટે વેપારને ઊતેજન આપવાને શારૂ આપણી ઇંગરેજ શરકારે પેહેલું કાંમ એ દેશમાં રસ

તાઓ બાંધવાને અને નાલાંઓ ઊપર પુલો બનાવવા ને શરૂઆત કીધી હતી અને એ કાંમ પછવાડે કરોરો રૂપીઆ ખરચીને શરવે ઠેકાંણે વેપારને મદદ કરી આપી હતી અને હજુરબી જોગવાઈ મલતે કરતી જાએછે. જે જગો ઊપર માલની ગાડીઓ જાઈ નહી શકતી તે જગો ઊપરથી માલની આવજાવ કરવાને શારૂ વેપારીઓ વંજારને કાંમે લગાડેછે. વંજાર અથવા કાફલા એટલે શું એ વીશે થોડોએક હેવાલ આં જગોએ આપવા માંગીએછે. વંજારને શારૂ બેલોને કાંમે લગાડવાંમાં આંવેછે તે હેવી રીતે કે શેંકડો બલકે હજારો બેલોની પીઠ ઊપર માલ લાધીને એક ગેમથી બીજી ગેમ લેઇ જવામાં આવેછે. જે બેલો ઊપર માલ લાધેલો હોએછે તેમને "પોથી" કેહછે અને એ પોથીનાં ટોલાંને વંજાર કેહછે. ગુજરાત તથા દખણ તરફ હેવી વંજાર આપણાં જોવામાં આવેછે. આફરીકા ખંડમાં તથા આરબશથાંનનાં રેતીનાં મુલખોમાં તેમજ તુરકશથાંન અને ઇરાંન દેશોમાં વેપારને કીજે ઊટો વાપડવામાં આવેછે. શુરીઅના તાપની નીચે રેતીનાં તપતાં મેદાંનો મધેથી બેલોની વંજાર જાઈ શકે નહી માંટે એ કાંમને શારૂ ઊટોને વાપરેછે. પરમેશવરે આ ઊટ જાંનવરને હેવી રીતે બનાવેલું છે કે તે રેતીનાં જંગલમાંથી પશાર થાઈ શકેછે. વલી રેતીની જગો ઊપર જાહાડ પાંન કે પાંણી શેંકડો કોશ શુધી મલી શકતું નથી તેથી તે જાંનવર મોહોટી શબુરી શાથે ભુખેલું અને પેઆશુ પોતાને મારગે ચાલેલું જાએછે. ઊટનાં ગલાંની અંદર ખુદરતથી એક જાતની કોઠલી બનેલી હોએછે તેથી જે જગો ઊપર પાંણી મલેછે તાંહાં પોતે ધરાએ તાંહાંશુધી પાંણી પીઈને બીજુ કેટલુએક પાંણી પેલી કોઠલીમાં ભરી મુકેછે જે તેને આગલ ચાલતાં પીઆશની વેલા કાંમે લાગેછે તે હેવી રીતે કે ઊંટ પેલી કોઠલી માંહેલું થોડુક પાંણી પોતાના મોહોમાં આનેછે અને તેથી પોતાનું શુકાઇ ગએલું મોહોડું બીનવેછે. ઊંટમાં હાવી ખુબીને લીધે તે વેપારનાં કામને શારૂં ઘણું અગતનું થાઈ પડીઉં છે અને જો એ જાંનવરની પેદાએશ નહી હતે તો આરબશથાંન વીગેરેના મુલખોમાં વેપાર થાઇ નહી શકતે. જેમ બેલોનાં ટોલાંને વંજાર કેહવામાં આવેછે તેમ ઊંટોનાં ટોલાંને કાફલા કેહછે. કાફલા કાંઈ વેપારને ખાતરજ કાંમે લગાડવામાં આવતા નથી. શરવે મહમદના ચેલાઓ ઇઆને મુશલમાંનો આરબશથાંનમાં મકે હજ કરવાને શારૂ જાએછે અને લાંમબી તથા બીકર મુશાફરીને કીજે હજારો હાંજીઓ ઊંટ અને ઘોડાઓ ઊપર પોતાના ખાધ ખોરાક વીગરેની જીનશો લેઈને જાએછે અને તેઓને મારગમાં અતીઘણું શોશવું પડેછે. રેતીનાં મેદાંનોમાં કેટલાંએક દીવશ શુધી પાંણી નહી મલી આવેઆથી અને આગલથી ભરી રાખેલું પાંણી ખુટી જવાથી અને તે શાથે મરકીનો જોર વધી પડેઆથી અથવા મારગમાં લુટારાઓની ટોલીઓ સાંમબે થવાથી કાફલા માહેલા લોકોની ઊપર અતીશે દુખ પડેછે. વલી કેટલીએક વેલા હેવું બી બનેછે કે તે રેતીના મેદાનમાં એકાએક તાશાંની પવન ફુકવાથી રેતીનાં વંટોલીઓ થઈ આવેછે અને તેથી તે કાફલાનો મોહોટો ભાગ રેતીની અંદર દટાઇ જાએછે. હાવી રીતની સકતી ખેંચતાં કાફલાઓ એક જગો ઊપરથી બીજી જગો ઊપર જાએછે. હેવા એક કાફલાનું ચીતર આ બીનાંને મથાલે આપવામાં આવેલું છે.

હીંદુશથાંનની વંજાર જેઓએ પોતાની નજરે જોઇછે તેઓને તે ઘણી રલીઆંમની લાગેછે. પુનાં અથવા શુરત તરફ રશતાની મુશાફરી કરનારાઓને વારેવાર હેવી વંજાર મલેછે જે વેલા સરવે બલદીઆઓ ઊપર એકજ સરખો બોજો લાધીને તેમનાં ગલાંમાં ઘાંટરડી પેહરાવેલી હોએછે, જેથી તે બેલોને ચાલતાં જંગલ વચે લાંમબે છીટેથી ગણ ગણ કરતો આવાજ નીકલેછે અને તે બેલોની વચે વંજારાઓ પોતાનાં કુટંબ શંગાથે એક એક બેલ ઊપર બેઠેલાં માલુમ પડેછે. તેઓ પેલા બેલોની ઊપરજ પોતાના ઘરબાર કરીને રેહછે તે એટલે શુધી કે બેલો પોતાને મારગે ચાલેઆ જાએછે અને વંજારાઓ વારાફરતી પોતાના બેશવાના બેલ ઊપર હુંઘના જોંકા ખાએછે. જે ગાંમમાં ચારો પાંણી મલેછે તાંહાં આ વંજારને ઠીક પડેછે પણ હુનાલાની રૂતુમાં કેટલેએક ઠેકાંણે ચારો ઇઆ પાણી મલતું નથી તાંહાં બેલો ઘણા હેરાંન થાએછે અને મારગમાં ટપોટપ પડીને મરણ પાંમેછે. જેમ માણશોમાં મરકીનો ઊડતો મરજ થાએછે તેમ ઢોરોમાંબી થાએછે, તેહવો મરજ જો પેલી વંજારમાં પેલાઓનો થોડાજ દીવશમાં આખી વંજાર પાએમાલ થાઈ જાએછે. હેવી મરકી ભરેલી વંજાર જો એક ગાંમમાંથી પશાર થાઈ જાએછેતો તેનો ઊડનો રોગ, તે ગાંમ

ના ઢોરોને લાગેછે અને તેથી તે ગાંમનાં ઢોરો મરણ પામેછે. જેની શંભાલને કીજે વંજાર ગાંમમાંથી નહી પણ બારોબારથી પશાર થાઇ જાએછે.

---

## ખરી દોસતીનો એક તારીફ લાએક નમુનો.

વાંચનારી બાનુઓ "દોસતી" આ શબ્દ તમો એ વારંમવાર શાંભલેઓ હશો, પણ તે વીશે નવરાસ ને વખતે પુરતો વીચાર કરવાને કોઈવાર બેઠાંછો ? બે બાંઇઓ ભેગી મલી શેહર ઘેરની વાતો કીધામાં—કોઈ કોઈવાર અરસ પરસનું કાંમકાજ કીધામાં, એક બીજાં સાથે ખાવા પીવામાં અથવા મતલબ સર મધુર બોલવામાં કાંઈ ખરી દોસતી ગણાતી નથી. મનુશજાત કુદરતથીજ દોસતી શોધતું જાનવર ગણાએછે, પણ ખરી દોસતીના પવીતર ગાંઠથી બંધાએલાં માણસો ઘણાજ થોડાં મલી આવેછે અને તેવીજ ખરી મીતરાચારીના આ નીચે જણાવેલા દાખલા કરતાં એક વધારે નવાઈ જેવો દાખલો તમારા શાંભલેઆ અથવા વાંચેઆમાં કદાજ આવેઓ હશે.

સાઈરાકીઊસ નામના એક દેશમાં ડેમન અને પીથીઅસ નામના બે ખરા દોસતો રેહતા હતા જેઓ માહેલા પેહલાને કાંઈએક રાજદવારી કારણસર તેહાંનાં હાકેમ ડાઓનીશીઅસે ફાંસી દેવાનો ઘાતકી હુકમ આપેઓ હતો, આ હુકમને ડેમન ખુસીથી તાબે થએઓ હતો પણ તેણે બાદશાહ પાસે એક થોડી બખશેસ માંગી લીધી હતી અને તે એ હતી કે તેને ફાંસી દેવાને ઠેહરાવેલો દીવસ આવે તેટલા વારમાં તેની બાએડી તથા છોકરાંઓની મુલાકાત કરવા જવા દેવાની રજા આપવી આ માણસ ઘણોજ પરમાંણીક અને મીતરાચારી હતો પણ તે વીશે બાદશાહને કાંઈજ ખબર હતી નહી તેથી તેણે તેના દોસત પીથીઅસને તેનો જાંમીન તથા તે પાછો આવે તેહાંસુધી તેને બદલે કેદી રાખીને જવા દીધો હતો. પાદશાહે પીથીઅસને સાફ કહી જણાવીઊં હતું કે અગર તારો મીતર ઠેહરાવેલા દીવસ ઊપર પાછો આવી ન પુગે તો તેને બદલે તુને પોતાને ફાંસીએ ચડાવી મુકવો પડશે. આ કરાર પીથીઅસે હીમતથી કબુલ કીધા બાદ ડેમનને છોડીઓ હતો. હવે શું બનીઊં તે જુઓ. મીતરાચારીની અસર કેહવી હશે તે વીશે વીચાર કરો. પેલો કંબખત ઠેહરાવેલો દીવસ નજદીક આવતો ગીઓ પણ પેલો મીતર હજુર આવી પુગો નહી, તોબી હીંમતવાન પીથીઅસ બીલકુલ બીધો નહી અથવા તેના મીતરની ઈમાંનદારી ઊપર જે રાખી શકે હતો તે ગેઓ નહી, પણ ઊલટું ખરાં દીલથી એમ ઈછવા લાગો કે—ખોદા કરેને તેના મીતરને આવતાં વાટમાં કાંઇ અડચણ પડે. ખોદા કરેને પવન પાંણીથી તેને વીલંમ લાગે કે જેથી તેનો વધારે કીમતી જાંન બચે અને તેના બચાંને માથે કાએમ રેહે અને હું તેને બદલે ફાંસીએ ચડું ! હવે માંતર વચમાં એકજ દીવસનો અંતર રહેઓ અને ડેમન હજુર આવી પુગો નહી તેથી બાદશાહ પોતે બંદીખાનામાં પીથીઅસની મુલાકાત લેવા ગએઓ અને મીતરાચારીના શેકટના વેહેમ વીશે પીથીઅરસને નશીઅત દેવા લાગો કે તેં તારી અકલ કાંહાં વેચી, આપમતલબ આગલ મીતરાચારી ઊભી રહી શકતી નથી. માંણશજાત નેકી, પેઆર, મીતરાચારી, સખાવત ઈતીઆદી જે ગુણો બતાવા જાએછે તે માંતર બાહારના દેખાવ અને મતલબસર અને ઊપલા ગુણોની હસતી ખરેખરી આ પુરથવી ઊપર બીલકુલ છેજ નહી. તેં શું આ નાદાની કીધી કે તારી મુંડી તારા દોસતના વીસવાસ ઊપર ભરોશો રાખી સુલી વચે મુકી બેઠોછે. આ વેલા પીથીઅસને મનમાં ભારે કરોધ થએઓ તથા બાદશાહના ઊપલા સખુનો તેને તીરની મીસાલે દીલમાં લાગા પણ મીજાજ ઠેકાંણે રાખી હીંમતથી જવાબ દીધો કે, "માહારા મેહરબાંન સાહેબ માહારો મીતર પોતાની ઈમાનદારીથી એક તશુ દુર જાએતો હું આ જાતનાં દસ હજાર, કમોહોતનાં મેરણને હું નમી તાબે થાઊં ! તમો નાં સમજતા કે માહારો મીતર મને ઠગી બેવચન થઇ ભરાઈ બેશશે ! જેમ હું માહારી જીવતી હઈઆતી ઊપર ભરોશો રાખુછું તેમ તેની દેઆંનતદારી ઊપર આધાર રાખુછુ ! તેતો હમણાં આવી પુગવાનોજ, પણ તેથી ઊલટું હું ઈશવર પાસ માંગુછું કે આ સદા માએઆલુ બાપ કાંઈબી કરી વાટમાં ડેમનને અડચણ કરજે કે જેથી માહારા કરતાં હજારો રીતે કીમતી જીવનો બંચાવ થાએ." એવા ભલા શબદોનો વજન જોઈ બાદશાહ પોતેબી દંગ થઈ ઊભો અને ઘંભીરાઇથી પીથીઅસ ઊપર જોવા લાગો. અંતે પેલો કંમબખતીનો